

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલીત

શ્રીવલ્લભસુધા

વચનસુધા

ધાર્મિક જગતે જે સંતોષ અને આત્મવિશ્વાસ આપ્યો તેનાથી અહીંની ગરીબ પ્રજા બચી, અને સદાચારના આધારે ઉન્નત બની, અનાચારના આધારે નહીં. અનાચારના આધારે ઉન્નતી જે થાય છે તેમાં દરરોજ– મરણ, હત્યા, બળાત્કાર શું નથી થતું ? ત્યારે આજે આપણું જે કર્તવ્ય છે આચાર્ય માટે, જે આચાર્ય અદેયદાન દક્ષ છે. એ આચાર્ય માટે એના અનુયાયીઓ કંઈપણ ન કરે, અને સંગઠીત થઈને એટલું સહન ન કરી શકે? જે ઘરના માટે આપણે કરીએ છીએ ત્યાંના ખાસડા ખાઈને પણ ત્યાં રહેવું પડે છે કે નહીં ? જાણીએ છીએ કે આ આપણું અપમાન કરે છે, ત્યારે ઘર ન મુકાય ! એવી રીતે અહીંયા ભક્તમાં– માન અપમાનનો પ્રશ્ન ક્યાં છે ? અહીંઆ અભિમાન શાનું ? પ્રેમમાં માનલીલા ચાલી શકે પણ અભિમાન લીલા ન ચાલે ! અભિમાન લીલા જો ભક્તોમાંએ આવી તો સૌભાગ્યમદમાં ભગવાને બધાના.... બરાબર ઢીલાં કરી દીધાં.

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ, શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા–૨ પૃષ્ઠ–૨૭)

ગૌ રક્ષા કરો

શ્રીયમુના પ્રદુષણ દૂર કરો

શ્રીગિરિરાજજીની ગરિમા જાળવવા શ્રીગિરિરાજજી ઉપરના રોડનો ઉપયોગ ન જ કરો.

વર્ષ : ૧૯ અંક : ૧

વિક્રમ સંવત : ૨૦૫૬ શ્રીવલ્લભાબ્દ ૫૨૨ એપ્રીલ, ૨૦૦૦

વાર્ષિક લવાજમ રૂ. ૪૦/– આજીવન લવાજમ રૂ. ૫૦૧/–

"શ્રીવલ્લભસુધા" કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

આ માસના ઉત્સવ

ચૈત્ર સુદ ૪ તા. ૮–૪–૨૦૦૦ શનિવાર : શ્રીનટવરપ્રભુ (અમદાવાદ)નો પાટોત્સવ. ગો.શ્રીઅજયકુમારજી મહારાજશ્રી (પુના–મદ્રાસ)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૬ તા. ૧૦–૪–૨૦૦૦ સોમવાર : શ્રીયમુનાજીનો તથા શ્રીગુસાંઈજીના છટ્ઠા લાલજી શ્રીયદુનાથજી (વિ.સં. ૧૬૧૫)નો ઉત્સવ. શ્રીયદુનાથજી (કડી–અમદાવાદ)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૯ તા. ૧૨–૪–૨૦૦૦ બુધવાર : ચૈત્રી નવરાત્રી સમાપ્તિ. શ્રીરામનવમી વ્રત. ગો.શ્રીયદુનાથજી (કાંકરોલી–મથુરા–વડોદરા), ગો.શ્રીઅનિરુદ્ધબાવાશ્રી (કોટા–મુંબઈ–જતીપુરા) તથા ગો.શ્રીમહેન્દ્રકુમારજી (મુંબઈ–વિલેપાર્લે)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૦ તા. ૧૩–૪–૨૦૦૦ ગુરૂવાર : ગો. શ્રીગોપાલલાલજી મહારાજશ્રી (કોટા)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૧ તા. ૧૪–૪–૨૦૦૦ શુક્રવાર : કામદા એકાદશી વ્રત. શ્રીમહાપ્રભુજીના ઉત્સવની વધાઈનો પ્રારંભ. ગો. શ્રીમથુરેશ્વરજી મહારાજશ્રી (સુરત–વડોદરા)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૨ તા. ૧૫–૪–૨૦૦૦ શનિવાર : ગો. શ્રીશરદલાલજી (ચાંપાનેસી)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૪ તા. ૧૭–૪–૨૦૦૦ સોમવાર : ગો. શ્રીપુરૂષોત્તમ બાવાશ્રી (મુંબઈ)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૫ તા. ૧૮–૪–૨૦૦૦ મંગળવાર : ચૈત્રી પૂનમ. વૈશાખ સ્નાનારંભ. ગો.શ્રીરઘુનાથલાલજી (કામવન–ગોકુલ–પાર્લા)નો જન્મદિન.

ચૈત્ર વદ ૪ તા. ૨૨–૪–૨૦૦૦ શનિવાર : ગો. શ્રીયોગેશકુમારજી (કાંદીવલી) તથા ગો.શ્રીયશોદાનંદજી (બોરીવલી)નો જન્મદિન.

ચૈત્ર વદ ૬ તા. ૨૫–૪–૨૦૦૦ મંગળવાર : પ્રથમેશ ગો.શ્રીલાલમણીજી મહારાજ (કોટા–જતીપુરા–મુંબઈ) તથા ગો. શ્રીત્રિલોકીભૂષણજી મહારાજ (કાંકરોલી–વડોદરા)નો જન્મદિન.

ચૈત્ર વદ ૭ તા. ૨૬–૪–૨૦૦૦ બુધવાર : શ્રીવિઠ્ઠલનાથ પ્રભુ (નાથદ્વારા) પાટોત્સવ.

ચૈત્ર વદ ૧૧ તા. ૩૦–૪–૨૦૦૦ રવિવાર : વરુથિની એકાદશી વ્રત. શ્રીમદ્ વલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજીનો પ્રાકટય મહોત્સવ. શ્રીવલ્લભાબ્દ–૫૨૩ આરંભ.

ચૈત્ર વદ ૧૨ તા. ૧–૫–૨૦૦૦ સોમવાર : ગો. શ્રીવલ્લભલાલજી (કડી–અમદાવાદ)નો જન્મદિન. ગુજરાત/મહારાષ્ટ્ર રાજ્ય સ્થાપના દિન.

વૈશાખ સુદ ૩ તા. ૬–૫–૨૦૦૦ શનિવાર : અક્ષય તૃતીયા. ચંદનયાત્રા. ત્રેતાયુગાદિ. જલકુંભદાન. શ્રીપ્રભુને આજથી બે માસ પર્યંત શીતોપચાર કરવા. ગો.શ્રીઅક્ષયકુમારજી (પોરબંદર)નો જન્મદિન. શ્રીપરશુરામ જયંતિ. અષ્ટ સખા પૈકી ભક્ત કવિ શ્રીકૃષ્ણદાસજીનો જન્મદિન (સં.૧૫૫૩). ગ્રીષ્મ ઋતુની શરૂઆત થઈ તે અષાડ સુદ ૫ સુધી.

વૈશાખ સુદ ૪ તા. ૭–૫–૨૦૦૦ રવિવાર : ગો. શ્રીપીતાંબરજી મહારાજ (કાંકરોલી)નો જન્મદિન.

॥ શ્રી હરિ: ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

વર્ષ : ૧૯ અંક : ૧ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૨ ☐ એપ્રીલ, ૨૦૦૦

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

ચોરાશી અપરાધ

[પ્રાચીન હસ્તલિખીત પુસ્તકો તેમજ કેટલેક સ્થળે થી મૂદ્રિત થયેલ પુસ્તકોમાં
ચોરાસી અપરાધ શીર્ષકના લેખ મળે છે. જે અત્રે પ્રગટ કરેલ છે.]

અપરાધ તેત્રીસમો : " રસોઈ કરેં તબ બહોત બોલે નહીં "

શ્રીઠાકોરજીની રસોઈની સેવા કરતાં કંઈ વસ્તુ સામગ્રી લેવા દેવા પુરતું જ ખૂબ ધ્યાન રાખીને બોલવું. બોલતાં–બોલતાં મોઢામાંથી આપણા થુંકના શુક્ષ્મ કણો ઉડવા સંભવ રહે છે. તેથી માત્ર જરૂર પુરતું જ બોલવું, તે પણ વસ્તુ સામગ્રી પ્રતિ સાવધાની રાખીને જ બોલવું. બેધ્યાન પણે ઘણું બોલ–બોલ કરવાથી અપરાધ પડે.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રી વલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

☐ ☐ શ્રીવલ્લભસુધામાં સ્વમાર્ગીય પ્રવૃત્તિના સમાચાર મોકલનાર તમામ સંસ્થાઓ– વ્યક્તિઓને વિનંતી કે સમાચારો સંક્ષેપમાં મુદાસર લખી મોકલે– લાંબા વિવરણોવાળા– લાંબી નામોની હારમાળાવાળા સમાચાર ન લખવા. આવા સમાચારોમાંથી મુદ્દા તારવવામાં ઘણો સમય વેડફાય છે. પુસ્તક પરિચય વિભાગમાં–પરિચય છપાવવા માટે પુસ્તક મોકલવું જરૂરી છે. તેજ પ્રમાણે કેસેટ પરિચય માટે કેસેટ મોકલવી.

પત્રવ્યવહાર સંપર્ક : **'શ્રી વલ્લભસુધા'** કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

સંન્યાસ નિર્ણય

❑ શ્રીમદ્ રઘુનાથજીએ રચેલું વિવરણ ❑

❑ ભાષાંતર : શ્રીબાબુભાઈ પી. નાયક– કડી ❑

–ગતાંકથી ચાલુ

અભિમાન વિગેરેના ત્યાગનું કારણ નીચેના શ્લોકમાં બતાવે છે.

અભિમાનાન્નિયોગચ્ચ તદ્ધર્મૈશ્ચ વિરોધતઃ ।
ગૃહાદેર્બાધકત્વેન સાધનાર્થં તથા યદિ ॥૪॥

શબ્દાર્થ : અભિમાનાત્–અભિમાનથી; નિયોગાત્–સંન્યાસીને પાળવાના નિયમોથી; ચ–અને; તદ્ ધર્મૈઃ– તે ધર્મ વડે; વિરોધતઃ– વિરોધ હોવાથી; ગૃહાદેઃ– ઘર વગેરે; બાધકત્વેન– બાધક હોવાથી; સાધનાર્થમ્– સાધન માટે; તથા–એ પ્રમાણે (ત્યાગ કરવો યોગ્ય છે); યદિ–જો.

શ્લોકાર્થ : અભિમાનને લીધે અને સંન્યાસીએ પાળવાના નિયમોથી શ્રવણાદિમાં ઘર વગેરે બાધક બનતાં હોવાથી, સાધન કરી શકાય એ હેતુથી (ત્યાગ) કરવો યોગ્ય છે, (તેવું) જો કહે તો શું કરવું ?–૪

વિવરણ : કેટલાક લોકો જ્ઞાન મેળવવા માટે (વિવિદિષાદશાયામ્) સંન્યાસ ગ્રહણ કરે છે. તેવા સંન્યાસને વિવિદિષાવાળો સંન્યાસ કહેવામાં આવે છે. આ સંન્યાસમાં કામ, ક્રોધ વગેરેનો ત્યાગ કરવો પડે છે. ગ્રંથ વગેરે દ્વારા વાદવિવાદ કરીને કોઈ વાતનો નિર્ણય કરવો પડે છે. આવું બધું કરવા જતાં જીવને મનમાં અભિમાન આવે છે કે મારો સંન્યાસાશ્રમ ઉત્તમ છે. આવું અભિમાન ભક્તિના સાધનોમાં વિરોધ કરનારું છે.

વળી આ સંન્યાસમાં ત્યાગ એ શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે કરવાનો હોય છે. ગુરૂની આજ્ઞા લેવી પડે છે. તે પણ શાસ્ત્ર સંમત છે. જો તેનાથી વિરુદ્ધ જવાય તો તે (ત્યાગમાં) બાધક બને છે. હવે તે પ્રમાણે કરવા જતાં વિશેષ સંગ (વ્યાસંગ) થાય છે. સંન્યાસ ધર્મ પ્રમાણે આવું કરવાં જતાં ઈષ્ટસિદ્ધિ થતી નથી, કારણ કે સંન્યાસધર્મમાં તો બધાનો ત્યાગ કરવો એ મુખ્ય વાત છે. જ્યારે શ્રવણાદિ કરવું, ગ્રંથ વગેરેનું પઠન કરવું, ગુરૂની આજ્ઞા લેવી વિગેરે વિરોધી વાતો છે. જ્ઞાનમાર્ગમાં આવું બધું કરવું પડે તે પરસ્પર (સંન્યાસમાર્ગ) અનુસાર વિરોધી છે.

જ્યારે ભક્તિમાર્ગના સંન્યાસમાં શ્રવણાદિ, ગ્રંથોનો સંગ વગેરે બાધક બનતા નથી.. હવે ભગવદ્ધર્મનું આચરણ કરતા જતાં ઘર વગેરે અનર્થ કરનારા હોઈ બાધક છે. તેથી જ્ઞાનમાર્ગના સંન્યાસીને આ બધું બાધક છે તો તેણે શું કરવું તે પાંચમાં શ્લોકમાં કહેશે. ૪

ભગવદ્ ધર્મના આચરણમાં ઘર વગેરે અનર્થકારી હોવાથી ને બાધકપણાને કારણે જો સંન્યાસ ગ્રહણ કરવામાં આવે તો બાધકપણાથી શું થાય તે નીચેના શ્લોકમાં કહે છે.

અગ્રેઽપિ તાદૃશૈરેવ સંગો ભવતિ નાન્યથા ।
સ્વયં ચ વિષયાક્રાન્તઃ પાષંડી સ્યાત્તુ કાલતઃ ॥૫॥

શબ્દાર્થ : અગ્રે–ભવિષ્યમાં; અપિ–પણ; તાદૃશૈઃ–એવાઓની સાથે; સંગઃ–સંગ; ભવતિ–થશે; ન

અન્યથા—બીજા પ્રકારે થતો નથી; સ્વયમ્—પોતે; ચ—અને; વિષયાકાન્તઃ—વિષયાસક્ત; પાષંડી—પાખંડી કે દંભી; સ્યાત્—થશે; તુ—તો; કાલતઃ—કાળને લીધે.

શ્લોકાર્થ : (શ્રવણાદિ કરવામાં ઘર વગેરે વિઘ્ન કરનારા હોઈ તેમનો ત્યાગ કરવો યોગ્ય છે એમ જો કોઈ કહે તો) ભવિષ્યમાં પણ એવાઓની સાથે સંગ થવાનો જ છે. બીજા પ્રકારના ભક્તિમાર્ગીયોનો સંગ થશે નહીં. તેથી પોતે તેવાઓના સંગથી તેમના જેવા વિષયાસક્ત અને પાખંડી થશે. ૫

વિવરણ : કદાચ ભક્તિમાર્ગીય જીવ જે શ્રવણાદિના સ્વરૂપને જાણતો હોય તે પણ ગૃહસ્થાશ્રમને કારણે શ્રવણાદિ કરી શકતો નથી. એટલે શ્રવણાદિ વગેરે કરવા સંન્યાસ લે, તો પણ તેને જ્ઞાની જેવા લોકોનો સંગ થશે. અંતઃકરણમાં ભગવદ્‌ભાવના અભાવને લીધે બીજા પ્રકારના ભાવવાળા સાથે સંગ થશે. ભગવદ્‌પણાને લીધે તેનો વિજાતીય સાથે સંગ થવાથી કદાચ ફળ મળે તો પણ તે ભક્તિમાર્ગીય વિરુદ્ધનું ફળ હોવાથી તે જીવ સંન્યાસ લે તો પણ તેનું અંતઃકરણ વિષયવાસનાઓથી ભરેલું હોવાને કારણે તેને ભગવદ્‌રસનો અનુભવ થશે નહીં. તેનું મન વિષયોમાં જ જશે. તેથી તે સંન્યાસ લે તો પણ વિષયી અને પાખંડી બનશે. જો કે ધાર્મિકપણું તો તેનામાં છે, પણ દૃઢ વૈરાગ્યને અભાવે જેવું જોઈએ તેવું ધર્માચરણ તે કરવા જશે, તો પણ તે નિષ્ફળ જશે. ભગવાને કહ્યું છે કેઃ 'દુઃખ જ જે કર્મ છે તે જાણીને દેહના ક્લેશના ભયથી (સંન્યાસ લેવાનો વિચાર) તેણે છોડી દેવો. આવી અવસ્થામાં પણ જો ત્યાગ કરશે તો તે રાજસ ત્યાગ બનશે. અને તે કારણે તેને ત્યાગનું ફળ મળશે નહીં.

કર્મેન્દ્રિયોનો સંયમ કરીને જેટલું બને તેટલું મનથી સ્મરણ કરવું. જીવનો ઈન્દ્રિયો પર સંયમ નહીં હોવાથી અસંયમી મૂઢાત્મા જો સંન્યાસ લે તો તે મિથ્યાચારી અને પાખંડી બનશે— ૫

આવો ભાવ રાખનારને પણ લાંબા સમયે ફળ મળે તો ખરુંને ? ત્યાં કહે છે

વિષયાક્રાન્તદેહાનાં નાવેશઃ સર્વદા હરેઃ ।
અતો અત્ર સાધને ભક્તૌ નૈવ ત્યાગઃ સુખાવહઃ ॥૬॥

શબ્દાર્થ : વિષયાકાન્ત દેહાનામ્— વિષયોથી ભરેલા દેહવાળાઓના; ન+આવેશઃ— આવેશ થતો નથી; સર્વદા—સદા; હરેઃ— હરિનો; અતઃ—તેથી; અત્ર—અહીં; સાધને—સાધનમાં; ભક્તૌ—ભક્તિમાર્ગમાં; ન—નથી; એવ—જ; ત્યાગઃ—ત્યાગ; સુખાવહઃ—સુખ આપનારો

શ્લોકાર્થ : વિષયોથી ભરેલા દેહવાળાઓનો કોઈ પણ સમયે અભિનિવેશ થયો છે તેના ચિત્તમાં શ્રીહરિની ઉપસ્થિતિ થતી નથી. તે નક્કી માનવું. અહીં **'સર્વદા'** પદ વાપર્યું છે. એટલે **'નિત્ય'** અર્થ સમજવો. પૂર્વે વિષયદોષ કહ્યો. તેના કારણે તેવા જીવના અંતઃકરણમાં ભક્તિમાર્ગના વિચારો હોવા છતાં જો તે જીવ સાધનદશામાં હોય અને સંપત્તિનો ત્યાગ કરે, છતાં પણ તેવા ત્યાગથી તેને સુખ થશે નહીં. તેવા જીવને થોડો સમય જતાં સુખના અભાવનો અનુભવ થવા લાગશે. એટલે તેને ત્યાગમાં દુઃખ લાગશે.

[ભક્તિમાર્ગમાં વિષયોનો ત્યાગ કહ્યો નથી, પણ વિષયો ભગવાન માટે છે એમ સમજવું. નેત્રોથી ભગવાનનાં દર્શન કરવા. કાનથી ભગવદ્ કથા સાંભળવી. નાકથી તુલસીજીની અને માળાની સુગંધ લેવી. જીભથી પ્રભુના ગુણગાન કરવા, હાથથી સેવા કરવી, એમ કરવાથી લૌકિક વિષયોની ભાવના દૂર થશે. ઈન્દ્રિયો વિષયોનો ભોગ બીજી કોઈ રીતે ત્યાગ થઈ શકશે નહીં. જ્યાં સુધી લૌકિક વિષયો ઈન્દ્રિયોમાં ભરેલા હશે ત્યાં સુધી હૃદયમાં ભગવાનનો પ્રવેશ કદી થશે નહીં.]

ભક્તિમાર્ગમાં ત્યાગ કરવો ઉચિત નથી. એવી શંકા થાય તો નીચેના શ્લોકમાં તેનું સમાધાન કરે છે.

વિરહાનુભાવાર્થં તુ પરિત્યાગઃ પ્રશસ્યતે ।
સ્વીયબન્ધનિવૃત્ત્યર્થં વેષઃ સોઽત્ર ન ચાન્યથા ॥૭॥

શબ્દાર્થ : વિરહાનુભાવાર્થમ્– ભગવાનના વિરહના અનુભવ માટે; તુ–પરંતુ; પરિત્યાગઃ–સંપૂર્ણ ત્યાગ; પ્રશસ્યતે–પ્રશંસનીય છે; સ્વીયબન્ધનિવૃત્ત્યર્થં– પોતાના સ્ત્રી–પુત્રાદિથી થતાં બંધનની નિવૃત્તિ માટે; વેષઃ–સંન્યાસીનો વેષ; સઃ–તે; અત્ર–અહીં (ભક્તિમાર્ગમાં); ન–નથી; ચ–અને; અન્યથા–બીજા કારણે.

શ્લોકાર્થ : ભગવાનથી થયેલા વિરહના અનુભવ માટે સર્વનો પરિત્યાગ કરવો. (સંન્યાસ લેવો) પ્રસંશનીય છે. પોતાનાં સ્ત્રી–પુત્રાદિનાં બંધનમાંથી નિવૃત્ત થવા સંન્યાસનો વેષ લેવાનો છે. તે સિવાય બીજા કોઈ કારણ માટે નહીં.–૭

વિવરણ : ગોપીગીતમાં ગોપીજનોને પ્રભુનો વિરહ થવાથી તેઓ પ્રભુમય બની ગઈ. તેમનાં મન અને આલાપ પ્રભુમય બની ગયા. **'તન્મનસ્કાસ્તદાલાપા'** વાક્યથી આ વાત સિદ્ધ થાય છે. ગોપીજનોને શ્રીકૃષ્ણના અંગસંગનો વિયોગ (વિરહ) થયો. તે પ્રસિદ્ધ હકીકત છે. તેનું વર્ણન કરવું અનિર્વચનીય છે. જેને વિરહનો અનુભવ થયો હોય તે જ ગોપીજનોના વિરહને સમજી શકે. અહીં તેને માટે 'વિરહાનુભવાર્થમ્' કહ્યું છે. તેવા **વિરહના અનુભવનો સાક્ષાત્કાર કરવા ભક્તિમાર્ગીય સંન્યાસ જો જીવ ગ્રહણ કરે તો તે પ્રસંશનીય છે.**

આવો સંન્યાસ શીખામણનો અર્થ સારવા માટે લેવાનો કહ્યો છે. આવો વૈષ્ણવ જો ઘરમાં રહે તો ઘર તેને માટે બંધન કરનારું બને. એ બંધનમાંથી મુક્ત થવા માટે સંન્યાસ ગ્રહણ કરવાનો છે, કારણ કે સ્ત્રી–પુત્રાદિ સગાં જીવને બંધનમાં નાખનારા છે. તેથી **સગા સંબંધીઓથી થતા વિઘ્નોને દૂર કરવા અને ભક્તિનું યોગ્ય ફલ મેળવવા સંન્યાસીનો વેષ ધારણ કરવાનો છે. બીજા કોઈ પ્રયોજન માટે નહીં. બંધન છોડી શ્રેષ્ઠ ફલ મેળવવા સંન્યાસ ગ્રહણ કરવાનો છે.** એટલે 'અતિરિક્ત' શબ્દ અહીં અધ્યાહાર રહ્યો છે.–૭

[ભક્તિમાર્ગમાં સેવાથી ભક્તને પ્રભુનું સંયોગસુખ મળશે. સંયોગની ઈચ્છા જેમ જેમ વધતી જશે તેમ તેમ અશાંતિ આવશે. તેને પરિણામે વિરહ પ્રાપ્ત થશે. એટલે ભક્તને પૂર્ણ ભાવ પ્રાપ્ત થશે અને તેનામાં સર્વાત્મભાવ આવશે. એવા ભક્તનો વિરહભાવ વધે છે. એટલે તેને ઘર, દેહ સંબંધીઓ વગેરેનો ત્યાગ કરવા સંન્યાસીનો વેશ લેવાની શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે. બીજું કોઈ કારણ નથી. આ વખતે ભક્ત વ્યસન અવસ્થાએ પહોંચ્યો હોય છે.]

— ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી
૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ.ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.
૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી–મુંબઈ)

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

અજગરને અનાયાસ હરિ, આપે આહાર વનમાં લાવી;
સક્કરખોરને સાકર સાગર બેટમાં દે છે મિલાવી.
મિલાવે ચાતકને જળ સ્વાતિ, ગિરિ શૃંગે વૃક્ષ પોષે કોઈ ભાંતિ
સ્ત્રીસ્તને પય કર્યુ પોષવાને બાળ, તે તુંને નહી ભૂલે ભજ શ્રી ગોપાલ
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૭૧)

શબ્દાર્થ : અનાયાસ–એની મેળે, ગીરીશૃંગ–પર્વત શિખર, કોઈ ભાંતિ–કોઈપણ પ્રકાર, પય–દૂધ.

વિવેચન : સીત્તેરમાં ચંદ્રાવળામાં ચિંતા કરવી નહીં, પ્રભુ વિશ્વંભર છે, તેમ બતાવી, આમાં આગળ બીજા દ્રષ્ટાંતોથી પુરવાર કરે છે કે પ્રભુની લીલા અકળ છે. તે કોઈને ભૂખ્યો રાખશે નહીં, વિશ્વાસ રાખ.

અજગર એક જગા પર પડ્યો રહે છે, તેમ તેજ જગો પર તેનો આહાર સામે ચાલીને તેની પાસે આવે છે ત્યારે તે શ્વાસથી પોતાના તરફ ખેંચીને જીભ વડે પકડી લે છે. તેવી રીતે બીજા દ્રષ્ટાંતો સક્કરખોર, ચાતક, વૃક્ષો, બાળકનું પોષણ ઉપર મુજબ ચાર દ્રષ્ટાંત આપીને સમજાવે છે કે આ બધાનું પોષણ જુદી જુદી રીતે પ્રભુ કરે છે. જેઓ પોતાના માટે આહારની ચિંતા કરતા નથી, તેઓને તેજ સ્થળે આહાર આપી રક્ષા કરે છે. સક્કરખોર–કેવળ ખાંડ જ ખાય છે. સક્કરખોર સાગરનાં બેટમાં રહેતું હોય તો તેને કોઈ ત્યાં ખાંડ દેવા જતું નથી, તેમ તે ક્યાંય લેવા જતું નથી. પરંતુ પથ્થરની વચ્ચે પણ સાકર હોય છે તેથી તેને આહાર મળી રહે છે. કારણ કે તેનું જીવન સાકર ઉપર નિર્ભર છે.

સક્કરખોરનું સાકર જીવન ખરનાં પ્રાણજ હરે
મન તું શીદને ચિંતા કરે કૃષ્ણને કરવું હોય તે કરે

સક્કરખોરનું જીવન સાકર છે, પરંતુ ગધેડો સાકર ખાય તો મરી જાય. તેને તો જ્યાં ત્યાં કચરો, ઉકરડો ભંભેરવો, આવું કરીને પેટ ભરવું છે, તો તેને તે પણ મળી રહે છે. આ યુક્તિ મુજબ જેનો જે આહાર છે તેને તે મળી રહે છે.

ચાતક : ચાતક પક્ષી બારેમાસ કોઈ જળ પીતું નથી. ભલેને પૃથ્વી ઉપર નદી, તળાવ, સરોવર ભર્યા છે, વરસાદ પણ આવે છે, તેને તો સ્વાતિ નક્ષત્રનું જ જળ પીવું છે. તેને માટે જ્યાં જ્યાં ચાતક પક્ષી વસે છે, ત્યાં ત્યાં સ્વાતિ નક્ષત્ર વરસે જ છે. ચાતક બારેમાસ સ્વાતિ સ્વાતિનું જ રટણ કરે છે. કેમકે તેનો તે આહાર છે, તો તેની ચિંતા પ્રભુ કરે છે. તેમમાની ચિંતા દુર કરવી.

ગીરીશૃંગ પર્વતનાં શિખર ઉપર વૃક્ષ ઉગે છે, તેને પાણીનો આહાર છે. તો ત્યાં શિખર ઉપર પણ તેને પોષણ મળે છે. કેમકે જળ ન મળે તો વૃક્ષ સુકાય જાય, તેથી શિખર ઉપર પણ તેને પાણી મળે છે.

બાળકપોષણ : માનવ હોય કે પશુ હોય જન્મતાં જ તે અજ્ઞાન જ છે. તેને માના ઉદરથી બહાર

આવતાં જ ભૂખ સતાવે છે. તેને માટે પ્રભુએ રચના કરી છે કે બાળક જન્મ થતાં જ માના સ્તનમાં દુધ ઉત્પન્ન થાય છે. કારણ કે તે બાળકનું પોષણ કેવળ દુધ જ છે અને તે તેના જન્મતાંની સાથે માતાનાં સ્તનમાં તૈયાર જ રહે છે. દ્રષ્ટાંત કવિત, તાલ દાદરા.

જબ દાંત નહી તબ દૂધ દીયો. જબ દાંત દીયે તબ અન્ન દેહે
જળમે સ્થળમે પશુ પંછીનકો, શુદ્ધિ લેત હે સો તેરી ભી લે હે.

જ્યારે મોઢામાં દાંત ન હતા ત્યારે દૂધ આપ્યું. અને જ્યાં દાંત આપ્યા ત્યારે અન્ન આપ્યું. તે જીવ કોઈ જગ્યા કે સ્થળમાં પશુ હોય કે પક્ષી બધાની ચિંતા પ્રભુ કરે છે. યોગ્ય સમયમાં બધું જ આપે છે. તો હે જીવ, તું શા માટે તારી ચિંતા કરે છે, તને પણ તે વિશ્વંભર પ્રભુ આપશેજ. માટે તું પ્રભુમાં વિશ્વાસ રાખ.

ગીતા વાક્ય–જેઓ અનન્ય ભાવથી મારૂં ચિંતન કરે છે તેમજ મારી જ સેવા કરી આનંદ માને છે તેવા ભક્તનો યોગ, ક્ષેમ આ લોક, પરલોક બધું હું જ સિદ્ધ કરું છું.

શ્રીહરિરાયજીએ ભક્તો માટે ચાર વિષયો બતાવ્યા છે. તાત્પર્ય એજ બતાવ્યું છે, તમે સર્વ ચિંતા છોડી તમારું કર્તવ્ય કરો.

શિક્ષાપત્ર ૧૧ મું શ્લોક ૪

ગુણગાનં તથા દુ:ખભાવનં દૈન્ય મેવ ચ
તથા ત્યાગ સિદ્ધદૃશ: કૃત્ય મેતચ્ચતુષ્ટયમ્

(૧) ગુણગાન, (૨) તાપભાવના, (૩) દીનતા અને ત્યાગ (લૌકિક વૈદિક ચિંતાનો ત્યાગ) આ ચાર કૃત્ય, સિદ્ધ દ્રષ્ટિવાળાઓના છે.

આ ચાર કૃત્ય સિદ્ધ થયા પછી બીજાની અપેક્ષા નથી. તે સર્વનું મૂળ સત્સંગ છે. સત્સંગના અભાવમાં સિદ્ધ થતું નથી.

શિક્ષાપત્ર ૧૦ મું શ્લોક ૬

સ્વત: કૃષ્ણ: સદાનંદો નિજાનંદ પ્રદાસ્યતિ
તદાશયૈવ સ્થાતવ્યં સર્વૈશ્ચાતક પક્ષિવત્

પ્રભુ સદાનંદ છે. તે પોતાના ભક્તોને નિજાનંદનું દાન કરશે જ. ભગવદીયોએ તો ચાતક પક્ષીવત્ વિશ્વાસ રાખી ઉપર બતાવેલા ચાર લક્ષણો: ગુણગાન, દુ:ખ, ભાવના, દીનતા, ત્યાગનું પાલન કરવું. પ્રભુ જડ પદાર્થને પણ સર્વ જગોપર પોષણ આપે છે તો ભક્તજનને કેમ નહીં આપે. હરિ સર્વ જગો રક્ષક છે, તેમાં સંશય નથી. માટે જ વિશ્વાસ રાખીને ચિંતાને તજીને પ્રભુની ભક્તિ કરવી. ભજશ્રી ગોપાલપ્રભુ, તને નહીં ભૂલે, તું તો પ્રભુનું ભજન કર. આ આશય સમજાવ્યો છે. માટે જ કવિશ્રી કહે છે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. (૭૧)

અનુકરણીય

☐ કંસારા વૃજલાલ દેવજીભાઈ વઢવાણ સીટી તરફથી રસીકલાલ વી. પાવાગઢીનાં સુપુત્ર ચિ.જયેશના શુભલગ્ન પ્રસંગે રૂ.૧૦૧/– ભેટ આપી અનુકરણીય પગલું ભરેલ છે.

☐ કંસારા હીરાલાલ પરસોત્તમદાસ રાજકોટ તરફથી ચંદ્રકાન્ત હીરાલાલ કરથીયાની સુપુત્રી ચિ. મિરલના શુભલગ્ન પ્રસંગે રૂ.૧૦૧/– ભેટ આપી અનુકરણીય પગલું ભરેલ છે.

॥ શ્રીહરિઃ ॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો

લેખક – દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ– ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા– વિશારદ, મુંબઈ.

ભાષાંતર – ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

– ગતાંકથી ચાલુ

૨. **પુષ્ટિમાર્ગ :** જે લોકો જન્મથી પ્રસિદ્ધ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ છે, અથવા જેના કુટુંબમાં પરંપરાગત પુષ્ટિમાર્ગીય દીક્ષા ચાલી આવતી હોય, અથવા તેઓ પુષ્ટિમાર્ગીય આચાર વિચારમાં સ્થિત હોય, અથવા જેને ત્યાં પુષ્ટિમાર્ગીય સેવા પદ્ધતિ પ્રચલિત હોય, અથવા જેઓ ગુરુ અને ઈશ્વરમાં એકજ ભાવના રાખતા હોય અને જેઓ પોતાને અનન્ય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કહેવડાવે છે. અથવા કહેવડાવવાની ઈચ્છાઓ ધરાવે છે. તેમને માટે પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતોને જાણવાનું ખુબજ આવશ્યક છે. જેમ બ્રહ્મજ્ઞાની માટે બ્રહ્મને જાણવા, અથવા ભણવાવાળાએ વિદ્યા જાણવી જરૂરી છે. જે પુષ્ટિમાર્ગીય ધર્મ અપનાવતા હોય અને પાળતા હોય અને પોતાના એટલે કે પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતોને જાણતા ન હોય તેઓ નામમાત્રના વૈષ્ણવ છે. આવા વૈષ્ણવોથી વૈષ્ણવતાનું ગૌરવ ન વધે અથવા તો આવા વૈષ્ણવોથી પુષ્ટિમાર્ગની ઉન્નતિ ન થાય. તેથી દરેક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ—બાલક, યુવાન, વૃદ્ધ અને સ્ત્રીઓએ પોતાના સંપ્રદાયનું રહસ્ય જાણવું અત્યંત આવશ્યક છે. પુષ્ટિમાર્ગનું મહત્વ જાણવાવાળાને કોઈપણ અન્ય મતવાળા અથવા દુષ્ટ સંસ્કારવાળા દુષિત મનુષ્ય તેની બુદ્ધિને આડે રસ્તે લઈ જઈ શકતા નથી. જે લોકો પોતાના સિદ્ધાંતના જ્ઞાનમાં અપરિપક્વ છે તેની શ્રદ્ધા સહજમા ડગી શકે છે. પરંતુ જે લોકો પોતાના સિદ્ધાંતની વાતો જાણે છે, કે અમારો પુષ્ટિમાર્ગ કેટલો શ્રેષ્ઠ, કેટલો નિર્દુષ્ટ અને કેટલો વ્યાપક છે. એ જાણે છે. તેની શ્રદ્ધા સંપ્રદાય ઉપર દૃઢ થઈ જાય છે. આવી શ્રદ્ધાથી વૈષ્ણવો અને સંપ્રદાયની ખુબજ ઉન્નતિ થાય છે. વાસ્તવમાં આવા વૈષ્ણવોની સંપ્રદાયને આવશ્યકતા છે. જો પોતેજ જાણકાર બનીને શ્રદ્ધાયુક્ત થઈને પોતાના સંપ્રદાયમાં સદા સર્વદા રહે છે.

આપણા સંપ્રદાયનું નામ 'પુષ્ટિમાર્ગ' પ્રસિદ્ધ છે. તેને સાધારણ લોકો 'શુદ્ધાદ્વૈત' કહે છે. અને તેજ અર્થમાં 'બ્રહ્મવાદ' પણ કહેવાય છે. પુષ્ટિમાર્ગનો લોકપ્રસિદ્ધ સરલ અર્થ છે અનુગ્રહ 'ભક્તિમાર્ગ'.

'પુષ્ટિ' શબ્દ પારિભાષિક હોવાથી સાધારણ લોકો આ સંપ્રદાયનું રહસ્ય જાણતા નથી અને તેઓ મોહિત થવાના કારણે ભ્રમિત થઈ જાય છે. પરંતુ વાસ્તવમાં 'પુષ્ટિ'નો અર્થ 'પોષણ' છે. જેનો અર્થ અનુગ્રહ અથવા કૃપા થાય છે. અથવા પુષ્ટિ શબ્દનો અર્થ ભગવાન પૂર્ણ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણચંદ્રની કૃપા છે [illegible] સ્પષ્ટ અને વિશદ શબ્દોમાં કહેવામાં આવે તો

આપણે કહી શકીએ કે ‘જે માર્ગમાં જીવ અને ઈશ્વરનો સંબંધ પરોક્ષ રીતિથી જ કેવળ થતો નથી. બીજી રીતે પ્રેમ અને કૃપાથી પણ જીવ અને ઈશ્વરનો પ્રત્યક્ષ સંબંધ થઈ જાય છે. આ અમારો સંપ્રદાય છે અને તેને કહે છે ‘પુષ્ટિમાર્ગ’. જે સંપ્રદાયમાં સાધન અને ફળ ભગવાન શ્રીકૃષ્ણ જ હોય અને જ્યાં ભગવાનની કૃપાથી જ બધુંય માનવામાં આવે તેને પુષ્ટિમાર્ગ કહે છે. જ્યાં ભગવાનની કૃપા જ ભગવાનને મેળવવા માટેનું એકમાત્ર સાધન સમજવામાં આવે છે અને જ્યાં એ સર્વ સામર્થ્ય સંપન્ન ભગવાન શ્રીકૃષ્ણની એકમાત્ર કૃપા દ્વારા જ લૌકિક અને વૈદિક સિદ્ધિ થતી હોય તેને ‘પુષ્ટિમાર્ગ’ કહે છે. જ્યાં આપણા સનાતન ધર્મ અને સદાચારનું સન્માનપૂર્વક ભગવદાજ્ઞાનવત પરિપાલન થતું હોય, જ્યાં વેદ, ભાગવત, ભગવદગીતા અને બ્રહ્મસૂત્ર એ ચારેયના પ્રમાણ ઉપર આધારિત અને જે માર્ગમાં ભગવદ્ આસક્તિ અને વ્યસનને પરમ ઉત્કૃષ્ટ માનવામાં આવે છે તેને ‘પુષ્ટિમાર્ગ’ કહેવામાં આવે છે. જ્યાં ભગવાનને જીવનો સ્વીકાર કરવામાં યોગ્યતાનો પરિચય કરવો પડતો નથી જ્યાં જીવ પોતાને જ અત્યંત દીન અને નિઃસાધન માનીને પ્રભુની કૃપાનો ઈચ્છુક બની રહે છે તેને જ ‘પુષ્ટિમાર્ગ’ કહે છે. જ્યાં ભગવાન સ્વયં જીવનું વરણ કરવામાં તેની યોગ્યતા ન જોતાં જીવનું પોતાનામાં સંપૂર્ણ સમર્પણભાવ જુએ છે. જ્યાં ભગવાન જીવની શક્તિ ઉપર મુગ્ધ થયા વગર જીવની અનુરક્તિ (જીવનો પ્રભુ પ્રત્યે પ્રેમ) પર મોહિત થાય છે. તેજ ‘પુષ્ટિમાર્ગ’ છે. જ્યાં અત્યંત ઉત્કૃષ્ટ સિદ્ધિ પ્રાપ્ત થવાથી શુદ્ધ પુષ્ટિ ભક્તિ મળી જવાથી, લોક તથા વેદના ‘બંધન’ ‘બંધન’ માલૂમ પડવા લાગે છે અને ભગવાન શ્રીકૃષ્ણના ભક્તિભાવ અતિરેકમાં ડૂબી જવાથી લોક, વેદ ભક્તની ઉચ્ચ પ્રગતિમાં બાધા પહોંચાડી શકતા નથી. તે ‘પુષ્ટિમાર્ગ’ છે. જ્યાં ભગવાનને ભક્તો ઉપર પ્રેમ છે. જ્યાં ભગવાન તથા તેના વિરોધીઓ માટે ક્ષમા છે તથા ઉદાસીનો ઉપર દયા છે તે ‘પુષ્ટિમાર્ગ’ છે. જ્યાં પોતાની જાતને ભગવાનનો નાનો સેવક અથવા દાસનો દાસ ગણાવે છે, જ્યાં દીનતા જ એક સાધન પ્રભુને પ્રસન્ન કરવા માટેનું સમજવામાં આવે છે તે ‘પુષ્ટિમાર્ગ’ છે. અહીં જીવ બ્રહ્મનો અંશ સમજવામાં આવે, જ્યાં જગત સત્ય સમજવામાં આવે તે ‘પુષ્ટિમાર્ગ’ છે. જ્યાં સ્વપ્ન, મૂર્તિ, આદિ ભગવદ્વિગ્રહોમાં લૌકિકતા જોવામાં આવે, ગંધર્વનગર, શુક્તિ (છીપ)રજત આદિ અસત્ય પ્રપંચ સમજવામાં આવે, જ્યાં સત્ય પ્રપંચમાં નશ્વરતા વગેરે જોવામાં માયા સમજે તે ‘પુષ્ટિમાર્ગ’ છે. જ્યાં પંચમહાભુત તથા તેનાથી બનેલા પદાર્થો, વેદ, સ્વર્ગ, મોક્ષ, આદિ પ્રપંચ કારણરૂપ હોવાથી સત્ય સમજવામાં આવે અને તેને બ્રહ્માત્મક માનવામાં આવે તેનેજ ‘પુષ્ટિમાર્ગ’ કહેવાય છે. જ્યાં જગત કર્તાને પરબ્રહ્મ માન્યા હોય અને તેને માયા તથા અવિદ્યાથી રહિત માન્યા હોયય અને તેમાં વિરૂદ્ધ, અવિરૂદ્ધ સર્વશક્તિ અને ધર્મનો સમાવેશ માનવામાં આવ્યો હોય અને અધિકાર અનુસાર તે બ્રહ્મની અનેક સ્ફુર્તિઓ (કાર્ય કરવાનો ઉત્સાહ) જ્યાં માનવામાં આવી હોય તે ‘પુષ્ટિમાર્ગ’ છે. જ્યાં શ્રીકૃષ્ણને જ પરબ્રહ્મ પરમાત્મા માનવામાં આવ્યા હોય. જ્યાં તેમને જ સર્વ સામર્થ્યવાન, કર્તુમ્, અકર્તુમ્, અન્યથા કર્તુમ્ ઈશ્વર સમજવામાં આવ્યા હોય, જ્યાં ભગવાનમાં દેહ, ઈન્દ્રિય અને અંતઃકરણની કલ્પના મિથ્યા

માનવામાં આવી હોય તે 'પુષ્ટિમાર્ગ' છે. જ્યાં શ્રીકૃષ્ણનો સાક્ષાત્કાર થવો, તેની સાયુજ્ય મુક્તિ મળવી, તેની સેવા પ્રાપ્તિ તથા સેવાનો અધિકારને પરમ પુરૂષાર્થ માનવામાં આવ્યો હોય તે 'પુષ્ટિમાર્ગ' છે. જ્યાં મોક્ષ એટલે કે આનંદ પ્રાપ્તિને એકમાત્ર સાધન ભગવાનની ભક્તિ, અને તેમાં એકાંત અનુરક્તિ (આસક્ત) માનવામાં આવી હોય તે 'પુષ્ટિમાર્ગ' છે. જ્યાં ભગવાનની ભક્તિ કરવી તેજ જીવનો નિષ્કામ ધર્મ છે, ભક્તિના બદલામાં જ્યાં હૃદયમાં કાંઈપણ આશા રાખવામાં આવતી ન હોય અને જ્યાં કેવલ ભાવમાત્રજ નું પોષણ થતું હોય તે 'પુષ્ટિમાર્ગ' છે. કેટલુંક કહેવું? અગર સૂક્ષ્મ ભેદો ઉપર નજર કરીએ તો એ બધું પુષ્ટિમાર્ગની પ્રસિદ્ધિનો હેતુ છે. સંક્ષેપમાં જો બધું કહેવામાં આવે તો તેમ કહી શકાય કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ બધુંય ભગવાન શ્રીકૃષ્ણનેજ માની લેવામાં આવે તે 'પુષ્ટિમાર્ગ' છે. સાચી વાતતો એ છે કે મનુષ્યને જ્યારે ભગવાનના માહાત્મ્યની ખબર પડે છે તો તેના સુખદાયક ચરણોની શરણ છોડીને તે ક્યાંય જતો નથી.

મકરન્દ નિર્ભરે મધુવ્રતો નૈક્ષુરકં હિ વીક્ષતે ॥

આ માર્ગના પ્રવર્તક ભગવાન વલ્લભાચાર્યજી છે.

ભગવાન શ્રીવલ્લભાચાર્યે પોતાના ભાગવતાર્થ નિબંધ પ્રકરણમાં સ્પષ્ટ લખ્યું છે કે 'કૃષ્ણાનુગ્રહરૂપા હિ પુષ્ટિઃ' અથવા તો ભગવાનની કૃપા તેજ પુષ્ટિમાર્ગ છે. ભગવાન પરમ કૃપાસિંધુ છે. અને અગણિતાનંદ છે. તે જીવનું કઈ રીતે કલ્યાણ થાય તે રીતે ભક્તનું હિત વિચારે છે. ભગવાન જ્યારે કૃપા કરે છે ત્યારે તેની ભક્તિ મળે છે. જેના ઉપર ભગવાનની કૃપા નથી તે ભગવાનની ભક્તિથી દૂર રહે છે. અને દેવો બધા ગણિતાનંદ છે. દેવોનો આપેલો આનંદ ગણત્રી થઈ શકે તેવો અને અમુક સમય પૂરતો જ સુખ આપનાર અને ક્રમે ક્રમે ક્ષય થઈને નાશ પામે છે. પરંતુ ભગવાન તો અગણિતાનંદ છે. તેનો ભક્ત ક્યારેય ક્ષુદ્ર વાતો ઉપર મોહિત થતો નથી. તેને તો કેવળ ભગવાનને જ પામવા તેજ ઈચ્છા હોય છે. ભગવાન સિવાય તેની ઈચ્છા બીજે ક્યાંય હોતી નથી. 'પુષ્ટિ'નો સુંદર અર્થ આચાર્ય શ્રીમહાપ્રભુજીએ આપના અણુભાષ્યમાં કર્યો છે તે જોઈએ.

—ક્રમશ

શ્રીવલ્લભસુધાના સર્વે સભ્યો તથા પ્રતિનિધીઓને નમ્ર વિનંતી કે સને ૧૯૯૯-૨૦૦૦ ના વર્ષનું શ્રીવલ્લભસુધાનું ભેટપુસ્તક અત્યંત અનિવાર્ય સંજોગોને કારણે વિલંબમાં પડયું છે. હજુ એક મહિના બાદ ભેટ પુસ્તક મોકલી શકાશે. તો સર્વે સભ્યોએ ધીરજ રાખવા નમ્ર વિનંતી છે.

-વ્યવસ્થાપક, શ્રીવલ્લભસુધા.

શ્રી યમુનાજીના પદ

રચયિતા—મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ—માધુરી, રાજકોટ

પદ ૭૩

શ્રીમુખ કહત નંદકુમાર;
કોન અસ્તુતિ કરન સમરથ તરનિ તનયા સાર. ૧
લક્ષ્મીપતિ પ્રિયા તુમ પુનિ લક્ષ્મી તે ભૂરિ;
રમા કૃષ્ણહિ ધ્યાય પાવત મોક્ષિ જીવન ભૂરિ. ૨
અધિક મહિમા પુષ્ટિરસ પ્રદ જયતિ યમુને નીર;
શ્યામ શ્યામા મંજુ શ્રમજલ હરન જન મન પીર. ૩
રસિક નાગર નંદ નંદન ગોપિકા ગણ સંગ;
પ્રેમ રસ ઉર ઉમડિ શ્રમ મિસ નીર નાના રંગ. ૪
સોઈ જલ સંબંધ કરત હી પુષ્ટિ પાવત દાન;
દાસ 'બલ્લભ' અતુલ મહિમા ભનિત પુષ્ટિ પુરાન. ૫

ભાવાર્થ: શ્રીનંદનંદન આપના શ્રીમુખથી આપનાં ઐશ્વર્યનું વર્ણન કરતા કહે છે કે શ્રીયમુનાજીનાં ગુણોનું ગાન કરવા કોઈ સમર્થ નથી— પૂર્ણ રીતે ગાન કરી શકે. લક્ષ્મીપતિની પ્રિયા તમે છો. પરંતુ તે લક્ષ્મીથી અનેકવિધ ગુણોની વિશેષતા ધરાવો છો.

જે કોઈ રમાકૃષ્ણનું ધ્યાન કરે છે તેને મોક્ષની પ્રાપ્તિ થાય છે. પરંતુ શ્રીયમુને આપનો પ્રતાપબળ જળ પ્રવાહરૂપે વહીને અનેકગણો વધ્યો છે. કેમકે પુષ્ટિરસ પ્રાપ્ત કરવા રમા—લક્ષ્મીનું ધ્યાન કે સેવા યોગ્ય નથી. જેને મોક્ષની ઈચ્છા છે તેને માટે તે યોગ્ય છે.

જળરૂપે થઈને શ્યામા—શ્યામની અનંત ક્રિડાઓનું શ્રમરૂપી જલ જેને પ્રાપ્ત થયું છે તેવું સૌભાગ્ય કોઈને પ્રાપ્ત થયેલું નથી.

શ્રીપ્રભુનાં હૃદયરૂપી પ્રદેશથી ઉત્પન્ન થયેલ શ્રમજલ જળરૂપે પ્રવાહી બનેલું તે અદ્‌ભુત શ્રમજલ અનેક વૈભવથી ભરેલું છે. તેથી દૈવીજીવોને પુષ્ટિફલ આપવા સમર્થ છે. પુષ્ટિ જીવો આપનો આશ્રય કરી પ્રભુની પ્રાપ્તિ કરે છે. લીલાથી વિખૂટા પડેલા જેને અનેક જન્મોથી દૂર કરી આવાગમન કરવું પડયું છે તે ભવદુઃખથી પીડાયેલા તેની પીડાને દૂર કરીને પ્રભુ સન્મુખ કર્યા છે. આ સામર્થ્ય તે શ્રમજળના પ્રતાપથી જ પ્રાપ્ત કરેલ છે.

રસિક નંદનંદન, રસિક ગોપિકાગણ સાથે ક્રીડા કરતા અગાધ પ્રેમરસ પ્રગટયો તે રસને ધારણ કરવાની શક્તિ(યાને) આપના સિવાય કોઈ નહોતું તેથી તે શ્રમજલ આપનેજ પ્રાપ્ત થયું. આપનું જળરૂપે પૃથ્વી પર વહેવું તેમાં શ્રમજલની અધિકતાથી અનેકરંગ એટલે

અનેક વૈભવોથી ભરપુર છો. આપના જળમાં ભક્ત અને ભગવાન અનેક ક્રીડા કરી તેનાં શ્રમનું નિવારણ મળ્યું. તેથી 'અનંતગુણ ભૂષિતે' આપ અનેક ગુણોથી વિભૂષિત છો. જેથી જે કોઈ પુષ્ટિ જીવો આપનાં જળથી સંબંધ કરે તેને પુષ્ટિલીલાનું જ્ઞાન, પુષ્ટિફળનું દાન આપ જ કરાવો છો. કવિ વલ્લભ કહે છે કે આ વસ્તું હું નથી કહેતો તે તો પુષ્ટિપુરાણ કહે છે. ૭૩

દેવર્ષિ નારદ રચિત

ભક્તિસૂત્ર – પ્રેમદર્શન

હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદાર ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.

ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ

—ગતાંકથી ચાલુ

તો જે ભક્તિનું શાસ્ત્ર નિર્માણ કરવા પ્રતિજ્ઞા કરી તે ભક્તિનું લક્ષણ શું? એ લક્ષણ બાંધતા કહે છે—

સા તુ અસ્મિન્ પરમપ્રેમરૂપા ।।૨।।
તે (ભક્તિ) ઈશ્વર પ્રતિ પરમ પ્રેમરૂપ છે. ૨

ભક્તિના અનેક પ્રકાર બતાવવામાં આવ્યા છે, પરંતુ નારદજી જે ભક્તિની વ્યાખ્યા કરે છે તે પ્રેમસ્વરૂપા છે. ભગવાનમાં અનન્ય પ્રેમ થઈ જવો એજ ભક્તિ છે. જ્ઞાન, કર્મ વિગેરે સાધનોના આશ્રય વગર અને બધી રીતે ઈચ્છા રહિત થઈને ચિત્તવૃત્તિ અનન્ય ભાવથી જ્યારે ફક્ત ભગવાનમાં જ લાગીજાય છે, જગતના તમામ પદાર્થો તથા પરલોકની તમામ સુખ–સગવડો, અને મોક્ષ સુખમાંથી પણ મન નિકળીને એકમાત્ર પોતાના પરમ પ્રેમપાત્ર ભગવાનમાં લાગેલું રહે છે, બધી મમતા અને આસક્તિ બધા પદાર્થોમાંથી તદ્દન નીકળીને એકમાત્ર પ્રિયતમ ભગવાન તરફ થઈ જાય છે, ત્યારે તે સ્થિતિને 'અનન્ય પ્રેમ' કહે છે. ૨

ભાષ્યાર્થ : ભક્તિનું વ્યાખ્યાન કરવા પ્રતિજ્ઞા કરી અને આથી શિષ્ય પૂછે તે પહેલાં જ, આચાર્ય પોતે જ આ સૂત્રમાં ભક્તિનું લક્ષણ બાંધે છે. 'પરમ પ્રેમરૂપા' આટલા શબ્દોમાં ભક્તિનું લક્ષણ છે. 'સા' શબ્દ લક્ષ્ય=ભક્તિનો નિર્દેશ કરે છે અને 'અસ્મિન્' શબ્દ લક્ષ્યના આશ્રયનો એટલે કે ભક્તિના આધારનો નિર્દેશ કરે છે. પરમ એવો જે પ્રેમ તે પરમ પ્રેમ–તેજ છે. રૂપ=આકૃતિ=મૂર્તિ એટલે કે સ્વરૂપ જેનું તે ભક્તિ. પ્રેમ–પ્રીતિ–અનુરાગ વગેરે શબ્દો પર્યાયવાચક છે. 'પરમપ્રેમ'માં 'પરમ' એટલે નિરતિશય, કેમકે જે પ્રેમ નિરતિશય હોય એટલે કે જેમાં કશું ઉમેરી ન શકાય કે જેમાંથી કશું કાઢી ન શકાય એવો હોય તેનેજ પરમ પ્રેમની સંજ્ઞા મળે છે. જેમાં તારતમ્ય હોય= એટલે કે ન્યૂનાધિક્ય હોય= જેમાં સરવાળો બાદબાકી થાય તે પ્રેમ નથી. પ્રેમ સિવાયનું ગમે તે હોય! આથી પરમ પ્રેમજ ભક્તિનું લક્ષણ છે. તે જ તેનું જીવન છે.

પણ આવો નિરતિશય પ્રેમ તો સંસારમાં પણ પુરૂષોને હોય છે! સાચું, હોય છે. પણ સંસારપ્રેમ બંધનનું કારણ છે, શાંતિનો હેતુ નથી, તો પછી એવા નિરતિશય પ્રેમનું નિવાસસ્થાન= આધારસ્થાન કયું? આથી સૂત્રકાર કહે છે કે 'અસ્મિન્' આ રૂપ 'ઈદં' સર્વ નામનું પુલિંગનું સાતમીનું એકવચન છે. 'ઈદં' એટલે આ. 'ઈદં' શબ્દથી પ્રેમનો આધાર બતાવવામાં અત્યંત ચમત્કાર છે. 'ઈદં' સર્વનામથી પરમાત્માની અહીં લક્ષણા થાય છે. કેમકે વીતરાગનું જ્યાં પ્રકરણ હોય ત્યાં સાંસારિક વાત અપ્રસ્તુત હોય છે. લગ્નના મુહૂર્તે વૈધવ્યની વાત અનુચિત હોય છે! આથી પરમાત્મા જ અહીં પરમપ્રાપ્તિનું નિવાસસ્થાન છે. એમ જાણવું અને એ પરમાત્મા જીવમાત્રાનો પરમ પ્રિયતમ છે. શ્રુતિ કહે છે કે તદેતત્ પ્રેયઃ પુત્રાત્ પ્રેયોવિત્તાત્= તે આ આત્મા પુત્રથી અધિક પ્યારો છે વગેરે. અને જે આપણને સૌથી વહાલું હોય તે સદા પ્રત્યક્ષ જ હોય છે. પ્રિયતમ કદી પરોક્ષ હોતો નથી! લોકમાં પણ જે પ્રિયતમ હોય તે પરોક્ષ હોય તો પણ પ્રણયીને તો હૃદયને પ્રત્યક્ષ જ હોય છે!

અને વળી જે પ્રિયતમ હોય તે પ્રણયીને સર્વરૂપે દેખા દે છે. સર્વત્ર સર્વરૂપે પ્રિયતમનું દર્શન એ પ્રેમનો સ્વભાવ હોય છે! આથી જે જેનો પ્રિયતમ તે તેને માટે સર્વરૂપ પણ છે એમ જાણવું. વળી સર્વરૂપે પ્રિયતમને જ જોતો પુરૂષ તેને સર્વનામે જ સંબોધે! જ્યાં રૂપનો ભેદ નથી ત્યાં નામનો અભેદ પણ ઉચિત જ છે ! વળી 'ઈદં' સર્વનામ 'આ' એટલું જ કહીને અટકી જાય છે. કોઈ ખાસ સ્થાનનો સ્પષ્ટ નિર્દેશ કરતું નથી ! આથી કોઈ વિશેષ સ્થાનનો અહીં નિર્દેશ ન હોવાથી અને તે ઉપરાંત 'સર્વનામ'થી વ્યવહાર કરેલો હોઈને કોઈ અમુક જ ભગવાનના આકારમાં અહીં પ્રેમ કરવાનો આગ્રહ નથી! મનુષ્યોમાં રુચિની ભિન્નતા હોય છે અને આથી જેને જે પ્રિય તેજ તેને માટે મધુર અને શ્રેયસ્કર છે. આવું વિચારનું ઔદાર્ય અને સમભાવ અહીં આચાર્યે 'ઈદં' સર્વનામથી પ્રદર્શિત કર્યો છે. વળી 'રામ, કૃષ્ણ' વગેરે વિશેષ નામ લેવામાં પોતાનો પ્રિયતમ પોતાથી જુદો છે એવો સ્વીકાર પણ આવી જ જાય! આથી 'ઈદં' એવા સર્વસામાન્ય શબ્દથી જ પરમાત્માનો નિર્દેશ ઉચિત છે! આમ વિચારતા સમજાશે કે યદ્યપિ લૌકિક પુરૂષને માટે પરમાત્મા પ્રત્યક્ષ નથી, છતાં ભકતને માટે તો પુરોહિત=સર્વત્ર હાજર, સર્વરૂપ, સર્વનામવાળા અને પોતાના આત્માથી અભિન્ન છે. આથી વિશ્વરૂપ, વિશ્વનાથ, સ્વાન્તરાત્મ, ભગવાન, પ્રત્યક્ષ પરમાત્મામાં પરમ પ્રેમ એટલે ભક્તિ, એવું જે લક્ષણ આપ્યું છે તે ઉચિત જ છે. ૨

ભક્તિ પ્રેમરૂપા છે એ તો જાણ્યું. પરંતુ તે પ્રેમનું નિજરૂપ શું છે? એ બાબતમાં કહે છે કે—

અમૃત સ્વરૂપા ચ ॥૩॥

અને અમૃત સ્વરૂપ પણ છે. ૩

ભગવાનમાં અનન્ય પ્રેમ જ વાસ્તવમાં અમૃત છે. તે સર્વથી વિશેષ મધુર છે અને જેને આ પ્રેમામૃત મળી જાય છે તે તેનું પાન કરીને અમર થઈ જાય છે. લૌકિક વાસના જ મૃત્યુ છે. અનન્ય પ્રેમી ભક્તના હૃદયમાં ભગવત્પ્રેમની એક નિત્ય નવીન, પવિત્ર વાસના સિવાય બીજી કોઈ વાસના જ રહેતી નથી. આ પરમ દુર્લભ વાસનાને લીધે તે ભગવાનની મુનિઓના મન હરણ કરનારી લીલાનું એક સાધન બનીને કર્મ બંધનયુક્ત જન્મ મૃત્યુના ચક્કરમાંથી સર્વથા છૂટી જાય છે. તે હંમેશા ભગવાન પાસે નિવાસ કરે છે અને ભગવાન તેની પાસે પ્રેમી ભક્ત અને પ્રેમ પાત્ર ભગવાનનો આ કાયમી અટલ સંયોગ જ વાસ્તવિક અમરતા છે. તેથીજ ભક્તજન મુક્તિ ન ઈચ્છતા ભક્તિ ઈચ્છે છે—

આમ વિચારે ભગત સયાણા ।

મુક્તિ અનાદર ભક્તિએ લોભાણા ॥૩॥

ભાષ્યાર્થ : પ્રેમનું અસંદિગ્ધ અને અનારોપિત રૂપ અમૃત છે. પ્રેમ કદાપિ મરતો નથી. અર્થાત્ અહીં આશય આ છે—પરમ પ્રેમ અમૃતસ્વરૂપ છે. 'અમૃતં અભય બ્રહ્મ'—આ શ્રુતિમાં કહ્યા મુજબ 'અમૃત' એટલે પરમાત્મા. પરમાત્મા પ્રેમનો આશ્રય છે. આથી અમૃત પરમાત્મારૂપી આશ્રયે રહેનારો આશ્રિતપ્રેમ પણ તદ્રૂપ જ છે. એટલે કે અમૃત સ્વરૂપ જ છે. અહીં ધ્વની આ છે. પરમાત્મા અને જીવાત્મા એ બંને અનાદિ છે. આથી તે બંનેની વચ્ચેનો સંબંધ પણ અનાદિ છે. આ સંબંધ તે પ્રેમરૂપ છે. પરમાત્મા મારો પ્રિયતમ છે એમ જો કે સંસારદશામાં જીવ જાણતો નથી, છતાં તેના હૃદયની અંતસ્તમ ગુહામાં તેને પરમાત્મા ઉપર પ્રેમ હોય છે જ. સંસારદશામાં જે પ્રેમ અપ્રકટ સ્વરૂપે હોય છે, તેજં પ્રેમ પ્રબુદ્ધ દશામાં આવિર્ભાવ પામે છે એમ નથી. આથી પરમાત્મા ઉપર જીવાત્માનો પ્રેમ હતો—છે અને હશે જ. પ્રેમની સત્તા સર્વકાલીન છે, કેમકે પ્રીતિના પાત્રરૂપ પરમાત્માનું જે સ્વરૂપ છે તેજ પ્રેમનું સ્વરૂપ છે. આથી પરમાત્માની માફક પ્રેમ પણ 'આસ્તિ' રૂપે જ પ્રાપ્તવ્ય છે. 'અસ્તિ' આટલા શબ્દ સિવાય પ્રેમનું બીજું કાંઈપણ રૂપ નિરૂપણ કરવું શક્ય નથી ! આથી સદા સ્વરૂપનું અખંડ અનુસંધાન એજ પ્રેમનું રહસ્ય છે. આ વાત પણ અહીં ધ્યાનમાં રાખવી. સૂત્રમાં વાપરેલો 'અમૃત' શબ્દ પણ વિચારણીય છે. જે 'મરેલો' હોય તે કોઈપણ ક્રિયાશૂન્ય હોય છે. કેમકે ક્રિયા એ જીવનની નિશાની છે, જે અમૃત છે= જીવતો છે તે હંમેશા કર્મદ્વારા જ પોતાનું જીવન સ્પષ્ટ કરે છે. પ્રેમ અમૃત છે. આથી જીવના પ્રેમનું લક્ષણ પણ કર્મ—ક્રિયા જ છે. આથી જેનો ઉપર પ્રેમ તેને માટે તે તમામ કર્મો કરેજ. પ્રિયતમની પ્રીતિ ખાતર અને નહીં કે સ્વાર્થ માટે. કર્મ કરતો પ્રેમ પોતાનું વાસ્તવિક રૂપ પ્રકટ કરે છે. આથી સ્વરૂપભૂત પરમાત્મામાં હંમેશા નિષ્ઠા અને તે પરમાત્માની પ્રીતિ માટે તમામ કર્મોનું, જ્યાં સુધી પ્રારબ્ધભોગ પૂરા થાય ત્યાં સુધી, આચરણ એ પ્રેમનું સ્વરૂપ છે. આ છે સૂત્રનો પિંડાર્થ=નિચોડ અર્થ. ૩

—ક્રમશઃ

ગો. શ્રીહરિરાયજી કૃત

ભગવાનનો મોહિની અવતાર

લેખક : પ.ભ. જેઠાલાલ છો. શાહ "ઊર્મિલ" સાવલી

આસુરી સ્વભાવવાળા અસુરો અને દૈવી સ્વભાવવાળા દેવો બંને પ્રજાપતિના સંતાન છે. એમાં અસુરોનું પ્રાબલ્ય દેવો કરતાં અધિક હોય છે. અસુરો પ્રાકૃતિક તત્વો હોવાથી તેમનામાં પ્રતિસ્પર્ધી પણ અધિક હોવાથી દેવો અને અસુરો બંને તત્વો વચ્ચે પરાપૂર્વથી વિગ્રહ ચાલ્યા કરે છે. આ દેવાસુર વિગ્રહમાં આસુરી વૃતિનું પ્રાબલ્ય વધી જતાં સૃષ્ટિ ત્રાસી ઉઠે છે. અને પરિણામે મહાન વિભૂતિનો આવિર્ભાવ થાય છે એ મહાન વિભૂતિ દ્વારા આસુરી તત્વો પરાજિત થાય છે અને નૈતિક તત્વોનું રક્ષણ થાય છે. આ મહાન વિભૂતિનો આવિર્ભાવ એજ અવતાર અખંડ અનંત—અજ અનાદિ ભગવદીયસત્વની લીલાનો પર્યાય એ અવતાર વેદની સંહિતાઓનાં તથા શતપથાદિ બ્રાહ્મણોમાં મત્સ્ય, વરાહ, વામન વગેરે અવતારોનાં બીજ મળી આવતાં હોઈ ક્રમશઃ અવતારવાદનો વિસ્તાર થયો છે. આચાર્ય શિરોમણી જગદ્‌ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ પોતાના અણુભાષ્ય સુબોધિની આદિ ગ્રંથોમાં ભગવાનના અવતારોનું વિસ્તૃત અને વિશદ્ નિરૂપણ કર્યું છે.

આસુરી તત્વોનું પ્રાબલ્ય વધી જતાં અસુરોને આધીન કરવાને માટે ભગવાનને નારીનો અવતાર પણ લેવો પડયો હતો. એ રીતે ભગવાને તો પરા અને અપરા શક્તિની સમન્વય ભૂમિકા પર સ્વલીલાનો આપશ્રીએ વિસ્તાર કર્યો હતો. આવા બધાં રૂપો લીધા વિના પણ ભગવાન તો અભિષ્ટનું સંપાદન કરવા સમર્થ છે જ, પણ એથી તો 'એકાકી ન રમતે'ની મહત્તા અધૂરી રહી જાય, ભગવદીય લીલા ઉપરનો ભક્તોનો મદાર અને વિશ્વાસ ન રહે તેમ શાસ્ત્ર વાક્ય પણ અપ્રમાણ બની રહે.

ભગવાનની અવતાર લીલાનું રહસ્ય આ જ છે. ભગવાનનો નારી અવતાર—મોહિની અવતાર—સમુદ્ર મંથનના અવસરે થયો હતો. વિશ્વમાં એક સમય એવો આવ્યો હતો કે મહર્ષિ દુર્વાસાના શાપથી ત્રણે લોક શ્રીહીન થઈ ગયા હતા. આસુરી તત્વોનું પ્રાબલ્ય વધી ગયું હતું. પરિણામે યજ્ઞ યાગાદિ સત્કર્મો નષ્ટ બની રહેતાં બ્રહ્માદિ સર્વ દેવો અસહાય બની રહી ભગવાનને શરણે ગયા. મરકતમણિ સમાન શરીરવાળા કંગનહાર નુપુર, મેખલા આદિ આભૂષણોથી યુક્ત પીળા પીતાંબરધારી પરમ રમણીય અને અતિ દિવ્ય એવા ભગવાને પ્રગટ થઈને દેવોને સલાહ આપી કે હમણાં અસુરો ઉપર કાળની કૃપા છે માટે હમણાં તમે એમની સાથે સંધી કરો. કોઈ મોટું કાર્ય સિદ્ધ કરવું હોય તો શત્રુઓ સાથે પણ સંધિ કરવી પડે છે પછી તમે બંને પક્ષો મળીને સમુદ્રમંથન દ્વારા અમૃત ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરો. અમૃતનું પાન કરવાથી મૃત્યુનોભય રહેતો નથી. અમૃતની તમારેજ ખાસ જરૂર છે. અસુરોને એની જરૂર નથી. સંજીવની વિદ્યાવાળા એમના ગુરુના પ્રતાપે તેઓ અમૃત સમાન જ સંજીવની વિદ્યા દ્વારા વારંવાર પુનર્જીવિત બની રહે છે. માટે હે દેવો, જડીબુટ્ટીઓ અને ઔષધીઓને સમુદ્રમાં નાંખી, મંદરાચલ પર્વતને રવૈયો કરી, વાસુકી નાગનું નેતરૂ બનાવી આળસ માત્રનો ત્યાગ કરી તમે સમુદ્રમંથન કરો. હું તમોને સહાય કરીશ. અસુરોની સર્વ શરતો મંજુર કરશો. તમારું એકમાત્ર ધ્યેય અમૃત જ હોવું જોઈએ. સમુદ્રમાંથી અન્ય લોભાવનારી વસ્તુઓ પણ નીકળશે પણ એ માટે તમે લોભ અને લાલચને વશ થશો નહીં. એટલી શ્રદ્ધા જરૂર રાખશો કે તમારા આ કામમાં દૈત્યોને તો કેવળ પરિશ્રમ જ મળશે અને ફળ તમને મળશે.' આટલું કહી ભગવાન દેવોના દેખતાં જ અદ્રશ્ય થઈ ગયા.

એ પછી દેવો અને અસુરોમાં સંધિ થઈ અને મંદરાચલ અને વાસુકીને ઉપયોગમાં લઈ સમુદ્રમંથન શરૂ થયું. મંદરાચલ પર્વત દેવો અને અસુરોથી ન ઉપાડાતાં ભગવાને પોતે ગરુડ ઉપર ચડાવીને ડુંગર સમુદ્રમાં લાવી મૂક્યો હતો. મંથન શરૂ કરતાં દેવો અને દાનવોએ પર્વતને પકડી રાખ્યો હતો. છતાં તે જળમાં ડૂબી જવા લાગ્યો ત્યારે ભગવાને અદ્‌ભુત કાચબાનું રૂપ ધારણ કરી તેને પોતાની પીઠ ઉપર

ટકાવી રાખ્યો હતો. તેમ ખૂબ મથવા છતાં દેવો અને દાનવોના એ મંથનમાંથી કશુંજ ન નીકળ્યું. ત્યારે ભગવાને અજિત અવતાર લઈને મંથન કરવા માંડયું. આ રીતે સમુદ્રમંથનની શરૂઆતમાંજ ભગવાનના એક તો પર્વતને ઉપાડી લાવનાર, બીજો પર્વતને પીઠ ઉપર ધારણ કરનાર અને ત્રીજો વલોવનાર એમ ત્રણ અવતાર તો થઈ ચૂકયા.

પ્રબલ પરાક્રમી અજિત ભગવાનની સહાય થતાં એ સમુદ્રમંથનના પ્રથમ વલોણામાં તો હળાહળ વિષ પ્રાપ્ત થયું. તેનો વેગ એટલો તીવ્ર હતો કે પ્રજાઓ—લોકપાલો ચોતરફ નાસવા લાગ્યા. પ્રજાઓને અભય આપવાને માટે એ પછી પ્રજાપતિઓની વિનંતીથી ભગવાન સદાશિવે એ વિષનું પાન કરી લીધું. એમના એવા કાર્યને સંપન્ન કરવાની ક્ષમતા અન્ય કોઈ દેવમાં ન હતી. એ વિષથી સદાશિવને કેવળ કંઠમાંજ ડાઘ પડયો અને એથી તેઓ નીલકંઠ કહેવાયા.

એ પછી મંથન શરૂઆત થતાં એમાંથી ક્રમશઃ કામધેનુ, ઉચ્ચૈશ્રવા, ઐરાવત, કૌસ્તુભ, મણિ, પદ્મરાગ, કલ્પવૃક્ષ, અપ્સરાઓ, લક્ષ્મીજી, વારુણી અને પછી હાથમાં અમૃતથી ભરેલો કળશ જેમણે ધારણ કર્યો છે એવા આયુર્વેદના દષ્ટા ભગવાન ધન્વંતરિ પ્રગટ થયા. દૈત્યોએ અમૃતકળશને જોઈને ઝડપ મારી તે તેમના હાથમાંથી ઝુંટવી લીધો. હતાશ દેવો પુનઃ ભગવાનને શરણે ગયા. ભગવાને 'યોગ્ય તે કરીશ' કહીને એમને આશ્વાસન આપ્યું.

અમૃતની પ્રાપ્તિથી ઉન્મત્ત એવા દૈત્યોમાં અમૃતપાન અર્થે પરસ્પરમાંજ વિખવાદ શરૂ થઈ ચૂક્યો હતો અને તેઓ તેની ધમાલમાંજ હતા, તેવામાં તેમણે એક અપ્રતિમ સુંદરીને પોતાના તરફ આવતી જોઈ. નીલકમલની સમાન એના શરીરનો રંગ હતો. સિંહના જેવી કટિ હતી. હૈયે હાર, ભુજામાં બાજુબંધ, કટિમાં મેખલા અને ચરણોમાં નુપુર, મુખમાં લજ્જાભરી મુસકાન, નાચતી તીરછી ભ્રમરો અને સુદીર્ઘ કેશપાસમાં અવનવીન પુષ્પોની વેણીથી શોભીત એ સુંદરીને જોઈ અસુરમાત્ર અતિશય મોહિત બની રહ્યા અને પરસ્પરનો ઝગડો ભૂલી જઈ તેને વીંટળાઈ વળ્યા. અને પ્રસંશાના અનેક પ્રિય વચનોથી એનું મન રંજન કરવા લાગ્યા. માત્ર એટલુંજ નહીં પણ તેમણે તો અમૃતનો કલશ પણ તેના હાથમાં મૂકી દીધો અને ઝગડાનો અંત લાવવા ન્યાયપૂર્વક દેવો અને દાનવો બંને પક્ષને અમૃત વહેંચી આપવાનો અનુરોધ પણ કર્યો.

એ અપ્રતિમ સુંદરી તેજ ભગવાનનો મોહિની અવતાર. દાનવોના વિકૃત પુરુષત્વ ઉપર અધિકાર પ્રાપ્ત કરવાને માટે, એમને પરાજીત કરવાને માટે ભગવાન અપ્રતિમ સુંદરીનું રૂપ ધારણ કરીને આવ્યા હતા. ભારે નિતંબોથી મંદમંદ ચાલતાં નૂપુર ઝળકી રહ્યાં છે અને કર્ણમાં કનકકુંડલ હાલી રહ્યાં છે. સુંદર મુખારવિંદવાળા મોહિની સ્વરૂપ શ્રીભગવાને પછી પોતે જે કાંઈ કરે તે વિના વિરોધે મંજુર રાખવું એવી શરતે દૈત્યોને પ્રથમ વચનબદ્ધ કરીને પછી અમૃત વહેંચી આપવાનુ સ્વીકાર્યું. દેવો અને દાનવોને જુદા જુદા બેસાડીને પછી મોહિની ભગવાને અમૃત વહેંચવાનું પ્રથમ દેવોથી જ શરૂ કર્યું. લજ્જામણું સ્મિત, મધુર મીઠાં વચનો અને પાગલ બનાવી મૂકે એવા હાવભાવથી દાનવોને ભ્રમીત કરી દઈને ભગવાને બધુંજ અમૃત દેવોનેજ પાઈ દીધું. દાનવો આ બધું ઉઘાડી આંખે જોતા હતા જ પણ તેમની આંખો આડે તો સૌંદર્ય પડળ છવાયાં હતા. તેઓ તો એવા ખ્યાલમાંજ ચૂપ બેસી રહ્યા કે આપણામાં પ્રીતિવાળી આ સુંદરી દેવોને જરા જરા અમૃતથી પટાવી દઈ બાકીનું બધુંજ અમૃત આપણને પીવડાવશે! દાનવોમાંથી એક માત્ર રાહુ નામનો દાનવ ચેતી જઈને સૂર્ય અને ચંદ્રની વચ્ચે ઘૂસી ગયો હતો. પણ દેવ ધારીને મળેલું અમૃત ગળા સુધી ઉતર્યું ન ઉતર્યું ત્યાં તો ખબર પડી જતાં સુદર્શન ચક્રથી તેના ધડ મસ્તક જુદા થઈ ગયા.

એ રીતે દેવોને બધુંજ અમૃત પાઈ દીધા પછી મોહિની ભગવાન અદશ્ય થઈ ગયા. કેવલ દેવોનેજ અમૃત પાવામાં ભગવાને પક્ષપાત તો જરૂર કર્યો પરંતુ અસુરત્વની સાથે અમૃતનો અમરત્વનો સંયોગ થતાં તો રાક્ષસત્વની સૃષ્ટિ ઉદ્ભવન્ રાક્ષસત્વ તો દાનવોનું અંતિમ સોપાન હોવાથી રાક્ષસોથી પૃથ્વીને મુક્ત કરવાને માટે જ ભગવાને રજોગુણી અસુરોને અમૃતથી વંચિત રાખ્યા.

વસ્તુ સ્થિતિનું ભાન થતાંજ અસુરોના ક્રોધનો પાર ન રહ્યો. શસ્ત્રો ઉગામીને દેવો ઉપર તૂટી પડયા. બંને પક્ષો વચ્ચે દારુણ યુદ્ધ થયું. પરંતુ ઈશ્વરીય વિધાનમાં સદા સત્યનો જ વિજય થાય છે. દેવો જીત્યા અને દાનવો હાર્યા. બલી રાજા, કાલનેમિ, માલી, સુમાલી, જંબાસુર, બલ, પાક,નમુચિ વગેરે

આગેવાન અસુરો પણ પૂરા થયા. હર્ષોન્મત્ત એવા દેવોએ અસુર માત્રની હત્યા કરવાને ઈચ્છયું. પણ બ્રહ્માએ નારદને મોકલી અસમાન એવું એ યુદ્ધ બંધ કરાવી દીધું. નારદના આદેશાનુસાર દાનવો બલિ રાજા વગેરે દૈત્ય આગેવાનો અને અન્ય અસુરોના શબો લઈને અસ્તાચલ તરફ જતા રહ્યા. ત્યાં અસુરોના ગુરૂ શુક્રાચાર્યે બલિ રાજા વગેરે જે અસુરોના મસ્તક હયાત હતા તે સર્વ અસુરોને પોતાની સંજીવની વિદ્યાથી પુનઃસજીવન કર્યા.

શક્તિના અધિપતિ એવા ભગવાન સદા શીવ તે યુદ્ધમાં હયાત ન હતા. કોઈથી પણ ન બની શકે એવું હળાહળ વિષ ઝેરવવાનું કાર્ય પોતે સિદ્ધ કર્યુ છે એવા ખ્યાલમાં મસ્ત એવા શિવજી કૈલાસમાં જ હતા. ભગવાનના મોહિની અવતારની વાત સાંભળી ભગવાનનું એ રૂપ જોવાની ઈચ્છા થતાં શિવજી નંદી ઉપર વિરાજિત થઈને સતી પાર્વતી સહ વૈકુંઠમાં ગયા અને ભગવાન વિષ્ણુ સમક્ષ પોતાની ઈચ્છા વ્યક્ત કરી. ભગવાને એ રૂપ તો કામી પુરૂષોને માટેજ આદરણીય છે એમ જણાવ્યું પરંતુ શીવજીનો અતિ આગ્રહ થતાં 'ભલે જુઓ ત્યારે' એમ કહીને ભગવાને પુનઃ મોહિની સ્વરૂપ ધારણ કર્યું.

શિવજી તો એ રૂપ નિહાળતાંજ પોતાનું સ્વત્વ ગુમાવી બેઠા. પોતાના કહ્યાથી જ ભગવાને પોતાને આ રૂપનાં દર્શન કરાવ્યા છે એ વાતજ તેઓ વિસરી ગયા. તેમણે તો જોયું કે ચક્ષુઓની સામે ફળ ફૂલોથી યુક્ત વિવિધ વૃક્ષોવાળું તથા કોકિલ આદિથી સમલંકૃત એવું સુરમ્ય ઉપવન છે અને એમાં એક અપ્રતિમ સુંદરી દડાની રમત રમી રહી છે. તેણે શરીરના રંગને અનુરૂપ રંગવાળું અતિ સુશોભિત વસ્ત્ર ધારણ કર્યુ છે. કેડે કટિમેખલા શોભી રહી છે. દડાને ઉછાળતાં અને ઝીલતાં શરીર ઉંચુનીચું થાય છે તે વખતે હૈયા પરનો હાર પણ ઉછળીને મનને અતિ પ્રિય થઈ પડે છે. સુવિશાળ નિતંબોના ભારથી મંદમંદ ચાલતી તે સૌંદર્ય પ્રતિમાને શિવજી જોઈ જ રહ્યા. કર્ણમાં શોભતાં કુંડળની કાન્તિથી તેનો કપોલ પ્રદેશ અને અવનવીન પુષ્પોથી આચ્છાદિત તેના સુદીર્ઘ કેશપાશથી તેનું આખું મુખારવિંદ અતિ મનોહર પ્રતીત થઈ રહ્યું હતું. વહી રહેલા સુખદ સમીરથી ઉડતા વસ્ત્રને તથા છૂટી ગયેલા અંબોડાને એક હાથથી સાચવતી તે સુંદરી બીજા હાથથી દડાને પછાડતી હતી.

એક વખત જરા વધુ જોરથી દડો પછાડતાં તે ઉડીને દૂર જતો રહ્યો. સુંદરી તેને પકડવાને દોડી પણ ત્યાં તો તેનું ઢીલું થઈ ગયેલું વસ્ત્ર પવનના ઝપાટે તેના શરીર પરથી અળગું થઈને ઉડી ગયું. મંદ મંદ હસતી અને પોતાન તરફ કટાક્ષો કરતી તે સુંદરીને એ સ્થિતિમાં નિહાળી શિવજી વિહવળ બની રહ્યા. અને પછી જેનું જ્ઞાન હરાઈ ગયું છે તથા કામદેવથીજ સંપૂર્ણપણે જિતાઈ ગયા છે એવા એ શિવજી પાર્વતી તથા પાર્ષદોના જોવા છતાં પણ લાજશરમને અવગણીને રુચિર અને મનોહર અંગપ્રત્યંગવાળી સુંદરીની નિકટ જવા લાગ્યા. તેમને એ રીતે નિકટ આવતાં જોઈને તે સુંદરીએ પોતે વસ્ત્ર રહિત હોવાથી અહીં તહીં વૃક્ષોની ઓથે છૂપાવા માંડયું. નિકટ જઈ પહોંચતા શિવજી એ ઝડપ મારીને એ સુંદરીને પકડી લીધી અને તેને ગાઢ આલીંગન કર્યું. સુંદરી શીવજીના બાહુપાસમાંથી પ્રયત્નપૂર્વક પોતાને છોડાવીને ભાગી. શિવજીએ પાછળ દોટ મૂકી. પૂર્વેના વેરી એવા કામદેવે જેમને સંપૂર્ણપણે જીતી લીધા છે એવા અદ્ભુત કર્મ કરનારા શિવજી દોડતાં દોડતાં સ્ખલિત પણ બની રહ્યા પણ એ પછી તો તપોનિધિ એવા શિવજી ચેતી ગયા, ભગવાને રચેલી માયા તેમણે જાણી લીધી અને સ્વયં સ્વસ્થ બની રહ્યા. ભગવાને પણ પછી મોહિની સ્વરૂપનો ત્યાગ કર્યો અને પોતાનું વાસ્તવિક સ્વરૂપ ધારણ કર્યું. હરિ અને હર પરસ્પરને ભેટી પડયા.

મહાદેવજીના પુરૂષત્વના પરાજયની આ કથા સિદ્ધ કરે છે કે, પુષ્ટિ પુરૂષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણની લીલાનો પાર નથી. ભગવાનની લીલા પણ ભગવાનની જેમ અનંત અને અવ્યક્ત છે. અગમ, અચિન્ત્ય અને અભેદ્ય છે તેમના અનેક અવતારો તેમની ક્ષણક્ષણમાં થનારી લીલાની ભૂમિકાઓ છે. આપણે તો એટલું જ કહીને મૌન થઈ જવું પડશે કે વેદના અધિષ્ઠાતા બ્રહ્મા, વાણીના દેવતા શેષ શારદા તેમ અક્ષરાધિપતિ શ્રીગણેશ પણ ભગવાનની લીલાઓને સીમામાં નિયંત્રિત કરી શકે એમ નથી. ભગવતી શ્રુતિ એ 'એકાકી ન રમતે સ દ્વિતીયમેચ્છત્' એ વાક્યમાં ભગવાનની સમસ્ત લીલાઓનું સામંજસ્ય કરી લીધું છે.

□□

કાવ્ય – કુંજ

શ્રીમદ્ ભાગવત દશમ સ્કન્ધ (પૂર્વાર્ધ)નું ધોળ

રચયિતા : દાસાનુદાસ જયંત જી. ગાંધી 'કુસુમાયુધ' (જુનાગઢ)
[ઢાળ : સરસત સ્વામીને વિનવું....ને ગુણપત લાગું પાય જી રે.]

[શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક 'સૂરદાસજી' દિલ્હી પાસે ચાર કોસ દૂર 'સીહીં' ગામમાં એક સારસ્વત બ્રાહ્મણને ત્યાં પ્રકટયા. તેઓ જન્મથી જ નેત્રહીન હતા. છ વર્ષની ઉંમરે ઘેરથી નીકળી ચાર કોસ ઉપર એક ગામને પાદર પીપળાના ઝાડ નીચે ઝૂંપડીમાં રહેવા લાગ્યા. ત્યાં સૂરદાસજીની બહુ ખ્યાતિ થઈને સ્વામી કહેવાવા લાગ્યા. ત્યાં અઢાર વર્ષ રહ્યા. એક રાત્રે વૈરાગ્ય આવ્યો. બધો વૈભવ માતા પિતાને બોલાવી તેમને સોંપી દીધો. પોતે તો એક વસ્ત્ર પહેરી હાથમાં લાઠી લઈ ત્યાંથી નીકળી પડયા અને મથુરાજી આવ્યા ને ત્યાંથી મથુરા અને આગરા વચ્ચોવચ્ચ ગૌઘાટ છે ત્યાં આવીને શ્રીયમુનાજીને તીરે સ્થલ બનાવીને રહ્યા. સૂરદાસજીનો કંઠ બહુ સુંદર હતો. તેઓ ગાનવિદ્યામાં ચતુર અને શુકન બતાવવામાં કુશળ હતા. ત્યાં પણ સેવકો થવા લાગ્યા. જગતમાં પ્રસિદ્ધ થયા.

થોડા દિવસ પછી શ્રીઆચાર્યજી મહાપ્રભુ ગૌઘાટે પધાર્યા. સૂરદાસજીને પોતાના સેવક દ્વારા શ્રીવલ્લભાચાર્યજી પધાર્યાની જાણ થતાં પોતાના સેવકો સાથે શ્રીવલ્લભાચાર્યજીના દર્શને આવ્યા ને દંડવત કર્યા. ત્યારે શ્રીઆચાર્યજીયે ભગવદ્ યશનું વર્ણન કરવાની આજ્ઞા કરતા. સૂરદાસજી દીનતાના પદો ગાવા લાગ્યા.

આ સાંભળીને શ્રીઆચાર્યજીએ આજ્ઞા કરી કે 'સૂર' થઈને આવા ગળગળા કેમ થાય છે? કંઈ ભગવદ્લીલાનું વર્ણન કરો. ત્યારે સૂરદાસજીએ શ્રીઆચાર્યજીને વિનતી કરી કે મહારાજ! હું કંઈ ભગવદ્ લીલામાં સમજતો નથી.

પછી શ્રીઆચાર્યજીએ તેમને શરણે લઈ આપશ્રીએ શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધની અનુક્રમણિકા કરીને સૂરદાસજીને સંભળાવી. અનુક્રમણિકા સાંભળતા સૂરદાસજીનાં હૃદયમાં બધી લીલા સ્ફુરી અને ભગવદ્—યશવર્ણન કરવા લાગ્યા.

આ અનુક્રમણિકા સંસ્કૃતમાં છે જેથી આ અનુક્રમણિકાનું અવગાહન સંસ્કૃત ન જાણતાં પણ કરી શકે તે માટે ગુજરાતીમાં ધોળની રચના કરવા માટે પ.ભ.શ્રીજયંતભાઈ જી. ગાંધી 'કુસુમાયુધ' ને વિતની કરતા પ્રાચીન ધોળ—ગીતના ઢાળમાં રચના કરીને મોકલાવતાં શ્રીવલ્લભસુધામાં ક્રમશઃ પ્રસ્તુત થતા વાચકો ભગવદ્લીલાના યશોગાન કરવાનો લાભ જરૂર લેશે. —સંપાદક]

વાણીપતિ શ્રીવલ્લભપ્રભુને, વંદન કરીને વિનવું જી રે,
શ્રીકૃષ્ણ કથામૃત ગાવા માટે, વિમલ મતિ શુભ માગું જી રે....૧
શ્રીમદ્ભાગવત પુરાણ કેરા, દ્વાદશ સ્કન્ધ મધુરા જી રે,
રચ્યા પછી આ ગ્રંથ વ્યાસજી, લેખણ કાયમી મૂકતા જી રે....૨
ચારે વેદ પુરાણ અઢારે, મહાભારત પણ રચીયું જી રે,
શ્રીકૃષ્ણકથામૃત કહ્યું ભાગવતે, નથી હવે કંઈ લખવું જી રે....૩
શુકદેવજી આ પુનિત કથા તો, પરીક્ષિતરાયને કહેતા જી રે,

દશમ્ સ્કન્ધ છે 'નિરોધ' લીલા શ્રીકૃષ્ણતણાં ગુણ ગાતા જી રે...૪
ચાર પ્રકરણો તેમાં કહ્યા, પ્રથમ છે 'જન્મ'નું પ્રકરણ જી રે,
પ્રથમ અધ્યાયે કહ્યું તેમાં, શ્રીકૃષ્ણ જન્મનું કારણ જી રે....૫
ભૂતલ પર અવતરવા કૃષ્ણે, ઉદ્યમ બીજે કહ્યા જી રે,
દેવકીજીના પુત્ર સ્વરૂપે, 'અષ્ટમ' થઈ અવતરીયા જી રે....૬
કંસ તણા કારાગૃહ માંહે, પ્રભુ સ્વયં ત્યાં પ્રગટયા જી રે,
શ્રીહરિ આજ્ઞા મુજબ પ્રભુને, ગોકુળમાં પધરાવ્યા જી રે....૭
યોગમાયા ગોકુળથી લાવી, મથુરામાં પધરાવ્યાં જી રે,
કંસ મારવા ગયો કર થકી, આકાશે છટક્યાં જી રે....૮
ગોકુળમાં તો આનંદ ઉપજયો, નંદ–યશોદા ઘેરે જી રે,
લાખેણો લાલન અવતરિયો, ગોપ–ગોપી સૌ હરખે જી રે....૯
નંદ ઘેર આનંદ ભયો હૈ, બોલીને સહુ નાચે જી રે,
હાસ્ય મધુર ત્યાં કરે કૃષ્ણજી, શિવ–બ્રહ્માદિક મોહે જી રે....૧૦
છઠ્ઠીને દિન કંસ મોકલી, પૂતના રાક્ષસી આવે જી રે,
પૂતના કેરા પ્રાણ ચૂસી લે, લાલન દૂધની સાથે જી રે....૧૧
'છોડ છોડ મુજને' પોકારે પૂતના, પ્રભુ ન છોડે જી રે,
ગતિ દીધી છે માત સરિખી, પૂતનાને શ્રીકૃષ્ણે જી રે....૧૨
શકટાસુર સંહાર્યો પ્રભુએ, ગાડું ઉંધુ વાળે જી રે,
તૃણાવત રાક્ષસને માર્યો, વંટોળ થઈ જે આવે જી રે....૧૩
એક દિવસ મા યશુમતીએ, કૌતુક મોટું જોયું જી રે,
બગાસું ખાતા કૃષ્ણ મુખ મહીં, ત્રિલોક સઘળું નીરખ્યું જી રે....૧૪
વસુદેવજી ગર્ગાચાર્યને, ગોકુળમાં મોકલતાં જી રે,
ગુપ્ત રહીને નામકરણ ત્યાં, બંને લાલનું કરતા જી રે....૧૫
મોટા પુત્ર જે રોહિણીજીના, એ 'બલરામ' છે દાઉજી રે,
નાના પુત્ર યશોદાજીનાં, એ 'શ્રીકૃષ્ણ' પ્રભુ જી રે....૧૬
'માખણચોરી' લીલા કરે ત્યાં, ગોપ બાળ સંગાથે જી રે,
'માટીભક્ષણ' લીલા કરીને, મુખ બ્રહ્માંડ બતાવે જી રે....૧૭
યશોદાજીને સ્વરૂપ જ્ઞાન તો, કૃષ્ણપ્રભુજી દેતા જી રે,
ગોળી ફોડી માખણ ઢોળ્યું, રીસ યશોદા કરતાં જી રે....૧૮
લાલાને બંધનમાં મૂકવા, લાકડી લઈ માં દોડયા જી રે,
સુર મુનિ–જન જેને ના પામે, તે દોરડીને બંધાયા જી રે....૧૯
દામોદર લીલા પ્રભુની આ, યશુમતીનાં ભાગ્યે જી રે,
ઉખલબંધન થયું કૃષ્ણને, ઘૂંટણીયે પ્રભુ ચાલે જી રે...૨૦

—ક્રમશઃ

પુસ્તક પરિચય

૧. હરિરાય વાઙ્ મુક્તાવલી ભાગ–૧ : પ્રકાશક– શ્રીજયદેવ પ્રભુ ચેરીટેબલ ટ્રસ્ટ.
પ્રાપ્તિસ્થાન– શ્રીવલ્લભ મંદિર, ૨/બી, એવરેસ્ટ પાર્ક, ગોરધનવાડી, કાંકરીયા, અમદાવાદ. ૩૮૦૦૨૮
ન્યોછાવર–રૂ.૨૦૦/– પૂ.આચાર્યચરણ શ્રીહરિરાયજી રચિત આ વાઙ્–મુક્તાવલીમાં આપશ્રીએ પુષ્ટીમાર્ગ સ્વરૂપ નિર્ણયથી લઈને માર્ગીય કર્તવ્ય, સેવા, સમર્પણ આદી લઘુ ગ્રંથોની એક સુંદર મુક્તાવલી કરેલ છે. આ પહેલા ચાર આવૃત્તિ પ્રકાશિત થયેલ છે અને પાંચમી આવૃત્તિ પૂ.ગો. કન્હૈયાલાલજી (કામવન–વિરમગામ–અમદાવાદ)ની આજ્ઞાણી પ.ભ. ગો.વા. શ્રીરમેશભાઈ પરીખે સરલ ગુજરાતીમાં સુંદર અનુવાદ કરેલ છે અને ઉપરાંત ગ્રંથના અંતે ગ્રંથનો સાર પણ જણાવેલ છે. સત્સંગ મંડળો, પુસ્તકાલયો અને વૈષ્ણવોએ વસાવવા જેવું સુંદર પ્રકાશન છે.

૨. શ્રીસુબોધ રત્નાકર : પ્રકાશક– પ્રાપ્તિસ્થાન નં–૧ મુજબ. ન્યોછાવર જણાવેલ નથી.
શ્રીપુષ્ટીમાર્ગના પ્રવર્તક મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીએ શ્રીમદ્ ભાગવત ઉપર સુબોધિની નામની વ્યાખ્યા લખી છે. વૈષ્ણવોએ સુબોધિનીનું પઠન કરવું જોઈએ. શ્રીહરિરાય મહાપ્રભુ જણાવે છે કે 'ન ચ દષ્ટા સુબોધિની વૃથા તજ્જન્મ ભૂતલે' આથી વૈષ્ણવોનું આ કર્તવ્ય બને છે. શ્રીસુબોધિનીમાં રહેલા વાક્યો આ સુબોધ રત્નાકરમાં આપવામાં આવેલ છે. સંસ્કૃત વાક્યો સામે ગુજરાતીમાં ભાષાન્તર કરેલ છે. જેથી દરેક સમજી શકે. જોકે આ વાક્યોનું અર્થઘટન દુષ્કર છે. તેમ છતાં શ્રીપ્રભુચરણ શ્રીગુસાંઈજી જણાવે છે કે શ્રીવલ્લભપ્રભુની કૃપાળ સુબોધ થાય. આથી વૈષ્ણવોએ આ પુસ્તક પધરાવીને વાંચન કરવું જોઈએ.

૩. ષોડશ ગ્રંથ : પ્રકાશક–પ્રાપ્તિસ્થાન નં–૧ મુજબ. ન્યોછાવર રૂ.૫૦/–
આ ષોડશ ગ્રંથ ગો.વા. શ્રીમુલચંદભાઈ તેલીવાલા દ્વારા અનુદિતને પુનઃપ્રકાશન કરવામાં આવેલ છે. દરેક પુષ્ટીમાર્ગીય વૈષ્ણવોએ શ્રીવલ્લભ ધર્મ સાધના અને કર્તવ્યના સાચા સ્વરૂપને સમજવા માટે વ્યાખ્યા સહિત ષોડશ ગ્રંથનું વાંચન કરવું જોઈએ. આ પુસ્તકમાં દરેક ગ્રંથના દરેક શ્લોકનો અર્થ આપવામાં આવેલ છે અને ઉપરાંતમાં વિવરણ કરેલ છે. આથી ગ્રંથ સમજવાથી હૃદયારૂઢ થાય. તેમજ આ પુસ્તકમાં ષોંડશગ્રંથની સંગતિ પણ આપવામાં આવેલ છે. તેથી દરેક ગ્રંથ સમજવાથી વૈષ્ણવોનું કર્તવ્ય તેમજ ગ્રંથનું વાંચન કરવાથી દરેક ગ્રંથનું માહાત્મ્ય અને ફળ જાણી શકાય છે. દરેક વૈષ્ણવોએ આ ષોડશગ્રંથ પધરાવવો જોઈએ.

૪. સુબોધિની તામસ્ ફલ પ્રકરણ : પ્રકાશક–પ્રાપ્તિસ્થાન નં–૧ મુજબ. ન્યોછાવર સાધારણ સંસ્કરણ રૂ.૧૩૦/–
આ ગ્રંથમાં રાસ પંચાધ્યાયી–ફલ પ્રકરણ અધ્યાય–૧ (શ્રી.ભા.સ્કંધ ૧૦ અ. ૨૬)માં પ્રભુએ રમણ માટે ઈચ્છાનો ઉદ્‌ભવથી શરૂ કરીને શરદ ઋતુની પસંદગી, વનશોભા–વેણુનાદથી ગોપીઓનું નિકટ આવવું, તેમની તે સમયે દશાના વર્ણન, પ્રભુએ કરેલો આદર તેમજ પ્રશ્નાવલી સામે ગોપીઓની ચિંતા–આકુળતા અને ગોપીઓના પ્રત્યુત્તર–ગોપીઓની વિજ્ઞપ્તિ, ભગવાનનું રમણ અને અન્તર્ધાન થવું ત્યાં સુધી દરેક શ્લોકો સાથે અર્થ અને સાથોસાથ શ્રીસુબોધિનીજીની વ્યાખ્યા તેમજ વિવેચન આપેલ છે. આથી દુર્બોધવાણી પણ શ્રીવલ્લભકૃપાથી સુબોધ થાય. દરેક વૈષ્ણવોએ તેમજ સત્સંગ મંડળો અને પુસ્તકાલયોમાં વસાવવા જેવું શ્રેષ્ઠ પ્રકાશન છે.

૫. ગ્રંથ સ્તોત્ર તથા પદ સંગ્રહ : પ્રકાશક–પ્રાપ્તિસ્થાન નં–૧ મુજબ. ન્યોછાવર રૂ.૬૦/–
આ પુસ્તકમાં ષોડશ ગ્રંથ, સંસ્કૃત શ્લોક ગુજરાતી લીપીમાં આપવામાં આવેલ છે. તથા નિત્ય ઘરે, સત્સંગમાં ગવાતા ધોળ આપેલ છે. શ્રીયમુનાજીના ૪૧ પદો, ત્રિવિધનામાવલી, શ્રીપુરૂષોત્તમ નાંમસહસ્ત્ર, શ્રીવલ્લભાખ્યાન આદી પદ અને ધોળ સુંદર મોટા ટાઈપ અક્ષરોમાં પ્રકાશિત કરવામાં આવેલ છે. દરેક વૈષ્ણવોએ પધરાવવા જેવું સુંદર પ્રકાશન છે.

૬. ગોવિંદ ગીતિઃ પ્રકાશક–પ્રાપ્તિસ્થાન નં–૧ મુજબ. ન્યોછાવર રૂ.૨૫/– હિન્દી માધ્યમ.
આ ગોવિન્દ ગીતિના પ્રણેતા શ્રીગિરધારીલાલ શર્મા છે. જેનું હિન્દીમાં અનુવાદ શ્રીગદાધર ભટ્ટજીએ કરેલ છે. આ પુસ્તિકામાં શ્રીકૃષ્ણની બાળલીલા–પ્રૌઢ લીલાનું શ્લોક સાથે હિન્દીમાં સુંદર રીતે સમજાવેલ છે. આ પુસ્તિકાની પૂ.પા.ગો. શ્રીશ્યામમનોહરજી (મુંબઈ–પાર્લા–કિશનગઢ)એ ખૂબજ સરાહના કરી છે. જે વૈષ્ણવોને હિન્દીમાં રૂચિ તથા તે અંગેનું જ્ઞાન હોય તેને વસાવવા જેવી પુસ્તિકા છે.

૭. શિક્ષાપત્ર : પ્રકાશક–પ્રાપ્તિસ્થાન નં–૧ મુજબ. ન્યોછાવર રૂ.૨૨૦/– લેખક–શ્રીજેઠાલાલ ગો. શાહ
શ્રીમહાપ્રભુજી વિરચિત શિક્ષાપત્રથી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિચિત છે. શ્રીપુષ્ટીમાર્ગીય વૈષ્ણવો અને સત્સંગ મંડળો માટે આ પાયારૂપ છે. સત્સંગમાં આનું નિત્ય વાંચન, શ્રવણ થવું જોઈએ. સત્સંગ પ્રભુના ચરણરૂપ છે. આ પુસ્તકમાં દરેક સંસ્કૃત સાથે ગુજરાતીમાં શબ્દાર્થ માપવામાં આવેલ છે અને સાથોસાથ વિવેચન પણ કરવામાં આવેલ છે. આથી હૃદયારૂઢ થાય. સુંદર કાગળ ઉપર મોટા ટાઈપમાં સુંદર પ્રકાશન છે. જરૂર વસાવવા જેવું છે.

૮. કિર્તન માધુરી : સંપાદક– શ્રીરમેશચંદ્ર નાથાલાલ શાહ. પ્રકાશક–શ્રીપુષ્ટી પ્રકાશન કાંદીવલી (પ) મુંબઈ–૪૦૦૦૬૭. ન્યોછાવર રૂ.૧૦+૩ પોસ્ટેજ.
શ્રીપુષ્ટીમાર્ગીય પરિચય પુસ્તિકાનું આ પાંચમું પુષ્પ છે. અને આ પુસ્તિકાની આવૃતિ ચોથી આવૃતિ છે. આ પુસ્તિકામાં નિત્યક્રમના કીર્તન આપવામાં આવેલ છે ઉપરાંતમાં બાળ લીલાપદ પણ આપેલ છે. ગૃહસેવા કરતા વૈષ્ણવોએ આ પુસ્તિકા જરૂર વસાવવા જેવી છે. કીર્તનથી ઉભયપણે આનંદ થાય–નિત્ય ઉપયોગી પુસ્તિકામાં સંપાદક તથા પ્રકાશકનું ઘણું સાર પ્રદાન છે. જે અભીનંદનીય છે. ધન્યવાદ....

૯. સુબોધિનીજી ભાગ–૩ : સંપાદક–શ્રીરમેશચંદ્ર નાથાલાલ શાહ. પ્રકાશક–શ્રીપુષ્ટિ પ્રકાશન. પ્રાપ્તિસ્થાન– શ્રીપુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સેવા સમાજ. મર્સીવિલા, કાંદીવલી, મુંબઈ–૬૭.
આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૨૨૦+૧૦=૨૩૦ સેક્શન સિલાઈ. પાકું બાઈન્ડીંગ કાર્ડબોર્ડ ટાઈટલ ઉપર શ્રીમહાપ્રભુજીનુ મલ્ટીકલર ચિત્રજી. ન્યોછાવર રૂ.૫૦/– પોસ્ટેજ રૂ.૨૦/–

શ્રીમદ્ ભાગવતજીના દશમ સ્કન્ધ ઉપરની શ્રીમહાપ્રભુજી વિરચિત સુબોધિનીજી ટીકાની પ્રકાશન યોજના. આ ત્રીજો ભાગ છે. જેમાં તામસ પ્રકરણ–પેટા તામસ પ્રમાણ પ્રકરણ અ.૬–૭, પ્રક્ષિપ્ત અધ્યાય ૧,૨,૩ અને તામસ પ્રકરણ–પેટા તામસ પ્રમેય પ્રકરણ અ.૧ મળી મૂળ અધ્યાય ૧૦ થી ૧૫ (૬) મૂળશ્લોક, એનો ગુજરાતી અનુવાદ, સુબોધિનીજીની મૂળ સંસ્કૃત કારિકાઓ અનુવાદ સાથે અને ગદ્ય ટીકાનો ગુજરાતી અનુવાદ–સંક્ષિપ્ત વિવરણ સાથે પ્રસ્તુત કરવામાં આવેલ છે.

શ્રીમદ્ભાગવત ઉપર ઘણી ટીકાઓ ઉપલબ્ધ છે. તેમાં સુબોધિનીજીનું પુષ્ટિસાહિત્યમાં અનેરૂં સ્થાન છે. આવું અલભ્ય–અમૂલ્ય–અમર સાહિત્ય પુષ્ટિ પ્રેમીઓને સુલભ બનાવવા સંપાદકશ્રીએ સુંદર સફળ પ્રયાસ કરેલ છે તેના દરેક ભાગ પ્રગટ થતાં જાય તે પ્રમાણે વૈષ્ણવ સમાજે અચૂક વસાવતા જવું જોઈએ. જે વૈષ્ણવો આ પ્રકાશનનો નિયમીત લાભ મળતો રહે તે માટે પોતાના નામ–સરનામા ત્યાં લખી મોકલવાનું જરૂરી છે. જેથી ક્રમશઃ ભાગ વસાવવા જવાથી આખો સેટ વસાવી શકાશે.

૧૦. શ્રીમદ્ ભાગવત– સિંહાવલોકન (ગુજરાતી) : પ્રદર્શક–પ.ભ.શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજી. પ્રકાશક–વિદ્યાનિધિ ટ્રસ્ટ. મોટી પોળ, મોદી સાંથ, નડીઆદ. ૩૮૭૦૦૧.
૩૨ ક્રાઉન સાઈઝ (પોકેટ સાઈઝ) પૃષ્ઠ ૨૧૬ ઓફસેટ પ્રિન્ટીંગ, સેક્સન સિલાઈ, શ્રીનાથજીના બહુરંગી ચિત્રજીવાળું ટાઈટલ. ન્યોછાવર રૂ.૨૦/–

૧૧. શ્રીમદ્ ભાગવત– સિંહાવલોકન (હિન્દી) : પ્રદર્શક–પ્રકાશક ઉપર મુજબ. ભાષાંતર ડૉ. અનુરાગ પ્રફુલ્લકુમાર ગુમાસ્તા. ૩૨ ક્રાઉન સાઈઝ (પોકેટ સાઈઝ) પૃષ્ઠ ૧૯૮. અન્ય વિગત ઉપર મુજબ.

૧૨. શ્રીમદ્ ભાગવત– સિંહાવલોકન (અંગ્રેજી) : પ્રદર્શક–પ્રકાશક–ભાષાંતર ઉપર ક્રમ મુજબ. ૩૨ ક્રાઉન સાઈઝ (પોકેટ સાઈઝ) પૃષ્ટ ૨૩૨. અન્ય વિગત ઉપર મુજબ.

પુષ્ટિ સાહિત્યના હસ્ત લેખક દ્વારા આ નાનકડી સુંદર પુસ્તિકામાં ગાગરમાં સાગર સમાવવાનો સરળ પ્રયાસ થયો છે. સરળ ગુજરાતી; હિન્દી અને અંગ્રેજીમાં પ્રકાશિત થયેલ આ ત્રણ પુસ્તિકામાં નામ પ્રમાણે શ્રીમદ્ ભાગવતનું અવલોકન સ્વલ્પ અને આવશ્યકતા પૂર્વકનું જ છે.

શ્રીમદ્ ભાગવત એટલે ભગવાનના પોતાના રહસ્યનું પરમ જ્ઞાન જેમાં ભગવાનનો મહિમા સ્પષ્ટ દર્શાવેલો છે. દુનિયામાં રહેનાર સૌ શ્રદ્ધાળુને પણ તે જીવનનો સન્માર્ગ દર્શાવે છે. તે સફળતાનો રાજમાર્ગ છે.

આ રહસ્ય યુવાવર્ગને સંક્ષિપ્તમાં સમજાવવાનો અને મૂળ ગ્રંથો તરફ આકર્ષય તે માટેનો પ્રયત્ન છે.

શ્રીમદ્ ભાગવતના માહાત્મ્ય, તેના દરેક સ્કંધનું સંક્ષિપ્ત શાસ્ત્રોક્ત વિવરણ છે. સાથે સાથે સપ્તાહ કરનાર તથા કરાવનારને સુંદર સચોટ માર્ગદર્શન પણ આપવામાં આવેલ છે.

યુવાવર્ગ, પુષ્ટિસાહિત્યના પ્રેમી દરેક પરિવારે વાંચવા, વસાવવા યોગ્ય પુસ્તિકાઓ.

સમાચાર

☐ **શ્રીવલ્લભ વિદ્યાપીઠ વડોદરા ની યાદી :** મે ૨૦૦૦ શ્રીવલ્લભ વિદ્યાપીઠ પાંચમા વર્ષમાં પ્રવેશ કરે છે. છેલ્લા ચાર વર્ષમાં પ્રથમ વર્ષથી માંડી ચોથા વર્ષ પર્યન્ત આશરે ૧૦,૦૦૦ની સંખ્યામાં અબાલ, વૃદ્ધ, દેશ, પરદેશના અભ્યાસાર્થીઓએ આ વિદ્યાપીઠનો લાભ લીધો છે. અને સાંપ્રદાયિક જ્ઞાન વિશે જાણકારી મેળવી, સંપ્રદાય માટે જાગૃતતા લાવી છે. આ જ્ઞાનવર્ધક પત્રાચાર અભ્યાસક્રમથી પુષ્ટીસાહિત્યની જાણકારી મેળવવા ઉત્કંઠા વધી છે. આ અભ્યાસક્રમમાં વધુને વધુ ભાઈ/બહેનનો દેશ પરદેશથી જોડાવા ઉત્સુક બન્યા છે.

આ પત્રાચાર અભ્યાસક્રમ દ્વારા પરીક્ષાર્થી વૈષ્ણવોને પ્રત્યેક મહીને એક અભ્યાસપુસ્તિકા મોકલવામાં આવે છે જે ઘેર બેઠા વાંચી, શીખી, સમજી, પુસ્તકના અંતે આપેલ ૨૫ ગુણના વસ્તુલક્ષી પ્રશ્નપત્રના ઉત્તરો લખી વિદ્યાપીઠની ઓફિસે મોકલવાના હોય છે. આ પ્રશ્નપત્રના ઉત્તરો પુસ્તકની મદદ વગર, પુસ્તકનો સર્વગ્રાહી અભ્યાસ કરી, વિચારી સમજી અને પ્રભુને સાક્ષીમાં રાખી આપવાના હોય છે. વર્ષના અંતે 'વાર્ષિક પ્રશ્નપત્ર' ૧૦૦ ગુણનું મોકલવામાં આવશે. અભ્યાસ પદ્ધતિ સરળ છ જે એક મહિને માત્ર બે કલાકનો સમય માગી લે છે. વર્ષના અંતે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈ બહેનોને ઘેર બેઠા પરીક્ષાનું રીઝલ્ટ(પેપર પ્રમાણે) મોકલવામાં આવે છે. અને પ્રમાણપત્ર પણ આપવામાં આવે છે. દરેક વર્ષમાં પ્રથમ ૩ આવતા વિદ્યાર્થીઓને મેડલ પણ આપવામાં આવે છે.

મે ૨૦૦૦થી વિદ્યાપીઠનું નવું શૈક્ષણિક વર્ષ શરૂ થશે. પ્રથમ વર્ષના અભ્યાસક્રમ માટે વાર્ષિક રૂ.૧૫૦/– ફી રાખી છે. જે રકમ ડ્રાફટ/ એમ.ઓ. (શ્રીવલ્લભ વિદ્યાપીઠ નામ જોગ) દ્વારા અથવા રૂબરૂ નીચેના સરનામે મોકલવાના રહેશે. પત્રાચાર અભ્યાસ ક્રમમાં જોડાવા માટે પ્રવેશપત્ર સ્વીકારવાનું ચાલુ થઈ ગયેલ છે. અને વહેલા તે પહેલા ધોરણે

ફોર્મ સ્વીકારવામાં આવશે.

સરનામું : શ્રીવલ્લભ વિદ્યાપીઠ શ્રીબેઠક મંદિર, કેવડાબાગ, મદન ઝાંપા રોડ, વડોદરા.૩૯૦૦૦૧. ફોન–(૦૨૬૫) ૪૩૫૫૪૩.

☐ **મદ્રાસ :** મદ્રાસ મધ્યે ઉજવાયેલ શ્રીવિઠ્ઠલેશચરણનો પ્રાદુર્ભાવ મહોત્સવ : આચાર્ય શ્રીમદ્ વિઠ્ઠલેશ્વર પ્રભુચરણ ગુસાંઈજીનો ૪૮૫ મો પ્રાદુર્ભાવ મહોત્સવ શ્રીશુદ્ધાદ્વૈત વૈષ્ણવ મહાસભા, યુવક મંડળ, શ્રીવલ્લભ સ્ત્રીમંડળ તથા વૈષ્ણવ સમાજ અને સાતસ્વરૂપ હવેલી ટ્રસ્ટના નેજા હેઠળ બહુંજ ધામધૂમથી સંવત ૨૦૫૬ માગસર વદી ૯ ને શુક્રવાર તા.૩૧–૧૨–૯૯ ના રોજ અંત્રે મદ્રાસ શહેરમાં ઉજવાયેલ.

પ્રથમ શ્રીવલ્લભ સ્ત્રીમંડળ દ્વારા સર્વોત્તમ સ્તોત્રનો પાઠ થયેલ. ત્યારબાદ શોભાયાત્રા જેમાં શ્રીપ્રભુચરણના ચિત્રજીને સુખપાલમાં પધરાવી બેન્ડવાજા સહીત શહેરના મુખ્યમાર્ગોથી પસાર થઈ શ્રીવલ્લભનીકેતનમાં સભારૂપે સાકાર પામેલ. શોભાયાત્રામાં ખાસ શ્રીવલ્લભ બેન્ડની શોભા નાના વિદ્યાર્થીઓ વાજીંત્ર સહિત શોભારૂપ હતા.

શ્રીગુસાંઈજીના જીવન ચરિત્ર ઉપર પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ રાખેલ. જેમાં ૩ ટીમ શ્રીવલ્લભટીમ, શ્રીવિઠ્ઠલ ટીમ અને શ્રીહરસાનીજી ટીમ. પ્રશ્નોત્તરી બહુજ જ્ઞાનદાયક તેમજ આનંદદાયક શ્રીરમેશભાઈના માર્ગદર્શન હેઠળ યોજાયેલ. વિજેતા ટીમ તથા સ્પર્ધાની દરેક ટીમને ધાર્મીક પુસ્તક આપી સન્માન કરેલ. અંતમાં આશ્રયના પદ સાથે સભા પૂર્ણ થયેલ અને દરેક વૈષ્ણવોને પ્રસાદ વાંટેલ.

☐ **જામનગર :** નિ.લી.પ.પૂ.ગો.શ્રીવૃજભૂષણલાલજી મહારાજશ્રીનો ઉજવાયેલ પ્રાગટય મહોત્સવ: પૂ.પા.ગો. શ્રીહરિરાયજી મહારાજશ્રીની અધ્યક્ષતા નીચે જામનગર વૈષ્ણવ સમાજ તથા મોટી હવેલી ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે પ્રાગટય મહોત્સવ ઉજવવામાં આવેલ. આ પ્રસંગે 'માર્ગીય પ્રશ્નોત્તરી' ઓડીઓ કેસેટ લોકાર્પણ કરેલ અને આપશ્રીએ પ્રશ્નોના ખુલાસા સુદર અને સરલ રીતે સમજાવ્યા હતા.

શ્રીવૃજભૂષણલાલજી મહારાજશ્રીના જીવનના વિવિધ પ્રસંગો પૂ.પા.બાવાશ્રી મહારાજશ્રી તેમજ વૈષ્ણવોએ વર્ણવેલ હતા. આપશ્રીના માર્ગદર્શન અને વૈષ્ણવોના તન–મનની સેવાથી પ્રસંગ સંપન્ન થયો.

☐ **મથુરા :** શ્રીઉજાગર બડે ચૌબાજી ચેરીટેબલ ટ્રસ્ટ, મથુરા દ્વારા શ્રીવલ્લભ વિદ્યાપીઠ, ગુરૂકુલ, મહિલા આશ્રય સદન, વૃદ્ધાશ્રમ, અનાથાલય, ચિકિત્સાલય ગૌશાળા વિગેરે કાર્યો શરૂ કરવામાં આવનાર છે. આથી આ સેવા કાર્યોમાં તન, મન અને ધનથી યોગદાન કરવા અપીલ કરવામાં આવેલ છે. ચેક/ડ્રાફટ ટ્રસ્ટના નામથી ભારતીય સ્ટેટ બેન્ક ગોવિંદગંજ મથુરા ખાતા નં.૨૮૮૮ જણાવેલ છે.

☐ **વડોદરા :** આં.રા.પુ. વૈ. પરિષદ પુષ્ટિમાર્ગના પ્રચાર–પ્રસારની સાથોસાથ વિવિધ પ્રવૃતિ પણ કરી રહી છે.

(૧) શ્રીયમુનાજીમાં જલ કચરા દ્વારા જે પ્રદુષણ થઈ રહેલ છે તે દૂર કરવા જે અભિયાન ચલાવી રહેલ છે તે માટે કેન્દ્રીય અને પ્રાંતીય સરકારો સમક્ષ રજુઆત થઈ રહી છે તે સમયે સર્વોચ્ચ અદાલત દ્વારા ઔદ્યોગિક કચરો ઠાલવવા પર પ્રતિબંધ મૂક્યો છે ત્યારે પરિષદ આનો કડક અમલીકરણ માટે અનુરોધ જે તે સરકારને કરેલ છે.

(૨) શ્રીવલ્લભ વકતૃત્વ સ્પર્ધા : પરિષદે પ્રતિવર્ષ મુજબ આ વર્ષે પણ શ્રીવલ્લભ પ્રાગટય મહોત્સવ નિમિત્તે સ્પર્ધાનું આયોજન કરેલ છે. સ્થાનિક કક્ષાએ પણ વયજૂથ પ્રમાણે સ્પર્ધાનું આયોજન કરી વિજેતા સ્પર્ધકના નામ–સરનામા તા.૨૦–૫–૨૦૦૦ સુધીમાં મોકલી આપવા જણાવેલ છે. સંપૂર્ણ અને વિશેષ માહિતી માટે સંપર્ક નીચેના સરનામે કરવો.

શ્રી સી. પી. તલાટી, સંયોજક શ્રીવલ્લભ વકતૃત્વ સ્પર્ધા ૮/બી, ગાયત્રી સોસાયટી, કંજરી રોડ, હાલોલ, (પંચમહાલ) ૩૮૯૩૫૦

(૩) પરિષદની ભક્તિવર્ધીની ગાડીને અકસ્માત : પરિષદના અગ્રણીઓ સુરત મુકામે 'ભક્તિવર્ધીની' દ્વારા પૂ.પા.ગો.

આચાર્યશ્રીને ત્યાં લગ્નપ્રસ્તાવમાં જઈ રહ્યા હતા ત્યારે અકસ્માત થયેલ. પ્રભુકૃપાથી સૌ બચી ગયા હતા. ગાડીને ભારે નુકસાન થયેલ. માંચના સરપંચ શ્રીયાકુબભાઈએ તથા ડૉ.શ્રીદુર્ગેશભાઈ પટેલ વિગેરેએ સારી સેવા આપેલ હતી.

(૪) ગૌવંશ હત્યા બંધી અંગે સરકારશ્રીનો નિર્ણય : ગુજરાત સરકારે ગૌવંશ હત્યા બંધી માટે જે ગંભીરતાથી નિર્ણય લીધેલ છે તેને પરિષદે આવકારેલ છે અને તેના કડક અમલીકરણ માટે આગ્રહ રાખેલ છે. આવા પાવન કાર્યમાં સહકાર આપવા પરિષદે અપીલ કરેલ છે.

(૫) પરિષદનું ડેલીગેશન : પુષ્ટિમાર્ગે સંપ્રદાયના પ્રણેતા અને માત્ર વૈષ્ણવ સૃષ્ટિ જ નહીં પરંતુ સમગ્ર માનવસૃષ્ટિ માટે પ્રેરણારૂપ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પ્રાગટય દિનની રજા જાહેર કરવા માટે ગુજરાત રાજયના મા. રાજ્યપાલ તથા મા. મુખ્યમંત્રીશ્રીને પરિષદ ડેલીગેશન મળનાર છે અને વૈષ્ણવ સૃષ્ટિની સાચી અને ન્યાયી માંગણી રજૂ કરનાર છે.

(૬) મહેસાણા મ્યુ.પ્રમુખશ્રીનું સન્માન તથા પરિષદ સત્સંગ સભા : મહિલા વૈષ્ણવ શ્રીમતિ મનીષાબેન કે. વ્યાસ મ્યુ.પ્રમુખ તરીકે ચુંટાયેલા જાહેર થતાં પરિષદની મહેસાણા શાખાએ તેમને સન્માનવાની સાથે સત્સંગ સભાનું આયોજન કરેલ અને આ સમયે શ્રીમદ્ ભાગવદ્ પ્રવકતા શ્રીનવનીતપ્રીય શાસ્ત્રી પરિષદના સંગઠન મંત્રી શ્રીચીમનભાઈ શેઠ વિગેરે અગ્રણીઓ હાજર રહીને અભિનંદન પાઠવ્યા હતા અને શુભેચ્છા વ્યક્ત કરેલ. વર્તમાન કાલમાં શ્રીમદ્ ભાગવતનું વાંચન–મનન, પ્રભુનામ સ્મરણ, શ્રીમદ્ વલ્લભાચાર્યના સિદ્ધાંતોની વિસ્તૃત સમીક્ષા ખૂબજ સરલ ભાષામાં શ્રીનવનીતપ્રીય શાસ્ત્રીજીએ સમજાવી હતી. સંગઠનમંત્રીશ્રીએ પરિષદનો ઈતિહાસ અને પરિષદની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપેલ હતી. અંતમાં સ્થાનીક કાર્યકરોએ પ્રવકતાનું સન્માન કર્યુ હતું.

□ **આં.પુ.વૈ.પરિષદ રાજપીપળા શાખા :** સંસ્થાએ શ્રીગુસાંઈજીના પ્રાગટય મહોત્સવનું સુંદર આયોજન કરેલ. સવારે પ્રભાત ફેરી, સાંજે શોભાયાત્રા, તેમજ વકતૃત્વ સ્પર્ધા, કીર્તન સ્પર્ધા તથા પ્રશ્નોતરીનું પણ આયોજન કરેલ હતું.

પૂ.પા.ગો.શ્રીવૃજેશકુમાર મહારાજશ્રી કાંકરોલીના ષષ્ઠીપૂર્તી મહોત્સવના અંતીમ ચરણે આપશ્રીની આજ્ઞા અનુસાર અત્રેના શ્રીનાથજીના મંદિરમાં નંદમહોત્સવનું સુંદર આયોજન સ્થાનીક વૈષ્ણવોએ કરેલ હતું. અને અલૌકિક આનંદ માણ્યો હતો. તેમજ સર્વે વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવેલ હતો.

□ **રાજકોટમાં અનેરો આનંદ મહોત્સવ ઉજવાયો :** સપ્તમ પીઠાધીશ્વર ગો.શ્રીઘનશ્યામલાલજી મહારાજશ્રીનાં તૃતીય લાલજી ગો.શ્રીકલ્યાણરાયજી મહોદયશ્રીના જયેષ્ટ લાલજી ગો.ચિ.અનિરૂદ્ધલાલજી તથા દ્વિતીય લાલજી ગો.ચિ.ઉપેન્દ્રજીનો યજ્ઞોપવિત પ્રસ્તાવ દિનાંક ૭–૨–૨૦૦૦ ના દિને સંપન્ન થયો. ગો.બાલકોના યજ્ઞોપવિત સાથે ૧૦૮ વૈષ્ણવ બાળકોને પણ પુષ્ટિપર્વ મહોત્સવ સમિતિ દ્વારા યજ્ઞોપવિત ધારણ કરાવવામાં આવેલ. દરેક વૈષ્ણવ બાળકો માટે જુદા–જુદા મંડપ, શાસ્ત્રી, પુજાપો, વસ્ત્ર, પ્રસાદ વ્યવસ્થા, દક્ષિણા....વિગેરેની વ્યવસ્થા સમિતિ દ્વારા ગોઠવવામાં આવેલ.

યજ્ઞોપવિત પ્રસ્તાવને અનુલક્ષી સપ્તમ પીઠાધીશ્વર ગો.શ્રીઘનશ્યામલાલજી મહારાજશ્રીના અનુગ્રહથી સપ્તમનિધિ સ્વરૂપ 'શ્રીમદનમોહન પ્રભુ'ને કામવનથી રાજકોટ પધરાવવામાં આવ્યા. દિનાંક ૧–૨–૨૦૦૦ થી ૧૧–૨–૨૦૦૦ દરમ્યાન 'શ્રી'ના વિવિધ મનોરથ દર્શન મોતીના બંગલા મનોરથ– કુનવારા મનોરથ– વિવાહખેલ મનોરથ– છપ્પનભોગ– કેસર મેવાના બંગલા– સુકામેવાની સાંજી– સુકામેવાના પલના– ફુલફાગ મનોરથ– વિગેરે મનોરથ શાસ્ત્રી મેદાનમાં ૧૫૦૦૦ મીટરના વિશાળ સમીયાણામાં બાગ–બગીચા સાથેની નયનરમ્ય સજાવટ સાથે નિત્ય લાખેક વૈષ્ણવોએ દર્શનનો લાભ પ્રાપ્ત કરવા સાથે દિનાંક ૫–૨–૨૦૦૦ના દિને 'છપ્પનભોગ' મનોરથનાં દર્શનનો આનંદ પાંચ લાખથી વધુ વૈષ્ણવોએ શાંતિપૂર્વક માણ્યો હતો. તેમજ દિનાંક ૨–૨–૨૦૦૦ થી ૬–૨–૨૦૦૦ દરમ્યાન 'શ્રીનાથજીનાં ધ્વજાજી' પણ પધારેલ અને સમીયાણામાં આરોહણ કરાએલ જેનો નિત્યક્રમ મુજબનાં દર્શનનો લાભ વૈષ્ણવોને પ્રાપ્ત થયેલ.

ઉક્ત મનોરથોનાં દર્શનનો લાભ-રાજકોટનાં વૈષ્ણવો ઉપરાંત સૌરાષ્ટ્ર– ગુજરાત– ભારતના અન્ય રાજ્યો તેમજ લંડન તથા દુબઈનાં વૈષ્ણવોએ પ્રાપ્ત કરેલ. બહારગામથી પધારેલ વૈષ્ણવો માટે દિનાંક ૧–૨–૨૦૦૦ થી ૧૧–૨–૨૦૦૦ સુધીની પ્રસાદ લેવાની વ્યવસ્થા તથા ઉતારા માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ.

વિશેષમાં રાત્રી કાર્યક્રમોમાં ‘કીર્તન સંમેલન’ તથા ‘શાસ્ત્રીય સંગીત સમારોહ’નું પાંચ દિવસનું આયોજન કરવામાં આવેલ જેમાં ભારતના પ્રખ્યાત પુષ્ટિમાર્ગીય કિર્તનકારો સાથે સંગીત સમ્રાટ પૂ.ગો.શ્રીરસીકરાયજી મહારાજનું હાર્મોનીયમ વાદન–પ્રખ્યાત તબલાવાદક કુમારલાલજીનું તબલાવાદન– શ્રીમતિ કંકણા બેનરજી શાસ્ત્રીય સંગીત–પ્રસિદ્ધ સંગીતજ્ઞ પંડિત જસરાજજીનો સંગીત કાર્યક્રમ સાથે પૂજ્ય ગોસ્વામી બાલકોએ પણ કીર્તન સંમેલન તથા સંગીત સમારોહ ભાગ લીધેલ અને સંગીત રસીકોને પુષ્ટિમાર્ગીય સંગીતનો અનેરો આનંદ પ્રાપ્ત કરાવેલ.

તેમજ સપ્તમ પીઠાધીશ્વર ગો.શ્રીઘનશ્યામલાલજી મહારાજ દ્વારા પ્રકાશીત તેમજ પ્રોફેસર ગોપેશ શરણજી સંપાદિત ષોડશ ગ્રંથોનું અંગ્રેજી ભાષાંતરના ગ્રંથોનાં સેટનું વિમોચન તૃતીય પીઠાધીશ્વર ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજનાં વરદ્ હસ્તે કરવામાં આવેલ.

○ આ પુષ્ટીપર્વમાં ઉપસ્થીત રહેલ ગોસ્વામી બાલકો ○

ગો.શ્રીરાકેશકુમારજી (શ્રીનાથદ્વારા)–શ્રીપ્રથમેશજી લાલમણીજી– દ્વિતીયેશ શ્રીકલ્યાણરાયજી– તૃતીયેશ ગો.શ્રીવ્રજેશકુમારજી– પંચમેશ ગો.શ્રીવલ્લભલાલજી (કામવન)– શ્રીદ્વારકેશબાવા– શ્રીશ્યામમનોહરજી–શ્રીકલ્યાણરાયજી, શ્રીવલ્લભરાયજી, ચિ.અનુરાગબાવા, શ્રીદ્વારકેશબાવા (સૂરત) –સપ્તમેશ ગો.શ્રીઘનશ્યામલાલજી, શ્રીરઘુનાથલાલજી, શ્રીકૃષ્ણકુમારજી, શ્રીબ્રીજેશકુમારજી, શ્રીગોપાલલાલજી, શ્રીકલ્યાણરાયજી, ચિ.હરીરાયજી (કામવન)– ગો.શ્રીવૃજજીવનજી, શ્રીદ્વારકેશબાવા, શ્રીપુરૂષોત્તમલાલજી– ગો.શ્રીનવનીતલાલજી, શ્રીમિલનબાવા(ભાવનગર)– ચિ.ચિંટુબાવા–છોટુબાવા, ગો.શ્રીવૃજરમણલાલજી, ચિ.કનૈયાબાવા, ચિ.યદુનાથબાવા(મથુરા)–ગો.શ્રીપ્રશાંતકુમારજી, શ્રીશ્યામમનોહરજી (મુંબઈ–બોરીવલી)–શ્રીપ્રમોદબાવા–શ્રીદ્રુમીલકુમારજી– ગો.શ્રીત્રિલોકીભૂષણજી– ગો.શ્રીઋષીકેશબાવા– શ્રીરવિબાવા(કાંકરોલી) શ્રીનિરજકુમારના લાલજી– ચિ. અજયબાવા (પૂના)–ગો.શ્રીવૃજનાથલાલજી (અમદાવાદ)–શ્રીવૃજેશકુમારજી, શ્રીરાજેશકુમારજી, શ્રીવિજયકુમારજી, શ્રીવલ્લભલાલજી, શ્રીવિશાલબાવા, શ્રીયદુનાથજી (કડી–કોટા–અમદાવાદ) ગો.શ્રીહરીરાયજી, ગો.શ્રીરસીકરાયજી, શ્રીકનેયાલાલજી, શ્રીચંદુબાવા, શ્રીશરદકુમારજી (પોરબંદર), ગો.શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીહરિરાયજી, શ્રીબાલકૃષ્ણજી, શ્રીનવનીતલાલજી, શ્રીરસીકરાયજી, શ્રીશરદબાવા, શ્રીમુગટબાવા, શ્રીઉત્સવબાવા, શ્રીવલ્લભલાલજી (જામનગર–ચાંપાસેની), શ્રીગોકુલેશજી (જુનાગઢ)-- શ્રીવલ્લભલાલજી, શ્રીરાજેશકુમારજી, શ્રીગોવીંદરાયજી, શ્રીગોપીકાલંકારજી, શ્રીપુરૂષોત્તમલાલજી, શ્રીપ્રણવબાવા, શ્રીરવિન્દ્રકુમારજી (રાજકોટ) તથા શ્રીવહુજીઓ, બેટીજીઓનાં વિશાળ સમુદાયનાં દર્શન પ્રાપ્ત થતા હતા.

રાજકોટ તથા ગ્રામ્ય વિસ્તારનાં વૈષ્ણવ કાર્યકરોએ મહોત્સવ દરમ્યાન સુંદર સેવા આપેલ.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ૫૦૧/– ગો.વા. દેવકોરબેન મુળજીભાઈ દાવડા મુંબઈના જય શ્રીકૃષ્ણ.
૨. ૫૦૧/– ગો.વા.અ.સૌ વજીબેન શંભુભાઈ લાખાણી અમદાવાદના ભગવત્સ્મરણ.
હસ્તે વી. એસ.લાખાણી, ડોમ્બીવલી

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્ગારો

૭૯. ભગવદ્વાર્તા સાથે એક રસ.

પરીક્ષિત રાજા શ્રીશુકદેવજીના મુખથી ભગવાનનાં ચરિત્ર સાંભળે છે, પણ ધરાતા નથી, પાંચ ઉપવાસ થયા છે, પણ પ્રભુનાં ચરિત્ર સાંભળવાથી કશી ખબર જ પડતી નથી. વિષયમાં ચિત્ત ઘાલે છે, તથા વિષયની ચર્ચા, વિષયની વાત, વિષયનું મનન તથા વિષય કરવો, વળી વિષય કરવા છતાં ચિત્ત વિષયમાંથી નીકળે નહીં, તે નરકમાં પડે છે. જેને જાતિ પર સ્નેહ છે, તે નરકમાં જાય, તેમાં સંદેહ નહીં, પણ આ પરીક્ષિત રાજાને તો ઉત્તમમાં ઉત્તમ ભગવાનનાં ચરિત્રમાં મન લાગી રહ્યું છે, જેને ગર્ભમાં પ્રભુએ સુદર્શન ચક્ર રાખીને રક્ષા કરી છે. તે ભગવદીય ભગવાનના કરેલા છે, તેમને ભગવાનની કથા ગમે છે, એક પલક ભગવાનની કથા વિના જાય છે, ત્યારે જુગ જાય છે, એવું લાગે છે. એવા પ્રભુની કથાના લોભી છે. જેવો વિષયી વિષયમાં લોભી હોય છે, તે કરતાં કરોડગણી ભગવાનની કથાના લોભી હોય છે. આટલી આટલી કથા વાર્તા સાંભળે છે, પણ મનમાં એમ જાણે છે કે, મેં કશી વાત પ્રભુની સાંભળી નથી, એક ઘડી કથા વિના જાય તે જુગ જાય છે. ભૂખને તરસની પણ ખબર પડે નહીં.

જુઓ, શ્રીઆચાર્યજી મહાપ્રભુજી શ્રીસુબોધિનીજી કહીને પોથી બાંધીને કહે છે કે, દમલા ભગવદ્વાર્તા કર્યા ઘણીવાર થઈ. વાર્તા તો એની એ હોય, શ્રીસુબોધિનીજીથી બીજી મોટી વાત શી છે? પણ પ્રભુની વાર્તા એવી મોટી જાણે છે, તેથી કહે છે કે, ભગવદ્ વાર્તા કર્યા બડીબેર થઈ, એવા લોભી છે. પછી પ્રભુની વાર્તા કરવા માંડે છે, પણ શ્રોતા ઉભા કરીને કથા કહે છે, ત્યારે પેલા શ્રોતા ઉંઘે છે, ત્યારે વાર્તા પ્રવેશ કરે નહીં.

આ પરીક્ષિત રાજા તો મન પ્રાણ વગેરે એકાદશ ઈન્દ્રિયો સાથે ઠેકાણે રાખીને મનમાં એમ જાણે છે કે, પ્રભુની વાત નવી આવશે, આથી વાર્તાના ભૂખ્યાને ભૂખ્યા છે, જરાપણ તૃપ્ત થતા નથી. મહા મોટા ભગવદીય શુકદેવજી કહે છે, ને પરીક્ષિત સાંભળે છે.

ભગવાનને ભૂખ લાગી, ત્યારે સખાઓને કહે છે, કે ભાઈઓ, આ શ્રીવૃંદાવનને પુલિન સારૂં છે. આ રેતીમાં કાંકરો નથી, પુલિનગુંજ રમણિક છે. જળનાં સરોવર ટંકોટંક (છલોછલ) ભરેલાં છે. માંહે કમળ ખીલી રહ્યા છે. આગળ પાછળ કમળનાં પત્ર આવી રહ્યાં છે. ત્યાં પોતે તે સખા સર્વે મંડળી ભરીને બેઠાં છે. પોતે વચમાં બેઠાં છે. પોતાની પછવાડે એક યૂથ બેઠું છે, વળી તેની પછવાડે યૂથ બેઠું છે, એમ યૂથનો પાર નથી. કરોડો ગ્વાલ મંડળી બેઠી છે, પણ કોઈને પ્રભુની પુંઠ પડે નહીં. એવી પ્રભુની પ્રભુતા. પુંઠ પડે તો પ્રભુને ગમે કે કેમ?

પછી સર્વનાં સીકાં છોડીને આરોગવા બેઠા. હવે જેનાં સીકાંમાં ખાંડ થોડી આવે અને સારી વસ્તુ ન હોય તે લજ્જા પામે. માટે વૈષ્ણવે સામગ્રી કરવી તે સારી કરવી. સારી ના થાય, તો શ્રીઠાકોરજી ખસિયાણા થાય. સર્વ ઉત્સવે ને નિત્ય પ્રભુ અને સર્વ વ્રજ ભક્તો એકઠા થાય છે.

મરજાદીએ ખરા ને બીજા ભક્તો પણ ખરા. તો વૈષ્ણવે સારી સામગ્રી કરીને પ્રભુને પ્રસન્ન કર્યા હોય તો પ્રભુ પ્રસન્ન થાય. નાના પ્રકારની સર્વ સામગ્રીઓ કરવી. પણ થોડી કરીને બધીઓ આવી ગઈ એમ ન માનવું. એવું પ્રભુને ગમતું નથી. સર્વ સામગ્રી નાના પ્રકારની કરીએ, તો પ્રભુ પ્રસન્ન થાય. ૭૯

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-04-2000.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO. L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.આ.નં.૧૫૮
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન. ☐☐☐☐☐☐

સતસૈયા

૨. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

લલિત ત્રિભંગી છેલ–છબિ,
નટવર નંદકિશોર ।
શ્રીરાધા સહ મો હૃદે બસોં,
ચિત્તકોં ચોર (૨૧)

ટીકા :

કવિજન પોતાના હૃદયની આસક્તિના સ્વરૂપનું વર્ણન કરે છે કે અતિ સુંદર ને ત્રિભંગી, વરણાગીયા, નટવર– ફૂટડા–ફૂટડી છબિવાળા, નંદના બાલક કિશોરવસ્થામાં, તે શ્રીરાધિકાજી સહ મારા હૃદયમાં બિરાજો– મારા ચિત્તને ચોરીને.(૨૧)

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **'શ્રી વલ્લભસુધા'**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. ફોનઃ ૩૬૨૧૩૮
કોમ્પ્યુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. ફોન : ૨૪૦૫૪૧.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલીત

શ્રી વલ્લભ સુધા





વચનસુધા

માન લીલા હોય તો રસવર્ધક છે. મનાવવું, એ ભી આનંદરૂપ છે. જે માર્ગ આવા કલેશને પણ આનંદમાં બદલવાની તાકાત રાખે છે. ત્યારે આવડાં ડાચાં લઈને ફરવાની શું જરૂર છે? જે સમાજ સંગઠીત ન થાય, એના માટે કંઈ ત્યાગ ન કરે એ કંઈ ઉપયુક્ત નથી. ભલે મારી વિચારધારા કોઈ લોકોને ન પણ ગમે, તેનાથી આપ આ સંપ્રદાયની રક્ષા નહીં કરી શકો. આ ટ્રસ્ટ કે બીજી કોઈ વ્યવસ્થા સંપ્રદાયની રક્ષા નહીં કરી શકે. કારણં કે આ ધર્મ, જીવન છે– જડ નથી. એટલે જીવન– જેનું જીવનં ભગવાન છે, એના ઉપર આ ધર્મ આધારિત હોવો જોઈએ. જડતા ઉપર ધર્મનું કાંઈ પ્રતિબંધ નથી. આ રીતે દરેક વૈષ્ણવોએ પોતાના સિદ્ધાન્તનો પ્રચાર કરવા માટે, ભગવદ્ ધર્મનો પ્રચાર કરવા માટે ચાચા હરિવંશજીની જેમ ભેખ લેવો જોઈએ. અને કંઈને કંઈ કરવું જ જોઈએ. જો આપ સક્રિય થશો તો ભગવાન પણ સક્રિય થશે, આચાર્યો પણ સક્રિય થશે. પહેલા અહીંઆ ભક્ત સક્રિય થયા– સક્રિય થયાં તો ભગવાનને પણ મન બનાવવું પડયું– મન વગરના ભગવાન હતા તે, 'મનશ્ચક્રે' લખે છે– ભાગવતમાં નહીં તો ચંદ્રમા મનસોજાત ચક્ષુ પછી 'મનશ્ચક્રેષુ' શું કપાળ ચક્રુ?!!! પણ આપણે તો ચક્કરે ચડી ગયાં ભક્તોને જે નિર્દુષ્ટ મન અપેક્ષિત છે– જે ભગવાન બનાવે છે તો ભક્ત એવું નિર્દુષ્ટ મન રાખતાં કેમ નથી? વ્હાય નોટ?

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ, શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા–૨ પૃષ્ઠ–૨૭–૨૮)

વર્ષ : ૧૯ **અંક : ૨**
વિક્રમ સંવત : ૨૦૫૬ **શ્રીવલ્લભાબ્દ : ૫૨૩** **મે, ૨૦૦૦**



વાર્ષિક લવાજમ
રૂ.૪૦/–
આજીવન લવાજમ
રૂ.૫૦૧/–



"શ્રીવલ્લભસુધા" કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

આ માસના ઉત્સવ

વૈશાખ સુદ ૫ તા. ૮–૫–૨૦૦૦ સોમવાર : અષ્ટ સખા પૈકી ભક્ત કવિ સૂરદાસજીનો જન્મદિન. (સંવત ૧૫૩૫) શ્રીનટવરલાલજી (અમદાવાદ)નો પાટોત્સવ (સંવત ૧૮૫૧)

વૈશાખ સુદ ૬ તા. ૯–૫–૨૦૦૦ મંગળવાર : ગો.શ્રીકિશોરચંદ્રજી મહારાજશ્રી (માંડવી–જૂનાગઢ)નો જન્મદિન.

વૈશાખ સુદ ૭ તા. ૧૦–૫–૨૦૦૦ બુધવાર : તિલકાયત શ્રીગિરિધારીજી મહારાજનો ઉત્સવ (સંવત ૧૬૯૦). ગંગોત્પત્તિ, ગંગાસપ્તમી, ગંગાપૂજન. ગો.શ્રીહરિરાયજી(પોરબંદર)નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૦ તા.૧૩–૫–૨૦૦૦ શનિવાર : ગો.શ્રીકૃષ્ણજીવન બાવાશ્રી (મુંબઈ–મદ્રાસ) તથા ગો.શ્રીમુરલીમનોહરજી (માંડવી)નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૧ તા.૧૪–૫–૨૦૦૦ રવિવાર : મોહિની એકાદશી વ્રત. શ્રીહરિવંશજીનો જન્મદિન (સંવત ૧૫૫૯)

વૈશાખ સુદ ૧૩ તા.૧૬–૫–૨૦૦૦ મંગળવાર : ચિ.ગો.શ્રીરાજીવલોચનજી બાવાશ્રી (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો જન્મદિન

વૈશાખ સુદ ૧૪ તા.૧૭–૫–૨૦૦૦ બુધવાર : શ્રીનૃસિંહજયંતી વ્રત. ગો.ચિ.શ્રીરણછોડલાલજી બાવાશ્રી (માંડવી–રાજકોટ) તથા ગો.ચિ.શ્રીરસિકરાયજી બાવાશ્રી (માંડવી)નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૫ તા.૧૮–૫–૨૦૦૦ ગુરૂવાર : પૂર્ણિમા વૈશાખસ્નાન સમાપ્તિ, કૂર્મ જયંતિ, બુદ્ધ જયંતિ, શ્રીરાધારમણનું પ્રાકટય, ભક્તશ્રી નરસિંહ મહેતાનો જન્મદિન.

વૈશાખ વદ ૨ તા.૨૦–૫–૨૦૦૦ શનિવાર : તિલકાયત શ્રીદાઉજી મહારાજ કૃત ચાર સ્વરૂપનો ઉત્સવ. આજથી તા. ૩–૬–૨૦૦૦ સુધી ૧૫ દિવસ શ્રીની શીતોપચાર સેવા કરવી. શ્રીકલ્યાણરાયજી (વડોદરા)નો પાટોત્સવ.

વૈશાખ વદ ૪ તા. ૨૨–૫–૨૦૦૦ સોમવાર : ગો. ચિ. શ્રીદિવ્યેશ બાવાશ્રી (નાથદ્વારા–દ્વિતીયગૃહ)નો જન્મદિન.

વૈશાખ વદ ૭ તા. ૨૫–૫–૨૦૦૦ ગુરૂવાર : ચિ.ગો. શ્રીશરદકુમારજી બાવાશ્રી (મથુરા–પોરબંદર)નો જન્મદિન.

વૈશાખ વદ ૧૦ તા. ૨૯–૫–૨૦૦૦ સોમવાર : ચિ.ગો. શ્રીચંદ્રગોપાલજી (મથુરા–પોરબંદર)નો જન્મદિન.

વૈશાખ વદ ૧૨ તા. ૩૦–૫–૨૦૦૦ મંગળવાર : અપરા એકાદશી વ્રત. ગો. શ્રીવ્રજરમણલાલજી મહારાજશ્રી (મથુરા)નો જન્મદિન.

વૈશાખ વદ ૧૩ તા. ૩૧–૫–૨૦૦૦ બુધવાર : ગો.ચિ. શ્રીવ્રજાભરણ બાવાશ્રી (કાંકરોલી–વડોદરા)નો જન્મદિન.

વૈશાખ વદ ૧૪ તા. ૧–૬–૨૦૦૦ ગુરૂવાર : ગો. ચિ. શ્રીગોવિંદરાય બાવાશ્રી (મુંબઈ–ચેન્નાઈ)નો જન્મદિન.

જેઠ સુદ ૧ તા. ૩–૬–૨૦૦૦ શનિવાર : ગંગા દશરા પ્રારંભ. પનઘટ–જલક્રિડા, શ્રીયમુનાજીના પદ બોલાય.

જેઠ સુદ ૨ તા. ૪–૬–૨૦૦૦ રવિવાર : ગો.ચિ. શ્રીદ્વારકેશલાલજી બાવાશ્રી (કાંદીવલી–અમરેલી)નો જન્મદિન.

જેઠ સુદ ૩ તા. ૫–૬–૨૦૦૦ સોમવાર : ગો.ચિ. શ્રીકુંજરાયજી (શ્રીયોગેન્દ્રકુમારજી) બાવાશ્રી (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો જન્મદિન. જેઠ સુદ ૪ નો ક્ષય હોવાથી આજે.

જેઠ સુદ ૫ તા. ૬–૬–૨૦૦૦ મંગળવાર : રશ્મિકાર યોગી શ્રીગોપેશ્વરજીનો પ્રાકટય દિન (સંવત ૧૮૩૬) ગો.ચિ. શ્રીવાગીશકુમારજી (કાંકરોલી–વડોદરા)નો તથા ગો.શ્રીહરિરાયજી મહારાજશ્રી (ચાંપાસેની–જામનગર)નો જન્મદિન.

॥ શ્રી હરિ: ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

વર્ષ : ૧૯ અંક : ૨ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૩ ☐ મે, ૨૦૦૦

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

ચોરાશી અપરાધ

[પ્રાચીન હસ્તલિખીત પુસ્તકો તેમજ કેટલેક સ્થળે થી મૂદ્રિત થયેલ પુસ્તકોમાં
ચોરાસી અપરાધ શીર્ષકના લેખ મળે છે. જે અત્રે પ્રગટ કરેલ છે.]

અપરાધ ચોત્રીસમો : "માથેતે ન્હાયે વિના મંદિર મેં ન જાય, ગલેતેં ન્હાવે નહીં."

શ્રીઠાકોરજીની સેવા પહોંચવા માટે અપરસમાં ન્હાવાની જે મૂળ રીત છે તે એ છે કે, માથાના સઘળા વાળ પલળે તે રીતે ઉંચેથી ધાર લઈને ન્હાવાથી ખાસા અપરસ થાય, અથવા જલાશય–વાવ, તલાવ, નદી, કુંડ, (જેમાં બીનપ્રદૂષીત શુદ્ધ જલ હોય)માં ડૂબકી લગાવીને ન્હાવાથી ખાસા અપરસ થાય, એ રીત સિવાય, સાધારણ રીતે લોકોની ન્હાવાની જે રીત છે તેમાં કેટલાક કેડ સુધી જ સ્નાન કરે છે, કેટલાંક ગળા સુધી શરીર ભીંજવી સ્નાન કરે છે; આ રીતે ન્હાયેલ શ્રીઠાકોરજીની સેવા–સામગ્રી કરવા માટે શ્રીઠાકોરજીના નિજમંદિરમાં પ્રવેશવા માટે અયોગ્ય ગણાય.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રી વલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

☐ ☐ શ્રીવલ્લભસુધામાં સ્વમાર્ગીય પ્રવૃત્તિના સમાચાર મોકલનાર તમામ સંસ્થાઓ– વ્યક્તિઓને વિનંતી કે સમાચારો સંક્ષેપમાં મુદાસર લખી મોકલે– લાંબા વિવરણોવાળા– લાંબી નામોની હારમાળાવાળા સમાચાર ન લખવા. આવા સમાચારોમાંથી મુદ્દા તારવવામાં ઘણો સમય વેડફાય છે. પુસ્તક પરિચય વિભાગમાં–પરિચય છપાવવા માટે પુસ્તક મોકલવું જરૂરી છે. તેજ પ્રમાણે કેસેટ પરિચય માટે કેસેટ મોકલવી.

પત્રવ્યવહાર સંપર્ક : **'શ્રી વલ્લભસુધા'** કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

સંન્યાસ નિર્ણય

❑ શ્રીમદ્ રઘુનાથજીએ રચેલું વિવરણ ❑

❑ ભાષાંતર : શ્રીબાબુભાઈ પી. નાયક– કડી ❑

—ગતાંકથી ચાલુ

ભક્તિમાર્ગમાં ત્યાગનું પ્રયોજન કહી હવેના શ્લોકમાં ગુરુ અને સાધનો વિશે કહે છે.

કૌંડિન્યગોપિકાઃ પ્રોક્તા ગુરવઃ સાધનં ચ તત્ ।
ભાવો ભાવનયા સિદ્ધઃ સાધનં નાન્યદિષ્યતે ॥૮॥

શબ્દાર્થ : કૌંડિન્ય—કૌંડિન્ય ઋષિ; ગોપિકાઃ— ગોપીજનો; પ્રોક્તાઃ— કહેલા છે; ગુરવઃ— ગુરૂઓ; સાધનમ્—સાધન; ચ—અને; તત્—તે; ભાવઃ—સ્નેહ; ભાવનયા—ભાવનાથી; સાધનમ્—સાધન; ન—નથી; અન્યત્—બીજું; ઈષ્યતે—ઈચ્છવું.

શ્લોકાર્થ : કૌંડિન્ય ઋષિ અને ગોપીજનોને ગુરૂ કહેલાં છે. તેમણે કરેલાં સાધનો શ્રેષ્ઠ છે. સ્નેહથી જ ભાવ સિદ્ધ થાય છે. તે સિવાય બીજું સાધન ઈચ્છવા યોગ્ય નથી—૮

વિવરણ : કૌંડિન્ય નામના એક ઋષિ હતા. તે અને રાસમંડલમાંના ગોપીજનોને ભક્તિમાર્ગના ગુરૂ માન્યા છે. વિરહનો અનુભવ કરવા સંન્યાસ લેતી વખતે ગુરૂના ઉપદેશની જરૂર છે. તેથી ભક્તિમાર્ગમાં ઉપરનાં બંનેને ગુરૂ માન્યાં છે. ભક્તિમાર્ગમાં એમના જેવાં બીજા કોઈ સારા ગુરૂ નથી. જોકે તે ગુરૂઓએ પ્રત્યક્ષ ઉપસ્થિત થઈને કંઈ ઉપદેશ નથી આપ્યો, પણ તેઓનું આચરણ સાંભળીને અને જોઈને તેમને ભક્તિમાર્ગના ગુરૂ માન્યાં છે. તેમણે લૌકિકમાં ભક્તિના વિરહનું જીવોને માર્ગદર્શન આપી ગુરૂપણું પ્રાપ્ત કર્યું છે. કૌંડિન્ય ઋષિએ કરેલો સર્વ ત્યાગ અને ત્યારપછી ભગવદમય બની જવાની તેમની અવસ્થાથી તેમને તરત જ ભગવદ્ પ્રાપ્તિ થઈ. અનંત ભગવાનને શોધવા કૌંડિન્ય ઋષિ વન, પર્વતો, પર્વતોની ગુફાઓ વગેરે સ્થાનોમાં ફર્યા. (તતો જગામ કૌંડિન્યો નિર્વેદાદ્વનગગહ્વરમ્) 'અનંત ભગવાનનું ધ્યાન કરતો હું કેશવ ભગવાનને જોઉં છું.' તેમ તેમણે કહ્યું છે. તેમણે વ્રત, ઉપવાસ અને બ્રહ્મચર્ય પાળીને શ્રીહરિનું ધ્યાન ધર્યું. અનંત ભગવાનની પ્રાપ્તિ માટે વિહ્વળ બનીને કૌંડિન્ય ઋષિ નિર્જન વનોમાં ફર્યા. ત્યારે વિરહદશામાં તેમને પ્રભુની પ્રાપ્તિ થઈ. આ કથા સાંભળીને જીવો ભવિષ્યમાં આવું આચરણ કરે તે તેનો હેતુ છે.

ગોપીજનો પણ પ્રભુને શોધવા દેહાનુસંધાન ભૂલી પ્રેમીના વિરહમાં હસતી, રડતી, રખડતી રખડતી સર્વત્ર પ્રભુનાં દર્શન કરતી હતી. તેમના જેવી વિરહની અવસ્થાનો અનુભવ કરવો આપણા જેવા જીવો માટે અશક્ય છે. વળી તેમનાં જેવો ત્યાગ કરવો પણ અસંભવ છે. તેવું સમજાવવા કહ્યું છે. તેમના જેવો સર્વત્યાગ કરી સર્વાત્મભાવ પ્રાપ્ત કરી પરિત્યાગ કરવામાં આવે તો જીવને પ્રભુની પ્રાપ્તિ થાય.

એમણે પ્રભુપ્રાપ્તિ માટે જેવા સાધનો કર્યા તેવા સાધનો કરવાનું અહીં કહ્યું છે. જે જીવને પ્રભુપ્રાપ્તિની ઈચ્છા હોય તેણે આવાં સાધનો કરવાની અપેક્ષા રાખવી. જો જીવ આવા

સાધનો કરે તો તેને સ્વરૂપાનંદનો અનુભવ થાય.

કૌંડિન્ય ઋષિ અને ગોપીજનોના ભાવ જેવો ભક્તોનો ભાવ થાય તો જ સ્વરૂપાનંદની અનુભૂતિ ભક્તને સંપૂર્ણ રીતે પ્રાપ્ત થાય. અહીં વિશેષ સાધન ભાવનું બતાવ્યું છે. આ સિવાયનાં યજ્ઞ—યાગાદિ સાધનો કરવા જરૂરી નથી.

આ રીતે કૌંડિન્ય ઋષિ અને ગોપીજનોનું ગુરૂપણું અને સાધનમાં તેમનાં જેવો ભાવ પ્રભુપ્રાપ્તિ માટે બતાવ્યો છે—૮

[કૌંડિન્ય ઋષિ મર્યાદામાર્ગના છે. તેમને ગુરૂ કેવી રીતે માનવા? કૌંડિન્ય ઋષિને અનંત ભગવાનના ગુણોનું શ્રવણ કરતાં ભગવાનને મળવાની આર્તિ થઈ. વિરહ અવસ્થામાં તેઓ વિહ્વળ બન્યા. એટલે તેમને પ્રભુપ્રાપ્તિ થઈ. એટલે તેમના ત્યાગમાં અને પુષ્ટિમાર્ગના ત્યાગમાં વિહ્વળતા સમાન હોઈ તેમને પુષ્ટિમાર્ગના ગુરૂ કહ્યા છે.

ગોપીજનોએ પણ વેણુનાદ સાંભળતા સર્વેનો ત્યાગ કર્યો અને પ્રભુ માટે સ્નેહ થયો. એટલે ગોપીજનોનો સ્નેહ ભગવાનને મળવાનું સાધન બન્યો.

પુષ્ટિમાર્ગમાં દાન, વ્રત વગેરે સાધનોની જરૂર નથી. સ્નેહ જ સાધન છે.]

આ પ્રમાણે સંન્યાસમાં સ્નેહ થયા પછીની સ્થિતિ બુદ્ધિ પ્રતિકુળ થવાના કારણે દુઃખનું કારણ બને. તેથી શંકા થાય કે તે પ્રાકૃત હશે. એવી શંકાનું સમાધાન હવે નીચેના શ્લોકમાં કરે છે.

વિકલત્વં તથાસ્વાસ્થ્યં પ્રકૃતિઃ પ્રાકૃતં ન હિ ।
જ્ઞાનં ગુણાશ્ચ તસ્યૈવં વર્તમાનસ્ય બાધકાઃ ॥૯॥

શબ્દાર્થ : વિકલત્વમ્— વિકળતા (ગાભરાપણું); તથા—અને; અસ્વાસ્થ્યમ્— અસ્વસ્થપણું (ચેન ન પડે તેવી મનની સ્થિતિ); પ્રકૃતિઃ— સ્વભાવ; પ્રાકૃતમ્— પ્રાકૃત; ન—નથી; હિ—જ (ખરેખર); જ્ઞાનમ્— જ્ઞાન; ગુણાઃ—ગુણો; ચ— અને; તસ્ય—એના; એવ—જ; વર્તમાનસ્ય—રહેનાર; બાધકાઃ— વિઘ્ન કરનારા છે.

શ્લોકાર્થ : વિકળતા અને અસ્વસ્થપણું વિરહનો સ્વભાવ છે. તે ખરેખર પ્રાકૃત નથી. વિરહમાં રહેનારને જ્ઞાન અને ગુણો વિઘ્નકર્તા છે—૯

વિવરણ : ભક્તિમાર્ગમાં જ્યારે જીવને વિરહ અવસ્થા પ્રાપ્ત થાય છે ત્યારે તેને ચિંતા થતાં મન વિહ્વળ બની જાય છે અને શરીર અસ્વસ્થ બને છે. એટલે દેહ ફીક્કો પડી જાય છે, પરંતુ આ વિહ્વળતા અને અસ્વસ્થપણું લૌકિક (પ્રાકૃત) નથી. જેથી તે મન અને શરીરને ઉપદ્રવ (દુઃખ) કરનારા નથી. તે તો વિરહાવસ્થામાં સ્વાભાવિક છે.

આ બંને (વિહ્વળતા અને અસ્વસ્થતા) લૌકિકનાં કારણે બને તો તે દુઃખ કરનારાં ગણાય. અહીં તો બંને ભગવાનની લીલા અને તેમના સ્વરૂપ—જ્ઞાનની પ્રાપ્તિના હેતુરૂપ છે. એટલે તે શાસ્ત્રના સારરૂપ છે. તેથી તે બંનેને અહીં 'પ્રકૃતિઃ' કહ્યાં છે.

ભગવાનના ઐશ્વર્યાદિ ગુણો યોગમાં સિદ્ધિ આપનારા કહ્યા છે. તેથી આવા ગુણો આવી વિપ્રયોગની અવસ્થામાં રહેનાર માટે બાધક બનતા નથી, પણ તેને આનંદ આપનાર બને છે. જે જીવને વિહ્વળતા અને અસ્વસ્થતા પ્રાપ્ત થયા હોય તેમને શાસ્ત્રીય માહાત્મ્ય જ્ઞાન તેમના શોકને (દુઃખને) દૂર કરી શકતું નથી. તેથી તેવા વિરહ અવસ્થાએ પહોંચેલા જીવને સ્વાસ્થ્યને ઉપકારક એવા શાસ્ત્રીય માહાત્મ્ય જ્ઞાનની કોઈ પ્રયોજન નથી. તો પછી ઐશ્વર્યાદિ ગુણોની તો વાત જ ક્યાં રહી?

અહીં 'પ્રકૃતિઃ' પદ વાપર્યું છે. તેનો અર્થ અહીં સ્વાભાવિક સમજવું. **ભક્તિમાર્ગમાં વિપ્રયોગને કારણે લૌકિકજ્ઞાન બાધક બને છે–૯**

[ભગવાનમાં વધેલા સ્નેહનો નાશ કરનારું થાય છે. ભગવદ્ રસના અનુભવમાં એટલે કે ફળ–પ્રાપ્તિમાં વિઘ્ન કરનારું બને છે. મર્યાદામાર્ગમાં જ્ઞાન મનને સ્વસ્થ બનાવે છે. ભક્તિમાર્ગમાં પ્રભુના વિપ્રયોગનું જ્ઞાન મનને અસ્વસ્થ બનાવે છે. જેમકે આનંદના સમયે પણ આંખમાંથી આંસુ આવે છે. અને શોક થાય ત્યારે પણ આંખમાંથી આંસુ આવે છે. બંને આંસુ દેખાવમાં એકસરખાં હોવા છતાં પ્રકારમાં તદ્દન ભિન્નતા છે. તેમ લૌકિક વિહ્વળતા અને અસ્વસ્થતા અને વિપ્રયોગની વિહ્વળતા અને અસ્વસ્થતા બંને બહારથી એક જેવાં દેખાતા હોવા છતાં તેમના સ્વરૂપ અને ગુણો ભિન્ન ભિન્ન છે. આમ બંને માર્ગમાં ત્યાગ સમાન હોવા છતાં મર્યાદામાર્ગમાં જ્ઞાન ફળ પ્રાપ્ત કરાવે છે, જ્યારે ભક્તિમાં એ જ જ્ઞાન વિઘ્ન કરનારું બને છે. આનું કારણ હવે પછીના શ્લોકમાં કહ્યું છે.]

બંને માર્ગમાં સંન્યાસનો વિચાર કરતાં જ્ઞાનમાર્ગના સંન્યાસ કરતાં ભક્તિમાર્ગીય સંન્યાસની ઉત્તમતા તથા તેના ફળનું નિરૂપણ હવે કરે છે.

સત્યલોકે સ્થિતિર્જ્ઞાનાત્ સંન્યાસેન વિશેષિતાત્ ।
ભાવના સાધનં યત્ર ફલં ચાપિ તથા ભવેત્ ॥૧૦॥

શબ્દાર્થ : સત્યલોકે–સત્યલોકમાં; સ્થિતિઃ–સ્થિરતા થાય છે; જ્ઞાનાત્–જ્ઞાનથી; સંન્યાસેન–સંન્યાસથી; વિશેષિતાત્–પ્રબળપણાને કારણે; ભાવના–ભાવનારૂપ; સાધનમ્–સાધન; યત્ર–જ્યાં; ફલમ્–ફળ; ચ–અને; અપિ–પણ; તથા–તે જ રીતે; ભવેત્–થાય.

શ્લોકાર્થ : સંન્યાસથી પ્રબળ થયેલા જ્ઞાનથી (ભક્તિની) સત્યલોકમાં સ્થિતિ થાય છે. જેનામાં (ભક્તમાં) ભાવનારૂપી (ભક્તિરૂપી) સાધન છે તેને ફલરૂપે ભગવાનનાં સાક્ષાત્ દર્શન થાય છે–૧૧

વિવરણ : સત્યલોક એ જ બ્રહ્મલોક છે. જે ભક્તમાં જ્ઞાન છે. તેણે સંન્યાસ આશ્રમ ન સ્વીકાર્યો હોય, છતાં પણ કેવળ જ્ઞાનને કારણે, તેની સ્થિતિ બ્રહ્મલોકમાં થાય તેમાં શંકા નથી.

નારાયણ શ્રુતિમાં પણ કહેલું છે કે 'વેદાન્તનું જ્ઞાન જેણે પ્રાપ્ત કરેલું છે તે ભક્ત પદાર્થનો નિર્ણય સારી રીતે કરી શકે છે, કારણ કે સંન્યાસ યોગથી તે શુદ્ધ આત્માવાળો બને છે. એટલે જ્યારે તેનો અંતકાલ આવે છે ત્યારે તે બ્રહ્મલોકમાં સ્થિતિ કરીને રહે છે, કારણ કે મૃત્યુ પછી તેનું બધું છૂટી જાય છે.'

(વેદાન્તવિજ્ઞાનસુનિશ્ચિતાર્થાઃ સંન્યાસયોગાદ્યતયઃ શુદ્ધસત્ત્વાઃ । તે બ્રહ્મલોકે તુ પરાન્તકાલે પરામૃતાત્ પરિમુચ્યન્તિ સર્વે' ઇતિ)

હવે ભક્તિમાર્ગીય સંન્યાસનું ફલ કહે છે. ભક્તિમાર્ગીય સંન્યાસમાં ફળ–પ્રાપ્તિ થવામાં ભાવના (સ્નેહ)જ મુખ્ય સાધન છે. બ્રહ્મલોકની પ્રાપ્તિ થવાનાં સાધનો અલ્પ છે. તેથી ફળની પ્રાપ્તિ પણ અલ્પ છે. પૂર્ણ ફલની પ્રાપ્તિ થતી નથી. અનંત સ્નેહનું (ભાવનાનું) ફળ પણ અનંત ઘણું હોય છે. તેથી જ શ્રીમહાપ્રભુજીએ કૃષ્ણાશ્રયમાં કહ્યું છે કેઃ બધા દેવો પ્રાકૃત છે. અક્ષરબ્રહ્મનો આનંદ પણ ગણી શકાય તેવો છે. કેવળ શ્રીકૃષ્ણ જ પૂર્ણાનંદ છે. તેથી શ્રીકૃષ્ણ જ મારું શરણ હો. (પ્રાકૃતાઃ સકલા દેવા ગણિતાનન્દકં બૃહત્ । પૂર્ણાનંદો હરિસ્તસ્માત્ કૃષ્ણ એવ ગતિર્મમ ॥)

ભગવાનના ચિંતન પરાયણ ભક્તોની બ્રહ્મલોકમાં ગતિ થાય તે યોગ્ય ફલ નથી. તેવું વિષ્ણુપુરાણમાં કહેલું છે. તે અનુસાર જેમની મતિ અસ્થિર છે, તેમને માટે નર્ક કે સ્વર્ગ પણ વિઘ્નરૂપ હોઈ તે વિઘ્નરૂપે જ તેમનાં મનમાં પ્રવેશે છે. એટલે તેવા ભક્તોની બુદ્ધિ નિર્મળ થતાં વિકાર રહિત બનતાં, પાપ નાશ પામતાં તેના ફલરૂપે તેમને અચ્યુત એવા પ્રભુનાં દર્શન થાય છે. (યસ્મિન્ ન્યસ્તમતિર્નયાતિ નરકં સ્વર્ગોપિ યચ્ચિન્તને વિઘ્નો યત્ર નિવેશિતાત્મમનસો બ્રાહ્મોપિ લોકોઽલ્પકઃ। મુક્તિં ચેતસિ યઃ સ્થિતોઽમલધિયાં પુંસાં દદાત્યવ્યયઃ કિં ચિત્રં યદઘં પ્રયાતિ વિલયં તત્રાચ્યુતે કીર્તિત' ઈતિ) ૧૦

[સમજુતિઃ ભક્તિમાર્ગમાં બ્રહ્મલોકની ગણના ઓછી છે. અહીં તો મુખ્ય ફળ પુરૂષોત્તમની પ્રાપ્તિનું ગણાય છે. ભક્તિમાર્ગમાં જ્ઞાનનું અલ્પ મહત્વ છે, કારણ કે ભગવાન રસરૂપ એટલે સ્નેહરૂપ છે. એટલે ભગવદ્પ્રાપ્તિમાં સ્નેહ જ મહત્વનો છે. લૌકિક દષ્ટિએ વિચારીએ તો પણ જ્ઞાન સ્નેહનો નાશક છે. માને લાગે કે તેનો પુત્ર વિશ્વમાં મહાપુરૂષ છે તો મા પણ દીકરાને માનથી બોલાવશે. દીકરાની પ્રસિદ્ધિનું જ્ઞાન થતાં માનો દીકરામાં જે સ્નેહ હતો તે દીકરાની પ્રસિદ્ધિના જ્ઞાન નીચે દબાઈ જશે.

તેજ રીતે ભક્તિમાર્ગમાં ભક્તને ભગવાનની મોટાઈનું જ્યારે જ્ઞાન રહે છે કે ભગવાન તો સર્વવ્યાપક છે. ગરુડાગામી છે. લક્ષ્મીપતિ છે. તેવા જ્ઞાનની સ્થિતિમાં ભક્ત ભગવાનની સેવા કરી શકશે નહીં. તેનો સ્નેહ જ્ઞાન નીચે દબાઈ જશે. જેમ કૌંડિન્યઋષિને અનંત ભગવાને મેળવવામાં ભાવનારૂપ વિરહદશા જ ફલરૂપ થઈ હતી. ગોપીજનોને પણ વિરહ જ ફલરૂપ થયો હતો.

ભગવાન શ્રીકૃષ્ણે મથુરામાં રહ્યા પછી જ્ઞાની ભક્ત ઉદ્ધવજીને ગોપીઓને જ્ઞાનનો બોધ કરવા શ્રીગોકુલ મોકલ્યા ત્યારે ઉદ્ધવજીના મુખે ભગવાનની મહત્તાની વાતો સાંભળતા ગોપીઓએ કહ્યું કે— તમે રીઝો ચાંદરણે અમો રીઝિયે ચંન્દ મળ્યે' આમ જ્ઞાન ભક્તિને ઠંડી પાડી દે છે. તેથી ભક્ત ભગવાનના સંયોગ અને વિપ્રયોગનો આનંદ લઈ શકતો નથી એટલે ભક્તિમાર્ગમાં જ્ઞાન વિઘ્ન કરનારું સિદ્ધ થાય છે.]

—ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ

૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ

૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી

૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ.ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.

૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી–મુંબઈ)

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

ભક્ત મનોરથ સહુ પૂરે, પ્રભુ કઠીન સરળ ગુરુનાહના
જેનાં પૂર્યા તેહનાં નામ કહું, તું પુછેશ કોહના કોહના
કાન્હ ગયા કુબજા પતિ થાવા, પારથ પત્ની થયા જળ પાવા;
પુરી પુત્ર થઈ અદિતિની આશ, પાંડવ કાર્ય કર્યા થઈ દાસ.
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૭૨)

વિવેચન : ૬૯–૭૦–૭૧ ત્રણે ચંદ્રાવળામાં ચિંતા છોડીને ભગવદ્ ભજન કરવું, આવો સાર બતાવ્યો. આ ૭૨માં ચંદ્રાવળામાં કવિશ્રી કહે છે કે કદાચ મનમાં સંદેહ રહી જાતો હોય તો શાસ્ત્રોક્ત પુરાવા આપું છું કે પ્રભુ ભક્ત મનોરથ પૂરણકામ છે. પ્રભુએ કેના કેના શું શું કામ કર્યા તે બધું સારાંશમાં સમજાવે છે.

પ્રભુ ભક્તોના કામ કરે છે ત્યારે પોતાનું પદ જે ઈશ્વરત્વ છે ક્યાંય બતાવતા નથી. અત્રે દ્રષ્ટાંતમાં (૧) કુબજા (૨) અર્જુન પત્ની (૩) અદીતી, અને પાંડવોના દાસ, આ ચાર દ્રષ્ટાંતો દીધા છે.

(૧) કુબજા : કુબજાએ ભગવાનને ચંદન આપ્યું. તેનો ભાવ જાણી અને તેને કુબડીમાંથી સુંદર સ્વરૂપવાન બનાવી. કંસ વધ પછી અક્રૂરને તેડીને કૂબજા પતિ થાવા તેને ઘરે ગયા. તેનો મનોરથ પૂર્ણ કર્યો.

(૨) અર્જુન પત્ની થયા : અર્જુનને રાત્રીએ એકવાર પાણીની પ્યાસ લાગી ત્યારે દ્રૌપદીનું રૂપ ધારણ કરી તેને પાણી પાવા ગયા.

(૩) અદિતિનાં પુત્ર બન્યા : અદિતિને ભાવના હતી કે પ્રભુ મારે ઘરે પુત્રરૂપે અવતાર ધારણ કરે ને હું પુત્ર પાલન સુખ લઉં. તેના ભાવને પૂર્ણ કરવા વામનરૂપે તેને ઘેર અવતાર લીધો. કશ્યપ પિતા અદિતિ માતાનાં બાળક બન્યા. તેમજ વામનરૂપે બલીરાજાને પોતાનું ત્યાં પરાક્રમ બતાવ્યું. દાનમાં પુથ્વી, સ્વર્ગ લઈને તેને પાતાળ મોકલ્યો.

(૪) પાંડવ કાર્ય કર્યા : કૃષ્ણની ફઈબા કુંતાજી પરમભક્ત હતી. જેથી તેની ભાવના મુજબ પ્રભુએ સર્વ કાર્ય કર્યા. તેનાં પુત્રો પાંચ પાંડવ, તેમની રક્ષા કરી. મહાભારતના યુદ્ધ વખતે અર્જુનનાં રથનાં સારથી બન્યા. પાંડવોના દાસ થઈને રહ્યા, અને રથનાં સારથી બન્યા તેમજ જ્યારે જ્યારે સંકટ આવ્યું ત્યારે ત્યારે હાજર થઈ તેમની સહાય કરી.

(૫) દ્રૌપદીનાં ચિરહરણ વખતે પ્રભુએ રક્ષા કરી, દુઃશાસને થકવી દીધો. મોટા મોટા મહારથી

ભીષ્મપિતા જે કરી ન શક્યા તે પ્રભુએ કર્યું.

(૬) બ્રહ્માસ્ત્રથી ઓતરાનાં ગર્ભની (પરિક્ષિતની) રક્ષા કરી.

(૭) વનમાં રહેતા ત્યારે દુર્વાસા મુનિ પરીક્ષા લેવા આવ્યા. તે વખતે બધાયે જમી લીધું હતું. અક્ષયપાત્ર ધોઈ લીધું હતું. ત્યારે દ્રૌપદી મુંજાણા, હવે શું થાશે? ઋષિનાં શાપનાં ભયથી કંપિત બન્યા, ત્યાંજ પ્રભુએ પધારીને તેની તે ચિંતા દુર કરી. દુર્વાસા નદીએથી બારોબાર રવાના થયા. બન્યું એમ હતું કે જો અક્ષયપાત્ર ધોવાઈ જાય પછી તે તુરતમાં ઈચ્છિત ભોજન આપી ન શકે. દુર્વાસા તો શિષ્યો સહિત આવ્યા હતા. હવે જો ભોજન ન પીરસે તો શ્રાપ આપે. દેવું તો કેવી રીતે? ઘરમાં તો કાંઈ હતું જ નહીં, ત્યારે જ પ્રભુએ પધારીને કહ્યું, દ્રૌપદી મને ભૂખ લાગી છે ખાવાનું કાંઈક આપ. દ્રૌપદીની આંખમાં આંસુ ઉભરાણા હવે શું કરૂં! ત્યારે ભગવાને કહ્યું અક્ષયપાત્ર તો લાવ તેમાં જે હશે તેનાથી સંતોષ માનીશ. બનવાકાળ તેમાં દાળનું એક ફોતરૂં ચોંટયુ હતું, તે લઈને તરત જ ભગવાને મોઢામાં મુકી જળ પીધું, ને ઓડકાર ખાધો. દ્રૌપદીને કહ્યું કે વાહ! મારું પેટ ભરાઈ ગયું. દ્રૌપદી કાંઈ સમજી નહીં, પરંતુ પ્રભુએ તેમના દ્વારા ઋષિઓના બધાયનાં પેટ ભરી દીધા. તેઓ નદી કિનારે બેઠા બેઠા બધા તૃપ્ત થયા, ને ઓડકાર લેવા લાગ્યા કે હવે આજે જમવાની ઈચ્છા જ નથી. તેમ સમજી ચાલ્યા ગયા. આવી રીતે દ્રૌપદીની રક્ષા કરી.

પ્રભુ ભક્ત મનોરથ પૂર્ણ કરવાવાળા છે. પછી તે કામ કોઈ સરળ હોય કે કઠણ હોય, નાનું હોય કે મોટું તેમજ પોતાને પડતો શ્રમ, તેની પણ ગણના કર્યા વગર ભક્તોનાં કાર્ય કરે છે. તેમજ જીવની કરણી સામું પણ જોતા નથી. શ્રીભાગવતમાં પીંગલા વેશ્યાની કથા આવે છે. જેનું કર્મ દુષ્ટ હતું, તેની ક્રિયા દુષ્ટ હતી, છતાં તેને જ્યારે જ્ઞાન ઉત્પન્ન થયું, ત્યારે પશ્ચાતાપ થયો કે—અહોહો! આવા ભયંકર દુષ્કર્મો મેં કર્યા છે, મારો કયારેય ઉદ્ધાર નહીં થાય. તે પણ ભગવાનનું પૂજન કરીને સંસાર પાર કરી ગઈ.

સંસાર કુપે પતિતં વિષયૈર્ષિતેક્ષણમ્
ગ્રસ્તં મલા હિનાંત્મનં કોડન્યસ્તુમિહેશ્વર

પોતાનાં કર્મને ધીક્કારતી તે પિંગાલ કહે છે કે, હે પ્રભુ હું મહાન દુષ્ટ કર્મ કરવાવાળી આપની અપરાધી છું. આ અપરાધી આત્મા સંસારરૂપી અંધ કૂવામાં પડયો છે. જેનાં નેત્રો વિષયોથી ચોરાઈ ગયા છે. વળી તે કાળરૂપી સર્પથી ગ્રસિત છે. આવા પાપી આત્માને હે પ્રભુ આપના સિવાય બીજો કોઈ રક્ષણ આપવા સમર્થ નથી.

આ પ્રકારે તેને પોતાનાં દોષની સ્ફુરણા થઈ. તે પોતાનાં કર્મને ધિક્કારતી પ્રાર્થના કરવા લાગી, ત્યારે પ્રભુએ કૃપા કરી, તેનો ઉદ્ધાર કર્યો. તેમજ રાજા પુરૂરવાએ પણ પોતાનાં કરેલા કર્મોને યાદ કરીને પ્રભુની સ્તુતિ કરી, ત્યારે પ્રભુએ તેનાં ઉપર કૃપા કરી.

૨૫૨ વૈ.વાર્તા ૮૮ મી પુરૂષની વાર્તા.

આ વૈષ્ણવને ઘેર વૈષ્ણવો આવ્યા. ત્યારે પૈસાના સંકોચે સ્ત્રીની સાડી વેચી સામગ્રી લાવ્યા. રસોઈ કરી બાઈ કોઠીમાં બેસી ગઈ. પોતાની લજ્જા રાખી. વૈષ્ણવો પ્રસાદ લેવા બેઠા ત્યારે તેમણે કહ્યું કે તમારી સ્ત્રી ક્યાં છે? તેને જોયા વગર અમે પ્રસાદ નહીં લઈએ. આવું ભયંકર સંકટ આવ્યું. બાઈ તો કોઠીમાં બેસીને પ્રભુને વિનંતી કરે છે કે પ્રભુ હવે શું કરવું. શ્રીઠાકોરજી કોઠીમાં પધાર્યા તેને વસ્ત્રોનું દાન દીધું, ત્યારે તે બાઈ બહાર આવી વૈષ્ણવોને બે હાથ જોડીને જયશ્રીકૃષ્ણ કર્યા. પછી હસતે હસતે પ્રેમાવેશમાં આવી વૈષ્ણવોને પિરસવા લાગી. વૈષ્ણવો પ્રસન્ન થયા. આ દ્રષ્ટાંત બતાવે છે કે સહુનાં મનોરથ પૂરે પ્રભુ.

વાર્તા ૨૫૨ માં ૨૧૬ મી. એક વૈષ્ણવ ગુજરાતમાં રહેતા હતા. શ્રીગુસાંઈજી ગુજરાત પધાર્યા ત્યારે તેઓ સેવક બન્યા હતા. તેમને ત્યાં વૈષ્ણવો આવતા, યથાશક્તિ સન્માન કરતા. એકવાર શિયાળાની ઋતુ, તેમને ત્યાં ઘણાં વૈષ્ણવો આવ્યા. દરેકને ઓઢાડવાનું આપ્યું, ત્યારે પોતાના માટે કાંઈ બચ્યું નહી, તેથી લંગોટી વાળીને બેસી રહ્યા. ટાઢ ઘણી હોવાથી થરથર ધ્રુજતા રહ્યા.

જેથી ઉંઘ પણ આવી નહીં. આખી રાત ભગવત્ નામ લીધું. આ વૈષ્ણવને દુઃખ જોઈ શ્રીઠાકુરજીથી સહન ન થયું. નિદ્રા પણ ન આવી તેથી મંદિરથી બહાર પધાર્યા અને કહ્યું કે તું કેમ ટાઢે ઠરે છે? તારા દુઃખથી હું પણ દુઃખી છું. જોઈ લે હું પણ ઠંડીથી કંપુ છું. ત્યારે આ વૈષ્ણવે બે હાથ જોડીને વિનંતી કરી કે પ્રભુ મારે ઘેરે વૈષ્ણવો આવ્યા છે, તેને જો ટાઢ લાગત તો આપને નિંદ્રા ન આવત. આપને જાગવાને શ્રમ પડયો, તે અપરાધ હું ભોગવીશ, નહીં તો તે વૈષ્ણવને ભોગવવો પડત. આ સાંભળી શ્રીઠાકુરજીએ હાસ્ય કર્યુ અને કહ્યું કે ખરેખર તારા જેવા વૈષ્ણવના નામ લેવાથી તો વૈષ્ણવનાં દોષો દુર થઈ જાય. હું તારા ઉપર પ્રસન્ન થયો છું, જે જોઈએ તે માગ. ત્યારે તેણે માગ્યું કે વૈષ્ણવો પ્રત્યે મારો દ્રઢ વિશ્વાસ અને સ્નેહ રહે. વૈષ્ણવો મારે ઘેર પધાર્યા ત્યારે જ આપ મારી સાથે બોલ્યા છો. તથાસ્તુ કહી પ્રભુ પધાર્યા ત્યારથી આ વૈષ્ણવ સાથે શ્રીઠાકોરજી હસતા બોલતા ને જે જોઈએ તે માંગી લેતા.

સાર—ભક્ત દુઃખે દુઃખી, ભક્ત સુખે સુખી. આ વૈષ્ણવ ટાઢથી ઠરતો ને શ્રીઠાકોરજીથી સહન ન થયું. પોતે પણ ઠંડીથી થરથર ધ્રુજતા પધાર્યા. નિંદ્રા પણ ન આવી.

આ રીતે પ્રભુ સર્વના કાર્ય કરે છે. ભક્તને દુઃખી થતો જોઈ શકતા નથી. ભક્તનું દુઃખ તે પોતાનું દુઃખ માને છે. સર્વના મનોરથ પૂરે પ્રભુ. માટે જ કવિશ્રી કહે છે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. (૭૨)

અનુકરણીય આજીવન લવાજમ સહાય

રૂ.૧૦૧/— આ.ગ્રા.નં.૨૨૫ સોની તારાચંદ ખુશાલભાઈ રાજકોટ તરફથી લવાજમ સહાય આપી અનુકરણીય પગલું ભરેલ છે.

॥ શ્રીહરિઃ ॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો

લેખક – દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ– ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા– વિશારદ, મુંબઈ.

ભાષાંતર – ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

– ગતાંકથી ચાલુ

આપ લખે છે–

'કૃતિ સાધ્યં સાધનં જ્ઞાનભક્તિરુપં શાસ્ત્રેણ બોધ્યતે તાભ્યાં વિહિતાભ્યાં મુક્તિર્મર્યાદા તદ્રહિતાનપિ સ્વરૂપ બલેન સ્વપ્રાપણં પુષ્ટિ રિત્યુચ્યતે ।' (૩–૩–૨૯)

કહેવાનું તાત્પર્ય એ છે કે એવું શાસ્ત્રોથી સાંભળતા આવ્યા છીએ કે વેદ અધ્યયન, યજ્ઞ, દાન, તપ વગેરે સાધનો કરવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે. આ મોક્ષ મેળવવા માટે વેદાધ્યયન, યજ્ઞ, દાન, તપ વગેરે ઉપયોગમાં આવે છે, અથવા મોક્ષ માટે આ મુખ્ય સાધનો માનવામાં આવે છેં. તેથી શાસ્ત્રમાં કહેલા સાધનો દ્વારા જ મુક્તિ જ પ્રાપ્ત થાય ત્યાં સુધીની 'મર્યાદા' છે. શાસ્ત્રમાં જે વાતો લખી છે અને જે સાધન બતાવવામાં આવ્યા છે કેવળ તેના સહારે, શરૂઆતથી અંત સુધી શાસ્ત્રની મર્યાદામાં રહીને મોક્ષ માટે સાધન કરવામાં આવે તેને 'મર્યાદા' કહે છે. પરંતુ ઉપર કહેલાં વેદાધ્યયન પ્રભૃતિ જ્યાં સાધનો ગણવામાં આવતા નથી અથવા તો ઉપર બતાવેલા સાધનોથી કેટલાય ગણા અધિક શ્રેષ્ઠ છે એવા પ્રભુના સ્વરૂપ બલથી જો પ્રભુની પ્રાપ્તિ થાય તેને 'પુષ્ટિ' કહે છે. આ વ્યાખ્યાને વેદસ્વયં પુષ્ટ કરે છે. મુંડકોપનિષદ્‌માં કહ્યું છે.

નાયમાત્મા પ્રવચનેન લભ્યઃ ન મેધયા ન બહુના શ્રુતેન ।
યમેવૈષ વૃણુતે તેન લભ્યસ્તસ્યૈષાત્મા વિવૃણુતે તનુસ્વામ્ ॥

અર્થાત્ ભગવાન શ્રીકૃષ્ણ શાસ્ત્રોનું અધ્યયન કરવાથી અથવા અધ્યાપનથી પ્રસન્ન થતાં નથી. પોતે ખૂબજ બુદ્ધિશાળી અને ધારણ કરવાવાળો હોય છતાંય તેના ઉપર શ્રીકૃષ્ણ ભગવાન પ્રસન્ન થતાં નથી, પરંતુ જેના ઉપર ભગવાન કૃપા કરીને પોતાનો સમજે છે અને તેના ઉપર કૃપાદષ્ટિ નજર રાખે છે. તેનેજ પરમાત્માની પ્રાપ્તિ થાય છે.

ભગવાને શ્રીગીતોપનિષદ્‌માં પણ આજ્ઞા કરી છે કે 'ભકત્યાહમેકાં ગ્રાહ્યઃ ।' હું કેવલ ભક્તિથી જ પ્રસન્ન થાઉં છું. અન્ય કોઈ ઉપાયથી મને પ્રસન્ન કરી શકો નહીં. તમો જુઓ જેના લક્ષ્મીજી પગ ચાંપે છે. તેને થોડા પૈસા ધરીને શું પ્રસન્ન કરી શકાય? અથવા તો જેઓ વાણીના પતિ છે અને સરસ્વતી દેવી તેમાંથી શક્તિ લઈને નિર્વાહ કરે છે તેને આપણે શું આંપણી ટુટી

ફુટી સ્તુતિ કરીને રીઝાવી શકીએ? એટલા માટે જીવ પોતે કાંઈ જ નથી (જીવનું કાંઈ સામર્થ્ય નથી) અને તેની પહોંચ પણ કેટલી છે? તેથી જો જીવ પોતાના તુચ્છ બલ ઉપર વિશ્વાસ રાખીને ભગવાનને વશ કરવાની ઈચ્છા રાખે તો તે જીવની મૂર્ખતા છે. ભગવાન તો ભક્તિવશ્ય તરીકે પ્રસિદ્ધ છે.

આ ભક્તિ જ 'પુષ્ટિ' છે. કારણ કે ત્યાં કાર્યકારણને એક જ માનવામાં આવે છે. 'પુષ્ટિમાર્ગ' શબ્દ સાંભળતા અથવા કહેતા જ ભક્તિમાર્ગ સમજી લેવો જોઈએ. પુષ્ટિમાર્ગીય યાવદ્ ગ્રંથોને આપણે ભગવદ્ અનુગ્રહ શાસ્ત્ર કહીએ તો તે ઉચિત જ છે. કેમકે આ શાસ્ત્રોમાં ભગવદ્ અનુગ્રહ ઉપર જ વિશેષ બળ આપવામાં આવ્યું છે.

(૧) પુષ્ટિમાર્ગ ક્યારથી પ્રચલિત થયો? : હવે સાધારણ કહી શકાય પરંતુ મહત્વપૂર્ણ પ્રશ્ન એ થાય છે કે આપણો આ પુષ્ટિમાર્ગ લોકોમાં ક્યારથી પ્રચલિત થયો. લોકોમાં સાધારણ ભ્રમ એ છે કે આ પુષ્ટિમાર્ગના આદિ–પ્રવર્તક શ્રીવલ્લભાચાર્યજી છે. પરંતુ તે માન્યતા ભૂલભરેલી છે. જેવી રીતે ભગવાન વેદ વ્યાસજીને વેદ અને પુરાણના કર્તા તરીકે માનવામાં આવે છે. શું ભગવાન વેદવ્યાસજી વેદના પ્રણેતા છે? ના. વેદ અને પુરાણ સ્વયંભુ છે. વેદનું તો વ્યાસજીએ કેવળ સંપાદન કર્યું છે. તેજ રીતે પુષ્ટિ સંપ્રદાય તો અનાદિ કાળથી પ્રચલિત છે. હાં, આચાર્ય શ્રીવલ્લભાચાર્યજીએ પુષ્ટિમાર્ગને સાધારણ જનોમાં પરિચિત કરાવ્યો છે.

ભગવદુપદિષ્ટ વેદ, શાસ્ત્ર અને પુરાણથી પ્રતિપાદિત વૈષ્ણવ મતના ચાર સંપ્રદાય છે. પદ્મપુરાણમાં લખ્યું છે.

શ્રીબ્રહ્મરુદ્રસનકા વૈશ્ણવાઃ ક્ષિતિ પાવનાઃ ।
ચત્વારસ્તે કલૌ ભાવ્યાઃ સમ્પ્રદાય પ્રવર્તકાઃ ॥

અર્થ— કલિયુગમાં ચાર સંપ્રદાયને ચલાવવાવાળા ચાર દેવ શ્રી, બ્રહ્મ, રુદ્ર અને સનકાદિ થશે. અહીં શ્રી થી રામાનુજ, બ્રહ્મથી મધ્વાચાર્ય, રુદ્રથી વિષ્ણુસ્વામી અને સનકથી નિમ્બાર્કાચાર્ય થયા એ જાણી લેવું જોઈએ. તેમાંથી વિષ્ણુસ્વામી મતના સંગૃહીતા શ્રીવલ્લભાચાર્ય થયા. આપે વિષ્ણુસ્વામીના મતની સાથે રહીને, પ્રભુથી પ્રાપ્ત 'શુદ્ધાદ્વૈત' અથવા 'પુષ્ટિમાર્ગ'નો ઉપદેશ આપ્યો. વિષ્ણુસ્વામી અનેક થયા છે.

(૨) સમ્પ્રદાયનો મર્મ : જે ભક્તિમાર્ગમાં શ્રીકૃષ્ણના મંત્રનું ઉત્તમ દાન પરંપરાથી પ્રાપ્ત થયું છે તેને 'પુષ્ટિ' સંપ્રદાય કહે છે. આ છે પુષ્ટિમાર્ગનો મર્મ. આ મર્મનો અર્થ અને રહસ્ય સમજવાથી બધા પ્રકારની શંકાઓનું નિવારણ થાય છે. સંક્ષેપમાં સંપ્રદાયનો મર્મ બતાવવામાં આવે તો તે છે કે 'ભગવાનને પ્રસન્ન કરવાનો પ્રયત્ન કરતા રહેવું? જ્યારે ભગવાન જ પ્રસન્ન થાય તો બીજું શું મળવાનું બાકી રહે?

કિમ લભ્યં ભગવતિ પ્રસન્ને શ્રીનિકેતને ।

વાસ્તવમાં કહી શકાય કે જો કોઈ સાર્વભૌમ સંપ્રદાય (UNIVERSAL RELIGION) હોય, તો તે આપણો 'પુષ્ટિમાર્ગ' છે. પુષ્ટિમાર્ગનો મર્મ અને પુષ્ટિમાર્ગનું રહસ્ય જગત વ્યાપી અને સર્વપ્રિય છે કે તે પોતે આપ મેળે જ જગતનો સંપ્રદાય બન્યો છે. વિરક્ત સંન્યાસીને જુઓ, કર્મ જ્ઞાનીને જુઓ, અને ઘરમાંના એક ગરીબ ગૃહસ્થને જુઓ તેઓ શાની ઈચ્છા રાખે છે? એ બધા એક જ ઈચ્છા રાખે છે કે 'પ્રભુ અમારા ઉપર પ્રસન્ન થાય' આ લોકોની હંમેશા આ પ્રકારની ઈચ્છા રહે છે. અથવા સત્ય કહેવામાં આવે તો એ બધાય 'પુષ્ટિમાર્ગ'ના ઉપાસક છે. એટલા માટે આ સંસારમાં વિશ્વધર્મની યોગ્યતા ધરાવતો હોય એવો કોઈ સંપ્રદાય હોય તો તે 'પુષ્ટિમાર્ગ' છે.

(૩) વિશ્વધર્મ પુષ્ટિમાર્ગ : આ કલિયુગમાં જ્યારે દેશ, મંત્ર, કાળ, કર્મ, દ્રવ્ય અને કર્તા બધા દોષયુક્ત થઈ ગયા છે ત્યારે તેના થકી ભગવાનને પ્રસન્ન કરવા અત્યંત કઠીન થઈ ગયું છે. આપણો પુષ્ટિમાર્ગ જીવને સત્ય પથ ઉપર લાવીને ભગવાનની પ્રાપ્તિનો માર્ગ બતાવે છે. તે રીતે વિશ્વધર્મ તરીકે સ્થાન મેળવ્યું છે. સર્વથી શ્રેષ્ઠ, સર્વથી સરળ અને ગંભીર એવો આ ઉત્તમ 'પુષ્ટિમાર્ગ' છે.

આ પથ ઉપર ચાલનાર ક્યારેય દુઃખનો અનુભવ કરતા નથી. **'ધાવન્નિમીલ્ય વા નેત્રે ન પતેન્નસ્ખલેદિહ'** એટલે કે આંખ વીંચીને પણ આ માર્ગ ઉપર કોઈ દોડે છે તો આ માર્ગ એટલો સ્વચ્છ અને નિષ્કંટક્ છે કે ચાલવાવાળો ન તો તેના ઉપર પડી જાય છે અથવા તો તેના પરથી ચલિત થતો નથી. આવા ધર્મની વિશ્વને આવશ્યકતા છે. અને આ જ આપણો 'પુષ્ટિમાર્ગ' છે. વ્યાસજીએ ભાગવતમાં લખ્યું છે 'એષ નિષ્કંટકઃ પન્થા યત્ર સમ્પૂજ્યતે હરિઃ' અર્થાત્ જ્યાં ભગવાન શ્રીકૃષ્ણ પૂજાય છે તે ઉત્તમ માર્ગ છે. આ સિદ્ધાંતનો સમન્વય પુષ્ટિમાર્ગમાં સારી રીતે થાય છે. પુષ્ટિમાર્ગમાં સાધન અને ફળ બંને શ્રીકૃષ્ણ અને તેની કૃપા છે. શ્રીકૃષ્ણની પૂર્ણ અનુકંપા દ્વારા પુષ્ટિમાર્ગમાં, અહંતા મમતારૂપી સંસારથી મુક્તિ, ભગવાન શ્રીકૃષ્ણ ચંદ્રના અલૌકિક માહાત્મ્યનું જ્ઞાન થવું, ભગવાનનો સાક્ષાત્કાર થવો, ભગવાનમાં દઢ ભક્તિ થવી અને અંતમાં ભગવાનની લીલામાં પ્રવેશ થવો એ સર્વ સાધ્ય બને છે. આ અનુગ્રહથી અથવા પુષ્ટિથી (કૃપાથી) જે ભક્તિ પ્રાપ્ત થાય છે તે પુષ્ટિભક્તિ કહેવાય છે. આ પુષ્ટિમાર્ગ વેદવિહિત વિશ્વધર્મ છે. વેદ, ભાગવત, ગીતા અને બ્રહ્મસૂત્રમાં જે સિદ્ધાંતો રૂપે કહ્યું છે તે બધુંજ પુષ્ટિમાર્ગે પૂર્ણ રૂપથી સન્માન્ય કરેલું છે. જો વાસ્તવિક રૂપથી જોવામાં આવે તો, વેદ, સૂત્ર, ભાગવત અને ગીતા એ બધા પુષ્ટિમાર્ગનું જ નિરૂપણ કરે છે. વિશ્વધર્મ હોવાનું પ્રમાણ એ છે કે આ માર્ગમાં ભગવાનની જે કાંઈ સેવા અથવા ભક્તિ કરવામાં આવે છે. અહીં પ્રત્યુપકારની કોઈ પણ આશા હોતી નથી. કેવળ ભગવાન પ્રસન્ન રહે એજ પૂર્ણ અભિલાષા હોય છે. એટલા માટે

આને નિર્ગુણ ભક્તિમાર્ગ પણ કહે છે.

માહાત્મ્ય જ્ઞાનપૂર્વક ઈશ્વરમાં અત્યંત અનુરાગ પૂર્ણ પ્રેમ કરવો તેજ વિશ્વધર્મ છે. અને એજ પુષ્ટિમાર્ગ છે. આજ ઈશ્વર પ્રત્યે એક માત્ર શુદ્ધ પ્રેમનો માર્ગ છે.

(૪) પુષ્ટિમાર્ગનું તત્વ : પુષ્ટિમાર્ગનું તત્વ છે 'ભગવદ અનુગ્રહ' પરંતુ આ અનુગ્રહ શું છે? શું કોઈ જીવંત પદાર્થ છે કે મુર્તિધારી મનુષ્ય છે કે જંગમ? નહીં, અનુગ્રહ આમાંનું એકેય નથી. શ્રીમહાપ્રભુજીએ અનુગ્રહને આપના નિબંધમાં સુંદર રીતે સમજાવ્યો છે. આપ આજ્ઞા કરે છે કે– 'અનુગ્રહો લોકસિદ્ધો ગૂઢભાવાન્નિરૂપિતઃ' અર્થાત્ અનુગ્રહ કોઈ જીવંત પદાર્થ નથી. ન કોઈ મૂર્તિધારી મનુષ્ય અથવા જડચૈતન. કે જેને લોકો પ્રત્યક્ષ જોઈ શકે કે દેખાડી શકે. તેને જાણવાની રીત એ છે કે લોકોમાં અનુગ્રહનું ઉત્તમ ફળ જુએ ત્યારે અનુગ્રહ માનવામાં આવે છે. આ અનુગ્રહનું સ્વરૂપ શ્રીમહાપ્રભુજીએ નિબંધમાં 'કૃષ્ણાનુગ્રહ રૂપા હિ પુષ્ટિઃ કાલાદિ બાધિકા' એ પ્રકારે કહ્યું છે. અર્થાત્ 'પુષ્ટિ' નામથી જે કહેવામાં આવ્યો તે પદાર્થ કાળ, કર્મ, સ્વભાવ આદિ બધા ઉપર વિજય કરવાવાળો છે. અથવા જેની સત્તા કોઈ નિઃસાધન અધિકારીને ઉત્તમ ફલ આપે છે. આવો પરમ વિલક્ષણ લૌકિક અને અલૌકિક બંને ફળોને આપવાવાળો ભગવદ્ધર્મ છે. આ અનુગ્રહ અહીં ઉદાહરણ આપવાથી વિશેષ સમજાશે.

ઘણા સમય પહેલાંની વાત છે. કાન્યકુબ્જમાં અજામિલ નામનો એક બ્રાહ્મણ પરિવાર સાથે રહેતો હતો. તે સમયના બ્રાહ્મણો નૈષ્ઠિક, કર્મઠ અને જ્ઞાની હતા. પરંતુ અજામિલ અભાગી હતો. તેથી તેનામાં તે ગુણ ન હતા. સમય જાતા તે બ્રાહ્મણોના સદાચારથી વંચિત થઈ ગયો તેથી તે અનાચારી હતો. જે દ્રવ્યનો બ્રાહ્મણ સદઉપયોગ કરે છે. તે દ્રવ્ય અજામિલે અસત્યના રસ્તે ઉપયોગ કર્યો. અસત્ય કાર્યો કરવામાં મશગુલ તેને પોતાના સ્વરૂપનું જ્ઞાન ન રહ્યું અને ભવિષ્યમાં શું થાશે તેની કાંઈ ચિંતા ન હતી. વિષય વાસનાના સમુદ્રમાં ડૂબેલો રહેતો હતો. ભગવાનના નામ રૂપી નૌકા પાસે જ હતી પરંતુ તે તેના તરફ જોતો ન હતો. પાપી મનુષ્યો જેના નામથી કાંપી ઉઠે છે તે મૃત્યુ એક દિવસ આવી પહોંચ્યું. અજામિલને દશ બાળકો હતા. તેમાં સૌથી નાનો બાળક નારાયણ હતો. તેના ઉપર અજામિલને પ્રેમ હતો. જ્યારે ભયંકર યમદુતોને હાથમાં પાશ લઈને જોયા ત્યારે ખુબજ ભય પામ્યો. ત્યારે પોતાના કુટુંબ તથા બાળકોને છોડીને જવાની દારૂણ યાતના તેને સતાવા લાગી. પોતાને અધમ જીવનમાં અંતિમ સમયે એકવાર બાળક નારાયણને જોવાની ખૂબ ઈચ્છા થઈ. એ ઈચ્છાથી પ્રેરાઈને આંસુભરી આંખોએ બાળક નારાયણની તરફ જોઈને ભયભીત થઈને પુકારી ઉઠયો 'નારાયણ'!

એક ક્ષણમાં ત્યાં વિચિત્ર પરિવર્તન આવ્યું. એ મૃત્યુ સમયના અજામિલના અંતિમ શબ્દોએ ખૂબજ પ્રભાવપૂર્ણ કથાનક ત્યાં ઉભી કરી દીધી. જોકે 'નારાયણ' તે એક સાંકેતિક નામ હતુ અને તે નામ અજામિલે ભગવાનને ધ્યેયમાં રાખીને ક્યારેય કહ્યું ન હતું. છતાંય પણ

ભગવાને તેને દારૂણ યમયાતનામાંથી બચાવી લીધો. આ છે ભગવાનની અસીમ કૃપાનું એક ઉદાહરણ. જ્યાં પાપી અજામિલ પણ સાંકેતિક ભગવાનના નામથી મુક્તિ પામ્યો. જે લોકો આવા કૃપાળુ ભગવાનની પરમ ભક્તિ કરે તેના ઉપર ભગવાન પ્રસન્ન થાય તેમાં શું આશ્ચર્ય છે.'

ભગવાનની કૃપાનો એક પ્રભાવ વધારે જોઈએ. મહર્ષિ કશ્યપની પત્નીએ પોતાના પતિને પોતાની અનુરક્તિથી પ્રસન્ન કર્યા. મહર્ષિ બોલ્યા 'ભદ્રે, હું તમારી સેવાથી પ્રસન્ન છું. તમે તમારી ઈચ્છા પ્રગટ કરો હું તે પરિપૂર્ણ કરીશ.' આ પ્રમાણે પતિના કૃપા પૂર્ણ શબ્દો સાંભળીને દિતિ એ સાહસ કરીને બોલી. સ્વામિન્ આ દેવતાઓએ અને વિશેષ કરીને તેના સ્વામીએ મને ખુબ કષ્ટ પહોંચાડયું છે. જો તમો મારી સેવાથી પ્રસન્ન થયા હો તો હે પ્રભો! મને એક એવો પ્રભાવશાળી પુત્ર આપો કે જે આ દુષ્ટો તથા તેના સ્વામી ઈન્દ્રનો નાશ કરે'. મુનિની અનુકમ્પાથી દિતિએ સમય જતાં ગર્ભ ધારણ કર્યો. આથી ઈન્દ્ર ખુબજ ભય પામ્યો. તે આ ગર્ભને નષ્ટ કરવાના ઉપાય વિચારવા લાગ્યો. પરંતુ કોઈ ઉપાય તેને ન સૂઝયો. સંજોગોવશાત્ એકવાર તેની ઈચ્છાની સફળતા મળે તેમ તેને લાગ્યું. એક દિવસ દિતિ આળશવશ ઉચ્છિષ્ટ મુખે સુઇ ગઈ. આ યોગ્ય સમય જોઈને ઈન્દ્રે દિતિના જઠરમાં પ્રવેશ કર્યો. અને પોતાના અમોઘ વજ્રથી અબોધ અને નિરવ ગર્ભ ઉપર પ્રહાર કર્યા. આ પ્રહાર ત્યાં સુધી કર્યા કે જ્યાં સુધી ગર્ભના ૪૯ ટુકડા થયા. જ્યારે ૪૯ ટુકડા થવા છતાંય જ્યારે ગર્ભ જીવિત રહ્યો ત્યારે ઈન્દ્રને ભય લાગ્યો. અને ઈશ્વરના સમીપ અનુગ્રહનું સ્મરણ કર્યું. તે સમજી ગયો કે ભગવાનની કૃપા જેના ઉપર હોય છે તેની રક્ષા ભગવાન સદાય કરે છે. તેને વિશ્વની ભયંકરમાં ભયંકર શક્તિ પણ પછાડી શકતી નથી. તેને આવા કર્મથી ખુબ લજ્જા આવી. તે ત્યાંથી નીકળીને ભાગી જવા ઈચ્છા કરતો હતો. પરંતુ કોઈ અજ્ઞાત શક્તિએ તેને એકલાંને જતાં રોક્યો. પરિણામે ઈન્દ્ર તે ઓગણપચાસ ટૂકડાને પોતાની સાથે સ્વર્ગમાં લઈ ગયો અને તેમને ભાઈ બનાવીને લોકોમાં પરિચિત કરાવ્યા. આ ઓગણપચાસ ટૂકડા આજે પણ મરુતગણના નામથી પ્રસિદ્ધ છે.

દિતિના ગર્ભની આ કથા તથા પહેલાં કરેલી પાપી અજામિલની કથા ભગવદ્ અનુગ્રહ પુષ્ટિમાર્ગીય તત્વનો સુંદર પરિચય આપે છે. એક ગર્ભમાં રહેલું બાળક મહાબળવાન ઈન્દ્રના હાથમાં રહેલા વજ્ર જેવા અમોઘ પ્રાણઘાતક શસ્ત્રથી મારવા છતાંય મર્યું નહિં કે નાશ પામ્યું નહિં. આ છે ભગવાનનો અનુગ્રહ. કાળ, કર્મ, સ્વભાવ આ બધાની પરવા ભગવાનનો અનુગ્રહ કરતો નથી અથવા તે ભગવાનના અનુગ્રહને બાધક નથી. અજામિલ નિરંતર પાપ કરવાવાળો કેવળ નામ લેવાથી તે કાળને જીતી શક્યો. અથવા તો જે મૃત્યુપાશથી કોઈ બચી શકતું નથી તેનાથી મુક્તિ પામ્યો. આ કાળનો કેવો પરાજય થયો તેની નોંધ લેવા જેવી છે. નિશ્ચિત પાપી કર્મો કરતાં રહેવા છતાંય એ પાપી કર્મોની દુષ્ટયાતનાને બદલે ભગવાનની પ્રાપ્તિ થઈ અને કર્મ ઉપર વિજય મેળવ્યો કેવળ ભગવાનના નામથી અને કૃપાથી. તેજ રીતે ઈન્દ્ર પણ વિશ્વરૂપ દધિચી ઋષિ અને વૃત્રાસુરને મારીને અશુભ કર્મનું ફળ ભોગવ્યા વગર પોતાના સ્થાન ઉપર સ્થિર રહ્યો તે કેવળ શ્રીહરિની અસીમ કૃપા અને તેના અનુગ્રહનું એક જાજ્વલ્યમાન ફળ છે.

—ક્રમશઃ

શ્રી યમુનાજીના પદ

રચયિતા—મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ—માધુરી, રાજકોટ

પદ ૭૪

પાપ હરનિ યહ કીરતિ સો હૈ;
પતિ પૂરન શ્રીસુવન પદ પદમ ભ્રંગ મન મોહૈ. ૧
યાકે સુમિરન માત્ર પુષ્ટિ ફલ સકલ લહૈ બિન સાધન;
પુનિ લીલા ઉપયોગિ લહૈ તનુ જો યહ કૃત આરાધન. ૨
પુનિ છિન છિન હરિ ચરિત બિલોકે સર્વાત્મક ફલ પાવૈ;
જો યહ ચરિત નિરત નિશ વાસર સો શ્રીકૃષ્ણ હિ ભાવૈ. ૩
જનકે કષ્ટ ટારિ કરુણાકર નિજ સેવક કરિ રાખેં;
દ્રવેં સકલ બ્રજ ભક્ત તાહિ પે જો શ્રીયમુને ભાખેં. ૪
હોઈ સ્વભાવ દુષ્ટહૂ નીકૌ પ્રેમ પુંજ નિત બાઢૈ;
ફિરૈ સ્વભાવ નંદનંદન કૌ અક્ષર જલતેં કાઢૈ. ૫
શ્રીહરિ દેત મુક્તિ સબહિનકોં યહી ગહનિ ગહિ રાખી;
યમુને કહત ભૂલિ હરિ ટેવહિ ભક્તિ દેત શ્રુતિ સાખી. ૬
શ્રીબલ્લભ પરતિગ્યા કરિ કેં કીની લલિત બડાઈ;
ગિરિજા સત્ય રસાત્મક સરિતા શ્રીયમુને સુખદાઈ. ૭
ગાવત વેદ પુરાણ સંત સુર કાલિંદી કી મહિમા;
'બલ્લભ' દાસ જાને જો યમુને સો વિલસે બ્રજક્ષેમા. ૮

ભાવાર્થ: પાપનું હરણ કરવાની શક્તિ તે કીર્તિથી ગવાયેલા જેમણે અનેક યશો પ્રાપ્ત કર્યા છે તેમાંનું પાપનું હરણ કરવું તે કીર્તિથી વિભૂષિત. પાપથી મુક્ત કર્યા ઉપરાંત તે જીવને પ્રભુના ચરણકમલમાં ભ્રંગ—ભ્રમર બની તેમાં મુગ્ધ થઈ જવું, આવું જ જેનું મન થઈ જાય છે. ભ્રમર ઘણાં ઘણાં પુષ્પોની સુગંધી લેતો ગુંજારવ કરતો ભટકતો ફરે છે. પરંતુ કમળ પુષ્પમાં બેસી મકરંદનું પાન કરતો મોહથી છૂટી શકતો નથી. તેમાં જ બંધીવાન બને છે. તેમ જીવો પર કૃપા કરીને પાપથી મુક્ત બનાવી પ્રભુનાં પદ કમલમાં મન મોહિત કરાવવાથી, જેનાં સ્મરણ માત્રથી પુષ્ટિ જીવો પુષ્ટિ ફલની પ્રાપ્તિ કરી શકે. જેને કોઈ સાધનબળ હોતું નથી એટલું જ નહીં તે પુષ્ટિલીલોપયોગી દેહ પ્રાપ્તિ કરે છે. તે આપની આરાધનાનું ફળ છે. તે જીવ ક્ષણ પ્રતિક્ષણ થતી પ્રભુની લીલાનું ચિંતન, દર્શન કરીને સર્વાત્મભાવનું ફળ પ્રાપ્ત કરે છે. આવા અદ્ભુત ચરિત્રોનું રાત દિવસ યશોગાન જે કરે છે તેના ઉપર શ્રીકૃષ્ણ પૂર્ણ કૃપા કરે છે. તે પ્રભુને માનીતો

થઈ જાય છે. જીવોનું કષ્ટ દુર કરે છે. દયાનું દાન કરીને પોતાનો દાસ કરીને રાખે છે. વ્રજભક્તો પણ તેના ઉપર કૃપા કરે છે, આનંદ આપે છે. જો કોઈ શ્રીયમુનાજીનું નામસ્મરણ કરે છે તેનો કદાપિ દુષ્ટ સ્વભાવ પણ હોય તો તેનો પણ સ્વભાવ ઉપર વિજય પ્રાપ્ત કરાવી તેની હરિલીલા યશોગાન કરવા પ્રેમભાવની વૃદ્ધિ રોજેરોજ કરાવે છે. સ્વામી શ્રીનંદનંદન તેનો પણ સ્વભાવ ફેરવી નાંખે છે.

કર્માનુસાર સારા નરસાં કર્મો ભોગવતા હોય તેને સંસારરૂપી સાગરમાંથી બહાર કાઢીને તેને મુક્તિ પ્રદાન કરે છે, આવું ઘરેણું તેમણે પહેર્યું છે. શ્રુતિઓ કહે છે કે પ્રભુ પણ ભૂલી જાય છે. દંડને બદલે કૃપા કરે છે.

શ્રીમહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીએ પણ શ્રીયમુનાજીની ભુરી ભુરી પ્રશંસાપૂર્વક સ્તવન કર્યું છે કે કલિન્દ નંદિની, યમુનાજી સતત રસાત્મક જળ પ્રવાહરૂપે દુઃખ નિવારણ કરી સુખ પ્રદાન કરે છે. તેમજ વેદપુરાણ, સંત, દેવતાઓ, કાલિન્દીજીના મહિમાનું ગાન કરે છે. વલ્લભદાસ કહે છે કે જેનાં ઉપર શ્રીયમુનાજી કૃપા કરે તે જ વ્રજવાસ કરી તટ પર નિવાસ કરી આનંદમય જીવન વિતાવે છે. ૭૪

દેવર્ષિ નારદ રચિત

ભક્તિસૂત્ર – પ્રેમદર્શન

હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદાર ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.
ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ

—ગતાંકથી ચાલુ

આમ ભક્તિ પ્રેમરૂપા એમ પ્રદર્શિત કર્યુ. તો તે ભક્તિનું ફળ શું? આવી જિજ્ઞાસા થતાં ભક્તિનું ફલ બતાવવાને બહાને, પુરુષાર્થની અવધિ બતાવવાને ઈચ્છતા આચાર્યદેવ, ચાર સૂત્રમાં ભક્તિનું રહસ્ય સ્પષ્ટ કરતાં કહે છે કે—

યત્ લબ્ધ્વા પુમાન્ સિદ્ધો ભવતિ, અમૃતો ભવતિ તૃપ્તો ભવતિ ॥૪॥

જેને (પરમ પ્રેમરૂપા અને અમૃતરૂપા ભક્તિને) પામીને મનુષ્ય સિદ્ધ થઈ જાય છે, અમર થઈ જાય છે અને તૃપ્ત થઈ જાય છે. ૪

જેણે ભગવત્—પ્રેમામૃતનું પાન કરી લીધું, તે સિદ્ધ છે, સિદ્ધ શબ્દ અહીં અણિમાદિ સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર પુરુષ માટે નથી. પ્રેમીભક્ત આ સિદ્ધિઓની તો વાત જ ક્યાં છે, મોક્ષરૂપ સિદ્ધિ પણ નથી ઈચ્છતા. આ સિદ્ધિઓ તો આવા પ્રેમી ભક્તની સેવા માટે તક શોધતી રહે છે, પરંતુ તે ભગવત્પ્રેમની સામે અત્યંત તુચ્છ સમજીને તેનો સ્વીકાર જ નથી કરતા.

ભગવાન પોતે કહે છે—

ન પારમેષ્ઠયં ન મહેન્દ્રધિષ્ણ્યં ન સાર્વ ભૌમં ન રસાધિપત્યમ્ ।
ન યોગ સિદ્ધિરપુનર્ભવં વા મય્યર્પિતાત્મેચ્છતિ મદ્વિનાન્યત્ ॥

(શ્રીમદ્ ભા. ૧૧/૧૪/૧૪)

મારામાં ચિત્ત લગાવી રાખનાર મારા પ્રેમી ભક્ત મને છોડીને બ્રહ્માનું પદ, ઈન્દ્રાસન, ચક્રવર્તી રાજ, જુદા જુદા લોકની સત્તા, યોગની બધી સિદ્ધિઓ અને સાયુજ્ય મોક્ષ વગેરે કાંઈપણ ઈચ્છતા નથી.

એક ભક્ત કહે છે—

રોમાંચન ચમત્કૃતા તનુરિયં ભક્ત્યા મનોનન્દિતં
પ્રેમાશ્રુણિ વિભૂષયન્તિ વદનં કંઠં ગિરો ગદ્ગદાઃ ।
નાસ્માકં ક્ષણમાત્રમપ્યવસરઃ કૃષ્ણાર્ચનં કુર્વતાં
મુક્તિર્દ્વારિ ચતુર્વિધાપિ કિમિયંદાસ્યાયલોલાયતે ॥

(બોધસાર)

પ્રિયતમ શ્રીકૃષ્ણની સેવા કરતા સમયે શરીર પુલકિત થઈ ગયું, ભક્તિથી મન પ્રફુલિત થઈ ગયું, પ્રેમના આંસુઓએ મુખને અને ગદ્ગદ્ વાણીએ કંઠને સુશોભિત કરી દીધા. હવે તો અમને એક ક્ષણની પણ ફુરસદ નથી કે અમે કોઈ બીજી વાતનો સ્વીકાર કરીએ. આ ઉપરાંત પણ સાયુજ્ય વિગેરે ચારે પ્રકારની મુક્તિઓ ન જાણે શા માટે અમારા દરવાજા પર ઉભી અમારી દાસી બનવા માટે આતુર થઈ રહી છે?

ભક્ત જો ભોગ અને મુક્તિનો સ્વીકાર કરી લે તો તેઓ પોતાનું પરમ સૌભાગ્ય માને છે, પરંતુ ભક્ત એવું નથી કરતા.

હરિભક્તિ મહાદેવ્યાઃ સર્વા મુક્ત્યાદિસિદ્ધયઃ ।
ભુક્તયશ્ચાદ્ ભુતાસ્તસ્યાશ્ચેટિકાવદનુ વ્રતાઃ ॥

(નારદ પંચરાત્ર)

મુક્તિ વિગેરે અનેક સિદ્ધિઓ અને અનેક પ્રકારના વિલક્ષણ ભોગ દાસીની જેમ મહાદેવી હરિભક્તિની સેવામાં લાગેલી રહે છે.

કાકભુશુંડિજી મહારાજ કહે છે—

જિમિથલબિનુ જલ રહિ ન સકાઈ । કોટિ ભાંતિ કોઉ કરૈ ઉપાઈ ॥
તથા મોચ્છ સુખ સુનુ ખગરાઈ । રહિ ન સકઈ હરિ ભગતિ બિહાઈ ॥

તેથી અહીં સિદ્ધિનો અર્થ 'ધન્યધન્યતા' લેવો જોઈએ. ભક્તને કોઈ વસ્તુના અભાવનું જ્ઞાન નથી રહેતું. તે પ્રિયતમ ભગવાનના પ્રેમને પામીને બધી રીતે પૂર્ણ કામ થઈ જાય છે. આ પૂર્ણ કામના જ તેનું અમરપણું છે. જ્યાં સુધી મનુષ્ય ધન્ય ધન્ય કે પૂર્ણકામ ન થાય, ત્યાં સુધી તેને વારંવાર કર્મવશ આવવું—જવું પડે છે. પૂર્ણકામ ભક્ત સૃષ્ટિ અને સંહાર બંનેમાં ભગવાનની લીલાનો પ્રત્યક્ષ અનુભવ કરી મૃત્યુને ખેલ સમજે છે. ખરેખર તો તેને માટે મૃત્યુનું જ મૃત્યુ થઈ

જાય છે. પ્રભુ લીલા સિવાય મૃત્યુ વાચક કોઈ ભયજનક વસ્તુ તેના જ્ઞાનમાં રહી જતી જ નથી અને તેથી તે તૃપ્ત થઈ જાય છે. જ્યાં સુધી જગતના પદાર્થોની ઈશ્વરલીલાથી અલગ કોઈ સત્તા રહે છે ત્યાં સુધી તેને સુખદ કે દુઃખદ સમજીને મનુષ્ય નિરંતર નવા નવા સુખદાયક પદાર્થોની ઈચ્છા કરતો અતૃપ્ત રહે છે. જ્યારે બધાનું મૂળ સ્રોત, બધાનું યથાર્થ પૂર્ણ સ્વરૂપ તેને મળી જાય છે ત્યારે તેને અધૂરા અને અપૂર્ણ પદાર્થો તરફ તેનું મન જ નથી જતું. તે પૂર્ણને મેળવીને તૃપ્ત થઈ જાય છે.

ભાષ્યાર્થ : ચોથા, પાંચમા અને છઠ્ઠા સૂત્રમાં ભક્તિનું ફલ બતાવીને સાતમા સૂત્રમાં ભક્તિ નિષ્કામરૂપા હોય છે એમ આચાર્ય અહીં સિદ્ધ કરે છે. પ્રેમ પદાર્થને પ્રાપ્ત કરનારને સૂત્રકારે ‘પુમાન=પુરુષ=મરદ’ કહ્યો છે તે ધ્વનિપૂર્ણ છે. કેમકે ભક્તિની પ્રાપ્તિ એ બાળકની લીલા નથી! એ તો પુરૂષાર્થની છેવટની હદ છે અને પરમ પુરૂષાર્થની પ્રાપ્તિ નામરદને થતી જ નથી! આથી અહીં પુંસ્ત્વ=નર જાતિનો જે ઉલ્લેખ છે તે ભાનપૂર્વક છે.

આચાર્યદેવ કહે છે કે જે મરદ માણસ આ ભક્તિ આત્મસાત્=આત્મરૂપ=પોતાના સ્વભાવમાં ઓતપ્રોત કરી દે છે તે ‘સિદ્ધ’ થાય છે અને સિદ્ધિ એટલે ક્રિયાની નિવૃત્તિ. અર્થાત્ અહીં આશય આ છે. આત્મસ્વરૂપમાં નિષ્ઠાથી પ્રેમ ભિન્ન નથી, અને આત્મા તો સ્વરૂપે આપ્તકામ છે. આથી જે પ્રેમી છે તેને કર્મ દ્વારા પોતાનો કોઈ સ્વાર્થ નથી. જે કોઈ ફલાર્થી હોય તે સ્વાર્થવશ થઈને કર્મમાં પ્રેરાય. ફલાશૂન્ય સ્વાર્થે કર્મમાં પ્રેરાતો નથી. અને પોતાના સ્વરૂપમાં સ્થિતિ તો હંમેશા સિદ્ધ જ છે. કર્મથી તે સિદ્ધ થઈ શકતી નથી. આથી ભક્તિને પ્રાપ્ત કરીને સ્વાર્થ ખાતર તો કશું કર્મ થતું જ નથી અને તેવો પુરુષ જો લોક સંગ્રહ માટે કર્મો કરે છે તો તેના તેકર્મો દૂષણરૂપ નથી, પણ ઉલટાં ભૂષણરૂપ છે. કેમકે તેવા પુરુષને કર્મમાં ‘હું કરુ છું’ એવો કર્તુત્વનો સંગ નથી અને એવો સંગ ન હોવાથી તેનાં કરેલા તમામ કર્મો એની મેળે જ અકર્મ બની જાય છે. આથી તે કર્મો કર્તાને લિપ્ત કરતાં=રાગદ્વેષાદિ મેલથી મલિન કરતાં નથી. અને પરાર્થને સાધનારા કર્મો તો દૂષણરૂપ નથી, પણ ભૂષણરૂપ જ છે. આથી પરમ પ્રેમ સ્વરૂપ ભક્તિને પ્રાપ્ત કરીને મનુષ્ય સિદ્ધ થાય છે એ વાત શાસ્ત્રીય છે અને તે ઉપરાંત અનુભવથી પણ સમર્થિત થાય છે.

અને વળી તેવો પુરુષ અમૃત થાય છે. મુખ્ય અને અમુખ્ય એમ બે પ્રકારથી અમૃતત્વ બે પ્રકારનું છે. આત્મદર્શનના પ્રભાવથી ભક્તિયુક્ત પુરુષ, આત્માને સાક્ષાત્ જન્મ, જરા, મરણ વગેરે ઉપદ્રવ રહિત જુવે છે. અને એ સાક્ષાત્ જોતો હોઈને, અવિદ્યાના ચમકારારૂપ જન્મ વગેરેનો ભ્રમથી પણ પોતાના ઉપર આરોપ કરતો નથી.

‘બ્રહ્મૈવ સન્ બ્રહ્માપ્યેતિ=બ્રહ્મ જ હોઈને તે બ્રહ્મમાં લીન થાય છે’– આ શ્રુતિમાં બતાવેલી રીત મુજબ તેવો પુરુષ પ્રારબ્ધકર્મ ખતમ થતાં અમૃતબ્રહ્મમાં પ્રવેશ કરે છે. આ છે મુખ્ય અમરતા.

તે ઉપરાંત ભક્તિને ખાતર ભૌતિક કાયાને ત્યાગ તો ભક્ત પોતાની અજોડ અને સનાતન કીર્તિ સ્થાપે છે. પરમાત્માનો ભક્ત પ્રસિદ્ધ ન થાય એવું તો બનતું જ નથી! કેમકે પરમાત્મા જ

તેવા પુરુષાસિંહની કીર્તિકાયાને જરામરણના ભયમાં ઉગારી આ ભૂમંડલમાં યાવચ્ચન્દ્ર દિવાકરૌ અતિ પ્રકટરૂપે ધારણ કરે છે. કેમકે તેવાની કીર્તિકાયા એ ભાવિ ભક્તોની ભક્તિનો પ્રાણ છે. જે આ કીર્તિરૂપે અક્ષય્યજીવન તે પણ 'અમૃત' શબ્દથી ધ્વનિત છે. આમ પુરુષાર્થની છેવટની સીમારૂપ ભક્તિને પ્રાપ્ત કરીને મરદ પુરુષ બંનેય પ્રકારના અમૃતત્વને પામે છે.

વળી ભક્તિયુક્ત પુરુષ તૃપ્ત હોય છે. તૃપ્તિ એટલે અલંબુદ્ધિ=બસબુદ્ધિ, કેમકે વિરાગના રાગે રંગાયેલો કદી વિષયરાગે રંગાતો નથી! પ્રકૃતિ પર્યન્તના તમામ પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ વિષયો કૃપણને વહાલા હોય છે– જેને પ્રેમનું ઉદાર રહસ્ય મળ્યું છે. તે તમામ વિષયો સ્વપ્રકાશ પરમાત્મા વડે પ્રાણિત થાય છે અને આનંદદાયી લાગે છે.

ભક્તને તો સ્વપ્રકાશ, જીવનમાત્રનો મૂળ અખૂટ ઝરો, આનંદ સાગર પરમાત્મા મળી ચૂક્યા છે! આથી તે શું ઈચ્છે? કઈ કામનાને માટે વિષયોની પાછળ તે તૃપ્ત થાય! =તાવ આણે? આથી ભક્ત પુરુષ ઈચ્છે તો પણ નીરસ અને ઉચ્છિષ્ઠ=એઠા વિષયોમાં, જ્ઞાન પ્રસાદના માહાત્મ્યને લઈને, પ્રીતિ પામતો નથી! આથી પરમાત્માના પ્રેમીને જ્ઞાનના પ્રસાદરૂપ 'અલબુદ્ધિ=બસબુદ્ધિ સ્ફુરે છે એમ જે આચાર્ય કહે છે તે યોગ્ય જ છે.'૪

—ક્રમશઃ

[illegible]

લેખક : પ.ભ. જેઠાલાલ છો. શાહ "ઊર્મિલ" સાવલી

દ્વારકાપતિ ભગવાન શ્રીકૃષ્ણ વ્રજનાં ગોપીજનોની યાદ આવતાં જ વિરહ વ્યાકુળ બની જતા હતા. રુકિમણી આદિ આઠ પટરાણીઓ એ જોઈને જરા ઈર્ષાભાવ ધરાવતા. કૃષ્ણ આ સમજતા. સમય જોઈને એક વખત તેમણે પટરાણીઓનો ઈર્ષાભાવ નષ્ટ કરવા તેમજ પ્રાણવલ્લભા ગોપીજનોનું મહાત્મ્ય વધારવા એક યુક્તિનું આયોજન કર્યું. તેઓ બિમાર પડી ગયા. દ્વારકા નગરના મોટા મોટા વૈદ્યરાજોથી પણ એમની એ બિમારી ન મટી. દર્દ તો વધતું જ ગયું. પટરાણીઓ મુંઝાઈ ગઈ. અંતમાં શ્રીકૃષ્ણે કહ્યું, અનુપાન તરીકે કોઈની ચરણરજ પ્રાપ્ત થાય તો મને મટી જાય. કૃષ્ણનું આ કથન સાંભળી સર્વ સ્તબ્ધ બની ગયા. આવું અનુપાન કોણ આપે? રુકિમણી, સત્યભામા વગેરે આઠે પટરાણીઓ પોતાની ચરણરજ આપી પાપના ભાગીદાર બનવા તૈયાર ન થયાં. પરિણામે દેવર્ષિ નારદને બોલાવવામાં આવ્યા અને બધી હકીકત કહી. બ્રહ્માંડમાંથી એવી ચરણરજ લઈ આવવા મોકલ્યા. નારદજી ઘણું ફર્યા પણ પૂર્ણ પુરુષોત્તમને પોતાની ચરણરજ આપવાનું દુઃસાહસ કરવા કોઈ તૈયાર ન થયું. હતાશ બની રહી નારદજી દ્વારકા પરત આવ્યા.

શ્રીકૃષ્ણે પૂછ્યું, સ્વર્ગ ફરી આવ્યા? 'હા'. કોઈએ ન આપી ? 'ના'. શાથી? 'પાપના

ભયથી. એવું પાપ તો નરકમાં લઈ જાય. કોઈ તૈયાર ન થયું. 'વ્રજમાં પણ જઈ આવ્યા?' 'સ્વર્ગમાં પણ કોઈ આપનાર ન નીકળ્યું તો વ્રજમાં વળી કોણ આપે?' 'પણ, જાઓ તો ખરા.' 'ભલે ફેરો મારી આવું, પણ નિરાશ થઈને પરત આવવું પડશે.'

નારદજી અશ્રદ્ધાપૂર્વક વ્રજમાં ગયા. નારદજી પોતાના શ્યામસુંદરની પાસેથી આવ્યા છે જાણી વ્રજાંગનાઓ આનંદથી વિહ્વળ બની નારદજીને વીંટળાઈ વળી અને લાલાના સમાચાર પૂછવા લાગી. પરંતુ નારદજીના મુખથી કૃષ્ણના બિમાર હોવાના સમાચાર સાંભળતા જ એ સર્વેના પ્રાણ જાણે કંઠે આવી ગયા. તેમણે પૂછયું 'અરે, કોઈ સારો વૈદ્ય ન મળ્યો?' 'વૈદ્ય છે તેમ ઔષધ પણ છે પણ અનુપાન મળતું નથી.' 'એવું તે વળી શું પાન છે?' 'એ વસ્તુ બહુજ દુર્લભ છે. સમગ્ર બ્રહ્માંડમાં ફરી આવ્યો પણ કોઈ આપતું નથી. જોકે એ વસ્તુ છે દરેકની પાસે.' 'પણ એવું તે એ શું છે? ગોપીકાઓની જિજ્ઞાસા વધી પડી. 'તમે આપી શકશો?' 'અમારા એ પ્રાણવલ્લભને માટે ન આપી શકાય એવી કોઈપણ વસ્તુ અમે અમારી માનતા નથી.' 'ઠીક તો ભગવાન શ્રીકૃષ્ણને તમારી ચરણરજ આપી શકશો?'

'ઓહ! કેવી વાત બની ગઈ! નારદજીતો આશ્ચર્યચક્તિ બની ગયા. ગોપીઓએ તો નારદજીનું કથન સાંભળતાજ પગ પાસેની ચરણરજ ભેગી કરી અને તે નારદજીને આપતાં સરળ ભાવે કહ્યું: લો, લો. જલ્દી કરો. આ અનુપાન લઈ જલ્દી જાવ અને તેમની બિમારી દૂર કરી દો. અમારા પ્રાણવલ્લભને તે વળી બિમારી શી? તેમની બધી બિમારી તમામ અલાબલા અમને આવજો અને એમને મટી જજો'

'હા', નારદજી બોલ્યા : પણ આ કાર્ય સરળ ના સમજશો. આ તો ધૃષ્ટતા કહેવાય. બ્રહ્માંડના પતિને પોતાની ચરણરજ આપતાં વિચાર કરવો જોઈએ. આનું પરિણામ જાણો છો? નરકના અધિકારી બની જશો. નારદજીએ ભય દર્શાવ્યો.

'કશી ફીકર નહીં ઋષિવર! અમારું સ્વર્ગ નરક, અમારી મુક્તિ ભુક્તિ, અમારાં જીવન મરણ, સુખદુઃખ, હાસ્ય રુદન એ સર્વ અમારા પ્રાણપતિને અવલંબેલા છે. સર્વ અવસ્થાઓમાં અમે તો કૃષ્ણમય જ છીએ. નરક સ્વર્ગ અમારે મન તો મિથ્યા છે. પણ હાં, ચર્ચા મૂકી દો. આવી ચર્ચા કરવી હોય તો ફરી આવજો પણ અત્યારે તો તમે હવે જલ્દી જાવ અને દ્વારકા ભેગા થઈ જાવ. નારદજીનું હૃદય પવિત્ર પ્રેમ સરિતાથી છલકાઈ ગયું. વિવશ બની રહી તેઓ ગોપિકાઓના ચરણમાં આળોટી પડયા. તેમણે આપેલી ચરણરજની પોટલી લઈને તેઓ દ્વારકાના પંથે વળ્યા.

ચરણરજના અનુપાન સાથે દવા લેતાં કૃષ્ણની બિમારી દૂર થઈ ગઈ. સર્વત્ર આનંદ આનંદ છવાઈ ગયો. કૃષ્ણ ઉપર પોતે પોતાના તન મન ઓવારી દે છે એવી પટરાણીઓનો ગર્વ નષ્ટ થઈ ગયો. સાચો પ્રેમ કેવો હોય તે તેમણે અનુભવ્યું. ગોપિકાઓના પ્રેમની અપાર તલસ્પર્શી ગંભીરતા, અગાધતા અને મધુરિમાને જોઈ તેઓ પછી કૃષ્ણની સંગે તદ્રુપ થઈ ગયા.

□□□

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

રૂ.૫૦૧/– ગો.વા.અ.સૌ વજીબેન શંભુભાઈ લાખાણી અમદાવાદના ભગવત્સ્મરણ.
હસ્તે વી. એસ.લાખાણી, ડોમ્બીવલી

કાવ્ય – કુંજ

શ્રીમદ્ ભાગવત દશમ સ્કન્ધ (પૂર્વાર્ધ)નું ધોળ

રચયિતા : દાસાનુદાસ જયંત જી. ગાંધી 'કુસુમાયુધ' (જુનાગઢ)

યમલા–ર્જૂન બે વૃક્ષ વચ્ચેથી, ઉખલ ખેંચવા લાગ્યાજી રે,
નલકુબેરને મણિગ્રીવ તણો, ત્યાં ઉદ્ધાર કરતા જી રે... ૨૧
શ્રીનંદરાયના નિરોધ કાજે, વૃંદાવનમાં વાસો જી રે,
શ્રીગોવર્ધન પર્વત છે જ્યાં, યમુનાજીનાં પુલિનો જી રે... ૨૨
વાછરડાં નંદજીનાં ચારે, સચરાચરનો સ્વામી જી રે,
કાલાં–ઘેલાં વેણ ઉચ્ચારે, વ્રજ–વનિતા સુખ પામી જી રે... ૨૩
વત્સાસુરનો વધ કર્યો ત્યાં, બકાસુર પણ હણતા જી રે,
શ્રીકૃષ્ણ–દાઉજી કુમારાવસ્થા, વ્રજમાં તો પૂરી કરતા જી રે... ૨૪
ત્રણ અધ્યાયો કલ્પભેદના છે, શ્રીવલ્લભ પ્રભુજી વદતા જી રે,
શ્રીકૃષ્ણ લીલાનાં વર્ણન કાજે, અર્થ ત્રણેનો કહેતા જી રે... ૨૫
અઘાસુર અજગરને મારી, ગોપ બાળ સહુ રડયાં જી રે,
વનભોજન ત્યાં કરે કૃષ્ણજી, ગોપમિત્ર બહુ હરખ્યાં જી રે... ૨૬
એઠું મુખ ચાટે છે કૃષ્ણ ત્યાં, મધુમંગલનું ત્યારે જી રે,
અંતરિક્ષથી બ્રહ્માજી આ, હરિની લીલા નીરખે જી રે... ૨૭
મોહ થયો બ્રહ્માને ત્યારે, ગોપ–વાછડાં હરતા જી રે,
બ્રહ્મલોકમાં મૂકયાં બધાંને, મોહ–નિદ્રામાં રાખ્યાં જી રે... ૨૮
માયાપતિએ નિજ માયાથી, ગોપ–વાછડાં સજર્યાં જી રે,
એક વર્ષભર સ્વયં સ્વરૂપ લઈ, લીલા પ્રભુ આ કરતા જી રે... ૨૯
ગર્વ ગાળ્યો ત્યારે બ્રહ્માનો, ગોપ–વાછડાં સોંપ્યા જી રે,
સ્તુતિ કરી શ્રીકૃષ્ણ પ્રભુની, બ્રહ્મલોકમાં જાતા જી રે... ૩૦
તાલવને ત્યાં ધેનુક રાક્ષસ, ગર્દભ રૂપે વસતો જી રે,
બલદેવજીએ નિજ હસ્તે ત્યાં, ધેનુકને સંહાર્યો જી રે... ૩૧
કાલિય નામે નાગ તણું તો, દમન કૃષ્ણ ત્યાં કરતા જી રે,
નાથ્યો તેના શિર પર નાચી, નટવર લીલા કરતા જી રે... ૩૨
દાવાગ્નિનું પાન કરી, પ્રભુ ગોપ ગાય સહુ રક્ષે જી રે,

પ્રલંબ નામે મહાદૈત્યને, બલદેવજી તો મારે જી રે... ૩૩
દાવાગ્નિ ફરી વનમાં લાગ્યો, પુનઃ પાન પ્રભુ કરતા જી રે,
વર્ષાૠતુમાં વૃંદાવનનું, શોભા વર્ણન કરતા જી રે... ૩૪
શરદ–ૠતુમાં વન ઉપવનની, શોભા સઘળી વધતી જી રે,
'વેણુગીત'નું મધુર ગાન ત્યાં, ગોપી સર્વે કરતી જી રે... ૩૫
કુમારિકાઓ કૃષ્ણ પામવા, કાત્યાયિની વ્રત કરતા જી રે,
ચીર–હરણ લીલાથી પ્રભુ તો, વસન–વાસના હરતા જી રે... ૩૬

—ક્રમશઃ

સન્માન

પુષ્ટિ સંપ્રદાયના સાહિત્યના સિદ્ધહસ્ત લેખક– કવિ– વિવેચક તેમજ શ્રી.....ની સેવામાં રાગ–ભોગ– શૃંગારમાં પારંગત હીંગનઘાટવાળા મુખીયાજી મથુરાદાસ જીવરાજ મહેતા, રાજકોટ ને શ્રીસાચીહર (સાચોરા) બ્રહ્મસમાજ– રાજકોટ દ્વારા તા. ૨–૪–૨૦૦૦ ના રોજ ઔદીચ્ય બ્રહ્મપુરીમાં 'ગૌરવ–પત્ર' તથા 'જ્ઞાતિ–રત્ન' શીલ્ડ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

પુસ્તક પરિચય

૧. ઉત્સવ તથા વ્રતની ટિપ્પણી : પ્રકાશક– પ્લસ કોર્પોરેશન કોટક શેરી મેઈન રોડ, હોટલ આદિત્યની પાછળ, રાજકોટ– ૩૬૦૦૦૧. ફોન (૦૨૮૧) ૨૩૫૬૧૧

સોળ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૪૮, ઓફસેટ પ્રિન્ટીંગ, મીડપીન બાઈન્ડીંગ, લેમીનેશન ટાઈટલ ઉપર દર્શનીય રંગીન ચિત્રજી. ન્યોછાવર રૂ.૩/–

વિ.સં.૨૦૦૦–૨૦૦૧ તા.૫–૪–૨૦૦૦ થી તા.૨૫–૩–૨૦૦૧ સુધીમાં આવતા પૂજ્ય ગોસ્વામી બાલકોના જન્મદિન, વ્રત–ઉત્સવ, ગ્રહણી–શ્રાદ્ધનિર્ણય, ચોઘડીયા, શ્રીગોકુલનાથજીના વચનામૃત વગેરે માહિતીસભર પુષ્ટિસંપ્રદાયના અનુયાયીઓએ માટે ખાસ ઉપયોગી.

પૂ.પા.ગો.શ્રીકનૈયાલાલજી મહારાજશ્રી કરકમલોથી 'શ્રીકૃષ્ણાશ્રય' હવેલીમાં આ ટિપ્પણી વિમોચનાો કાર્યક્રમ વૈષ્ણવોને બહોળી સંખ્યાની ઉપસ્થિતિમાં સુસંપન્ન થયો હતો.

૨. નિત્યદર્શન– નિત્યસ્મરણ : પ્રકાશક– આં.રા.પુ.વૈ.પરિષદ ગુજરાત પ્રદેશ
પ્રાપ્તિસ્થાન : ૧૬૨/બી, શ્રેણીક પાર્ક, અકોટા સ્ટેડીયમ સામે, અકોટા. વડોદરા. ૩૯૦૦૨૦
ન્યોછાવર : એક નકલ રૂ.૬/–, એકસો નકલ રૂ.૫૫૦/– પોસ્ટેજ અલગ.

આ પુસ્તિકામાં મંગલાચરણ, ષોડશ ગ્રંથો પૈકી યમુનાષ્ટક, શ્રીકૃષ્ણાશ્રય, ચતુઃશ્લોકી, નવરત્નમ્, સિદ્ધાંતરહસ્ય તથા સર્વોત્તમસ્તોત્ર અને અન્ય અષ્ટકો વિગેરે જે વૈષ્ણવો નિત્યસ્મરણ

કરે છે તે આર્ટ પેપર ઉપર છાપેલ છે. ઉપરાંતમાં અષ્ટસખાના દર્શનની ઝાંખી કરાવતા સુંદર ચિત્રજીનો સમાવેશ કરેલ છે. આ નાની પુસ્તિકા વસાવવા જેવી અને ભેટ આપવા માટે પણ ઉત્તમ છે.

☐ શ્રીવલ્લભાયન માધુર્ય કાવ્ય ગુજરાતી ભાષાંતર સાથે

આ.રા.પુ.વૈ.પરિષદ ધોરાજી શાખા દ્વારા 'શ્રીગણપતરામ શાસ્ત્રી' રચિત શ્રીવલ્લભાયન માધુર્ય કાવ્ય અગાઉ પ્રકાશીત થયેલ છે. ગુજરાતી વાંચકોની રસવૃદ્ધિ વધે તેમજ સરલતાથી સમજાય તે હેતુથી કડી નિવાસી બાબુભાઈ નાયક તથા સુ.શ્રીકિરણબેન શાહ દ્વારા ભાષાંતરીત કરેલ અર્થ સાથે મૂળ ગ્રંથના દોહા–છંદ–ચોપાઈ–વિગેરે સાથે આશરે ૧૩૦૦ પાનામાં પૂર્વાધ અને ઉત્તરાર્ધ એમ બે ભાગમાં ગ્રંથ પ્રકાશિત કરવાનો નિર્ણય લીધેલ છે.

આ મધુર કાવ્યગ્રંથનો ગુજરાતી પુષ્ટિ સૃષ્ટિ આનંદ માણી શકે તે માટે નીચેની આર્થિક યોજનામાં સહભાગી બનવા 'વૈષ્ણવ પરિષદ' ધોરાજી શાખાએ અપીલ કરેલ છે.

☐ રૂ.૧૦૦૦/– આપનારનાં જયશ્રીકૃષ્ણ છપાશે સાથે એક સેટ પ્રસાદી રૂપે.
☐ રૂ.૫૦૦૦/– શ્રીમહાપ્રભુજીના ચરિત્ર પ્રસંગના ચિત્રજી નીચે જયશ્રીકૃષ્ણ. પાંચ સેટ પ્રસાદી રૂપે
☐ રૂ.૨૫૦૦૦/– એક વ્યક્તિના ફોટા નીચે જયશ્રીકૃષ્ણ. દશ સેટ પ્રસાદી રૂપે.
☐ રૂ.૫૦૦૦૦/– બે વ્યક્તિના ફોટા નીચે જયશ્રીકૃષ્ણ. પંદર સેટ પ્રસાદી રૂપે.
☐ રૂ.૧૦૦૦૦૦/– ચાર વ્યક્તિના ફોટા નીચે જયશ્રીકૃષ્ણ, સંક્ષિપ્ત પરિચય. પચીસ સેટ પ્રસાદી રૂપે.
☐ રૂ.૩૦૦/– આગોતરા ગ્રાહક તરીકે એક સેટની ન્યોછાવરનાં જમા કરાવવાના રહેશે.

☐ પત્રવ્યવહાર તથા સહાય મોકલવાનું સ્થળ ☐
અ.ભા.પુ.વૈષ્ણવ પરિષદ, ધોરાજી શાખા,
'અમૃત'– જલારામ–૧, માર્ગ–૩, યુનિ.રોડ, રાજકોટ–૩૬૦૦૦૫

ડી.ડી.–ચેક 'અખિલ ભારતીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, ધોરાજી શાખા' નામે રાજકોટ મોકલવો.

સમાચાર

☐ ઉપનયન સંસ્કાર પ્રસ્તાવ : ગો. શ્રીવૃજનાથજી વૃજરાયજી મહારાજશ્રીના દ્વિતિય આત્મજ ચિ.ગો. શ્રીરણછોડલાલજી (વૃજાભરણબાવા)નો ઉપનયન સંસ્કાર પ્રસ્તાવનું સુંદર આયોજન કરવામાં આવેલ. તા. ૧૨–૨–૨૦૦૦ ના રોજ સપ્તમ નિધિ શ્રીમદનમોહનજીપ્રભુ રાજકોટથી કામવન પધારતા પ્રસ્તાવ સ્થળે તેમનું સ્વાગત કરવામાં આવેલ. તા. ૧૩–૨–૨૦૦૦ બિનેકી સમયે ગો.બાલકો પધાર્યા હતા અને કિર્તન મંડળીઓ પણ સામેલ હતી. તા. ૧૪–૨–૨૦૦૦ના રોજ શ્રીનટવરલાલ શ્યામલાલ પ્રભુને છપ્પનભોગ આરોગાવવામાં આવેલ. તા.૧૫–૨–૨૦૦૦ના રોજ ઉપનયન સંસ્કાર સમયે શ્રીરાકેશકુમાર મહારાજશ્રી (નાથદ્વારા), ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજ (વડોદરા–કાંકરોલી), ગો.શ્રીવલ્લભલાલજી મહારાજ (કામવન), ગો. શ્રીશિશિરકુમાર મહારાજ (કાંકરોલી–વડોદરા), ગો. શ્રીદ્વારકેશલાલજી મહારાજ (વડોદરા), ગો.શ્રીકલ્યાણરાયજી મહારાજ (સુરત–પુના), ગો. શ્રીવાગીશકુમારજી મહોદય, ગો. શ્રીમથુરેશ્વરજી મહારાજ (સુરત), ગો. શ્રીવૃજેશકુમારજી (કામવન), ગો.શ્રીરઘુનાથલાલજી મહારાજ (કામવન–મુંબઈ), ગો. શ્રીશિશિરકુમાર (કાંદીવલી), ગો.શ્રીદ્વારકેશલાલજી (કાંદીવલી–અમરેલી), ગો.શ્રીકનૈયાલાલજી (પોરબંદર),

ગો.શ્રીરસિકરાયજી (પોરબંદર), ગો. શ્રીહરિરાયજી (પોરબંદર), ગો.શ્રીવૃજરમણલાલજી (મથુરા), ગો.શ્રીવૃજેશકુમારજી (કડી), ગો.શ્રીરાજેશકુમારજી (કડી), ગો.શ્રીદામોદરલાલજી (કડી), ગો.શ્રીવલ્લભલાલજી (કડી), ગો.શ્રીસંજીવકુમાર, ગો.શ્રીરવિનાથજી, ગો.પ્રબોધબાવા, ગો.શ્રીપરેશબાવા, ગો.વૃજકુમાર, ગો.શ્રીકનૈયાબાવા, ગો.શ્રીરઘુનાથ (વિરમગામ) વિગેરે ગો.બાવાશ્રી (મહારાજશ્રી)ઓ ઉપસ્થિત રહીને શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

પ્રસ્તાવમાં કિર્તન મંડળીઓ બનારસ, મથુરા, સુરત, વડોદરા વિગેરે સ્થળોથી આવેલ હતી. રાત્રે હવેલી સંગીતનો કાર્યક્રમ, ઢાઢીલીલાનો પણ કાર્યક્રમ રાખવામાં આવેલ. શ્રીઠાકોરજીના વિવિધ મનોરથ કરવામાં આવેલ. સમગ્ર પ્રસ્તાવ આનંદ—ઉત્સાહ સાથે સંપન્ન થયો.

☐ **વડોદરા :** શ્રીવિઠ્ઠલ નિકેતના ટ્રસ્ટના ઉપક્રમે શ્રીગોવર્ધનનાથજી હવેલીના પટાંગણમાં યોજાયેલ કિશોરચંદ્ર શાસ્ત્રીજીની સપ્તાહમાં ગો.શ્રીદ્રુમિલકુમારજીએ આં.રા.પુ.વૈષ્ણવ પરિષદનાં નેજા હેઠળ વૈષ્ણવોને સંગઠીત થવા અનુરોધ કરેલ. વલ્લભવિદ્યાનગર કામવનવાળા શ્રીવલ્લભલાલજી મહારાજશ્રીના પ્રાકટય દિનને અનુલક્ષી જીતુભાઈ શાસ્ત્રીએ ષોડશ ગ્રંથ સપ્તાહનું સુંદર આયોજન કરવામાં આવેલ. પૂજ્ય મહારાજશ્રીએ માર્ગદર્શન આપતા જણાવેલ કે ઘરઘરમાં સંસ્કારિતાના સિંચન માટે નિત્ય પ્રભુસેવા એ મુખ્ય વૈષ્ણવોનું જ કર્તવ્ય છે. તેમ વિશદ છણાવટ કરતાં સમજાવેલ.

☐ **કાંકરોલી : શુ.તૃ.પી.પૂ.પા.ગો.૧૦૮ શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી (કાંકરોલી નરેશ)ની ષષ્ઠિપૂર્તિની કાંકરોલી (રાજસ્થાન) ખાતે ભવ્ય ઉજવણી**

જગદ્‌ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્ય તૃતીય પીઠાધિશ્વર પૂ.પા.ગો.૧૦૮ શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી (કાંકરોલી નરેશ)ના ષષ્ઠિપૂર્તિ મહોત્સવ નીમીત્તે વડોદરા ખાતે ભવ્ય ઉજવણી બાદ કાંકરોલી (રાજસ્થાન) ખાતે ગત તા.૧૬—૩—૨૦૦૦ ના દિવસે રાજસ્થાનના મેવાડ રાજઘરાના તથા ઉમરાવ જાગીરદારો દ્વારા ભવ્યાતીભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં કાંકરોલી નગરની ધર્મપ્રાણ જનતા, તમામ વલ્લભીય વૈષ્ણવ સૃષ્ટિ દ્વારા સુવર્ણ સન્માન પત્ર પૂ.મહારાજશ્રીને અર્પણ કરવામાં આવેલ હતું. તદઉપરાંત નગરના તથા આજુબાજુના ગામોમાંથી આવેલ વિવિધ સમાજોના અગ્રણીઓ દ્વારા પુષ્પ, માલા, શાલ—ઉપરણા વિગેરેથી આપશ્રીનું સન્માન કરી આપશ્રીની દીર્ઘાયુની પ્રાર્થના કરવામાં આવેલ હતી. આશરે પાંચથી છ હજારની વિશાળ માનવ મેદની વચ્ચે આ ભવ્યાતીભવ્ય કાર્યક્રમ સાંજે ૪ વાગે શરૂ થઈ રાત્રે ૮ વાગ્યે પૂર્ણ કરવામાં આવ્યો હતો. કાંકરોલી નગરવાસીઓ તથા ગુજરાતથી આ કાર્યક્રમમાં ભાગ લેવા પધારેલ વૈષ્ણવો તેમજ રાજસ્થાનના રાજા રજવાડાઓ દ્વારા આપશ્રીની યશગાથાઓ તેમજ આપશ્રીની ઉદારતા કાંકરોલી પ્રત્યેની લાગણીઓ શાબ્દીક રીતે રજુ કરવામાં આવી હતી.

ગૌ—સેવા માટે અપીલ

ચાલુ વર્ષ દરમ્યાન પણ દ્વારકા ક્ષેત્ર તથા બેટ દ્વારકા ક્ષેત્રમાં ભયંકર દુષ્કાળ—અછતની પરિસ્થિતિ પ્રવર્તી રહી છે. સને ૮૭ ના દુષ્કાળ—અછત કરતાં પણ મુશ્કેલી એ છે કે મોંઘવારી અતિશય છે. સૌરાષ્ટ્રમાં પાણીના અભાવને કારણે ઘાસચારો ઉપલબ્ધ નથી. ગુજરાતમાંથી ઘાસચારાની વ્યવસ્થા કરવી પડે છે તેથી તેનો ટ્રાન્સપોર્ટમાં અતિશય ખર્ચ થાય છે. ડિઝલના ભાવ વધ્યા છે. આવી કઠિન પરિસ્થિતિમાં ગૌધનને બચાવવું હોય તો અત્યારે પશુ—પાલન કેન્દ્રની શરૂઆત કરવી જોઈએ. જેની શરૂઆત શ્રીપુરૂષોત્તમલાલજી ગૌ—સેવા ટ્રસ્ટ, વરવાળામાં શ્રીપૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રીકિશોરચંદ્રજી પુરૂષોત્તમલાલજી મહારાજશ્રીની પ્રેરણાથી જાન્યુઆરી—૨૦૦૦થી પશુપાલન કેન્દ્ર શરૂ કરેલ છે. વરવાળા—દ્વારકા ગૌશાળામાં અત્યારે ૨૩૦૦ ગૌધનની સંખ્યા છે. પરિસ્થિતિ વિકટ હોવાથી આ સંખ્યા વધવાની છે.

દ્વારકા ક્ષેત્ર તથા બેટ દ્વારકા ક્ષેત્રના લોકોની આર્થિક પરિસ્થિતિ નબળી છે. પોતે પોતાના ગૌધનનું પાલન કરી શકે તે અશક્ય છે. ગૌધન નબળું પડતું જાય છે. તેથી જે લોકો પોતાના ગૌધનને બચાવી નહીં શકે તેઓ વરવાળા ગૌશાળાના પશુ–પાલન કેન્દ્રમાં મુકવામાં આવશે જેઓને ના નહીં કહેવાય. આમ આ સંખ્યા ૫૦૦૦ (પાંચ હજાર) સુધી પહોંચી જવાની શક્યતા છે. જુલાઈ–૨૦૦૦ સુધી આ પશુ–પાલન કેન્દ્ર ચલાવવું જ પડશે અને જુલાઈ–૨૦૦૦ પછી અમુક સંખ્યા ગૌધનની કાયમી જવાબદારી વરવાળા ગૌશાળાની રહેવાની છે. એક ગૌધનને આજની પરિસ્થિતિમાં નિભાવવાનો ખર્ચ પ્રતિદિન રૂ.૧૫/– સુધી આવે છે. તેથી જુલાઈ–૨૦૦૦ સુધી એક ગૌધનને નિભાવવાનો ખર્ચ રૂ.૨૭૦૦/–(બે હજાર સાતસો) થશે જે વધવાની સંભાવના છે.

વૈષ્ણવો માટે દ્વારકા ક્ષેત્ર તથા બેટ દ્વારકા ક્ષેત્રનું મહત્વ વૃજ–ભૂમિ જેટલું જ છે. તેથી શ્રીપૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રીકિશોરચંદ્રજી પુરૂષોત્તમલાલજી મહારાજશ્રી, મોટી હવેલી, જુનાગઢનો આદેશ છે અને અપીલ પણ કરીએ છીએ કે ભારતીય સંસ્કૃતિ અને ધર્મની રક્ષામાં તત્પર બધા જ લોકો આ પશુપાલન કેન્દ્રમાં તન–મન–ધનથી સહકાર આપે.

લી.શ્રીપુરૂષોત્તમલાલજી ગૌ સેવા ટ્રસ્ટ–વરવાળા

☐ સેવા મોકલવાનું સરનામું ☐

(૧) શ્રીપુરૂષોત્તમલાલજી ગૌ–સેવા ટ્રસ્ટ–વરવાળા મુઃ વરવાળા, તાલુકોઃ દ્વારકા, જી. જામનગર પીન–૩૬૧૩૩૫.

(૨) શ્રીપુરૂષોત્તમલાલજી ગૌ–સેવા ટ્રસ્ટ–વરવાળા C/O.શ્રીઅતુલભાઈ રતિલાલ ભટ્ટ, શ્રીમહાપ્રભુજીની બેઠક, બેટ દ્વારકા (વાયા ઓખા પોર્ટ) જી.જામનગર પીન–૩૬૧૩૩૦, ફોન–(૦૨૮૯૨) ૩૪૮૮૫, PP. (૦૨૮૯૨) ૨૩૭૫૭

☐ ચેક તથા ડ્રાફ્ટ 'શ્રીપુરૂષોત્તમલાલજી ગૌ–સેવા ટ્રસ્ટ–વરવાળા'ના નામના ઉપર મુજબ સરનામે મોકલવા. બેંક ખાતાઓ (૧) દેના બેંક, બેટદ્વારકા (૨) સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર, દ્વારકા.

ભાવાંજલી

પુષ્ટિમાર્ગીય પ્રધાન પીઠ શ્રીનાથદ્વારા ઘરના તીલકાયત ગો.શ્રીદાઉજી મહારાજનો તા.૩૦–૩–૨૦૦૦ ના નિત્યલીલા પ્રવેશ થતાં સમગ્ર વૈષ્ણવ સમાજમાં ભારે ખેદની લાગણી પ્રવર્તી છે.

પૂ.દાઉજી મહારાજે શ્રીજીને વિવિધ મનોરથો દ્વારા ખૂબજ લાડ લડાવી, વૈષ્ણવ સૃષ્ટિને અનુગૃહીત કરેલ છે. આપશ્રી અત્યંત સૌમ્ય સ્વભાવના આચાર્ય હતા. આપશ્રીનાં લીલા પ્રવેશથી વૈષ્ણવ સંપ્રદાયની અપૂરણીય ક્ષતી થઈ છે. આપશ્રીના ભૂતલ પરથી તીરોધાન થતાં, આપશ્રીના શ્રીવહૂજી મહારાજ તથા આપશ્રીના અનુજ શ્રીરાકેશકુમારજી મહારાજ અને અન્ય પરિવાર સન્મુખ અમો હાર્દિક સમવેદનાપૂર્વક દંડવત્ કરીએ છીએ.

–સંપાદક, વ્યવસ્થાપક મંડલ શ્રીવલ્લભસુધા

૮૦. પ્રભુ ભક્તિનો બદલો આપે જ છે.

એક દિવસ બ્રહ્માજી શ્રીઠાકોરજીની સ્તુતિ કરે છે; તે વખતે પ્રભુ સાડા ચાર વરસના છે. બગલમાં છડી ને ડુંટી વચ્ચે કેડે વેણુ ખોસી છે, ને હાથમાં કોળીઓ છે. બ્રહ્માજી કહે છે કે, મારા તો તમે પ્રભુ છો, ને શ્રીઆચાર્યજી મહાપ્રભુજી કહે છે, તમે જે અવતાર ધારણ ધરો તે અમારે માનવા. મચ્છરૂપ ધર્યું ત્યારે મચ્છરૂપની સ્તુતિ કરી, વરાહ, કૂર્મ, રામ તથા કૃષ્ણાવતાર ધર્યો, ત્યારે એ અવતારોની સ્તુતિ કરી. તે ઉપર દષ્ટાંત–

આ હમણાં પાદશાહની સ્વારી જતી હોય, હાથીના હોદા ઉપર બેઠા છે. બડે રાવ મહેરબાન થાય છે ને આપણી શેરી આગળ હાથીને ઉભો રાખ્યો. પછી કહે છે કે આ શેરીમાં કોણ રહે છે? અમને ટાઢું પાણી પાઓ. ત્યારે શેરીના બધા સારા સારા લોક પંચપાત્ર લઈને દોડયા, કારણ કે જાણે અમને ન્યાલ કરશે.

નેસ્તીએ જાણ્યું કે આપણને મોદી કરશે, નાણાવટીએ જાણ્યું કે મને નાણાવટી કરશે, હુંડીવાળાએ જાણ્યું કે આપણી હુંડીઓ લેશે. એમ સર્વેએ આશાએ પાણી પાયું. તે સ્વારી ચાલીને પોતાને ઘેર ગઈ, ત્યાર પછી રાત પહોર એક ગઈ, ત્યારે પેલા રાજાએ ભિખારીનું રૂપ લીધું. માથું તો ઉઘાડું, હાથમાં માગવાનું સલાવરૂં, પહેરવાને ચાથરૂ છે એવો વેષ ધરીને આપણી શેરીમાં આવીને કહે છે, કે અરે હું ભૂખ્યો છું, કોઈ મને ખાવાનું આપો.

ત્યારે સર્વે કહે છે, કે કોઈ ઠગ રાત્રે આવ્યો છે. ગાળો દઈને કાઢી મૂકો. તેમાં કોઈને દયા આવીને કહ્યું, કે આવો બેસો શું ભૂખ્યા છો?

ત્યારે કહ્યું કે હા, હું ભૂખ્યો છું, મને કોઈ ખાવા આપે, તો મારા પ્રાણ રહે. ત્યારે તેને દયાળુએ રોટલા, છાશનો કટોરો ને અથાણું ખાવા આપ્યું.

ત્યારે કહ્યું કે હું તો અસુર છું, ત્યારે કહ્યું કે તેમાં શું થયું ? આવો, બેસો ને આ ખાવાનું છે તે ખાઓ. ખાઈને પેલો પોતાના ડેરામાં ગયો. ત્યારપછી વાણું વાયું. હવે સવાર થયું. ત્યારે પેલા પાણી પાનારના ફળીમાંથી માત્ર આ દયાળુને સવારમાં બોલાવ્યો. તેડવાને માટે નિશાની ઘરની આપી માણસ મોકલ્યો.

હવે પેલાએ તો થરથરવા માંડયું કે હવે શું કરું? કહે છે કે ભાઈ મને બાદશાહે તેડું મોકલ્યું છે, શું કામ હશે! પછી તે ગયો.

બાદશાહે આદર સન્માન કર્યું. મોટા મોટા સુબાઓ, મોટા મોટા ઉમરાવથી પણ આગળ બોલાવીને બેસાડયો ને કહે છે કે આટલા સુબા છે. આટલા ઉમરાવ છે, તેનો મુલક હું તમને આપું છું. તે તમને ન ગમે તો જે, માગો તે આપું.

એવો ગુણ તે અવતાર સમયનો માનો. તેમ વ્યાપી વૈકુંઠના શ્રીઠાકોરજીની રાજધાની જોઈને કોઈ ના માને. પણ પ્રભુ અવતાર ધરે છે, ત્યાં નાનો પ્રકટ ધર્મ છે.

ભૂખ લાગે, લોકથી ક્યારેક જીતે, ક્યારેક હારે, આ પ્રકટના ધર્મ છે, તેને માને. હવે એવી જ રીતે આ શ્રીઠાકોરજીનાં સ્વરૂપ છે, તે પણ અવતાર ધર્યો છે, તેને ઘણાં વાનાં કરશો, તો તમે જ્યારે અહીંથી જશો, ત્યારે પેલા વ્યાપી વૈકુંઠના ઠાકોરજી ઘણાં વાનાં તમારા માટે કરશે. એવી વાતો છે. ૮૦

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-05-2000.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO. L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.ગ્રા.નં.૧૫૮
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન.

સતસૈયા

૨. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

મતિ ધરમ, રતિકૃષ્ણ મમ,
ગતિ વૃંદાવન ધામ।
કૃતિ સેવા–શ્રીનાથ! કબ કોંહેં,
રટ હરિ નામ (૨૨)

ટીકા :

કવિજન પોતાનો અભિલાષ વર્ણન કરે છે કે 'મારી બુદ્ધિ ધરમનેં વિષે રહેશે, ને પ્રીતિ તે શ્રીકૃષ્ણને વિષે રહેશે, ને ચાલવું તે પરમ ધામ એવું શ્રીવૃંદાવનનાં વને વને વિશે થશે, ને કૃતિ શ્રીકૃષ્ણચંદ્રની સેવાને વિષે પ્રવર્તશે, ને અખંડ રટણ મુખથી શ્રીકૃષ્ણ નામનું થશે' આવી કામના મારા મનમાં છે તે ક્યારે પૂરણ થશે? એમ ઈચ્છું છું. તે માટે હે શ્રીજી! કૃપા કરીને પૂરણ કરો. (૨૨)

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **'શ્રી વલ્લભસુધા'**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અંમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. **ફોનઃ ૩૬૨૧૩૮**
કોમ્પ્યુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. **ફોન : ૨૪૦૫૪૧.**

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલીત

શ્રી વલ્લભ સુધા





વચનસુધા

એટલે અત્યારે એમ કહી શકાય કે યુગ બદલે છે પણ ફન્ડામેન્ટલ પ્રિન્સીપલ (મુળભૂત–તત્વો) ચેન્જ (બદલાતા) નથી થતાં. મૌલિક સિદ્ધાન્તો નથી બદલતાં ભલે આપ પચાસ માળનું બિલ્ડીંગ બનાવો કે નાનું ખોરડું બનાવો ઈન્જીનિયરીંગમાં ઈક્વલ બીમસ્ અને કોલમસ્ની પરંપરા એજ રહેવાની હવે અહીં એમ કરો કે તેમ કરો જે છબરડા વાળવા હોય, ગોળ કે ચોરસ કે ગમે તે ભલે વાળો– એ ફ્રન્ટએલીવેશન કહેવાશે, પણ એકચ્યુઅલી કન્સ્ટ્રક્શન નથી. વલ્લભાચાર્યએ એકચ્યુઅલી કન્સ્ટ્રક્શન કર્યું છે. આપણે પણ સમાજનું– એવા સમાજનું કન્સ્ટ્રક્શન કરવાનું છે કે સેવોપયોગી થાય. અને તેના માટે જ્યાં પણ વૈષ્ણવ હોય ત્યાં વૈષ્ણવ પરિષદ એના જીવનનું અવિભાજ્ય અંગ હોવું જ જોઈએ.

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ, શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા–૨ પૃષ્ઠ–૩૦)

ગૌ રક્ષા કરો
શ્રીયમુના પ્રદુષણ દૂર કરો
શ્રીગિરિરાજજીની ગરિમા જાળવવા શ્રીગિરિરાજજી ઉપરના રોડનો ઉપયોગ ન જ કરો.

વર્ષ : ૧૯ **અંક : ૩**
વિક્રમ સંવત : ૨૦૫૬ **શ્રીવલ્લભાબ્દ : ૫૨૩** **જૂન, ૨૦૦૦**



વાર્ષિક લવાજમ
રૂ.૪૦/–
આજીવન લવાજમ
રૂ.૫૦૧/–



"શ્રીવલ્લભસુધા" કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

આ માસના ઉત્સવ

જેઠ સુદ ૮ તા. ૯–૬–૨૦૦૦ શુક્રવાર : ગો. ચિ.શ્રીમુકુન્દરાયજી બાવાશ્રી (માંડવી)નો જન્મદિન.

જેઠ સુદ ૧૦ તા. ૧૧–૬–૨૦૦૦ રવિવાર : ગંગાદશમી. ગંગાદશહરા સમાપ્તિ. શ્રીયમુનાજીનો ઉત્સવ.

જેઠ સુદ ૧૧ તા. ૧૨–૬–૨૦૦૦ સોમવાર : નિર્જલા એકાદશી (ભીમ અગીયારસ) વ્રત. ગો. ચિ.શ્રીપ્રબોધકુમારજી બાવાશ્રી (મથુરા–ધોરાજી)નો જન્મદિન.

જેઠ સુદ ૧૪ તા. ૧૫–૬–૨૦૦૦ ગુરૂવાર : જ્યેષ્ઠાભિષેક માટેના સ્નાનનું જલનું અધિવાસન કરવું. શિક્ષાપત્ર ટીકાકાર શ્રીગોપેશ્વરજીનો પ્રાકટ્ય દિન (સંવત ૧૬૪૯) તથા ગો.ચિ. વ્રજાલંકારજી બાવાશ્રી (કાંકરોલી–વડોદરા)નો જન્મદિન.

જેઠ સુદ ૧૫ તા. ૧૬–૬–૨૦૦૦ શુક્રવાર : જ્યેષ્ઠાભિષેક–સ્નાનયાત્રા, મન્વાદિ તિથિ. ગો.ચિ. શ્રીગોપીકાલંકારજી બાવાશ્રી (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો જન્મદિન.

જેઠ વદ ૪ તા. ૨૧–૬–૨૦૦૦ બુધવાર : ગો. શ્રીગિરિધરલાલજી મહારાજ (કામવન)નો જન્મદિન.

જેઠ વદ ૬ તા. ૨૩–૬–૨૦૦૦ શુક્રવાર : ગો. શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી (મુંબઈ–પાર્લા–કિશનગઢ)નો જન્મદિન.

જેઠ વદ ૧૦ તા. ૨૭–૬–૨૦૦૦ મંગળવાર : ગો.ચિ. શ્રીદર્શનકુમારજી (કોટા–કડી–કાંદીવલી)નો જન્મદિન.

જેઠ વદ ૧૧ તા. ૨૮–૬–૨૦૦૦ બુધવાર : યોગીની એકાદશી વ્રત.

જેઠ વદ ૧૩ તા. ૩૦–૬–૨૦૦૦ શુક્રવાર : ગો. શ્રીદ્વારકેશલાલજી મહારાજ (કામવન)નો જન્મદિન (જેઠ વદ ૧૪ નો ક્ષય હોવાથી આજે)

અષાડ સુદ ૨ તા. ૩–૭–૨૦૦૦ સોમવાર : રથયાત્રા.

અષાડ સુદ ૫ તા. ૬–૭–૨૦૦૦ ગુરૂવાર : શ્રીદ્વારકાધીશ (કાંકરોલી)નો પાટોત્સવ. ગો. ચિ.શ્રીદામોદરરાય બાવાશ્રી (મુંબઈ)નો જન્મદિન.

અષાડ સુદ ૬ તા. ૭–૭–૨૦૦૦ શુક્રવાર : કસુંબા છઠ. શ્રીમહાપ્રભુજીના પિતૃચરણ શ્રીલક્ષ્મણભટ્ટજીનો ઉત્સવ. દક્ષિણના શ્રીપાંડુરંગ શ્રીવિટ્ઠલનાથજીનો ઉત્સવ. વર્ષાઋતુનો પ્રારંભ થયો તે ભાદરવા સુદ ૧૦ સુધી.

॥ શ્રી હરિઃ ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત
શ્રીવલ્લભસુધા
વર્ષ : ૧૯ અંક : ૩ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૩ ☐ જૂન, ૨૦૦૦
પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યુ સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

ચોરાશી અપરાધ

[પ્રાચીન હસ્તલિખીત પુસ્તકો તેમજ કેટલેક સ્થળે થી મૂદ્રિત થયેલ પુસ્તકોમાં
ચોરાસી અપરાધ શીર્ષકના લેખ મળે છે. જે અત્રે પ્રગટ કરેલ છે.]

અપરાધ પાંત્રીસમો : " મુકટા રેશમી દિન તીનમેં ધોય ડારેં. સૂતરકી ધોતી નિત્ય ધોવેં "

પુષ્ટિમાર્ગમાં, સનાતન ધર્મના સદાચારને સારી રીતે સ્વિકારેલ છે. આ આચારમાં સ્વચ્છતા અને પવિત્રતા એ બે પાસાઓનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે.

અપરશમાં પહેરવાના રેશમી, કંતાનના મુકટા (લાલ–કેશરી ધોતીયું) અગર બહેનોને પહેરવાની રેશમી કે કંતાન વસ્ત્રની સાડી વગેરે ત્રણ દિવસે તો અવશ્ય ધોવા જોઈએ. શાસ્ત્રોમાં રેશમી વસ્ત્રોને પવિત્ર માન્યા છે. પણ તેની સ્વચ્છતાની કાળજી પણ જરૂર લેવી જોઈએ. તેમજ સૂતરાઉ કપડાં જે અપરસમાં સુકવીને પહેરાય છે તે રોજે રોજ ધોવા જોઈએ. આમ સ્વચ્છતાની કાળજી ન રાખે તો અપરાધ પડે.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રી વલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥
॥ શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

સંન્યાસ નિર્ણય

❑ શ્રીમદ્ રઘુનાથજીએ રચેલું વિવરણ ❑

❑ ભાષાંતર : શ્રીબાબુભાઈ પી. નાયક– કડી ❑

—ગતાંકથી ચાલુ

જ્ઞાનમાર્ગનું ફલ પ્રાપ્ત થવામાં વિલંબનું કારણ અને ભક્તિમાર્ગમાં શીઘ્ર ફલ પ્રાપ્ત થવાનું કારણ નીચેના શ્લોકમાં સમજાવે છે.

તાદશઃ સત્યલોકાદૌ નિષ્ઠન્ત્યેવ ન સંશયઃ ।
બહિશ્ચેત પ્રગટઃ સ્વાત્મા વહ્નિવત્ પ્રવિશેદ્યદિ ॥ ૧૧ ॥
તદૈવ સકલો બન્ધો નાશમેતિ ન ચાન્યથા ।

શબ્દાર્થ: તાદશાઃ—તેવા; સત્યલોકાદૌ—સત્યલોક વગેરેમાં; તિષ્ઠન્તિ— રહે છે; એવ—જ; ન—નથી; સંશયઃ શંકા; બહિઃ—બહાર; પ્રગટઃ—પ્રગટ થઈ; સ્વાત્મા—પોતાનો આત્મા; વહ્નિવત્—અગ્નિની જેમ; પ્રવિશેત્—પ્રવેશ કરે; યદિ—જો; તદા—ત્યારે; સકલઃ—સર્વ; બન્ધઃ—બંધન; નાશં—નાશ; એતિ—પામે છે; અન્યથા—બીજા પ્રકારે; ન—નહિ.

શ્લોકાર્થ: તેવા લોકો (જ્ઞાની) સત્યલોક વગેરેમાં રહે છે. તેમાં સંશય નથી. પોતાનો આત્મા (ભગવાન) જ્યારે બહાર પ્રગટ થઈ અગ્નિની પેઠે અંદર પ્રવેશ કરે, ત્યારે જ (જીવનાં)સર્વ બંધન નાશ પામે છે. બીજા પ્રકારે (એ બંધન) નાશ પામતું નથી. ૧૧½

વિવરણ : 'તાદશાઃ' એટલે પૂર્વે જણાવેલા નિષ્કામી સંન્યાસી સત્યલોકમાં સ્થિતિ કરીને રહે છે, પણ જેઓ સકામ જ્ઞાની સંન્યાસી છે, તે બીજા લોકમાં જાય છે, (માટે 'આદૌ' પદ વાપર્યું છે. એટલે સત્યલોક વગેરે કહ્યું છે.) પણ તેમને પુરૂષોત્તમની પ્રાપ્તિ થતી નથી. ભક્તિમાર્ગવાળા અનંત લોકોને પુરૂષોત્તમની પ્રાપ્તિ થાય છે. ('આદિ' પદથી સંકર્ષણ વગેરે સ્થાનો સમજવા)

વળી આવા જ્ઞાની લોકોને બ્રહ્માની સાથે રહેવાનું થાય છે.—(બ્રહ્મણા સહ મુચ્યન્ત) બ્રહ્મલોકથી પણ આગળનાં સ્થાનમાં તેમની ગતિ થાય છે, પણ તેમની આ ગતિ ભજનાનંદથી ઉતરતી કક્ષાની હોઈ તુચ્છ છે. એમ કહેવાનો ભાવાર્થ છે. તેથી ક્યાં બ્રહ્મલોકનુ સ્થાન અને ક્યાં ભજનાનંદનો અનુભવ? ભજનીય સ્વરૂપના અંતઃપ્રવેશના અભાવમાં બહાર પ્રગટ થવાનું કહે છે. આકાશની જેમ અંદર અને બહાર પ્રગટ થવાની સિદ્ધિ તો ત્યારે જ થાય છે કે પોતાના

આત્મા એવા ભગવાન જે અંતઃકરણમાં રહેલા છે તે બહાર પ્રગટ થઈને પોતાની લીલાનો અનુભવ કરાવવા ભક્તના ચિત્તમાં અભિનિવેશ કરીને જ્યારે ભક્તના હૃદયમાં પ્રવેશ કરે ત્યારે તેઓ ભક્તના હૃદયમાં પ્રવેશ્યા કહેવાય છે. જ્યારે ભગવાન ભક્તના હૃદયમાં પ્રવેશ કરે છે ત્યારે ભક્તના સર્વ ઘર વગેરેનાં બંધન નાશ પામે છે, ભક્તને તે બંધનો તરફ તિરસ્કાર થાય છે. બીજા કોઈ પ્રકારે આવું બનતું નથી. તેથી એમ કહેવાયું છે કે 'કૃપા માટે અને શાન્તિ માટે તેઓનું અંતર પ્રવેશ છે' (પ્રશમાંય પ્રસાદાય તત્રૈવાન્તરધીયતે ।) જેમ સૂકા લાકડામાં રહેલો અગ્નિ ઠંડી ઉડાડવા અસમર્થ છે, પણ તે જ લાકડામાં રહેલા અગ્નિને બહાર લાવવા બે લાકડાનું મંથન કરવામાં આવે (બે લાકડાને ઘસવામાં આવે) તો લાકડાની અંદર રહેલો અગ્નિ જ્વાળારૂપે બહાર આવે ત્યારે તે અગ્નિ કાષ્ટમાં પ્રવેશી કાષ્ટને અગ્નિ સમાન બનાવી ઠંડીને દૂર કરવા સમર્થ બને છે.

તેજ પ્રમાણે બહાર રહેલું ભગવાનનું આનંદ ઘનસ્વરૂપ ભક્તના ભાવથી ભાવાન્વિત થતાં જ્યારે ફરીથી ભક્તના હૃદયમાં પ્રવેશ કરે છે ત્યારે ભક્તને સ્વરૂપપ્રાપ્તિ થઈ ગણાય. જ્ઞાનમાર્ગીય ભક્તોને આવા ભાવની જરા ગંધ સરખી પણ આવતી નથી તો પછી સ્વરૂપાનંદની પ્રાપ્તિની તો શંકા કરવાની જ ક્યાં રહે છે? ૧૧$^{૧}/_{૨}$

[આમ ભક્તિમાર્ગમાં પ્રભુપ્રાપ્તિમાં વિલંબ નથી. સ્વરૂપાનંદની પ્રાપ્તિનું ફળ આ જન્મમાં જ પ્રાપ્ત થાય છે. તેને શ્રીમહાપ્રભુજી સેવાફલમાં 'અલૌકિક સામર્થ્ય' કહે છે. ભક્તના હૃદયમાં બિરાજેલા ભગવાન ભક્તના ભાવથી બહાર પ્રગટ થઈ, ફરીથી પાછા ભક્તના અંતઃકરણમાં પ્રવેશે છે ત્યારે ભક્તને ભગવાનના સ્વરૂપાનંદનું અલૌકિક રસરૂપ ફળ પ્રાપ્ત થાય છે.]

ભગવાનના સ્વરૂપનું અનુસંધાન થવા છતાં વિરહ અવસ્થામાં જીવન ટકાવી રાખવા ગુણોનું અનુસંધાન જરૂરી છે. તે હવે જણાવે છે.

ગુણાસ્તુ સંગરાહિત્યાજ્જીવનાર્થં ભવન્તિ હિ ॥૧૨॥

શબ્દાર્થ: ગુણાઃ—ગુણ; તુ—તો; સંગરાહિત્યાત્— સંગ ન હોવાને લીધે; જીવનાર્થ—જીવન ટકાવી રાખવા માટે; ભવન્તિ—છે; હિ—ખરેખર.

શ્લોકાર્થ: ભગવાનના ગુણો તો વિરહભાવવાળા ભક્ત માટે લૌકિક આસક્તિ વિનાના ભક્તનો સંગ ન હોવાને કારણે જીવન ટકાવી રાખવા માટે જ ખરેખર (જરૂરી) છે. ૧૨

વિવરણ: ભક્તને ભગવાનનો સંગ ન હોય એટલે કે વિરહ અવસ્થા હોય ત્યારે શું થતું હોય છે? તે સમજાવે છે. જ્યારે ભક્તની ભગવાન રહિત અવસ્થા હોય ત્યારે ભક્તનું જીવન ટકાવવા

ભગવાનનાં ગુણોનું ગાન અને તે દ્વારા ભગવાનની લીલાનું અનુકરણ ગુણાનુવાદ દ્વારા કરવાથી ભક્તના પ્રાણ ટકે છે. અથવા ભક્તનું અસ્વસ્થપણું દૂર થાય છે. તેથી ગોપીગીતમાં ગોપીજનો પ્રભુને કહે છે કે આપના વિરહમાં આપની કથારૂપી અમૃતે અમારા પ્રાણ ટકાવ્યા છે (બાકી તો અમે બહાવરાં અને અસ્વસ્થ બની ગયા હતા) 'તવ કથામૃતં તપ્તજીવનમ્' એમ કહ્યું છે—૧૨

[ભગવાન અને ભગવાનના ગુણો એકરૂપ છે. ભગવાનમાં જેટલું સામર્થ્ય છે તેટલું જ સામર્થ્ય ભગવાનનાં ગુણોમાં છે. એટલે વિપ્રયોગની અવસ્થામાં ભગવાનના ગુણો ભક્તનું જીવન ટકાવે છે. ગોપીગીતમાં ભગવાનની કથાના છ ગુણો આપ્યાં છે. ભગવાનની કથા (૧)સંસારથી તપ્ત થયેલાનું જીવન છે (૨) જ્ઞાનીઓએ વખાણેલી છે (૩) પાપનો નાશ કરનારી છે (૪) સાંભળતા આનંદ આપનારી છે (૫) લક્ષ્મીવાળી છે અને (૬) જગતમાં વ્યાપી રહેલી છે. આમ, ભગવાનની કથા છ ગુણોવાળી હોઈ ભગવાનની ઈચ્છાથી ભક્તોની અસ્વસ્થતા દૂર કરી તેમનાં જીવન ટકાવી રાખે છે]

ભગવાન બધુ કરવા સમર્થ હોવા છતાં ભક્તનું અસ્વસ્થપણું કેમ દૂર કરતા નથી? તેનું સમાધાન કરે છે.

ભગવાન્ ફળરૂપત્વાન્નાત્ર બાધક ઈષ્યતે ।
સ્વાસ્થ્યવાક્યં ન કર્તવ્યં દયાલુર્ન વિરુધ્ધ્યતે ॥૧૩॥

શબ્દાર્થ: ભગવાન્—ભગવાન; ફલરૂપત્વાત્—ફલરૂપ હોવાથી; અત્ર—અહીં; બાધકઃ—બાધક; ઈષ્યતે—ઈચ્છેલા છે; સ્વાસ્થ્યવાક્યં—સ્વસ્થ કરાવનારું વાક્ય; ન—નહિ; કર્તવ્યં—કરવાયોગ્ય; દયાલુઃ—દયાળુ; વિરુધ્યતે—વિરુદ્ધ કરતા હોય તેવું લાગે.

શ્લોકાર્થ: ભગવાન ફલરૂપ હોવાને લીધે અહીં વિઘ્ન કરનાર નથી. ભક્ત સ્વસ્થ થાય તેવું વાક્ય કહેવું તે ભગવાનનું કર્તવ્ય નથી. ભગવાન તો દયાળુ છે. તેથી દયાળુપણાથી વિરુદ્ધ કશુંજ તેઓ કરતા નથી.—૧૩

વિવરણ: અહીં ભક્તના જીવનમાં તેનાં અંતઃકરણમાં પ્રવેશેલા ભગવાન જીવને સ્વસ્થતા પ્રાપ્ત થવા બાધક બને છે. છતાં પણ ભક્તને વિપ્રયોગ અવસ્થામાં ફલરૂપ થવા ભગવાન એવું કરે છે એમ સમજવું. ખરેખર તો ગુણો દ્વારા ભક્તનું જીવન ટકાવવાના હેતુથી પ્રભુ આમ કરે છે (એટલે કે ભક્તને અસ્વસ્થ રાખે છે) જ્યાં સુધી તેઓ ભક્તને પોતાના સ્વરૂપનું દર્શન ન કરાવે ત્યાં સુધી વિપ્રયોગના તાપથી તેને તપાવે છે અને ભક્તની સ્વાસ્થ્યજનક સ્થિતિ કરતા નથી. એટલે તેઓ ભક્તને સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય તેવું વાક્ય પણ કહેતા નથી. ભગવાનને તેમ કરવું યોગ્ય લાગતું નથી. એટલે તેઓ પણ ભક્તને સ્વાસ્થતા પ્રાપ્ત થાય તેવું કરતા નથી. એટલું જ નહીં પણ અન્ય વ્યક્તિ દ્વારા તેમ થાય તેમ સંભળાવતા પણ નથી. બીજી વ્યક્તિ ભક્તને (સ્વસ્થતા થાય) તેવું સંભળાવે તેવું ઈચ્છતા પણ નથી. ભગવાન તો દયાળુ છે એટલે ભક્ત સ્વસ્થ થાય એવું ભગવાન જરૂર કરશે જ તે નક્કી માનવું.

(દયાળુ ભગવાન) કોઈપણ જાતના કારણ વગર પારકાનું દુઃખ પણ દૂર કરવાની ઈચ્છાવાળા હોઈ, પોતાના ભક્તની અસ્વસ્થ અવસ્થા જાણીને તેને સ્વસ્થ કરવામાં કદી વિલંબ કરશે નહીં, કારણ કે દયાળુપણાની વિરુદ્ધ કાર્ય ભગવાન કદી કરેજ નહીં. તેથી ભક્તની અસ્વસ્થ દશામાં પરોક્ષમાં તેને ભજનાનંદનું દાન કરીને ભક્ત પ્રત્યેના ઋણને પ્રભુ અદા કરશેજ. તેથી જ ભગવાને કહ્યું છે કે 'હું તમારો ઋણ કદાપી ચૂકવી શકું તેમ નથી' (ન પારયેહં નિરવદ્યસંયુજામ્ ઇતિ) આ પ્રમાણે ભક્તને સ્વસ્થતા પ્રાપ્ત કરાવવાના હજારો વાક્યો કહેવા છતાં પણ ભગવાનને પૂર્ણ સંતોષ થતો નથી.

[ભગવાન પોતાના ભક્તને જરાપણ સ્વસ્થતા થાય તેવું વચન કોઈપણ પ્રકારે કહેતા નથી, કારણ કે તેવું વચન સાંભળીને ભક્તનો તાપ જેટલાં પ્રમાણમાં ઓછો થશે એટલો તેને ફળ પ્રાપ્ત થવામાં વિલંબ થશે. ભગવાન તો દયાના સાગર છે. તેથી ભક્તને ફળ મળવામાં જરા પણ વિલંબ થાય તે તેઓ સહન કરી શકતાં નથી. તેથી તેઓ ભક્તનો તાપ વધારે છે, પણ મટાડતા નથી.]

ભક્તિમાર્ગીય સંન્યાસનું સ્વરૂપ સાધન અને ફલની દષ્ટિએ સમજાવી હવે ઉપસંહાર કરતાં કહે છે કેઃ

દુર્લભોયં પરિત્યાગઃ પ્રેમ્ણા સિધ્યતિ નાન્યથા ॥૧૩$^{1}/_{2}$॥

શબ્દાર્થઃ દુર્લભઃ—દુર્લભ છે; અયં—આ; પરિત્યાગઃ—ત્યાગ; પ્રેમ્ણા—પ્રેમથી; સિધ્યતિ—પ્રાપ્ત થાય છે; ન—નથી; અન્યથા—બીજા પ્રકારે.

શ્લોકાર્થઃ આવો ત્યાગ દુર્લભ છે. તે પ્રેમથી જ પ્રાપ્ત થાય છે. બીજા કોઈપણ પ્રકારે તે પ્રાપ્ત થતો નથી.

વિવરણઃ આ ત્યાગ તે ભક્તિમાર્ગીય પરિત્યાગ છે જે કેવળ પ્રેમથી જ સિદ્ધ થાય છે. તે પ્રેમ પણ નિષ્કામ હોવો જોઈએ. નિરુપધિ સ્નેહથી આવો દુર્લભ પરિત્યાગ પણ પ્રાપ્ત કરી શકાય છે. સાધારણ જીવથી આ ત્યાગ કરવો દુર્લભ છે. અથવા કરવો અશક્ય છે. ૧૩$^{1}/_{2}$

[આ ત્યાગને 'દુર્લભ' કહેવાનું કારણ તે દાન, વ્રત, તપ કોઈ સાધનથી સિદ્ધ થતો નથી. જેમકે ધર્મશાસ્ત્રોમાં વસ્તુપ્રાપ્તિ માટે ઘણાં સાધન બનાવ્યાં છે. જેમકે સ્વર્ગપ્રાપ્તિ માટે યજ્ઞ સાધન છે, પણ ભક્તિમાર્ગીય ત્યાગ—પ્રાપ્તિ માટે કોઈપણ સાધન કામ લાગતું નથી. તેથી તે દુર્લભ છે. તો ભક્તિમાર્ગીય ત્યાગ—પ્રાપ્તિ માટે શાની જરૂર છે? તો કહે છે કેવળ 'પ્રેમથી' તે પ્રાપ્ત કરી શકાય. તે પ્રેમ કેવો હોવો જોઈએ? તો કહે છે 'નિરુપધિ પ્રેમ' હોવો જોઈએ. નિરુપધિ પ્રેમ એટલે કેવો પ્રેમ? સ્વાર્થ રહિત પ્રેમ હોવો જોઈએ. ભગવાનને પોતાનું સર્વસ્વ નિવેદન કરવાથી ભગવાન પ્રસન્ન થાય એટલે તેઓ સ્વરૂપાનંદનું દાન આપવા ઈચ્છા કરે. આ સિવાય બીજી કોઈ રીતે ભગવદ્ પ્રેમ થતો નથી.]

—ક્રમશઃ

ભક્તિપોષણ

વિવેચક : [illegible] શ્રી [illegible] મહંત, રાજકોટ

છડીદાર ઉગ્રસેનના, થયા દ્વારપાળ બલિ–ભુપ
નરસૈયાનાં બાપનું શ્રાદ્ધ કર્યુ, સેના માટે નાપિકરૂપ
રૂપ–મહાર દામાજી સારૂં, નામાનું છાપરૂં છાયું ચારૂં
વારિવહ્યું ત્રિલોચન ઘેર, મીરાંબાઈનું પીધું ઝેર
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૭૩)

શબ્દાર્થ: નાપિ–હજામ, મહાર–અંત્યજાતિ, ચારૂ–સુંદર રીતે, વારિ–જળ, પાણી, છડીદાર–છડીપોકારવાવાળા.

વિવેચન : ભક્તોનાં દુઃખ હરવા પ્રભુએ કેનું કેનું શું કામ કર્યુ તે ૭૨ માં ચંદ્રાવળામાં આપ્યું. હવે ૭૩માં કેના માટે કેવું રૂપ ધારણ કર્યુ તેના દ્રષ્ટાંતો ભક્તમાળના આપ્યા છે, કુલ આઠ દ્રષ્ટાંતો દીધા છે.

(૧) ઉગ્રસેનના છડીદાર, મથુરા જઈ રાજા કંસનો વધ કરી અને તેના પિતાને રાજ્યાસન પર બેસાડયા. સર્વ રીતે કર્તા પ્રભુ હતા, છતાં રાજા ઉગ્રસેનનાં છડીદાર બન્યાં.

(૨) દ્વારપાળ–રાજા બલી પાસેથી દાનમાં સર્વસ્વ લીધું પછી રાજાએ પ્રભુનાં બંને ચરણ પકડી લીધા, કે હવે તમને નહીં મુકું. તમારા માટે જ તો મેં આ સર્વસ્વનો ત્યાગ કર્યો છે, હવે તમને મુકું તો મારું બધું જ મિથ્યા થાય. ત્યારે પ્રભુ તેના દ્વારપાળ બનીને રહ્યા. શાસ્ત્રોની રીતે ત્રણે દેવ વારાફરતી બલીરાજાના દ્વારપાલ બને છે. દેવ પ્રબોધનીથી મહાદેવજી પાતાળમાં જાય છે, શિવરાત્રીએ પાછા આવે છે ત્યારે બ્રહ્માજી પાતાળમાં જાય છે તે અષાઢ સુદી ૧૧ ના આવે છે, ત્યારે વિષ્ણુ પાતાળમાં જાય છે તે પ્રમાણે દેવ પ્રબોધની આવીને શિવજીને મોકલે છે. આવી રીતે બલીરાજાનાં દ્વારપાલની કથા છે.

(૩) શ્રાદ્ધ નરસીંહ મહેતાના બાપનું કર્યુ– નરસિંહ મહેતાનાં બાપનું શ્રાદ્ધ હતું તે દિવસે નરસિંહ મહેતા બજારમાં સામાન લેવા ગયા. ચીજવસ્તુ લાવે ત્યારે જ રસોઈ થાય તેવી પરિસ્થિતિ હતી. શ્રાદ્ધનો સમય પૂરો થયો. બ્રહ્મ દેવતાએ કહ્યું કે અમે અહીં બેસી શું કરીએ, મહેતા હજુ સુધી આવ્યા નહીં. આ બાજુ નરસિંહ મહેતા તો ક્યાંક ભજનમાં લાગી ગયા છે ને ઘરમાં પત્ની ચિંતાથી ઘેરાઈને નિશ્વાસ નાંખે છે હે પ્રભુ ! હવે શું કરવું? ત્યારે તેમની સહાય કરવા પ્રભુએ તે વખતે જ નરસિંહ મહેતાનું રૂપ ધર્યુ અને ઘરે આવી શ્રાદ્ધવિધિ બધી રૂડી રીતે કરાવી. આ

બ્રાહ્મણોને ભોજન કરાવી, દક્ષિણા આપી, વિદાય કર્યા. સમય વિત્યા બાદ નરસિંહ મહેતા સામાન લઈને ઘરે આવ્યા. સ્ત્રીને કહ્યું કે લ્યો આ ચીજવસ્તુ, રસોઈ કરો પરંતુ તેની સ્ત્રીએ કહ્યું કે તમે શું વાત કરો છો. હમણાં જ તમોએ વિધિ પૂરી કરી બ્રાહ્મણોને દક્ષિણા આપી વિદાય કર્યા છે.

આ સાંભળી નરસિંહ મહેતા વિસ્મય પામ્યા. અરે હું તો ભજનમાં બેસી ગયો હતો. મને કાંઈ ધ્યાન જ ન રહ્યું. આ કામ તો પ્રભુએ કરાવ્યું છે. ધન્ય હે પ્રભુ તમે મારા બાપનું શ્રાદ્ધ પણ કર્યુ. આમ બોલતા નરસિંહ મહેતા પાછા ભજન કરવા લાગ્યા.

(૪) નાયિ રૂપ– સેનો વાળંદ રાજાની હજામત કરવા જતો હતો. એકવાર ભજનમાં બેસી ગયો. તેને સમયનું ભાન રહ્યું જ નહીં. જ્યારે ભાન આવ્યું ત્યારે ખભે કોથળી નાંખીને રાજદરબારમાં ગયો. તે ઉતાવળો ઉતાવળો ડરતો ડરતો પહોંચ્યો અને આજીજી કરવા લાગ્યો. બાપુ આજે મારી ભુલ થઈ ગઈ, મોડું થયું છે, મને ક્ષમા કરો. આ સાંભળી રાજાને આશ્ચર્ય થયું અને કહ્યું કે હમણાં જ તું હજામત કરીને ગયો ને આવું કેમ બોલે છે, ત્યારે સેના નાયિ સમજી ગયો કે આ કામ મારા પ્રભુનું જ છે. તેને ઘણોજ પશ્ચાતાપ થયો કે મારા માટે ભગવાને આવું રૂપ ધરવું પડયું. ત્યારથી તેણે હજામત કરવાનું કામકાજ બંધ કરી દીધું અને પ્રભુ ભક્તિમાં લાગી ગયો.

(૫) મહાર રૂપે ભરણું કર્યુ– દામાજી મહાર હતા. તેને રાજાને ત્યાં ભરણું ભરવાનું હતું. ન ભરે તો દંડ થાય. પરંતુ આ તો ભક્ત હતા. તે તો પ્રભુનું ભજન કરવામાં તલ્લીન થઈ ગયા, તેને દેહનું ને સમયનું કાંઈ ભાન રહ્યું નહીં. ત્યારે પ્રભુએ દામાજીનું રૂપ ધારણ કરીને રાજાનું ભરણું ભર્યુ.

(૬) છાપરૂં છાયું– નામા ભક્ત હતા. જ્યાં ભક્ત હોય ત્યાં તેનો દ્વેષ કરવાવાળા પણ હોય. નામા ભક્તનું ઘરબાર બધું બરબાદ થઈ ગયું ત્યારે નામા ભગતનું છાપરૂં છાવા પ્રભુ પોતે ગયા.

(૭) પાણી ભરવું– ત્રિલોચન કરીને ભગવાનના ભક્ત હતા. તેને ઘેર જઈ ભગવાને પાણી ભર્યુ.

(૮) ઝહર પીધું– મેવાડમાં મીરાબાઈ મહાન ભક્ત હતા. રાણાજીએ ઝેરનો પ્યાલો ભરીને મોકલાવ્યો. રાણાજી ચાહતા કે ઝેર પીને મીરાબાઈ મૃત્યુ પામશે. પરંતુ પ્રભુએ તે ઝેરનું અમૃત બનાવ્યું તે કોઈ જાણતું નહીં. મીરાબાઈ તો ગટગટાવી ગયા. તેને કાંઈ ન થયું. આ જાણીને રાજાને પસ્તાવો થયો. આવી રીતે પ્રભુ ભક્તને સર્વ રીતે સર્વ જગ્યાએ રક્ષક બની રહે છે.

૨૫૨ વૈષ્ણવની વાર્તા ૧૭૮મી. એક રાજાની વાર્તા. આ રાજાનો પિતા વૃદ્ધ થયો ત્યારે પુત્રને શિખામણ આપી કે આપણા શહેરમાં શ્યામદાસ કરીને વૈષ્ણવ રહે છે, તેની સલાહ લઈ દરેક કાર્ય કરજે, તે પરમ ભક્ત વૈષ્ણવ છે.

પરંતુ દીકરાએ રાજગાદી પર બેઠા પછી આ વાત માની નહીં. તેને ત્રણ અપશુકન થયા. (૧) પોતાનો પુત્ર મરણ પામ્યો (૨) સ્ત્રી પણ મરણ પામી (૩) પોતાની આંગળી

કપાણી. આ ત્રણે વખતે ગામમાં બધા કહેવા લાગ્યા, બહુજ ખોટું થયું. પરંતુ ત્રણે વાર શ્યામદાસ તો એકજ શબ્દ બોલતા, પ્રભુ કરે તે ભલી કરે.

આનાથી રાજાને ગુસ્સો આવ્યો કે આ તો મારા બુરામાં રાજી છે. રાજાએ વિચાર કર્યો કે કોઈને જાણ ન થાય તેમ શ્યામદાસને મારી નાંખવો. આમ વિચારી તેને મારી નાંખવા મનુષ્યો મોકલ્યા.

શ્યામદાસ વહેલા સવારે સ્નાન કરવા નદીએ જાતા અને પછી ઘરે આવી સેવા કરતા. આ લાગ જોઈ મનુષ્યો તેને મારવા માટે વચ્ચે રસ્તો રોકી ઉભા રહ્યા. તેઓ વાટ જોઈને થાકી ગયા પણ શ્યામદાસ આવ્યા જ નહીં, પછી પાછા ફર્યા.

બન્યું એમ હતું કે તે દિવસે શ્યામદાસ મોડા ઉઠયા તેથી ટુંકો રસ્તો પકડયો, કે આ રસ્તો ખાબડ ખુબડતો છે પરંતુ જલ્દીથી પહોંચી જવાશે. થોડે દૂર ગયા ત્યાં ખાડામાં પગ પડી ગયોને ભાંગી ગયો તેથી પાછા આવ્યા.

આ બાજુ રાજાને ખબર પડી કે શ્યામદાસ બચી ગયા. બીજેજ રસ્તેથી ચાલ્યાને પગ ભાંગ્યો ત્યારે બીજા માણસો બધા શ્યામદાસને ઘેર સમાચાર પૂછવા આવ્યા. સૌની જેમ રાજા પણ આવ્યો. રાજાએ કહ્યું કે તમારો પગ ભાંગી ગયો બહુ ખોટું થયું ત્યારે પણ શ્યામદાસે એજ જવાબ દીધો કે પ્રભુ કરે તે ભલી કરે. આ સાંભળી રાજાએ વિચાર કર્યો કે આને બોલવાની ટેવજ એવી છે, તેમ સમજી શ્યામદાસ સાથે મિત્રભાવે રહેવા લાગ્યો.

થોડા સમયમાં એક મોટા રાજાનું તેડું આવ્યું તેથી આ રાજા ત્યાં ગયો. વિદ્વાન પંડીતો હતા, તેણે ત્રણ લક્ષણ ઓછા જોયા, જેથી કહ્યું કે આ કામનો નથી. આપણે તળાવમાં બત્રીસ લક્ષણાનો ભોગ ચડાવવો છે, આમ કહી તેણે રજા આપી.

ત્યારે રાજાએ ગામનાં લોકોને પુછયું કે આ બધી શી વાત છે, ગામ લોકોએ સાથે જઈ તળાવ ખોદેલું બતાવ્યું કે આમાં પાણી નથી આવતું, તેથી બત્રીસ લક્ષણા માણસનો ભોગ દેવા માટે જ તમોને તેડાવેલ હતા, પરંતુ તમારામાં ત્રણ લક્ષણો ઓછા થઈ ગયા છે.

ત્યારે રાજાને ખ્યાલ આવ્યો કે શ્યામદાસ સાચું કહેતા, પ્રભુ કરે તે ભલી કરે. નહીં તો આજે મારો વધ અત્રેજ થાત. ધન્ય છે શ્યામદાસ તમોને. મારા પિતાએ કહેલું તે વચન સાચું જ છે.

(૧) રાજાએ શ્યામદાસને મારી નાંખવા વિચાર કર્યો હતો ત્યારે પણ શ્યામદાસજીને પ્રભુએ બીજે રસ્તે ચલાવીને રક્ષા કરી.

(૨) રાજાનાં ત્રણ લક્ષણો ઓછા થવાથી તે પણ બચી ગયો. ત્યારપછી રાજાએ તળાવ સામું જોયું અને અષ્ટાક્ષર મહામંત્રનું સ્મરણ કરી, અંજલી કરી જળ છાંટયું ત્યાં તળાવ ભરાઈ ગયું. આમ પ્રભુ સર્વ રીતે સહાયક બન્યા. રાજાને દુઃસંગનો સાથ હોવાથી શ્યામદાસને ઓળખી શક્યા નોતા. પરંતુ પાછળથી સુધરી ગયા. પ્રભુ સદા ભક્તને સહાયક રહે છે. માટે જ કવિશ્રી કહેછે કે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૭૩)

॥ શ્રીહરિઃ ॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો

લેખક – દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ– ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા– વિશારદ, મુંબઈ.

ભાષાંતર – ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

– ગતાંકથી ચાલુ

મુગલ રાજ્ય સમયની એક કથા પ્રચલિત છે. રાજા માનસિંહ કોઈ રાજપ્રસંગ સમયે મથુરા આવ્યા હતા. કુંભનદાસના ભક્તિરસથી ભરેલાં પદો સાંભળેલા તેથી રાજાને કુંભનદાસને મળવાનું ખૂબ જ મન હતું. પોતાની ઈચ્છા પૂરી કરવા માટે રાજા કુંભનદાસના ગામ પારાસોલી (પરાસોલી) ગયા. કુંભનદાસ તે સમયે સ્નાન કરીને તિલક કરતા હતા. તે સમયે તેની આર્થિક પરિસ્થિતિ ખૂબજ ખરાબ હતી. એટલી હદ સુધી કે પોતાનું મુખ જોવા માટે એક નાનું દર્પણ પણ ઘરમાં રાખી શક્યા ન હતા. કુંભનદાસ તે સમયે જલમાં મુખ નિહાળીને તિલક કરી રહ્યા હતા. રાજાને આ પરિસ્થિતિ દયાજનક લાગતાં પોતાની પાસેથી એક થેલી સોનામહોર કાઢીને તે સ્વીકારવાની વિનંતી કરી. સંતોષી દરિદ્ર વૈષ્ણવ બોલ્યા. 'મહારાજ, હું આ દ્રવ્યને શું કરું? મારું મન તો ઠાકુરજી જે કૃપા કરીને આપે છે તે ઘણું બધું છે. અને તેનેજ હું નિર્દોષ દ્રવ્ય સમજું છું. મારી આ નાનકડી ખેતીમાં રહેતા ચાર વૃક્ષોમાંથી જે કાંઈ પ્રાપ્ત થાય છે તે મારા માટે બહુ જ છે.' રાજાએ કહ્યું 'વૈષ્ણવરાજ, આ નાનકડી ખેતી આપના માટે ખૂબજ થોડી છે. આજ્ઞા હોય તો આ ગામ આખુંયે તમારે નામે લખી દઉં'. કુંભનદાસે તેનો પણ સ્વીકાર ન કર્યો. ત્યારે રાજાએ કહ્યું કે 'મહારાજ, કંઈક તો આજ્ઞા કરો' ત્યારે કુંભનદાસે કહ્યું 'રાજા હું શું કહું?' ભક્તને વધારે કહેવાનો અધિકારેય શું છે? હું જે પ્રમાણે હરિયશ ગાન કરું છું તે પ્રમાણે આપ પણ હરિનામ લેતા રહો. બીજું શું જોઈએ' રાજા આ નિરપેક્ષ વચનો સાંભળીને ખૂબજ પ્રસન્ન થયા અને સાષ્ટાંગ પ્રણામ કરીને બોલ્યા 'પ્રભુ, માયાના દાસ તો ઘણાં જોયા પરંતુ ઈશ્વરના દાસ મેં આજ સુધી જોયાં ન હતા તે આજે આપના દર્શન કરીને કૃતાર્થ થયો છું.'

પુષ્ટિમાર્ગીય ભક્ત માટે સર્વાર્થ સાધક ભગવાન પોતેજ બની રહે છે. તેનો કોઈ વાતની અપેક્ષા કરવી પડતી નથી. ભગવદ્રૂપી અર્થ સ્વાર્થથી નિરપેક્ષ છે. ભગવાનની સાધના કરવામાં કોઈપણ અર્થની અપેક્ષા રહેતી નથી. ભગવાને સ્વયં આજ્ઞા કરી છે કે–

તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્ ।

અપ્રાપ્ય વસ્તુની પ્રાપ્તિ જ યોગ છે. અને પ્રાપ્ત વસ્તુનું રક્ષણ કરવું ક્ષેમ છે. એટલા માટે ભક્ત માટે એ ઉચિત છે કે તે પ્રભુ પ્રત્યે કોઈપણ પ્રત્યુપ્રકારની પ્રાર્થના ન કરે. ભગવાને અમુક વસ્તુ પોતાના ભક્તને દેવી છે તો તે અવશ્ય દેશે. અને દેવાની ઈચ્છા નહીં હોય તો માંગવાથી પણ નહીં આપે. તેથી મૌન રહેવું જ ઉચિત છે. ઈશ્વરમાં દઢ વિશ્વાસ રાખવો એ જીવનું પરમ કર્તવ્ય છે. જીવને માટે તે યોગ્ય છે કે ઈશ્વરના દરેક કાર્યમાં પોતાની ભલાઈ જુએ. ભક્તનું ખરાબ થાય તો પણ ભક્તે ધીરજ રાખવી યોગ્ય છે. ખબર નથી કે ક્યારે પ્રભુ ભાગ્યોદય કરે? કપરા સમયમાં વિચલિત થાય તો તે ભક્તની અસ્થિરતા કહેવાય.

આવાજ સરળ પરંતુ ઉત્તમોત્તમ માર્ગને પ્રચલિત કરવાવાળા શ્રીવલ્લભાચાર્ય છે.

જ્યારે દેશ, કાળ, દ્રવ્ય, મંત્ર, કર્તા અને કર્મ આ છ પદાર્થો શુદ્ધ હોય તો યજ્ઞ આદિ અને અન્ય વૈદિક કાર્યોની ક્રિયાઓ ફલ આપી શકે છે. કલિયુગમાં આ છ વસ્તુઓ શુદ્ધ રૂપમાં મળવી અત્યંત દુર્લભ છે. તેથી જીવના પરમ કલ્યાણ માટે શ્રીમહાપ્રભુજી એ વિચાર્યુ કે કલીયુગમાં અલ્પ સામર્થ્ય સંપન્ન ધરાવતો જીવ ભગવદ્પ્રાપ્તિ કરી નહી શકે અને ન તો યજ્ઞ યાગાદિક કરીને મોક્ષને પ્રાપ્ત કરી શકે. તેથી સર્વોચ્ચ ફલ આપવાવાળો પુષ્ટિમાર્ગ લોકોમાં પ્રચલિત કર્યો. આ આવો ઉત્તમ માર્ગ છે કે–

ધાવન્નિમીલ્ય વા નેત્રે ન પતેન્નસ્ખલે દિહ ।

અર્થાત્ આ ભક્તિમાર્ગનું આંખો મીંચીને પણ સારા નરસાના જ્ઞાન વગરનો થઈને પણ અનુસરણ કરે તો પણ તેનું કદી પતન નહીં થાય. કે ન તો તેમાંથી ચલિત થાય. ઉત્તમ માર્ગનું આજ લક્ષણ છે–

માર્ગેયં સર્વમાર્ગાણામુત્તમઃ પરિકીર્તિતાઃ ।
યસ્મિન્પાતભયં નાસ્તિ મોચકઃ સર્વથા હરિઃ ।

અર્થાત્–પુષ્ટિમાર્ગ બધા સંપ્રદાયોમાં શ્રેષ્ઠ છે. કારણ કે અહીં પડવાનો કે પતનનો ભય નથી. ભક્તિમાર્ગનું અનુસરણ કરવામાં સર્વ દુઃખોને દૂર કરનારા આનંદકંદ ભગવાન શ્રીકૃષ્ણ હોવાથી લૌકિક અથવા વૈદિક બાધા તેને કર્તવ્યમાંથી વિમુખ કરી શકતી નથી. કેમકે અહીં તો સર્વદુઃખના મોચક આનંદકંદ ભગવાન શ્રીકૃષ્ણ છે. તેજ સર્વથા જીવનો માલિક છે. જીવે તો તેનેજ પોતાનું આત્મસમર્પણ કરી દીધું છે. હવે તેને ડર નથી. શ્રીમહાપ્રભુજી કહે છે–

ચિંતા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપીતિ ।
ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્ ॥

અર્થાત્—પુષ્ટિમાર્ગીય વૈશ્ણવ જેણે બ્રહ્મસંબંધ લીધું છે તેને પોતાના વિશે ચિંતા કરવી જોઈએ નહીં કારણ કે હવે ભગવાન તેના માલિક થઈ ગયા. તે સેવકની દુર્ગતિ નહીં કરે. પુષ્ટિસ્થ ભગવાન જીવની લૌકિક ગતિ નહિ કરે.

૬. પુષ્ટિમાર્ગના અધિકારી કોણ છે?

અમે કહેલું છે કે પુષ્ટિમાર્ગ આપણો વિશ્વધર્મ છે. કારણ કે તે એક સીધો સરળ અને સાચો માર્ગ છે. જેમાં મોક્ષની પ્રાપ્તિ અને બીજા માર્ગની અપેક્ષા બહુજ જલ્દી પ્રાપ્ત થઈ શકે છે. અહીં કેવળ ભગવાનની કૃપા જ સર્વસ્વ છે. કારણ કે જીવ નિઃસાધન છે જ્યારે ભગવાન કૃપા કરે છે ત્યારે મનુષ્ય સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે તે લોકપ્રસિદ્ધ વાત છે. અહીંયા પણ ભગવાનની કૃપાને જ સર્વસ્વ માનવામાં આવે છે તેથી જ આ સર્વોત્તમ માર્ગ છે અને આ જ એક વિશ્વધર્મ છે.

આ ભક્તિમાર્ગમાં બધાનો અધિકાર સમાનરૂપથી છે. ભગવાનને જે પ્રેમથી ભજે, જો ભગવાન શ્રીકૃષ્ણને જ સર્વસ્વ માને, અને તેનું જગત્પાવન નામ લીધા કરે અને જે પુષ્ટિમાર્ગનું અનુસરણ કરે તે જીવ પુષ્ટિમાર્ગીય જીવ થઈ શકે છે. અહીં આર્ય અનાર્ય, ઈસાઈ અથવા મુસલમાન (જાતિના ભેદ વગર), સ્ત્રી અથવા શુદ્ર બધાને આ માર્ગમાં પ્રવેશવાનો અધિકાર છે. જેની ઈચ્છા થાય તે વૈષ્ણવ થઈ શકે છે.

અહીંયા તો જાત પાંત પૂછે નહીં, જે કોઈ હરિને ભજે તે હરિનો થાય આ સિદ્ધાંત છે. આ વાતનું દઢ સમર્થન શ્રીમદ્ ભાવગતમાં મળે છે.

કિરાતહૂણાન્ધ્ર પુલિન્દપુલ્કસા આભરિકઙ્કા યવનાઃ ખસાદયઃ ।
યેન્યે ચ પાપા યદુપાશ્રયાશ્રયાઃ શુધ્યન્તિ તસ્મૈ પ્રભવિષ્ણવે નમઃ ॥

અર્થાત્—ઉપરના શ્લોકમાં બતાવેલી જાતિઓ જેવી કે કિરાત, હૂણ, બર્બર, યવન, મુસલમાન, ઈસાઈ, આદિ જાતિ માત્ર શ્રીકૃષ્ણનો આશ્રય લેવાથી પવિત્ર થઈ જાય છે. એટલું જ નહીં આ મ્લેચ્છોનો ઉદ્ધાર પ્રભુના દાસાનુદાસ પણ કરી શકે છે. તેવો પ્રભાવ પુષ્ટિમાર્ગનો છે.

તેથી પુષ્ટિમાર્ગ બધાય ગ્રહણ કરી શકે છે. શ્રીમહાપ્રભુજીના જે ભક્તો છે અથવા જેની ઈચ્છા એ છે કે શ્રીમહાપ્રભુજીની સૃષ્ટિનો વિસ્તાર થાય તે પોતાના જીવન દરમ્યાન ઓછામાં ઓછા ત્રણ વિદ્યાર્થીઓને વૈષ્ણવ બનાવે. ભગવદ્‌ભક્તનું તો એજ કર્તવ્ય છે કે તે

બીજોનો પણ ઉદ્ધાર કરે અને પુષ્ટિમાર્ગીય ધર્મને વિશ્વધર્મ બનાવે.

૭. શુદ્ધાદ્વૈત

આ પુષ્ટિમાર્ગને શુદ્ધાદ્વૈત પણ કરે છે. તેથી શુદ્ધાદ્વૈત શબ્દ ઉપર વિચાર કરી લેવો ઉચિત છે. તેમાં બે શબ્દો છે. એક 'શુદ્ધ' અને બીજો 'અદ્વૈત' દ્વૈતથી જે વિરુદ્ધ શબ્દ છે અથવા તેનાથી ઉલટો શબ્દ છે તે 'અદ્વૈત' છે. માટે દ્વૈતનું વર્ણન કરવાથી તેના વિરુદ્ધ સ્વરૂપનું જ્ઞાન થશે.

દ્વૈત એટલે જે બે વિભાગ કરે તે, નામ તથા રૂપથી, ઈશ્વર તથા જીવરૂપથી કાર્ય થકી અને કારણરૂપ થકી જે બે પ્રકારનું જ્ઞાન થાય તેને દ્વૈત કહે છે. તેથી વિરુદ્ધ જેમાં બે પ્રકારનું જ્ઞાન ન થાય તેને અદ્વૈત કહે છે.

વેદમાં કહ્યું છે 'સર્વ ખલ્વિદં બ્રહ્મ તજ્જલાનિતિ પઠયતે। (ઉત્પતિ, લય તથા સ્થિતિ આ જગતની બ્રહ્મમાંજ છે એટલે આ દશ્યમાન્ સર્વ નામરૂપાત્મક જગત બ્રહ્મ છે.) આ અદ્વૈતનું ઉદાહરણ છે. જગત અને બ્રહ્મ વિષયમાં બે પ્રકારનું જ્ઞાન હોવું 'દ્વૈત' છે. અને એક પ્રકારનું જ્ઞાન હોવું 'અદ્વૈત' છે. હવે આ જોઈએ કે 'અદ્વૈત' ની સાથે 'શુદ્ધ' શબ્દનો પ્રયોગ શા માટે કર્યો. 'અદ્વૈત' શબ્દની વિશેષતા બતાવવા માટે શુદ્ધ શબ્દનો પ્રયોગ કર્યો છે. જે લોકો 'અદ્વૈત' શબ્દનો પ્રયોગ કરતા હોય છે. ત્યાં બધા જ પદાર્થો બ્રહ્મરૂપ માનવામાં આવ્યું હોય તેમ નથી. આ 'અદ્વૈત'માં સિદ્ધ કરવામાં આવ્યું છે કે 'આ જગત માયારૂપ છે' મિથ્યા છે અને બ્રહ્મ સત્ય નિર્વિશેષ અને અદ્વિતિય છે. આ પ્રમાણે જગતને શૂન્ય, મિથ્યા (પ્રચ્છન્નબૌદ્ધ) મિથ્યા અને બ્રહ્મને નિર્વિશેષ માનવામાં આવ્યું છે, પરંતુ આ શુદ્ધાદ્વૈતમાં માન્ય નથી. શુદ્ધાદ્વૈતનો સિદ્ધાંત તો એ છે કે આ બધું જગત બ્રહ્મરૂપ છે. સત્ય છે. એટલા માટે અદ્વૈત નથી. તેની વિરુદ્ધ એટલે કે ઉલટું બતાવવા માટે શુદ્ધ શબ્દ 'અદ્વૈત' આગળ લગાડયો છે. શુદ્ધાદ્વૈતના સિદ્ધાંત પ્રમાણે આ જગત બ્રહ્મરૂપ છે. તેનાથી અલગ નથી. તેમાં અને બ્રહ્મમાં કોઈ ભેદ નથી. જે કાંઈ ભેદ આપણને દેખાય તો તે આપણી અવિદ્યા છે. અહંતા મમતા છે. તેની નિવૃત્તિ કરવી જોઈએ. જેથી બ્રહ્મ અને જીવમાં કોઈપણ ભેદ નથી રહેતો.

અભ્યાસાર્થ પ્રશ્નો

(૧) પુષ્ટિમાર્ગ કોને કહેવાય? (૨) પુષ્ટિમાર્ગના બીજા નામ કયા છે? (૩) વૈષ્ણવે પુષ્ટિમાર્ગનું રહસ્ય શા માટે જાણવું જોઈએ? (૪) પુષ્ટિમાર્ગમાં પ્રમાણ ગ્રંથ કયા કયા છે? (૫) પુષ્ટિમાર્ગને કોણે ચલાવ્યો? (૬) પુષ્ટિમાર્ગનો મર્મ શું છે? (૭) પુષ્ટિમાર્ગ વિશ્વધર્મ કેમ હોઈ શકે છે? (૮)પુષ્ટિમાર્ગનું તત્વ શું છે? (૯) અજામિલની કથા શું છે? (૧૦) પુષ્ટિમાર્ગીય ભક્ત દ્રવ્યની ઈચ્છા શું રાખે છે? (૧૧) કુંભનદાસની કથા લખો. (૧૨) શુદ્ધાદ્વૈત શું છે? (૧૩) પુષ્ટિમાર્ગમાં અધિકારી કોણ છે? (૧૪) પુષ્ટિમાર્ગને વિશ્વધર્મ કેવી રીતે બનાવશો?

—ક્રમશઃ

શ્રી યમુનાજીના પદ

રચયિતા—મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ—માધુરી, રાજકોટ

પદ ૭૫

શ્રીયમુને સિકતા જો ધ્યાવે;
સુરતરુ કામધેનુ ચિંતામણિ સપનેહૂ તાહિ ન પાવે. ૧
નીલ નીર શ્રીપતિ તનુ જ્યોતિ ઉપમા કહત ન આવે;
યોગ સિદ્ધિ અપબર્ગ બ્રહ્મસુખ દેખત હી બિસરાવે. ૨
અપાકૃત ગોતીત બાલુકા આનન્દમય શ્રુતિ ગાવે;
યમયાતના મિટાય પલકમેં જિય કી જરનિ જુડાવે. ૩
લહત અછિત તનુ ભૃંગ કીટ ગતિ પ્રેમ ભક્તિ ઉર આવે;
'બલ્લભ' યમુનોદિક પ્રતાપબલ ગોપિનિ કી ગતિ પાવે. ૪

ભાવાર્થ: જય થાઓ, જય થાઓ સકલ સિદ્ધિને પ્રાપ્ત કરાવવાવાળા શ્રીયમુનાજી આપનો જય થાઓ. આપની પાસે કૃપારૂપી ભંડાર છે તેથી કોઈપણ મહાન દુઃખી નિઃસાધન જેનું કોઈ નથી તેનું દુઃખ દારિદ્ર દૂર કરી અભયપદ આપો છો. આવા ગુણોના ગુણાનુવાદ કરવાવાળાને જે સુખ મળે છે, તે સુખ જેની પાસે કામધેનુ—કલ્પવૃક્ષ છે તેઓ સ્વપ્નમાં પણ આ સુખ પ્રાપ્ત કરી શકતા નથી.

પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણનાં જેવો જ નીલરંગ ધારણ કરી જળ પ્રવાહરૂપે વહેતા સ્વરૂપને ઉપમા દેવા યોગ્ય કોઈ વસ્તુ મળતી નથી. આવા મેઘશ્યામ રૂપને નિરખ્યા પછી યોગ, સિદ્ધિ, અપવર્ગ, બ્રહ્મલોક, આ બધાનું સુખ ઓછું દેખાય છે. બધું તુચ્છ સમજી ભૂલી જવાય છે. આપનું અપ્રાકૃતરૂપ પ્રાકૃત જળ રૂપે સર્વ સુખને પ્રાપ્ત કરાવવાવાળું છે. તેથીજ મહાન સિદ્ધિરૂપી આપના તટ પર બિરાજમાન રેણુકા(રેતી)નુ વર્ણન કરવાના પૂર્ણ એવું કોઈમાં સામર્થ્ય નથી. આપના શ્રુતિ ગુણ ગાય છે. દરસ, પરસ માત્રથી યમયાતનામાંથી નિર્ભય બની જાય છે. અનેક જન્મથી સંસારરૂપી દાવાગ્નિમાં તપી રહેલાનું દુઃખ નિવારણ કરી શાન્તિ પ્રદાન કરે છે, એટલું જ નહીં તે આપનું યશોગાન કરવા શક્તિમાન બને છે. તેના હૃદયના તાપો દૂર થઈ તે પ્રેમ ભક્તિરૂપી અલૌકિક યશનું વર્ણન કરવા યોગ્ય બને છે, તે માંટે આપ તેને તનુનવત્વ—નવીન દેહ ધારણ કરાવીને મનરૂપી ભ્રમર યશોગાનનો ગુંજાર કરવા સામર્થ્ય આપો છો, એટલું જ નહિં આપના પ્રતાપબળથી તે ગોપીજનોની જેમ પ્રેમભાવ ભક્તિને પ્રાપ્ત કરે છે દાસ વલ્લભ કહે છે કે આવો આપનો પ્રતાપ બળ છે. ૭૫

દેવર્ષિ નારદ રચિત

ભક્તિસૂત્ર – પ્રેમદર્શન

હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદ્દાર ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.

ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ

—ગતાંકથી ચાલુ

યત્પ્રાપ્ય નકિંચિદ્વાંછતિ ન શોચતિ
ન દ્વેષિ ન રમતે નોત્સાહિ ભવતિ ॥૫॥

જેને (પ્રેમ સ્વરૂપા) ભક્તિને પ્રાપ્ત કરીને મનુષ્ય ન તો કોઈ પણ વસ્તુની ઈચ્છા કરે છે, ન શોક કરે છે, ન દ્વેષ કરે છે, ન કોઈ વસ્તુમાં આસક્ત થાય છે અને ન તેને (વિષય ભોગો પ્રાપ્ત કરવામાં) ઉત્સાહ હોય છે.

તે પ્રેમી ભક્ત તે પરમ મહાન વસ્તુ મેળવી લે છે જે મેળવીને બધી ઈચ્છાઓ નષ્ટ થઈ જાય છે. જગતના પ્રેમ ઐશ્વર્ય, સૌન્દર્ય, બળ, યશ, જ્ઞાન, વૈરાગ્ય વિગેરે સમસ્ત પદાર્થ જેને માટે ભોગી અને ત્યાગી બધા મનુષ્ય પોતપોતાની રુચિ પ્રમાણે હંમેશા લલચાતા રહે છે. ભગવત્પ્રેમરૂપી દુર્લભ પદાર્થની સામે અત્યંત તુચ્છ છે. વિશ્વભરમાં ફેલાયેલા ઉપરોક્ત બધા પદાર્થોને એક સ્થળ પર એકઠા કરવામાં આવે તો પણ તે બધા મળીને જે ભગવાનરૂપી સમુદ્રના એક જલકણ સમાન જ થાય છે, એ ભગવાન પોતે જે પ્રેમના આકર્ષણથી સદા ખેંચાતા રહે છે, તે પ્રેમની સામે સંસારના પદાર્થ શું ગણતરીમાં?

શ્રીશુકદેવજી મુનિ કહે છે:

યસ્ય ભક્તિર્ભગવતિ હરૌ નિઃશ્રેયસેશ્વરે ।
વિક્રીડતોऽમૃતામ્ભો ધૌ કિં ક્ષુદ્રૈઃ ખાતકોદકૈઃ ॥

(શ્રીમદ્ ભા. ૬/૧૨/૨૨)

જે પરમ કલ્યાણના સ્વામી ભગવાન શ્રીહરિની ભક્તિ કરે છે તે અમૃતના સમુદ્રમાં રમી રહ્યો છે. ખાડામાં ભરેલ ગંદા પાણીની જેવા કોઈપણ ભોગમાં કે સ્વર્ગાદિમાં તેનું મન ચલાયમાન નથી થતું. પ્રેમામૃત સમુદ્રમાં ડૂબેલો ભક્ત બીજા પદાર્થોની ઈચ્છા શા માટે કરવા લાગે?

જેવી રીતે ભક્ત ભોગ, મોક્ષ વિગેરેની ઈચ્છા નથી કરતો તેવીજ રીતે નાશ પામવાનો શોક પણ નથી કરતો. ભોગોના નાશને તે પરમાત્માની લીલા સમજે છે તેથી હંમેશા હર હાલતમાં આનંદમાં જ રહે છે. પરંતુ ભગવત્પ્રેમના સેવનમાં જો સાયુજ્ય મોક્ષના સાધનમાં કમી આવે તો તે તેને માટે શોક નથી કરતો, પરંતુ હંમેશા એમ ઈચ્છે છે કે મારો ભગવત્પ્રેમ વધતો રહે, પછી ભલે ગમે તેટલા જન્મધારણ કરવા પડે.

ચહૌં ન સુગતિ સુમતિ સંપત્તિ કછુ રિધિ–સિધિ વિપુલ બઢાઈ।
હેતુ રહિત અનુરાગુ રામપદ બઢુ અનુદિન અધિકાઈ ॥

આ રીતે તે કોઈ જીવની કે લૌકિક દષ્ટિએ પ્રતિકુળ માનવામાં આવતા પદાર્થ કે સ્થિતિનો ક્યારેય દ્વેષ નથી કરતો. તે બધા જીવોમાં પોતાના પ્રભુને અને બધા પદાર્થો અને સ્થિતિમાં પ્રભુની લીલાને જોઈ જોઈને ક્ષણે–ક્ષણે આનંદિત થાય છે.

નિજ પ્રભુમય દેખહિં જગત કેહિ સન કરહિં બિરોધ ॥

ભક્તનું મન હંમેશા પ્રભુ પ્રેમમાં એવું તલ્લીન થઈ જાય છે કે અર્ધી ક્ષણ માટે પણ બીજા કોઈ પદાર્થમાં નથી ભમતું.

ગોપીયો ઉદ્ધવજીને કહે છે:

ઉધૌ, મન ન ભએ દસ વીસ ।
એક હુતો સો ગયો સ્યામ સંગ, કો આરાધૈ ઈસ ॥

મન પોતાની પાસે રહેતું જ નથી, ત્યારે તે બીજામાં કેમ ભમે? તેથી તો પ્રેમીયોના ભગવાનનું નામ 'મનચોર' છે.

મધુકર સ્યામ હમારે ચોર ।
મન હરલિયો માધુરી મૂરતિ, નિરખ નયનકી કોર ॥

તે પ્રેમી ભક્તના ચિત્તને એવી ચતુરાઈ ચોરીને પોતાની સંપત્તિ બનાવી લે છે કે તેના પર બીજાની નજર ક્યારેય ન પડી શકે. બીજો કોઈ દેખાય ત્યારે તેમાં આસક્તિ કે પ્રેમ થાય, પરંતુ જ્યારે મનમાં બીજાની કલ્પનાને પણ સ્થાન નથી મળતું, ત્યાં કોનામાં કેવી રીતે આસક્તિ કે પ્રેમ થાય? પ્રેમમયી ગોપીઓ કહે છે–

સ્યામ તન સ્યામ મન સ્યામ હૈ હમારા ધન,
આઠોં જામ ઉધૌ હમેં સ્યામ હી સોં કામ હૈ ।
સ્યામ હિયે સ્યામ જિયે સ્યામ બિનુ નાહિં તિયે,
આંધેકી–સી લાકરી અધાર સ્યામ નામ હૈ ॥
સ્યામ ગતિ સ્યામ મતિ સ્યામ હી હૈ પ્રાનપતિ,
સ્યામ સુખદાઈસોં ભલાઈ સોભાધામ હૈ ।
ઉધૌ તુમ ભએ બૌરે પાતી લૈકે આએ દૌરે,
જોગ કહાં રાખૈં યહાં રોમ–રોમ સ્યામ હૈ ॥

જ્યારે એક પ્રિયતમ શ્રીકૃષ્ણને છોડીને બીજાને મનમાં પ્રવેશવાની મનાઈ છે, ત્યારે બીજા કોઈને મેળવવાને માટે ઉત્સાહ તો હોય જ કેમ? કોઈ કોઈને જુએ, સાંભળે, તેના માટે મનમાં ઈચ્છા ઉત્પન્ન થાય, ત્યારે તેના માટે પ્રયત્ન કરેને? મન કોઈમાં ભમે ત્યારે તેને મેળવવા ઉત્સાહ થાય ને? મન તો પહેલેથી જ કોઈ એકનું થઈ ગયું. તેણે મન પર પોતાનો પૂરો અધિકાર જમાવી લીધો અને પોતે તેમાં આવીને સદાને માટે વસી ગયા. બીજા કોઈ માટે કોઈ ગુંજાઈશ જ ન રહી. જો કોઈ આવે તો પણ તેણે દૂરથી પાછા ફરી જવું પડે છે. શું કરવું જગ્યાજ નથી રહી.

રોમ રોમ હરિ રમિ રહે, રહી ન તનિકૌ ઠૌર ।

બિચારી આંખો મનની રજા વગર બીજા કોને જુએ? જ્યારે કોઈ ક્યાંય દેખાતું જ નથી. ત્યારે તેને પામવા માટેના ઉત્સાહની વાત જ ન રહે. બીજી વાત એ છે કે કોઈ સુખની ઈચ્છાથી

મનુષ્યને ઉત્સાહ હોય છે. જ્યારે સમસ્ત સુખોનો ખજાનો જ આપણી પાસે હોય ત્યારે ક્ષુદ્ર સુખ માટે ઉત્સાહ ક્યાંથી હોય? તેથી પ્રેમોત્સાહના પુતળા ભગવત્પ્રેમી પુરૂષોમાં લૌકિક કાર્યો પ્રત્યે—વિષયો પ્રત્યે કાંઈપણ ઉત્સાહ દેખાતો નથી.

ભગવાન પોતે પણ કહે છે:

યો ન હૃષ્યતિ ન દ્વેષ્ટિ ન શોચતિ ન કાંક્ષતિ ।
શુભાશુભ પરિત્યાગી ભક્તિમાન્ યઃ સ મેપ્રિયઃ ॥

(ગીતા ૧૨/૧૭)

'જે ક્યારેય આનંદિત થતો નથી, દ્વેષ કરતો નથી, શોક કરતો નથી, ઈચ્છા કરતો નથી, તથા જે શુભ, અશુભ બધાનો ત્યાગી છે તે ભક્તિમાન પુરૂષ મને પ્રિય છે.'—૫

ભાષ્યાર્થ : જેને પ્રિયની પ્રાપ્તિ ન થઈ હોય તેવો માણસ પ્રિય પ્રાપ્તિને માટે ઝંખે છે. જેને પોતાનું પ્રિય મળી ગયું છે તેવો નહીં. ભક્તને માટે બીજું કશું ઈચ્છવા યોગ્ય નથી. તેજ તેને માટે તૃષ્ણા રાખવા જેવો પરમ લાભ છે. તે પરમ લાભની પ્રાપ્તિ થતાં તેની તુચ્છ વિષયોની પ્રાપ્તિની ઈચ્છા શમી જાય છે. કેમકે ભક્ત ભગવાનમાં જ પ્રિયતાની અવધિ છે એમ જાણે છે. આથી એટલે કે સદા તેને પરમ લાભ મળેલો હોવાથી તે કશું ઈચ્છતો નથી.

વળી, ભક્ત કદાપિ શોક કરતો નથી! પ્રિયના વિયોગમાં શોક થાય; કેમકે પ્રિયના વિયોગને સ્મરી સ્મરીને જન્તુઓ તાપ પામે છે, અને ખેદ કરે છે. આને તો સદૈવ પ્રિયનો યોગ હોય છે. આથી એને માટે તો શોકનો અવસર જ નથી અને તેથી ભક્ત કદીય શોક કરતો નથી.

જેમ ભક્તને શોકનો અભાવ હોય છે તેમ દ્વેષનો પણ અભાવ જ હોય છે એમ જાણવું. તે કોઈનો પણ દ્વેષ કરતો નથી. દ્વેષ એટલે ક્રોધ. અને ક્રોધ તો અપ્રિયની પ્રાપ્તિથી થાય છે. ભક્તને તો કશું અપ્રિય હોતું નથી; કેમકે તેને તો સર્વરૂપ આનન્દમય ભગવાન પ્રિય છે. આથી તેની નજરમાં દ્વેષનો વિષય જ નથી. સર્વત્ર આત્માને જોતા ભક્તને માટે દ્વેષ તો સસલાના શિંગડા જેવો થઈ જાય છે! આત્માનો=પોતાનો તો કોઈ દ્વેષ કરી શકતું નથી.

વળી જે પરમાત્માનો પ્રેમી છે તે કદી વિષયનો રસિયો હોય નહીં. વિષય રસિકતા તો પ્રેમનું વ્યભિચારપણું વ્યક્ત કરે છે. અને પ્રેમ તો જાતમાં કદી છિદ્ર સહી શકતો નથી. પ્રેમ અતિશય કંજૂસ હોય છે! ભક્તને પોતાના દેહ ઉપર રતિ હોય તો તે પણ પ્રેમ જો નથી સહી શકતો તો પછી શરીરથી ભિન્ન વિષયોની તો વાત જ ક્યાં રહી? આથી પ્રેમ પાત્રને છોડી બીજે ક્યાંય ભક્ત રતિ કરવા શક્યમાન નથી!

વળી જે પુરૂષને પરમાત્મપ્રીતિ મળી ચૂકી છે તેનો મનોવેગ શાંત થઈ જાય છે. વિષય ઉપર રાગ, તો પરમાત્મામાંથી મનને ભ્રષ્ટ કરવામાં કારણરૂપ છે. તે રાગ બળજબરીથી મનને પરમાત્મામાંથી ભ્રષ્ટ કરી વિષયોમાં ગબડાવી પાડે છે! પણ ભક્તનો તો રાગ જ સાફ થઈ ગયેલો છે. કેમકે વિષયના રાગથી રંગાયેલા કદી પરમાત્માનો ભક્ત થઈ શકતો જ નથી. આથી ભક્તનું શાંતવેગી મન કદી વિષયની પ્રાપ્તિ માટે ઉત્સાહી થતું નથી.

આમ, ભક્તિની પ્રાપ્તિ થતાં માણસ નિરીહ, વિશોક, નિર્વૈર, વીતરાગ અને પ્રશાન્તમના થાય છે. આવો આખા સૂત્રનો પિંડાર્થ થયો ! ૫

—ક્રમશઃ

પુસ્તક પરિચય

૧. ભાવપોષકમ્ ગ્રંથ વિવરણ : રચયિતા–શ્રીહરિરાયજી, વિવરણ–લેખકો અને પ્રકાશકો શ્રીબાબુભાઈ નાયક સુશ્રીકિરણબેન શાહ

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ સંખ્યા ૨૧૮+૧૨=૨૩૦, ઓફસેટ પ્રિન્ટીંગ, સેકસન સિલાઈ, લેમીનેશનવાળા આગળ પાછળ ટાઈટલ પેજ ઉપર શ્રીહરિરાયજી તથા શ્રીમહાપ્રભુજીના દર્શનીય બહુરંગી ચિત્રજી, પ્રથમ આવૃત્તિ ન્યોછાવર રૂ.૩૦/– પોસ્ટેજ રૂ.૫/–

પ્રાપ્તિસ્થાન : સુશ્રી કિરણબેન નંદલાલ શાહ ૧– આરતી એપાર્ટમેન્ટ, ભાઉપરા, કડી (ઉ.ગુ.) ૩૮૨૭૧૫.

પુષ્ટિમાર્ગનો મુખ્ય આધાર ભાવ (પ્રેમ) ઉપર છે. કોઈ વસ્તુ સ્વભાવે સારી કે ખોટી છે જ નહીં. જેવો ભાવ તેની અંદર મૂકીએ તેવી એ વસ્તુ થઈ જાય છે.જેનો ભાવ સુંદર તે માનવ સુંદર. ભાવ વગરનું જીવન મૃત જીવન જેવું છે. ભાવથી પ્રભુનું સાંનિધ્ય અનુભવાય. ભાવથી પ્રભુ અપ્રકટ હોવા છતાં પ્રકટ જેવા લાગે છે. ભાવ એ મહામૂલી ચીજ છે. એ વગર બધી ક્રિયા નકામી, બધી સેવા નકામી, બધા સાધન નકામા, બધી પૂજા નકામી. જેણે હૃદયમાં ભાવ રાખી સેવા કરતાં જાણ્યું તેણે જીવન સાર્થક કર્યું. ભાવ વગરનું કોઈપણ કાર્ય સેવા–પ્રભુને સંતુષ્ટ કરી શકે નહીં. ભાવથી અર્પણ કરાયેલી સેવા પ્રભુ બહુ માનીને સ્વીકારી લે છે.

આપણાં મનમાં પ્રેમની જે લાગણી રહેલી છે તેને ભાવ કહે છે. આ પ્રેમ એટલે ભાવ પૂરેપૂરો પ્રભુમાં જોઈએ.

પ્યારો પૈયે કેવલ પ્રેમમેં,
'હરિચંદ' વહ બાંધ્યો ડોલે એક પ્રેમકી ડોરમેં.
ભાવ બિન માલ નફા નહિ પાવે,
'સૂર' ભાવ સબહીકો કારન, ભાવહીમેં હરિ ભાવે.
ક્યોં નહિ કરો પ્રેમ અભિલાખ,
'નાગરીદાસ' હીયમેં ઐસે મન વચક્રમ કર રાખ.
હરિ ભાવ વિના, કેવળ કૃતિ કર્યેથી કાર્ય ન થાય,
'દયો' કહે જુઓ સર્વ ઠેકાણે, હરિ ભાવ વિના,
કેવળ કૃતિ કર્યેથી કામ ન થાય
કેવલ એક ભાવ ભૂખ ગિરધારી,
કોઈ વસ્તુ ના હરિ મન હારી;
'દયા' પ્રીતમ એક પતિ પરાધીન,
દેખીલે ગોપકુમારી

આ બધા ભક્તોની વાણી શ્રીહરિરાયજીનો પ્રસ્તુત ગ્રંથ સમજવામાં બહુ જ ઉપયોગી છે.

પ્રસ્તુત ગ્રંથ ૧૫ શ્લોકનો છે. તેમાં ૧ થી ૧૨ સુધીમાં ભક્તોના ભાવ (પ્રેમ)ની સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે

૪૬ ઉપાયો દર્શાવવામાં આવ્યા છે. ભાવ સિદ્ધિ થયા પછી બીજા કશાની જરૂર ન નથી રહેતી, કેમકે ભાવ જ પુષ્ટિમાર્ગમાં ભાવ (પ્રેમ)જ સર્વોત્તમ ફલરૂપે માનવામાં આવેલ છે તેમ ૧૩ શ્લોકમાં નિર્દેશન છે અને બાકીના બે શ્લોક ૧૪–૧૫ માં શ્રીકૃષ્ણે ગોકુળમાં વ્રજાંગનાઓની સાથે જે લીલાઓ કરી હતી એ બધી લીલાઓ વ્રજાંગનાઓના હૃદયમાં એવી દ્રઢ થઈ ગઈ હતી કે શ્રીકૃષ્ણના મથુરા ગયા પછી પણ તેઓએ લીલાઓની મધુર સ્મૃતિ દ્વારા પોતાના પ્રાણ ટકાવી રાખ્યા હતા અને ઉદ્ધવજી જેવા દૂતને મોકલી તેમના દ્વારા આર્તિનું –ભાવનું પોષણ કરાવ્યું તે વાત સમજાવવામાં આવી છે.

ઉપરોક્ત લખાણમાં ગ્રંથનો સંક્ષિપ્ત સાર દર્શાવ્યો છે.

પુષ્ટિ સંપ્રદાયના સાહિત્યના વિદ્વાન સિદ્ધહસ્ત લેખકો–વિવેચકોએ ભાવસિદ્ધિ માટે ગ્રંથમાં જે ૪૬ ઉપાયો દર્શાવેલા છે તે દરેક ભાવના ઉપાયોની વિશદ્ છણાવટ સચોટ પ્રમાણો, દષ્ટાંતો, વાર્તા અને ભક્ત કવિઓની વાણી દ્વારા સરળ શૈલીમાં પ્રસ્તુત કરવાથી ભાવ સિદ્ધિ માટે પ્રયત્નશીલ થવાની પ્રેરણા મળે છે. આદરણીય વિવેચકોનો આ તેરમો ગ્રંથ પ્રકાશિત થયો છે તે ગ્રંથને પૂ.પા.ગો.શ્રીરસિકરાયજી મહારાજશ્રી (મથુરા–પોરબંદર) તથા પૂ.પા.ગો.શ્રીરાજેશકુમારજી મહારાજશ્રી (કડી–અમદાવાદ)ના આશીર્વાદ પ્રાપ્ત થયા છે અને શુભેચ્છા 'વૈષ્ણવ પરિવાર'ના તંત્રી મહોદયા સુશ્રી વસંતબેન રમેશભાઈ પરીખે પાઠવેલ છે. તેમાં અમારો સૂર પૂરાવી તેઓની 'નામ સેવા' સતત ચાલતી રહે.

પ્રસ્તુત ગ્રંથ વૈષ્ણવોએ, પુસ્તકાલયોએ, ભગવદ્ મંડલીઓએ તેમજ જિજ્ઞાસુઓ વસાવી વાંચવા–જાણવા–મનન કરવા યોગ્ય છે.

(૨) ગ્રંથચતુષ્ટયી : સંકલન–શ્રીએન. કે. પરીખ, વિલેપાર્લે પ્રકાશક : શ્રીપુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજ, મર્શીવિલા, અશોકનગર રોડ, કાંદીવલી (પૂર્વ) મુંબઈ– ૪૦૦૧૦૧

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૧૨૨+૬=૧૨૮, ઓફસેટ પ્રિન્ટીંગ ,સેકસન સિલાઈ, આર્ટપેપર ટાઈટલ. ન્યોછાવર રૂ.૨૦/– પોસ્ટેજ રૂ.૮/–

પુષ્ટિમાર્ગીય સાહિત્યમાં ષોડશ–ગ્રંથોનું મહત્વ ઘણું છે. શ્રીપુષ્ટિમાર્ગીય પરિચય પુસ્તિકા પ્રવૃતિ નીચે અગાઉ 'અંતઃકરણપ્રબોધ', 'વિવેક ધૈર્યાશ્રય', ને 'યમુનાષ્ટક' પર સરલ પુસ્તિકાઓ પ્રકાશિત થયેલ છે. એના અનુસંધાનમાં હવે ક્રમાંક ૩૬ થી આ 'ગ્રંથચતુષ્ટયી' પ્રસ્તુત થયેલ છે. તેમાં શ્રીમહાપ્રભુજી વિરચિત 'પંચશ્લોકી', 'શિક્ષાશ્લોકાઃ', 'જલભેદ' અને 'પંચપદ્યાનિ' આ ચાર ગ્રંથો પર અભ્યાસપૂર્ણ નોંધ, દરેકે દરેક શ્લોકના એકેએક શબ્દના અર્થ, ભાષાંતર, ભાવાર્થ, વિવરણ સહિત સચોટ અને સરળ શૈલીમાં લખાયેલ છે.

આ ચાર ગ્રંથોના અંતમાં ત્રણ પરિશિષ્ટો દ્વારા 'ષોડશગ્રંથો' વિશે પૂર્ણ માહિતી રજુ કરવામાં આવી છે.

આ ગ્રંથના સંકલનકાર પ.ભ. શ્રીએન.કે. પરીખનો પરિચય વૈષ્ણવ સમાજને આપવાની જરૂર ન હોય. પુષ્ટિ ભક્તિમાર્ગમાં ઓડિયો કેસેટના પ્રચારના તેઓ આદ્ય પ્રણેતા છે. એમની 'સ્મરણાંજલિકા' કેસેટ ન વસાવી હોય એવો ભાગ્યેજ કોઈ વૈષ્ણવ પરિવાર હશે. 'સ્મરણાંજલિકા' ઉપરાંત બીજી અનેક ઉપયોગી કેસેટો પ્રકટ કરી છે અને હજુ વૈષ્ણવોપયોગી કેસેટો અને પુસ્તકો પ્રકાશિત કરવા ઉમેદ ધરાવે છે.

આવા 'નામસેવા'ના ભેખધારી દ્વારા અનેક સંદર્ભ ગ્રંથોનો ઉંડો અભ્યાસ કર્યા બાદ, તેમજ આ સાહિત્યના

અભ્યાસી વિદ્વાનજનોના અભિપ્રાયો–માર્ગદર્શન મેળવી તૈયાર કરવામાં આવેલ આ ગ્રંથ વૈષ્ણવોએ તેમજ જિજ્ઞાસુઓએ વસાવવા–વાંચવા–મનન કરવા યોગ્ય.

અનોખી રીતે તૈયાર થયેલ ગ્રંથના સંકલનકાર, માર્ગદર્શક, સંપાદક અને પ્રકાશકને ધન્યવાદ.

(૩) પુષ્ટિમાર્ગીય ધોળ પદ સંગ્રહ (ભાગ–૨) : આ પુસ્તકમાં કુલ ૨૬૨ ધોળપદનો સમાવેશ કરવામાં આવેલ છે. ૧૫ વિભાગોમાં જેવા કે શ્રીમહાપ્રભુજી કૃત ષોડશગ્રંથ તથા અન્ય સ્તોત્રના ધોળપદ, શ્રીયમુનાજીના, શ્રીનાથજીના, શ્રીમહાપ્રભુજી અને વલ્લભવંશના ધોળપદ વિગેરે વિરહ–વિનંતિ–શિક્ષા–વૈષ્ણવ મહાત્મયના ધોળપદ સામેલ છે. કુલ ૨૨૪ પૃષ્ઠનું આ પુસ્તક સિલાઈ બાઈન્ડીંગ બનાવવામાં આવેલ છે. આ પુસ્તકનું સ્વચ્છ અક્ષરોમાં ઓફસેટ પ્રિન્ટીંગ કરવામાં આવેલ છે. ટાઈટલ ઉપર જશોદા–કાનનું ફોર કલર ચિત્રજી મૂકવામાં આવેલ છે. આ પુસ્તકની ન્યોછાવર રૂ.૨૫–૦૦ (પોસ્ટેજ રૂ.૨૦/– અલગ)

(૪) શ્રીયમુનાષ્ટકમ્ પુસ્તક (સચિત્ર કલર) : આ પુસ્તકમાં શ્રીયમુનાષ્ટકના પાઠ એક શ્લોક સાથે તેનું ધોળ અને ગુજરાતી ભાવાર્થ અને તેની સામે તે શ્લોકનું ચિત્રજી એમ નવે નવ શ્લોકમાં અલગ અલગ નવ ચિત્રજી મુકવામાં આવેલ છે. કુલ ૧૩ કલર ચિત્રજી સાથેનું આ પુસ્તક સંપૂર્ણ ફોર કલર ઓફસેટ પ્રિન્ટીંગ કરવામાં આવેલ છે.

કુલ ૩૨ પૃષ્ઠનું આ પુસ્તક બનાવવામાં આવેલ છે. આ પુસ્તકનું સ્વચ્છ અક્ષરોમાં આર્ટ પેપર ઉપર ઓફસેટ પ્રિન્ટીંગ કરવામાં આવેલ છે. ન્યોછાવર રૂ.૧૫–૦૦ (પોસ્ટેજ રૂ.૧૦/–અલગ)

(૫) શ્રીયમુનાષ્ટકમ્ પોસ્ટર (સચિત્ર કલર) : આ પોસ્ટર ૧૮"×૨૩" સાઈઝનું છે. આ પોસ્ટરમાં એક શ્લોકની સાથે તેનો ગુજરાતી અનુવાદ તેમજ તે શ્લોકનું ચિત્રજી મુકવામાં આવેલ છે. આમ ૯ શ્લોકના અલગ અલગ ૯ ચિત્રજી અને એક ચિત્રજી શ્રીયમુનાષ્ટકની ઉત્પત્તિનું એમ કુલ ૧૦ ચિત્રજીનો આ પોસ્ટરમાં સમાવેશ કરવામાં આવેલ છે.

ન્યોછાવર રૂ.૫૦/– લેમીનેટેડ રૂ.૨૦૦/– (પોસ્ટેજના સાદા પોસ્ટરની રૂ.૩૫/– તથા લેમીનેટેડ પોસ્ટરની રૂ.૧૦૦/–)

ઉપર ક્રમાંક ૩–૪–૫ માં દર્શાવેલ સાહિત્ય મેળવવા માટે નીચે મુજબ સંપર્ક કરવો.

મે. પ્લસ કોમ્યુનીકેશન્સ, પબ્લીકેશન ડિવીઝન, ૧–કોટક શેરી મેઈન રોડ, હોટલ આદિત્ય પાછળ,
રાજકોટ ૩૬૦૦૦૧. ફોન નં. (૦૨૮૧) ૨૩૫૬૧૧ – ૨૩૪૨૬૨.

(૬) જીવન વલ્લભ પ્રગટે : પ્રકાશક– આં.રા.પુ.વૈ.પરિષદ મણીનગર મહિલા શાખા, કૃષ્ણાશ્રય, ૨–શ્રીનાથ એપાર્ટમેન્ટ, જયંત પાર્ક, મણીનગર, અમદાવાદ.૩૮૦૦૦૮. સંપાદકઃ– વીણાબેન શેઠ. ન્યોછાવર રૂ.૭/–

આ પુસ્તિકામાં પુષ્ટિમાર્ગના પ્રવર્તક શ્રીમદ્વલ્લભાચાર્યની વધાઈઓ અષ્ટસખા તથા પરમ ભગવદીયો દ્વારા રચાયેલ સંગ્રહિત કરવામાં આવેલ છે. આથી વૈષ્ણવોને આ અલગ પુસ્તિકાથી એનો ઉપયોગ સુલભ બન્યો છે. આ પુસ્તિકામાં ૮૦ પદો પ્રકાશીત કરેલ છે. સત્સંગ મંડળોમાં પણ એનો ઉપયોગ વ્યાપક બનશે. ધન્યવાદ..

(૭) માનવીની સમસ્યાઓનો ઉકેલ : પ્રકાશક– ડૉ.વિનોદચંદ્ર ઓ. પુરાણી પ્રાપ્તિસ્થાન : ભારતીય તત્વજ્ઞાન મંદિર, ગોકુલનાથજીના મંદિર પાસે, મોડાસા– ૩૮૩૩૧૫. ન્યોછાવર રૂ.૧૦/–

ષોડશ ગ્રંથ પૈકી 'નવરત્નમ્' ગ્રંથ ઉપર પ્રકાશકશ્રીએ સરળ ભાષામાં સ્વાધ્યાય અર્થે પ્રકાશીત કરેલ છે. મોડાસામાં સ્વાધ્યાય સભા માટે પ્રવચન સ્વરૂપે જે તૈયાર કરેલ હતું. આ પુસ્તિકામાં ગ્રંથના દરેક શ્લોકના શબ્દાર્થ આપવામાં આવેલ છે. અને આખા શ્લોકનું ભાષાંતર કરવામાં આવેલ છે. અને દરેક શ્લોકનું વિવરણ સરળ ભાષામાં કરેલ છે જેમાં ઉદાહરણ તેમજ કવિતા તેમજ ગીતાના શ્લોકથી સમજણ આપેલ છે. આ સંસ્થાનો ઉદેશ સંશોધન, ચિંતન, પ્રકાશન વિગેરેનો છે અને સંસ્થાએ પુષ્ટિ સંપ્રદાયને કાર્યક્ષેત્ર તરીકે પણ અપનાવેલ છે. પુષ્ટિ સંપ્રદાય અંગે તો આ બીજો ગ્રંથ છે. સંસ્થા સંશોધન દ્વારા પુષ્ટિ સંપ્રદાયનો પ્રચાર–પ્રસાર કરે તેવી શુભકામના.

(૮) મધુરમ્ મધુરમ્ : લેખક–સંપાદકઃ શ્રીરમેશચંદ્ર નાથાલાલ શાહ પ્રાપ્તિસ્થાન : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સેવા સમાજ, મર્સીવિલા, અશોકનગર, કાંદીવલી (પૂ.) મુંબઈ–૪૦૦૧૦૧. ન્યોછાવર રૂ.૧૫/– +રૂ.૫/– પોસ્ટેજ ચાર્જ. પેઈજ ૬૦+૪ બહુરંગી ટાઈટલ.

પુષ્ટિસંપ્રદાયમાં સંપાદકશ્રી દ્વારા નાની પુસ્તિકાઓ દ્વારા ઘણું યોગદાન છે. વિવિધ વિષયો ઉપર પુસ્તિકાઓ પ્રકાશીત થતી રહે છે. આ પુસ્તિકામાં શ્રીમદ વલ્લભાચાર્ય રચિત મધુરાષ્ટકમાં આવતા વેણુ મધુરો, વદનમ્ મધુરમ્, રેણુ મધુરો, ચલિતં મધુરમ્, રૂપં મધુરમ્, પાદૌ મધુરમ્, હસિતં મધુરમ્, સખ્યં મધુરમ્, અને નૃત્ય મધુરમ્ વિશે વિસ્તારથી વર્ણવેલ છે. અને આપણને એક એક શબ્દ પાછળની ગહનતા, લીલાનો ભાવ વિગરે જાણવા મળે છે. ઘણું સારું પ્રકાશન છે. આ બીજી આવૃત્તિ છે જે વૈષ્ણવોની ચાહ અને માંગનું પ્રતિબિંબ છે. ધન્યવાદ...

(૯) શ્રીસુબોધિનીજી ભાગ–૪ : સંપાદક તથા પ્રાપ્તિસ્થાન ઉપર મુજબ : ન્યોછાવર રૂ.૫૦/–+૨૦ સાદુ બુક પોસ્ટ ભારત રૂ. ૫૦/– +૮૦ વિદેશ.

શ્રીમદ્ ભાગવતજી દશમસ્કંધ ઉપરની શ્રીમહાપ્રભુજી વિરચિત શ્રીસુબોધિનીજી ટીકાના પ્રકાશનની યોજના નીચે પ્રકાશીત થતાં આ ચોથું પુસ્તક ભાગ છે. આ ભાગમાં તામસ પ્રકરણ– અવાંતર તામસ પ્રમેય પ્રકરણ છે. આ ભાગમાં પણ શ્રીમદ્ ભાગવતજીના મૂળ શ્લોક, એનો ગુજરાતી અનુવાદ અને ગદ્ય ટીકાનો ગુજરાતી અનુવાદ સંક્ષિપ્ત વિવરણ સાથે આપેલ છે. 'જેની વાણી અતિ દુર્બોધ'ને સરળ કરવાનો પ્રયાસ જે સંપાદકનો છે. જે અભિનંદનીય છે. દશમ સ્કંધ સંપૂર્ણ સુબોધિનીજીના આશરે ૧૮ ભાગ પ્રકાશીત થવાના છે. જે વૈષ્ણવોએ તેમજ સત્સંગ મંડળોએ વસાવવાલાયક છે.

(૧૦) ઉત્સવ દર્પણ તથા સ્વરૂપ દર્શન : ભગવત કૃપા, વલ્લભનાં આશીર્વાદ તથા વૈષ્ણવોનાં સાથ સહકારથી 'ઉત્સવ દર્પણ તથા સ્વરૂપ દર્શન'નું પ્રથમ વર્ષમાં સફળ પ્રકાશન કર્યા બાદ દ્વિતીય વર્ષમાં સંવત ૨૦૫૭, વર્ષ–૨૦૦૦–૨૦૦૧ની સાલનું પુષ્ટિમાર્ગીય ટિપ્પણી (નાનું પંચાંગ) 'ઉત્સવ દર્પણ', 'સ્વરૂપ દર્શન' પોકેટ કેલેન્ડર (લગભગ ૧૭''×૧૧'') જો આપને છપાવવી દિવાળી જેવા શુભ પ્રસંગે આપના સ્નેહીજનો, મિત્રો તથા વેપારી વર્ગમાં શુભેચ્છા સાથે મોકલવું હોય તો તથા વધુ માહિતી માટે સંપર્ક સાધો.

ક્રિએટીવ કોમ્પ્યુગ્રાફીક્સ, નિકુંજ શાહ, ૧૩૩, વી. પી. રોડ, ૩ જે માળે, નાથાલાલ ભુવન, મુંબઈ–૪૦૦૦૦૪ (ભારત) ફોન નં. (૦૨૨)૩૮૫૯૬૦૩ ઈમેઈલ– CCG -NIK@USA.NET

સમાચાર

☐ **અમદાવાદને આંગણે ઉજવાયેલો પુસ્તક વિમોચન–વિધિનો અહેવાલ :** ચૈત્ર સુદી છઠને સોમવાર તા.૧૦–૪–૨૦૦૦ના રોજ શ્રીયમુના મહારાણીજીનો અને શ્રીયદુનાથજીનો પ્રાગટય મહોત્સવ હતો. તે દિવસે પૂ.પા.ગો. શ્રીરાજેશકુમારજી વિરચિત 'પુષ્ટિ ત્રિવિધ' પુસ્તકની અને કડી નિવાસી શ્રીબાબુભાઈ નાયક અને શ્રીકિરણબેન શાહ–બંનેના પ્રયાસથી લખાયેલા શ્રીહરિરાયજી વિરચિત 'ભાવપોષક–વિવરણ' પુસ્તકની –એમ બંને પુસ્તકોની વિમોચન વિધિ પૂ.પા.ગો. શ્રીરાજેશકુમારજીના વરદ હસ્તે, શ્રીહરિ–ગુરૂ–વૈષ્ણવોની સંનિધિમાં કરવામાં આવી. પૂ.પા.ગો. શ્રીકુંજેશકુમારજીએ, પૂ.પા.ગો.શ્રીકૃષ્ણકુમારજીએ અને પૂ.પા.ગો. શ્રીરાજેશકુમારજી મહારાજશ્રીએ 'પુષ્ટિત્રિવિધ' પુસ્તકની તથા 'ભાવપોષક–વિવરણ' પુસ્તકની સમાલોચના કરી, સંમિલિત થયેલા વૈષ્ણવ સમાજને સત્સંગની મહત્તા સમજાવી. સાથે સાથે સ્પષ્ટ આજ્ઞા કરી કે આજે જીવોની સાથે સત્સંગ કરવા જતાં, કાળબળની અસરને કારણે દુ:સંગ થઈ જવાની શક્યતા વધારે રહે છે. માટે સત્સંગ કરવાની સરસ રીત તો આજના યુગમાં પુસ્તકોનો સંગ કરવાની આવશયકતા છે. જેથી દુ:સંગ થવાની જરાય બીક રહેશે નહીં. તેમાંએ પુસ્તક વાંચવું એ કરતાં એ વાંચેલા પુસ્તકનું મનન અને ચિંતન કરી તેનું આચરણ કરવું ખાસ જરૂરી છે. આચરણ વિનાનું વાંચન નિરર્થક છે. 'જ્ઞાનં ભાર: ક્રિયાં વિના' જેવું છે. પુસ્તક પરિચય અન્યત્ર આપેલ છે.

☐ **જંત્રાલ (પંચમહાલ) :** પૂ.મહોદયા ઈન્દીરાબેટીજી સંસ્થાપિત જંત્રાલ મહિલા મંડળ દ્વારા પ્રતિવર્ષ મુજબ આ વર્ષે પણ શ્રીમદવલ્લભાચાર્યના પ્રાકટયના દિવસે પ્રભાતફેરી, પુષ્ટિધ્વજવંદન, કળશયાત્રા, વિગેરેનું આયોજન કરેલ હતું. સંસ્થા દ્વારા અગીયારસ, પુનમ તેમજ અમાસના દિવસે સત્સંગનું આયોજન કરવામાં આવે છે. તથા શ્રીમહાપ્રભુજીની બેઠક જવા માટે પ્રવાસનું પણ આયોજન કરે છે. હાલ જે પ્રસંગોપાત સત્સંગ થાય છે તે દૈનિક સત્સંગમાં પરિણમે તેવી શુભેચ્છા.

☐ **રાજકોટ : શ્રીવલ્લભવિઠ્ઠલ વૈષ્ણવ મંડળ :** સંસ્થા દ્વારા શ્રીમદ વલ્લભાચાર્યના પ્રાકટયના દિનના ઉપક્રમે પૂ.પા.ગો.શ્રીવલ્લભલાલજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને સુંદર આયોજન કરેલ હતું. તા.૨૬–૪–૨૦૦૦ થી ૩૦–૪–૨૦૦૦ સુધી દરરોજ સાંજે ૬ થી ૮ પૂ.પા.ગો. શ્રીગોવિંદરાયજી બાવાશ્રીનાં 'સર્વોત્તમ સ્તોત્ર' ઉપર વિવેચન તેમજ વચનામૃતોનો કાર્યક્રમ રાખેલ હતો.

પ્રાકટયના દિને સવારે વૈષ્ણવોએ 'સર્વોત્તમ સ્તોત્ર'ના પાઠ સમુહમાં કરેલ હતા. તથા સાંથે ૪–૩૦થી વૈષ્ણવ બહેનો દ્વારા મંગલ કળશ, રાસ વિગેરે રાખેલ. ત્યારબાદ વધાઈ–કીર્તન અને સત્સંગ સભાનું આયોજન કરેલ હતું. પૂ.પા.ગો. શ્રીવલ્લભલાલજી મહારાજશ્રી, પૂ.પા.ગો. શ્રીભાગવત બાવાશ્રી, પૂ.પા.ગો. શ્રીકુંજરાયજી, પૂ.પા.ગો. શ્રીગિરિધરલાલ બાવાશ્રી, પૂ.પા.ગો. શ્રીરૂચિર બાવાશ્રી, તથા પૂ.પા.ભામિનિ રાજા બિરાજી વચનામૃતનું પાન કરાવેલ હતું અને વૈષ્ણવોએ અલૌકિક આનંદ માણ્યો હતો.

☐ **પાટડી :** શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પ્રાકટયના દિવસે મંડળ દ્વારા સુંદર આયોજન કરવામાં આવેલ. સવારે ગાયોને ૪૦૦૦ કિલો ઘાસ તેમજ નાક, કાન અને ગળાના રોગ માટે મફત નિદાન કેમ્પ યોજેલ. જેમાં ડૉ.શ્રીઅભય દંગી (ધ્રાંગધ્રા)એ પ્રેમથી સેવા બજાવેલ તથા દ્વારકાધીશ મંદિરમાં કિર્તન–વધાઈ રાખેલ. અને વૈષ્ણવ ભાઈઓ તથા બહેનોએ પ્રસાદ લીધો હતો. સાંજે વિરમગામ–કામવનવાળા મહારાજશ્રીના લાલ શ્રીરઘુબાવા પધાર્યા હતા અને સુંદર વચનામૃત કરેલ. તેમજ શ્રીમહાપ્રભુજીનાં ચિત્રજીને સુખપાલમાં પધરાવી નગરમાં શોભાયાત્રા કાઢેલ. શોભાયાત્રામાં મહારાજશ્રી પણ પધાર્યા હતા. અંતમાં વૈષ્ણવો દ્વારા મહારાજશ્રીને ધોતી–ઉપરણાં કરેલ હતા. વૈષ્ણવ બહેનોએ પણ આ આયોજનમાં તન–મન અને ધનથી સેવા આપેલ.

ઉત્સવનું આયોજન શાંતીલાલ કંસારા, મનુભાઈ શુક્લ, ભીખાભાઈ પટેલ, છનાભાઈ પ્રજાપતિ વિગેરેએ કરેલ અને વૈષ્ણવોએ સુંદર સહયોગ આપેલ.

☐ **અંકલેશ્વર :** પરિષદની કારોબારી મીટીંગ : આં.રા.પૂ.વૈ.પરિષદની કારોબારી મીટીંગમાં શ્રીઈન્દ્રકાન્ત ત્રિકમલાલ શેઠ દ્વારા જાહેરાત કરવામાં આવેલ કે 'શ્રીનાથદ્વારા'માં વૈષ્ણવો માટે માત્ર રૂ.૧૦/–માં સારું ભોજન મળે તેવી વ્યવસ્થા કરવા 'ટેમ્પલ બોર્ડ' દ્વારા વિચારેલ છે. ડીસા અને ગાંગરડી (પંચમહાલ) મુકામે શ્રીવલ્લભ કેટલ કેમ્પ અને શ્રીવલ્લભ નિરણ કેન્દ્ર ખોલવાનું કારોબારીએ નક્કી કરેલ છે. આ માટે ડૉ.જૈમેષ શાહ તથા શ્રીહરેન્દ્ર શેઠને સંયોજક તરીકે નક્કી કરવામાં આવેલ છે.

શ્રીમદ્વલ્લભાચાર્યના પ્રાકટ્ય દિને જાહેર રજા રાખવા માટે પરિષદ દ્વારા રજુઆતો થયેલ અને તેની ઉપેક્ષા સામે શ્રીચીમનભાઈ શેઠ દ્વારા આકરી ટીકાનો ઠરાવ રજુ થયેલ. શ્રી સી. પી. તલાટીએ શ્રીવલ્લભ વકતૃત્વ સ્પર્ધા અને નિબંધ સ્પર્ધા ગુજરાત વ્યાપી યોજવાનું જે નક્કી કરેલ તે ૨૦–૫–૨૦૦૦ સુધી સંપન્ન કરવા અનુરોધ કરેલ છે. શ્રીયમુના પ્રદુષણ દુર કરવા તેમજ શ્રીનાથદ્વારા જવા અંગે રેલ્વે અંગેની વધુ સુવિધા મળે તે માટે સાંસદ અને પ્રધાનશ્રીને મળવાનું નક્કી કરવામાં આવેલ છે. મુંબઈ, અમદાવાદ, સુરત, નડીયાદ, આણંદ, વડોદરા, રાજપીપળા, ડભોઈ, ડીસા, દાહોદ, મોડાસા, ખંભાત વિગેરે સ્થળોથી પરિષદના અગ્રગણીયો પધાર્યા હતા અને રચનાત્મક સૂચનો કર્યા હતા.

☐ **દાહોદ :** આં.રા.પુ.વૈ.પરિષદ દ્વારા દાહોદ શાખાને ઉપક્રમે 'શ્રીવલ્લભ નિરણ કેન્દ્ર' જે શરૂ કરવામાં આવેલ છે. જેનું ઉદઘાટન પૂ.પા.ગો.શ્રીવાગીશકુમારજીએ કરેલ હતું. આપશ્રીએ જણાવ્યું હતું કે દુષ્કાળનાં આ સમયમાં પરિષદે ગૌ સેવાના કાર્યમાં જે તત્પરતા દાખવેલ છે તે પ્રસંશનીય છે. પરિષદના અગ્રગણીયો તેમજ આ કાર્યના સંયોજકો તથા વૈષ્ણવો સારી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

☐ **પાટણ–ડીસાઃ** આં.રા.પૂ.વૈ.પરિષદના મંત્રીશ્રીએ વૈષ્ણવોને સંગઠીત થવા માટે અનુરોધ કરેલ હતો. ડીસા મુકામે પરિષદની ડીસા શાખાએ 'મેન ઓફ ધ મિલેનીયમ'નો એવોર્ડ મેળવનાર પૂ.પા.ગો.શ્રી વાગીશકુમારનું મોમેન્ટો–સન્માનપત્ર એનાયત કરી સન્માન કરેલ હતું. પરિષદના ગૌ–સેવાના કાર્યમાં વૈષ્ણવોએ ઉત્સાહથી આવકાર આપેલ હતો. 'પુષ્ટિ–સ્વાધ્યાય ગ્રંથ'ની જેમ 'પુષ્ટિ સત્સંગ ગ્રંથ' પણ પરિષદ દ્વારા પ્રકાશિત થનાર છે તેવી જાહેરાત કરવામાં આવેલ.

☐ **વડોદરા :** શ્રીતિલકાયતજીને ભાવાંજલી : પુષ્ટિ–સંપ્રદાય પ્રધાન પીઠ શ્રીનાથદ્વારના શ્રીતિલકાયતજી પૂ.પા.ગો.શ્રીદાઉજી મહારાજ નિત્ય લીલામાં પધાર્યા તેને ભાવાંજલી આપવા આં.રા.પૂ.વૈ.પરીષદ અને વડોદરાની પુષ્ટિમાર્ગીય વિભિન્ન સંસ્થાઓના ઉપક્રમે આયોજન કરવામાં આવેલ. અધ્યક્ષસ્થાને પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમાર, તથા પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી, પૂ.પા.ગો.શ્રીયોગેશકુમારજી, પૂ.પા.ગો.શ્રીઈન્દીરાબેટીજી તેમજ બહોળી સંખ્યામાં વૈષ્ણવ ગણ સામેલ હતા. અધ્યક્ષસ્થાનેથી તેઓશ્રીના જીવનના પ્રસંગો યાદ કરીને તેઓશ્રીની સિદ્ધાંતોમાં અનન્ય નિષ્ઠા તેમજ તેઓશ્રીના સેવાકીય કાર્યોને બિરદાવીને ભવ્ય ભાવાંજલી અર્પણ કરી હતી.

તેઓશ્રીના નિત્યલીલામાં પધાર્યાના સમાચારથી પુષ્ટિ જગતે આઘાત અનુભવ્યો છે. પરિષદના અગ્રગણ્યઓએ પણ તેઓશ્રીને ભાવભીની શ્રદ્ધાંજલી અર્પણ કરેલ હતી. શ્રીકૃષ્ણાશ્રયનો સામુહિક પાઠ કરીને તેમનજ અષ્ટાક્ષર મંત્ર જપીને વૈષ્ણવોએ પણ ભાવાંજલી અર્પણ કરી હતી.

☐ **વડોદરા : પ્રાકટય મહોત્સવ :** શ્રીવલ્લભ વિશ્વ વિહાર એજ્યુકેશનલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ તા.૩૦–૪–૨૦૦૦ના દિને શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પરઉના પ્રાકટયના ઉત્સવનું સુંદર અને ભક્તિભાવપૂર્ણ આયોજન કરેલ હતું. આ ઉપરાંત આ આયોજનના ભાગરૂપે સેવાકીય કાર્યો પણ કરવામાં આવેલ હતા. શ્રીવલ્લભ

વિશ્વવિહાર એજ્યુકેશનલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તા.૩૦–૪–૨૦૦૦ના રોજ ઉપરોક્ત સેન્ટરથી એકસાથે ચાર શાખાઓનો શુભારંભ કરેલ હતો.

આ સંસ્થા દ્વારા વૈષ્ણવ યુવા સંગઠનના માધ્યમ દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે વિવિધ શાખાઓ તેમનજ કોલેજોમાં અભ્યાસ કરતા આર્થિક જરૂરીયાત વિદ્યાર્થીઓને કોઈ પણ જાતના ભેદભાવ વગર શૈક્ષણિક સહાય કરવામાં આવે છે. વિશેષમાં સંસ્થા દ્વારા સાંજના સમયને અનુરૂપ શ્રીવલ્લભ વિદ્યાનિધિ કોમ્પ્યુટર ટ્રેનીંગ સેન્ટરનો મંગલ પ્રારંભ કરેલ છે. સંસ્થાના અધ્યક્ષ પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજીએ આશીર્વાદ પ્રદાન કરેલ. આ સમારંભમાં વૈષ્ણવો તેમજ પ્રતિષ્ઠિત વ્યક્તિઓ ઉપસ્થિત રહ્યા હતા.

વૈષ્ણવ સંપ્રદાયના યુવા વર્ગ તથા જનસામાન્યને આજની કોમ્પ્યુટર ક્રાંતિમાં અવગત કરાવવાના હેતુસર વડોદરા ખાતે ઈન્દ્રપુરી, હરણી તથા તરસાલી વગેરેમાં સેન્ટરો ખોલવામાં આવનાર છે.

□ **જામનગર :** વૈષ્ણવ સમાજ તથા અન્ય સંગઠનો : વિવિધ સંસ્થા દ્વારા શ્રીવલ્લભાચાર્યજીનો પ્રાકટય મહોત્સવ પૂ.પા.ગો.શ્રીહરિરાયજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને ઉજવવામાં આવ્યો હતો. આપશ્રીએ શ્રીવલ્લભાચાર્યજીના જીવન વિશે વચનામૃત કરેલ હતા. આ પ્રસંગે પૂ.પા.ગો.શ્રીબાલકૃષ્ણલાલજી મહારાજ–જેતપુરથી ખાસ આમંત્રીત પધારેલ હતા.

આ બે દિવસના આયોજનમાં અન્ય સેવાકીય કાર્યો પણ કરવામાં આવેલ હતા જેમાં લાખોટા જળ સંચય અભિયાન માટે જે રકમ રૂ.૧૬૮૬૦૫/– એકત્રિત થયેલ તે આણંદા બાવા આશ્રમે અર્પણ કરવામાં આવેલ હતી. આ પ્રસંગે શ્રીવૃજવલ્લભ સોશ્યલ ગૃપના અધ્યક્ષ શ્રીપૂ.પા.ગો.શ્રીવલ્લભરાયજીએ વૈષ્ણવ યુવાનોને માર્ગ તરફ આકર્ષવા માટે ટુર્નામેન્ટનું પણ આયોજન કરેલ હતું.

પૂ.પા.ગો.શ્રીશરદબાવાશ્રી તેમજ અગ્રગણ્ય વૈષ્ણવોએ પણ પ્રાસંગિક પ્રવચન કરેલ હતા. પ્રાકટય દિને વિશાળ શોભાયાત્રા નિકળી હતી જેમાં ઘોડેસવારી, બેન્ડવાજા, કિર્તન મંડળીઓ સામેલ હતી. આનંદ–ઉત્સાહ સાથે પ્રાકટય દિન ઉજવવામાં આવેલ હતો. આ સમગ્ર આયોજન માટે અગ્રગણ્ય વૈષ્ણવો સારી જહેમત ઉઠાવી હતી અને વૈષ્ણવોએ સહયોગ આપેલ હતો.

□ **આં.રા.પૂ.વૈ.પરિષદ–મુંબઈ :** આં.રા.પૂ.વૈ.પરિષદ શ્રીગુસાંઈજી ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો ૫૨૩ મો પ્રાકટય ઉત્સવ તેજપાલ ઓડીટોરીયમ (મુંબઈ)માં વિશાળ વૈષ્ણવોની ઉપસ્થિતિમાં સુંદર રીતે ઉજવવામાં આવેલ હતો.

પૂ.પા.શ્રીનિકુંજલતા બેટીજી અધ્યક્ષસ્થાને હતા. પૂ.પા.જયમાલા બેટીજીએ મંગલદીપ પ્રગટાવી મંગલ પ્રારંભ કર્યો. પૂ.પા.ગો. શ્રીશ્યામસુંદરજી (ત્રિભંગીરાયજી)એ મંગલાચરણ કરી, વધાઈ ગાનનો પ્રારંભ કર્યો. સંપ્રદાયના સુપ્રસિદ્ધ કીર્તનકાર શ્રીજમનાપ્રસાદ શર્માએ કીર્તનગાનમાં સાથ આપ્યો હતો. 'બરનો શ્રીવલ્લભ અવતાર'ના વધાઈ ગાન સમયે શ્રીવલ્લભ સન્મુખ થયા હોય તેમ ઉપસ્થિત વૈષ્ણવો અલૌકિક આનંદમાં ગદ્ગદ્ થઈ ગયા.

પૂ.પા.ગો.શ્રીપ્રશાન્તકુમારજીએ બંને સંસ્થાની પ્રવૃત્તિઓને બિરદાવી હતી. અધ્યક્ષસ્થાનેથી ઉદાસીનતા છોડી ભગવદ્ સેવામાં તત્પર થવા અનુરોધ કરવામાં આવેલ. બંને સંસ્થાના કાર્યક્ષેત્રનો વ્યાપ વધે તેવા આશીર્વાદ પાઠવ્યા હતા. બંને સંસ્થાના અધ્યક્ષોનું સન્માન કરવામાં આવેલ.

□□ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો ૫૨૩ મો પ્રાકટય મહોત્સવ ઉત્સાહભેર ઉજવાયો □□

રાજકોટ વૈષ્ણવ સમાજ– આં.રા.પૂ.વૈ.પરિષદ– શ્રીમદનમોહન યુવક મંડળ– શ્રીવલ્લભ યુવક મંડળ – શ્રીદ્વારકેશ પુષ્ટિ સેવા સમિતિ– શ્રીસર્વોત્તમ સ્તોત્ર મંડળ– શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ– પુષ્ટિમાર્ગીય પાઠશાળા– રાજકોટ વૈષ્ણવ કિર્તન મંડળી– કેસરીયા મંડલી– બજરંગવાડી કિર્તન મંડલી– હડાળા કિર્તન

મંડલી– સત્સંગ મંડળો– મહિલા મંડળો– તથા શ્રીજી ખીરક ગૌશાળા વગેરેએ વિવિધ રીતે જગદ્‌ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો ૫૨૩ મો પ્રાકટ્ય મહોત્સવ ઉત્સાહસભર વાતાવરણમાં સેવાકીય કાર્યો સાથે ઉજવવામાં આવ્યો.

સમગ્ર જીવોના કલ્યાણ અર્થે શ્રીસર્વોત્તમ સ્તોત્રના સવાલાખ પાઠનું આયોજન કરવામાં આવેલ જે પાઠો દરેક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ હવેલી તથા સંસ્થાનોમાં સમુહરૂપે તેમજ વ્યક્તિગત ઘરે બેસાડીને પાઠ કરી આયોજન કરવામાં આવેલ.

શ્રીવલ્લભ મને ગમે છે તે વિષય ઉપર વક્તૃત્વ સ્પર્ધાના ભાગરૂપે ૫ થી ૧૫ વર્ષનાં બાળક–બાલીકાઓએ ભાગ લીધેલ અને 'શ્રીવલ્લભાચાર્યજી'નાં જીવન વૃતાંત ઉપર સુંદર રજુઆત કરી શ્રોતાઓને ભાવવિભોર બનાવી દીધા. તેમજ દરેક વક્તાઓને પૂ.ગો.શ્રીવૃજેશકુમારજી મહોદયશ્રીનાં હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું. આપશ્રી દ્વારા પણ પુષ્ટિમાર્ગ–ભક્તિમાર્ગ–સેવાપ્રકાર વિશે તલસ્પર્શી અભ્યાસપૂર્ણ વિવેચન વક્તવ્ય રજુ કરી વૈષ્ણવોને તેનું શું કર્તવ્ય છે તે સમજાવવામાં આવેલ.

પ્રાકટ્ય મહોત્સવ દિને શ્રીમદનમોહનજી હવેલી લક્ષ્મીવાડીએથી ગો.શ્રીવૃજેશકુમારજીનાં હસ્તે તથા પંચનાથ પ્લોટથી શ્રીગોવીંદરાયજી મહોદયનાં હસ્તે ઘાસની રિક્ષાઓમાં ૧૪૦૦૦ કિલો ઘાસ તથા ૧૦૦૦ કિલો લાડવા ગાયો માટે શ્રીજીખીરક ગૌશાળા–રામધામ મવડી પ્લોટ– રતનપર રામમંદિર પાછળ– ગાંધીગ્રામ–રૂપાવટી ગૌશાળા– પાંજરાપોળ– મોરબી રોડ જકાત નાકા નજીક તથા નદીના ખુલ્લા પટમાં બહારથી આવેલી ગાયો– શ્રીબાલકૃષ્ણજી ગૌશાળા– વિગેરે સ્થળની ગાયોને નીરણ તથા લાડવા વિતરણ કરવામાં આવેલ.

દરેક હોસ્પીટલનાં દર્દીઓને ફ્રુટવિતરણ તથા બહેરા–મૂંગા–અંધ–અપંગ શાળાનાં બાળકો તથા વૃદ્ધાશ્રમમાં પ્રસાદ વિતરણ ૨૫૦ ગ્રામ પ્રસાદનું એક પેકેટ તેમ વ્યક્તિગત પેકેટ વિતરણ કરવામાં આવેલ. ઉત્સવ દિને સાંજે ૬–૦૦ કલાકે શ્રીજશુબાઈ મંડાણથી વિશાળ શોભાયાત્રા નીકળેલ. શ્રીમદ્‌વલ્લભાચાર્યજીના જયઘોષનાં નારા લગાવતા તથા રાસ રમતા પાઠશાળા, ચંદ્રસરોવર રાસ મંડળના બાલક–બાલીકાઓ તેમજ યુવક–યુવતીઓ–શ્રીજીખીરક ગૌશાળાનાં સેવાભાવી યુવાનો, ચાંદીના સુખપાલમાં બીરાજતાં શ્રીમદ્‌વલ્લભાચાર્યજીનું ચિત્રજી–પૂ.ગો.શ્રીહરિરાયબાવા (કામવન–વડોદરા) સાથે વિશાળ વૈષ્ણવ વૃંદ–દરેક હવેલીના સત્સંગ મંડળ, મહિલામંડળ, કિર્તન તથા રાસની રમઝટ સાથે વિશાળ શોભાયાત્રા નીકળેલ જે શ્રીબાલકૃષ્ણલાલજી હવેલીના પટાંગણમાં પહોંચેલ. ત્યાં વિશાળ વૈષ્ણવ સમૂહની ઉપસ્થિતિમાં વધાઈ–કીર્તન બાદ પૂજ્ય ગો.શ્રીવૃજેશકુમારજી મહોદયશ્રીનું પ્રવચન થયેલ જેઓએ ઉત્સવ નાયક જગદ્‌ગુરૂ 'શ્રીમદ્ વલ્લભાચાર્યજી'નાં પ્રાકટયનો હેતુ દૈવી જીવોના ઉદ્ધારાર્થ તેમજ આજના યુગમાં સરલ ભક્તિમાર્ગની મહત્તા–સેવા, સમર્પણઅને વૈષ્ણવોના કર્તવ્ય વિશે સરળ ભાષામાં સમજાવી વૈષ્ણવો જાગૃત બની, સંગઠિત બની સેવા–સત્સંગમાં વિશેષ પ્રવૃત બને તે માટે આપના પ્રવચનમાં અનુરોધ કરેલ.

❑ પ્રકાશ શાહના હત્યારાને પકડી પાડો– ભારેમાં ભારે શિક્ષા કરો ❑

ગુજરાત પ્રદેશના ડીસા ગામમાં ગૌમાતાની સેવા કરનાર શ્રીપ્રકાશ શાહની ગૌહત્યા કરનારાઓએ ભારે ક્રૂરતાથી જે હત્યા કરી છે તે અત્યંત નીંદનીય છે. અને શરમજનક છે. જાહેરમાં કે ખાનગીમાં ગૌહત્યા કરનારને સખતમાં સખત સજા માટે બહાર પાડવામાં આવેલ ગુજરાત સરકારના વટહુકમની ગાયોની હત્યા કરનારાઓએ ઠેકડી ઉડાવી છે તે અત્યંત દુ:ખદ છે. એ પ્રકારે આં.પુ.વૈ.પરિષદ–ગુજરાત પ્રદેશના સંગઠન મંત્રી પ્રો.ચીમનભાઈ શેઠે અત્રે એક પ્રેસ નિવેદનમાં જણાવ્યું છે. આવી ક્રૂર હત્યા કરનારાઓના પડકારને ઝીલી લઈને આવા લોકોને શીઘ્ર અતિશીઘ્ર પકડીને જાહેરમાં ભારેમાં ભારે શિક્ષા કરવી જોઈએ.

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્ગારો

૮૧. પ્રકટ સ્વરૂપને જ ભજવા

શ્રીઆચાર્યજી કહે છે, મૂળરૂપને ભજો, પણ પ્રકટરૂપ પર આદર ન હોય, તો તેનાથી બીજો ચંડાળ નથી. અલ્યા મૂળરૂપ તો દીઠા નથી, અને તું એમને ઓળખતો નથી, તો પછી તું ભાવના શી કરીશ? શી સેવા કરીશ? શી સ્તુતિ કરીશ? તારા ભાગ્ય વાસ્તે રૂપ ધર્યું છે, તેની તું ભક્તિ, તેની તું સેવા, તેનું નામ. તે ઉપર સર્વોપરિ ભાવ રાખીને ભક્તિ કરશે, તો તારું કામ થશે.

દામોદરદાસ, કુંભનદાસ દીઠા નહીં, ત્યારે કહ્યું કે અમે કથા કહીએ છીએ, તે તારા હૃદયમાં ઉતરતી નથી, તો તેમની કથા પણ મનમાં શીદ ઉતરે? માટે તારે તરવું હોય તો કથા સાંભળીને કાયાથી, મનથી, ને વાણીથી એક ચિત્તે સાંભળીને તે પ્રમાણે ચાલીશ, તો તારે નકામા દહાડા કાઢવા નહીં પડે. થોડા વખતમાં કામ થશે, પણ લોક રહિત થઈશ ત્યારે, પણ હૈયામાં આવે કે લોક મને સારો કહે. મારી સેવા જાણે હું પદ હૈયામાં આવ્યું, તો સર્વે હીંડતું સમજવું, માટે કોઈને દેખાડવાનું છે નહીં.

આ ભગવદ્ઈચ્છા શું કહે તે શું? તારી ઈચ્છામાં આવે તે ઈચ્છા પ્રમાણે પ્રભુ તો હાલે છે, તને પાપ કરવાનું મન થયું, તને ચોરી કરવાનું મન થયું, વિષય કરવાનું મન થયું, વ્યભિચાર કરવાનું મન થયું, સ્ત્રી જોવાનું મન થયું, એવું ભૂંડું કરવાનું મન થયું, ત્યારે તારી પાસે પ્રભુ છે, તે તારી એવી ઈચ્છા છે, તેમજ ચાલે, તે તારી ઈચ્છા પૂરી કરે છે. વળી તે ઉપર વૈરાગ્ય આવે ને વિચારાય કે આ સર્વે ખોટું છે, પ્રભુ ભજીએ સેવા કરીએ એ સારૂં, ત્યારે તે પ્રમાણે પ્રભુ તારી મરજી પ્રમાણે ચાલે. તારી ઈચ્છાએ પ્રભુ ઈચ્છા એ ઈચ્છા વડે બધું બને છે, માટે જેટલાં પ્રકટ પ્રભુનાં રૂપ છે, પ્રગટ ભગવદીયના રૂપ તમને જે મળે તેમની પ્રીતિથી સેવા કરવી. તેના પહેલા થઈ ગયેલા તેનું આપણે શું કામ છે?

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ

૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ

૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી

૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ.ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.

૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી–મુંબઈ)

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-06-2000.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.ગ્રા.નં.૧૫૮
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન.☐☐☐☐☐☐

સતસૈયા

૨. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

અસિ માયા મો પર કરોં,
ચલેં ન માયા જોર ।
માયા માયા– રહિત દેહુ
નિજ પર, નંદ કિશોર ॥ (૨૩)

ટીકા :

હે શ્રીહરિ ! મારા ઉપર તમે એવી માયા કરો– કૃપા કરો, જે માયારૂપ જે અવિદ્યા તેનું બળ મારી ઉપર ચાલે નહીં, ને વળી માયા કહેતાં પ્રીતિ તે તમારા ચરણને વિશે મને આપો, હે શ્રીનંદકિશોર ! (૨૩)

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **'શ્રી વલ્લભસુધા'**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. **ફોનઃ ૩૬૨૧૩૮**
કોમ્પ્યુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. **ફોન : ૨૪૦૫૪૧.**

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલીત

શ્રી વ લ્લ ભ સુ ધા





વચનસુધા

સર્વથા ત્યાગ અષ્ટ સખાઓએ કર્યો બીજા વૈષ્ણવોએ કર્યો એવું કોઈ કરવા તૈયાર નથી. વાતજ કરીએ ભલે ! અને જો કદાચ કામ આવી જાય તો આપણે તરત કહીએ કે 'લે તારી કંઠીને લાવ મારો અડધો' આ સમાજ શૈથીલ્ય એ વૈષ્ણવતા નથી, એક આત્મ સાહસનો માર્ગ છે. આપણે આચાર્યોને પણ પધરાવીએ એના સન્માનથી, એક આચાર્યની પરંપરા જે વૈદિક પરંપરા છે એની ડીગ્નીટી આપીને જ્યારે એક અ–માનીને પણ માન દેવાની આજ્ઞા છે ત્યારે જે સમ્માનનીય છે એને કેમ ન આપીએ? પણ એની ડીગ્નીટી, મેન્ટેન કરવાની જરૂર છે. માટે કે સેવામાં એક જડ પદાર્થ આવે છે–'ઝાડુ' હવે એ 'સોહની'ની એટલી ડીગ્નીટી મેન્ટેન કરવામાં આવી કે, એને સોહની કહી, ડસ્ટર (પોતા)ને મંદિર વસ્ત્ર કહ્યું અને એને પગ ન લાગે (તેની કાળજી લેવાય છે) જ્યારે એટલી આદરણીયતા આવી ત્યારે એનું સન્માન જળવાયું. અને કરે છે સારું કામ–ઘરમાં. સેવાની દરેક વસ્તુમાં આ એક પ્રોસેસ છે. આચારની કે એની ડીગ્નીટી મેન્ટેન કરે છે. અને ત્યારે તદિયમાં તદ્ બુદ્ધિ થાય છે. એટલે આ ડીગ્નીટી, સમાજ જો નહીં આપે તો– મહારાજ! નકરા ભગવાન તો કંઈ કરી શક્યા નથી. 'કૃષ્ણવંદે જગદ્ગુરૂમ્' ખરાં પણ ઉંધુ–ચત્તુ મારે તો કંઈ કહી શકાય નહીં. એતો ભગવદ્ વાક્યનું પણ પ્રામાણ્ય પણ 'આચાર્ય વાન્ પુરૂષો વેદઃ' થયું.

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ, શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા–૨ પૃષ્ઠ–૭૨)

વર્ષ : ૧૯ **અંક : ૪**

વિક્રમ સંવત : ૨૦૫૬ **શ્રીવલ્લભાબ્દ : ૫૨૩** **જુલાઈ, ૨૦૦૦**



વાર્ષિક લવાજમ
રૂ.૪૦/–
આજીવન લવાજમ
રૂ.૫૦૧/–



"શ્રીવલ્લભસુધા" કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

આ માસના ઉત્સવ

અષાડ સુદ ૭ તા. ૮–૭–૨૦૦૦ શનિવારઃ ગો.ચિ.મિલનકુમાર બાવાશ્રી (મથુરા–પોરબંદર)નો જન્મદિન.

અષાડ સુદ ૮ તા. ૯–૭–૨૦૦૦ રવિવારઃ ગો. શ્રીબાલકૃષ્ણલાલજી મહારાજ (ચાંપાનેસી–જામનગર)નો તથા ગો.ચિ.પ્રમેયકુમાર બાવાશ્રી (કડી–અમદાવાદ)નો તથા ગો.શ્રીચીમનલાલજી મહારાજશ્રી (માંડવી–ગોકુલ)નો જન્મદિન.

અષાડ સુદ ૧૧ તા. ૧૨–૭–૨૦૦૦ બુધવારઃ દેવશયની એકાદશી વ્રત. ચાતુર્માસના વ્રતના નિયમનો આરંભ. ધારણા પારણા વ્રત. ગો.ચિ.શ્રીવ્રજેશકુમારજી બાવાશ્રી (કામવન–રાજકોટ) તથા ગો.ચિ.શ્રીલલીતત્રિભંગીજી મહારાજશ્રી (મુંબઈ)નો જન્મદિન.

અષાડ સુદ ૧૩ તા. ૧૪–૭–૨૦૦૦ શુક્રવારઃ ગો.ચિ.કૃષ્ણકાન્તજી (મુંબઈ–બેંગ્લોર)નો જન્મદિન.

અષાડ સુદ ૧૪ તા. ૧૫–૭–૨૦૦૦ શનિવારઃ ગો.શ્રીદેવકીનંદનજી મહારાજશ્રી (શ્રીનાથદ્વારા–દ્વિતીયગૃહ)નો તથા ગો.ચિ.શ્રીશરદકુમારજી બાવાશ્રી (કાંકરોલી–મથુરા)નો જન્મદિન.

અષાડ સુદ ૧૫ તા. ૧૬–૭–૨૦૦૦ રવિવારઃ કચોરી પૂનમ. ચાતુર્માસના નિયમનો આરંભ. જો એકાદશીએ આરંભ ન થયો હોય તો આજે કરવો. ખગ્રાસ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે તેથી તા.૧૬–૭ રવિવારે સૂર્યોદય પહેલા રાતના ૩–૧૭ મીનીટથી વેધ લાગે છે તેથી તે સમય સુધીમાં પ્રસાદ લઈ શકાશે. બપોરે ૧૨–૩ મીનીટે પહેલાં જલ લઈ શકાશે અને વૃદ્ધ, નાના બાળકો પ્રસાદ લઈ શકશે. ગ્રહણ સ્પર્શ સાંજે ૫–૨૭, ગ્રહણ મધ્ય સાંજે ૭–૨૫, ગ્રહણ ઉન્મીલન રાત્રે ૮–૧૯, ગ્રહણ મોક્ષ રાત્રે ૯–૨૪. મોક્ષ થયા પછી પાંચ મીનીટ રહીને સ્નાનાદિ કરવું. વ્યાસ (ગુરૂ)પૂર્ણિમા.

અષાડ વદ ૧ તા. ૧૭–૭–૨૦૦૦ સોમવારઃ હિંડોળા પ્રારંભ.

અષાડ વદ ૪ તા. ૨૦–૭–૨૦૦૦ ગુરૂવારઃ શ્રીગોકુલનાથજી (ગોકુલ) અને શ્રીગોકુલચંદ્રમાજી (કામવન)નો પાટોત્સવ. અહીંયા આજથી હિંડોળા. ગો.ચિ.શ્રીશરદકુમારજી (કોટા–કડી–અમદાવાદ), ગો.ચિ.શ્રીગોપેશ્વરજી (સુરત) અને ગો.ચિ.શ્રીમુરલીધરજી (વેરાવળ)નો જન્મદિન.

અષાડ વદ ૫ તા. ૨૧–૭–૨૦૦૦ શુક્રવારઃ ગો.ચિ.શ્રીદેવકીનંદનજી (ભાગવતકુમારજી) (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો તથા ગો.શ્રીદામોદરલાલજી મહારાજશ્રી (માંડવી–રાજકોટ)નો જન્મદિન.

અષાડ વદ ૬ તા. ૨૨–૭–૨૦૦૦ શનિવારઃ ગો.ચિ.શ્રીચંદ્રગોપાલજી (માંડવી–ગોકુલ)નો જન્મદિન.

અષાડ વદ ૮ તા. ૨૪–૭–૨૦૦૦ સોમવારઃ જન્માષ્ટમીની વધાઈનો પ્રારંભ.

|| શ્રી હરિઃ ||

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

વર્ષ : ૧૯ અંક : ૪ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૩ ☐ જુલાઈ, ૨૦૦૦

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યુ સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

ચોરાશી અપરાધ

[પ્રાચીન હસ્તલિખીત પુસ્તકો તેમજ કેટલેક સ્થળે થી મૂદ્રિત થયેલ પુસ્તકોમાં ચોરાસી અપરાધ શીર્ષકના લેખ મળે છે. જે અત્રે પ્રગટ કરેલ છે.]

અપરાધ છત્રીસમો : 'નહાયકે અંગોછા કરેં, ન કરે તો દોષ ઉપજે'

અપરસમાં સ્નાન કરીને શરીરને સારી રીતે લુંછી લેવું જોઈએ. એમ ન કરતા, ભીના શરીરે– ભીના કપડે સેવામાં જતાં પોતાના શરીરનાં ઉપર રહેલા જલકણો, સેવાના પાંત્ર ઉપર કે સામગ્રીમાં પડવાથી ઘણો જ દોષ લાગે માટે નાહ્યા બાદ સ્વચ્છ વસ્ત્ર–અંગોછા(ટૂવાલ)થી શરીર–વાળ કોરાં કરી બાદમાં તીલક ચરણામૃત લઈ હાથ ખાસા કરી સેવા કરવી.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુંવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રી વલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥
॥ શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

સંન્યાસ નિર્ણય

☐ શ્રીમદ્ રઘુનાથજીએ રચેલું વિવરણ ☐
☐ ભાષાંતર : શ્રીબાબુભાઈ પી. નાયક– કડી ☐

—ગતાંકથી ચાલુ

ભક્તિમાર્ગના સંન્યાસનો ઉપસંહાર કરીને હવે જ્ઞાનમાર્ગના ત્યાગના બે પ્રકારનું નિરૂપણ કરે છે.

જ્ઞાનમાર્ગે તુ સંન્યાસો દ્વિવિધોઽપિ વિચારિતઃ ॥૧૪॥
જ્ઞાનાર્થમુત્તરાંગં ચ સિદ્ધિર્જન્મશતૈઃ પરમ્ ।
જ્ઞાનં ચ સાધનાપેક્ષં યજ્ઞાદિશ્રવણાન્મતમ્ ॥૧૫॥
અતઃ કલૌ સ સંન્યાસઃ પશ્ચાત્તાપાય નાન્યથા ।
પાષંડિત્વં ભવેચ્ચાપિ તસ્માજ્જ્ઞાને ન સંન્યસેત્ ॥૧૬॥
સુતરાં કલિદોષણાં પ્રબલત્વાદિતિ સ્થિતિઃ ॥૧૬$^{૧}/_{૨}$॥

શબ્દાર્થ: જ્ઞાનમાર્ગે—જ્ઞાનમાર્ગમાં; તુ—તો; સંન્યાસઃ—સંન્યાસ; દ્વિવિધઃ—બંને પ્રકારનો; અપિ—પણ; વિચારિતઃ—વિચાર કરેલો છે—૧૪

જ્ઞાનાર્થમ્—જ્ઞાન માટે; ઉત્તરાંગમ્—પાછળના અંગરૂપ; ચ—અને; સિદ્ધિઃ—મોક્ષ થવો; જન્મશતૈઃ—સેંકડો જન્મ; પરમ્—પછી; જ્ઞાનમ્—જ્ઞાન; સાધનાપેક્ષં—સાધનની ઈચ્છા રાખે છે; યજ્ઞાદિશ્રવણાત્—યજ્ઞ વગેરેના સાંભળવાથી; મતમ્—માનેલું છે—૧૫

અતઃ—તેથી; કલૌ—કલિયુગમાં; સઃ—તે; સંન્યાસઃ—સંન્યાસ; પશ્ચાત્તાપાય—પશ્ચાતાપ કરવા માટે; ન અન્યથા—બીજા કારણ માટે નથી; પાષડિત્વમ્—પાખંડીપણું; ભવેત્—થાય; તસ્માત્—તેથી; જ્ઞાને—જ્ઞાનમાર્ગમાં; ન સંન્યસેત્—સંન્યાસ ગ્રહણ કરવો નહીં—૧૬

સુતરાં—ઘણું; કલિદોષણાં—કલિયુગના દોષોના; પ્રબલત્વાત્—ઘણા બળવાન હોવાથી; ઈતિ—એ કારણે; સ્થિતિઃ—રહેવું ૧૬$^{૧}/_{૨}$

શ્લોકાર્થ: જ્ઞાનમાર્ગમાં તો બંને પ્રકારના સંન્યાસનો વિચાર કરેલો છે—૧૪

જ્ઞાન માટેનાં અને જ્ઞાનનાં અંગરૂપ સંન્યાસની સિદ્ધિ માટે તો સેંકડો જન્મ લેવા પડે છે. ત્યારપછી મોક્ષ મળે છે. જ્ઞાન તો સાધન કરવાની ઈચ્છા રાખે છે. યજ્ઞ વગેરે સાંભળવાથી જ્ઞાન થાય છે એમ મનાય છે—૧૫

તેથી કલિકાલમાં સંન્યાસ ગ્રહણ કરવાથી પશ્ચાતાપ કરવો પડે છે. તે સારું ફળ આપનારો

થતો નથી. તેનાથી પ્રાખંડીપણું પ્રાપ્ત થાય છે. તેથી જ્ઞાનમાર્ગમાં સંન્યાસ લેવો યોગ્ય નથી–૧૬

કલિયુગના દોષો ઘણા બળવાન હોવાથી ત્યાગ કરવો એ સારું નથી એ નિશ્ચય માનવું–૧૬ ૧/૨

વિવરણ : જ્ઞાનમાર્ગના ત્યાગનો અહીં વિચાર કરવામાં આવે છે. જ્ઞાનમાર્ગમાં સંન્યાસ બે પ્રકારનો વિચારેલો છે. 'અપિ' શબ્દથી આ સંન્યાસ પણ યોગ્ય નથી એમ કહે છે. જ્ઞાનની પ્રાપ્તિ થાય તે માટે એક પ્રકારનો સંન્યાસ અને બીજો પ્રકાર પાછલાનાં અંગરૂપ કહ્યો છે. એટલે મોક્ષના માટે સંન્યાસ ગ્રહણ કરવો એમ સમજવું. જે સંન્યાસ જ્ઞાનને માટે લેવામાં આવે તે મોક્ષનું કારણ તો બને જ છે, છતાં પણ પ્રયોજનનું કારણ બતાવી તેની ભિન્નતા કહી છે. બીજી રીતે કર્મની દૃષ્ટિએ જો વિચારવામાં આવે તો તે બે પ્રકારનો ન ગણાય.

(૧) વિવિદિષા સંન્યાસઃ જ્ઞાન મેળવવાની ઈચ્છાથી ઘરનો ત્યાગ કરાય.

(૨) વિદ્વત્ સંન્યાસઃ જ્ઞાન થયા પછી ઘરનો ત્યાગ કરાય.

આ બંને પ્રકારના સંન્યાસ માટે અહીં વિચાર કરેલો છે. આ બંને પ્રકારનાં સંન્યાસમાં પણ સેંકડો જન્મોને અંતે તે મોક્ષ આપનારો થાય છે. ભક્તિમાર્ગીય સંન્યાસની જેમ તે શીઘ્ર ફલ આપનારો થતો નથી. તેથી ભગવાને સ્વમુખે (ગીતામાં)કહ્યું છે કે ''જ્ઞાની મનુષ્ય ઘણાં જન્મો વ્યતીત થયા પછી 'આ સ્થાવર–જંગમાત્મક આખું જગત વાસુદેવરૂપ છે' એમ જાણીને મને પામે છે. તેથી તેવું જાણનારો જ્ઞાની ઘણાં જ્ઞાનીઓમાં કોઈક જ હોય છે. કહેવાનો ભાવ એવો છે કે આત્માના વ્યાપક અને સમાનભાવની પ્રાપ્તિ થયા વિના મારા પરમ પદની પ્રાપ્તિ કોઈને થતી નથી'' (બહુનાં જન્મનામન્તે જ્ઞાનવાન્ માં પ્રપદ્યતે। વાસુદેવઃ સર્વમિતિ સ મહાત્મા સુદુર્લભ ઈતિ)

વ્યવહારમાં પણ વિદ્વત્ સંન્યાસ અને વિવિદિષા સંન્યાસ એમ બે પ્રકારના સંન્યાસ આપણે સાંભળ્યા છે. ભક્તિરહિત કેવળ જ્ઞાનપ્રાપ્તિ માટે જે સંન્યાસ ગ્રહણ કરવામાં આવે છે તે દોષથી ભરેલો છે. તેથી કોઈને તેવો સંન્યાસ ન લેવો જોઈએ. તેમાં 'ચ' શબ્દ વાપર્યો છે. તેનો ભાવ એવો છે કે મોક્ષ મેળવવા માટે પણ સાધન કરવાની જરૂર પડે છે. એટલે જ્ઞાન મોક્ષના સાધનરૂપ બન્યું છે. અને જ્ઞાનને વળી યજ્ઞાદિક શ્રવણના સાધનની અપેક્ષા તો છે જ. ગીતામાં કહ્યું છે કે હજારો જન્મો સુધી દ્રવ્ય, યજ્ઞ, તપ વગેરે સાધનો કરવા પડે તેની પણ સ્પષ્ટતા છે. યજ્ઞ વગેરે અંગરૂપ સાધનો જો કરવામાં આવે તો ફલ (મોક્ષ) સંપાદન કરી શકવાની ક્ષમતા છે, પરંતુ કલિયુગમાં આ બધાં સાધનો કરવાં અસંભવીત છે. જો તે સાધનો કરવામાં આવે તો જ ફળ મળવું સંભવીત બને. હવે તપ વગેરે સાધન કષ્ટદાયક છે. તે સુખપૂર્વક કરી શકાય નહીં.

જ્ઞાનમાર્ગનો સંન્યાસ આ પ્રમાણે કષ્ટદાયક છે. ઘણા પ્રયત્નોથી કરવો પડે તેમ છે. તેમાં સંન્યાસના ધર્મો નહીં સચવાવાથી પરિણામે તે પાખંડીપણાવાળો બને છે. 'અપિ' શબ્દથી

એ બતાવ્યું કે તેથી સંન્યાસનું ફળ મળતું નથી. શ્રીમદ્‌ ભાગવતમાં પણ કહ્યું છે કે જીવનું શ્રેય કરવા ભક્તિમાર્ગીય સંન્યાસ ગ્રહણ કરવો યોગ્ય કહ્યો છે. છતાં પણ જો તેવો જ્ઞાનમાર્ગીય સંન્યાસ ગ્રહણ કરવામાં આવે તો, તેના ફલરૂપ પશ્ચાતાપથી જ પ્રાપ્તિ થાય છે. તેથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જ્ઞાનમાર્ગમાં કોઈએ સંન્યાસ લેવો નહીં, કારણ કે કલિયુગમાં જ્ઞાનમાર્ગના સંન્યાસના સાધનો (યજ્ઞ, તપ) કરવાં અઘરાં છે. તેમાં કાલકૃત દોષો વધારે પ્રબળ હોય છે તેથી જ્ઞાનમાર્ગનો સંન્યાસ ગ્રહણ કરવાથી કોઈ સિદ્ધિ પ્રાપ્ત થતી નથી.

[આમ, જ્ઞાનમાર્ગનો સંન્યાસ વિઘ્ન કરનારો હોવાથી ગ્રહણ કરવા યોગ્ય નથી એ બતાવી હવે ભક્તિમાર્ગનો સંન્યાસ પણ વિઘ્ન કરનારો હશે? એવી શંકાનું સમાધાન નીચેના શ્લોકમાં કરે છે.]૧૪–૧૫–૧૬ અને ૧૬$^{1}/_{2}$

—ક્રમશઃ

ભક્તિપોષણ

નિવેદક : પૂ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ પટેલ, અમદાવાદ.

ઈચ્છે રૂડું જગતનું તે કયમ કુડું કરે નિજદાસ?
જે કરશે હરિ તે ભલું તાહરું, તું ધર દ્રઢ વિશ્વાસ
વિશ્વાસ રાખી કલ્પનાં મૂક, સેવા સ્મરણમાં નવ ચૂક
નહીં મળે ફરી અવસર આવો, હરિ ભજી લે મનુષ્યદેહ લ્હાવો
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૭૪)

વિવેચન : ૭૩માં ચંદ્રાવળામાં બતાવ્યું કે હરિ ભક્તોનાં કાર્યો કરે છે તેમજ સર્વ જગાએ રક્ષક છે. આ ચંદ્રાવળામાં પ્રભુનાં ગુણને જાણીને તું દ્રઢ વિશ્વાસ રાખી ભક્તિ કર, આવું સૂચન કર્યું છે.

હે જીવ, તને વિશ્વાસ કેમ નથી આવતો? જે પ્રભુ પૂરા વિશ્વનું ભલું કરે છે તે શું પોતાના દાસને દુઃખી થવા દેશે? તારે તો તેમનો દ્રઢ વિશ્વાસ રાખીને સેવા સ્મરણ કરવું જોઈએ. આ માનવદેહનો લ્હાવો લઈ લે, સેવાસ્મરણ વિશ્વાસપૂર્વક કરી લે, આવી સોનેરી તક હાથમાંથી નીકળી ન જાય. પાછળથી પસ્તાવું ન પડે, હાથમાંથી તક નીકળી ન જાય, માટે તું પ્રભુ ઉપર વિશ્વાસ રાખી, દૈવી ધર્મનું આચરણ કર અને અવિશ્વાસ જે આસુરી ધર્મ છે તેનો ત્યાગ કર.

શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી—

અહિતં નિજ ભક્તાનાં વિદધાતિ હરિર્ન હી

ભગવાન પોતાનાં ભક્તનું બુરૂ (અહિત) કદાપિ થવા દેશે નહીં.

શિક્ષાપત્ર ૧૫ શ્લોક ૧

યદંગીકૃત જીવાનાં ન દુઃખ લેશતોડપિ હિ
સદાનંદ સદાનંદાત્ત તત્સ્મૃતિઃ ક્રિયતાં સદા

પુષ્ટિમાર્ગમાં શ્રીવલ્લભ પ્રભુને શરણે આવેલા જીવોએ લેશમાત્ર ચિંતા કરવાની રહેતી નથી. પ્રભુ સદા આનંદરૂપ છે. તે આનંદરૂપનું સ્મરણ કરી આનંદ પ્રાપ્ત કરો. આનંદપૂર્વક સેવા અને આનંદપૂર્વક સ્મરણ કરી આનંદ મગ્ન બનો.

શરણસ્થ સમુદ્ધારં કૃષ્ણ વિજ્ઞાપયાહમ્

શરણે આવેલા જીવોનો ઉદ્ધાર કરવા પ્રભુ સમર્થ છે.

પ્રભુ પોતાના માટે પોતાનાં ભક્તને વિરહાગ્નિથી તપેલો જોઈ શીઘ્ર પ્રગટ થાય છે. તેવા પ્રભુનું જ સ્મરણ ભજન કરવું.

પરંતુ જે જીવ અજ્ઞાનથી દેહાદિકનાં વિષયોમાં લંપટ બની, સંસારી સુખની જ ખોજ કરતો રહે છે અને તેમ કરવા મૂળ વસ્તુને મૂકીને અન્ય જગો ભટકવા લાગે, તેનાં કરતાં આશ્રય રાખી સ્થિર થવું જ ઉચિત છે. પ્રભુ દયાળુ છે. પુતના જેવી રાક્ષસીને પણ માતાની પદવી આપી મોક્ષ આપ્યો. તો જે ભક્ત પ્રભુને પ્રેમપૂર્વક દૂધ, મેવા, ફળફુલ આરોગાવે છે તેની તો વાત જ ક્યાં રહી? તેવાને પ્રભુ કેમ વિસરી શકશે, માટે જ કવિશ્રી કહે છે કે પ્રેમભાવથી પ્રભુને ભજો.

હાસ્યામૃતઃ એકવાર સેવકે પૂછયું કે જેજે, બધા કહે છે કે પ્રભુને પ્રેમે ભજવા તેવા સ્નેહીઓનાં ગામ હોય તો ત્યાં જઈ વસીયે.

ત્યારે શ્રીગોકુલેશજીએ આજ્ઞા કરી કે ઘેટા, બકરાનાં વાડા હોય પણ સિંહોના વાડા ન હોય. ભગવત્ પ્રેમીઓ જ્યાં જ્યાં વસતા હોય ત્યાં ત્યાં તેનો પ્રભાવ હોય. તેના સંગથી બીજાને પણ પ્રેમની પ્રેરણા મળે છે. પ્રેમના પ્રકારો (૧) ચિત્ર દ્વારા (૨) સ્વપ્ન દ્વારા (૩) નાટક દ્વારા (૪) શ્રવણ દ્વારા (૫) સ્વરૂપ દ્વારા (કવિ વલ્લભદાસ)

(૧) ચિત્ર દ્વારા રસખાનજીને પ્રભુ પ્રત્યે પ્રેમભાવ ઉત્પન્ન થયો હતો. કોઈ એક સમય વૈષ્ણવ દ્વારા તેને ચિત્ર પ્રાપ્ત થયું હતું, ત્યારથી તેની લગની લાગી. બીજા શેમાંય મન ન રહ્યું. ખાન, પાન, નીંદ, બધું ભુલાઈ ગયું, જ્યારે શરણે આવ્યા પછી તેઓ મહાન ભગવદ્ ભક્ત બન્યા. પોતાની જે યાવની ભાષા હતી તે પણ મૂકી તેને વૃજભાષામાં અનેક સવૈયા બનાવ્યા છે.

(૨) સ્વપ્ન દ્વારા—શ્રીમદ્ ભાગવતમાં કથા છે. દ્વારકા લીલામાં ભગવાન શ્રીકૃષ્ણનાં પુત્ર પ્રદ્યુમનના પુત્ર અનિરુદ્ધ, તેનાં લગ્ન સ્વપ્ન દ્વારા થયાં હતા. સામેનું પાત્ર બાણાસુરની પુત્રી ઉષા હતી. તેને પણ તેજ રાત્રે સમાન સ્વપ્ન હતું. જેનાં અનિરુદ્ધ સાથે લગ્ન થયા હતા. ચિત્રલેખા ચોરી કરીને અનિરુદ્ધને લઈ ઉષાનાં મહેલમાં લઈ ગઈ, ત્યારે બંનેએ એકબીજાને જોયા વગર પણ સ્નેહ તો સ્વપ્ન દ્વારા લગ્નમાં પરિણમ્યો. આમ સ્વપ્ન દ્વારા પણ સ્નેહ થાય છે.

(૩) નાટક દ્વારા—રાસલીલાનું હાર્દ જાણવાવાળા ભલે ઓછા હોય, પરંતુ તે જોતાં ભગવાન પ્રત્યે પ્રેમ થાય છે. તેઓ સમજે છે કે આતો લીલા ભજવી બતાવે છે, પરંતુ તે સ્વરૂપ ઉપર સહજભાવ ઉત્પન્ન થાય છે અને ભગવદ્ ભક્તિ કરવા પ્રેરણા મળે છે.

(૪) શ્રવણ દ્વારા—જેમ કે રૂક્ષ્મણીજી વિર્દભ દેશમાં રહેતા હતા. કૃષ્ણ તો દ્વારીકા રહેતા. તેમણે તો નજરે પણ એકબીજાને જોયાં ન હતા. પરંતુ તે રૂક્ષ્મણીજીએ કાનો દ્વારા કૃષ્ણનાં ગુણોને સાંભળી પ્રેમ કરતા થયા. તેથી બ્રાહ્મણ દ્વારા સંદેશો મોકલી કૃષ્ણને તેડાવ્યા અને લગ્ન તેની જ સાથે થયા. આમ શ્રવણ દ્વારા સ્નેહ ઉત્પન્ન થયો.

(૫) સ્વરૂપ દ્વારા—પ્રત્યક્ષ જોઈને નિરખીને સ્નેહ ઉત્પન્ન થાય છે. જેમકે પુષ્ટીવાટીકામાં રામ અને લક્ષ્મણ ગયા હતા, ત્યાંજ સિતાજી સખીયોની સાથે ફરતા ફરતા રામચંદ્રજીને જોયા હતા. દર્શનમાત્રથી તેણે દેવી પાસે વરદાન માંગ્યું કે મને રામચંદ્રજી પતિરૂપે પ્રાપ્ત થાય બીજા કોઈ નહીં. અને તે તેમને પ્રાપ્ત થયા.

પ્રેમભાવ ભક્તિ વિનાં પ્રભુને પમાય નહીં.

વેણુનાદ સાંભળી વૃજભક્તો વનમાં ગયા ત્યારે પ્રભુએ તેમને ઘરે જવાની આજ્ઞા કરી. તે જો ચાલ્યા ગયા હોત તો ગોપિપ્રેમકી ધ્વજા આ શબ્દ કહેવાત નહીં, જેનું સર્વસ્વ પ્રેમી માત્ર પ્રભુ જ છે તેને કોઈનો ડર નથી, કોઈનો મોહ નથી. આથી જ કવિશ્રી કહે છે કે આવા પ્રભુને ભજી જન્મ સફળ બનાવો, સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. (૭૪)

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્ગારો

૮૨. અંતર્યામીને સાક્ષાત્ સ્વરૂપની ભક્તિનું તારતમ્ય

જ્ઞાનમાર્ગે પ્રભુને પહોંચાય નહીં, માટે ભક્તિ કરવી, એટલે પ્રભુને પહોંચાય. ભક્તિ છે, તે ભક્તિરાણી છે. તે રાણી શું ન કરે?

એક તો અંતર્યામી રૂપની ભક્તિ અને એક સાક્ષાત્ સ્વરૂપની ભક્તિ. અંતર્યામી કરતાં સાક્ષાત્ રૂપની ભક્તિ ઘણી મોટી છે. અંતર્યામી રૂપની કઈ ભક્તિ? આ સર્વના અંતઃકરણમાં ભગવાન છે, તેની ભક્તિ તે આ ભક્તિ છે, સઘળે ભગવાન જોવા, હવે તે શી રીતે જોવાય? તો આ પ્રચંચમાંથી નીકળવાથી સઘળે ભગવાન જોવાય. આપણી આંખો વિષયને જુએ છે, તે ભગવાનને જુએ. તથા મન બીજે ઠેકાણે જાય નહીં, હરિ વગર બીજે જાય જ નહીં, કોઈની પાસે આપણે ઉભા હોઈએ, તો તેનાથી ખોટું બોલાય નહીં. **તેમ જેણે પ્રભુ જાણ્યા તેનાથી ખોટું કર્મ થાય નહીં અને તેણે જ હરિ જોયા,** તેનાં મોં આગળ ભણકારા તેનાજ થયા કરે, બીજી વાત રહે નહીં.

અંતર્યામી કોઈનું ભુંડું કરતા નથી. પ્રહલાદને રાખ્યા હતા, તે અંતર્યામી, વળી હિરણ્યકશિપુને માર્યો, તે તેનું સારું કર્યું, કારણ કે પ્રભુને પામ્યો. પ્રહલાદનું પણ સારું કર્યું, અંતર્યામીને કોઈનું ભુંડુ કરવું ગમતું નથી. અંતર્યામી સર્વેને પ્રેરણા કરનાર છે. ભુંડું કરશે તેનું ભુંડુ થશે, ને ભલું કરશે, તેનું ભલું થશે. આ અંતર્યામી પ્રભુની ભક્તિ કહી. જ્યાં સુધી વિષયવાસના, જ્યાં સુધી કામ, ક્રોધ, મારું, તમારું વગેરે હું પણું છે, ત્યાં સુધી બધું ખોટું છે.

હવે સાક્ષાત સ્વરૂપની ભક્તિ

જેટલી આ ઈન્દ્રિયો પંચમહાભૂત તે રૂપમાં મૂકવું. કશુંએ આપણી પાસે રાખવું નહીં. અગિયાર ઈન્દ્રિયો એમના રૂપનું ધ્યાન કરીને મનન કર્યા જ કરે. જેમ આ લોક વિષયની વાતો કરે છે, તેમ પ્રભુનીજ વાતો કરાય. પ્રભુને સુખ થાય તેમજ કરાય, ત્યારે તેના હૃદયમાં પોતે પધારે, તે પછી તે જે કરે તે પ્રભુને ગમતું જ કરે. નાના પ્રકારની સામગ્રીઓ કરી તે પ્રભુને આરોગાવે, પ્રભુની વાર્તા પ્રભુની સેવા કરે, તથા પ્રભુ વિના કંઈ બોલે નહીં. પ્રભુ વિના આઠે પહોરે બીજી વાત કરવી નહીં. રસ્તામાં જતા હોઈએ, ને જે સારી વસ્તુ દીઠી તે વસ્તુનો પ્રભુને હીંડતા–હીંડતા (ચાલતા–ચાલતા) ભોગ ધરવો. જે વસ્તુ પૈસા ખર્ચીને ઘરે લાવીએ, તે ઘરે પ્રભુને ભોગ ધરીએ, પ્રભુ વિના કંઈએ ચીજ જાય નહીં, જ્યારે આ જગતના પ્રપંચ, જગતનો સ્વભાવ, એ સર્વે ટળે, ત્યારપછી જાણવું કે ભક્તિમાં પેઠા, જ્યાં સુધી સંસારમાં છીએ, ત્યાં સુધી ભક્તિ છે. આગળથી જો સંસાર ઉપર વૈરાગ્ય આવ્યો હોય તો સર્વે દુઃખરૂપ લાગે, ત્યારપછી પ્રભુની દિશા ભણી વળાય. ૮૨

વૈષ્ણવનો ધર્મ

–પૂ.પા.ગો.શ્રીગોકુલેશજી (જૂનાગઢ)

વૈષ્ણવે સદા પ્રસન્ન રહેવું– સર્વ સાથે પ્રેમભાવ રાખવો. કોઈ સાથે વેરભાવ ન રાખવો– વૈષ્ણવે પ્રાણીમાત્ર પર દયા રાખવી– વૈષ્ણવે અભિમાન કદી ન કરવું– કદી કોઈનું બુરૂ ન ઈચ્છવું– કદી કોઈની નિંદા કરવી નહીં– વૈષ્ણવે પરમ શાંત રહેવું– ક્રોધ કદાપિ કરવો નહીં– વૈષ્ણવે કદી કોઈનો તિરસ્કાર કરવો નહીં કે ન કોઈથી ઈર્ષા દ્વેષ રાખવા– વૈષ્ણવે પરોપકારી થવું, ઉદાર થવું, લોભ કદાપિ કરવો નહીં– હંમેશા સત્યાગ્રહી રહેવું. જુઠ્ઠું બોલવું કે કરવું નહીં– વૈષ્ણવે વૃથા બોલવું નહીં– સર્વ જગાએથી સદ્‌ગુણ ગ્રહણ કરવો– વૈષ્ણવે નિષ્કામ કર્મ કરવું– વૈષ્ણવે નિઃસ્વાર્થ થઈ પ્રભુની ભક્તિ કરવી– દીનતા કેળવવી. દાસભાવે રહેવું– વૈષ્ણવે સાંસારિક વિષયોમાં આસક્ત થવું નહીં– વૈષ્ણવે સતત પ્રભુસ્મરણ રાખવું– પ્રભુવિસ્મૃત એક ક્ષણ પણ રહેવું નહીં– વૈષ્ણવે સંતોષી રહેવું. પ્રભુ જે આપે તેમાંજ સંતોષ માનવો– કૃષ્ણ સેવા નિત્ય કરવી– પ્રભુ શ્રીકૃષ્ણમાં જ અનન્યતા રાખવી– શ્રીકૃષ્ણ સિવાય અન્ય દેવીદેવતાઓનો આશ્રય કરવો નહીં– વૈષ્ણવે પ્રભુ શ્રીકૃષ્ણ સર્વસમર્થ છે. તેઓ સદા તેમના દાસ–શરણસ્થના

હિતનું જ કરશે' એવી ભાવના હૃદયમાં સ્થિર કરવી– વૈષ્ણવે અહંતા–મમતા દુર કરવા અને ચિત્તની વૃત્તિઓ પ્રભુને સમર્પી દેવી– મનને સદા પ્રભુના ચરણકમલોમાં લગાડી રાખવું– શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનું અધ્યયન કરી પ્રભુમાં નિષ્ઠા દ્રઢ કરવી– વૈષ્ણવે એકમાત્ર કામના પ્રભુના દર્શન–સંતાપની રાખવી– સર્વ જગતને પ્રભુનું સ્વરૂપ સમજી આત્મિયભાવ રાખવો– વૈષ્ણવે દુઃખમાં વિચલિત થવું નહીં કે સુખમાં છકી ન જવું– વૈષ્ણવે પ્રભુમાં પ્રેમ, આસક્તિ, વ્યસન દશા પ્રાપ્ત કરવા તત્પર થવું– સદા સર્વદા પ્રભુમય રહેવું– આ ભાવથી વૈષ્ણવે રહેવું.

દેવર્ષિ નારદ રચિત

ભક્તિસૂત્ર – પ્રેમદર્શન

ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ

હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદ્દાર ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.

–ગતાંકથી ચાલુ

અને વળી–

યત્જ્ઞાત્વા મત્તો ભવતિ, સ્તબ્ધો ભવતિ, આત્મારામો ભવતિ ॥ ૬ ॥

જેને (પરમ પ્રેમરૂપા ભક્તિને) જાણીને (મેળવીને) મનુષ્ય પાગલ થઈ જાય છે, સ્તબ્ધ (શાંતિ) થઈ જાય છે અને આત્મારામ બની જાય છે.

ભગવત્પ્રેમ પ્રગટ થતાં જ મનુષ્યને પાગલ કરી દે છે. તેથી પ્રેમી ભક્ત હંમેશા પ્રેમના નશામાં ડૂબીને દિવસ–રાત પ્રભુને જ ગાતો, સાંભળતો અને ચિંતન કરતો રહે છે. બહારની બીજી વાતોનું ભાન જ રહેતું નથી, જેમ પાગલ મન ફાવે તેમ બકતો અને કરતો રહે છે, તેવી રીતે તે પ્રેમ–પાગલ પણ પ્રભુની ચર્ચામાં જ તલ્લીન રહે છે, કારણ કે તેના મનને આ સારું લાગે છે. ભાગવતમાં કહ્યું છે–

શ્રૃણ્વન સુભદ્રાણિ રથાંગપાણેર્જન્માનિ કર્માણિ ચ યાનિલોકે ।
ગીતાનિ નામાનિ તદર્થકાનિ ગાયન વિલજ્જો વિચરેદસંગમઃ ॥
એવં વ્રતઃ સ્વપ્રિયનામકીર્ત્યા જાતાનુરાગો દ્રુતચિત્ત ઉચ્ચૈઃ ।
હસત્યથો રોહતિ રૌતિ ગાયત્યુન્માદવન્નૃત્યતિ લોક બાહ્યઃ ॥

(૧૧/૨/૩૯–૪૦)

ભક્ત ચક્રપાણિ ભગવાનના કલ્યાણકારક તેમજ લોકપ્રસિદ્ધ જન્મો અને કર્મોને સંભળાવતા, તે અનુસાર રાખેલા નામોને લજ્જા છોડીને ગાતા સંસારમાં અનાસક્ત થઈ વિચરે છે. આ

પ્રકારનું વ્રત ધારણ કરી તે પોતાના પ્રિયતમ પ્રભુના નામ—સંકિર્તનથી તેમાં અત્યંત પ્રેમ થઈ જવાને કારણે દ્રવિત ચિત્ત (પીગળેલા મનવાળો) થયેલો પાગલની માફક ક્યારેક અલૌકિક ભાવથી ખડખડાટ હસે છે, ક્યારેક રડે છે, ક્યારેક બૂમો પાડે છે, ક્યારેક ઉંચા સ્વરથી ગાવા લાગે છે અને ક્યારેક નાચી ઉઠે છે.

આમ પાગલની માફક આચરણ કરતો પ્રેમી આનંદથી ભરપૂર, ક્યારેક ચુપ થઈ જાય છે, શાંત થઈને બેસી જાય છે. આ સ્તબ્ધતા તેની પૂર્ણ કામનાનો પરિચય આપે છે. પ્રભુની મૂર્તિ હૃદયમાં પ્રગટ થઈ ગઈ, રૂપમાધુરીમાં આનંદમત્ત થઈ ભક્ત ધ્યાનમગ્ન થઈ ગયો.

સુતીક્ષણની દશા બતાવતા ગોસાઈજી (તુલસીદાસજી) કહે છે—

મુનિ મગ માહિં અચલ હ્વૈ બૈસા । પુલક સરીર પનસફલ જૈસા ॥

નૃત્ય કરતા કરતા પ્રભુમય બની જવાથી આવી જ અવસ્થા થઈ જાય છે. તેનું ચિત્ત અને શરીર સર્વથા સ્તબ્ધ—શાંત થઈ જાય છે. આત્મા આનંદમય બની જાય છે. આને આત્મા રામ કહે છે. આ આત્મા રામ સ્થિતિમાં વિષય તૃષ્ણા તો ક્યાંય રહી જાતી જ નથી—

ન હિ સ્વાત્મારામં વિષયમૃગતૃષ્ણા ભ્રમયતિ ॥

બીજા કોઈનું પણ જ્ઞાન રહેતું નથી. આ પ્રેમાદ્વૈત કે રસાદ્વૈત છે. પ્રિયતમ સાથે મળીને પ્રેમીનું અલગ અસ્તિત્વ જ લુપ્ત થઈ જાય છે.૬

ભાષ્યાર્થ: ભક્તિને તાત્ત્વિક રીતે જાણીને જ ભક્ત પુરૂષ મત્ત થઈ જાય છે. અહીં બે પ્રકારની મત્તતા જાણવી. એક લોક દ્રષ્ટિની અને બીજી આત્મદ્રષ્ટિની. ભક્તના માનસનો પાર પામવાને અસમર્થ જનતા ભક્તના ઉપર મત્તતાનો આરોપ કરે છે. 'આતો મત્ત છે—ગાંડો છે—બેભાન છે'—એવો ભક્તને લગતો લોકનો લવારો હોય છે પણ ખરો. પણ આ ગાંડાઈ એ ધાતુ, રસ કે ઈન્દ્રિયોની વિષમતાથી જન્મનારી નથી, પરંતુ પ્રેમના પ્રભાવથી જન્મે છે. વાસ્તવિક રીતે તો મત્તતા એટલે બહારના ભાનની શૂન્યતા સમજવી. અહીં રહસ્ય આ છે. સ્વભાવથી જ ઈન્દ્રિયો બહારના વિષયો તરફ વહેવાના સ્વભાવની હોય છે. આથી ઘણે ભાગે લોકો બહારના વિષયના જ્ઞાનવાળા અને અંતર્જ્ઞાનથી કોરા હોય છે. પરંતુ ભક્ત તો જિતેન્દ્રિય છે. મન ઈન્દ્રિયોનું નાયક છે અને જેમ મધુરાણીની પાછળ પાછળ મધુમક્ષિકાઓ અનુસરે છે તેમ જ્યાં મન જાય છે, ત્યાંજ બીજી ઈન્દ્રિયો પણ જાય છે. અને ભક્તનું મન તો પરમાત્મામાં પ્રતિષ્ઠિત છે. આથી તેને અધીન ઈન્દ્રિયો પણ પરમાત્મનિષ્ઠ જ હોય છે! તેમનો બહાર સંચાર હોતો નથી. ભક્ત તો તે ભગવાનમાં જ દિવ્ય શબ્દ સ્પર્શ, રૂપ, રસ અને ગંધનો અનુભવ કરે છે અને તે દિવ્ય શબ્દાદિથી પ્રસન્ન થયેલી તેની ઈન્દ્રિયો બહારના જગતમાં સંચરતી નથી. આમ હોઈને 'મત્તત્ત્વ' જેનું બીજું નામ છે એવું ભક્તનું 'બહિર્ભાનશૂન્યત્ત્વ' યોગ્ય જ છે.

કેમકે ભક્ત મત્ત છે. આથી જ તે સ્તબ્ધ પણ છે. સ્તબ્ધતા એટલે સ્પન્દનરહિતતા એટલે કે નિર્વ્યાપારતા અર્થાત્ જડતા. ઈન્દ્રિયોનું વર્તન હોય તો પુરૂષ સચેષ્ટ થાય છે. પણ તે ઈન્દ્રિયો તો ભગવાનમાં લીન થયેલી છે. આ ઉપરાંત પણ કંઈક એવું પ્રેમમાં સ્વતઃ છે કે

જેનાથી પ્રેમરસને ચાખવામાં લોલુપ પુરુષ આનંદ જડ બની જાય છે, એટલું જ નહીં તે કોઈપણ ચેષ્ટા કરવા શક્તિમાન થતો નથી! આ સ્તબ્ધતા એ પ્રાકૃત જડતા નથી! પરંતુ પ્રેમના ઉભરાની કોઈક દિવ્ય અવસ્થા છે!

સ્તબ્ધ થઈને આ ભક્ત આત્મારામ થાય છે. મત્તત્વ સ્તબ્ધતામાં અને સ્તબ્ધતા ભક્તને આત્મારામમાં સ્થાપે છે. વિષયોમાંથી છૂટેલું મન ઇન્દ્રિયો સહિત આત્મામાં જ ઠરે છે. આત્માને ત્યજી બીજે ક્યાંયે તેની ગતિ થઈ શકતી નથી ! કેમકે આત્મા જ મનની છેવટની વિહારભૂમિ છે. અર્થાત્ અનેક જન્મોથી વિષયની જાળમાં સપડાયેલું મન, પ્રેમના પ્રભાવથી જ્યારે તે જાળ માંથી મુક્ત થાય છે ત્યારે તે આત્મામાં ઠરે છે અને આત્મામાં ઠરીને કૃતકૃત્ય થયેલું મન તે પરમપ્રિય આત્મામાં જ રમે છે—ખેલે છે—વિહાર કરે છે. આથી આચાર્ય અહીં કહે છે કે ભક્ત આત્મારામ થાય છે. આમ ભક્તિના જ્ઞાનથી ભક્ત અંતઃસંજ્ઞ, આનંદજડ તથા આત્મવિહારી થાય છે—૬

—ક્રમશઃ

રુક્મિણી હરણ

લેખક : પ.ભ. જેઠાલાલ છો. શાહ "ઊર્મિલ" સાવલી

પુષ્ટિમાર્ગના પ્રણેતા શ્રીમદ્‌વલ્લભાચાર્યજી મહાપ્રભુજીએ જેને ચતુર્થ પ્રમાણ તરીકે સ્વીકારેલ છે એવો નિગમ કલ્પતરુના અમૃતમય ગલિત ફળરૂપી શ્રીમદ્‌ભાગવતગ્રંથ સંસ્કૃતવાઙમયનું અનુપમ—અદ્વિતીય રત્ન છે. એ ગ્રંથરત્ન શિરોમણી શ્રીમદ્‌ભાગવત ભક્તિશાસ્ત્રનું તો સર્વસ્વ છે. એમાં તો અનેક સ્થળ એવાં છે કે જ્યાં મહાકવિ કાલિદાસ જેવાની વાણી પણ પાછી પડે. ભાગવતકારની વિશેષતાની પ્રદર્શક દશમસ્કંધની અત્યંત સરસ સાલંકારવાણીના આસ્વાદન થી. હૃદય તો શું પણ આપણો આત્મા પણ તલ્લીન બની રહે છે. એના અધ્યયન વખતે આપણે જગતની અનેક આધિવ્યાધિઓ વિસરી જઈને હૃદયમાં અનિર્વચનીય સાત્ત્વિક ભાવોનો ઉદય અનુભવીએ છીએ. અહીં આપણે ભાગવતના દશમ સ્કંધના બાવનમાં અધ્યાયથી વર્ણિત રુકિમણીહરણની લીલાવાર્તાનો આસ્વાદ લેવાનો છે. એ કથા એવી હૃદયંગમ કાવ્ય કથા છે કે સંતભક્તો સાહિત્ય પ્રેમીઓ તેમ રસિક કવિવર્યો એથી અપ્રતિમ અણમોલ આનંદની ઉપલબ્ધી કરી શકે એમ છે. શ્રીમદ્ ભાગવતને તેમ તેમાંની કથાઓને પદ્યમાં ઉતારવાના અનેક પ્રયત્નો થયા છે. રત્નેશ્વર, વલ્લભ અને સંતમહારાજ નામના કવિઓએ પદ્યમાં લગભગ આખું ભાગવત લખ્યું છે. પ્રભાસપાટણના કવિ ભીમે

પ્રસિદ્ધ ભક્તપ્રવર શ્રીબોપદેવની હરિલીલાને અનુસરીને હરિલીલા ષોડશ કલા ગ્રંથ રચીને આખા ભાગવતનો સાર સળંગ રીતે સુવાચ્ય—સુરસિક ભાષામાં સોળકળાઓમાં પ્રદાન કર્યો છે. ભાલણ નરસિંહ મહેતા, પ્રેમાનંદ, લક્ષ્મીદાસ, વિષ્ણુદાસ, નાકર આદિ લગભગ ૪૦ થી પણ વધુ કવિઓએ ભાગવતના વિવિધ આખ્યાનોની રચના કરી છે. રુકિમણીહરણ ઉપર ગુજરાતીમાં કાશીસૂતશેષજી, કવિ...તેમ દેવીદાસે આખ્યાનો લખ્યાં છે. પુષ્ટિમાર્ગીય કવિ રૂઘનાથ—રઘુનાથ તથા કવિ દયારામભાઈના રુક્મિણી વિવાહ તો વૈષ્ણવોમાં અતિપ્રિય હોઈને લગ્ન પ્રસંગોમાં સર્વત્ર ગવાય છે.

પૂર્ણપુરૂષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણની અષ્ટપટરાણીઓમાં પ્રધાન પટરાણી એવાં રુક્મિણીજી સામાન્ય સ્ત્રીજન ન હતા. દયારામભાઈએ કહ્યું છે તેમ એતો સાક્ષાત શ્રીમહાલક્ષ્મીજીનો અવતાર હતો. વિદર્ભ નામના દેશમાં ભીષ્મક નામક રાજા રાજ્ય કરતો હતો. તેની રાજધાનીનું નામ કુણ્ડિનપુર હતું. એ રાજાને રુક્મિ, રુકમરથ, રુકમબાહુ, રુકમકેશી અને રુકમમાલી નામના પાંચ પુત્ર અને રુક્મિણી નામક પુત્રી મળી છ સંતાન હતા. પુત્રી રુક્મિણી ઉંમરલાયક થતાં ભીષ્મક રાજાએ તેમજ કુટુંબીજનોએ તેને તે વખતના શૌર્ય, વીર્ય અને સૌંદર્યમાં અદ્વિતીય એવા દ્વારકાપતિ શ્રીકૃષ્ણને આપવાનો વિચાર કર્યો પરંતુ મોટો પુત્ર રુકિમીકૃષ્ણ દ્વેષી હતો એટલે દયારામભાઈએ કહ્યું તેમ—

રૂપગુણે સમોવડ સહુ રીતે શ્રીકૃષ્ણ વર એ વિચારીયું રે,
કુટુંબ સહોદર સહુ કો ને ભાવ્યું, એક રુકમૈયાને ન ગમ્યું રે.

એટલે તરત જ તે બોલી ઉઠયો—

એ રે ગોવાળ કેમ વર માગે મારી ભગિની
કન્યા દીધી ત્યાં ઠરૂં ન હું રે

ભીષ્મકના રાજયમાં કર્તાહર્તા રુકિમ જ હતો. તેની આગળ કોઈનું કશું ન ચાલતું. તેણે તો બહેનને માટે પોતાના જેવો જ એક કૃષ્ણ દ્વેષી શોધી મૂકયો હતો. પિતાને ઉદ્દેશીને તેણે કહ્યું—

દમઘોષનો સુત શિશુપાલ રાજા કુળવંત છે જગ નામના રે,
તેની સંગે મારી બહેન પરણાવું સમરથ કો સમે કામના રે.

ભીષ્મક આદિ સૌ કોઈને રુકિમનું એક કથન ન રુચ્યું પણ તેઓ કશું જ બોલી શકયા નહીં અને આ બાજુ રુકિમ તો એમ કહીને તત્કાલ ઉઠયો—

વેગે કહાવ્યું શિશુપાલને રે લગન ઉપર જાન લઈ વહેલા આવો,
લાવો સંગે બહુ ભુપાલ ને રે

આમ ભીષ્મક વગેરે હા ના કરતા રહ્યા અને રુકિમ એ તો લગન લઈ તરત જ જાન લઈને અને તે પણ કદાચ જરૂર પડે તે માટે એના જેવાજ કૃષ્ણ દ્વેષી એવા કેટલાક રાજાઓને સાથે

તેડીને આવવાનું નિમંત્રણ પણ પાઠવી દીધું. બાલ્યાવસ્થાથી જ કૃષ્ણની સુકિર્તિની સુવાસથી આકર્ષાઈને મન વચન અને કર્મથી શ્રીકૃષ્ણને જ પતિ માની બેઠેલી રુક્મિણીના સંતાપનો આ જાણી પાર ન રહ્યો. પરંતુ તેય રુક્મિનીજ બહેન હતી. તરત જ તેણે પણ છૂપી રીતે પોતાના એક વિશ્વાસપાત્ર એવા બ્રાહ્મણને પોતાના મહેલે તેડયો અને–

તેડી બેસાડીને કર્યો મનસૂબો પત્ર લખીને એક આપીયું રે
ત્રણ દિવસમાં લગ્ન છે કહેજો વહેલા વળો ઝંખુ પંથને રે
અંબિકા પૂજી પાછી વળું ત્યાંથી, મુજને હરે કહેતી કંથને રે
શિખવી સંદેશો ને વિપ્ર વળાવ્યો.

બ્રાહ્મણભાઈ તો મહાદક્ષિણાની આશાએ ઝડપથી વિના વિચારે દ્વારકાને પંથે પડયા. પણ ક્યાં દ્વારકા અને ક્યાં કુણ્ડિનપુર? લગ્નને તો માત્ર ત્રણ દિવસ જ બાકી છે. એટલા ટૂંકા સમયમાં તે બ્રાહ્મણ દ્વારા મતી જઈ શકે જ નહીં. પણ કૃષ્ણ લીલાનો પાર ન હોય. એ તો–

'વાત છે ગમતી તે એક દિવસમાં દ્વારકા દેખાડી શ્રીહરિ રે'

દ્વારકામાં એ રીતે આવી પહોંચેલો અને દ્વારપાળોએ વિના રોકટોકે અંદર જવા દીધેલ એ બ્રાહ્મણે સુવર્ણાસને બિરાજેલા શ્રીકૃષ્ણને દીઠા. બ્રાહ્મણને આદરમાન આપતા ભગવાન શ્રીકૃષ્ણે–

'ઉઠયા હરિ આસન થકી બેસારિયા ભુદેવ પુજા કીધી પ્રેમશું કુશળ પૂછયું એવું'

એ રીતે પૂજાદિથી બ્રાહ્મણનો સત્કાર કરી સૌપ્રથમ તો શ્રીકૃષ્ણે તેમના રહેવા જમવા આદિનો પ્રબંધ કરાવ્યો અને તે પછી તે બ્રાહ્મણ જમી પરવારી આરામ લઈ રહ્યો હતો તે વખતે તેની પાસે જઈ શ્રીકૃષ્ણ પ્રથમ તો ધીરેધીરે તે બ્રાહ્મણના પગ દબાવવા લાગ્યા. અહો! શું ભગવાનની નિરાભિમાનતા? શી તેમની બ્રાહ્મણભક્તિ! શી તેમની અતિથિ સેવા? સ્વયં સર્વસમર્થ હોવા છતાં શું તેમનું દીનતાનું પ્રદર્શન? એ રીતે તે બ્રાહ્મણને પ્રસન્ન ચિત્ત કરીને પછી ભગવાન શ્રીકૃષ્ણે અતિ નમ્રતાથી તેને પૂછવા માંડયું.

હે બ્રાહ્મણ! કુશળતા તો છે ને? કશી તકલીફ તો પડી નથીને? વિદર્ભ દેશમાં આપ સૌ આપનું ધર્માચરણ યથેચ્છ રીતે આચરી શકો છો ને? કે પછી કશી વિઘ્ન બાધા ઉપસ્થિત થાય છે? સંતોષનું કેમ છે? હે મહારાજ! બ્રાહ્મણો માટે સંતોષપ્રધાન વસ્તુ છે. સ્વધર્મમાં નિષ્ઠાવાન, પ્રાણીમાત્રના પરમ હિત સાધનારા, અહંકાર રહિત શાંત અને સંતોષી બ્રાહ્મણો મને અતિ પ્રિય છે. અને તેમને હું વારંવાર પ્રણામ કરૂ છું. તમારા રાજાની શી ખબર છે? પ્રજા તેમનાથી સુખી અને સંતુષ્ઠ તો છે ને? પ્રજાનો પાલક હોય, પ્રજાના સુખદુઃખમાં સહભાગી હોય એવો રાજા જ મને અતિ પ્રિય છે.'

કૃષ્ણના આવા ઉદાર પ્રશ્નોના યથોચિત ઉત્તરો બ્રાહ્મણે આપ્યા એ પછી શ્રીકૃષ્ણે તેના

આગમનનું કારણ પૂછ્યું અને તે પણ 'જે કામની ઈચ્છાથી અહીં આવ્યા હો તે સર્વવાત મારાથી અજાણ ન હોય તે જ કહો' એમ કહીને પૂછ્યું–

લીલાવતાર શ્રીકૃષ્ણના એ પ્રશ્નના ઉત્તરમાં તે બ્રાહ્મણે કહ્યું –

વૈદર્ભદેશ વિશે અમો વસીયે પત્ર આપ્યો એક લાવિયા રે

કહીને ભગવાનના શ્રીહસ્તમાં રુક્મિણીનો પત્ર આપ્યો. ભગવાન

આદર સહિત લીધૂં પત્ર પ્રભુજીએ પ્યારીનું છે ઉર ચાંપીયુ રે
જોતાં અશ્રુનાં બિંદુ માંહે દીઠા વિરહમુદ્રિત છાપીયું રે
પ્રિત પ્રિયાની દેખી નેત્ર ભરીયાં ગદ્‌ગદ કંઠે થયા ઘણું રે

અને આવી દશામાં પોતાનાથી તો એ પત્ર નહીં જ વંચાય એથી શ્રીકૃષ્ણે–

પત્ર આપ્યું પાછું ભટજીના કરમાં

અને પછી કહ્યું–

વાંચો તમો ને અમો સૂણુ રે

પછી બ્રાહ્મણે તે પત્ર વાંચવા માંડયો. પુરાણકારે રુક્મિણીના એ પત્ર સંદેશને રુચિર રસવતી વાણીમાં રજુ કર્યો છે. શ્રીકૃષ્ણ પ્રત્યે રુક્મિણીએ લખ્યું છે–

બધી વાતનો વિચાર કરીને જ મેં તમને આપના પતિ માન્યા છે. મારું સર્વસ્વ મેં આપને સમર્પિત કરી દીધું છે. આપ વિભુ છો. સર્વસમર્થ છો, સર્વવ્યાપી છો. આપ મને આપની પત્ની માની લેજો. ખાસ ધ્યાનમાં લેશો કે હું તો વીર ભોગ્યા છું. વીરનો પ્રાપ્ત ભાગજ હું મને માનું છું–કાયર યા દુર્બલનો નહીં. 'હું તો સિંહની ભાર્યા રે' પેલો દુર્વૃત શિશુપાલ મને લઈ જવા આવી રહ્યો છે એ માટે જ મારે નિર્લજ્જ બનીને આમ પત્ર પાઠવી આપને સચેત કરવા પડયા છે. મારી લાજ તમારી જ લાજ છે. શિશુપાલ તો તમારી સરખામણીમાં શિયાળ છે. ખાસ ધ્યાનમાં લેશો કે મને–

શિયાળ ના લઈ જાય રે જાદવરાય, કુંડિનપુરમાં પધારજો રે

મારો આ સંદેશો વાંચીને મનોમન જરા શંકા ઉદ્‌ભવે કે જ્યાં બધાં સંબંધીઓજ મને શિશુપાલને આપવા ઈચ્છે છે તો પછી મારા ગયે શું વળે? પણ હે અજિત, તમારે એવી'શંકા ધરવી ન જોઈએ. મારા સંબંધીઓએ ભલે એમ ધાર્યું હશે પણ મારા તન મનની માલિક તો હું છું. હું તો એક માત્ર આપનેજ પતિ માની બેઠી છું. હું તો ક્ષત્રિય કુલોત્પન્ન કન્યા છું, વીર્યશુલ્કા છું, સર્વશ્રેષ્ઠ બળવાન, વીર્યવાન પરાક્રમી નરરત્ન જ મને પ્રાપ્ત કરવાનો અધિકારી થઈ શકે એમ છે. મારું શુલ્ક યા મૂલ્ય કેવળ બલ હોય, પરાક્રમ હોય, માટે આ વાંચી બેઠા હો ત્યાંથી ઉઠીને સૈન્ય સાથે પધારો અને અચાનક છાપો મારી શિશુપાલ જરાસંઘ આદિ દુષ્ટોનો દર્પ હરી બલપૂર્વક મારું હરણ કરી જાવ.

–ક્રમશઃ

॥ શ્રીહરિઃ ॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો

લેખક — દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ— ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા— વિશારદ, મુંબઈ.

ભાષાંતર — ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

— ગતાંકથી ચાલુ

પુષ્ટિમાર્ગમાં વેદોનું સ્થાન

શુદ્ધાદ્વૈત વૈષ્ણવોને ત્યાં વેદોને પરમ પ્રમાણ માન્યું છે. જે લોકો આ સંપ્રદાયને અવૈદિક કહે છે તે મૂર્ખ છે. આ માર્ગના સંસ્થાપક શ્રીવલ્લભાચાર્યજીએ વેદો પર પરમ વિશ્વાસ પ્રગટ કર્યો છે. એ ઠેકઠેકાણે તેના પ્રમાણ આપ્યાં છે. પુષ્ટિમાર્ગમાં વેદોને સર્વોચ્ચ પદ આપ્યું છે અને સાચું કહેવામાં આવે તો પુષ્ટિમાર્ગનું ઉદ્ગમસ્થાન વેદ જ છે.

વેદોના વિષયમાં આચાર્યોનો મત છે—

વેદોક્તાદણુ માત્રેઽપિ વિપરીતં તુ યદ્વદેત્ ।
તાદશં વા સ્વન્ત્રંચેદુભયં મૂલતો મૃષા ॥

અર્થાત્—વેદોની ઉક્તિથી અણુમાત્ર પણ જો વિપરિત હોય અથવા વિપરીત જેવું પણ દેખાય અથવા વેદોથી સર્વથા અથવા કોઈપણ સ્વતંત્ર હોય, તો તે મૂળથી જ જુદું સમજવું જોઈએ અથવા તો કોઈપણ દશામાં તે સન્માન્ય થઈ શકતું નથી.

શ્રીમદ્ અણુભાષ્યમાં આપ આજ્ઞા કરે છે—

અનવગાહ્ય માહાત્મ્યે શ્રુતિરેવ શરણમ્

અર્થાત્—અચિન્ત્ય માહાત્મ્ય યુક્ત બ્રહ્મના વિષયમાં જ્યાં કોઈપણ માલૂમ પડતું ન હોય ત્યાં વેદોનું જ પ્રમાણ માનવું. વેદોની ઉક્તિનેજ યથાર્થ માનવી જોઈએ. અન્ય ગ્રંથોનું શરણ લેવું ભ્રમવાહક છે.

વેદોમાં આપની પરમ શ્રદ્ધા વ્યક્ત કરતાં આપે કહ્યું છે કે—

અલ્પ કલ્પનાયામપિ શ્રુતિ વિરોધઃ સિદ્ધઃ ।
શ્રુત્યવિરોધાર્થમેવ હિ પ્રવૃત્તેઃ ॥

વેદોના અક્ષરોમાં જરાપણ કલ્પના કરવાથી વિરોધ આવી જાય છે. શાસ્ત્રોની તો પ્રવૃત્તિ શ્રુતિનો અવિરોધ સિદ્ધ કરવાની જ છે. અમે અહીં કેટલાક પ્રમાણભૂત વાક્યો રજૂ કરીએ છીએ જેને વાંચવાથી માલૂમ પડશે કે શ્રીમદ્વલ્લભાચાર્યજી વેદો ઉપર કેટલો અટલ વિશ્વાસ અને કેટલું પ્રામાણ્ય રાખતા હતા. આ વાક્યોથી વેદોનું પુષ્ટિમાર્ગમાં કેટલું ઉત્તમ સ્થાન છે તે પણ સારી રીતે પ્રમાણિત થઈ જશે. વેદોને અપ્રતારક અને સર્વજ્ઞ માનતા આપ સિદ્ધ કરે છે કે—

ન હિ વેદવાદિનામણુ માત્ર મપ્યન્યથા કલ્પનમુચિતમ્ ।
ન ચ ભ્રમાત્કલ્પનં વેદેનોચ્યતે અપ્રતારકત્વાત્સર્વજ્ઞત્વાચ્ચ ॥

અર્થાત્—વેદને જાણનારાઓને કે બીજા જે લોકો વેદો પર ભાષ્ય અર્થ કરે છે તે તેને માટે ઉચિત છે કે વેદમાં અણુમાત્ર પણ અન્યથા કલ્પના ન કરે. વેદોના અર્થ કરતી વખતે ન તો એકાદ અક્ષર પોતાનો ઉમેરે અથવા એકાદ અક્ષર ઓછો કરે. અથવા તો વેદના અક્ષરોનો પણ તોડમરોડ કરી બીજી રીતે કોઈ અર્થ ન કરે. તેમને ઉચિત છે કે તે વેદોનું તાત્પર્ય છે તે રીતે વેદોનું પ્રતિપાદન કરવું. વેદ સર્વજ્ઞ છે. અને અપ્રતારક છે. તેમાં અનુચિત કે ઉચિત કલ્પના પણ કરવી યોગ્ય નથી.

વેદોનું પ્રતિપાદન કરવાને માટે અન્ય શાસ્ત્રમાત્રની પ્રવૃત્તિ થઈ છે. તેથી તો જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી વેદોનાં અક્ષરોને પણ બાધા ન આવે તે પ્રકારનું વર્તન કરવું જોઈએ. પારલૌકિક બધા વિષયોમાં વેદ જ પ્રમાણ છે. તેના ઉપર ગાઢ વિશ્વાસ પ્રગટ કરતાં આપ આજ્ઞા કરે છે કે—

વેદે સર્વત્ર નાધિકયમ્ । અતો વેદપરિત્યાગેના ધિકમેલનેન વા ન વેદાર્થો વક્તવ્યઃ । અતો વેદાદ્યસંવાદિનાર્થોગ્રાહ્યઃ કથંચન ।

અર્થાત્— સમગ્ર વેદમાં કંઈપણ વધારે કહેવામાં આવ્યું નથી. બધેજ ઉચિત અને યોગ્ય જ લખવામાં આવ્યું છે. ન તો ક્યાંય વધારીને કહેવામાં આવ્યું છે કે ન તો ક્યાંય ઓછું કરીને કહેવામાં આવ્યું છે. તેથી વેદોનો અર્થ કરતે સમયે પોતાના તરફથી ઉમેરીને કે ઓછું પણ લગાવવું ન જોઈએ. આ રીતે વેદોને પ્રતિકુળ અર્થ પણ સ્વીકારવા જોઈએ નહીં.

આચાર્યશ્રીનો વેદોના વિષયમાં આ મત છે—

નૈવ કેવલયુક્ત્યા લોકદષ્ટાંતેન નિર્ણયઃ શક્યતે કર્તુમ્ । અન્યથેદં શાસ્ત્રં વ્યર્થમેવ સ્યાત્ । અત્ર હિ વેદાદેવ બ્રહ્મસ્વરૂપજ્ઞાનમ્ ।

અર્થાત્— કેવળ યુક્તિ યા લોકદષ્ટાંતનો આશ્રય લઈને નિર્ણય કરવો અશક્ય છે. નહીં તો આ શાસ્ત્રનું અસ્તિત્વ વ્યર્થ જાય. અહીંઆ તો વેદથી જ બ્રહ્મસ્વરૂપનું જ્ઞાન થઈ શકે છે.

વસ્તુતસ્ત્વલૌકિકાર્થે વેદ એવ પ્રમાણં નાન્યત્ ।

અર્થાત્—સત્ય તો એ છે કે અલૌકિક અર્થનું જ્ઞાન સમજવા માટે વેદ જ પ્રમાણ છે. અન્ય કોઈ શાસ્ત્ર નથી. વેદોના વિષયમાં આપે આપના તત્વદિપ નિબંધમાં કહ્યું છે કે 'જે લોકો વેદ વિરુદ્ધ કાર્ય કરે છે તેઓ બધા પાખંડી છે. ભલે તેનું કાર્ય ગમે તેટલું નાનું કેમ ન હોય કે મોટું કેમ ન હોય?

આપની સેવા પદ્ધતિને વેદથી સિદ્ધ કરતાં આપે કહ્યું છે કે—

વેદાનુસારેણ ભગવદ્ભજનં વિહાય નાન્યમાર્ગે યતનીયમ્

ભગવાનની સેવા અથવા ભક્તિ વેદને અનુસરીને કરવી જોઈએ. અથવા તો માર્ગની સેવા પૂજા અથવા ભક્તિ વૈદિક ન હોય તો ત્યાજ્ય છે. આ વાક્યથી પુષ્ટિમાર્ગીય સેવાપદ્ધતિ વેદને અનુસરનારી હોય છે. આ વાત બતાવી છે.

ધર્મનિર્ણયમાં લૌકિક યુક્તિ ઉપયોગી નથી. તેને વ્યક્ત કરતાં આપ કહે છે કે—

અલૌકિકેષુ ધર્મેષુ પ્રમાણમેવાનુસર્તવ્યમ્ । ન લૌકિક યુક્તિઃ । લૌકિકં હિ લોકયુક્ત્યાવગમ્યતે । બ્રહ્મ તુ વૈદિકમ્ ।

અર્થ— અલૌકિક ધર્મમાં શાસ્ત્રના પ્રમાણનું અનુસરણ કરવું જોઈએ. લૌકિક યુક્તિથી અહીં કામ ચાલી શકતું નથી. કારણ કે લૌકિક વસ્તુનું લૌકિક યુક્તિથી જ્ઞાન થવા સંભવ છે. અલૌકિક વસ્તુનું જ્ઞાન લૌકિક યુક્તિથી થતું નથી. બ્રહ્મ ધર્મ તો અલૌકિક અને વૈદિક છે.

બ્રહ્મને વેદના કથન વિરુદ્ધ જરા પણ માનવાથી દોષ આવી જવાનો સંભવ છે. તે વાતને આપ બતાવે છે કે—

બ્રહ્મ પુનર્યાદશં વેદાન્તેષ્વવગતં તાદશમેવ મન્તવ્યમ્ ।
અણુમાત્રાન્યથા કલ્પનેઽપિ દોષઃ સ્યાત્ ।

અર્થાત્— બ્રહ્મનું વેદ અને વેદાન્તોમાં જે વર્ણન કરવામાં આવ્યું છે તેવું જ સમજવું જોઈએ. જરાપણ બીજી રીતે જોવાથી દોષ આવી જાય છે.

શ્રીવલ્લભાચાર્યજી વેદોમાં આવતાં આખ્યાન અને ઉપઆખ્યાનોને તેવાજ સત્ય માનવા તેવી આજ્ઞા કરે છે. જેવી તેની ઋચાઓ છે તેજ પ્રમાણે માનવા. વેદ પર આપને પરમ વિશ્વાસ છે. આપે આજ્ઞા કરી છે કે મનમાં વેદ માટે મિથ્યા વિચાર આવે તો પણ જીવ દોષગ્રસ્ત થાય છે. વેદોના પ્રમાણનો સ્વીકાર કરતા આપ કહે છે કે ચક્ષુ વગેરે ઈન્દ્રિયો અન્ય મુખ જોવાથી પરતંત્ર પ્રમાણરૂપ છે. તે પોતાની મેળેજ પોતેજ પ્રમાણ નથી. જો પોતેજ પ્રમાણ હોય તો ક્યારેય ભ્રમ ઉત્પન્ન ન થાય. તેથી અન્ય પ્રમાણની અપેક્ષાથી રહિત પોતેજ પ્રમાણભૂત ભગવદ્રૂપ વેદ જ પરમ પ્રમાણ છે.

તર્ક દ્વારા ધર્મનો નિર્ણય અથવા બ્રહ્મનો નિર્ણય કરવો યોગ્ય નથી. એ માટે આપે કહ્યું છે કે વેદોક્ત અર્થમાં એ શુષ્ક તર્કને જગ્યા દેવી યોગ્ય નથી. કારણ કે તર્ક સ્થિર નથી. શ્રુતિ જ બ્રહ્મના વિષયમાં પ્રમાણ છે. કારણ કે બ્રહ્મ કેવળ સ્વતઃ પ્રમાણભૂત શબ્દ ગમ્ય છે. તેથી શ્રુતિઓનો અર્થ શુષ્ક તર્કોથી કરીને તેનું ખૂન કરવું યોગ્ય નથી. અચિંત્ય વિષયોમાં તર્કને સ્થાન આપવું ન જોઈએ. વેદોનો લૌકિક દૃષ્ટિએ અર્થ કરવો તે વેદની હિંસા કરવા બરાબર છે. પ્રભુનો ભક્ત પણ વેદની નિંદા કરે તો તે અધમ છે. ઉપરના ઉદાહરણો દ્વારા એ સિદ્ધ થાય છે કે આ મતના પ્રવર્તક શ્રીવલ્લભાચાર્યજી વેદોનો કેટલો ઉચ્ચ આદર કરતા હતા. અને વેદની વિરુદ્ધની કોઈપણ વાતને કેટલા બધા ધિક્કારતા હતા. તેનાથી સંચાલિત આ સંપ્રદાય વેદો ઉપર વિશ્વાસ

રાખે છે અને પોતાની પૂર્ણ શ્રદ્ધા તેના ઉપર સમય ઉપર વ્યક્ત કરે છે. બેચાર મૂર્ખ વ્યક્તિઓ જો બેચાર નિરાધાર વાતો સાંભળીને આ સંપ્રદાયને અવૈદિક બતાવવાની ચેષ્ટા કરે તેને ઉપરના ઉદાહરણ ધ્યાનપૂર્વક જોઈ જવા જોઈએ. સંપ્રદાયનું રહસ્ય સમજ્યા વગર કાંઈપણ બોલવું તે પોતાની અજ્ઞાનતા સિદ્ધ કરે છે. શ્રીવલ્લભાચાર્યજી અને આજ સુધીના તેના વંશજો વેદો પર પૂર્ણ શ્રદ્ધા રાખે છે. અને વેદને ભગવાનનું સ્વરૂપ માને છે, વેદ, બ્રહ્મસૂત્ર, ગીતા અને શ્રીમદ્ભાગવત આ ચાર શાસ્ત્ર આપણા સંપ્રદાયમાં પ્રમાણ માનવામાં આવ્યા છે. આમાં વેદોને સર્વોચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે. પરંતુ વેદોનો અર્થ વેદથી સ્પષ્ટ ન સમજાતાં તેના સંદેહની નિવૃત્તિ માટે પછીના બતાવેલા શાસ્ત્રોને માનવામાં આવ્યા છે. વેદોના સંદેહની નિવૃત્તિ યા ત્રણેય શાસ્ત્રોથી થઈ શકે છે. એમાંય શ્રીમદ્ભાગવત તો વેદનો માનો સ્પષ્ટ અર્થ જ છે. એટલા માટે આપણે ત્યાં તેને સર્વથા પૂજ્ય માનવામાં આવ્યું છે.

—ક્રમશઃ

શ્રી યમુનાજીના પદ

રચયિતા—મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ—માધુરી, રાજકોટ

પદ ૭૬

જય જય શ્રીયમુને જય સુખ નિધિ;
કૃપા કોષ ભય શોષ તોષ જન ગાવત વેદપુરાન દેવવિધિ. ૧
દિનમણિ સુતા અમોઘનામ યશ સુમિરત આવત પ્રેમ ક્ષેમ સિધિ;
દીન શુલ્ક 'બલ્લભ' દાસી કોં દેહુ અભય આનંદ ભક્તિ રિધિ. ૨

ભાવાર્થ: શ્રીયમુનાજી આપનો જય થાઓ, જય થાઓ, સર્વ સુખની નિધિરૂપ આપનો જય થાઓ.

આપની પાસે કૃપારૂપી અણમોલ, અખૂટ ભંડાર છે તે આર્તને ભયનું નિવારણ કરી સુખસંતોષ પ્રાપ્ત કરાવવાવાળા છો, જેનું યશોગાન વેદ, પુરાણ, દેવતાઓ, બ્રહ્માજી વિગેરે અનેક પ્રકારથી હે સૂર્યપુત્રી તે યશોનું ગાન કરે છે.

આપનું યશોગાન કરવાવાળાને પ્રભુ પ્રત્યે પ્રેમ કરાવે છે અને આનંદપૂર્વક સકલ સિદ્ધિ પ્રાપ્ત કરાવવાવાળું છે.

હે સૂર્યપુત્રી ! આપનો યશ જેનું કોઈ પૂર્ણ રીતે વર્ણવી શકતું નથી. યશોગાન કરવાવાળાને કુશળતાપૂર્વક વિના શ્રમે પ્રેમરૂપી સિદ્ધિ પ્રાપ્ત કરાવે છે.

જેની પાસે એવું કોઈ સાધન બળ નથી એવી આ ગરીબ દાસી વલ્લભીને અભય પદ આપી અવિચલ ભક્તિરૂપી સિદ્ધિ આપી આનંદ પ્રાપ્ત કરાવો. ૭૬

કાવ્ય – કુંજ

શ્રીમદ્ ભાગવત દશમ સ્કન્ધ (પૂર્વાર્ધ)નું ધોળ

રચયિતા : જયંત જી. ગાંધી 'કુસુમાયુધ' (જુનાગઢ)

– બીજા અંકથી આગળ

યજ્ઞ–પત્નીઓનાં ભાગ્યે ત્યાં, ભોજન કૃષ્ણ મંગાવે જી રે,
વિપ્ર ગુમાને મૌન પત્નીઓ, હરિ–દર્શન સુખ પામે જી રે.
ઈન્દ્ર તણું તો પૂજન પ્રભુજી, વ્રજ માંહે રોકાવે જી રે,
ગોવર્ધન ને ભોગ ધર્યો સૌ, અન્નકૂટ આરોગે જી રે.
કુપિત ઈન્દ્રથી વ્રજરક્ષણ પ્રભુ, ગોવર્ધનધર કરતા જી રે,
હવે શ્રીકૃષ્ણનો મહિમા, ગોપ બધા ત્યાં સમજતાં જી રે.
ઈન્દ્ર અને સુરભિ ત્યાં આવ્યા, ગોવિંદ પ્રભુને નમતાં જી રે,
દેવદમન પછી નાગદમન, હવે ઈન્દ્રદમન પ્રભુ બનતા જી રે.
વરુણ લોકમાં જઈ શ્રીકૃષ્ણ તો, નંદરાયને છોડાવે જી રે,
નંદરાય સહ ગોપ બધાને, વૈકુંઠ ઝાંખી કરાવે જી રે.
પુનિત રાસલીલા પ્રભુજીની, પંચાધ્યાયી થી કહેતા જી રે,
મધુર ગાનને વેણુ વગાડી, ઈજન ગોપીને દેતા જી રે.
ગોપીસંગે આત્માથી તો, પ્રભુજી ક્રીડા કરતા જી રે,
જીવાત્મા સંગ પરમાત્માની, દિવ્ય બધી આ ક્રીડા જી રે.
ગોપીજનોને ગર્વ થયો ત્યાં, અલોપ કૃષ્ણજી બનતા જી રે,
વિયોગમાં ગોપીજન રડતાં, વનમાં સઘળે ભમતાં જી રે.
અંતે હારી થાકી સઘળાં, ગોપીગીત ત્યાં ગાતા જી રે,
રૂદન સુણીને કૃપા કરીને, પ્રભુજી ત્યાં પ્રગટતાં જી રે.
શરદ પૂનમ રઢિયાળી રાતે, રાસલીલા પ્રભુ રમતાં જી રે,
જીવ–શિવ જાણે એક બન્યાં છે, નિર્વિકાર સહુ કહેતા જી રે.
કુસુમાયુધનો ગર્વ ગાળ્યો છે, રાસલીલા આ નીરખી જી રે,
શંખચૂડ રાક્ષસ સંહારી, પ્રભુએ ગોપી સૌ રક્ષી જી રે.
ગોપીજનો પછી શુદ્ધભાવથી, યુગલ–ગીત સહુ ગાયે જી રે,
બળદરૂપી તો અરિષ્ટાસુરને, કૃષ્ણ પ્રભુ સંહારે જી રે.

નારદજીએ કંસ સમીપ ત્યાં, ભેદ શ્રીકૃષ્ણનો ખોલ્યો જી રે,
કંસરાયતો અક્રૂરજીને, ગોકુળમાં મોકલતો જી રે.
લઈ આવો બલરામ કૃષ્ણને, ધનુર્યાગના બહાને જી રે,
રથ લઈને જાઓ ગોકુળમાં, મથુરા બંને આવો જી રે.
અશ્વરૂપી તો કેશી દૈત્યને, શ્રીકૃષ્ણે સંહાર્યો જી રે,
ગોપરૂપી તો વ્યોમાસુરને, પણ શ્રીકૃષ્ણે માર્યો જી રે.
અક્રૂરજી તો વ્રજમાં આવ્યા, વ્રજરજ પામી હરખે જી રે,
નંદયશોદા સહુને મળતા, કંસનો સંદેશો આવે જી રે.
સુણતાં નંદયશોદા રડતાં, ગોપીજનો પણ રડતાં જી રે,
શ્રીકૃષ્ણ તથા બલરામ બેઉને, રથમાં તો બેસાડયા જી રે.
રથ રોકી ત્યાં ઉભા ગોપી સહુ, નિજ આંસુડે ન્હાતા જી રે,
ના જાઓ રે પ્રાણજીવન પ્રભુ, મનમોહન નંદલાલા જી રે.
હે ગોવિંદ! દામોદર! માધવ! પોકારી સહુ રડતાં જી રે,
આશા બંધાવી ગોપીને, હરિ મથુરા તો ચાલ્યા જી રે.
વિપ્રયોગનાં દાન તણી આ લીલા જોકે કૃષ્ણની જી રે,
વ્રજમાં કિન્તુ નિત્ય લીલા છે, ગો–ગોપી સંગાથે જી રે.
અગિયાર વર્ષને બાવન દિનની, ગોકુળ લીલા પૂરી જી રે,
શ્રીકૃષ્ણચંદ્રની મથુરા લીલા, હવે કથા આરંભી જી રે.
અક્રૂરજીએ જળજમુનામાં, નારાયણ રૂપ નીરખ્યાં જી રે,
સ્તુતિ કરી શ્રીકૃષ્ણ પ્રભુને, અક્રૂર પાયે પડતા જી રે.
મથુરામાં શ્રીકૃષ્ણ પધાર્યા, દર્શન સુખ સહુ પામ્યા જી રે,
કંસ તણા ધોબીને મારી, સજા કૃષ્ણજી દેતા જી રે.
દરજી પર તો પ્રસન્ન થઈને, ધનવિભવ બહુ આપ્યા જી રે,
સુદામ માળી પર રાજી થઈ, માગેલા વર આપ્યા જી રે.
કંસ તણી દાસી કુબ્જાએ, ચંદન હરિને લગાડયું જી રે,
કુરૂપ તેનું દૂર કરીને, મનવાંછીત વર આપ્યું જી રે.
ધનુર્યજ્ઞમાં જઈ શ્રીકૃષ્ણે, ધનુર્ભંગ ત્યાં કીધો જી રે,
કુવલયાપીડ હાથીને ત્યાં, દંતશૂળથી માર્યો જી રે.
ચાણૂર નામે મહામલ્લને, શ્રીકૃષ્ણે સંહાર્યો જી રે,
મુષ્ટિક નામે બીજા મલ્લને, બલરામે ત્યાં માર્યો જી રે.

કંસ સુણી આ, જોઈ બધું આ, ભયથી ધ્રુજવા લાગ્યો રે,
કરે ઘણો બકવાદ કંસ ત્યાં, સનેપાત શો ઉપાડયો જી રે.
કેશ ઝાલી શ્રીકૃષ્ણ કંસને, સિંહાસનેથી પછાડે જી રે,
પ્રાણ તો છૂટયા કંસ તણા પણ, તેજ પ્રભુમાં સમાયે જી રે.
કારાગૃહમાં જઈ શ્રીકૃષ્ણે, માત–પિતાને છોડયા જી રે,
કંસ તાત એ ઉગ્રસેનને, રાજમથુરાનાં સોંપ્યા જી રે.
નંદરાયને ગોપબાળને, વિદાય પ્રભુ ત્યાં આપે જી રે,
સંદેશો મા યશુમતીને, ગોપી માટે આપે જી રે.
માત–પિતા તમે નંદ–યશોદા, નિત્યે મારાં સાચાં જી રે,
અશ્રુધારા વહે નયનથી, ગોકુળ નંદ સીધાવ્યા જી રે.
ગર્ગાચાર્યજી બંને ભાઈને, યજ્ઞોપવીત ત્યાં દેતા જી રે;
ઉજ્જૈનીમાં સાંદિપનીનાં, ગુરૂકુળમાં જઈ રહ્યા જી રે.
અલ્પ સમયમાં, વેદ–પુરાણો, શાસ્ત્રો સઘળાં ભણતાં જી રે,
ચોસઠ દિન–રાત્રીમાં બંને, ચોસઠ કળા ત્યાં શીખ્યા જી રે.
ગુરૂદક્ષિણા ગુરૂ પત્નીને, મન ચાહી પ્રભુ આપે જી રે,
વિદ્યાભ્યાસ તો પૂર્ણ કરીને, મથુરામાં જ બિરાજે જી રે.
ઉદ્‌ધવ શા વિદ્વાન સખાને, નિજ મંત્રી તો સ્થાપ્યા જી રે,
ગોકુળમાં ઉદ્‌ધવજીને પ્રભુ, એક દિવસ મોકલતાં જી રે.
નંદ–યશોદા, ગોપીજનોને, ઉદ્‌ધવ સાંત્વન દેતા જી રે,
ગોપીજનોને ઉદ્‌ધવજીતો, શ્રીકૃષ્ણ સંદેશો દેતા જી રે.
કુબ્જાને ઘર જઈ શ્રીકૃષ્ણે, મનવાંછીત ફળ આપ્યું જી રે,
કોઈનો ભાર ન રાખે મુરારી, થોડામાં ઘણું આપે જી રે.
ઉદ્‌ધવને બલરામ સંગ પ્રભુ, અક્રૂરને ઘર જાતા જી રે,
અક્રૂરજી તો પૂજન સ્તુતિ ત્યાં, શ્રીકૃષ્ણ પ્રભુનાં કરતા જી રે.
શ્રીકૃષ્ણ પ્રભુતો અક્રૂરજીને, હસ્તિનાપુર મોકલતા જી રે,
કુંતી પાંડવ પાંચાલીને, સાંત્વન અક્રૂર દેતા જી રે.
વૃતાંત હસ્તિનાપુરનો, હરિને અક્રૂર આપે જી રે,
દશમ્ સ્કંધ–પૂર્વાર્ધ તણી ત્યાં, કથા પૂર્ણ થાયે જી રે.
ભાવે ભજે જે જન ધોળ ગાય તે, મનવાંછીત ફળ પામે જી રે,
કુસુમાયુધના ગર્વ હરંતા, શ્રીકૃષ્ણચરણ પ્રીત પામે જી રે.

—ક્રમશઃ

પુસ્તક પરિચય

૧. સુબોધિની–તામસ પ્રકરણ : રચયિતા–શ્રીમદ્‌વલ્લભાચાર્યજી અનુવાદ–શ્રી જેઠાલાલ ગો. શાહ પ્રકાશક–શ્રીજયદેવ ચેરીટેબલ ટ્રસ્ટ, વિરમગામ પ્રાપ્તિસ્થાન : શ્રીકનુભાઈ મોદી ૨૭/બી, પુષ્પાપાર્ક, બોરીવલી વેસ્ટ, મુંબઈ–૪૦૦૦૯૨. ફોન.૮૯૮૩૧૨૨

આઠ પેઈજી ડેમીસાઈઝ પૃષ્ઠ ૪૯૦+૧૨=૫૦૨. સેક્સન સિલાઈ. યુગલસ્વરૂપનું દર્શનીય બહુરંગી ચિત્રજીવાળું પાકું પુંઠું. કિંમત રાજ–સંસ્કરણ રૂ.૨૦૦/– સાધારણ સંસ્કરણ રૂ.૧૨૦/– પહેલી જાન્યુઆરીથી કિંમત રાજ–સંસ્કરણ રૂ.૨૨૦/– સાધારણ સંસ્કરણ રૂ.૧૨૦/–

શ્રીમહાપ્રભુજીએ રચેલ પુષ્ટિસાહિત્યમાં સુબોધિનીજીનું અનેરૂ સ્થાન છે. શ્રીમદ્ ભાગવતનો દશમ સ્કંધ સુબોધિની. શ્રીમહાપ્રભુજીએ પ્રગટ ન કરી હોત તો સમજવો અઘરો બની જાત. શ્રીસુબોધિનીજી વાંચવી અને સમજવી અઘરી છે. પરંતુ પુષ્ટિસાહિત્યના ચાહકોએ તેને સરળ રીતે સમજાવવા અવારનવાર પ્રયાસ કરેલ છે. તેવો જ એક સફળ પ્રયાસ આ પુસ્તકમાં થયેલ છે.

આ પુસ્તકમાં દશમ સ્કંધના તામસ ફલ પ્રકરણના અધ્યાય ૨૬ થી ૩૨ નો સમાવેશ કરવામાં આવેલ છે. દરેક અધ્યાયમાં મૂળ શ્લોક, તેનો ગુજરાતી અનુવાદ, શ્રીસુબોધિનીજીમાં આપેલ વિસ્તૃત અર્થ અને વિવેચન સુંદર રીતે ગુજરાતીમાં સમજાવવામાં આવેલ છે. રાસપંચાધ્યાયીનો ગૂઢાર્થ સમજાવવામાં લેખકોએ સરળ સફળ પ્રયાસ કરેલ છે.

સુબોધિનીજીના ચાહકો, પુષ્ટિસાહિત્યના પ્રેમીઓએ અવારનવાર વાંચવા અને માણવાલાયક અમૂલ્ય પુસ્તક.

૨. મિલેનીયમ–૨૦૦૦ : પ્રકાશક–શ્રીમતી ઉષાબેન વી. શેઠ શ્રીજી એસ્ટ્રો કોમ્પ સર્વીસ, ૪૧૦/એ, સિદ્ધાર્થ કોમ્પલેક્ષ ચોથો માળ, એક્સપ્રેસ હોટલ પાસે, આર. સી. દત્ત રોડ, વડોદરા– ૩૯૦૦૦૭. કિંમત રૂ.૧૦૦/–

આજના યુગમાં સુયોગ્ય જીવન સાથીની પસંદગી એ માતા–પિતા, વાલી અને યૌવનધન માટે સૌથી મોટો ચિંતાનો વિષય છે. જ્ઞાતિમાં વિચારસરણી પ્રમાણે પાત્ર ન મળે તો જ્ઞાતિ બહાર જવું પડે. શિક્ષણનું મહત્વ વધતા જ જ્ઞાતિનું મહત્વ ઘટયું છે. સમાજ મહાન છે. વ્યક્તિ કે જ્ઞાતિ મહાન નથી. સમસ્ત વૈષ્ણવ પરિવારનો સમાજ ‘પુષ્ટિ સમાજ’ છે. વૈષ્ણવ પરિવારના યુવક–યુવતિઓ પરસ્પર ઈચ્છિત દાંપત્યનું વરણ કરે એજ સર્વોત્તમ પ્રકાર છે.

આમ ‘પુષ્ટિ સમાજ’ની ભાવના દઢ થાય એવા શુભ યૌવનધનની ચિંતા દૂર થાય અને વ્યાપક પસંદગીનું ક્ષેત્ર મળે એ માટે અપરિણિત વૈષ્ણવ યુવક–યુવતીઓના સંપૂર્ણ બાયોડેટા તથા ફોટા સાથે માહિતી પુસ્તિકા મિલેનીયમ–૨૦૦૦ પ્રગટ કરવામાં આવી છે. ૬૯૪ યુવક યુવતિની માહિતી તથા જન્માક્ષર પણ આપવામાં આવેલ છે.

સમાચાર

શ્રીમહાપ્રભુજીનો પ્રાકટય ઉત્સવ :

☐ **પોરબંદર:** શ્રીવૃજનિધિ સોશ્યલ ગૃપ દ્વારા ત્રિદિવસીય કાર્યક્રમનું આયોજન કરેલ હતું. શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો ૫૨૩ મો પ્રાકટય ઉત્સવ ધામધૂમથી ઉજવાયો. તા.૨૮–૪–૨૦૦૦ તથા ૨૯–૪–૨૦૦૦ બે દિવસ પૂ.પા.ગો.શ્રીરસિકરાયજી મહારાજની પુષ્ટિમાર્ગના પાયાના સિદ્ધાંતો ઉપર શિબિર યોજવામાં આવી હતી. તા.૩૦–૪–૨૦૦૦ ના રોજ સાંધાના દર્દીઓ માટે કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેનું ઉદ્‌ઘાટન પૂ.પા.ગો.શ્રીવસંતકુમારજીએ કર્યું હતું. પૂ.પા.ગો.બાલકોની ઉપસ્થિતિ સાથે વિશાળ વૈષ્ણવ સમુદાય સાથે શોભાયાત્રા નગરમાં શ્રીવલ્લભાચાર્યના જયજયકાર સાથે નિકળી હતી. શોભાયાત્રા ધર્મસભાના રૂપમાં ફેરવાઈ હતી અને તેનું અધ્યક્ષસ્થાન પૂ.પા.ગો.શ્રીશરદકુમારજી મહારાજશ્રીએ સંભાળ્યું હતું. ગો.આચાર્યઓએ વચનામૃત કર્યા હતા.

☐ **ગાંધીધામ–કચ્છ–ભૂજ :** પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રીની (કડી–અમદાવાદ) અધ્યક્ષતામાં શ્રીમહાપ્રભુજીનો પ્રાકટય ઉત્સવ ધામધૂમથી ઉજવાયો હતો.

☐ **નાગપુર :** પૂ.પા.ગો.શ્રીજયદેવલાલજી (કડી–અમદાવાદ) શ્રીમહાપ્રભુજીના જયંતિ ઉત્સવ નિમિત્તે પધાર્યા હતા. શ્રીવલ્લભ યુવામંડળ દ્વારા ઉત્સવનું આયોજન કર્યું હતું અને વિવિધ કાર્યક્રમો યોજ્યા હતા. શહેરમાં ભવ્ય શોભાયાત્રા નિકળી હતી. પૂ.પા.ગો.શ્રીજયદેવલાલજીએ સુંદર વચનામૃત કર્યા હતા.

☐ **અમદાવાદ :** વૈષ્ણવ સમાજ નારણપુરા તરફથી શ્રીમદ્‌વલ્લભાચાર્યજીના પ્રાકટય ઉત્સવનું આયોજન કરેલ હતું. પૂ.પા.ગો.શ્રીવૃજેશકુમારની અધ્યક્ષતામાં ઉત્સવ ધામધૂમથી ઉજવાયો. શોભાયાત્રામાં આપશ્રી તથા પૂ.પા.ગો.શ્રીયદુનાથજી વૈષ્ણવો સાથે જોડાયા હતા, આપશ્રીએ વચનામૃત દ્વારા દિવ્ય જીવન વિશે સમજાવ્યું હતું.

☐ **કલોલ :** શ્રીમહાપ્રભુજીના પ્રાકટય ઉત્સવ નિમિત્તે નગરમાં શોભાયાત્રા નિકળી હતી. યુવાનોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. શ્રીગોવર્ધનનાથજીના મંદિરમાં પૂ.પા.ગો.શ્રીયદુનાથજીના વચનામૃત થયા હતા.

☐ **જેસલમેર :** પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી મહોદય (કડી–અમદાવાદ) અત્રે પધાર્યા ત્યારે વૈષ્ણવોએ ઉત્સાહથી આપશ્રીનું ભવ્ય સ્વાગત કર્યું હતું. રાજસ્થાનના સરહદી વિસ્તાર જેસલમેરમાં શ્રીહરિરાયજીની બેઠક છે.

☐ **વલ્લભવિદ્યાનગર :** પંચમ પીઠાધીશ્વર શ્રીવલ્લભલાલજી મહારાજશ્રી (કામવન) દ્વારા પૂ.પા. (નિ.લી) શ્રીગિરધરલાલજી મહારાજશ્રીની સુવર્ણ જયંતીના વર્ષના અનુસંધાને શ્રીમદ્ ભાગવત સપ્તાહ યોજાઈ હતી. કિર્તનો સંપુટનું વિમોચન આપશ્રીના હસ્તે યોજાયું હતું. સપ્તાહમાં વ્યાસપીઠ ઉપર પૂ.શ્રીજીતેન્દ્ર શાસ્ત્રીજી હતા. પૂ.પા.ગો.શ્રીરઘુનાથલાલજી, પૂ.પા.ગો.શ્રીકનૈયાલાલજી (સૂરત), પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી (સૂરત), તથા પૂ.પા.ગો. શ્રીવલ્લભલાલજી (પંચમ પીઠાધીશ્વરના) વચનામૃતોનો લાભ વૈષ્ણવોને મળ્યો હતો.

☐☐ સંસ્કારબોધ પરીક્ષા ☐☐

પૂ.પા.ગો.શ્રીવૃજેશકુમારજીની ષષ્ઠીપૂર્તિ મહોત્સવ નિમિત્તે સુસંસ્કારનું સિંચન કરવાના ભારતીય

સંસ્કૃતિની જાણકારી મેળવવાના તથા વ્યસનથી મુક્ત થઈ પ્રભુભક્તિ તરફ વિદ્યાર્થીઓને પ્રેરવાના શુભ આશયથી પૂ.પા.ગો.શ્રી ડૉ.વાગીશકુમારજી મહોદય દ્વારા 'સંસ્કારબોધ પરીક્ષા'નો પ્રારંભ ૧૯૯૯ માં કરવામાં આવ્યો હતો. પ્રથમ પરીક્ષામાં ૮૦૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા.

દ્વિતીય વર્ષની સંસ્કારબોધની પરીક્ષા તા.૧૩–૮–૨૦૦૦ ના રોજ જે તે કેન્દ્ર પર લેવામાં આવશે. વિશેષ માહિતી માટે નીચે મુજબ સરનામા ઉપર સંપર્ક કરવો.

સંસ્કાર બોધ પરીક્ષા શ્રીબેઠક મંદિક, કેવડાબાગ, મદન ઝાંપા રોડ, વડોદરા–૩૯૦૦૦૧.

❑ **મણીનગર (અમદાવાદ) :** શ્રીયમુનાજીની હવેલીના રજત જયંતિ વર્ષના અનુસંધાનમાં પૂ.નિરંજનપ્રસાદ શાસ્ત્રીજી (ઉમરેઠ)ના વ્યાસપદે ષોડશગ્રંથ સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂ.કે.કા.શાસ્ત્રી, પ્રફુલચંદ્ર શાસ્ત્રી, શ્રીલાલજી, વિણાબેન શેઠે પ્રવચન કર્યા હતા.

❑ **મદ્રાસ :** શ્રીવલ્લભાચાર્ય વિદ્યાસભા સંચાલીત કોલા સરસ્વતી હાયર સેકન્ડરી સ્કુલની રજત જયંતી વર્ષ પૂ.પા.ગો. શ્રીમથુરેશ્વરજી (વડોદરા)ની અધ્યક્ષતામાં 'શ્રીનારદ ગાન સભા' હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવેલ. આ પ્રસંગે 'શ્રીકૃષ્ણ માહાત્મ્ય'ની નૃત્ય નાટીકા શાળાના વિદ્યાર્થીઓએ રજુ કરેલ. આચાર્યશ્રીનાં આશીર્વચનનો લાભ સર્વે વૈષ્ણવોએ પ્રાપ્ત કરેલ.

શ્રીશુદ્ધાદ્વૈત વૈષ્ણવ મહાસભા મદ્રાસનાં ગોલ્ડન જ્યુબેલી ટ્રસ્ટ સંચાલીત સેકન્ડરી સ્કુલના નવા ભવનનું ઉદઘાટન ગો.શ્રીમથુરેશ્વરજી મહોદયનાં હસ્તે થયેલ.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો પ્રાકટય મહોત્સવ મદ્રાસ મુકામે વલ્લભ નિકેતનમાં ધામધૂમથી ઉજવાયો. શોભાયાત્રા વધાઈ–કીર્તન પ્રસાદ વિતરણ થયો. તેમજ તિરૂપતી બાલાજીમાં ગો.શ્રીપ્રભુજી મહોદયની અધ્યક્ષતામાં પ્રાકટય મહોત્સવ ઉજવવામાં આવેલ. મદ્રાસથી પણ વિશાળ પ્રમાણમાં વૈષ્ણવો ઉપસ્થીત રહેલ. બેઠકજીમાં 'કુનવારા' મનોરથ સાથે વિવિધ મનોરથ દર્શનનો વૈષ્ણવોએ લાભ પ્રાપ્ત કરેલ. ૨૬–૪ થી ૪–૫ સુધી આપશ્રીનાં વચનામૃતોનો કાર્યક્રમ સાથે રાજકોટનાં ચંપકભાઈ શાસ્ત્રીએ વૈષ્ણવ વાર્તા સત્ર દરમ્યાન વિવેચન કરેલ.

❑❑ દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં વૈષ્ણવ પરિષદ દ્વારા રાહત કાર્યો ❑❑

દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં આં.પૂ.વૈ.પરિષદ–ગુજરાત પ્રદેશ તરફથી થઈ રહેલા અને થનારા સેવાકીય કાર્યો અંગે સંગઠન મંત્રી અત્રે એક પ્રેસ નિવેદનમાં જણાવે છે.

(૧) દાહોદ પાસે ગાંગરડી નજીક ભરસડા તળાવ પર એક મહિના પહેલા અને ૧૫ દિવસ પહેલા બે શ્રીવલ્લભ નિરણકેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. પાસે પાસેના ગામોના હજારો ખેડૂતો તેનો લાભ લઈ રહ્યા છે.

(૨) પાકિસ્તાનની સરહદ પાસે વાવ–થરાદથી દૂર કુંભરડી ખાતે ૧૪મી મે ના રોજ શ્રીવલ્લભ કેટલ કેમ્પ ભણસાલી ટ્રસ્ટના સહયોગથી શરૂ કરવામાં આવ્યો છે. તેમાં લગભગ ત્રણસો ઉપરાંત પશુઓને લાભ મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી. બીજો કેટલ કેમ્પ નિલકંઠ મહાદેવ પાસે શરૂ કરવામાં આવી રહ્યો છે.

(૩) બાલાશીનોરના પરિષદના કાર્યકરો ગામડામાં સર્વે કરીને ઘાસની ટ્રકો લઈ જાય છે. દરેક ખેડૂતના ઘરે

ઘાસના પુરાનું વિતરણ કરે છે. ૫ ટ્રક ઘાસનું વિતરણ કરવામાં આવ્યું. હજુ ૫ થી ૭ ટ્રક ઘાસનું વિતરણ વરસાદ આવે ત્યાં સુધીની વ્યવસ્થા બનાવી છે.

(૪) મોડાસા પાસે મેઘરજ નજદીક કસાણા અને સીસોદરા ખાતેના આશ્રમો દ્વારા લગભગ ૫૦૦ ખેડૂતોને પાંચ ટ્રક ઘાસનું વિતરણ ૧ લી જૂનના રોજ થશે. લગભગ ચાલીસ ગામના ખેડૂતોને તેનો લાભ આપવામાં આવશે.

(૫) સૌરાષ્ટ્રમાં પાણીની તંગીતે લઈને પીવાના પાણી માટે પરિષદ તરફથી લગભગ ત્રણેક યમુના જલધારા બનાવવાની યોજના કરવામાં આવી છે.

☐ **બોરીયાવી :** વૈષ્ણવ પરિષદના ઉપક્રમે સુર્યકાન્ત કે. શાહના સહકારથી ગુજરાતના અછતગ્રસ્ત વિસ્તાર ગાંગરડી–કસાણા–સીસોદરા–બાલાશીનોર વિસ્તારમાં અછતગ્રસ્ત ગામડાઓમાં ૫૦૦૦૦ પચાસ હજાર કિલો ઘાસ વિતરણ કરવામાં આવ્યું એમ વૈષ્ણવ પરિષદની યાદી જણાવે છે.

☐ **ધોરાજી :** આં.રા.પુ.વૈ.પરિષદ ધોરાજી શાખા દ્વારા દિનાંક ૨૧–૫–૨૦૦૦ થી ૧–૬–૨૦૦૦ સુધી ૧૧ દિવસીય ભગવદ્ વાર્તા સત્રનું આયોજન કરવામાં આવ્યું. આ વાર્તા સપ્તાહમાં જાણીતા પુષ્ટિમાર્ગીય વિદ્વાન પ.ભ. શ્રીબાબુભાઈ નાયક તથા કિરણબેન દ્વારા શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધના ૪૬–૪૭ અધ્યાયોનાં ભ્રમરગીત ઉપર તેમજ શ્રીમહાપ્રભુજી વિરચિત સિદ્ધાંત મુક્તાવલી ઉપર તેમજ ૮૪–૨૫૨ વૈષ્ણવ ભગવદ્ ભક્તોના દાખલા દલીલ સાથેસુંદર રસસભર શૈલીમાં વિવેચન કરી શ્રોતાઓને ભાવમય રસ તરબોળ કરી દીધેલ. નિત્ય સત્સંગનો સમય સાંજે ૪ થી ૮ નો રહેતો. આ સત્સંગ સત્રમાં ધોરાજીનાં વૈષ્ણવો ઉપરાંત જેતપુર–જુનાગઢ તથા આસપાસના ગ્રામ્યવિસ્તારનાં વૈષ્ણવો તથા આગેવાનોએ ઉપસ્થિત રહી ભગવદ્ રસનું પાન કરેલ. આ આયોજનમાં ધોરાજીનાં પટેલ દેવરાજ ડાયાભાઈનો સારો એવો સહયોગ પ્રાપ્ત કરેલ તેમજ ધોરાજી શાખાના પદાધીકારીઓએ સારી જહેમત ઉઠાવેલ.

☐ **કેશોદ – જુનાગઢ :** દિનાંક ૨૨–૫–૨૦૦૦ ના રોજ કેશોદ મુકામે પ.ભ. શ્રીબાબુભાઈ નાયક તથા કિરણબેન શાહનાં શ્રીદામોદરલાલજી હવેલી–કેશોદમાં તથા જાણીતા પ.ભ. શ્રીલાલજીભાઈ મરજાદીના નિવાસસ્થાને સત્સંગનું આયોજન કરવામાં આવેલ. વક્તાઓએ બ્રહ્મસંબંધ એટલે શું ? તનુ–વિત્તજા સેવા–શ્રીહરિરાયજી કૃત ભાવસાધક બાધકગ્રંથ–સેવામાં સાવધાની–વિગેરે ઉપર સુંદર મનનીય વક્તવ્ય આપી વૈષ્ણવોને માર્ગદર્શીત કરેલ.

આ પ્રકારે જૂનાગઢમાં પણ અરજણભાઈ વૈષ્ણવના આગ્રહથી ૩૧–૫–૨૦૦૦ ના દિને સત્સંગ સભાનું આયોજન કરવામાં આવેલ.

☐☐ ગુજરાત વ્યાપી શ્રીવલ્લભ વકતૃત્વની અંતિમ સ્પર્ધા ☐☐

આં.પુ.વૈ. પરિષદ ગુજરાત પ્રદેશ તરફથી અને સંપ્રદાયના ટ્રસ્ટોનાં સૌજન્યથી દર વર્ષે યોજવામાં આવતી ગુજરાત વ્યાપી શ્રીવલ્લભ વક્તૃત્વ સ્પર્ધાની દરેક શાખાના પ્રથમ વિજેતાઓની અંતિમ સ્પર્ધા વડોદરા ખાતે ૧૬ મી જુલાઈને રવિવારે સવારમાં ૯–૩૦ વાગ્યે શ્રીવલ્લભ ફાઉન્ડેશન ટ્રસ્ટના સહયોગથી–માંજલપુર શ્રીવ્રજધામ ખાતે યોજવામાં આવી છે એ પ્રકારે પરિષદની એક અખબારી યાદી જણાવે છે.

અષાડ વદ ૯ તા. ૨૫–૭–૨૦૦૦ મંગળવાર: ગો.ચિ.શ્રીકન્હૈયાલાલજી બાવાશ્રી (ગોકુલ–કામવન–વિરમગામ)નો જન્મદિન.

અષાડ વદ ૧૦ તા. ૨૬–૭–૨૦૦૦ બુધવાર: શ્રીનાથજીનો હાંડી ઉત્સવ (સં.૧૭૬૩)

અષાડ વદ ૧૧ તા. ૨૭–૭–૨૦૦૦ ગુરૂવાર: કામિકા એકાદશી વ્રત. ગો.શ્રીબાલકૃષ્ણલાલજી મહારાજ (સુરત) તથા ગો.ચિ.શ્રીવ્રજેન્દ્રકુમારજી બાવાશ્રી (મુંબઈ–બોરીવલી–જામખંભાળીયા–જૂનાગઢ)નો જન્મદિન.

અષાડ વદ ૧૩ તા. ૨૯–૭–૨૦૦૦ શનિવાર: ગો.શ્રીકલ્યાણરાયજી મહારાજશ્રી (શ્રીનાથદ્વારા–દ્વિતીયગૃહ)નો જન્મદિન.

અષાડ વદ ૧૪ તા. ૩૦–૭–૨૦૦૦ રવિવાર: ગો.શ્રીશરદકુમારજી મહારાજશ્રી (મુંબઈ–વેરાવળ–પોરબંદર)નો જન્મદિન.

અષાડ વદ ૩૦ (અમાસ) તા. ૩૧–૭–૨૦૦૦ સોમવાર: સોમવતી અમાસ. હરિયાળી અમાસ. દીપ–પૂજા–દિવાસો જાગરણ. ગો.ચિ.શ્રીરાજીવલોચનજી (મુંબઈ–ધોરાજી)નો તથા ગો.ચિ.મનમોહનજી (મુંબઈ–ચેન્નાઈ)નો જન્મદિન. (એકમનો ક્ષય છે તેથી આજે)

શ્રાવણ સુદ ૨ તા. ૧–૮–૨૦૦૦ મંગળવાર: ગો.ચિ. મધુસૂદનલાલજી (શ્રીરુચિરબાવાશ્રી) (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ) તથા ગો.ચિ.શ્રીરસિકરાયજી (ચાંપાનેસી–જામનગર–જુનાગઢ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૩ તા. ૨–૮–૨૦૦૦ બુધવાર: ઠકુરાણી ત્રીજ, મધુશ્રવા તૃતીયા. ગો.ચિ.શ્રીલાડિલેશજી (વેરાવળ–પોરબંદર)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૫ તા. ૪–૮–૨૦૦૦ શુક્રવાર: નાગપંચમી. શ્રીજીની ઉર્ધ્વભુજાના દર્શન (ડાબી ભુજા સં.૧૪૬૫)

શ્રાવણ સુદ ૭ તા. ૬–૮–૨૦૦૦ રવિવાર: ગો.શ્રીત્રિલોકીભૂષણલાલજી મહારાજ (કોટા–કડી–કલકત્તા)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૯ તા. ૮–૮–૨૦૦૦ મંગળવાર: ગો.ચિ. શ્રીપ્રભુજી બાવાશ્રી (કોટા–મુંબઈ–જતિપુરા)નો જન્મદિન. બગીચા નોમ. નિ.લી.ગો.તિલકાયત શ્રીગોવિંદલાલજી મહારાજ કૃત સાતસ્વરૂપનો ઉત્સવ.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી
૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ.ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.
૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહનો જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી–મુંબઈ)

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-07-2000.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.આ.નં.૧૫૪
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન.

સતસૈયા

૨. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

ગોકુલ વૃંદાવન લેહુ મોપેં,
જ્યુગજીવન !
પલટેં મોકોં દેહુ ફિર,
ગોકુલ વૃંદાવન (૨૪)

ટીકા : હે જગજીવન ! કહેતાં જગતનાં જીવનરૂપ શ્રીકૃષ્ણજી ! મારી પાસેથી તમે ગોકુલ અને વૃંદાવન લ્યો. કહેતાં ગોકુલ ને ગો જે ઈન્દ્રિયો તેનુ કુલ જે યુથ તે તમે લ્યો કહેતાં અંગીકાર કરો. એટલે કે મારું મુખ તમારા ગુણ તથા નામ–સ્મરણ કરે ને નેત્ર તમારું જ રૂપ નિરખે, શ્રવણ તમારા જ યશ સાંભળે ને નાસિકા તમારી જ પ્રસાદી તુલસી પુષ્પની સુગંધી ગ્રહણ કરે, ને હસ્ત તમારી જ સેવાની કૃતિ કરે. ચરણ તમારા દર્શને દોડે ને મન તમારાજ સ્વરૂપનું ધ્યાન કરે. એમ સર્વ ઈન્દ્રિયો આપ પ્રત્યે પ્રવર્તે એ અંગીકારનું લક્ષણ, ને વૃંદાવન લ્યો, એટલે 'વૃંદા' તુલસીદલ ને 'વન'–જલ. એટલે હું જીવ રંક છું તે બીજી મનુહાર તો ક્યાંથી બને. પણ એક જલની લોટી ને તુલસી પત્ર મારું લ્યો–અંગીકાર કરો.

તમે કૃપાળુ છો તે પ્રસન્ન થઈને તેને બદલે પાછું ફરીને તમારું શ્રીગોકુલ ને વૃંદાવન મને દ્યો કહેતા પ્રાપ્તિ કરાવો. ૨૪

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **'શ્રી વલ્લભસુધા'**
તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મુદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ. રાજકોટ–૨. ફોન: ૭૬૨૧૩૮
કોમ્પ્યુટરાઈઝ્ડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. ફોન : ૨૪૦૫૪૧.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલીત

શ્રીવલ્લભસુધા





વચનસુધા

આ જાતની વૈષ્ણવના અંદર એક આત્મ શક્તિ હોવી જોઈએ. અને અમારૂં (આપણું) જીવન જ્યારે ‘‘દૈહિકમ્ કર્મ નિખીલં પ્રભુ સેવોપયોગીનામ્’’ છે ત્યારે હ્યુમેનીટી (માનવતા) અને શોશ્યલવર્ક (સમાજસેવા) કશું જ નથી. ‘‘સબ લીલા યહ કરત કન્હાઈ’’ આ માનીને આપણું જે છે કર્તવ્યનો નિર્ધાર કરવો છે. એ ભક્તો વર્તમાનમાં જીવ્યા છે. આપણે પણ એ જીવન સ્વિકાર કરીએ અને એવી રીતે? જેમ ફળની રક્ષા માટે બીજાં કંઈ કાંટાની વાડ લગાડવી પડે તેમ ભલે કંઈ આપણે કરવું પડે, તે પણ અહંકારની બુદ્ધિથી નહીં, નમ્રતાની બુદ્ધિથી. કારણ કે દાન કોઈના ઉપર ઉપકાર કરવા માટે ભારતમાં કરવામાં આવતું નથી. આત્મકલ્યાણ માટે કરવામાં આવે છે. મરતી વખતે જો ગાયનું પુંછડું પકડીને દાન કરાવો તો, લે ! આ બ્રાહ્મણને ગાય આપી– બ્રાહ્મણને નથી, તમે બૂડી ન મરો (નર્કમાં) તેને માટે તમે સાવચેતી વાપરી છે. વ્હાય યુ ઓન ધીસ ઓબ્લીગેશન ટુ અસ, નો! એટલે આ જાતની પરંપરા મૌલિક છે, એ જો એક ઉદેશના રૂપે જો સચવાઈ હોત તો હું માનું છું કે આપણા આચાર્યો પણ આ આખા ભારતમાં સારી રીતે પ્રચાર કરી શકત એને પણ મુંઝવણ ના આવત.

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ, શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા–૨ પૃષ્ઠ–૩૩–૩૪)

વર્ષ : ૧૯ **અંક : ૫**
વિક્રમ સંવત : ૨૦૫૬ **શ્રીવલ્લભાબ્દ : ૫૨૩** **ઓગસ્ટ, ૨૦૦૦**

વાર્ષિક લવાજમ
રૂ.૪૦/–
આજીવન લવાજમ
રૂ.૫૦૧/–

‘‘શ્રીવલ્લભસુધા’’ કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

આ માસના ઉત્સવ

શ્રાવણ સુદ ૧૦ તા. ૯–૮–૨૦૦૦ બુધવારઃ શ્રીકલ્યાણરાયજી (વડોદરા)નો પાટોત્સવ

શ્રાવણ સુદ ૧૧ તા. ૧૦–૮–૨૦૦૦ ગુરૂવારઃ પવિત્રા એકાદશી (પુત્રદા) એકાદશી વ્રત. પવિત્રા શૃંગાર તથા ગ્વાલમાં ધરવા. નિ.લી.ગો.શ્રીગોવિન્દલાલજી મહારાજ દ્વારા સાતે સ્વરૂપને પણ આજ દિવસે પવિત્રા ધરાવવાનો ઉત્સવ. ગો.ચિ.શ્રીગિરિધરલાલજી બાવાશ્રી (મુંબઈ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૨ તા. ૧૧–૮–૨૦૦૦ શુક્રવારઃ પવિત્રા બારસ. ગુરૂને પવિત્રા ધરાવવા. ગો.શ્રીમધુરેશકુમારજી મહારાજ (મથુરા–પોરબંદર)નો તથા ગો.ચિ.શ્રીગોકુલેશબાવાશ્રી (મુંબઈ–બોરીવલી–જામખંભાળીયા–જુનાગઢ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૫ તા. ૧૫–૮–૨૦૦૦ મંગળવારઃ નાંળીયેરી પૂનમ. રક્ષાબંધન. સવારે શૃંગાર અને ગ્વાલમાં ૧૦–૪૩ કલાક પૂર્વે શુક્લ–યજુર્વેદ–અર્થવ–તૈત્તરીય શ્રાવણી.

શ્રાવણ વદ ૨ તા. ૧૭–૮–૨૦૦૦ ગુરૂવારઃ હિંડોળા વિજય.

શ્રાવણ વદ ૩ તા. ૧૮–૮–૨૦૦૦ શુક્રવારઃ કજ્જલી ત્રીજ. ગો.શ્રીદાનીરાયજી મહારાજશ્રી (મુંબઈ– બોરીવલી– જામખંભાળીયા–જુનાગઢ)નો જન્મદિન. ગો.ચિ. શ્રીગોપાલલાલજી બાવાશ્રી (કામવન)નો તથા ગો.ચિ.શ્રીગિરિધરલાલજી બાવાશ્રી (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો જન્મદિન.

શ્રાવણ વદ ૭ તા. ૨૨–૮–૨૦૦૦ મંગળવારઃ શયનમાં છઠ્ઠીનો ઉત્સવ. વિષ્ણુસ્વામી પ્રાકટ્ય ઉત્સવ.

શ્રાવણ વદ ૮ તા. ૨૩–૮–૨૦૦૦ બુધવારઃ શ્રીકૃષ્ણ પ્રાદુર્ભાવ ઉત્સવ. જન્માષ્ટમી વ્રત. ગો.ચિ.શ્રીગોકુલેશજી (વિરમગામ–અમદાવાદ)નો જન્મદિન.

શ્રાવણ વદ ૯ તા. ૨૪–૮–૨૦૦૦ ગુરૂવારઃ શ્રીનંદમહોત્સવ.

શ્રાવણ વદ ૧૦ તા. ૨૫–૮–૨૦૦૦ શુક્રવારઃ આજથી અમાસ સુધી બાલલીલાના પદ બોલાય. ગો.શ્રીકન્હૈયાલાલજી બાવાશ્રી (વિરમગામ–અમદાવાદ)નો જન્મદિન. (એકાદશીનો ક્ષય હોવાથી આજે)

શ્રાવણ વદ ૧૨ તા. ૨૬–૮–૨૦૦૦ શનિવારઃ અજા એકાદશી વ્રત. શ્રીરણછોડજી (ડાકોર)ના પલના વિજય. દ્વાપર યુગાદિ. ચિ.ગો.શ્રીહરિરાયજી બાવાશ્રી (કોટા)નો જન્મદિન.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

વર્ષ : ૧૯ અંક : ૫ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૩ ☐ ઓગસ્ટ, ૨૦૦૦

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યુ સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

ચોરાશી અપરાધ

[પ્રાચીન હસ્તલિખીત પુસ્તકો તેમજ કેટલેક સ્થળે થી મુદ્રિત થયેલ પુસ્તકોમાં
ચોરાસી અપરાધ શીર્ષકના લેખ મળે છે. જે અત્રે પ્રગટ કરેલ છે.]

અપરાધ સાડત્રીસમો : 'માટી કે પાત્ર રસોઈ કરીકે રાખે નહીં'

પહેલાનાં સમયમાં માટીના ઠામ–વાસણ રસોઈમાં વપરાતા જેને હાંડી–હાંડલી, પાટીયો વગેરે કહેતા. આજના સમયમાં તો ક્યાંક જ માટીના વાસણનો રસોઈ કરવામાં ઉપયોગ થાય છે.

આવા રસોઈ કરવાના વાસણ, એકવાર રસોઈ કરીને કાઢી નંખાતા. (ત્યારે માટીના વાસણ ખૂબ સસ્તા હતા,– હાલ સુધી પણ વ્રજમાં કુરડા–માં દૂધ વગેરે પી ને ફોડી નંખાય છે) જ્યારે સામાન્ય લોકો એકજ હાંડલી–પાટીયો ઘણા વખત સુધી રસોઈ કરવામાં વાપરતા. જોકે તે અંદરના ભાગેથી સારી રીતે સાફ ન થઈ શકતાં હોવાથી, રસોઈના અંશો તેમાં ચોંટી રહેતા હોવાથી તે સડવાનો, વાસ આવવાનો સંભવ રહેતો. આવા કારણથી માટીના વાસણ રસોઈમાં એકજ વાર વાપરવાનું જણાવ્યું છે કેમકે અન્યથા–વાસ આવવી વગેરેથી સામગ્રી બગડતાં અપરાધ પડે.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાનાં ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લંભસુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રીવલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥
॥ શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

સંન્યાસ નિર્ણય

❑ **શ્રીમદ્ રઘુનાથજીએ રચેલું વિવરણ** ❑

❑ **ભાષાંતર : શ્રીબાબુભાઈ પી. નાયક– કડી** ❑

–ગતાંકથી ચાલુ

આ પ્રમાણે ભક્તિમાર્ગમાં પણ દોષ થવાની શંકા થાય તો તેના સમાધાન માટે કહે છે.

ભક્તિમાર્ગેઽપિ ચેદ્દોષસ્તદા કિં કાર્યમુચ્યતે ॥૧૭॥
અત્રારંભે ન નાશઃ સ્યાત્ દષ્ટાન્તસ્યાપ્યભાવતઃ ।
સ્વાસ્થ્યહેતોઃ પરિત્યાગાત્બોધઃ કેનાસ્ય સંભવેત્ ॥૧૮॥
હરિત્ર ન શક્નોતિ કર્તું બાધાં કુતોઽપરે ।
અન્યથા માતરો બાલાન્ન સ્તન્યૈઃ પુપુષુઃ ક્વચિત્ ॥૧૯॥

શબ્દાર્થઃ ભક્તિમાર્ગે–ભક્તિમાર્ગમાં; અપિ–પણ; ચેત્–જો; દોષઃ–દોષ (થતો હોય); તદા–ત્યારે; કિં–શું; કાર્યમ્–કરવું જોઈએ; ઉચ્યતે–તે કહીએ છીએ.– ૧૭

અત્ર–અહીં; આરંભે–શરૂઆતમાં; ન–નથી; નાશઃ–નાશ; સ્યાત્–થતો; દ્રષ્ટાંતસ્ય–દ્રષ્ટાંતનો; અપિ–પણ; અભાવતઃ–અભાવ છે; સ્વાસ્થ્યહેતોઃ–સ્વાસ્થ્યના પ્રયોજન માટે; પરિત્યાગાત્–ત્યાગ થતો હોવાથી; બાધઃ–વિઘ્ન; કેન–કોનાથી; અસ્ય–આનો; સંભવેત્–સંભવે?– ૧૮

હરિઃ–હરિ; અત્ર–અહીં; ન–નથી; શક્નોતિ–કરી શકતા; કર્તું–કરવા માટે; બાધામ્–વિઘ્ન; કુતઃ–ક્યાંથી; અપરે–બીજાઓ; અન્યથા–એમ ન હોય તો બીજી રીતે; માતરઃ–માતાઓ; બાલાન્–બાલકોને; સ્તન્યૈઃ–સ્તનપાન કરાવી; પુપુષુઃ–પોષણ કરવું; કવચિત્–કોઈ સ્થળે –૧૯

શ્લોકાર્થઃ ભક્તિમાર્ગમાં પણ જો ત્યાગ કરવાથી દોષ થતો હોય તો (ભક્તે) શું કરવું તે કહે છે–૧૭

અહીં (ભક્તિમાર્ગના) આરંભમાં નાશ નથી એવા કારણ કે દષ્ટાંતનો અભાવ છે. સ્વસ્થપણું કરાવનાર કારણોનો ત્યાગ થતો હોવાથી એનો નાશ કોનાથી સંભવે? અર્થાત્ કોણ કરી શકે? (કોઈ કરી શકે નહીં)–૧૮

(ભક્તિમાર્ગમાં) શ્રીહરિ પણ વિઘ્ન કરવા સમર્થ નથી. તો પછી બીજો કોણ (વિઘ્ન) કરી શકે? એ શક્ય ન હોય તો માતાઓએ બાળકોને સ્તનપાન કરાવીને કોઈ સ્થળે પોષણ ન કર્યુ હોત–૧૯

વિવરણઃ શ્રીમહાપ્રભુજીએ આગળના શ્લોકમાં સ્પષ્ટ આજ્ઞા કરી કે જ્ઞાનમાર્ગનો સંન્યાસ ગ્રહણ કરવો યોગ્ય નથી. હવે જો ભક્તિમાર્ગમાં પણ દોષનો સંભવ હોય તો તેમાંના દોષો દૂર

કરવા શું કરવું?—૧૭

ભક્તિમાર્ગના સંન્યાસમાં આરંભમાં નાશનો કોઈ સંભવ નથી, કરેલો પ્રયત્ન વ્યર્થ પણ જતો નથી, કોઈ વિઘ્ન પણ આવતું નથી કે કોઈ પ્રતિબંધ પણ નડતો નથી. તેથી ભગવાને જ કહ્યું છે કે:

નેહાભિક્રમનાશોસ્તિ પ્રત્યવાયો ન વિદ્યતે ।
સ્વલ્પમપ્યસ્ય ધર્મસ્ય ત્રાયતે મહતો ભયાત્ ॥ (ગી.૨—૪૦)

કર્મના બંધનો છોડાવે તેવા આ કર્મયોગનું અનુષ્ઠાન કરવામાં આવે તો કર્મના આરંભનો કે કર્મનો નાશ થતો નથી. તેમજ પ્રતિબંધ પણ નથી, કારણ કે નિષ્કામ કર્મયોગનું થોડું પણ અનુષ્ઠાન ભક્તને ક્યારેક મહાન ભયમાંથી છોડાવે છે.

શ્રીમદ્ ભાગવતમાં પણ છે કે: 'તથા ન માધવ તાવકાઃ ક્વચિદ્' હે માધવ! તારા (અંતરંગ) ભક્તો છે તેનો કદી નાશ થતો નથી' વગેરે વાક્યોથી આ સિદ્ધ થાય છે. આ વાત (નાશ થતો નથી તે) પહેલાં પણ કહેવાઈ ગઈ છે. કોઈ બીજી રીતે પણ નાશ થવાનો અભાવ છે, કારણ કે આવા ભક્તનો નાશ થયો હોય તેવા દૃષ્ટાંતનો પણ અભાવ છે. તેથી જ્ઞાનમાર્ગીય સંન્યાસની જેમ અહીં ત્યાગ કરનારનું પતન થવાની શંકા પણ નથી. ભક્તિરહિત જ્ઞાનમાર્ગીયનું પતન થાય છે તે સાંભળવામાં આવ્યું છે. શ્રીભાગવતમાં કહ્યું છે કે:

યેડન્યેડરવિન્દાક્ષ વિમુક્તમાનિનસ્ત્વય્યસ્તભાવાદવિશુદ્ધબુધ્ધયઃ ।
આરુહ્ય કૃચ્છ્રેણ પરં પદં તતઃ પતન્ત્યધોનાદતયુષ્મદંઘ્રય ॥ ઈતિ

હે અરવિંદાક્ષ! જે ભક્તો વિમુક્ત હોઈ તમારામાં ભાવ રાખનાર વિશુદ્ધ બુદ્ધિવાળા છે, તેઓ આપના પરમ પદને મહામુશ્કેલીથી પામીને પછી આપના ચરણોથી તેમનું પતન થાય એ સંભવ છે.

વળી વધારામાં અસિદ્ધ ભક્તના સ્વસ્થપણાના કારણે તેને ખેદ થાય, તો પણ જો તે ત્યાગ કરે તો તેને વિઘ્ન થવાની કોઈ શકયતા નથી. તે અંતઃકરણથી અને બાહ્ય રીતે પણ તે શુદ્ધ હેતુવાળો હોવાથી તેનું ઈચ્છિત ફળ તેને મળે છે. તેથી તેને વિઘ્ન થવાનો સંભવ નથી—૧૮

જે ભક્ત એક ભગવાનનો જ આશ્રય કરીને રહે છે તેને જો વિઘ્ન આવે તો ભગવાન તેનું રક્ષણ કરે છે જેમ માતા નાના બાળકને સ્તનપાન કરાવીને તેનું પોષણ ન કરે તે સંભવતું જ નથી. તેમ ભગવાન ભક્તને વિઘ્ન કરે તે સંભવતું નથી. (ભગવાન હરિ છે તે ભક્તોના વિઘ્ન દૂર કરનાર છે)—૧૯

[નાના બાળકને બધા ભયમાંથી બચાવનાર માતા પોતાના બાળકનું રક્ષણ કરતી હોય તો ભગવાન જે સર્વશક્તિમાન છે તે પોતાના અનન્ય ભક્તનું સર્વ રીતે રક્ષણ કરે છે. તેથી ભગવાનના ભક્તને કોઈ વિઘ્ન કરનાર નથી એમ નક્કી માનવું]

જેમ માતા બાળકનું પોષણ ન કરે એ અશક્ય છે તેમ ભગવાન ભક્તને વિઘ્ન કરે તે અશક્ય છે. એમ કહી નીચેના શ્લોકમાં જ્ઞાનમાર્ગનો બોધ કરી તાપનો નાશ થશે એવી શંકા થાય તેનું સમાધાન કરે છે.

'જ્ઞાનીનામપિ' વાક્યેન ન ભક્તં મોહયિષ્યતિ ।
આત્મપ્રદઃ પ્રિયશ્ચાપિ કિંમર્થ મોહયિષ્યતિ ॥ ૨૦ ॥

શબ્દાર્થઃ જ્ઞાનીનાં–જ્ઞાનીઓનાં; અપિ–પણ; વાક્યેન–વાક્યથી; ન–નહિં; ભક્તં–ભક્તને; મોહિષ્યતિ–મોહ કરશે; આત્મપ્રદઃ–સ્વરૂપનું દાન કરનાર; પ્રિયઃ–પ્રિય; ચ–અને; અપિ–વળી; કિંમર્થ–શા માટે; મોહયિષ્યતિ–મોહ કરે?

શ્લોકાર્થઃ જ્ઞાનીઓના વાક્યથી પણ પ્રભુ પોતાના ભક્તને મોહ કરશે નહીં. તો પછી પોતાના સ્વરૂપનું દાન કરનાર અને વળી પ્રિય એવા પ્રભુ શા માટે પોતાના ભક્તને મોહ કરે?–૨૦

વિવરણઃ જ્ઞાનમાર્ગની પ્રશંસા કરતા વાક્યોથી પણ જે ભક્ત ભગવાનના ભજનમાં (સેવામાં) પ્રવૃત્ત છે તેને જ્ઞાનમાર્ગમાં મોહ થતો નથી, કારણ ભક્તિમાર્ગ જ્ઞાનમાર્ગ કરતાં ઉત્કૃષ્ટ છે. ખરેખર! પ્રભુ કર્તું, અકર્તું અને અન્યથા કર્તું સમર્થ અને સ્વતંત્ર હોઈ કદાચ પોતાના ભક્તને જ્ઞાનમાર્ગમાં મોહ થાય તેવું કરે તો? કહે છે કે ના, પ્રભુ એમ કરે જ નહીં, કારણ કે પ્રભુ તો ભક્તિ કરનાર ભક્તને સ્વરૂપનું દાન કરનાર છે. પોતાનાં ભક્તને સ્વસ્વરૂપનું દાન કરે એવા હોવા ઉપરાંત ભક્તને વહાલા (પ્રિય)છે. તેથી કહ્યું છે કે : પ્રેષ્ઠો ભવાંસ્તનુભૃતાં કિલ બન્ધુરાત્મેતિ' હે પ્રભુ ! આપ તો દેહધારી ભક્તોના પ્રિય છો, એટલું જ નહીં પણ તેમના બન્ધુ અને આત્મા છો' 'અપિ' શબ્દથી એવું સૂચવે છે કે અજાણતાં પ્રભુ અભક્તોનું પણ પ્રિય ન કરે, તો પછી 'ચ' શબ્દથી એમ કહે છે કે પોતાના ભક્તનો કદી મોહ કરશે નહીં. આવા પોતાના ભક્તને મોહ કરવાનું કોઈ પણ કારણ હોય ખરું?

[માયા મોહ કરનારી છે. જ્ઞાની સાધનબળથી મોક્ષ ઈચ્છે છે. સાધનમાં અહંકારના અંકુરો હોય છે. એ અહંકારને કારણે જ્ઞાનીને માયા મોહ કરી શકે છે. જ્યારે ભક્તિ કરનાર પર પ્રભુની કૃપાનું બળ હોય છે એટલે ભક્તિ કરનાર પ્રભુને પ્રિય હોય છે. પ્રિય ભક્તને પ્રભુ પોતાનો આત્મા આપવા પણ તૈયાર હોય છે, કારણ કે ભગવાન ભક્ત પરાધીન છે એટલે ભગવાનની માયા ભક્તિ કરનાર ભક્તને મોહ શી રીતે કરે? અર્થાત્ ન જ કરી શકે.–૨૦]

હવે ઉપસંહાર કરતાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે.

તસ્માદુક્ત–પ્રકારેણ પરિત્યાગો વિધીયતામ્ ।
અન્યથા ભ્રશ્યતે સ્વાર્થાદિતિ મે નિશ્ચિતા મતિઃ ॥૨૧॥

શબ્દાર્થઃ તસ્માત્–તેથી; ઉક્તપ્રકારેણ–કહેલા પ્રકારથી; પરિત્યાગો–સંપૂર્ણ ત્યાગ; વિધીયતામ્–કરવો; અન્યથા–એમ ન કરે તો; ભ્રશ્યતે–ભ્રષ્ટ થાય; સ્વાર્થાત્–સ્વાર્થને કારણે; ઈતિ–એવો; મે–મારો; નિશ્ચિતા–નિશ્ચિત; મતિઃ–માન્યતા છે.

શ્લોકાર્થઃ તેથી ઉપર કહેલા પ્રકારથી ત્યાગ કરવો. જો એ રીતે ભક્ત ત્યાગ ન કરે તો તે સ્વાર્થથી ભ્રષ્ટ થાય છે. એવી મારી માન્યતા નક્કી છે.–૨૧

વિવરણઃ શ્રીમહાપ્રભુજી ઉપર પ્રમાણે કહેલા પ્રકારે ભક્તિમાર્ગમાં રહીને, વિરહના અનુભવને માટે ભક્તિમાર્ગીય ત્યાગ કરવાનું કહે છે. જો ભક્ત એમ ન કરે તો એટલે કે આ પ્રકારના

ત્યાગને છોડીને બીજા પ્રકારે ત્યાગ કરવા વિચારે તો તે સ્વાર્થથી ભ્રષ્ટ થાય છે. અર્થાત્ તેનું પતન થાય છે. તેથી ઉપર કહેલા પ્રકારે સંપૂર્ણ ત્યાગ કરવો એમ સંશય વગર મારી બુદ્ધિ માને છે. અથવા જો એ રીતે ત્યાગ કરવામાં આવશે તો તેને ઈચ્છિત ફલ પ્રાપ્ત થશે. તેનો અર્થ સિદ્ધ થશે.—૨૧

ઉપસંહારઃ કર્મમાર્ગની રીતે સંન્યાસ ગ્રહણ કરવો જરાપણ યોગ્ય નથી. જ્ઞાન પ્રાપ્ત કરવા વિવિદિષા સંન્યાસ ગ્રહણ કરવો પણ યોગ્ય નથી. જ્ઞાન પ્રાપ્ત થયા પછીનો સંન્યાસ વિદ્વત્ સંન્યાસ ગ્રહણ કરવો આ કલિયુગમાં કષ્ટસાધ્ય છે. એટલે સર્વ કાળમાં નિર્ભય તેવો ભક્તિમાર્ગીય સંન્યાસ ગ્રહણ કરવો યોગ્ય છે.

ભક્તિમાર્ગીય સંન્યાસના લક્ષણ વિહ્વળપણું અને અસ્વસ્થપણું છે. જ્ઞાનમાં વિહ્વળપણું કે અસ્વસ્થપણું છે જ નહીં. તેમાં પરમાનંદ સ્વરૂપની પ્રાપ્તિરૂપી સ્વાર્થથી તે ત્યાગમાં સંન્યાસથી ભ્રષ્ટ થવાનું જ થાય છે એમાં સંશય નથી. સત્યયુગમાં વિદ્વત્ સંન્યાસથી કલ્યાણ થવાનો સંભવ છે, તેમાં પણ સ્વરૂપની પ્રાપ્તિ તો થતી જ નથી. તેનું ફળ બ્રહ્મલોકની પ્રાપ્તિ છે. અને બ્રહ્માના મોક્ષ વખતે એટલે કે ઘણાં વર્ષોના અંતે તેનો મોક્ષ થાય છે.

માટે સર્વકાળમાં અબાધિત ભક્તિમાર્ગીય પરિત્યાગ શ્રેષ્ઠ છે. કૌંડિન્યઋષિની જેમ અને ગોપીજનોની જેમ પૂર્ણપુરૂષોત્તમને મળવાની ઈચ્છાએ ભક્તિમાર્ગીય સંન્યાસ જ ઉત્કૃષ્ટ અનેગ્રહણ કરવા યોગ્ય છે. તેમાં માત્ર વિરહનો અનુભવ થાય એ હેતુથી જ ત્યાગ કરવાનું કહ્યું છે. કોઈ બીજા પુરૂષાર્થની પ્રાપ્તિ માટે ત્યાગ કરવાનું કહ્યું નથી. તે નિસંશય છે—૨૧

ઈતિ કૃષ્ણપ્રસાદેન વલ્લભેન વિનિશ્ચિતમ્ ।
સંન્યાસવરણં ભક્તાવન્યથા પતિતો ભવેત્ ॥૨૨॥

શબ્દાર્થઃ ઈતિ—એ પ્રકારનો; કૃષ્ણપ્રસાદેન—ભગવાન શ્રીકૃષ્ણની કૃપાથી; વલ્લભેન—શ્રીમહાપ્રભુજીએ; વિનિશ્ચિતમ્—નિશ્ચય કરેલો છે; સંન્યાસવરણં—સંન્યાસનો અંગીકાર; ભક્તૌ—ભક્તિમાર્ગમાં; અન્યથા—બીજા પ્રકારથી; પતિતઃ—પતન; ભવેત્—થાય.

શ્લોકાર્થઃ આ પ્રકારે શ્રીમહાપ્રભુજીએ શ્રીકૃષ્ણ ભગવાનની કૃપાથી ભક્તિમાર્ગમાં સંન્યાસ ગ્રહણ કરવાનું સ્વીકાર્યુ છે. આ સિવાય બીજા પ્રકારે ભક્ત સંન્યાસ ગ્રહણ કરે તો તેનું પતન થાય છે.—૨૨

વિવરણઃ શ્રીકૃષ્ણની કૃપાથી શ્રીમહાપ્રભુજીએ ભક્તિમાર્ગમાં આવો સંન્યાસ અંગીકાર કરવાની આજ્ઞા કરી છે. એ પ્રકારનો કહેલો સંન્યાસ વિશેષ કરીને આપે નિશ્ચિત કરેલો છે. ભક્તિમાર્ગમાં પ્રવૃત્તિ કરનારે આ સિવાય બીજા પ્રકારથી એટલે કે જ્ઞાનમાર્ગની રીતે જો સંન્યાસ સ્વીકારે તો તેનું પતન થાય—૨૨

શ્રીઆચાર્યજીના ચરણાવિંદની રજને પ્રેમપૂર્વક સ્વીકારીને ભક્તિમાર્ગીય સંન્યાસ ગ્રહણ કરવાનું મેં સારી રીતે વિચાર્યું છે. ॥૧॥

કર્મથી, વાણીથી, પ્રાણોથી, પત્નીથી અને ધનથી હે વિઠ્ઠલેશ! હું આપનો છું. બીજા પ્રકારે કદી હું વિચારને લાયક નથી. ॥૨॥

ઈતિ શ્રીવલ્લભનંદનચરણોના આશ્રિત શ્રીરઘુનાથજીએ કરેલું સંન્યાસનિર્ણય ગ્રંથનું વિવરણ અહીં પુરૂ થાય છે.

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

જો દુઃખ થાયે હરિ સેવતાં તો તે સુધા સમું પ્રમાણો
વિષય ભોગવતાં સુખ છે તે વિષ સરખું સર્વ જાણો
જાણો જેમ ખસ ખણતા મીઠી, ક્ષણ પછી આગ ઉઠે અંગીઠી.
ઓસડ પિતા કટુ તુર્ત લાગે, રોગ ગયા પછી આનંદ જાગે.
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૭૫)

વિવેચન : આ ચંદ્રાવળામાં કવિશ્રી સુખ દુઃખની વ્યાખ્યા સમજાવે છે જે સુખ છે તે દુઃખ છે અને જે દુઃખ છે તે જ સુખ છે.

ભગવદ્‌ગીતા અ. ૧૮ શ્લોક ૩૭

યતડદગ્રે વિષમિવ પરિણમેડમૃતોષમમ્
તત્સુખં સ્વત્વિકં પ્રોક્તં પ્રોક્તાત્મ બુદ્ધિ પ્રસાજમ્

જે સુખ પ્રારંભમાં સુખરૂપ અને પછી દુઃખરૂપ થાય ત્યારે ખબર પડે છે કે આ તો ક્ષણિક સુખ ઝાંઝવાના જળ સમાન હતું, પરંતુ છે તો દુઃખ જ.

ત્યાં આગળ ખસનું દ્રષ્ટાંત આપ્યું છે કે જેને શરીરે ખસ થઈ હોય તેને ખંજોળ આવે. તે એટલી બધી તીવ્ર હોય છે જેમાં ખંજોળે તેમ મીઠી લાગે. ચામડી પણ છોલાય જાય, ત્યાં સુધી ખંજોળે, પરંતુ થોડી જ વારમાં આગ ઉઠે, બળતરા થાય, ત્યારે આગળ ખંજોળવાનું સુખ તે ઝેર સમાન લાગે છે.

તેવી જ રીતે જીવને સંસાર સુખમાં જ આનંદ આવે છે, ને તેમાં તે મગ્ન થઈ રહે છે. પરંતુ જ્યારે સમજ આવે ત્યારે તે સુખ નહીં પણ દુઃખજ હતું, તેવી પ્રતિતિ થાય છે.

ભગવદ્ ભક્તને ભક્તિ કરવામાં પ્રારંભમાં થોડી તકલીફ પડે. લોકોની નીંદા તેમજ પોતાને પણ લૌકિક પ્રત્યેની માયા પકડીને રાખે છે. તેને છોડતાં દુઃખ થાય છે તે પ્રારંભે દુઃખ કહેવાય.

પરંતુ ચિત્તની વૃત્તિ જ્યારે લૌકિક કામનાથી પર થઈ જાય ત્યારે તે પ્રભુને પ્યારો બની જાય છે, તે સુખ થયું. પ્રારંભે દુઃખ પરંતુ હરિ સેવતા કદાચ દુઃખનો સામનો કરવો પડે તો પણ તેને અમૃત સમાન જાણો.

ભગવાનને છોડીને કેવળ લૌકિક માયામાંજ સુખ માનવાવાળા ભલે ચાર દિવસ સુખ માનીને રહે, પરંતુ આખરમાં દુઃખરૂપ જ છે.

મોટા કુટુંબમાં કોઈને દેહ પીડા, કોઈને માનસિક, કોઈને ઘરભંગ થયાની પીડા, તો કોઈને માન અપમાનની પીડા. આવું કાંઈને કાંઈ ચાલ્યા કરે છે, વધારે શું કહું. પોતાના કરતાં

બીજાને વધારે સુખી જોઈને ઈર્ષ્યા થવી પણ પીડા જ છે. એકસરખા સુખનાં દહાડા કોઈનાં જાતા નથી. ઉપર બતાવેલમાંથી કોઈને કાંઈ તો કોઈને ભોજન વસનની પીડા, તો કોઈને પારણું ન ઝૂલ્યું તેની પીડા. આમ કોઈને કોઈ તો દુઃખ છે જ. આવા વખતે તે જીવ દુઃખ માની વલખાં મારે છે ત્યારે ભગવદ્ ભક્ત હોય તે લૌકિક સુખ દુઃખને સમાન માને છે. જેથી મોહ નથી, તેથી પીડા નથી.

જીવ અજ્ઞાનતાથી ભર્યો છે. તે સુખને માટે દોડાદોડ કરે છે. તે તો જીવનમાં સુખ શાન્તિ ચાહે છે, ક્યો રસ્તો સુખનો છે તેની ખબર નથી. તેથી આગળ દુઃખરૂપ થતાં જીવનમાં અશાંતિ ફેલાય છે.

અત્રે દ્રષ્ટાંત જોઈએ–

અજ્ઞાન બાળક હોય, તે સર્પ અગર તો વીંછી નીકળે તેને પકડવા દોડે છે, તેને ખબર નથી કે આ તો ઝહર છે, કાળ છે. તેને જ્યારે માતાપિતા છોડાવવા દૂર લઈ લે છે ત્યારે તે રડે છે. તે સમજે છે કે આ તો મારૂં રમકડું છે, પરંતુ માતાપિતા કેમ તેને ત્યાં જવા દેશે? જેમ બાળકને છોડાવ્યો ત્યારે તેને દુઃખ થયું પરંતુ ઝેરથી બચી જવાનું તે સુખ મળ્યું.

આવી રીતે પ્રભુ તો ભક્તોનાં સર્વ જગો રક્ષક જ રહે છે. જીવ અજ્ઞાનથી સુખને માટે ફાંફા મારે છે. પ્રભુ પોતેજ અનિષ્ટોથી પોતાનાં ભક્તને દુર રાખશે.

એક વૈષ્ણવ હતો. તેનાં ઘરમાં સુંદર નારી હતી. પતિ પત્નીને પરસ્પર અતિ સ્નેહ હતો, પરંતુ લગ્ન કર્યે દશ વર્ષ થયા તો પણ તેને ઘેર બાળક રમતું ન થયું. આથી પતિ પત્ની બંનેનું મન દુઃખી હતું. અચાનક સ્ત્રીને ભયંકર રોગ લાગુ પડતાં તે આ સંસાર મૂકી ચાલી ગઈ. પતિ તેનાં મોહમાં હાય હાય કરતો રહ્યો. થોડા સમય પછી તેને પૂનર્લગ્ન કરવાનું કહ્યું ત્યારે તેને વિષ સમાન લાગ્યું, કે પેલા જેવી સ્ત્રી ન મળે માટે લગ્ન કરવા જ નથી. છેવટે વડીલોએ પરાણે હા કહેવરાવીને લગ્ન કરાવ્યા.

પ્રભુની ઈચ્છાને કોણ જાણી શકે. તે પોતાની જુની પત્નીને ભુલવા સમર્થ ન હતો, પરંતુ નવી પત્ની પેલા કરતાં પણ સારી મળી અને ઉપરા ઉપર ત્રણ દીકરાનો જન્મ તેને ઘેર થયો. ત્યારે તે પોતાને મન ખુબજ ભાગ્યશાળી માનવા લાગ્યો. પછી તેનાં પિતાએ પૂછ્યું કેમ બેટા આ નવી કેવી છે. તું તો લગ્ન કરવા તૈયાર જ ન હતો. ત્યારે તે પુત્રે જવાબ આપ્યો કે મને મારી સ્ત્રીનો મોહ બહુજ હતો. ભૂલી શકતો નહીં, મહાન દુઃખી થયો હતો. પરંતુ તમોએ બીજી પરણાવી તે તો પહેલાં કરતા પણ સારી નીકળી અને પુત્રોની પ્રાપ્તિ થતાં હું બધું દુઃખ ભૂલી ગયો છું.

પ્રારંભે દુઃખ તે પત્ની ગુજર્યા બાદ બીજી કરવી જ નહીં તેવો વિચાર હતો. પછી સુખ–પરંતુ પહેલીને તો બાળક જ થયું ન હતું અને બીજી પત્નીને ઉપરા ઉપરી ત્રણ પુત્રો થયા. વળી પત્ની સારી મળી, તેથી સુખ માન્યું. તેમ સંસારની મોહમાયા છોડતાં જરૂર દુઃખ થાય, પરંતુ માયા છૂટયા પછી જીવને ભગવદ્ આસક્તિ થઈ અને સ્મરણ ભજન કરતાં તેમાં તલ્લીનતા ઉત્પન્ન થાય ત્યારે તે સુખનો જ અનુભવ કરે છે.

માટે કવિશ્રી કહે છે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. (૭૫)

દેવર્ષિ નારદ રચિત

ભક્તિસૂત્ર – પ્રેમદર્શન

ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ

હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદ્દાર ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.

—ગતાંકથી ચાલુ

૪. પ્રેમમાં અનન્યતા

જે ભક્તિને પ્રાપ્ત કરીને પુરૂષ નિષ્કર્મા, અમૃત, નિસ્તૃષ્ણ, નિરાહ, નિર્વૈર, વિશોક, વીતરાગ, પ્રશાન્ત, મત્ત, સ્તબ્ધ અને આત્મક્રીડ બને છે–

સા ન કામયમાના નિરોધરૂપત્વાત્ ॥૭॥

તે (પ્રેમાભક્તિ) કામનાયુક્ત નથી કારણ કે તે નિરોધસ્વરૂપા છે.

આ પ્રેમાભક્તિ સર્વથા ત્યાગરૂપ છે. આમાં ધન, સંતાન, કીર્તિ, સ્વર્ગ વિગેરેની તો વાત જ ક્યાં, મોક્ષની પણ ઈચ્છા રહી શકતી નથી. જે ભક્તિના બદલામાં કંઈ માંગવામાં આવે છે કે કંઈ મળવાની આશા કે આકાંક્ષા છે તે ભક્તિ કામનાયુક્ત છે ને સ્વાર્થનો વેપાર છે. પ્રેમાભક્તિમાં તો ભક્ત પોતાના પ્રિયતમ ભગવાન અને તેમની સેવા છોડીને બીજું કંઈ ઈચ્છતો નથી. શ્રીમદ્ ભાગવતમાં ભગવાન કપિલદેવ કહે છે કે, 'મારા પ્રેમી ભક્તગણ મારી સેવા છોડીને (૧) સાલોક્ય–ભગવાનના સમાન લોકની પ્રાપ્તિ (૨) સાર્ષ્ટિ–ભગવાનના સમાન ઐશ્વર્ય પ્રાપ્તિ (૩) સામીપ્ય–ભગવાની સમીપ સ્થાનની પ્રાપ્તિ (૪) સારૂપ્ય– ભગવાનના સમાન સ્વરૂપ પ્રાપ્તિ અને (૫) સાયુજ્ય–ભગવાનમાં લય પ્રાપ્તિ. આ પાંચ પ્રકારની મુક્તિ દેવા છતાં નથી લેતા.'

એટલે કે ભક્તિનો ઉદય થવાથી કામનાઓ નષ્ટ થઈ જ જાય છે, કારણ કે તે ભક્તિ નિરોધ સ્વરૂપા એટલે કે ત્યાગવાળી છે. તે નિરોધ શું છે?

ભાષ્યાર્થ: ઉપર જેનું ફલ વર્ણવ્યું છે તે ભક્તિ કામનાયુક્ત હોતી નથી. કેમકે કામના રાગને સૂચવે છે અને ભક્તિ તો રાગ સિવાયની અને તે ઉપરાંત રાગને ધોઈ નાંખનારી છે. આથી જેની ભક્તિ કરીએ તેની પાસેથી ભક્તિમાં કોઈપણ જાતની ફલાશા હોતી નથી. ભક્ત તો ભગવાનને આરાધવા પ્રવૃત્ત થાય છે. ભગવાનનો અપરાધ કરવા તત્પર થતો નથી. અને કાંઈપણ માંગવું એ જ તો અપરાધનું મૂલ છે. માંગણી લાઘવ આણનારી છે. ગૌરવ દેનારી નથી. પછી ભલે ભગવાન પાસેથી હો કે બીજા પાસેથી ! અને તેમાંએ પ્રેમના પાત્રરૂપ ભગવાન પાસેથી કોઈપણ પ્રકારની ઈચ્છાની પૂર્તિ માંગવી એની તો કલ્પના પણ અશક્ય છે ! અને વળી ભક્ત તો દાતા હોય છે ! તેણે તો પોતાનો આત્મા સુદ્ધાં ભગવાનને સુપ્રત કર્યો છે ! અને જે દાતા હોય તે લેનાર

કેવી રીતે બને ! વસ્તુ ઉપરની પોતાની સત્તા ઉઠાવી લઈ બીજાની સત્તા સ્થાપવી એટલે દાન.

ભક્તને તો 'પોતાનું' કહેવાય એવું જ કશું નથી! જે કાંઈ છે તે બધું તે ભગવાનનું જ છે! આથી ભ્રમથી પણ ભક્ત સ્વોપાર્જિત ઉપર એઠી મમતાની દૃષ્ટિ નાંખતો નથી ! આથી ભક્તિ કદી કશું માંગતી નથી. કેમકે તેમાં તો ઈચ્છાનો જ સૌથી પહેલો સંન્યાસ થઈ જાય છે ! જે માંગે તે ભક્તિ જ નથી. તે વેપારીવૃત્તિ હોઈ શકે ! અને પ્રેમ તો વાણિજ્યની મનોદશાને સહી શકતો નથી ! આથી પોતાની જેના ઉપર મહોર લગાડી શકાય તેવી વસ્તુ માત્રનું સમર્પણ એ જ ભક્તિનું રહસ્ય છે ! ૭

રુક્મિણી હરણ

લેખક : પ.ભ. જેઠાલાલ છો. શાહ "ઊર્મિલ" સાવલી

ગતાંકથી ચાલુ—

રાક્ષસીવિધીથી લગ્ન કરીશું. રાક્ષસીવિધી પણ શાસ્ત્ર સંમત છે. તો કશોજ સંકોચ ધરશો નહીં. આપ તો અજિત છો. આ બધું આપને માટે તો જરાય મુશ્કેલ નથી. વિઘ્નરૂપ વિપક્ષીઓને પરાજીત કરવા એ કાંઈ આપશ્રીને માટે કશી નવી વાત નથી. વળી, આપને એમ પણ શંકા થાય કે એ તો અંતઃપુરવાસીની હોઈ એના સંબંધીઓને માર્યા, પરાજીત કર્યા પછી જ એને મેળવી શકાય ને? પણ એવું બધું આપને કરવું નહીં પડે. એનો ઉપાય પણ મેં વિચારી રાખ્યો છે. અમારા રિવાજ પ્રમાણે લગ્ન પહેલાં કન્યાએ ગામ બહાર નીકળી કુળદેવી અંબિકાનું પૂજન કરવું પડે છે. એ રીતે હું પણ—

પ્રથમ દિવસે અંબિકાનું કરવાને દર્શન
નગર બહાર નીકળું ત્યારે ગ્રહેજો જીગજીવન

હવે મારી એક અંતિમ પ્રાર્થના પણ સાંભળી લો— હે કમલલોચન, આપ તો દેવાધિદેવ છો, જગન્નિયન્તા છો. ઉમાપતિ શંકર જેવા મહાન દેવ પણ પોતાના અજ્ઞાનના નિવારણ માટે તેમ પાવન થવાને અર્થે આપના ચરણકમલની રજની અભિલાષા રાખે છે. તો હું પણ એમ કેમ ન ઈચ્છું? ફરી આપના ધ્યાન પર લાવું કે—

હું છું સિંહના ભાગની રે તેને શિયાળ ના લઈ જાય રે
જાદવરાય કુંદનપુરમાં પધારજો રે.

આપ નક્કી જાણજો કે—

આળશ કરશો જો જીવન મારા, તો મારા પ્રાણ નિશ્ચે જશે રે,
જન્મો જન્મ તમને નહીં ભૂલું જ્યારે મળશો ત્યાંહાં થશે રે.

અને તમારી આગળ મારે મોટાઈ શી? હે વહાલા—

સુખ થશે પ્રિતમજી રે જ્યારે ગ્રહેશો હાથ
દાસી જાણી દયા કરજો પ્રભુ દીનાનાથ.
તમો સમોવડ હું નથી રે માહરા અંતરજામી
જેવી તેવી પણ હું શરણે આવી હું સ્વામી

શ્રીમદ્ ભાગવતમાં સાત શ્લોકમાં આ પત્ર લખાયો છે. પત્રમાં શીલ એવી શૈલી છે. વિશુદ્ધ અંતર એવા અક્ષર છે. જેવા ભાવ છે એવી ભાષા છે. એનો યથાર્થ આસ્વાદ વ્યાસજીની સમાધિ ભાષાથી જ ઉપલબ્ધ થાય. શરૂઆતનો શ્લોક જોઈએ—

શ્રુત્વાગુણાનૂભુવન સુન્દરશૃણ્વતાંતે, નિર્વિશ્યકર્ણવિવરે હરસ્તોડઙ્ગતાપમ્ ।
રુપદશાંદૃશિમતાં મખિલાર્થલાભં ત્વય્યચ્યુતાવિશતિ ચિત્તમપત્રપંમે?? ॥ ૨૭ ॥ (અ.પ૨)

સંબોધન કર્યું છે 'ભુવન સુન્દર' બ્રહ્મચારી ધર્મજ્ઞ ભીષ્મને શય્યા પરથી શ્રીકૃષ્ણ ત્રિભુવનકમનં લાગ્યા, મથુરાની કુબ્જાને સુન્દરવર્યઃ લાગ્યા. શ્રીગોપીજનની મધ્યે બિરાજતા શ્યામસુન્દર શ્રીશુકદેવજી મહારાજને 'ત્રૈલોકલક્ષ્મ્યેકપદંવપુર્દધત્' લાગ્યા હતા. પ્રેમપ્રતિમા એવા શ્રીરુકિમણીજીને ભુવનસુન્દર પ્રતીત થયા છે. રુકિમણીજીને પ્રભુપ્રાપ્તિ માટે પ્રબલ પ્રતિક્ષા છે જ. આ આશા છે કે કૃપા થશે જ.

પત્ર સાંભળી કૃષ્ણને રુકિમણીની ખુમારીભરી સ્વત્વભરી વ્યાકુળતા સ્પર્શી જાય છે. તેઓ અભિભૂત બની રહે છે. તત્કાલ દારુક સારથિને રથ લઈને બોલાવ્યો અને એકલાજ, કોઈને ખબર પણ આપવા ન રહેતાં બ્રાહ્મણને લઈને કુંડિનપુર પ્રત્યે વેગપૂર્વક સિધાવ્યા. બળરામજીએ જાણ્યું. સ્નેહાતુર બળરામ યાદવ સૈન્ય લઈને પાછળ દોડયા. રુકિમણી ચિંતાતુર છે. લગ્નમાં માત્ર રાત્રિ બાકી છે. સંતાપ સમાતો નથી. આંસુરૂપે ઉભરાય છે ત્યાં તો વામાંગ સ્ફુર્યું. શુભ શુકન થયા. વિપ્ર પ્રસન્ન મુખે આવ્યો. કૃષ્ણ પધાર્યા છે એવા મંગળ સમાચાર આપ્યા. રુકિમણીજી વિપ્રને નમ્યાં. લક્ષ્મીજી નમ્યાં એટલે વિપ્રને સર્વસમૃદ્ધિ પ્રાપ્ત થઈ ગઈ. કુંડિનપુર પહોંચી બળરામે વૈદર્ભ રાજને કહાવ્યું લગ્નમાં ભાગ લેવા યાદવો સહિત કૃષ્ણ બલદેવ પધાર્યા છે. રાજા પ્રસન્ન થયો. જે કાંઈ થશે તે સારું જ થશે એમ આશા ધારણ કરી રાજાએ સૌનો યથાયોગ્ય સત્કાર કર્યો. નગરવાસીઓને થયું. રાજકન્યા માટે સુયોગ્ય વર તો આ જ. ભગવાન કૃપા કરે અને અમારી રાજકન્યાને કૃષ્ણ જ વરે.

યથા સમયે કન્યા જગદંબાના દર્શને આવી. વાજતે ગાજતે દર્શન કરવા આવી છે સખીઓ અને બ્રાહ્મણ સ્ત્રીઓ સાથે છે. યથા વિધિ અંબિકા પૂજન થયું. રુકિમણી તો કવયિત્રીપણ છે. સહસામંત્રરૂપ ગણાય એવો શ્લોક સ્ફુર્યો—

નમસ્યેત્વામ્બિકેડભીક્ષ્ણં સ્વસંતાનયુતાંશિવામ્ ।
ભૂયાત્પતિર્મે ભગવાન્ કૃષ્ણસ્તદનુમોદતામ્ ॥ ૪૬ ॥ (અ.પ૩)

હે અંબા, સંતાન (ગણેશ) સહિત આપ મંગલમૂર્તિને હું વારંવાર વંદન કરું છું. શ્રીકૃષ્ણ મારા પતિ થાઓ અને આપની એમાં સંમતિ હો. એમ પ્રાર્થના કરી પૂજન કરી પરવારી રુક્મિણી મંદિરમાંથી બહાર નીકળી અને ભગવાનના આવવાની રાહ જોતી ધીમે ધીમે ચાલવા લાગી. એના અનુપમ સૌંદર્યથી શિશુપાલ અને તેની સાથે આવેલા રાજાઓ દિગ્મૂઢ બની રહ્યા છે. મુખ પર આવતી વાળની લટને હાથવતી ખસેડતી રુક્મિણી તે મૂઢ રાજાઓને જોતી હતી. ત્યાં તો રથ આવ્યો. રથમાં વિરાજેલા શ્રીકૃષ્ણે ઉભા થઈને રથ પ્રતિ આવેલી રુક્મિણીનો હસ્ત પકડી તેને રથમાં બેસાડી અને આ શું થઈ રહ્યું છે. એ મૂઢ બનેલા રાજાઓ સમજે ન સમજે એ પહેલાં તો શિયાળોની વચ્ચેથી પોતાનો ભાગ સિંહ લઈને ચાલ્યો જાય એમ રુક્મિણીને લઈને શ્રીકૃષ્ણનો રથ વેગપૂર્વક દ્વારકાની દિશામાં વળી ચૂક્યો. હકીકતનો ખ્યાલ આવતાં જ શિશુપાલ આદિ રાજાઓ હાથમાં હથિયારો લઈને પાછળ દોડયા. પણ યાદવો તેઓની સામે ખડા થઈ ગયા. બળરામજી વગેરે વીર યાદવ યોદ્ધાઓએ સબળ સામનો કરીને એ સૌને હરાવ્યા. પરિણામે તેમનાં 'થઈ ગયાં શ્યામ વદન રે'.

સર્વ અફસોસ કરી રહ્યા—

અરે આ શું થયું કૃષ્ણે કર્યું કન્યા હરણ રે,
શું મોઢું કોઈને દેખાડીશું, આ થકી સારું મરણ રે

વરરાજા બનીને આવેલા હોંશભર્યા શિશુપાલની શી દશા થઈ? દયારામભાઈ કહે છે—

હાવા શિશુપાલની શી કર્મણા થઈ, થોડી સરખી હું કહેશ
ઠાલો ચાલ્યોને નાક છૂંદાઈ ગયું, અંગે પીઠીને મુખે મેશ.
નગારાંને નિશાન સંતાડીયા, મુખે પડી ગયા શોષ.
સહુકો સમશાનીયા સરખા સન્મન્યા જાણે મુવો દમ ઘોષ.
જે જે બોલો શ્રીરુક્મિણીનાથની.

રુક્મિણીને લઈને શ્રીકૃષ્ણ દ્વારકામાં પધાર્યા. ઉગ્રસેન, વસુદેવ આદિ વડીલોએ તેમનો સહર્ષ સત્કાર કર્યો અને પછી—

જોષી તેડાવ્યા શ્રીવસુદેવજી લગન લીધું શુભ સાર
લખી સ્વજન સરવને કંકોતરી તેડાવ્યા તેની વાર
જે જે બોલો શ્રીરુક્મિણીનાથની.

એ પછી તો દ્વારકા નગરમાં—

મોહોટો મંડપ રહ્યો રે સોહામણો વાજાં વાગે અપાર
મંગળ ગાન કરે સૌ માનિની થઈ રહ્યો રે થેઈકાર
જે જે બોલો શ્રીરુક્મિણીનાથની.

વરકન્યાને પીઠી ચોળાય છે ગોત્રજ દેવી પૂજાય
વૃદ્ધ શ્રાદ્ધ કીધું છે વસુદેવજી દેવકી હરખ ન માય
જે જે બોલો શ્રીરુક્મિણીનાથની.

મોટા ભાઈ બળરામજીના લગ્ન પ્રથમ થયા હતા. ઓખામંડળ પ્રદેશના રાજા રેવતે પોતાની કન્યા બ્રહ્માની પ્રેરણાથી બળરામને આપી હતી. નવમાં સ્કંધમાં એ કથા કહેવાઈ છે. એ પછી આ નાના પુત્રનું લગ્ન થઈ રહ્યું છે. આ લગ્ન તો જુદા જ પ્રકારનું છે. ગરુડે જેમ દેવોને હરાવીને અમૃત હર્યું હતું એમ શ્રીકૃષ્ણે શિશુપાલ અને એના પક્ષનાં શાલ્વ વગેરે રાજાઓને પરાજય આપીને સર્વના દેખતાં હરણ કરીને લાવેલી કન્યા સાથેનું આ પ્રેમ લગ્ન છે. આ તો ભગવાન વિષ્ણુએ મહાલક્ષ્મીજી પરણી રહ્યા છે!

કવિ કહે છે—

વરવધૂને મંડપમાં પધરાવીયા વિપ્ર કરે વેદ ગાન.
કોઈ એક કન્યાનાં માતાપિતા થયા તેણે કીધૂં કન્યાદાન.
જે જે બોલો શ્રીરુક્મિણીનાથની.

હસ્તમેળાપ થાય છે. મંગળફેરા ફરાય છે. લગ્ન પત્યા પછી લાડકોડપૂર્વક વરવધુને કંસાર આરોગાવાય છે. બહેનો ભાણેજો વડીલો સૌનું સન્માન થાય છે. સમસ્ત નગરના પ્રજાજનોના આનંદનો પાર રહેતો નથી અને પછી

કુળની રીતે છોડયાં પછી દોરડા આનંદ વરત્યો અપાર
રાણી રુક્મિણી પરણ્યાં શ્રીકૃષ્ણને થઈ રહ્યો જેજે કાર
જે જે બોલો શ્રીરુક્મિણીનાથની.

પરીક્ષિત રાજાએ રુક્મિણી વિવાહ બીજી રીતે પણ સાંભળ્યો હતો. તેમાં પરાક્રમ વિશેષ હતું તેથી તેમણે સાંભળ્યો હતો. એ પ્રમાણેના રાક્ષસીવિધિ અનુસારના વિવાહનું ચરિત પૂછયું. બલપૂર્વક કન્યાનું હરણને રાક્ષસી વિધિ ક્ષત્રિયોમાં તે ઉત્તમ ગણાય. એવા વિવાહમાં કન્યા પણ અંતે સંમત બની રહે. અહીં તો રુક્મિણી જ અપરિચિત કૃષ્ણને કેવલ એમની સુકીર્તિથી જ આકર્ષાઈને પત્ર લખીને તેડાવે છે અને હરણ કરીને લઈ જવાનું સૂચવે છે. શ્રીશુકદેવજીએ ત્રણ અધ્યાયમાં ગાન્ધર્વ, રાક્ષસ અને વિવિધપૂર્વકના વિવાહની કથા કહી છે. એમાં દોષ નથી એટલે રસાત્મક વિવાહ છે. ભક્તિરસ શૃંગારાદિને દબાવનારો છે એટલે સમાધિ ભાષાની આ વિવાહકથા સ્વયંરૂપા છે જ. આવશ્યકતા અનુસાર ભગવાન શ્રીકૃષ્ણ ત્રણ પ્રકારના વિવાહ રુક્મિણીજી સાથે કર્યા છે. કુળ, શીલ, રૂપ, વિદ્યા, વય, ધન અને પ્રભાવવાળા પુરુષ શ્રેષ્ઠ ભગવાન મુકુંદ અને એવી જ કુળવાન, ગુણવતી અને ધીરજવતી કન્યા રુક્મિણી—ભગવાન અને પત્ની રૂપે લક્ષ્મીજી? આદર્શ ગૃહસ્થાશ્રમ સધાયો છે.

□□ સંપૂર્ણ □□

॥ શ્રીહરિઃ ॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો

લેખક – દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ– ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા– વિશારદ, મુંબઈ.

ભાષાંતર – ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

– ગતાંકથી ચાલુ

૪. પુષ્ટિમાર્ગમાં વર્ણાશ્રમ

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને માટે વર્ણાશ્રમ ધર્મ પરમ માનનીય છે. જો લોકો પોતાને ફક્ત પુષ્ટિભક્ત કહેવડાવીને વર્ણાશ્રમ ધર્મની ઉપેક્ષા કરે છે તે ભૂલ કરે છે. તેને તથા દરેક વૈષ્ણવોએ માનવું જોઈએ કે વર્ણાશ્રમ ધર્મ આપણા પુષ્ટિસંપ્રદાયમાં પરમ માનનીય છે. અને વર્ણાશ્રમ પુષ્ટિમાર્ગની ભૂમિ છે, જો ભક્તિ સામાન્ય ધર્મ છે, તે શાસ્ત્ર અને યુક્તિથી સિદ્ધ છે. તોપણ વૈષ્ણવધર્મ વિશેષ ધર્મ છે, તથા વર્ણાશ્રમ ધર્મ તો સાધારણ ધર્મ છે, તેને તો સર્વથા માન્ય કરવું જોઈએ. જાણીતી વાત છે કે જમીન વગર દિવાલ ઉભી રહી ન શકે. તેવી જ રીતે વર્ણાશ્રમ ધર્મ ભૂમિ છે, અને વૈષ્ણવ ધર્મ તેની ભીંત. વૈષ્ણવ માત્રએ વર્ણાશ્રમ ધર્મમાં એવી રીતે વર્તન કરવું કે જેથી વર્ણાશ્રમ ધર્મમાં બાધા ન પહોંચે.

વર્ણાશ્રમ ધર્મની રક્ષા કરવી વૈષ્ણવોને એક અતિઆવશ્યક કાર્ય છે. આપણા આચાર્યચરણે નિબંધમાં તે વિષયમાં આજ્ઞા કરી છે કે–

વર્ણાશ્રમવતાં ધર્મઃ શ્રુત્યાદિષુ યથોદિતઃ ।
તથૈવ વિધિવત્કાર્યઃ સ્વવૃત્ત્યન્નેન જીવતા ॥

અર્થાત્– શ્રુતિ, સ્મૃતિમાં કહ્યું છે કે વર્ણાશ્રમ ધર્મનું પાલન જે રીતે કહ્યું છે તે રીતે પાલન કરવું જોઈએ. જે રીતે શાસ્ત્રએ ઉપદેશ કરેલો છે કે જે વર્ણએ જે વૃત્તિથી કામ કરવું જોઈએ તે રીતે કરવું જોઈએ અને તેનાથી પોતાનું જીવન ચલાવવું જોઈએ.

જેવી રીતે મૂળ વગર વૃક્ષ રહી શકતું નથી તે પ્રમાણે વર્ણાશ્રમ ધર્મ વિના પુષ્ટિમાર્ગને રહેવાનું અશક્ય છે. એટલા માટે વર્ણાશ્રમ ધર્મની રક્ષા કરવી તે કેવળ આપણો શાસ્ત્રીય સિદ્ધાંત નથી પરંતુ વ્યવહારની દષ્ટિએ પણ અત્યંત આવશ્યક છે. જેવી રીતે ગાય અને બ્રાહ્મણની રક્ષા કરવી વર્ણાશ્રમ ધર્મ છે. તે રીતે તે પુષ્ટિમાર્ગીય ધર્મ પણ છે. અને તેની રક્ષા કરવી દરેક વૈષ્ણવનું કર્તવ્ય છે.

૫. અન્ય દેવતાઓનું આપણે ત્યાં સ્થાન

આપણા સંપ્રદાયમાં અન્ય દેવતાની ઉપાસના તેઓ આપણા સ્વામી છે તે સમજીને ઉપાસના કરવામાં આવતી નથી. બધાય દેવતા ભગવાનના જ અંશ છે, પરંતુ શિવ અથવા

વિષ્ણુને ન માનીને તેની અવજ્ઞા કરીએ છીએ તેવો અર્થ થતો નથી. અનન્ય આશ્રય (એકજ દ્રઢ આશ્રય)ને આપણા પુષ્ટિમાર્ગમાં સર્વોત્કૃષ્ટ માન્યો છે, અને અન્યાશ્રયને બાધા કરતો માન્યો છે, જો વિચારશીલ મનુષ્ય વિચારે તો આ વાતને જ પસંદ કરશે. જુદી જુદી જગ્યાએ ચિત્ત બદલીને જુદા જુદા વિવિધ દેવતાઓની ઉપાસના વિવિધ અવસરો ઉપર કરવાથી માનસિક શિથિલતા કેટલી બધી વધી જાય છે તે વિદ્વાન લોકો જાણે છે. અહીં એ વાતને ઉદાહરણ રૂપે સમજાવી છે—

કાનપૂરમાં રાજીવ લોચન નામનો એક ધનાઢ્ય રહેતો હતો. તે શ્રીકૃષ્ણમાં પરમ વિશ્વાસ રાખતો હતો પરંતુ સાથે સાથે હનુમાનજી, ગણેશ, શિવજી અને ચંડીને પણ ઈષ્ટ તરીકે માનતો હતો. શ્રીકૃષ્ણના દર્શન નિત્ય કરતો, તો શિવજીના દર્શન સોમવારે કરતો, ચંડીના દર્શન મંગળવારે કરતો, ગણેશજીના દર્શન બુધવારે કરતો અને હનુમાનજીના દર્શન શનિવારના જઈને પૂજા ચઢાઈ આવતો હતો. તે શ્રીકૃષ્ણને ઉત્તમ દેવતા માનતો હતો પરંતુ ઉપર કહેલા દેવ દેવતાઓને પણ શ્રીકૃષ્ણથી ઓછા શક્તિશાળી ન માનતો, તે શિવજીને કલ્યાણ દેવાવાળા, દેવીને આશ્રિતની રક્ષા કરવાવાળા, ગણેશજીને મંગલકારી, અને હનુમાનજીને બળ દેવાવાળા સમજી ઉપાસના કરતો અને તેની શ્રીકૃષ્ણની ઉપાસનાથી ઓછા ન માનતો. તથા તેની ગણતરી પણ આવશ્યક અંગમાં કર્યા કરતો.

એક સમયની વાત છે. રાજીવલોચન ચીનથી વ્યાપાર કરીને એક મોટા વહાણમાં ધન સહિત ભારત આવતો હતો. દૈવ ઈચ્છાવશ સમુદ્રમાં એક મોટું ભારી તૂફાન આવ્યું. શેઠજી મોટા સંકટમાં પડયા— બધા પ્રયત્ન કરી લીધા પરંતુ કોઈ રીતે પ્રાણ બચે તેમ લાગતું ન હતું. તેથી કરીને શેઠે હાર માનીને હનુમાનની સ્તુતિ કરવા લાગ્યા અને વહાણ બચાવવા માટે પ્રાર્થના કરી. પવનસૂત હનુમાન આવે ત્યાં સુધીમાં શેઠજીની ધીરજ વહાણની ખરાબ દશા જોઈને ખૂટી ગઈ અને મહાદેવજીની સ્તુતિ શરૂ કરી દીધી. પવનસૂતે શેઠજીનો અન્યાશ્રય જોઈને પોતાની ગદા લઈ લીધી. મહાદેવજી પોતાના નન્દી ઉપર બેસીને મદદે આવવા લાગ્યા એટલામાં શેઠજીની ધીરજ ખૂટી જતાં ગણેશજીની સ્તુતિ શરૂ કરી દીધી. કહેવાનો મતલબ એ કે શેઠજીને કોઈ ઉપર દ્રઢ વિશ્વાસ ન હતો. એમાં કોઈવાર ગણેશજી તથા દેવ દેવીઓની સ્તુતિ એક પછી એક વારાફરતી કરવા લાગ્યા. વિશ્વાસ નહીં હોવાથી કોઈપણ દેવ રક્ષા કરી શક્યા નહીં અને સમુદ્રદેવે તેને પોતાના અનંત પેટાળમાં આશ્રય દઈ દીધો.

ઉપરના ઉદાહરણથી અનન્ય આશ્રયનું મહત્વ સમજાવવામાં આવે છે. શ્રીમદ્ ભગવત ગીતામાં ભગવાને સ્વયં આજ્ઞા કરી છે કે—

અનન્યાશ્ચિન્તતો માં યે જનાઃ પર્યુપાસતે ।
તેષાં નિત્યાભિયુક્તાનાં યોગ ક્ષેમં વહામ્યહમ્ ॥

અર્થાત્– જે મનુષ્ય અનન્ય થઈને કેવળ મારા એકમાંજ દ્રઢ વિશ્વાસ રાખીને, મારી ભક્તિ કરે છે. એવા દ્રઢાગ્રહી મનુષ્યની હું સ્વયં રક્ષા કરું છું.

૬. શ્રીમદ્‌ભાગવત

પુરાણોમાં શિરોમણિ, વેદોના અગમ્ય અર્થોને સહજ બોધ કરનાર, ખુબજ મનોહર, અને પરમ તત્ત્વ શ્રીમદ્‌ભાગવત આપણા સંપ્રદાયમાં અત્યુચ્ય સ્થાન પ્રાપ્ત કર્યું છે. પ્રત્યેક વૈષ્ણવને તેના ઉપર અડગ શ્રદ્ધા હોવી જોઈએ. સાચું કહેવામાં આવે તો આપણા સંપ્રદાયનો ઘણો મોટો આધાર શ્રીમદ્‌ભાગવત જ છે. તેના તેના સ્વરૂપને જાણવું અત્યંત જરૂરી છે.

સંસ્કૃતમાં એક શ્લોક છે. જેનો અર્થ થાય છે કે હજારો શાસ્ત્રો ભણ્યાં હોય, અને સેંકડો શાસ્ત્રોનો સંગ્રહ કર્યો હોય, પરંતુ શ્રીમદ્‌ભાગવત ન વાંચ્યું હોય તો બધું જ વ્યર્થ છે.

શ્રીમદ્‌ભાગવત, ભગવાન શ્રીકૃષ્ણચંદ્રના જ્ઞાન કલાવતાર ભગવાન વેદવ્યાસની ભગવદાજ્ઞપ્ત રચના છે. ભગવાન શ્રીકૃષ્ણ આ લોકમાંથી અંતર્ધ્યાન થયા પછી શ્રીમદ્‌ભાગવત જ અહીંયા તેના સ્વરૂપે બિરાજે છે. વેદોનું સંપાદન કર્યું, ઈતિહાસ અને થોડા પુરાણોની રચના કરી પરંતુ વ્યાસજીને સંતોષ ન થયો. આટલું સંપાદન કરવા છતાં પોતે પોતાને અસંપન્ન માનવા લાગ્યા તેથી તેને ખૂબ દુઃખ થયું અને વિચારવા લાગ્યા કે આ શું બાબત છે? મેં ઈતિહાસ અને પુરાણોની રચના કરીને લોકોને કલ્યાણકર માર્ગનું અનુસરણ કરવાવાળા કરી દીધા. છતાંય મારી આત્મા કેમ સંતોષ પામતી નથી?

તે સમયે ભગવાન અંશુમાલી પોતાના સારથી સાથે પોતાના ક્રીડાક્ષેત્રમાં આવી રહ્યા હતા. પક્ષીગણ પોતાના મધુર કલરવથી આશ્રમના વાતાવરણને આનંદિત કરી રહ્યા હતા. આશ્રમના અન્ય પ્રાણીઓ પોતાના કાર્યમાં વ્યસ્ત હતા. અને ભગવાન વ્યાસ પોતાની ચિંતામાં સરસ્વતી નદીના તટ ઉપર એકાગ્રચિંત્તથી પોતાના કાર્ય ઉપર એક દ્રષ્ટિ નાખીને પોતાના આત્માને માટે અસંતોષનું કારણ ખોળી રહ્યા હતા. એટલામાં તો નારદજી ભગવાન શ્રીકૃષ્ણનું નામ લેતાં વીણાનું વાદન કરતાં પોતાની સ્વાભાવિક હસતી મુખમુદ્રા સાથે ધીમેથી તેની તરફ આવતા હતા.

વ્યાસજી તેમના આગમનથી ખૂબજ પ્રસન્ન થયાં. ખાસ કરીને આ અવસર પર કે જ્યારે એક ગંભીર પ્રશ્નના વિચારમાં ચિત્તને ક્યાંય ચેન પડતું ન હતું ત્યારે નારદજીનું આગમન તેમને ખૂબજ સારું લાગ્યું.

વ્યાસજીના અતિથિ શિષ્ટાચારને સન્માનીને નારદજીએ સાધારણ ઔપચારિક તૌર પર પોતાના વિશ્વવિમોહક હાસ્ય સાથે પૂછયું કે– ભગવન્, આપની આત્મા તો પ્રસન્ન છે ને? આપ આપના શરીર અને મનથી તો પ્રસન્ન છો ને? આપે બનાવેલા વેદો અને પુરાણોનું યોગ્ય સંપાદન અમોએ જોયું છે. વિશેષ તો મહાભારત જોઈને અમે ખૂબજ પ્રસન્ન થયાં છીએ. આપે

આ ગ્રંથ લખીને જીવ ઉપર જે ઉપકાર કર્યો છે તે સર્વથા પ્રસંશનીય છે. પરંતુ મહાત્મન્, મને ક્ષમા કરજો કે આપે સર્વાર્થ પરિબ્રહિત ગ્રંથોનું નિર્માણ કર્યું છે, છતાં પણ આજે હું જોઈ રહ્યો છું કે આપ ઉદાસ છો. આપના મુખથી સ્પષ્ટ દેખાઈ આવે છે કે આપે આટલું કૃતાર્થ કાર્ય કર્યું હોવા છતાંય આપ અકૃતાર્થ જેવા દેખાઓ છો. તો તેનું કારણ શું છે? તમે એનું કારણ મને બતાવશો?

ભગવાન વ્યાસજી નારદજીના આ પ્રશ્ન ઉપર થોડા મુશ્કરાઈને બોલ્યા– 'દેવર્ષિ, આપનું કહેવું યથાર્થ છે. મારું મન આજે સાચેજ ઉદાસ છે. આપે કહ્યું તે ઉચિત જ છે કે મનુષ્યોના દુઃખ જોઈને તેના ઉપાય મહાભારત જેવા ઉત્તમ ગ્રંથમાં બતાવ્યા છે અને તે એક ઉત્તમ કાર્ય થયું છે. એ પણ ઠીક છે કે મહાભારત તો કેવળ ઉપદેશાત્મક છે. વાસ્તવમાં કહેવામાં આવે તો તેમાં મેં વેદોનો સાર તથા અર્થ બતાવ્યો છે. તેમાં સ્ત્રી અને શુદ્રોનાં ધર્મની વ્યવસ્થા લખી છે. પરંતુ છતાંય મારી આત્મા સંતુષ્ટ થઈ નથી તેવો અનુભવ કરી રહ્યો છું. મારું હૃદય એમ કહે છે કે મારે સર્વશ્રેષ્ઠ કાર્ય કરવાનું હજુ બાકી છે. ભગવન્, આપના ઉપર મારી મોટી શ્રદ્ધા છે. આપને ભગવાનના એક પરમ અનુગ્રહ સંપન્ન ભક્ત સમજું છું. મને વિશ્વાસ છે કે મારી હૃદય ગ્રંથીને આપજ ઉકેલી શકશો. શું તમો મને આનું રહસ્ય સમજાવશો? દેવર્ષિ નારદજીએ હાથ પોતાના હાથમાં લઈને પ્રિતીપૂર્વક બોલ્યા– 'બ્રહ્મન્, હું આપના અસંતોષનું કારણ જાણું છું. સાચું કહું તો આ માટે જ હું આપની પાસે આવ્યો છું કે તમે આટલો પરિશ્રમ કર્યો તે વ્યર્થ ગયો. મનુષ્ય તો સ્વભાવથી જ કર્મમાં પ્રવૃત્તિ કરવાવાળો છે. આપે તેને ઉત્તેજન આપીને વધારે પ્રવૃત્તિશીલ બનાવી દીધો. અને જેવી રીતે તૂફાન આવતાં નાવ આ તરફથી બીજી તરફ અને બીજી તરફથી આ તરફ ભટકે તે પ્રમાણે જીવની દશા થશે. તેને વિશ્રામસ્થાન તો ક્યાંય મળશે નહીં. હું શું કહું—આપ સ્વયં બુદ્ધિમાન છો. મારું તો ફરીફરીને કહેવું તે છે કે આપે હજુ સુધી ભગવાન શ્રીકૃષ્ણના ચરિત્ર, ધર્મ અને તેની ભક્તિ સારી રીતે વર્ણન કરી નથી. અને તેથી આપની આત્મા અપ્રસન્ન છે. આપ એટલું સારી રીતે સમજી લ્યો કે તમો વિવિધ કોમલકાન્ત પદાવલિઓથી સેંકડો ઉત્તમોત્તમ ગ્રંથ બનાવ્યો. પરંતુ જેમાં ભગવાન શ્રીકૃષ્ણના યશનું વર્ણન ન હોય તે કાકતીર્થ છે. અને તેમાં વાણીવિલાસ સિવાય બીજું કાંઈ નથી. અને જો તમો વિશ્વાસ રાખીને તુટીફુટી ભાષામાં પણ કૃષ્ણ કીર્તન કરશો તો તે ઘણાજ મનુષ્યોને મુગ્ધ બનાવનારી થશે. મારું તો વારંવાર તમને કહેવાનું એ છે કે આપ ભગવાન શ્રીકૃષ્ણના ચરિત્રોનું વર્ણન કરો. તેની ભક્તિનો ઉપદેશ આપો. અને તેની મનમોહક શ્રીલીલાઓનું વર્ણન કરો. આપનો આત્મા પ્રસન્ન થઈ જશે અને પ્રસન્ન એટલો બધો થશે કે તમોને ફરીવાર ક્યારેય ખેદ થશે નહીં. આપ સ્વયં વિદ્વાન છો, તે ઉપરાંત આપ ભગવાન શ્રીકૃષ્ણના જ્ઞાન કલા અવતાર છો. આપને હું શું કહું? આપ આ વાતને એકવાર ફરીથી વિચારી જુઓ. સમાધિ દ્વારા આપને આપના કર્તવ્યનો બોધ થશે. અને આપ આપના આત્માને સંપન્ન બનાવવાનો ઉપાય શોધો. હવે મને આજ્ઞા આપો'

—ક્રમશઃ

શ્રી યમુનાજીના પદ

રચયિતા–મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ–માધુરી, રાજકોટ

પદ ૭૭

શ્રીયમુને જય કે આરતિ હરન;
મોતે કૌન ભયાકુલ ભારી, જય જય ઠાડી શરન. ૧
ભગવત ભાવ રસિક જન જે તે, તિનિકી પોષણ ભરન;
રાખૌ કૃષ્ણ પ્રિયા મોહિ કરગહિ, મેં તાકે તુમ ચરન. ૨
દૈવી સૃષ્ટિ કાનિ તુમ્હારી સોં, શરણ લેત ગિરિધરન;
મેરી દશા શ્યામ સુન્દર સોં, કહો લાગિકે કરન. ૩
સરલ પરમ અદ્‌ભુત અનૂપ, શ્રીઅંગ શ્યામ કૈ વરન;
પાહિ પાહિ 'વલ્લભી' દીનકોં, સબ વિધિ તારન તરન. ૪

ભાવાર્થઃ શ્રીયમુનાજી આપ તો મહાન દયાળુ છો. જે કોઈ જીવ આર્તનાદથી આપની સ્તુતિ કરે છે તેની આર્તિનું આપ હરણ કરો છો.

'સ્તુતિં તવ કરોતિ કઃ' (આ વાક્યાનુસાર અહીંથી ચાર પદ કવિશ્રી 'દાસી' ભાવથી વિજ્ઞપ્તિ કરે છે. તેમાં ગુણગાન કરતા કઈવાર રસપાન થઈ લીલાસ્મૃતિમાં મૂળરૂપ આપ કેમ ઓળખી ગયા હોય તેમજ પૂર્વનું અનુસંધાન પ્રાપ્ત થયું હોય તે રીતે દાસી 'વલ્લભી' એવી છાપ ધરી છે)

આપનું બિરદ શરણાગતનું રક્ષણ કરવાનું– અભયપદ દેવાનું હોય ઉભે પગે આપ રહો છો. આપનું શરણ જેઓ તાપથી વ્યાકુલ બનેલા છે તેને શાંતિ પ્રદાન કરવાનું છે. તેવું સમજીને જ હું તાપથી વ્યાકુલ બનેલી છું અને શાંતિ માટે જ વિનતિ કરું છું કે મારા સમાન આવું ભયાકુલ નહીં હોય તેથી તરત જ દયા વિચારવી જ ઘટે છે.

(અહીં ભાવાર્થ જોતાં જાણે કેમ શ્રીયમુનાજીનું ઠાડું સ્વરૂપ સામે જ દર્શન દેવા બિરાજમાન હોય તેવો ભાવાર્થ નીકળે છે તેથી જ 'ઠાડી' શબ્દપ્રયોગ કર્યો છે.)

જે જન ભગવદ્ ભાવમાં સ્તુતિ કરતાં તલ્લીન બની જાય ત્યારે તેને લીનતા પ્રાપ્ત થતાં હું કોણ તે ભાન રહેતું નથી. નિજ લીલાના જીવો હોય તેઓ જ આ દશાને પ્રાપ્ત કરી શકે છે.

રસાવેશમાં આવી કવિશ્રી કહે છે કે જેમ અનેક ભક્તો ઉપર કૃપા કરી રસપાગી બનાવી લીલામૃતનું પાન કરાવેલ છે તેમ હું પણ આપને જ શરણે આવેલ છું. તેથી મારો પણ હાથ પકડીને હે કૃષ્ણપ્રિયા ! મને સદા શરણમાં જ રાખો. આ માટે જ હું સન્મુખ આવેલ છું. તમારી કાનીથી જ દૈવી સૃષ્ટિ શ્રીગિરિધરનલાલને શરણે રહે છે.

મારી દશા કેવી છે તે આપ જાણો છો તેથી પ્રભુને જઈને કહો કે આ એક દીનકીંકરી દ્વારે ઉભી છે, તેના ઉપર કૃપા વિચારો. આપનું અદ્‌ભુત શ્યામ વર્ણ સ્વરૂપ તે 'શ્યામ સંગ શ્યામ હ્વૈ રહી શ્રીયમુને ' ની ઉપમાં કેવળ શ્યામના સંગે આપ શ્યામરૂપ બન્યા તે સિવાય આપી શકાતી નથી. શ્યામરૂપ પ્રભુની પટરાણી શ્યામા આ દીન વલ્લભી દાસને જોઈને કૃપા કરો. મારું દુઃખ દૂર કરવાવાળા આપ જ છો. બીજા કોને હું જઈને કહું. માટે કૃપા વિચારી મારી દર્દભરી આરતિનું હરણ કરો.–૭૭

કાવ્ય – કુંજ

શ્રીમદ્ ભાગવત દશમ સ્કન્ધ (પૂર્વાર્ધ)નું ધોળ

રચયિતા : જયંત જી. ગાંધી ‘કુસુમાયુધ’ (જુનાગઢ)

– ગતાંકથી આગળ

(સરસત સ્વામીને વિનવું ને ગુણખત લણું પાયે જી રે .... એ ઢાળ)

વાણીપતિ શ્રીવલ્લભપ્રભુને, વંદી ભાવે વિનવું જી રે,
દશમ્ સ્કંધ ઉત્તરાર્ધ તણી જે, કૃષ્ણકથા ગાઉં જી રે. ૧.
કંસ શ્વસુર જે જરાસંધ તે, મથુરા પર ચઢી આવે જી રે,
સત્તર વાર હરાવી તેને, શ્રીકૃષ્ણ પ્રભુ તો ભગાડે જી રે. ૨.
અઢારમી વખતે તો કૃષ્ણજી, રણછોડલીલા કરે જી રે,
દ્વારિકાપુરીની રચના કરાવી, વિશ્વકર્માની પાસે જી રે. ૩.
સમુદ્ર વચ્ચે નગર બન્યું ત્યાં, શોભા છે અતિ ભારે જી રે,
યોગ માયાને બળે સગાં સહુ, દ્વારિકા માંહે વસાવે જી રે. ૪.
રણછોડરાયજી રણ છોડીને, કાળયવનથી ભાગે જી રે,
મુચુકુન્દજીની નજરે ચઢાવી, તેને ભસ્મ બનાવે જી રે. ૫.
કૃપા કરી છે મુચુકુન્દ ઉપર, નિજ દર્શન ત્યાં દીધાં જી રે,
મુચુકુન્દજી શ્રીકૃષ્ણ પ્રભુને, સ્તુતિ મધુર ત્યાં કરતા જી રે. ૬.
વિદર્ભ રાજા ભીષ્મકજીનાં, પુત્રી રુક્મણી નામે જી રે,
શ્રીકૃષ્ણ પ્રભુનાં ગુણ સુણતાં તે, શ્રીકૃષ્ણપતિને ઝંખે જી રે. ૭.
વિનંતી પત્ર શ્રીકૃષ્ણ પ્રભુને, રૂક્મણીજી નાખે જી રે,
શિશુપાલને વરીશ નહીં હું, લઈ જાઓ હરિ મુજને જી રે. ૮.
ભાવ જાણીને રૂક્મણીજીનાં, શ્રીકૃષ્ણ હરણ તેનું કરતા જી રે,
શ્રીરૂક્મણી સાથે લગ્ન કરીને, ગૃહસ્થાશ્રમી બનતા જી રે. ૯.
શિવ કોપે તો બન્યો હતો જે, કુસુમાયુધ અનંગે જી રે,
શ્રીકૃષ્ણ પ્રભુના પુત્ર રૂપે તે, પ્રદ્યુમ્ન થઈને જન્મે જી રે. ૧૦.
સત્યભામાજી બીજાં રાણી, સત્રાજિતનાં પુત્રી જી રે,
જામ્બવતીજી ત્રીજાં રાણી, જામ્બુવાનનાં પુત્રી જી રે. ૧૧.

સત્રાજિત તથા શતધન્વાને, મણિ નિમિત્તે માર્યા જી રે,
પાંચ બીજી કન્યાઓ સાથે, શ્રીકૃષ્ણ પ્રભુતો પરણ્યાં જી રે. ૧૨.
ચોથા પટરાણી કાલિન્દી, મિત્રવિંદા પંચમ્ જી રે,
નાગ્નજિતી–સત્યાજી, છટ્ઠાં, સપ્તમ્ છે ભદ્રાજી જી રે. ૧૩.
આઠમાં રાણી લક્ષ્મણાજી છે, અષ્ટ પ્રભુ પટરાણી જી રે,
ભૌમાસુર રાક્ષસને મારી, કારાગૃહથી છોડાવી જી રે. ૧૪.
સોળ હજાર કન્યાને કૃષ્ણજી, ઉદ્ધાર કાજે વરતા જી રે,
સર્વ રાણીઓ સંગે હરિ ત્યાં, ગૃહસ્થાશ્રમે રહેતા જી રે. ૧૫.
રુકિમણી સાથે કૃષ્ણ એકદા, પરિહાસ ત્યાં કરતા જી રે,
અષ્ટ પટરાણીની કુખથી, દશ દશ પુત્રો જન્મ્યા જી રે. ૧૬.
બાણાસુરની પુત્રી ઉષાને, અનિરુદ્ધથી નેડો જી રે,
બાણાસુરને હરાવ્યો હરિએ, અનિરુદ્ધને પરણાવ્યો જી રે. ૧૭.
અનિરુદ્ધનાં લગ્ન સમે, બલરામે રૂકિમને માર્યો જી રે,
નૃગરાજનું આખ્યાન કહ્યું, પુત્ર જે ઈક્ષ્વાકુનો જી રે. ૧૮.
બલદેવજી તો એકદા, ગોકુળ માંહે પધારે જી રે,
નંદ–યશોદા, ગોપ–ગોપીઓ, સહુને આનંદ આપે જી રે. ૧૯.
પૌંડ્રક–મિથ્યા વાસુદેવને, શ્રીકૃષ્ણ ચક્રથી મારે જી રે,
સુદર્શન થકી આગ પ્રકટતાં, કાશી નગરી બાળે જી રે. ૨૦.
'દ્વિવિદ' નામે વાનર આવ્યો, દુષ્ટ અતિશય મોટો જી રે,
બલદેવજીએ દુષ્ટ કપિને, પરલોકે પહોંચાડયો જી રે. ૨૧.
દૂર્યોધનની પુત્રી લક્ષ્મણા, સામ્બે હરણ કરી છે જી રે,
કૌરવ સહુને જીતી બંનેને, બલદેવજી લઈ આવે જી રે. ૨૨.
નારદજીએ કૃષ્ણ પ્રભુને, ગૃહસ્થાશ્રમે નીરખ્યા જી રે,
કૃષ્ણચંદ્રની માયા નીરખી, નારદજી તો હરખ્યા જી રે, ૨૩.
સીતેરમા અધ્યાયે પ્રભુની, દિનચર્યા વર્ણવતા જી રે.
પ્રાતઃકાળથી રાત્રિ સુધીની, શ્રીકૃષ્ણલીલા સહુ કહેતા જી રે, ૨૪.
શ્રીકૃષ્ણ પ્રભુજી પાંડવોને ત્યાં, ઈન્દ્રપ્રસ્થ પધારે જી રે,
જરાસંધને ભીમને હાથે, શ્રીકૃષ્ણ પ્રભુ તો હણાવે જી રે. ૨૫.

—ક્રમશઃ

પુસ્તક પરિચય

૧. નવરત્ન (વિવૃતિ પ્રકાશ સહિત ગુર્જરાનુવાદ) : સંપાદક : પૂ.પા.ગો. શ્રીરસિકરાયજી મહારાજ–(મથુરા–પોરબંદર) **પ્રકાશક :** શ્રીદ્વારિકેશ પુષ્ટિ સેવા સમિતિ, 'મહારાજ નિવાસ' મોટી ટાંકી રોડ, રાજકોટ (સૌરાષ્ટ્ર) પ્રાપ્તિસ્થાનઃ સોની મનસુખલાલ માવજીભાઈ શ્રીબાલકૃષ્ણ હવેલી પાસે, રાજકોટ–૩૬૦૦૦૧.

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૪૬+૧૮=૬૪ પીન બાઈંડીંગ, આર્ટ પેપર ટાઈટલ, ન્યોછાવર રૂ.૧૫/–

'નવરત્ન' ગ્રંથ વૈષ્ણવોને માટે અત્યંત ઉપયોગી છે. શ્રીમહાપ્રભુજી રચિત આ ગ્રંથ પર શ્રીગુસાંઈજીની વિવૃતિ અને શ્રીપુરૂષોત્તમજીની પ્રકાશ ટીકા સહિતનું સાહિત્ય વાંચવાથી– પુષ્ટિ ભક્તિ સાધનાનાં પથિકોને–સાંગોપાંગ માર્ગદર્શન પ્રાપ્ત થાય છે.

'આત્મનિવેદન'નાં સંપૂર્ણ રહસ્યનું પ્રકાશન ૩ ગ્રંથોમાં છે. જે સિદ્ધાંત રહસ્ય, નવરત્ન તથા અંતઃકરણ પ્રબોધ એ ગ્રંથો પૈકી નવરત્ન ગ્રંથ સાધકને સાધનામાં પ્રતિબંધો, આચાર–વિચાર તથા ભાવનાથી સિદ્ધિમાં નડતા હોય જેથી ચિંતા ઉદ્‌ભવે, પરિણામે સાધનામાં અપેક્ષિત 'સ્વસ્થતા'ના અભાવે–સિદ્ધિ સુધી પહોંચી શકાતું નથી.

શ્રીમહાપ્રભુજીએ ગોવિન્દ દુબેને નિમિત્ત બનાવીને–સમગ્ર વૈષ્ણવ સમાજને– 'ચિંતા–નિવૃત્તિ'નો ઉપાય બતાવ્યો છે. શ્રીદ્વારિકેશ પુષ્ટિ સેવા સમિતિ દ્વારા ઉપરોક્ત ગ્રંથનો સરળ ગુજરાતી અનુવાદ કરીને પ્રકાશન થયું છે. જે આવકાર્ય છે અને વૈષ્ણવોને આ પુસ્તક વસાવીને મનન કરવાની ભલામણ કરીએ છીએ.

૨. મહાનુભાવ શ્રીગોવિન્દ પ્રભુના વચનામૃતો કલશ–૨ : પ્રકાશક, પ્રાપ્તિસ્થાન : શ્રીગોવિન્દ પ્રભુ ટ્રસ્ટ, શ્રીગોવિન્દ પ્રભુ હોલ, ૫–વ્રજરત્ન એપાર્ટમેન્ટ, ષષ્ઠપીઠ, ચૌરા બજાર, સુરત–૩૯૫૦૦૩. ન્યોછાવર રૂ.૩૦/–

વૈષ્ણવવાણી પુષ્ટિમાર્ગીય માસિક પ્રકાશન છે. જે છેલ્લા ૨૨ વર્ષથી નિયમિત પ્રકાશીત થાય છે. જુલાઈ–૨૦૦૦નો અંક જે ભેટપુસ્તક વિશેષાંક છે.

આ ભેટ પુસ્તકમાં પૂ.પા.ગો. શ્રીગોવિન્દપ્રભુએ 'પુષ્ટિ પ્રવાહ મર્યાદા' ગ્રંથને અનુલક્ષીને જે વચનામૃતો કરેલ તે સંગ્રહિત કરીને કલશ–૨ થી પ્રકાશીત કરેલ છે. પુષ્ટિમાર્ગના આચાર્યોની પરંપરામાં આપનું ચરિત્ર ગૌરવવંતુ છે. આપશ્રીએ 'પુષ્ટિ પ્રવાહ મર્યાદા' ગ્રંથને અનુલક્ષીને કરેલા વચનામૃતોની ગ્રંથમાં વિસ્તારથી સુંદર રીતે છણાવટ કરેલ છે. સદરહુ પુસ્તકમાં પુષ્ટિનું સ્વરૂપ જ વિસ્તારથી સમજાવેલ છે. આથી પુષ્ટિ જીવોને પ્રવાહ મર્યાદા સ્વરૂપને જાણવાની જરૂર રહેતી નથી.

મુખપૃષ્ઠ ઉપર પાથો ગુજરી અને શ્રીગોવર્ધનનાથજીનું ચિત્ર સુંદર પ્રકાશીત કરેલ છે. પુસ્તકમાં ૨૪ વચનામૃતો વિસ્તારથી છે અને વચનામૃતોના અંતે અષ્ઠસખા તેમજ પ.ભ. દયારામના પદો આપેલ છે. વચનામૃતોનું એક આકર્ષણ હોય છે. કારણ તેમાં સમજાવટ હોય છે. વળી વૈષ્ણવોને વચનામૃતો પ્રત્યે સહજ વ્હાલ પણ હોય છે. 'વૈષ્ણવ વાણી' એ જે વચનામૃતો વૈષ્ણવોને પ્રાપ્ત કરાવ્યા છે તે અંગે ધન્યવાદ.

સમાચાર

☐ **જેતપુર :** આં.રા.પુ.વૈ.પરિષદ ધોરાજી શાખા દ્વારા જેતપુર મુકામે શ્રીબાલકૃષ્ણલાલજીના મંદિરમાં જૂન તા. ૨–૩ અને ૪ ત્રિદિવસીય સત્સંગનું આયોજન કર્યું હતું. સંપ્રદાયના વિદ્વાન પ.ભ. શ્રીબાબુભાઈ નાયક કડીવાળા તથા પ.ભ. કિરણબેન દ્વારા પુષ્ટિ સિદ્ધાંત ૮૪ અને ૨૫૨ વૈષ્ણવોના દ્રષ્ટાંતોથી સરળ શૈલીમાં સમજાવ્યા હતા. તેમજ સેવાનું માહાત્મ્ય તથા શ્રીઠાકોરજીનું સ્વરૂપ વિશે 'સિદ્ધાંત મુક્તાવલી'ના આધારે સમજાવ્યું હતું. સારી સંખ્યામાં વૈષ્ણવો ઉપસ્થીત થયેલા અને અલૌકિક આનંદ અનુભવ્યો હતો. જેતપુરના વૈષ્ણવ શ્રીછોટુભાઈ સોની તથા મનહરભાઈ સોનીએ આયોજક તેમજ વ્યક્તાઓનો આભાર માન્યો હતો.

☐ **વડોદરા :** શ્રીવાક્પતિ ફાઉન્ડેશન સંચાલીત 'સંસ્કાર બોધ પરીક્ષા'નો પ્રારંભ પૂ.પા.ગો.શ્રીડૉ.વાગીશકુમારજી વડોદરા દ્વારા ૧૯૯૯થી બિનસાંપ્રદાયિક રીતે કરવામાં આવેલ છે. આજનો બાળક આવતીકાલનો નાગરિક છે. ધર્મ, સંસ્કાર અને સંસ્કૃતિનું જીવનમાં સિંચન થવાથી ભારતીય સંસ્કૃતિનું સંરક્ષણ થઈ શકે જે બાળવયે સુસંસ્કાર સિંચન કરવાનો આ પરીક્ષાનો શુભાશય છે. વિશેષ માહિતી માટે શ્રીબેઠક મંદિર કેવડાબાગ, મદન ઝાંપા રોડ, વડોદરા–૩૯૦૦૦૧ સંપર્ક કરવો.

☐ **વડોદરા :** શ્રીવાક્પતિ ફાઉન્ડેશન દ્વારા સંપ્રદાયના પ્રચાર–પ્રસાર અંગે પુષ્ટિમાર્ગીય પાઠશાળાની એક સુવ્યવસ્થીત યોજના ઘડેલ છે. આ યોજના મુજબ ખાસ કરીને બાળકો માટે વિચારેલ છે. જેથી બાળકોમાં જે સંસ્કાર પડશે તે બીજની માફક યોગ્ય અને સુંદર માવજતથી ફળ–વૃક્ષમાં પરીણમશે. આ માટે ગામેગામ પાઠશાળા શરૂ થવી જોઈએ. તેમજ ઘરે ઘરે અને મહોલ્લે મહોલ્લે પાઠશાળા હોય. બાળકોને તબક્કાવાર સંપ્રદાયનું પાયાનું જ્ઞાન આપી શકાય અને વડીલો સમજી શકે તે રીતે સંસ્થાએ પુષ્ટિબાલપોથી ભાગ–૧ થી ૫ નું સંકલન અને પ્રકાશન કરેલ છે જે કોઈ ઈચ્છા ધરાવશે અને જવાબદારી લેશે તેમને સંસ્થા દરેક રીતે સહાય કરવા તત્પર છે. વિશેષ જાણકારી અને પુસ્તકો મેળવવા માટે નીચેના સરનામા ઉપર સંપર્ક કરવો.

શ્રીવાક્પતિ ફાઉન્ડેશન પ્રણિત– શ્રીશુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગીય પાઠશાળા, શ્રીબેઠક મંદિર, કેવડાબાગ,
મદન ઝાંપા રોડ, વડોદરા–૩૯૦૦૦૧. ફોન નં. ૪૩૫૫૪૩

☐ **વડોદરા :** છીન્નભીન્ન બનેલા વૈષ્ણવ સમાજને એક નેજા હેઠળ સંગઠીત કરવાના પ્રયાસોને વધુ વ્યાપક બનાવવાની તાતી જરૂરિયાત છે ત્યારે આં.રા.પુ.વૈ.પરિષદના સૌ કાર્યકરો તે દિશામાં સતત કાર્યશીલ બનીને ' વૈષ્ણવ' તરીકે આપણે સૌ એક છીએ એવી ભાવનાને પ્રબળ બનાવવાના કાર્યમાં લાગી જવા સંગઠન મંત્રી પ્રો.ચીમનભાઈ શેઠે વડોદરા શહેરના કાર્યકરોની સભામાં ખાસ અપીલ કરી હતી.

પૂ.પા.ગો. શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રી દિપ પ્રગટાવી વૈષ્ણવ પરિષદની દાંડિયા બજાર શાખાનું ઉદ્ઘાટન કરેલ. આ પ્રસંગે આપશ્રીએ તથા ગો.શ્રીવૃજલતાવહુજીએ પ્રવચન કરી માર્ગદર્શન આપેલ. ચીમનભાઈ શેઠે વૈષ્ણવ પરિષદનાં સંગઠનની જરૂરિયાત વિશે માહિતી આપેલ તથા શ્રીમતિ કોકીલાબેન શાહ તથા જ્યોતિબેન શાહની સંયોજક તરીકે નીમેલ..

નડીયાદ અધિવેશનના ઠરાવોના અમલીકરણની દિશામાં વૈષ્ણવ પરિષદ સતત જાગૃત બનીને કાર્યરત રહી છે અને તેમાં શ્રીયમુનાજીના પ્રદુષણને દૂર કરવાના પ્રયાસો અને શ્રીનાથજી ખાતે વૈષ્ણવોના ભોજનાલય માટેની કામગીરીમાં મળી રહેલી આંશિક સફળતાની જાણકારી પરિષદના મંત્રી પ્રિ.શ્રી વી.પી. પરીખે આપી હતી. દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં ગૌસેવાનાં સુંદર કાર્યોની જાણકારી સંગઠન મંત્રી શ્રીશેઠે આપી હતી.

☐ **મડગાવ (ગોવા) : શ્રીમહાપ્રભુજીના લોહગઢ (ગોવા)ના બેઠકજીમાં મંગલ મહોત્સવ :** પૂ.પા.ગો. શ્રીલાલમણીજી પ્રથમેશજી મહારાજ પ્રથમ પીઠાધીશ્વરના દ્વારા સં. ૨૦૫૬ વૈશાખ વદ–૫ તા.૨૩–૫–૨૦૦૦ના રોજ શ્રીમહાપ્રભુજી વલ્લભાચાર્યની ૮૪ બેઠકો પૈકી ૪૩ મી બેઠક લોહગઢની બેઠકનો શુભારંભ થયેલ છે. પૂ.પા. ગો.શ્રીમીલન બાવાશ્રી પણ ઉપસ્થિત રહ્યા હતા. આ શુભ પ્રસંગે સારી સંખ્યામાં વૈષ્ણવો તેમજ પંચાયતના પ્રમુખ પણ ઉપસ્થિત રહ્યા હતા. વિધિવત સ્થાપના તેમજ પ્રસંગ ખૂબજ ધામધૂમથી ઉજવવામાં આવેલ હતો. પૂ.મહારાજશ્રીના વચનામૃત થયેલ. વૈષ્ણવોએ અલૌકિક આનંદ માણ્યો. શ્રીઅમૃતલાલ દોશીએ આભારવિધિ કરેલ.

☐ **ગિરિધર સંસ્કાર સંસ્થાન ઘાટકોપર દ્વારા આયોજીત અલૌકિક સામગ્રી શિબિરનું આયોજન :** પૂ.પા.ગો.૧૦૮શ્રીરઘુનાથજી મહારાજશ્રીની પ્રેરણાથી શુક્રવાર તા.૯–૬–૨૦૦૦ થી ૧૩–૬–૨૦૦૦ બપોરે ૩–૦૦ થી ૫–૦૦ વાગ્યા સુધી બાલભવન, રાજાવાડી ખાતે યોજવામાં આવેલ હતું. વૈષ્ણવ ભાઈ બહેનોએ સારી સંખ્યામાં લાભ લીધેલ હતો. મહારાજશ્રીએ પોતાનાં પ્રવચનમાં આપણો માર્ગ અનેક કલાથી ભરપૂર છે અને સામગ્રી તો કલા વિશેષ છે જેનાથી આપણા પ્રાણપ્રિય શ્રીઠાકોરજીને રીઝવી શકાય છે. આપણા રોજીંદા જીવનમાં વિસરાઈ ગયેલી આ કલાને પુનર્જીવિત કરવાનો આ અલૌકિક અવસર આપણા નાનકડા ગોકુળરૂપી ગામ ઘાટકોપરમાં આવ્યો હતો. આ શિબિરમાં સામગ્રી શિખડાવવાની વિધિ શ્રીવસંતભાઈ તથા શ્રીઅશોકભાઈએ કરી હતી. અન્ય સંચાલન ગિરિધર સંસ્કાર સંસ્થાના સભ્યોએ કરેલ હતું. પાંચ દિવસની આ શિબિરની આભારવિધી શ્રીકનકસિંહભાઈએ કરી હતી.

☐ **સુરેન્દ્રનગર :** તા. ૨૬ જૂન સોમવારના રોજ પૂજ્ય શ્રીદ્વારકેશલાલજી મહોદય (કડી–અમદાવાદ)ના હસ્તે વૈષ્ણવ યુવા સંઘની સ્થાપના અત્રે ગોવર્ધનનાથજીની હવેલી ખાતે થઈ હતી. લખતર, જોરાવરનગર, વઢવાણમાં વચનામૃત થયા હતા. પ્રવાસમાં શાસ્ત્રીજી પ્રફુલચન્દ્ર સાથે હતા.

☐ **ગાંધીનગર :** ગાંધીનગર વૈષ્ણવસ સમાજ તથા આં.રા.પુ.વૈ.પરિષદના ઉપક્રમે તા. ૨૪ જૂન શનિવારે ગોવર્ધનનાથજી હવેલીમાં સેવા શિબિરનું ઉદ્‌ઘાટન પૂજ્ય ગો.શ્રીવ્રજેશકુમારજી (કડી–અમદાવાદ)ના હસ્તે થયું હતું. શિબિરનું સંચાલન પૂજ્ય શ્રીદ્વારકેશલાલજીએ કર્યું હતું. દ્રષ્ટાંત, સહિત માર્ગદર્શન આપ્યું હતું.

☐ **અમદાવાદ :** અમદાવાદ વૈષ્ણવ યુવા સંઘનો ત્રીજો વાર્ષિક ઉત્સવ શ્રીવલ્લભસદન ખાતે ઉજવાયો. દીપ પ્રકટાવી ઉદ્‌ઘાટન વડોદરાવાળા શ્રીદ્વારકેશલાલજીએ કર્યું હતું. કડીવાળા શ્રીગો.શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી અધ્યક્ષપદે હતા. પૂજ્ય શ્રીદ્વારકેશલાલજી (કડી–અમદાવાદ)એ વ્યસનમુક્તિના સોગંદ લેવડાવ્યા હતા. શાસ્ત્રીજી પ્રફુલચન્દ્ર ઉમરેઠવાળા શ્રીભાગવતઋષિ, શાસ્ત્રીજી મહેશકુમાર વગેરે ઉપસ્થિત હતા. શ્રીઈન્દ્રકાન્ત પરીખે માલ્યાર્પણથી સ્વાગત કર્યું હતું. શ્રીબાપોદરાજીએ વધાઈ ગીત રજુ કર્યા હતા.

☐ **અમદાવાદ :** વૈષ્ણવ યુવા જાગૃતિના સહયોગ અને બાલકૃષ્ણ સત્સંગ મંડળ બાપુનગર અમદાવાદ દ્વારા તા.૨૫–૬–૨૦૦૦ને રવિવાર પૂ.પા.ગો.૧૦૮ શ્રીરાજેશકુમારજી મહારાજશ્રી તથા પ.પૂ.ગો.૧૦૮ શ્રીકૃષ્ણકુમારજી મહોદયશ્રી (કડીવાળા)ના માર્ગદર્શન અને યુવાઆચાર્ય પ.પૂ.ગો.૧૦૮ શ્રીકુંજેશકુમારજી મહોદયશ્રીના પ્રેરક, અધ્યક્ષસ્થાને જગદ્‌ગુરૂશ્રી વલ્લભલાલજીનો કનકાભિષેક તથા વૈષ્ણવ હતું.

વિદ્વાન શાસ્ત્રીયગણ દ્વારા મંત્રોચ્ચાર વચ્ચે ઉપસ્થિત આચાર્યશ્રીઓએ શ્રીમહાપ્રભુજીનો કનકાભિષેક તથા પાદુકાજીને કેસરસ્નાન કરાવી અલૌકીક કાર્યક્રમનો આનંદ વૈષ્ણવસૃષ્ટિને કરાવ્યો હતો. ત્યારબાદ પ.પૂ.ગો.૧૦૮ શ્રીરાજેશકુમારજી મહારાજશ્રીએ પુષ્ટિનો ધ્વજ લહેરાવી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોનું સ્મરણ

કરી દરેક વૈષ્ણવે સંપ્રદાય માટે એક સૈનિકની માફક રહેવાની હાકલ કરી હતી.

ઉપસ્થિત આચાર્યશ્રીઓ પ.પૂ.ગો.૧૦૮ શ્રીહરીરાયજી મહોદયશ્રી (કડીવાળા), પ્રેરક અને અધ્યક્ષ પ.પૂ.ગો.૧૦૮ શ્રીકુંજેશકુમારજી મહોદયશ્રી (કડીવાળા), પ.પૂ.ગો.૧૦૮ શ્રીકૃષ્ણકુમારજી મહોદયશ્રી (કડીવાળા), પ.પૂ.ગો.૧૦૮ શ્રીરઘુનાથજી મહોદયશ્રી (વિરમગામ), પ.પૂ.ગો.૧૦૮ શ્રીકનૈયાલાલજી મહોદયશ્રી (વિરમગામ), પ.પૂ.ગો.૧૦૮ શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રી (વડોદરા–કાંકરોલી), પ.પૂ.ગો.૧૦૮ શ્રીવ્રજનાથલાલજી મહારાજશ્રી (રાજનગર), પ.પૂ.ગો.૧૦૮ શ્રીરાજેશકુમારજી મહારાજશ્રી (કડીવાળા) તથા પ.પૂ.ગો.અ.સૌ.કાલિન્દી બેટીજી મહોદયાએ પ્રસંગોપાપ વચનામૃતોનું પાન કરાવ્યું હતું.

પુરવઠામંત્રી શ્રીઅશોકભાઈ ભટ્ટ, વાહન વ્યવહાર મંત્રી શ્રીબિમલભાઈ શાહ, સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન શ્રીધર્મેન્દ્રભાઈ શાહ પણ હાજર રહી આ અલૌકિક કાર્યક્રમ માણ્યો હતો. સભાનું સંચાલન પરાગ પી. શાહે કર્યું હતું. પ્રસાદ વિતરણ કરી કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

□□ ગુજરાત વ્યાપી યોજાયેલી શ્રીવલ્લભ નિબંધ સ્પર્ધાનું પરિણામ □□

આં.પુ.વૈ.પરિષદ–ગુજરાત પ્રદેશ તરફથી અને પૂ.પાદ ગો.શ્રીઈન્દીરાબેટીજી સુવર્ણ જયંતિ મહોત્સવ સાર્વજનીક ટ્રસ્ટના સૌજન્યથી યોજાયેલી ગુજરાત વ્યાપી શ્રીવલ્લભ નિબંધ સ્પર્ધાનું પરિણામ સંયોજક શ્રીસી.પી.તલાટીએ જાહેર કર્યું છે.

જૂથ ૧ : (૧) દોશી શ્રુત અતુલકુમાર (પ્રથમ) આણંદ (૨) પટેલ પ્રતિકકુમાર રાજેશભાઈ (દ્વિતીય)સંખેડા (૩) કડકીયા તીર્થ કેતનકુમાર (તૃતીય) દાહોદ (૪) શેઠ મનન ટી. (ચતુર્થ) ઈન્દ્રપુરી–વડોદરા

જૂથ ૨ : (૧) શેઠ એકતાબેન રાજેન્દ્રકુમાર (પ્રથમ) ડભોઈ (૨) શાહ સપનાબેન ગજેન્દ્રકુમાર (દ્વિતીય) જરોદ (૩) શાહ સૌનકુમાર મહેશભાઈ (તૃતીય) ગોધરા (૪) શાહ કૃપાલી ચંદ્રકાંતભાઈ (ચતુર્થ) સુલતાનપુર–વડોદરા

જૂથ ૩ : (૧) મહેતા પ્રશાંતકુમાર દીલીપકુમાર (પ્રથમ) હાલોલ (૨) ભગત દર્શિનીબેન અમીતકુમાર (દ્વિતીય) કેવડિયા કોલોની (૩) શેઠ અર્ચનાબેન સતીશકુમાર (તૃતીય) કારેલીબાગ–વડોદરા (૪) સોની રોનકકુમાર કૃષ્ણવદનભાઈ (ચતુર્થ) ગોધરા (૫) શાહ રૂપલબેન તુષારભાઈ (આશ્વાસન ઈનામ) ન્યુસમા–વડોદરા (૬) શાહ જીગીષાબેન અરવિંદભાઈ (આશ્વાસન ઈનામ) માંજલપુર–વડોદરા (૭) શૈલી નીમા–સતીગેટ (આશ્વાસન ઈનામ) ઉજ્જૈન–મ.પ્ર.

જૂથ ૪: (૧) શાહ પ્રવિણચંદ્ર મગનલાલ (પ્રથમ) જરોદ (૨) શાહ પ્રવિણાબેન ભુપેન્દ્રભાઈ (દ્વિતીય) કારેલીબાગ–વડોદરા (૩) ડૉ.કૃષ્ણકાંત શાંતિલાલ શાહ (તૃતીય) આણંદ (૪) શાહ તરૂણાબેન ભરતભાઈ (ચતુર્થ) સુરત (૫) શાહ નિશાબેન રાજુભાઈ (આશ્વાસન ઈનામ) હાલોલ (૬) શાહ વર્ષાબેન મિતેષકુમાર (આશ્વાસન ઈનામ) પેટલાદ

□□ પુષ્ટિ સાહિત્ય પ્રેમીઓને નિવેદન □□

(૧) વ્રતોત્સવાવલિ ભાગ ૧ થી ૪ (૨) શ્રીમથુરા–વ્રજમંડલ (૩) શ્રીનાથજી બાવા

ઉપરોક્ત ૬ પુસ્તકો અત્યારે અપ્રાપ્ય છે. પુષ્ટિ સમાજમાં તેની માંગ છે. પરંતુ અનિવાર્ય સંજોગોવશાત્ પ્રકાશક સંસ્થા આ પુસ્તકોની બીજી આવૃત્તિ છપાવી શકે તેમ નથી. તે પ્રકાશનના હકક–રસ ધરાવતી સંસ્થા, ટ્રસ્ટ કે વૈષ્ણવોને આપવા ઈચ્છા છે. તો રસ ધરાવનારે નીચે સંપર્ક કરવો.

[રવજી પ. પટેલ 'અમૃત' જલારામ–૧ માર્ગ–૩, યુનિવર્સિટી રોડ, રાજકોટ–૩૬૦૦૦૫.]

શ્રદ્ધાંજલિ

આં.રા.પ.વૈ.પરિષદના કેન્દ્રીય મંત્રી તથા ગુજરાત પ્રદેશના સંગઠન મંત્રી શ્રીચીમનભાઈ એમ. શેઠનું હૃદયરોગનો હુમલો આવવાથી દિનાંક ૫–૭–૨૦૦૦ ને દિને વડોદરા મુકામે નિધન થવાથી વૈષ્ણવ પરિષદના સર્વે કાર્યકરોએ આઘાતની લાગણી અનુભવેલ છે.

સદ્ગત શ્રીચીમનભાઈ શેઠ બચપણથી જ રા.સ્વ.સંઘના સ્વયંસેવક તરીકે જોડાતા માનવતા, ધર્મપરાયણતા તેમજ રાષ્ટ્રભક્તિના ગુણોના રંગે રંગાયા અને આદર્શ, નિષ્ઠાવાન, કર્મઠ કાર્યકર તરીકે સમાજને હરહંમેશ માર્ગદર્શક બનવાના ગુણો સાથે પોતાની કારકિર્દી શરૂ કરી. કપડવંજમાં વ્યવસાય તરીકે પ્રોફેસર બની અનેક વિદ્યાર્થીઓને સંસ્કારિતાના માર્ગદર્શન આપી જીવનનો સાચો રાહ બતાવતા તેમજ વિશ્વ હિન્દુ પરિષદ તથા જનસંઘના કાર્યકર તરીકે કપડવંજ જિલ્લાનો કાર્યભાર સંભાળી સમાજસેવાના કાર્યમાં હંમેશા રત રહેતા તેમજ ગોવા સત્યાગ્રહ તથા કચ્છ સત્યાગ્રહમાં સત્યાગ્રહી તરીકે જોડાઈ જેલવાસ ભોગવેલ.

વૈષ્ણવ પરિષદના માર્ગદર્શક પરમ વંદનીય પૂજ્યપાદ આચાર્ય નિ.લી. શ્રીપ્રથમેશજી મહારાજશ્રીને પોતાના પ્રવાસમાં વૈષ્ણવ માતા–પિતાના પુત્ર એવા શ્રીચીમનભાઈ શેઠનો સંપર્ક થતાં તેમાં વૈષ્ણવતા તથા કર્મઠ કાર્યકર્તાના ગુણો જોઈ આપશ્રીએ વૈષ્ણવ પરિષદના માળખામાં રહી સેવા કરવાની આજ્ઞા કરતા તેમજ વૈષ્ણવ પરિષદની કેન્દ્રીય કારોબારીના સભ્ય તરીકે સને ૧૯૭૯માં સ્થાન આપ્યું.

ત્યારથી જીવનના છેલ્લા શ્વાસ સુધી વૈષ્ણવ પરિષદના કેન્દ્ર તથા પ્રદેશના હોદેદરા તરીકે સ્થાન પામી સતત કાર્યશીલ રહીને પુષ્ટિ સંપ્રદાયનો પ્રચાર–પ્રસાર કરવો તથા સંરક્ષક તરીકે બાહ્ય પરિબળો સામે લડત આપવી, બાળકો તથા યુવાનો ધર્મપરાયણ તેમજ સંસ્કારી બને તેમજ પુષ્ટિ ભક્તિનો વ્યાપ વધે તે માટે સાંપ્રદાયિક સિદ્ધાંતોના વિષયને લઈને લઈ વક્તૃત્વ સ્પર્ધા–નિબંધ સ્પર્ધા–પાઠશાળાઓનું સંચાલન તેમજ જુદા જુદા ભગવદીજનોનો સાથ લઈ અભ્યાસ વર્ગોનું આયોજન, વૈષ્ણવ પરિષદની શાખાઓ વધે તે માટે માર્ગીય વિદ્વાનો સાથે પૂજ્યપાદ ગોસ્વામી બાળકોના ઠેર ઠેર વચનામૃતોના કાર્યક્રમો તથા ઉત્સવ ઉજવણીના આયોજન ગોઠવવા તેમજ કુદરતી આપત્તિ–દુષ્કાળ–વાવાઝોડા–ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં માનવ તથા પશુપંખીને વૈષ્ણવ પરિષદના માધ્યમ દ્વારા રાહતરૂપ બનવા હરહંમેશ જાગૃત એવા જીવનના છેલ્લા શ્વાસ સુધી સતત કાર્યશીલ સંનિષ્ઠ–કર્મઠ કાર્યકર્તા એવા ચીમનભાઈ શેઠનું નિધન થવાથી સમગ્ર વૈષ્ણવ સમાજે માર્ગદર્શક કાર્યકર્તા ગુમાવતા આઘાતની લાગણી અનુભવેલ છે.

શ્રીચીમનભાઈ શેઠનું નિધન થવાથી તેમના પરિવારજનો, સતત એમનાં કાર્યમાં મદદરૂપ થનાર તેમના પત્ની, પુત્ર–પુત્રવધુ વિગેરે ઉપર આવી પડેલ દુઃખ સહન કરવાની શક્તિ પરમ કૃપાળુ પરમાત્મા તેઓને આપે તેવી પ્રાર્થના સાથે વૈષ્ણવ પરિષદના કેન્દ્ર તથા પ્રદેશનાં અધિકારીઓ–શ્રીવલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ, રાજકોટના સર્વે કાર્યકરો– 'શ્રીવલ્લભસુધા' માસિકનું સંપાદક મંડળ સમવેદના વ્યક્ત કરે છે.

શ્રાવણ વદ ૧૩ તા. ૨૭–૮–૨૦૦૦ રવિવારઃ ગો.શ્રીરાકેશકુમારજી મહારાજશ્રી (બોરીવલી–જામખંભાળીયા)નો જન્મદિન.

શ્રાવણ વદ ૧૪ તા. ૨૮–૮–૨૦૦૦ સોમવારઃ શ્રીકાકાવલ્લભજીનો ઉત્સવ (સંવત ૧૭૦૩) તથા લાલા લહેરી ગોપાલલાલજીનો ઉત્સવ (સંવત ૧૯૧૦)

ભાદરવા સુદ ૧ તા. ૩૦–૮–૨૦૦૦ બુધવારઃ ગો.શ્રીનવનીતલાલજી મહારાજશ્રી (ગોકુલ–કામવન–વિરમગામ)નો જન્મદિન.

ભાદરવા સુદ ૨ તા. ૩૧–૮–૨૦૦૦ ગુરૂવારઃ વરાહ જયંતિ. સામવેદની શ્રાવણ. શ્રીરાધાજીની વધાઈનો પ્રારંભ.

ભાદરવા સુદ ૩ તા. ૧–૯–૨૦૦૦ શુક્રવારઃ હરિતાલિકા–હરિયાળી–કેવડાત્રીજ. ગણેશચતુર્થી

ભાદરવા સુદ ૪ તા. ૨–૯–૨૦૦૦ શનિવારઃ ગો.ચિ.શ્રીરસિકવલ્લભજી (મથુરા)નો જન્મદિન. ઋષિપંચમી.

ભાદરવા સુદ ૫ તા. ૩–૯–૨૦૦૦ રવિવારઃ દ્વિતીય સ્વરૂપ શ્રીચંદ્રાવલીજીનો ઉત્સવ. ગો.ચિ.શ્રીગોપીનાથ દીક્ષિતજી બાવાશ્રી (મુંબઈ)નો જન્મદિન.

ભાદરવા સુદ ૬ તા. ૪–૯–૨૦૦૦ સોમવારઃ ગો.ચિ.શ્રીયોગેશકુમારજી બાવાશ્રી (સુરત–વડોદરા)નો જન્મદિન.

ભાદરવા સુદ ૮ તા. ૬–૯–૨૦૦૦ બુધવારઃ શ્રીરાધાષ્ટમી. ગો.શ્રીવ્રજજીવનજી મહારાજશ્રી (મુંબઈ–કાંદીવલી–અમરેલી)નો તથા ગો.ચિ.અભિષેકકુમારજી બાવાશ્રી (મથુરા–ધોરાજી)નો જન્મદિન.

ભાદરવા સુદ ૯ તા. ૭–૯–૨૦૦૦ ગુરૂવારઃ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પ્રારંભ.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ

૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ

૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી

૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ.ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.

૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી–મુંબઈ)

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-08-2000.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

[illegible]
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન.

સતસૈયા

૨. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

માં પર મેરે પ્રાનપતિ !
અતરાજી જો આપ ।
તો ન પાપ પરિતાપ સબ,
પુણ્ય હોંયગે પાપ ॥ (૨૫)

ટીકા : આના અર્થ બે છે. (૧) મારા પ્રાણપતિ એવા શ્રીકૃષ્ણચંદ્ર ! મારી ઉપર જો તમારી અતરાજી (અપ્રસન્નતા) તો પણ મને પાપનો પરિતાપ નથી. શા માટે કે તમારી ઈતરાજીથી મારાં સઘળાં પુણ્ય હશે તેઓ પણ પાપરૂપ થઈ જશે તો મારા પાપને ક્યાં રડું ?

હવે બીજો અર્થ (૨) હે શ્રીજી! તમે જો મારી ઉપર અતરાજી કહેતાં અતિશય રાજી હશો તો મારા પાપનો પ્રતાપ કહેતાં જે બળ તે નહીં ચાલે. તે શા માટે કે સઘળાં પાપ હશે તેઓ પણ પુણ્યરૂપ થઈ જશે. તમારી ઘણી પ્રસન્નતા એ જ ફલ. કાંઈ સુકર્મ–કુકર્મનું પ્રમાણ નહીં. હરિની પ્રસન્નતા થાય તે કરવું. (૨૫)

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **'શ્રી વલ્લભસુધા'**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. **ફોનઃ ૩૬૨૧૩૮**
કોમ્પ્યુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. **ફોન : ૨૪૦૫૪૧.**

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલીત

શ્રી વ લ્લ ભ સુ ધા





વચનસુધા

મુલતઃ સ્વધર્મનું આચરણ કરવું—યથાશક્તિ, આ વલ્લભાચાર્યનો આદેશ છે. પરંતુ તેની સાથે એક વસ્તુ વિચારણીય એ છે કે સ્વધર્મનું આચરણ કરવું, એમાં શક્તિનો શબ્દપ્રયોગ કરે છે—વલ્લભાચાર્ય કે જેવી શક્તિ હોય, એનો અર્થ એ નથી કે શક્તિ આપણી વધારે હોય ને સ્વધર્મના આચરણમાં ઓછી વાપરીએ. એ નથી વાત. પણ યથા શક્તિ આપણે આચરણ કરવું. પણ ત્યાં આપણને ઉપદેશ મળે છે કે 'વિધર્માચ્ચ નિવર્તનમ્' વિધર્મથી નિવૃત્ત થવું એમાં યથા શક્તિની વાત નથી. વિધર્મથી નિવૃત્ત થવું આ એક સિદ્ધાંત છે. કઈ રીતે? કે ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં ગીતામાં આજ્ઞા કરે છે, 'સ્વધર્મા ચરણં શકત્યા' જેમ વલ્લભાચાર્ય કહે છે. એવી જ રીતે શ્રીકૃષ્ણના વાક્યો છે કે 'સ્વધર્મે નિધનં શ્રેયો' પોતાના ધર્મમાં નિધન—જે મૃત્યુ જે છે તે પણ શ્રેયસ્કર છે, 'પરધર્મો ભયાવહઃ' પર ધર્મ જે છે એ ભયાવહ છે, માટે સ્વધર્મ છે એની આપણા સમાજને સમજ પડે, તો સમાજમાં રાગ—દ્વેષ આવે નહીં. કારણ કે ભગવાન સ્વયં રસાત્મક છે. અને ભગવદ્ લીલાને આપણે રસરૂપ માનીએ છીએ.

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ, શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા—૨ પૃષ્ઠ—૩૩—૩૪)

ગૌરક્ષા—ગો—પાલનમાં તત્પર બનો

☐ પ્લાસ્ટીકની પાતળી કોથળી જ્યાં ત્યાં ન નાંખો. તે ખાઈ જવાથી અસંખ્ય ગાયો બીમાર થાય છે, અને મૃત્યુ પામે છે. આ એક ઘોર અપરાધ છે.

☐ શ્રીગિરિરાજજીના ઉલ્લંઘનના અપરાધથી બચવા—ગોવર્ધન ગામમાંથી શ્રીગિરિરાજજી ઉપર જતી સડકનો ઉપયોગ ન કરો. આન્યોરના રસ્તેથી પૂછરી થઈને જતીપુરા જવું. આ રીતે શ્રીગિરિરાજજીની મર્યાદા અવશ્ય જાળવો.

વર્ષ : ૧૯ **અંક : ૬**
વિક્રમ સંવત : ૨૦૫૬ **શ્રીવલ્લભાબ્દ : ૫૨૩** **સપ્ટેમ્બર, ૨૦૦૦**



વાર્ષિક લવાજમ
રૂ.૪૦/-
આજીવન લવાજમ
રૂ.૫૦૧/-



"શ્રીવલ્લભસુધા" કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

આ માસના ઉત્સવ

ભાદરવા સુદ ૧૧ તા. ૯–૯–૨૦૦૦ શનિવારઃ પરિવર્તિની (દાન) એકાદશી વ્રત. લેખવાળા શ્રીપુરૂષોત્તમજી (સુરત)નો ઉત્સવ. (સં.૧૭૧૪) દાનના પદ આજથી ભાદરવા વદ ૧૧ સુધી ગવાય છે. શ્રીકૃષ્ણચંદ્રજીનો પ્રભાસક્ષેત્રમાં દેહોત્સર્ગ. શરદઋતુનો પ્રારંભ થઈ કારતક સુદ ૧૦ સુધી.

ભાદરવા સુદ ૧૨ તા. ૧૦–૯–૨૦૦૦ રવિવારઃ વામન જયંતિ વ્રત. ભક્ત કવિશ્રી દયારામભાઈનો જન્મદિન (સં.૧૮૩૩)

ભાદરવા સુદ ૧૪ તા. ૧૨–૯–૨૦૦૦ મંગળવાર : ગો.ચિ.શ્રીશિશિરકુમારજી (કામવન)નો જન્મદિન.

ભાદરવા સુદ ૧૫ તા. ૧૩–૯–૨૦૦૦ બુધવારઃ પૂર્ણિમા. શ્રીમદ્ ભાગવત સપ્તાહ સમાપ્તિ. સાંઝીનો પ્રારંભ. આજથી અમાસ સુધી સાંઝીના પદ બોલાય.

ભાદરવા વદ ૧ તા. ૧૪–૯–૨૦૦૦ ગુરૂવારઃ શ્રીબાલમુકુન્દજીનો પાટોત્સવ (લાડુબેટીજી મંદિર–મુંબઈ) તથા શ્રીમુકુંદરાયજી (કાશી)નો પાટોત્સવ. આજથી મુરલીના પદ વિજયા દશમી સુધી બોલાય. શ્રાદ્ધ–મહાલયનો આરંભ.

ભાદરવા વદ ૨ તા. ૧૫–૯–૨૦૦૦ શુક્રવારઃ ગો.ચિ.શ્રીદ્રુમિલકુમારજી (સુરત–વડોદરા)નો જન્મદિન.

ભાદરવા વદ ૪ તા. ૧૭–૯–૨૦૦૦ રવિવારઃ ગો.શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રી (સુરત–વડોદરા)નો જન્મદિન.

ભાદરવા વદ ૫ તા. ૧૮–૯–૨૦૦૦ સોમવારઃ શ્રીહરિરાયજી (૪૧ શિક્ષાપત્રવાળા)નો ઉત્સવ (સંવત ૧૬૪૭)

ભાદરવા વદ ૮ તા. ૨૧–૯–૨૦૦૦ ગુરૂવારઃ શ્રીમહાપ્રભુજીના જયેષ્ઠ પુત્ર શ્રીગોપીનાથજીના લાલજી શ્રીપુરૂષોત્તમજીનો ઉત્સવ (સંવત ૧૫૮૭)

ભાદરવા વદ ૯ તા. ૨૨–૯–૨૦૦૦ શુક્રવારઃ અવિધવા નવમી. સૌભાગ્યવતી સ્ત્રીઓનું શ્રાદ્ધ. ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી (કડી–અમદાવાદ)નો જન્મદિન.

ભાદરવા વદ ૧૧ તા. ૨૪–૯–૨૦૦૦ રવિવારઃ ઈન્દિરા એકાદશી વ્રત.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

વર્ષ : ૧૯ અંક : ૬ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૩ ☐ સપ્ટેમ્બર, ૨૦૦૦

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યુ સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

ચોરાશી અપરાધ

[પ્રાચીન હસ્તલિખીત પુસ્તકો તેમજ કેટલેક સ્થળે થી મૂદ્રિત થયેલ પુસ્તકોમાં ચોરાસી અપરાધ શીર્ષકના લેખ મળે છે. જે અત્રે પ્રગટ કરેલ છે.]

અપરાધ આડત્રીસમો : 'ચાવલ ભલી ભાંત સું તીનબેર ધોવેં'

શ્રીઠાકોરજીને ભોગ ધરવાની સામગ્રી કરતાં શુદ્ધતાની કાળજી રાખવાને હવે જણાવે છે, કે ચાવલ ચોખા–સારી રીતે ત્રણ વખત ધોઈને પછીજ આંચ પર ચડાવવા, જેથી કંઈપણ ફોતરી–કસ્તર ન રહે. શ્રીઠાકોરજી પરમ ચતુર શિરોમણી છે, તેમના માટે સામગ્રી કરવામાં આપણાથી બને તેટલી વધુને વધુ કાળજી લઈ સુંદર ઉત્તમ વસ્તુ બનાવવી. આમાં ચૂક પડે તો અપરાધ લાગે.

અપરાધ ઓગણચાલીસમો : 'ચૂન નિત્ય છાને'

ચૂન એટલે લોટ–આટો તે દળીને ચાળીને રાખ્યો હોય તો પણ જ્યારે તે રસોઈના કામમાં લેવો હોય ત્યારે ફરી ચાળીને જ ઉપયોગમાં લેવો જોઈએ–અન્યથા–ધનેડા કે બીજા શુક્ષ્મ જંતુઓ આવી જવાથી–અપરાધ પડે.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભસુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતનાં રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રીવલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

વર્ષાઋતુના પદો

રચયિતા: ગો.શ્રીગોકુલેશબાવા (જૂનાગઢ)

પ્રકૃતિ, અલાપત રાગ મેઘ
બરસન જલ સંગ હૃદેમેં
વધ્યો પ્રેમ પ્રવેગ.૧
મોર પપૈયા દાદુર બોલે
વનકું રહે સંવેદ.
મન કરત ગોવીંદ ગુણ ગાવન
બઢયો આનંદકો વેગ.

નભમેં, ઉમડ આઈ હે ઘટા
ગરજ ગરજ બરસત જલ રીમઝીમ
શુષ્કતા સબ હટા.૧
મોર પપીહા બોલન લાગે
પ્રકૃતિકી અદ્‌ભુત છટા.
વર્ષાઋતુમેં સ્યામદરસન દેવે
સબ દુઃખદ્વન્દ મીટા.૨

નભમેં બરસન લાગે બદરા
પુલકિત જાગૃત લાગત ભૂમિ
ત્યજી સુષુપ્ત નિંદરા.૧
મલિનતા સબ દૂર હુઈ
જૈસે ન્હાઈ હો ધરા.
અનૂપમ સૌંદર્ય લાગત વનઉપવન
ભૂમિ પર હરિ ચદરા.૨
સ્યામ વિના સુનો સભ લાગત
દરસન દે જો આજ.
ફીર ઉમંગમે કછૂ કમી ન રહે
દુઃખ વિરહ જાયે ભાજ.૩

રીમઝીમ છમછમ બરસત મેહ
સ્યામસ્મરણ ઔર વર્ષાઋતુ
તડપન લાગત દેહ.૧
વિરહ આર્તિ પ્રજ્જવલિત હોત
પરમ પ્રવેગી હોત સ્નેહ
તનમન સ્યામકી ચટપટી લાગે
ભક્તિ આરાધે જેહ.૨

॥ શ્રી કૃષ્ણાંય નમઃ ॥
॥ શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

સંન્યાસ નિર્ણય

☐ કાકા શ્રીવલ્લભજી કૃત વિવૃતિ ☐
☐ ભાષાંતર : શ્રીબાબુભાઈ પી. નાયક– કડી ☐

—ગતાંકથી ચાલુ

પશ્ચાતાપનિવૃત્ત્યર્થં પરિત્યાગો વિચાર્યતે ।
સ માર્ગદ્વિતીયે પ્રોક્તો ભક્તૌ જ્ઞાને વિશેષતઃ ॥૧॥

શ્લોકાર્થઃ પશ્ચાતાપ દૂર કરવા માટે પરિત્યાગનો વિચાર કરવામાં આવે છે. એ ભક્તિમાર્ગ અને જ્ઞાનમાર્ગ એમ બે માર્ગોના ભેદથી અલગ કહેલો છે.

વિવૃત્તિ ભાવાનુવાદઃ ભક્તને પોતાના હિતનું જ્ઞાન ન હોવાના કારણે, ભગવાન તેઓનું કલ્યાણ કરવાની ભાવનાથી કહે છે. જે ભક્ત સાધન અવસ્થામાં હોય, તેણે તેની ઈચ્છા હોવા છતાં પણ જો તે ત્યાગને માર્ગે જાય (એટલે કે સંન્યાસ લે) તો તેનું પતન થવાની શંકાથી તે હાથે કરીને પોતાનો નાશ કરે છે. પછી ભક્તના પ્રભુસ્વરૂપના અજ્ઞાનને કારણે અને ત્યારપછી સેવાના અનોસરમાં ભાવનાની અવસ્થામાં ભક્તને તાપ–ક્લેશ થાય છે. તે મનમાં વિચારે છે કે મારી ઈચ્છા હોવા છતાં પણ મેં મહાફલનો પરિત્યાગ કર્યો એટલે ભગવાને મારો વિઘાત કર્યો. તેથી મને એમ લાગે છે કે મારા પર ભગવાનની કૃપા નથી. એથી હું ફલપ્રાપ્તિનો અધિકારી નહીં હોવાથી મારું કરેલું બધું વ્યર્થ ગયું.

તન્નિવૃત્ત્યર્થં પરિત્યાગઃ તેની નિવૃત્તિને માટે પરિત્યાગ કરવો જોઈએ. અહીં શંકા થાય કે કોણે પરિત્યાગ કરવો જોઈએ? ક્યારે કરવો જોઈએ? શા માટે કરવો જોઈએ? તે પરિત્યાગના સ્વરૂપનો વિચાર કરવો જોઈએ. પોતાના મનમાં તેનો યુક્તિપૂર્વક પરિશીલન એટલે કે મનમાં ખૂબ ખૂબ વિચાર કરવો જોઈએ. તે ત્યાગના સ્વરૂપનો વિચાર કરવાથી મનમાં તાપ–ક્લેશ થશે, પણ સારી રીતે વિચારતાં ભક્તને એમ લાગશે કે ના, તેવો ત્યાગ મારે કરવો જોઈએ નહીં. સાધનદશાના ભક્તે આવો ત્યાગ ન કરવો જોઈએ, પરંતુ ફલ અવસ્થાએ પહોંચેલો ભક્ત જો આવો ત્યાગ કરે તો તે આવકાર્ય છે. ભક્તિમાર્ગીય જીવને ફળના અનુભવ વખતે દેહ, ઈન્દ્રિયો વગેરેને પ્રભુને સમર્પિત કરીને ત્યાગ કરવો. તેવો ત્યાગ અધિકાર ભેદથી પૂર્વે સિદ્ધ ત્યાગ કે પરિત્યાગ સારો છે. તેનાં સ્વરૂપમાં જ ફક્ત ભેદ દેખાશે. તેનું ભક્તને જ્ઞાન પણ થશે કે મારી સાધન અવસ્થાને વખતે જ મેં આવો ત્યાગ કર્યો છે. તેથી પ્રભુ તે ત્યાગ ટકાવી રાખવા તેના પર કૃપા પણ કરે છે. પોતાના પર પ્રભુએ કૃપા કરી છે તેવું કૃપાજ્ઞાન તેને થવાથી તેના પશ્ચાતાપની નિવૃત્તિ થાય છે. એવો ભાવ સમજવો.

શ્રીમહાપ્રભુજીએ સ્વમાર્ગમાં ત્યાગ કરવાના નિશ્ચયને સ્વનિર્માણ કહ્યો જ છે. ફલરૂપા ભક્તિના અનુભવ માટે બંને માર્ગમાં ભેદથી (જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગના ભેદથી) વિશેષ

પ્રકારનો કહેલો છે. છતાં પણ કર્મમાર્ગમાં આશ્રમધર્મને અનુસરીને ત્યાગ કરવાનું સમજાવ્યું છે છતાં પણ જ્યાં સુધી જીવથી બની શકે ત્યાં સુધી જ ત્યાગ કરવાનું કહ્યું છે. વિશેષપણાથી ત્યાગ કરવો નહીં.

આ ત્યાગમાં કર્મમાર્ગનો પણ સમાવેશ થતો હોવાથી એમાં પણ કરવો પડતો હશે એવી શંકા થાય તો બીજા શ્લોકમાં તેનું સમાધાન કર્યું છે.

કર્મમાર્ગે ન કર્તવ્યઃ સુતરાં કલિકાલતઃ ।
અતઃ આદૌ ભક્તિમાર્ગે કર્તવ્યત્વાદ્વિચારણા ॥૨॥

શ્લોકાર્થઃ ભક્તિમાર્ગમાં ત્યાગ કરવો યોગ્ય ગણેલો હોવાથી, શરૂઆતમાં તેવા ત્યાગ વિશે વિચાર કરીએ છીએ, કારણ કે કલિકાલ હોવાને કારણે કર્મમાર્ગમાં ત્યાગ કરવો જરા પણ યોગ્ય નથી.—૨

વિવૃત્તિ ભાવાનુવાદઃ શાસ્ત્રોમાં કર્મમાર્ગમાં જુદાં જુદાં વિધાનો પ્રાપ્ત થાય છે. કર્મમાર્ગ માટે એવું વિધાન છે કે આપણે જ્યાં સુધી જીવીએ ત્યાં સુધી અગ્નિમાં હોમ કરવો જોઈએ. જ્યારે સંન્યાસી માટે અગ્નિમાં હોમ કરવાનો નિષેધ બતાવ્યો છે. આ સંજોગોમાં કર્મમાર્ગમાં ત્યાગને કે વૈરાગ્યને અવકાશ જ રહેતો નથી. વૈરાગ્ય આવવાથી સંન્યાસ લેવામાં આવતાં શાસ્ત્રોએ બતાવેલા કર્મ થઈ શકતાં નથી. શાસ્ત્રોએ દરેકને માટે નિયત કરેલાં કર્મ કરવાની આજ્ઞા કરી છે

ભક્તિમાર્ગમાં શ્રવણ વગેરે સાધનો થાય એ માટે ત્યાગ કરવો જોઈએ એવા મતનું નીચેના શ્લોકમાં પૂર્વાર્ધથી ખંડન કર્યું છે.

શ્રવણાદિપ્રસિદ્ધ્યર્થં કર્તવ્યશ્ચેત સ નેષ્યતે ।
સહાયસંગસાધ્યત્વાત્ સાધનાનાં ચ રક્ષણાત્ ॥૩॥

શ્લોકાર્થઃ શ્રવણ વગેરેમાં પ્રવૃત્તિ થાય એ માટે ત્યાગ કરવો એમ જો કહેવામાં આવતું હોય તો તે ઈચ્છવા યોગ્ય નથી, કારણ કે શ્રવણ વગેરે પ્રેરકના સંગથી થઈ શકે તેવું છે. માટે શ્રવણ વગેરે સાધનોનું રક્ષણ કરવું જરૂરી છે—૩

વિવૃત્તિ ભાવાનુવાદઃ હવે સાધન સિદ્ધ કરવાના હેતુથી, ઘર વગેરે અનુકૂલ હોય, છતાં પણ પોતાની આસક્તિ તેમાંથી ઓછી કરવાના કારણે, બંધન કરનારા સાધનોનો સંસર્ગ દૂર કરવા, ત્યાગ કરવો જોઈએ એ શું યોગ્ય છે? આવો પરિત્યાગ ભક્તિમાર્ગમાં કરવો તે ઈચ્છવા યોગ્ય નથી. તેનાથી ઈષ્ટ ફલની પ્રાપ્તિ થતી નથી. ઘર વગેરે ભક્તિ કરવામાં પ્રતિકુલ હોય તો તેમનો ત્યાગ કરવો કદાચ યોગ્ય ગણાય. બાકી તો ઘર વગેરેમાં રહેવાથી ભક્તિમાં તે બધા સહાય કરનારા પ્રેરકો છે. તેઓ પોતપોતાના મત પ્રમાણે શ્રવણાદિમાં પ્રેરણાં કરનારા છે. શ્રવણ વગેરે કરવામાં તેઓ સહાયભૂત હોવાથી તેમનો સંગ તો અનુકૂળ જ રહે. જો ભક્તિમાર્ગમાં જીવ એકલો રહે તો તે પુસ્તકો વગેરેનું અવલોકન, પઠન, શ્રવણ કોનાથી કરે? માટે ભક્તિમાર્ગમાં તો ઘર વગેરેની આવશ્યકતા સ્વીકારી તેનું રક્ષણ કરવાની આજ્ઞા કરી છે. પુસ્તકોનું પઠન, શ્રવણ વગેરે કરી શકાય તે હેતુ માટે ઘર વગેરે સાધનોનો સ્વીકાર કરવામાં આવ્યો છે તેમ સમજવું. તેથી સિદ્ધિ માટે પણ પરિત્યાગ ન કરવો ઈષ્ટ ગણ્યો છે.—૩

—ક્રમશઃ

ભક્તિપોષણ

વિવેચક: પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

શ્રીગિરિવરધર સેવતાં ભય રાખવો ભૂપતિ સમાન;
બાળક સમ વાત્સલ્યતા ધરવો સ્નેહ તે જાર સમાન
જાર સમાન પ્રિય પ્રભુ લાગે, તો દુઃખ જનમ જનમનાં ભાગે
પ્રેમ પિયૂષ પીધૂં તે જાણે, નથી સ્વાદ કોઈ એહ પ્રમાણે
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૭૬)

વિવેચન : આ ચંદ્રાવળામાં કવિશ્રી ખાસ ત્રણ વિષયો સમજાવે છે. તેમાં પ્રભુની સેવા, ડર, વાત્સલ્યતા, પ્રેમપિયૂષ.

પ્રભુની સેવા કરવામાં સાવધાની વર્તવી, કે જેથી રખેને કોઈ અપરાધ પડી જાય. ડર તે રાજાની સમાન રાખવો, જે કોઈ અપરાધ કરે તેને રાજા દંડ આપે. જ્યાં સુધી સાનુભાવ ન મળે, પ્રભુ માંગીને ન આરોગે ત્યાં સુધી આ રીતનું પાલન કરવું.

વાત્સલ્ય ભાવ તે બાળભાવ બાળક સમાન. જેમ બાળક અજ્ઞાન છે, તેને દરેક પ્રકારથી રાજી રાખવા માતા સમાન મમતાભાવ રાખવો. યશોદાજીએ પ્રભુને બાળરૂપથી જ સેવ્યા. બાળક માટે પડતો શ્રમ તે સ્નેહમાં પરિણમે છે. બાળકની સંભાળમાં આનંદ આવે છે.

સ્નેહ : તે તો જાર સમાન શ્રુતિરૂપા પરકીયા હતા. શ્રીસ્વામિનીજી સિવાય બધાનો પરકીયા ભાવ જાર સમાન ગણાય છે. જેમ કે લૌકિકમાં કામી પુરૂષ પરાઈ સ્ત્રી સાથે સંબંધ ધરાવવામાં આનંદ માને છે. તેને માટે મધ્યસ્થતા દુતિનું પણ સ્નેહથી માન રાખે છે. કામ તો બીજી સ્ત્રી છે, પરંતુ મધ્યસ્થા માટે તેનું મહત્વ રાખે છે.

મધ્ય દુતિકારૂપ ભગવદ્ ભક્ત જાણે ભગવદ્ ભક્તની સાથે જો મિત્રતા હોય તો તેનાં દ્વારા પ્રભુનું ગુણાનુવાદ સાંભળીને ભગવાન પ્રત્યે પ્રીતિ થાય છે. પ્રભુને પ્રાપ્ત કરવા તે ધ્યેય હોઈ તેને માટે ભગવદ્ ભક્ત સહાયક હોઈ, તેનાં પ્રત્યે પ્રીતિ રાખવી. આ પ્રકારે જો પ્રભુમાં પ્રિત રહે તો જનમ જનમનાં દુઃખ ભાંગે.

પ્રેમપિયૂષ : જેણે એકવાર અમૃતનો સ્વાદ ચાખ્યો તેને જગતનું સુખ ખારા સમુદ્રના પાણી જેવું લાગે છે. ભગવદાસક્તિતે ભજનાનંદ. સંસારાસક્તિ તે વિષયાનંદ. ભગવદ્ભક્તિરૂપી અમૃતનો સ્વાદ માણ્યા પછી સંસારી સુખ તેને ખારા સમુદ્રનાં પાણી જેવું લાગે છે, જેને વિષયાનંદ કહે છે. જેવી રીતે અમૃતપાન કરવાવાળાને મૃત્યુનો ભય રહેતો નથી, કાળરૂપી સર્પ તેને સૂંઘતો પણ

નથી, તેવી રીતે સદા વિષયાનંદ પર જ મગ્ન રહેવાવાળાને અમૃતનાં સ્વાદની ખબર જ નથી. તે તો ખારા પાણીમાંજ મોજ કરે છે. તેથી તેને જ યમરાજનો ડર કાયમ રહે છે.

જેણે પોતાનું ચિત્ત સર્વ ભાવ વડે પ્રભુમાં જોડયું છે, તે તો નિર્ભય જ છે. જેને પ્રભુ સિવાય અન્ય જગ્યાએ રૂચિ નથી, તે પોતાનાં દેહની રક્ષા પણ પ્રભુ સેવા માટે જ કરે છે. પ્રભુ જેને પ્રાણપ્રિય છે, તે શુદ્ધ મનથી એકાગ્ર ચિત્તથી સર્વાત્મભાવથી પ્રભુનું જ સુખ વિચારીને સેવા, સ્મરણ, મન, વચન, કર્મ, ત્રણે એકમાં જ પરોવી રહે છે, તે પ્રભુને પ્રાણ પ્યારો છે. પોતાનું સુખ નહીં પણ બાળભાવથી પ્રભુને સુખ પ્રાપ્ત કરાવવા જ પ્રયત્ન કરે છે, તે વાત્સલ્ય ભાવ પ્રભુને પ્રિય છે. વિશ્વાસ પરિપૂર્ણ રાખી પ્રભુની સેવા કરવી. આ તત્ત્વ આપ્યો છે.

વિશ્વાસ માટે અત્રે બિલાડીનાં બચ્ચાનું દ્રષ્ટાંત જોઈએ. પ્રભુની પાછળ પાછળ ચાલવું, જેમ બિલાડીના બચ્ચા તેમની મા ની પાછળ પાછળ ચાલ્યા કરે છે, તે જાય ત્યાં જવું. તેને પોતાની મા નો સંપૂર્ણ વિશ્વાસ છે, કે તે મારી રક્ષક છે અને ઉદર પોષણની ચિંતા પણ તે જ કરે છે. તે જ્યાં લઈ જાય ત્યાં જવું. આ ઘર કેનું છે? અહીંથી શું મળશે, તેની તેની ખબર નથી. પરંતુ મા છે તે જરૂર અમારી સર્વ રીતે રક્ષા કરશે. આમ બચ્ચાનું દ્રષ્ટાંત વિશ્વાસ માટે આપી બતાવ્યું કે પ્રભુની પાછળ પાછળ ચાલવું. પ્રભુ સર્વ જગો રક્ષક છે. તે મારું ભલું જ કરશે. આ તત્ત્વ સામે રાખી બાળક સૂતું છે, તેને પોતાની સલામતીની ચિંતા નથી. તેમ પ્રભુ સર્વ જગો રક્ષક છે, સર્વ શક્તિમાન છે, તેમ માની નિશ્ચિંત રહેવું. બાળકને પોતાનાં હિત અહિતની ખબર હોતી નથી, તેમ શરણાગત જીવે પોતાની હિત અહિતની ચિંતા છોડીને પ્રભુપરાયણ જીવન વ્યતિત કરવું. આવા ઉંચ વિચારોનું અનુસરણ કરી પ્રભુમાં તન, મન, ધન ત્રણેનો ઉપયોગ કરી, સેવામાં સંલગ્ન બન છે. તેને પછી આગળ કંઈ કરવાપણું રહેતું નથી.

પુષ્ટિમાં ભાવ મુખ્યપ્રધાન છે. સેવા વાત્સલ્યભાવથી કરવી. ઋતુ અનુસાર વાઘા, વસ્ત્ર, સામગ્રી તેમજ ઋતુ અનુસાર ઠંડી, ગરમીથી બચાવ કરવો. શીતકાળમાં સગડીને રૂઈનાં વસ્ત્રો આવે છે. ઉષ્ણકાળમાં બારીક વસ્ત્રો, તે પણ ફીકા કલરનાં. શૃંગાર પણ મોતી અને સીપનાં ધરાય છે. તેવી જ સામગ્રી તેવાજ કીર્તન હોય છે. મુખ્ય બાળભાવને વિચારી શ્રીયશોદાજીનાં ભાવથી પ્રભુનું સુખ વિચારી સેવા કરવી.

શ્રીગોપીજનોનો પ્રભુનાં પ્રત્યે વાત્સલ્યભાવ છે, સર્વાત્મભાવ છે. તેથી બાળલીલા, કિશોરલીલા એમ અનેક પ્રકારથી પ્રભુનું તેઓ સુખજ ચાહે છે. આવી રીતે પ્રેમભાવથી ભજવા. શ્રીયશોદાજીને ઘરે નિત્ય પાલને ઝુલે છે. ત્યારે ગોપીજનો દર્શને જાય છે. મુગ્ધ બાળક પાલનામાં પોઢયા હોય છે. ક્યારેક પાલને ઝુલતા માતાનું મનોરંજન કરવા ચકરડી ભમરડી જોઈને પ્રસન્ન થાય છે, કીકીયારી કરે છે. નાના વિધ ખિલોના જોઈ પ્રસન્ન થાય છે. ચકરડીને ફરતી જોઈને પકડવા લાંબો હાથ કરી પકડી લીયે ત્યાં ચકરડી ફરતી બંધ થઈ જાય છે તે જોઈને હસે છે. એક

પછી એક ખિલોનાં જુનજુનાં આદી લઈને લાલાને રીઝાવે છે. ત્યારે લાલન હસે છે. હસતી વખતે મુખારવિંદની પ્રસન્ન મુદ્રા જોઈ યશોદાજી પ્રસન્ન થાય છે. હસતી વખતે બે દાંતો કલી સમાન શ્વેત જોઈ આનંદમગ્ન બને છે.

ગોપીજનોને ચિર કાળનો વિરહ સતાવે છે. તેમને નયન કટાક્ષની સંજ્ઞા કરે છે. નેત્રો દ્વારા માનિનિનું માન હરણ કરે છે તેમજ ભક્તોનાં ભાવનું પોષણ કરવા ચરણાવિંદનો અંગુઠો બંને હાથથી પકડી મુખારવિંદમાં મુકી ચુસે છે. 'લાલયતિ દૌલીકા મંચ શયનં' આ કીર્તનની ભાવના મુજબ પાલને ઝુલતાં અંગુઠો ચૂસી ચરણારવિંદમાં રહેલા ભક્તોને અધરરસ પાન કરાવે છે. આ ગૂઢ ભાવ ભક્તોની ભાવના મુજબનો છે. પરંતુ માતા યશોદાજી તો સમજે છે કે બાલક છે તેવી બાળચેષ્ટા છે.

ભક્તભાવનાં– જુઓ જન્મ વધાઈમાં 'ચિરંજીવો ગોપાલ રાની તેરો' આ કીર્તનમાં યશોદાજીને ગોપીજનો કહે છે કે, હે રાની યશોદા, તું તો મહાન ભાગ્યશાળી છે. આ તારો લાલ સદાને માટે ચિરંજીવ રહો. આવી રીતે બાળચેષ્ટાથી બાળલીલા અને સાથોસાથ કિશોરલીલાની ભાવનાવાળાને પણ નયન કટાક્ષથી મનોરથપૂર્ણ કરે છે. આવા પ્રભુને છોડી અન્ય જગો રતિ રાખે તે અમૃતને છોડીને તે ખારા સમુદ્રનું પાણી, તેમાંજ મગ્ન રહે છે. તેને આવાગમન ચાલુ જ રહે છે. ભાવ–વાત્સલ્ય તે યશોદાજી તેમજ વ્રજભક્તોનો ભાવ છે, તેવો રાખવો. ડર ભુપતિ સમાન. રખેને પ્રભુ રિસાઈ ન જાય, ક્યાંક અપરાધ થશે તો ભોગવવો જ પડશે, તેથી પ્રભુથી અંતરાય પડશે.

પ્રભુ તો ભક્તોનાં ભાવને જ પોષણ કરે છે અને અનેકવિધ લીલા કરી ભક્તોને રીઝાવે છે. પ્રભુ ભક્તને રીઝવે, ભક્ત પ્રભુને રીઝવે.

રાગ આશાવરી

ગ્વાલીન કૃષ્ણ દરસસો અટકી
વારંવાર પનઘટ પર આવત શિર યમુના જલ મટકી
મનમોહનકો રૂપ સુધા નિધિ પિવત પ્રેમ રસ ગટકી
કૃષ્ણ દાસ ધન્ય ધન્ય રાધિકા અધર સુધા રસ પટકી

ભગવદ્ દર્શનનાં લોભી જેનાં નયનો છે, એવી ગ્વાલિની તેનાં નયનોની પ્યાસ બુઝાવવા વારંવાર પનઘટ પર આવીને મનમોહનનું રૂપ સુધારસ નયનોથી પાન કરી હૃદયમાં ઉતારે છે. તેને તેમ કરતાં તૃપ્તિ થતી નથી. કૃષ્ણદાસજી કહે છે કે ધન્ય છે રાધિકા તને કે તે અધરસુધા રસપાન સહજમાં પ્રાપ્ત કર્યું. લોકલાજની ચિંતા છોડી ભગવદ્રસ ગુણાનુવાદ તે કાનો દ્વારા સાંભળીને હૃદયમાં ઉતરે છે. શ્રીમુખદર્શન તે નેત્રો દ્વારા વારંવાર નિરખી પ્રભુને હૃદયમાં પધરાવી, નયનોની પ્યાસ બુઝાવે છે. આવો પ્રેમભાવ તે સાચું અમૃત જાણે. માટે જ કવિશ્રી કહે છે કે–

સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૭૬)

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્‌ગારો

૮૩. યોગ્યતા પ્રમાણે પ્રભુ દાન કરે છે.

બ્રહ્માજી શ્રીકૃષ્ણ આગળ કહે છે અને અન્યને શિક્ષારૂપે કહે છે કે (જો તમારે પ્રભુ પામવા હોય તો રોજ એમ કહેતા રહેજો) કે હે પ્રભુ મારા પર કૃપા કરો, મહારાજ! હું તમારો છું, મહારાજ! તમે દીનબંધુ છો, તમો મોટા છો, મારે તો એક તમે છો, એમ રાત દહાડો વિનંતિ કરતાં રહેવું, ત્યારે કોઈક દિવસ પ્રભુને દયા આવે, તો કામ થાય.

આપણને રોગ થાય, તો આપણે કહીએ કે મેં પ્રભુને સેવવા માંડયા ત્યારે આ કષ્ટ શું? ત્યારે પ્રભુ પર આપણને ક્રોધ આવે, તો આપણું અનિષ્ટ થાય. પણ જ્યારે દુઃખ આવી પડે અથવા દેહને રોગ થાય, છતાં પરાણે પરાણે પ્રભુની સેવા થાય, ત્યાં સુધી કરીએ, પણ જ્યારે ખાટલામાંથી હલાય નહીં, ત્યારે ખાટલાની ઈસે નાક ઘસીને કહીએ કે, મહારાજ! મેં અનંત જન્મ ધર્યા, તેમાં મેં અનંત અપરાધ કર્યા છે, તેમાંથી મને છોડાવો છો, તમારા વિના મને કોણ પાપમાંથી મુકાવી દોષ વગરનો કરે? તમે મારા પર ઘણી દયા કરો છો, આમ પ્રભુના ગુણનાં જ વર્ણન કર્યા કરે, તો પ્રભુ પ્રસન્ન થાય. પોતાના અવગુણનો પાર નથી, ને પ્રભુના ગુણનો પાર નથી. સદા સર્વદા એજ ભાવના રહે અને પ્રભુની આગળ વાણીથી ને મનથી તથા શરીરથી પ્રભુના જશ ગાતો રહે, તો કામ થાય.

આ જગત માત્ર દરેક પ્રભુનાં છોકરા છે, જે છોકરું પોતાના કહ્યામાં રહે ને તે પ્રમાણે ચાલે, જે સેવા—સ્મરણ, કથા—વાર્તા કરે ને પ્રભુ જ વહાલા થાય, તો તે છોકરાને પોતાનો ભાગ આપે, પણ જે છોકરો કુમાર્ગે ચાલે, તેને તો ભાગ નહીં, ને લાગ પણ નહીં.

જેમ સંસારમાં કોઈને સાત છોકરા હોય તેમાં ત્રણ તો મરી ગયા, ચાર જીવે છે, ત્યારે તે ચારે ભાઈ બાપનો માલ વહેંચી લે છે, પેલા મુવેલા છોકરાઓનો તો ભાગે નહીં ને લાગે નહીં, તેમ અહીંયા જે છોકરો પ્રભુને ભજવામાં ને સેવામાં પેઠો, તે તો જીવતો છોકરો ને સંસારમાં ડૂબેલો તે મૂએલો છોકરો, એટલે મૂએલાને શું આપે? તેને પીડા આપે, ને પીઠ ઉપર વસ્ત્રો ઓઢાડે તથા રોટલાને લુગડા આપે, પણ પોતાના ઘરમાંનો ભાગ ન આપે. ભાગનો ધણી તો જે છોકરો પ્રભુને વહાલા કરે, પ્રભુ પર સર્વ વારી નાખે. ઘર, બાર, દ્રવ્ય પાસે જે હોય તે પ્રભુને સમર્પે, ને પ્રભુ પ્રસન્ન થાય તેમ કરે, ત્યારે તે છોકરાને પ્રભુ પોતાનો વૈભવ આપે, તે જીવ તો ખરો. ૮૩

દેવર્ષિ નારદ રચિત

ભક્તિસૂત્ર – પ્રેમદર્શન

ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ
હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદાર ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.

–ગતાંકથી ચાલુ

૪. પ્રેમમાં અનન્યતા (ચાલુ)

'યોગશ્ચિત્તવૃત્તિનિરોધઃ' એ યોગ લક્ષણમાં વપરાયેલ 'નિરોધ' શબ્દને અહીં=સાતમાં સૂત્રમાં રખે કોઈ સમજી બેસે એ ખાતર પોતાના ભક્તિશાસ્ત્રમાં વપરાયેલા 'નિરોધ' શબ્દના ખાસ અર્થને સ્પષ્ટ કરતાં કહેલી વાતને આચાર્ય દઢ કરે છે કે–

નિરોધસ્તુ લોકવેદવ્યાપાર ન્યાસઃ ।।૮।।

લૌકિક તથા વૈદિક તમામ કર્મોનો ભગવાનને સમર્પણ એવો નિરોધ શબ્દનો અહીં અર્થ જાણવો!

પ્રેમ ભક્તિમાં આ કર્મત્યાગ આપોઆપ જ થઈ જાય છે. પ્રેમમાં મત્તવાલો ભક્ત પોતાના પ્રિયતમ ભગવાનને છોડી બીજી કોઈ વાતને જાણતો નથી. તેનું મન હંમેશા શ્રીકૃષ્ણમય બની રહે છે. તેની આંખો સામે હંમેશા સર્વત્ર પ્રિયતમ ભગવાનની છબી જ રહે છે. બીજી વસ્તુમાં તેનું મન જ નથી જતું. શ્રીગોપીઓએ ભગવાનને કહ્યું હતું–

ચિત્તં સુખેન ભવતાપહ્યતં ગૃહેષુ, યન્નિર્વિશત્યુત કરાવપિ ગૃહ્યકૃત્યે ।
પાદૌ પદનં ચલતસ્તવ પાદમૂલાદ્, યામઃ કથં વ્રજમથો કરવામ કિંવા ।।

(શ્રીમદ્ ભાં.૧૦/૨૯/૩૪)

હે પ્રિયતમ! અમારું ચિત્ત આનંદથી ઘરના કામોમાં આસક્ત થઈ રહ્યું હતું; તેને તમે ચોરી લીધું. અમારા હાથ ઘરના કામોમાં લાગેલા હતા, તેઓ પણ નિષ્ક્રિય થઈ ગયા. અને અમારા પગ પણ તમારા ચરણકમળ છોડીને એક પગલું પણ હટવા ઈચ્છતા નથી. હવે અમે ઘેર કેમ જવું અને જઈને શું કરવું?

જગતનું ચિત્ર ચિત્તમાંથી નીકળી જવાને કારણે તે ભક્ત કોઈ પણ લૌકિક (સ્માર્ત) અથવા વૈદિક (શ્રૌત) કાર્ય કરવાને લાયક નથી રહી શકતો. તેનાથી તે બધા પોતાની મેળે છૂટી જાય છે.

સુંદરદાસજી એવાં પ્રેમી ભક્તની દશાનું વર્ણન કરતા કહે છે–

ન લાજ તીન લોકકી, ન વેદકો કહ્યૌ કરૈ ।
ન સંક ભૂત–પ્રેતકી, ન દેવ–જચ્છતે ડરૈ ।।
સુનૈ ન કાન ઔર કી, દ્રસૈ ન ઔર ઈચ્છના ।
કહૈ ન બાત ઔર કી, સુભક્તિ પ્રેમલચ્છના ।।
કબહુંક હંસિ ઉઠિ નૃત્ય કરૈ, રોવન ફિર લાગે ।
કબહુંક ગદગદ કંઠ, સબદ નિકસૈં નહિં આગે ।।
કબહુંક હૃદૈ ઉમંગ બહુત, ઊંચે સુર ગાવૈ ।
કબહુંક હ્વૈ મુખ મૌન, ગગન જૈસો રહિ જાવૈ ।।
ચિત્ત વિત્ત હરિસોં લગ્યો, સાવધાન કૈસે રહૈ ।
યહ પ્રેમલચ્છના ભક્તિ હૈ, શિષ્ય સુનો, 'સુન્દર' કહૈ ।।

ભાષ્યાર્થ: નિરોધ શબ્દનો અહીં 'ભગવાનને સર્વ કર્મનું સમર્પણ' એવો અર્થ જાણવો! એ અર્થ લેતાં સર્વ કર્મો અને તેનાં ફલ ભગવાનને સુપ્રત થયેલાં હોઈને ભક્તિ 'ઈચ્છાયુક્ત' હોતી નથી એ સ્પષ્ટ થાય છે! આથી ભક્તિ તો નિષ્કામ જ હોઈ શકે! આ ઠેકાણે કર્મમાત્રનો ભગવાનમાં સંન્યાસ કરનાર ભક્તની મનોદશા પણ જાણી લેવા જેવી છે!

લૌકિક દૃષ્ટાંતથી એ વાત વધુ સ્પષ્ટ થાય! જેમ કોઈ પુરૂષ પોતાના પરસેવાનું દ્રવ્ય અનામત રાખવાને ઈચ્છતો હોઈને ધનિકની પાસે પહોંચતા પહેલાં જાણે છે કે 'અમુક શેઠ વિશ્વાસ રાખવા યોગ્ય છે. આબરૂદાર છે. આપેલું તે પાછું મને જરૂર પડે જરૂર આપશે જ– અને છેતરશે નહીં. અને આપેલાંથી ઓછું નહીં પણ ઉલટું વ્યાજ સહિત તે મને પાછું સુપ્રત કરશે–સ્હેજે એ બાબતમાં શંકા નથી'

આટલું જાણીને તેની પાસે પોતાની રકમ અનામત રાખીને નિશ્ચિંતપણે વસે છે. તેજ મુજબ ભક્ત પણ જાણે છે કે ભગવાન મારો પ્રીતિપાત્ર છે. તે એક જ વિશ્વાસ યોગ્ય છે, મહા આબરૂદાર છે. યથાયોગ્ય રીતે સર્વકર્મના ફલનો દાતા છે. સર્વજ્ઞ અને સર્વશક્તિમાન છે. પ્રેમ પરતંત્ર છે. તે દયાળુ મને છેતરે નહીં એટલું જ નહીં પણ તે, મને અવશ્યમેવ તારશે.

આથી પોતાના તમામ રળેલાં તમામ સત્કર્મોને ફલસહિત તે પ્રેમપાત્રને સમર્પી નિશ્ચિંત, નિરુપદ્રવ અને હૃદયના ભાર સિવાયનો થઈને યાવજ્જીવન પોતાનાં કર્તવ્ય કર્મમાં એકાગ્રતાથી વર્તતો વસે છે! અગર તો જેમ કોઈ સત્પુત્ર કુટુંબની વ્યવસ્થા કરવામાં દક્ષ, પ્રાજ્ઞ અને હિતૈષી પિતાને પોતાનું રળેલું સોંપી દઈ, સ્વપ્ને પણ તેનું સ્મરણ ન કરતાં, પોતાના ધર્મમાં દત્તચિત્તથઈને વસે છે, તેજ મુજબ ભક્ત પણ ભગવાનને બધું સોંપી દઈ, ભગવત્પ્રતિષ્ટ થઈ સર્વકર્મમાં રમે છે! અર્થાત્ જગદ્ગુરુ પરમાત્માના ન્યાયી તંત્રમાં પ્રામાણિક શ્રદ્ધાજ ભક્તના પ્રાણ છે એ સિદ્ધાંત છે–૮

॥ શ્રીહરિઃ ॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો

લેખક – દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ– ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા– વિશારદ, મુંબઈ.

ભાષાંતર – ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

– ગતાંકથી ચાલુ

૪. પુષ્ટિમાર્ગમાં વર્ણાશ્રમ

નારદજીના ચાલ્યા ગયા પછી ભગવાન વ્યાસજીએ પોતાની સમાધીમાં આ શ્રીમદ્ ભાગવત શાસ્ત્રનો અનુભવ કર્યો અને તેથી તેને ‘સમાધિભાષા’ કહે છે.

શ્રીમદ્ ભાગવત ભગવાનનું જ સ્વરૂપ છે. વેદોના અર્થને વ્યક્ત કરવાવાળા, શાસ્ત્રના સંદેહને મટાડનાર, ભગવાનની લીલાઓનું વર્ણન કરવાવાળા અને ભગવાનમાં દઢ આસક્તિ ઉત્પન્ન કરવાવાળો આ ગ્રંથરત્ન છે. શ્રુતિમાં લખ્યું છે કે ‘ભગવાન દ્વાદશ અંગવાળો છે’ અહીં પણ બાર સ્કંધ છે. તેની સમજ આ પ્રમાણે છે.

અંગના નામ	સ્કંધ	લીલાશ્રવણાંગ
બેચરણ	૧–૨	અધિકાર અને જ્ઞાન
બે બાહૂ	૩–૪	સર્ગ અને વિસર્ગ
બંને જાંઘ	૫–૬	સ્થાન અને પોષણ
દક્ષિણ હસ્ત	૭	ઊતિ
બંને સ્તન	૮–૯	મન્વન્તર, ઈશાનુકથા
હૃદય	૧૦	નિરોધ
શિર	૧૧	મુક્તિ
વામ હસ્ત	૧૨	આશ્રય

શ્રીમદ્ ભાગવતમાં ત્રણ ભાષા છે. લોકભાષા, પરમત ભાષા, સમાધિ ભાષા.

સમાધિભાષાઃ શ્રીવેદ વ્યાસજીએ પોતાની સમાધિમાં જે કંઈ અનુભવ કરીને કહ્યું તેને સમાધિ ભાષા કહે છે. સમાધિમાં યોગના બળથી અને એકાંત ચિત્તથી વ્યાસજીને ભગવાનનો સાક્ષાત્કાર થયો હતો. અને તેથી તે સમયે કરેલ વ્યાખ્યાનને પ્રબળ પ્રમાણ માનવામાં આવે છે.

પરમત ભાષાઃ જે કથામાં સમાધિ ભાષાથી જુદા અર્થવાળી તે પરમત ભાષા છે. શ્રીશુકદેવજીએ જ્યાં કોઈ બીજાએ કહેલું હોય તેનો અનુવાદ કર્યો છે. તે પરમત ભાષા છે.

લૌકિક ભાષાઃ લૌકિક વાતોનું અનુસરણ કરીને જ્યાં કાંઈ કહેવામાં આવ્યું હોય તે લૌકિક

ભાષા છે.

એ સાચી વાત છે કે વ્યાસજીને સમગ્ર ભાગવતનો સમાધિ ભાષામાં અનુભવ થયો હતો. અને સમગ્ર ભાગવત તેનું પ્રમાણ છે. પરંતુ સમાધિ ભાષામાં આપને પાંચ પ્રકારના (પુરૂષોત્તમ, માયા, ભક્તિ, જીવ, અનર્થોપશમ) અનુભવ થયા હતા. તેથી તેનું અનુસરણ કરનારી ભાષાને સમાધિ ભાષા માનવામાં આવી છે. વાસ્તવમાં જોઈએ તો પરમત ભાષા અને લૌકિક ભાષા, સમાધિ ભાષાને જ્યાં જ્યાં સહાયતા આપતી હોય તે પ્રમાણ માનવામાં આવી છે.

અમે કહી ગયા છીએ કે ભાગવત સર્વ સંદેહને દૂર કરે છે. વેદોનો સંદેહ વ્યાસસૂત્રથી દૂર થાય છે અને ત્યાં જો કોઈ શંકા રહે તો શ્રીમદ્‌ભગવદ્‌ગીતોપનિષત્ દૂર કરશે અને છતાંય સંદેહનું નિરાકરણ ન થાય તો શ્રીમદ્‌ભાગવત બધાય સંદેહને દૂર કરી દેશે. આપણા સંપ્રદાયના અનુયાયીઓનું કર્તવ્ય છે કે તે શ્રીમદ્‌ભાગવત પર દઢ શ્રદ્ધા રાખે. તેને ભગવાનનું જ સ્વરૂપ સમજે અને તેના પાઠ તથા શ્રવણ યથાશક્તિ નિત્ય કરેં. શ્રીમદ્ ભાગવતના શ્રવણ તથા પાઠથી ભગવાન્ હૃદયમાં બિરાજે છે. દંભ તથા વાસના દૂર થાય છે. અને ભગવાનમાં આસક્તિ વધે છે.

શ્રીમદ્ ભાગવતનું શાસ્ત્ર, સ્કંધ, પ્રકરણ, અધ્યાય, વાક્ય, પદ અને અક્ષર આ સાત પ્રકારે વિવરણ કરવામાં આવ્યું છે. તે સાતમાંથી પ્રથમ ચારના અર્થ શ્રીવલ્લભાચાર્ય વિરચિત ભાગવતાર્થ પ્રકરણ નિબંધમાં છે. અને બાકીના ત્રણના વર્ણન શ્રીમદ્‌ભાગવતની આચાર્ય નિર્મિત ટીકા શ્રીસુબોધિનીજીમાં છે. શ્રીસુબોધિનીજીને સમજવા માટે આપના વંશજ આચાર્યોએ ટિપ્પણી, પ્રકાશ, લેખ, યોજના વગેરે સાહિત્ય નિર્માણ કર્યું છે.

શ્રીકૃષ્ણના શુદ્ધ સ્વરૂપનું બોધક એજ એકગ્રંથ છે. તેમાં જ્ઞાનીમાં જ્ઞાની પણ સમાન રૂપથી આનંદ પામે છે. જેવો એક અજ્ઞાની જીવ અને મૂરખ આનંદ પામે છે. સ્ત્રી અને બાળકો જ્યારે દશમ સ્કંધની નિરોધ લીલામાં આનંદ લે છે ત્યારે જ્ઞાન અને પંડિત એકાદશ, પંચમ અને દ્વાદશ સ્કંધમાં અદ્‌ભુત વેદાંત વિષયક વિચારોને સાંભળી સમજીને ભગવત્ સ્વરૂપ ભાગવતમાં તલ્લીન થઈ જાય છે. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે—

સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિર્દઢા ભવેત્ ।
યાવજ્જીવ તસ્ય નાશો ન ક્વાપીતિ મતિર્મમ ।

અથવા જેની સેવા અને કથામાં દઢ આસક્તિ રહે છે તેનો જીવનભર કદી નાશ થતો નથી.

શ્રીમદ્‌ભાગવત વેદોપબ્રહ્મક (વેદોનાં અર્થ બતાવવાવાળો) છે. બ્રહ્મસૂત્ર જે રીતે 'જન્માદ્યસ્ય યતઃ' આ સૂત્રથી પ્રારંભ થયું છે. તેજ પ્રકારે શ્રીમદ્ ભાગવતનો પ્રારંભ પણ જન્માદ્યસ્ય યતઃ તે વાક્યથી જ થયો છે. વેદનું બીજ ગાયત્રી છે. તેવીજ રીતે ભાગવતનો પ્રારંભ ગાયત્રીના અર્થથી કરવામાં આવ્યો છે.

શ્રીમદ્‌ભાગવતના ત્રણ સ્વરૂપ છે. આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક. આધિભૌતિક અક્ષરાત્મક પુરાણ છે. આધ્યાત્મિક–ભાગવત ભક્તિ શાસ્ત્ર છે. એ પ્રકારે મહાત્મ્ય પૂર્વક સેવન કરવાથી ભક્તિરૂપ ફળ દેવાવાળું છે. આધિદૈવિક સ્વરૂપ દ્વાદશાંગાત્મક પરબ્રહ્મ પરાત્પર ભગવાન પૂર્ણપુરૂષોત્તમ શ્રીકૃષ્ણચંદ્ર છે.

શ્રીમદ્‌ભાગવતાં દ્વાદશ સ્કંધ છે. તેંતાલીસ પ્રકરણ છે. ત્રણસો બત્રીસ અધ્યાય છે. (દશમ સ્કંધના ૧૩–૧૪–૧૫ ત્રણ અધ્યાય પ્રક્ષિપ્ત માનવામાં આવ્યા છે. તેને ગણત્રીમાં લો તો ત્રણસો પાંત્રીસ અધ્યાય થાય છે) તેમાં અઢાર હજાર શ્લોક છે અને તેમાં ત્રણ ભાષા છે.

પ્રથમ સ્કંધમાં શ્રોતા વક્તાના અધિકારનું નિરૂપણ છે. તેમાં અગીયાર અધ્યાય અને ત્રણ પ્રકરણ છે જેમાં પહેલા પ્રકરણમાં ત્રણ અધ્યાયમાં હીનઅધીકારીનું વર્ણન છે. બીજા પ્રકરણના ત્રણ અધ્યાયમાં મધ્યમ અધિકારીનું વર્ણન છે. ત્રીજા પ્રકરણમાં તેર અધ્યાયમાં ઉત્તમ અધિકારીનું વર્ણન છે.

બીજા સ્કંધમાં જ્ઞાનલીલાનું વર્ણન છે. તેમાં દશ અધ્યાય છે અને ત્રણ પ્રકરણ છે. પહેલા પ્રકરણના પ્રથમ બે અધ્યાયમાં તત્ત્વજ્ઞાનનું નિરૂપણ છે. બીજા પ્રકરણના બે અધ્યાય છે. તેમાં હૃદયની પ્રસન્નતાનું વર્ણન છે. અને ત્રીજું પ્રકરણ મનન પ્રકરણ છે. જે છ અધ્યાયમાં કહેવામાં આવ્યું છે.

ત્રીજા સ્કંધમાં ભગવાનની સર્ગલીલાનું વર્ણન છે તેના છ પ્રકરણમાં તેત્રીસ અધ્યાય છે. અધિકાર પ્રકરણ પ્રથમ ચાર અધ્યાયમાં, બીજું ગુણાતીત પ્રકરણ બે અધ્યાયમાં ત્રીજું સગુણ પ્રકરણ ત્રણ અધ્યાયમાં, ચોથું કાલ પ્રકરણ બે અધ્યાયમાં, પાંચમું જીવ પ્રકરણ નવ અધ્યાયમાં અને છઠ્ઠું તત્ત્વ પ્રકરણ તેર અધ્યાયમાં છે.

ચતુર્થ સ્કંધમાં વિસર્ગ લીલાનું વર્ણન છે. તેના ચાર પ્રકરણ છે. તેમાં એકત્રીસ અધ્યાય છે. પહેલું ધર્મ પ્રકરણ સાત અધ્યાયમાં, બીજું અર્થ પ્રકરણ પાંચ અધ્યાયમાં, ત્રીજું કામ પ્રકરણ અગીયાર અધ્યાયમાં, અને ચોથું મોક્ષ પ્રકરણ આઠ અધ્યાયમાં વર્ણન કરવામાં આવ્યું છે.

પાંચમાં સ્કંધમાં સ્થાનલીલાનું વર્ણન કરવામાં આવ્યું છે. તેના ત્રણ પ્રકરણ છે. અને છવ્વીસ અધ્યાય છે. પહેલું દેશ પ્રકરણ ત્રણ અધ્યાયમાં, બીજું કાલ પ્રકરણ એકવીશ અધ્યાયમાં અને ત્રીજું સ્વપ્ન પ્રકરણ બે અધ્યાયમાં કહેવામાં આવ્યું છે.

છઠ્ઠા સ્કંધમાં પોષણ (પુષ્ટિ, અનુગ્રહ) લીલાનું વર્ણન છે તેનાં ત્રણ પ્રકરણમાં ઓગણીશ અધ્યાય છે. બીજું ધ્યાન પ્રકરણ ચૌદ અધ્યાયમાં, અને ત્રીજું અર્ચન પ્રકરણ બે અધ્યાયમાં કહેવામાં આવ્યું છે.

સાતમા સ્કંધમાં ઊતિ (વાસના)નું વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં ત્રણ પ્રકરણમાં પંદર અધ્યાય છે. પ્રથમ અસદવાસના પ્રકરણ પાંચ અધ્યાયમાં, બીજું પ્રકરણ સદ્વાસના

પાંચ અધ્યાયમાં, અને ત્રીજું સદસદ્‌વાસના પ્રકરણ પાંચ અધ્યાયમાં વર્ણન કરેલું છે.

આઠમાં સ્કંધમાં મન્વંતર લીલાનું વર્ણન છે. તેના ચોવીસ અધ્યાય છે. અને પ્રકરણ ચાર છે. પહેલું તામસ પ્રકરણ ચાર અધ્યાયમાં, બીજું સાત્વિક પ્રકરણ દશ અધ્યાયમાં, ત્રીજું રાજસ પ્રકરણ નવ અધ્યાય દ્વારા અને ચોથું ભક્તિ પ્રકરણ એક અધ્યાય દ્વારા વર્ણન કરેલું છે.

નવમાં સ્કંધમાં ઈશાનુ કથાનું વર્ણન છે. તેમાં બે પ્રકરણ છે. અને ચોવીસ અધ્યાય છે. પ્રથમ સૂર્યવંશ નિરૂપણ બાર અધ્યાયમાં અને બીજું ચંદ્રવંશ નિરૂપણ બાર અધ્યાયમાં છે.

દશમ સ્કંધ, સ્વરૂપાત્મક શ્રીમદ્‌ભાગવતનું હૃદય છે. મનુષ્ય શરીરમાં જે પ્રકારે હૃદય અત્યંત ઉત્તમ અને પ્રધાન ચીજ માનવામાં આવે છે તે પ્રકારે ભાગવતમાં દશમ સ્કંધ છે. આ સ્કંધમાં નિરોધનું વર્ણન છે. નિરોધનો અર્થ છે પ્રપંચ–વિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ. દશમ સ્કંધ પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધમાં વિભક્ત છે. પૂર્વાર્ધમાં પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય સહિત ઓગણપચાસ અધ્યાય છે. અને ઉત્તરાર્ધમાં એકતાલીસ અધ્યાય છે. દશમ સ્કંધમાં પાંચ પ્રકરણ છે. અઢી પ્રકરણ ઉત્તરાર્ધમાં તથા અઢી પ્રકરણ પૂર્વાર્ધમાં છે. પૂર્વાર્ધના જન્મ પ્રકરણના ચાર અધ્યાય છે. તામસ પ્રકરણના અઠાવીસ અધ્યાય છે. રાજસ પ્રકરણના અઠાવીસ અધ્યાય છે. (તેમાં ચૌદ અધ્યાય પૂર્વાર્ધમાં અને ચૌદ અધ્યાય ઉત્તરાર્ધમાં છે) હવે ઉત્તરાર્ધમાં રાજસ પ્રકરણના અવશિષ્ટ ચૌદ અધ્યાય, સાત્વિક પ્રકરણના એકવીશ, અને ઐશ્વર્ય પ્રકરણના છ અધ્યાય છે. પૂર્વાર્ધમાં તામસ પ્રકરણના પણ ચાર અધ્યાય છે. પહેલાં, પ્રમાણ પ્રકરણના સાત અધ્યાય, બીજા પ્રમેય પ્રકરણના સાત, ત્રીજા સાધન પ્રકરણના પણ સાત અને ચોથા ફલ પ્રકરણના પણ સાત. આ પ્રકરણમાં રાસપંચાધ્યાયી અને યુગલગીતનું વર્ણન છે. આ ફલરૂપ હોવાથી ફલપ્રકરણમાં આવે છે. ત્રીજું રાજસ પ્રકરણ અથવા રાજસ ભક્તોનો નિરોધ છે. તેના અઠાવીસ અધ્યાય છે. અને તેના ચાર પ્રકરણ છે. પહેલું, બીજું પ્રમાણ અને પ્રમેય પ્રકરણ પૂર્વાર્ધમાં છે, અને સાત અધ્યાયના બીજા બે પ્રકરણ સાધન અને ફલ ઉત્તરાર્ધમાં છે. ચોથું સાત્વિક પ્રકરણ છે. તેમાં ભગવાને સાત્વિક ભક્તોનો નિરોધ કર્યો છે. તેના એકવીશ અધ્યાય અને ત્રણ પ્રકરણ છે. સાત્વિક ભક્તોને પ્રમાણની અપેક્ષા રહેતી નથી. તેથી પ્રમેય, સાધન અને ફલ એ સાત–સાતઅધ્યાયમાં વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં ભગવાનના ઐશ્વર્ય, વીર્ય, શ્રી, યશ, જ્ઞાન અને વૈરાગ્ય એ છ નું નિરૂપણ છે.

એકાદશ સ્કંધમાં મુક્તિનું વર્ણન છે. તેમાં બે પ્રકરણમાં એકત્રીસ અધ્યાય છે. પ્રથમ જીવમુક્તિ પ્રકરણ ઓગણત્રીસ અધ્યાયમાં, અને બીજું બ્રહ્મમુક્તિ પ્રકરણ બે અધ્યાયમાં વર્ણન કરેલું છે.

દ્વાદશ સ્કંધમાં આશ્રયનું વર્ણન છે. તેમાં પાંચ પ્રકરણમાં તેર અધ્યાય છે. પ્રથમ લોકાશ્રય બે અધ્યાયમાં, વેદાશ્રય બે અધ્યાયમાં, ભગવદાશ્રય ત્રણ અધ્યાયમાં, શબ્દાશ્રય ત્રણ અધ્યાયમાં અને અર્થાશ્રય ત્રણ અધ્યાયમાં કહેવામાં આવ્યા છે.

—ક્રમશઃ

શ્રી યમુનાજીના પદ

રચયિતા–મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ–માધુરી, રાજકોટ

પદ ૭૮

અબ હોં શરણ આઈ દૌરિ;
રંક તિય કરિ આશ, ઠાડી ભાનુજા કી પૌરિ. ૧
સુન્યો દ્વાર ઉદાર અભિમત, મિલત સબહી ભીખ;
ભક્તિ કન ઉચ્છિષ્ટ પાતરિ, દેહુ કરિ નિત લીખ. ૨
અબ ન ટરિહોં દ્વારતેં, યોં સ્વાનની કી રીતિ;
જહાં કૂકર કૌર પાવત, કરત તા થલ પ્રીતિ. ૩
દીન દાસી કરતિ હાહા, રહી છિન છિન ટેરિ;
શ્રવણ પુટ યહ સુનહુ બિનતી, 'વલ્લભી' ઈક ચેરિ. ૪

ભાવાર્થ: આપદમાં કવિશ્રી તાપભાવમાં મગ્ન થઈ દાસીભાવથી વિનંતી કરે છે . હે! મા! હવે હું આપની શરણે આવી છું. હું એક ગરીબડી રાંક (અલૌકિક સ્મૃતિરૂપ વૈભવ વગરની) દાસી ઘણી આશા લઈને આપની પાસે આવી છું.

મેં મારા કાનોથી આપનો અલૌકિક વૈભવ સાંભળ્યો છે કે મહા ઉદાર આપનાં ચરિત્ર છે. વળી અત્યંત દયાદષ્ટિ રાખવાવાળા છો. અશરણ શરણ છો. આપના દ્વારે આવી રાંક કોઈ પણ ખાલી હાથે જાતો નથી. બધાને એટલે પુષ્ટિ, મર્યાદી બધાને જોઈતું મળી રહે છે, તો મને તો કેવલ નંદનંદનની ભક્તિની ભિક્ષા જોઈએ છે. તો ભક્તિનો કણ માત્ર મને મળે અને તે રોજ મળતો જ રહે. આવું લક્ષ્ય રાખીને જ આપના દ્વારે બે હાથ પસારીને માગું છું. જેમ ઘર ગૃહસ્થી કોઈ તેને દરવાજે અન્નનો ટુકડો માગે તેને આપે છે. તો તેનો દરવાજો છોડે નહીં. તેમ હું પણ આપના દરવાજેથી ખાલી હાથે જઈશ નહીં. અહીંથી હટીશ નહીં. શ્વાન પણ તેનાં અન્નદાતાનો દરવાજો છોડતો નથી તે વફાદાર બની ઘરની રક્ષા કરે છે.

વલ્લભીદાસી–હું એક આપની જ દીનદાસી વારંવાર પળપળમાં અવાજ કરું છું કે મારી વિનંતી સાંભળો, આપની તો અનેક દાસીઓ છે, તેમાં આ એક ગરીબડી દાસી માનીને કૃપા કરો–૭૮

પુષ્ટિ સાગરનાં અણમોલ રત્ન
કવિવર શ્રી ગોવિન્દસ્વામી

લેખક : શ્રીહરિનારાયણજી નીમા, ઉજ્જૈન

વાર્તાસાહિત્યમાં ગોવિન્દસ્વામીનો જન્મ જાતિ, નિવાસ, પ્રભુભક્તિ અને તેમના શિષ્યત્વના વિષયમાં પૂર્ણ માહિતી મળે છે. ગ્વાલીયરની પાસે પોતાના ગૃહનગર 'આંતરી'થી રાસ રસેશ્વર ગિરિરાજધારી અન્તર્યામી નિકુંજ નાયક શ્રીનાથજીની દિવ્ય લીલા ભૂમિ બૃજમાં આવી મહાવનમાં 'ગોવિન્દ'ની 'ગોવિન્દ' સાથે પ્રગાઢ મૈત્રી થઈ ગઈ. તેમની રસભીની વાણી, શતશત શ્રુતિયોંના ગાન જેવી પદ રચના અને ધ્રુપદ, ધમારની ગાયકીને ગીતસાગર પ્રભુચરણ ગો.શ્રીવિઠ્ઠલનાથજીએ પારખ્યું અને અષ્ટછાપમાં ગોવિંદસ્વામીને સ્થાન મળી ગયું. અષ્ટસખાઓમાં જેમ 'શ્રીદામા' સખા છે તેમ શ્રીજીની નિકુંજ લીલામાં તે ભામા સખી છે. પ્રભુના દ્વાદશ અંગ સ્વરૂપ ગોવિંદ સ્વામી નેત્ર છે. શ્રીદ્વારકાનાથજીના સ્વરૂપમાં તેમની આસક્તિ છે. શ્રીમસ્તક ઉપર ટિપારાના શ્રૃંગારમાં તેમનો પ્રેમ છે. અષ્ટયામ સેવાના ક્રમમાં રોજભોગનાં દર્શનમાં તેમની આસક્તિ છે અને કિર્તનમાં શ્રવણના હિંડોરાના લીલા વર્ણનમાં તેમનો વિશેષ ભાવ છે. પ્રિયા–પ્રીતમ વાયુ સેવનાર્થ હિંડોરામાં જ્યારે બિરાજે છે ત્યારે સમૂચી વનશ્રી, યમુનાજી, ગોવર્ધન, શ્રીગિરિરાજજી, વૃજની લતાઓ, ગુલ્મ, વનઔષધી, સર–સરોવર, ઘાટ–બાટ, કુંજ–નિકુંજ, બાગ–બગીચા, રસમય બની જાય છે. કમલ પુષ્પની સુવાસ ભ્રમરોને આકર્ષિત કરે છે, રેશમના પંખો જેવી સુકુમાર તિતલીયો પુષ્પવૃત્તો ઉપર મંડરાવા લાગે છે, કોકિલા ગાન કરવા લાગે છે, મોર નાચવા લાગે છે, શુક–સારિકા વિવિધ પંખીઓ પોતાના કલરવથી મલ્હાર–રાગની આલાપચારીનો આભાસ કરાવા લાગે છે. ગાયો વનથી પાછી આવવા લાગી છે તેમની ગળાની ઘંટીઓ એવી સંભળાય છે જાણે હજારો હજારો બૃજભૂમિ પ્રભુની સંધ્યા આરતીની તૈયારી કરી રહી છે. ગોપીજનો બાંસની ટોપલીઓમાં ગુલબાંસ ગુલાબ અને કર્ણીકાર પુષ્પોની માલાથી બૃજરાજનું આંગણું સુરભિમય બનાવી દેતી હોય. કુસુમિત કદમખંડીમાં કિર્તન થવા લાગ્યા છે. ઝાંઝ ખખાવજ વાગી રહી છે. શ્રીરાધાજી તાલ દઈ રહ્યા છે.

હિંડોરે ઝૂલત નવલ વિહારી, સંગ ઝૂલત વૃષભાન નંદીની
પ્રાણન હૂ તે પ્યારી.
ઝૂલે કુંવરી વૃષભાન કી, લાલ લાડિલે કે સંગ.

આદિ અનેક પદોના ગાન થઈ રહ્યા છે. પંખાની સેવા થઈ રહી છે.

પાવસ વર્ણનમાં કવિશ્રીની ઉપમા નહીં હોય, કેટલું સહજ સુંદર આંખે જોયેલું વર્ણન છે.

શ્યામ હી દેખત નાચત મુદિત વન મોર
તા ઉપર આનંદ ઉમંગભર સુનત મુરલી કલ ઘોર
ચહું દિશ તે કોકિલા કલ કૂજત.
ઔર દાદુર કી રોર
'ગોવિન્દ પ્રભુ' સખા સંગ લિયે
વિહરત બલ–મોહન કી જોર.

પુષ્ટિ પુરૂષોત્તમનું અપ્રતિમ સૌન્દર્ય અને રૂપરાશિને ગોવિન્દસ્વામીએ લોચન ભર ભર કરી પીધું છે. અતિ મંજુલ તરૂણી પુષ્પની સુવાસ તેમના પદોમાં સમૃદ્ધિ પામી છે.

મુગલ બાદશાહ અકબર ગોવિંદસ્વામીના પદ ગાન સાભંળવા લાલયીત રહેતા હતા. વાર્તાકાર લખે છે કે તેમણે ગાયેલો 'ભૈરવી રાગ' જ્યારે અકબરને પસંદ આવ્યો ત્યારથી આ રાગ ગોવિન્દ સ્વામીએ ઠાકુરજીની સામે ગાવાનો છોડી દીધો. વસ્તુતઃ શ્રીમહાપ્રભુજીના મતાનુસાર અમારા (વૈષ્ણવોના) સંબંધ કેવલ શ્રીપ્રભુ સાથે છે તથા પ્રભુ નિત્ય અમારી સાથે છે. પ્રપંચ રહિત સેવાનો વિનિયોગ જ આપણા પુષ્ટિમાર્ગમાં ઉત્તમ માન્યો છે.

'સાપેક્ષતા સ્વામિસુખે–પુષ્ટિમાર્ગઃ સ કથ્યતે

(શ્રીહરિરાયજી) આ અમારો સિદ્ધાન્ત છે.

ગોવિન્દસ્વામી શ્રીનાથજી માટે અતિ સુંદર પાગ સિદ્ધ કરતા હતા. શ્રીનાથજીના તે અંતરંગ સખા હતા. બૃજ, બૃજરાજકુંવર તથા બૃજભાષા પ્રતિ કવિવર સંપૂર્ણ સમર્પિત હતા. પ્રભુની ક્રીડાસ્થલી મહાવનના ટીલા ઉપર બેસી જ્યારે તેઓ પોતાની કાવ્ય લહરીથી પોતાના સખાને રિઝવતા હતા ત્યારે બધું સંગીતમય થઈ જતું હતું. ચતુર્થ કુમાર શ્રીગોકુલનાથજી પણ તેમના કિર્તન સાભંળવા પધારતા હતા. ગોવર્ધનની તળેટીમાં તેમણે કદમના વૃક્ષોનું એક ઉપવન પણ લગાવેલ હતું. 'ગોવિન્દસ્વામી કી કદમ્બ ખંડી' ના નામથી આજ પણ વિદ્યમાન છે. પ્રતિવર્ષ થવાવાળી વૃજયાત્રાના યાત્રાનાયકોથી નિવેદન છે કે વૃજની હરિયાળી તેવી ને તેવી રહે તે સંદર્ભમાં કૃપા કરી વૃક્ષારોપણનો મનોરથી પણ રાખે. અસ્તુ.

ગોવિન્દસ્વામીનો સામીપ્ય પામવા માટે તાનસેન પણ ઉત્સુક રહેતો હતો. તેમના અનેક સ્વરચિત કવિત્વ અને વિવિધ પદોનો સંગ્રહ સંપ્રદાયને પ્રાયઃ ગોવિન્દસ્વામીના યશઃ શરીરથી આજ પણ ભૂતલને અલંકૃત કરી રહ્યો છે જ્યારે તેઓ ભગવદચરણોમાં પહોંચ્યાને કેટલાક સો વર્ષ પુરા થઈ ગયા છે.

આજ પણ શ્રીનાથજી પોતાના પ્રિય સખાની સાથે ખેલ ભાવનાથી શ્રૃંગાર ધરાવા સમયે મિશ્રીના ગોળા આરોગે છે. ખર્ચ ભંડારથી ન્યોછાવર દઈ પ્રસાદી મિશ્રી મળી શકે છે. અગર આ મિશ્રીની મીઠી માર લાગી જાય તો આનંદ જ આનંદ છે.

એક બીજો પ્રસંગ ગિલ્લીડંડા રમવાનો છે. દાવ ન આપવાથી શ્રીજી ગિલ્લીડંડા લઈને આવ્યા તો ગોવિન્દસ્વામી રિસાઈને બેસી ગયા. પોતાના પ્રિય સખાને રિસાયેલો જોઈને શ્રીનાથજી ભૂખ્યા રહ્યા, રાજભોગ પણ આરોગ્યા નહીં. પહેલા ગોવિન્દસ્વામીએ પ્રસાદ લીધો તે પછી જ શ્રીજી આરોગ્યા. પરાકાષ્ઠા છે સખ્યભાવની. પ્રીતીના આવા ઉદાહરણ અધિક નથી મળતા. જે કાલ્પનીક નથી. યથાર્થના ધરાતલ ઉપર સો પ્રતિશત સાચા ઉતરે છે. ફળ—ફળાદી ભોગ આરોગતા આરોગતા નટખટ શ્યામ ગોવિન્દસ્વામી ઉપર એંઠી ગોટલી ફેંકે છે. સ્વયં કવિવરના શબ્દોમાં વર્ણન છે.

પકવ ખજૂર, જંબુ બદરીફલ, લેહો કાછન દેખ્યો દ્વાર
ઝૂઠી ગુઠલી મારત ગોવિન્દ કે, હંસત હંસાવત ગ્વાલ

યથાર્થતઃ જગદીશ અને જીવમાં કોઈ ભેદ નથી રહેતો જ્યારે સખ્યભાવથી ભાવિત મન પ્રાણ હોય. આ સંદર્ભમાં લાલન શ્રીનવનીતપ્રિય પ્રભુના સખા શ્રીગજન ધાવનને ઘોડા બનવું અને ઘોડા જેવો વ્યવહાર કરવો. ઉપરોક્ત સત્યને ઊજાગર કરે છે. પુષ્ટિમાર્ગ, સ્વતંત્ર ભક્તિમાર્ગ જ છે.

'ભક્તમાલ'માં ગોવિન્દસ્વામીનો ઉલ્લેખ આવો છે.

હરિ સુજસ પ્રચુર કર જગતમેં યે કવિજન અતિશય ઉદાર
વિદ્યાપતિ, બ્રહ્મદાસ, બહોરન ચતુર બિહારી
ગોવિન્દ, ગંગા, રામભજ, બરસાંસિયા મંગલકારી

અંતમાં નવરંગ બિહારી શ્રીનાથજી અને કુંજેશ્વરી સ્વામિની શ્રીરાધાજીના 'હોરીખેલ'ની ધમાર.

શ્રીગોવર્ધનરાય લાલા
પ્યારેલાલ તિહારે ચંચલ નયન વિશાલા
તિહારે ઉર સોહે વનમાલા, યાંતે મોહિ રહી બૃજબાલા
અચકા અચકા આય કે પ્યારી, ભાજી ગિરિધર ગાલ લગાય.
ગોવર્ધન ધર રૂપ પર જનગોવિન્દ બલ બલ જાય

નો ઉલ્લેખ આપી લેખને વિરામ દેવા માંગું છું. પ્રસ્તુત પદમાં પ્રત્યક્ષ દર્શન કરી ગોવિન્દસ્વામી ધમાર ગાતા ગાતા ઉભા રહી ગયા. જ્યારે તેમને કારણ પૂછ્યું તો તેમણે કહ્યું 'જય રાજ, ધમાર તો ભાજી ગઈ, અબ કયા ગાઉ'. પોતાના સર્જનહારને સખ્ય ભક્તિથી રિઝવી ગોવિન્દસ્વામી અપર બની ગયા. તેમના પદોનું અનુસંધાન કરવાથી માનવ મન ઉલ્લાસિત થઈ ભક્તિ ગંગામાં અવગાહન કરવા લાગે છે.

રમતમાં રિસાવવું—મનાવવું, દાવ આવે તો ભાગી જવું, પીછો કરવાથી ગિલ્લી મારવી,

શ્રૃંગાર સમયે જગમોહનમાં ગોવિન્દસ્વામીને આઠ કાંકરીઓ મારવી. જવાબમાં ગોવિન્દસ્વામીએ એક કાંકરી મારીને ઉપર હંગામો કરવો, પાકેલા જામુન, ખજૂર પોતે આરોગી એંઠી ગોટલી અંતરંગ સખા ગોવિન્દસ્વામીને મારવી, રિસાઈને પોતે રાજભોગ ન આરોગવો આ જ તો પરમ પ્રેમની પરાકાષ્ઠા છે.

અંગ્રાકિત કવિત આ સત્યને ઉદ્‌ઘાદિત કરે છે.

ગોવર્ધનનાથ સાથ ખેલેં, સદા ઝેલે રંગ અંગ,
સખ્ય ભાવ દિયે, ગોવિન્દ સુનામ હૈ।

* * *

કાવ્ય – કુંજ

વ્રજ વૃંદાવન મોટું

(ઢાળ– ભૂતલ ભક્તિ પદારથ મોટું)

ભૂતલ વ્રજ વૃંદાવન મોટું, વૈકુંઠ લાગે છોટું રે;
વ્રજ ચરણ રજ શિર ધરી, માણું શ્યામ સેવા સુખ મોટું રે. ભૂતલ...
જપ તપ સાધન મોક્ષ આપે, પુણ્ય પરવારી ઘુમે અવતાર રે;
શ્રીવલ્લભચરણ જો શરણ આપે, જનમો જનમ સેવે નંદકુમાર રે. ભૂતલ...
અષ્ટ સખા નિજ વૈષ્ણવ માન્યા, દર્શન કરતાં વ્રજલીલા પદ ગાયા રે;
તાદશી વૈષ્ણવ નંદનંદન સેવતાં, ગોલોક ધામને પામ્યાં રે. ભૂતલ...
પ્રેમ ભક્તિ વ્રજ ગોપીની માણી, નારાયણ નેંહ ભાવમાં રાચ્યા રે;
લક્ષ્મીજી વ્રજ મહિમા જાણી, વ્રજ વસવા લલચાયા રે. ભૂતલ...
નિકટ ભક્ત સખા ઉદ્ધવજી, ભક્તિ જ્ઞાનમાં રાચ્યા રે;
સંગ વ્રજ ગોપી સત્સંગ કરતાં, ઊંચી પ્રેમ ભક્તિ જાણી રાચ્યા રે. ભૂતલ...
શ્રીવલ્લભ ભૂતલ પ્રગટિ, ઉત્તમ વ્રજ મહિમા બતાવ્યો રે;
‘શ્રીજીઅનુરાગી’ નંદ નંદન સેવતાં, વ્રજદર્શન કરતાં મનથી લોભયો રે. ભૂતલ...

–શ્રીજીચરણઅનુરાગી

પુસ્તક પરિચય

૧. પુષ્ટિમાર્ગીય નિત્યસ્મરણ સ્તોત્ર પાઠાવલી: પ્રકાશક : પ્લસ કોર્પોરેશન ૨૦૩, શાંતિ કોમ્પલેક્ષ, ૧–કોટકશેરી મેઈન રોડ, હોટલ આદિત્યની પાછળ, રાજકોટ.૩૬૦૦૦૧. ફોન.૨૩૫૬૧૧ / ૨૩૪૨૬૨

સોળ પેઈજી ક્રાઉન સાઈઝ પૃષ્ટ ૨૬૪+૮=૨૭૨, સેક્સંન સિલાઈ, શ્રીમહાપ્રભુજીના બહુરંગી ચિત્રજીવાળું ટાઈટલ. ન્યોછાવર રૂ.૩૦/– પોસ્ટેજ રૂ.૧૦/– દશ અલગ.

પુષ્ટિ સૃષ્ટિ માટે નિત્યનિયમ સ્તોત્રના પાઠ ખૂબજ આવશ્યક છે. આ પુસ્તકમાં શ્રીમહાપ્રભુજી રચિત ગ્રંથો જેવા કે ષોડશ ગ્રંથ ત્રિવિધ નામાવલિ, શ્રીપુરૂષોત્તમ સહસ્ત્રનામ સ્તોત્રનો સમાવેશ કરેલ છે. તદુપરાંત શ્રીગુસાંઈજી, શ્રીહરિરાયજી, શ્રીરઘુનાથજી રચિત સ્તોત્રો, શ્રીયમુનાજીના ૪૧ પદ, શ્રીવલ્લભાખ્યાન, મૂળ પુરૂષ, પંચગીત તેમજ વૈષ્ણવોપયોગી અન્ય ગુજરાતી ધોળનો સમાવેશ કરેલ છે. જે સર્વે વૈષ્ણવોને નિત્યનિયમ સ્તોત્રોને પાઠ કરવામાં ઉપયોગી નિવડશે.

તે ઉપરાંત સંક્ષિપ્તમાં નિત્ય સેવાની રીત બતાવવામાં આવેલ છે. આ સ્તોત્ર પાઠાવલીનું વિમોચન લક્ષ્મીવાડી હવેલી ખાતે પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી મહોદયના કરકમલ દ્વારા વિશાળ વૈષ્ણવ સમુદાયની ઉપસ્થિતિમાં અષાઢ વદ ૧૧ (કામદા એકાદશી) ગુરૂવાર તા.૨૭–૭–૨૦૦૦ દિવસે કરવામાં આવેલ હતું.

વૈષ્ણવ પરિવારે વસાવવા લાયક પુસ્તિકા.

૨. શ્રીજયદેવ પ્રભુ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગ્રંથપ્રકાશન યોજના ૧–૯–૯૯ થી :

(૧) શ્રીવલ્લભ ગ્રંથમાળા યોજના : આજીવન સભ્ય રૂ.૧૨૦૦/–, વિદેશ ૧૨૦૦ ડોલર, પેટન સભ્ય રૂ. ૩૦૦૦/– વિદેશ ૩૦૦૦ ડોલર. સુબોધિની સ્કંધ ૧૦, ૧૧, ૧, ૨, ૩ લગભગ ૨૧ ભાગમાં

(૨) શ્રીગોપીનાથ ગ્રંથમાળા : ગુજરાતીમાં સત્સંગ માટેના પુસ્તકો. શિક્ષાપત્ર કિંમત રૂ.૨૦૦/–

(૩) શ્રીવિઠ્ઠલેશ ગ્રંથમાળા : સંસ્કૃત પુસ્તકો

(૪) શ્રીગિરિધર ગ્રંથમાળા : સંસ્કૃત ગુજરાતી અનુવાદ સાથે પુસ્તકો. હરિરાય મુક્તાવલી ભાગ–૧ રૂ.૧૦૦/– ષોડશ ગ્રંથ રૂ.૫૦/–

(૫) શ્રીરઘુનાથ ગ્રંથમાળા : લઘુ પુસ્તિકાઓ.

(૬) શ્રીપુરૂષોત્તમજી લેખવાળા ગ્રંથમાળા : હિન્દી, અંગ્રેજી, સંસ્કૃતના પુસ્તકો. ગોવિન્દગીતિ હિન્દી કિંમત રૂ.૨૫/–

(૭) શ્રીપુરૂષોત્તમ સહસ્ત્રનામ નામચંદ્રિકા વ્યાખ્યા (આગામી)– પંચમકુમાર શ્રીરઘુનાથજી કૃત

રૂ.૧૨૦૦/– ભરી આજીવન સભ્ય બનો. ભેટમાં શિક્ષાપત્ર રૂ.૨૦૦/–, સુબોધિની રૂ.૨૦૦/–

વિશેષ માહિતી સંપર્ક : શ્રી જયદેવ પ્રભુ ચેરીટેબલ ટ્રસ્ટ શ્રીવલ્લભ મંદિર, ૨–બી એવરેસ્ટ પાર્ક, ગોરધનવાડી ટેકરો, કાંકરીયા, અમદાવાદ–૩૮૦૦૨૮ ફોન. ૫૩૨૬૧૬૬

૩. શ્રીપુષ્ટિ સિદ્ધાન્ત રસપાન – કેસેટ : રાજકોટમાં તા.૨૧ થી ૨૪ જુલાઈ દરમ્યાન પ.પૂ.ગો. શ્રીરસિકરાયજી મહારાજ દ્વારા યોજાયેલ પુષ્ટિસિદ્ધાંત રસપાન શિબિરમાં ચાર દિવસ થયેલ પ્રવચનોની ૮ કેસેટનો સેટ શ્રીદ્વારિકેશ પુષ્ટિ સેવા સમિતિએ તૈયાર કરાવેલ છે. 'અશેષ ભક્ત સંપ્રાધ્ય ચરણબ્જ રજો ધનઃ' એ શ્રીમહાપ્રભુજીના ચિત્રજીના કાર્ડવાળી આઠ કેસેટ સુંદર બોક્સમાં પ્રાપ્ત કરાવી પુષ્ટિમાર્ગ સિદ્ધાન્ત સાંભળવા–સમજવાના જીજ્ઞાસુઓ ઉપર પરમ ઉપકાર

કરેલ છે.

પ્રાપ્તિસ્થાન : ૧. શ્રીદ્વારિકેશ પુષ્ટિ સેવા સમિતિ 'મહારાજ નિવાસ' લીમડા ચોક, મોટી ટાંકી રોડ, રાજકોટ.
૨. શ્રીજશુબાઈ મંડાણ, પુસ્તક વિતરણ વિભાગ, ખત્રીવાડ, રાજકોટ (સાંજે ૬ થી ૭)

૪. બેઠકજી (નકશો): સંકલનકર્તા તથા પ્રાપ્તિસ્થાન : 'નંદાલય' શ્રીવિઠ્ઠલદાસ કારાણી પ્લોટ નં.૨૦ હાટકેશ સોસાયટી, એન. એસ. રોડ, ૬ જુહુ સ્કીમ, વિલે પાર્લા (પ) મુંબઈ– ૪૦૦૦૫૬ . ન્યોછાવર એક નકશાના રૂ. ૧૫૦/–

શ્રીબેઠકજીથી વૈષ્ણવો પરિચિત હોય છે. નામ અને સ્થળ અંગે સામાન્ય રીતે શ્રીબેઠકજી ચરિત્ર કે અન્ય પ્રકાશન દ્વારા જાણી શકાતું હોય છે પરંતુ સંકલનકર્તાએ ખૂબજ પરિશ્રમ કરીને એક નકશામાં જે સંકલન કરેલ છે તે સરાહનીય છે. હિન્દુસ્તાનના નકશામાં શ્રીમદ્ વલ્લભાચાર્ય શ્રીમહાપ્રભુજીની બેઠક ઉપરાંત શ્રીપ્રભુચરણ શ્રીગુંસાઈજી અને શ્રીહરિરાય મહાપ્રભુજીની બેઠક કયા સ્થળે આવેલ છે અને કઈ રીતે રેલ્વેમાર્ગ– પગરસ્તા દ્વારા જઈ શકાય છે તે જણાવેલ છે. પાસમાં કઈ નદી આવેલ છે આ સઘળું નકશામાં નિશાનીઓ દ્વારા તેમજ બેઠક ચરિત્રકર્તાનાં ચિત્રજી આપેલ છે. અન્ય માધ્યમ કરતાં નકશા દ્વારા જે માહિતી મળે છે તે વિશિષ્ઠ હોય છે.

આ પ્રકાશન શ્રીવલ્લભાચાર્યજીના ૫૨૩ મા પ્રાકટયોત્સવ અંતરંગત થયેલ છે જે તેમનાં પ્રત્યેની પ્રેમ–કૃતજ્ઞતા છે. પ્રકાશક–સંકલનકર્તાને ખૂબ ખૂબ ધન્યવાદ. સત્સંગ મંડળો તેમજ પુષ્ટિમાર્ગીય સ્થાનો ઉપર અને વૈષ્ણવોએ વસાવવા જેવું પ્રકાશન છે. વળી આ નકશો ૨૮ × ૩૬ ઈંચ પ્લાસ્ટીક કાગળ ઉપર તૈયાર કરાવેલ હોવાથી વર્ષો સુધી તેના ઉપર વાતાવરણની અસર થાય નહીં.

૫. વ્રજરંજન કેસેટ ભાગ ૧–૨ : પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન : ખુશાલદાસ દયાળજી એન્ડ સન્સ ટંકારાવાલા ચેમ્બર્સ, માંડવી ચોક, અપાસરા પાસે, રાજકોટ–૩૬૦૦૦૧. ફોન. ૨૨૩૯૭૯/ ૨૩૨૯૨૭

પ્લાસ્ટીક કવર તથા કેસેટમાં રજુ થયેલ ધોળ–પદની પુસ્તિકા ઓફસેટ પ્રિન્ટીંગ તથા દર્શનીય બહુરંગી ચિત્રજીવાળું ટાઈટલ. ન્યોછાવર રૂ. ૭૦/–, પોસ્ટેજ રૂ. ૩૦/– ત્રીસ અલગ.

ગો.વાપ.ભ.શ્રીવ્રજલાલ ખુશાલદાસ રાણપુરાની માળા પહેરામણીના મનોરથના અલૌકિક અવસર નિમિત્તે શ્રીખુશાલદાસ દયાળજી રાણપુરા પરિવારે તૈયાર કરાવેલ પુષ્ટિ–ભક્તિ–સંગીતની કેસેટ 'વ્રજરંજન' ભાગ ૧–૨ નું વિમોચન પ.પૂ.ગો.૧૦૮ શ્રીરસિકરાયજી મહારાજશ્રી (મથુરા–પોરબંદર)ના વરદ કરકમલો દ્વારા તા. ૧–૭–૨૦૦૦ શનિવારે કરાવવામાં આવેલ.

પુષ્ટિ સૃષ્ટિ માટે કિર્તન ભક્તિનું રાણપુરા પરિવારે બે કેસેટનું નિર્માણ કરેલ છે જેમાં આધુનિક તથા પ્રાચીન મળી ૨૩ ધોળ–પદોનો કર્ણપ્રિય સંગીત તથા કંઠ સાથે સમાવેશ કરવામાં આવેલ છે.

શ્રીયમુનાજીની આરતી, શ્રીનાથજીનું ધોળ તથા અન્ય લોકપ્રિય ધોળ–પદોનો સમાવેશ કરેલ છે. આ ધોળપદ રજુઆત કરવામાં સુપ્રસિદ્ધ ગાયકવૃંદ ઉપરાંત પૂ.પા.ગો.શ્રીરસિકરાયજી મહારાજશ્રીના કંઠ સાથે આશીર્વાદ સાંપડયા છે. જે સર્વ વૈષ્ણવોને દરરોજ સાંભળવા માટે જરૂર ઉપયોગી થશે. રાણપુરા પરિવારે પોતાના કુટુંબીજનોનાં સ્મરણાર્થે આવી કિર્તન ભક્તિ કેસેટથી નામ સેવાનો સુંદર નવો રાહ ચીંધેલ છે જે અન્ય સાધન સંપન્ન પરિવારોએ અનુસરણ યોગ્ય છે.

સર્વે વૈષ્ણવ પરિવારે આ કેસેટ વસાવવા અને નિત્ય કીર્તનપાન કરવા યોગ્ય છે.

સમાચાર

☐ **રાજકોટમાં પુષ્ટિ સિદ્ધાન્ત રસપાન શિબિર :** રાજકોટમાં શ્રીદ્વારિકેશ પુષ્ટિ સેવા સમિતિના ઉપક્રમે તા.૨૧ થી ૨૪ જુલાઈ સુધી નિત્ય સાંજના ૪ થી ૬ જશુબાઈ મંડાણના સ્થળે, પૂ.પા.ગો.શ્રી૧૦૮ શ્રીરસિકરાયજી મહારાજ (મથુરા–પોરબંદર–રાજકોટ–ઉપલેટા)ના પુષ્ટિ સિદ્ધાન્ત મર્મનું રસપાન કરાવતા અલૌકિક વચનામૃતોનું આયોજન થયેલ. પૂ.મહારાજશ્રીએ લોકભોગ્ય શૈલીમાં છતાં, પ્રમાણ પુરઃસર વચનામૃતોમાં પુષ્ટિમાર્ગીય જીવોનો અધિકાર, બ્રહ્મસંબંધનું સ્વરૂપ, સેવાના સૈદ્ધાંતિક નિયમો વિગેરેનું પુષ્ટિમાર્ગના અનુયાયીઓને પાયાનું સૈદ્ધાંતિક જ્ઞાન આપેલ.

બહોળી સંખ્યામાં વૈષ્ણવ ભાઈઓ–બહેનોએ ચાર દિવસના ભાવપોષક વચનામૃતોનું શ્રવણ કરી, અપ સિદ્ધાન્તો, વિકૃતીઓને પોતાના જીવનમાંથી દૂર કરી શ્રીમદ્‌વલ્લભાચાર્યજીના દિવ્ય પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્તોના પાલનમાં અગ્રેસર થવાનું જ્ઞાન મેળવેલ.

☐ **વડોદરા :** ગો.વા.શ્રીચીમનભાઈ શેઠને શ્રદ્ધાંજલી : પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં તથા પૂ.પા.ગો. શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રી ,પૂ.પા.ગો.ડૉ.વાગીશકુમારજી મહોદયશ્રી, પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી મહોદયશ્રીની ઉપસ્થિતિ સાથે તેમજ વડોદરા શહેરની પરિષદની અઢાર શાખાઓ, સામાજીક સંસ્થાઓ, ટ્રસ્ટો અને યુવા સંગઠનો સત્સંગ મંડળો, વૈષ્ણવ સમાજ તરફથી હાર્દિક શ્રદ્ધાંજલી અર્પવામાં આવેલ હતી. પૂ.પા.આચાર્ય ચરણોએ શ્રદ્ધાંજલી અર્પતા શ્રીચીમનભાઈની નિર્ભયતા, સ્પષ્ટ વ્યક્તવ્ય, સહિષ્ણુતાને બિરદાવી હતી. પરિષદ માટે તેઓ વિવિધ કાર્યક્રમો રજૂ કરતા રહ્યા. પરિષદના મંત્રીઓ, વી.પી.પરીખ, સી. પી. તલાટી, પ્રદ્યુમન શાસ્ત્રી, તથા દરેક શાખાના પદાધિકારીઓએ પણ ભાવાંજલી અર્પી હતી.

☐ **ડીસા :** આં.રા.પુ.વૈ.પરિષદ ડીસા શાખાના મંત્રીશ્રી ડૉ.જૈમેષ શાહે ગો.વા.શ્રીચીમનભાઈ શેઠને શ્રદ્ધાંજલી અર્પતા શોક ઠરાવ તા. ૧૨–૭–૨૦૦૦ ના રોજ પસાર કરેલ. તેઓશ્રીની કાર્ય પ્રત્યેની જે કર્મઠતા તેમજ ધગશ જે હતી તેની ખોટ આપણને સાલશે. શોક સભાને અંતે શ્રીકૃષ્ણાશ્રયના પાઠ કરવામાં આવેલ હતા.

☐ **વડોદરા, રેષકોર્ષ શાખા વિગેરે :** આં.રા.પુ.વૈ.પરિષદની વડોદરા શહેરની રેષકોર્ષ, અલ્કાપુરી, ગોત્રી અને ગોરવા શાખાના અગ્રગણ્ય કાર્યકર્તાએ સ્વ.શ્રીચીમનભાઈ શેઠને શ્રદ્ધાંજલી અર્પવા શોકસભાનું આયોજન કરેલ હતું. સદ્‌ગતની પુષ્ટીમાર્ગ તેમજ પરિષદ પ્રત્યે કર્તવ્યનિષ્ઠા જે બજાવેલ જેનું સ્મરણ રહ્યા કરશે.

☐ **શ્રીચંપારણ્ય બેઠક યાત્રા :** શ્રીવલ્લભ સર્વોદય સંસ્થા દ્વારા પૂ.પા.ગો.શ્રીવ્રજનાથજી મહારાજ (રાજનગર)ની અધ્યક્ષતા હેઠળ તા. ૪–૬–૨૦૦૦ થી ૧૧–૭–૨૦૦૦ દરમ્યાન શ્રીચંપારણ્ય બેઠક યાત્રાનું આયોજન કરવામાં આવેલ હતું. આપશ્રી સપરિવાર પધાર્યા હતા. તેમજ વૈષ્ણવો પણ સારી સંખ્યામાં જોડાયેલ હતા. બેઠકજીમાં ગિરિકંદરા, નંદમહોત્સવ, પલના તેમજ છાકના મનોરથ આપશ્રી દ્વારા કરવામાં આવેલ હતા. વૈષ્ણવોએ આચાર્યશ્રી પરિવારના સાનિધ્યમાં અલૌકિક લાભ મેળવી ધન્યતા અનુભવી.

☐ **પરિષદ વૃતાંત :** આં.રા.પુ.વૈ.પરિષદ ગુજરાત પ્રદેશના પદાધિકારીઓ અને વડોદરાની તમામ શાખાઓના પ્રમુખ–મંત્રીઓની એક મીટીંગ પ્રદેશના સંગઠન મંત્રી ગો.વા.શ્રીચીમનભાઈ શેઠના હરિશરણ થવાથી ઉત્પન્ન થયેલી પરિસ્થિતિની ચર્ચા વિચારણા માટે કાર્યકારી અધ્યક્ષ પૂ.પ્રદ્યુમનભાઈ શાસ્ત્રીજીના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં સંગઠન મંત્રીના રિક્ત સ્થાને કેન્દ્રીય મંત્રી અને પ્રદેશ સહમંત્રી શ્રી સી.પી.તલાટીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. તેજ પ્રમાણે સહમંત્રીની ખાલી પડેલી જગ્યાએ દાહોદ જિલ્લાના સંયોજક શ્રીહરેન્દ્રભાઈ શેઠની અને પરિષદ ભવનના પ્રબંધક તરીકે વાડી શાખાના મંત્રી વામનભાઈ પટેલની સર્વાનુમતે નિયુક્તિ કરવામાં આવી હતી. જેને પ્રદેશ પ્રમુખ ઈન્દ્રકાંતભાઈ પરીખે બિરદાવી હતી.

❑ **ગુજરાત વ્યાપી શ્રીવલ્લભ વકૃત્વ સ્પર્ધાનું અંતિમ પરિણામ :** આં.રા.પુ.વૈ.પરિષદ ગુજરાત પ્રદેશ આયોજીત અને પૂ.પા.ગો.શ્રીઈંદિરાબેટીજી સુવર્ણજયંતી મહોત્સવ સાર્વજનિક ટ્રસ્ટના સૌજન્યથી તેમજ ગુજરાતના વિવિધ ટ્રસ્ટોના ઉષ્માપૂર્ણ સહયોગથી સંપન્ન થયેલી (૩૦–૭–૨૦૦૦–વ્રજધામ, માંજલપુર) શ્રીવલ્લભ વકૃત્વ સ્પર્ધાનું અંતિમ પરિણામ કેન્દ્રીય મંત્રી અને સંયોજક શ્રી સી.પી. તલાટીએ જાહેર કર્યું છે.

જૂથ–૧ (૭ થી ૧૦ વર્ષ) : (૧) અખિલ મનોજભાઈ શાહ (પ્રથમ) માંજલપુર, વડોદરા (૨) શ્રુત અતુલકુમાર દોશી (દ્વિતીય) આણંદ (૩) ચિરાગ જશવંતલાલ પરમાર (તૃતીય) ડાકોર (૪) મનન ટી. શેઠ (ચતુર્થ) વડોદરા (૫) નકુલ અમિતકુમાર ઘરીયા (ચતુર્થ) દાહોદ.

જૂથ–૨ (૧૧ થી ૧૭ વર્ષ) : (૧) કૃપાલી ચંદ્રકાંત શાહ (પ્રથમ) સુલતાનપુર, વડોદરા (૨) શ્રેયાંસ મયૂરભાઈ દોશી (દ્વિતીય) કેવડીયા કોલોની, (૩) હેતા નીતિનકુમાર શાહ (અંગ્રેજી) (તૃતીય) હાલોલ (૪) શ્રેય વિરલભાઈ રાયજીવાલા (ચતુર્થ) સુરત (૫) ભાસ્કર દીપા આદેશભાઈ (ચતુર્થ) પેટલાદ.

જૂથ–૩ (૧૮ થી ૨૭ વર્ષ) : (૧) સુજલકુમાર મુકુન્દભાઈ શાહ (પ્રથમ) પેટલાદ (૨) જીજ્ઞેશ અલ્કેશભાઈ પટેલ (દ્વિતીય) કેવડીયા કોલોની (૩) તેજલબેન શાહ (તૃતીય) હરણી રોડ, વડોદરા (૪) પ્રશાંત દીલીપકુમાર મહેતા (ચતુર્થ) હાલોલ (૫) અંજલિબેન કેતનકુમાર પરીખ (ચતુર્થ) તરસાલી, વડોદરા (૫) દિવ્યાબેન રમેશચંદ્ર શાહ (પંચમ) ડભોઈ (૬) રસેશ પી. શાહ (ષષ્ઠ) જરોદ.

જૂથ–૪ (૨૮ થી ઉપર) : (૧) જનકકુમાર શાહ (પ્રથમ) બોડેલી (૨) મંજુલાબેન ગોપાલભાઈ પરીખ (દ્વિતીય) પેટલાદ (૩) રૂપલબેન હિમાંશુભાઈ ગાંધી (દ્વિતીય) દાહોદ (૪) શીલ્પાબેન ભૂપેન્દ્રભાઈ શાહ (તૃતીય) વાડી,વડોદરા (૫) રેખાબેન દીપકભાઈ શાહ (ચતુર્થ) દાહોદ (૬) શીલાબેન ભૂપેન્દ્રભાઈ પટેલ (પંચમ) કારેલીબાગ, વડોદરા (૭) પ્રજ્ઞાબેન સુનીલભાઈ દલાલ (ષષ્ઠ) સુરત.

વધાઈ ॥ શ્રીહરિઃ ॥ વધાઈ

વિશ્વ પટલ પર પુષ્ટિ માર્ગ........

શ્રીવલ્લભકુલરત્ન પૂ.પા.ગો.૧૦૮ શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રીને વિશ્વશાંતિ માટે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ન્યુયોર્કમાં યોજીત ધર્મપરિષદમાં ભાગ લેવા સાદર આમંત્રણ

ધર્મમય યુવા તેજસ્વીતાના પ્રતીક અને વલ્લભકુલ રત્ન પૂ.પા.ગો.૧૦૮ શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રીને સંયુક્ત રાષ્ટ્રસંઘ (UNITED NATION) દ્વારા વિશ્વશાંતિ માટે ન્યુયોર્કમાં યોજાનારી ઐતિહાસિક ધર્મપરિષદમાં ભાગ લેવા માટે સાદર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે જે સમગ્ર વૈષ્ણવ સંપ્રદાય, ગુજરાત અને એની સનાતન ધર્મપ્રેમી પ્રજા માટે ગૌરવની વાત છે. યુવા હૃદય સમ્રાટને મળેલા આ આદરથી સકળ વૈષ્ણવસૃષ્ટિમાં હર્ષની લહર વ્યાપી ગઈ છે.

વિશ્વશાંતિ માટે દુનિયાનાં જુદાં જુદાં ભાગોમાંથી વ્યક્તિગત રીતે તમામ ધર્મગુરૂઓ, આચાર્યો અને દર્શનશાસ્ત્રીઓ વતી સતત પ્રયત્ન થતાં રહ્યાં છે. છતાં પણ તેઓ માનવ સમુદાયને હજી પણ યુદ્ધના ભયના ઓથારમાંથી મુક્તિ અપાવી શક્યા નથી. આજની ક્ષણે વિશ્વના મોટા ભાગના લોકો ભયંકર સંઘર્ષના ડરથી ગભરાઈને પોતાનું જીવન જીવી રહ્યાં છે. માત્ર છેલ્લી દશાબ્દીમાં ૧૦૦ કરતાં વધુ શસ્ત્ર સંઘર્ષ વિશ્વના લગભગ ૭૦ જેટલા પ્રાંતોમાં વિસ્ફોટક થયા અને બીજા વિશ્વયુદ્ધથી અત્યાર સુધી લગભગ ૨૭ લાખ લોકોએ યુદ્ધમાં પોતાના જાન ગુમાવ્યા છે.

આગામી વર્ષોમાં આવા સંઘર્ષોને નિવારવા/ઘટાડવા માટે જરૂરી પગલાં લઈ વિશ્વશાંતિ અને સુરક્ષાનું

સંસ્થાપન કરવાના અને માનવજાતિની પરિસ્થિતિ સુધારવાના મુખ્ય ઉદેશ સાથે સંયુક્ત રાષ્ટ્ર સંઘે જગતના વિવિધ ૧૬૦ સંપ્રદાયના ટોચના મહાનેભાવોને ૨૮ મી ઓગસ્ટથી ન્યુયોર્ક ખાતે પ્રારંભ થતા " MILLENNIUM WORLD PEACE SUMMIT OF RELIGOUS AND SPIRITUAL LEADERS" નામક એક કાર્યક્રમના અંતર્ગત આમંત્રિત કર્યા છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના જનરલ સેક્રેટરી **શ્રીકોફી અન્નાન**ના જણાવ્યા અનુસાર યુનો દ્વારા અત્યાર સુધીમાં પર્યાવરણ–ગરીબી, યુદ્ધ શસ્ત્ર, અર્થતંત્ર–રાજનિતિ આ ત્રણે પ્રકારે વિશ્વશાંતિ માટે પ્રયત્નો થઈ ચૂક્યા છે. અને આધ્યાત્મિક રૂહે સૌપ્રથમ વાર તમામ સંપ્રદાયોના ટોચના વડાઓને એકજ મંચ ઉપર આમંત્રિત કરવામાં આવી રહ્યા છે. જેથી તેઓ એકબીજાના વિચારોનું આદાન–પ્રદાન કરી વિશ્વમાં શાંતિ પ્રસ્થાપિત કરવા સુયોગ્ય વ્યૂહ ઘડી શકે.

વિશ્વમાં જ્યાં પણ આવો પ્રયત્ન થઈ રહ્યો હોય ત્યારે ભારત ધર્મરાષ્ટ્ર તરીકે એક મહત્તમ ભૂમિકા ભજવે તે સ્વાભાવિક બાબત છે અને આવા સક્ષમ અને વિશાળ દેશમાંથી હિન્દુ ધર્મના આચાર્યોને આમંત્રિત કરવામાં આવ્યા છે. જેમાં સમગ્ર વૈષ્ણવ સંપ્રદાય વતી આપણું પ્રતિનિધિત્વ કરવાનું શ્રેય શ્રીવલ્લભના દિવ્ય વિચારોનું સંકલન કરી પુષ્ટિમાર્ગને આગળ લાવવા માટે અથાગ પરિશ્રમ કરી રહેલા યુવાન આચાર્યવર્ય અને વડોદરા શહેરના શ્રીકલ્યાણરાયજી મંદિરના ગાદીપતિ **ષષ્ઠપીઠાધિશ્વર પૂ.પા.ગો. ૧૦૮ શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રી**ને પ્રાપ્ત થયું છે. જે સમગ્ર વૈષ્ણવ સંપ્રદાય તથા ભારતની સનાતની વૈષ્ણવી સૃષ્ટિ માટે અતિ સ્વાભિમાન તેમજ મહાગૌરવની વાત છે. સૌથી નોંધપાત્ર બાબત એ છે કે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પુષ્ટિસંપ્રદાયના આચાર્યચરણને આમંત્રિત કરવામાં આવ્યા હોય તેવો આ પ્રથમ પ્રસંગ છે અને આમંત્રિત કરાયેલા હિન્દુ ધર્મના ધર્મગુરૂઓમાં તેઓશ્રી સૌથી યુવાન છે.

આ ઐતિહાસિક પરિષદના પ્રથમ તબક્કામાં તા. ૨૮ મી ઓગસ્ટથી ૩૧ ઓગસ્ટ દરમ્યાન તેઓશ્રી સંયુક્ત રાષ્ટ્રસંઘના અધિવેશનમાં હાજરી આપશે જેનું ઉદ્ઘાટન સંયુક્ત રાષ્ટ્રસંઘના સેક્રેટરી **શ્રીકોફી અન્નાન** કરશે. ત્યારપછી દ્વિતીય તબક્કામાં તા.૧ લી સપ્ટેમ્બરથી ૮ મી સપ્ટેમ્બર દરમ્યાન ધર્મપ્રસાર યાત્રાના અંતર્ગત અમેરિકાના અલગ અલગ સ્થળોએ ધાર્મિક સભાઓ સંબોધશે. જ્યારે અંતિમ ચરણમાં ન્યુયોર્ક ખાતેના વિશિષ્ટ કાર્યક્રમમાં તા.૯–૯–૨૦૦૦ના રોજ ભારતના માનનીય વડાપ્રધાન શ્રીઅટલબિહારી વાજપેયીની હાજરીમાં ષ.પી.પૂ.પા. ગો.૧૦૮ શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રી ઉપસ્થિત આંતરરાષ્ટ્રીય સમુદાયને હિન્દુ ધર્મના મતે વિશ્વશાંતિના વિષય ઉપર સંબોધન કરશે. અંતમાં માનનીય વડાપ્રધાન શ્રીઅટલબિહારી વાજપેયીના આંતરરાષ્ટ્રીય સમુદાયને સંબોધનથી કાર્યક્રમનું સમાપન થશે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા આ સમગ્ર કાર્યક્રમને CNN CHANEL અને Internet દ્વારા સમગ્ર વિશ્વમાં પ્રસારીત કરવાનું આયોજન કરવામાં આવેલ છે. સકળ વૈષ્ણવી સૃષ્ટિ તથા ગુજરાતની સનાતન ધર્મપ્રેમી પ્રજાને જણાવવાનું કે તા. ૨૫ મી ઓગસ્ટને શુક્રવારના રોજ પૂ.પા.મહારાજશ્રી વડોદરા સ્ટેશનથી સાંજે ૫–૦૦ કલાકે ડીલક્ષ (પશ્ચિમ એક્સપ્રેસ) દ્વારા દિલ્હી પહોંચી જ્યાંથી વિમાન દ્વારા ન્યુયોર્ક જવા રવાના થશે. તા. ૧૫મી સપ્ટેમ્બરના રોજ બે દિવસનો તમામ ધર્માચાર્યોનો યુ.કે. ઈંગ્લેન્ડ ખાતે હિન્દુ સનાતન જાગરણ સભામાં સભામાં સંબોધન કરી ભારત–વડોદરા પરત પધારશે.

નિવેદક : સંપર્ક સચિવ : વલ્લભ વિશ્વવિહાર એજ્યુ. એન્ડ ચેરી. ટ્રસ્ટ

સરનામું: ષષ્ઠપીઠ, કલ્યાણરાયજી મંદિર, બેંક રોડ, વડોદરા–૩૯૦૦૦૧. ફોન નં. ૪૨૩ ૩૨૨/ ૪૨૬ ૯૪૨
ફેક્સ : ૦૨૬૫– ૪૩૭૧૭૨ E-mail : shreeyadunathji @ shreevallabhpushti.org.

નોંધ : ઉપરોક્ત આયોજનની સંપૂર્ણ માહિતી પૂ.મહારાજશ્રી સચિવ કાર્યાલયથી પ્રાપ્ત થઈ શકશે.

ભાદરવા વદ ૧૨ તા. ૨૫–૯–૨૦૦૦ સોમવારઃ શ્રીમહાપ્રભુજીના જયેષ્ઠ પુત્ર શ્રીગોપીનાથજીનો ઉત્સવ (સંવત ૧૫૬૭) અને તેરસનો ક્ષય હોવાથી શ્રીગુસાંઈજીના ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણજીનો ઉત્સવ આજે (સંવત ૧૬૦૬)

ભાદરવા વદ ૩૦ (અમાસ) તા. ૨૭–૯–૨૦૦૦ઃ સર્વ પિત્રી–દર્શ–અમાવાસ્યા શ્રાદ્ધ. કોટની આરતી. સાંઝીની સમાપ્તિ.

આસો સુદ ૧ તા. ૨૮–૯–૨૦૦૦ ગુરૂવારઃ નવવિલાસ–નવરાત્રી આરંભ. અંકુરારોપણ. રાસના પદ બધા સમયમાં. કરખાના પદ ભોગમાં. તથા રાસપંચાધ્યાયના ભોગનો ટેરો આવ્યા પછી તથા સેનભોગ વખતે બોલાય. ગો.ચિ.શ્રીપ્રણયકુમારજી (કાંકરોલી–મથુરા–વડોદરા)નો તથા ગો.ચિ.શ્રીઅનુરાગજી (સુરત)નો તથા ગો.શ્રીવાગીશ બાવાશ્રી (રાજનગર–અમદાવાદ) તથા ગો.શ્રીમિથિલેશકુમારજી (કાંદીવલી)નો જન્મદિન.

આસો સુદ ૩ તા. ૩૦–૯–૨૦૦૦ શનિવારઃ ગો.શ્રીરસિકવલ્લભજી મહારાજ (વિલેપાર્લે)નો જન્મદિન.

આસો સુદ ૭ તા. ૪–૧૦–૨૦૦૦ બુધવારઃ સરસ્વતી આવાહન. ગો.શ્રીહરિરાયજી મહારાજ (મુંબઈ–મદ્રાસ)નો તથા ગો.શ્રીગોકુલોત્સવજી બાવાશ્રી (ચાંપાસેની)નો જન્મદિન.

આસો સુદ ૯ તા. ૭–૧૦–૨૦૦૦ શનિવારઃ વિજયા દશમી. દશહરા. અંકુરાર્પણ. સરસ્વતિ વિસર્જન. નવરાત્રી સમાપ્ત. ગો.શ્રીવાગધીશ બાવાશ્રી (શ્રીનાથદ્વારા દ્વિતીય ગૃહ) તથા ગો.શ્રીરવિકુમારજી (કાંકરોલી–મથુરા–વડોદરા)નો જન્મદિન.

આસો સુદ ૧૦ તા. ૮–૧૦–૨૦૦૦ રવિવારઃ ગો.શ્રીદામોદરલાલજી મહારાજશ્રી (કડી–કોટા–કાંદીવલી)નો જન્મદિન.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ

૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ

૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી

૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ.ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.

૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી–મુંબઈ)

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-09-2000.

સતસૈયા

૨. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

તુમસોં ઝૂઠો તહુ ખરો
જગત લહ્યોં હરિદાસ ।
બાંનો લાજે હૈં, નાથ !
જો અલિક જગહુ ઉપહાસ ॥ (૨૬)

ટીકા : હે શ્રીનાથજી! તમારાથી તો હું જૂઠો છું. કારણ કે યથાર્થ ભક્તિનાં લક્ષણ મારામાં નથી. પણ જગતમાં તો હું પાખંડ કરીને ભક્તવેશ ધરીને ફરું છું. તેથી સંસાર તો ઉપલો ઢોંગ જોઈને સાચો હરિજન જાણે છે. અંતરની વાત તો એક આપ જ જાણો છો. છૂં તો ખોટો તો પણ અંતકાલે મારો ઉપહાસ થશે તો તમારું બાનું લાજશે. પણ મારી શોભા રાખ્યેં તમારી શોભા છે. જેમ કોઈ સમર્થ યજમાન હોય તેનો મહા મૂરખ પુરોહિત હોય તો પણ તેને પાળવો પડે. જો મૂરખ જાણીને ભીખ માગવા દે તો તે યજમાનની શોભાને બટ્ટો લાગે. તેમ મને પાખંડી દાસને પણ તમારે પાળવો પડશે. (૨૬)

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.ગ્રા.નં.૧૫૪
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **'શ્રી વલ્લભસુધા'**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. **ફોનઃ ૩૬૨૧૩૮**
કોમ્પ્યુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. **ફોન : ૨૪૦૫૪૧.**

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલીત

શ્રી વ લ્લ ભ સુ ધા





વચનસુધા

ભગવદ્ સેવા, એ સ્વધર્મનું આચરણ એ મૂળ છે. અને મૂળના સિંચન પછી લૌકિક અને વૈદિક કાર્ય પણ ભગવદ્ સેવાના આનુસંગિક થવા જોઈએ. આનુસંગિક એટલે એને અનુલક્ષીને કરવા જોઈએ.

શ્રીહરિરાયજી આના માટે સ્પષ્ટ કહે છે કે 'દૈહિકમ્ કર્મ નિખિલં પ્રભુ સેવોપયોગીનામ્' જીવનના નિખિલ કર્મ, જેટલાં આપણે કર્મ કરીએ, એ ભગવદ્ સેવોપયોગી હોવા જોઈએ. વલ્લભાચાર્યના જે આદર્શ અને સિદ્ધાંન્ત છે –દર્શન શાસ્ત્રના, એનો વ્યવહાર પરક કોઈએ સરળતાથી ઉપદેશ આપ્યો હોય તો શ્રીહરિરાયજીએ આપ્યો છે –શિક્ષાપત્રમાં. કે ભગવદીય વ્યવહાર કેમ કરવો. એક પ્રથમ એનું જે છે તે અવલોકન કરાવે છે. પછી ભગવદ લીલાનું અનુસંધાન કરાવે છે. કારણ કે જો ભગવદીય વ્યવહારનીજ ખબર ન હોય, અને એવા પ્રકારનું માનસ ન હોય તો ભગવદ્ લીલાનો અનુભવ થઈ કેમ શકે?

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ, શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા–૨ પૃષ્ઠ–૩૭)

ગૌરક્ષા–ગો–પાલનમાં તત્પર બનો

☐ પ્લાસ્ટીકની પાતળી કોથળી જ્યાં ત્યાં ન નાંખો. તે ખાઈ જવાથી અસંખ્ય ગાયો બીમાર થાય છે, અને મૃત્યુ પામે છે. આ એક ઘોર અપરાધ છે.

☐ શ્રીગિરિરાજજીના ઉલ્લંઘનના અપરાધથી બચવા–ગોવર્ધન ગામમાંથી શ્રીગિરિરાજજી ઉપર જતી સડકનો ઉપયોગ ન કરો. આન્યોરના રસ્તેથી પૂછરી થઈને જતીપુરા જવું. આ રીતે શ્રીગિરિરાજજીની મર્યાદા અવશ્ય જાળવો.

વર્ષ : ૧૯ **અંક : ૭**

વિક્રમ સંવત : ૨૦૫૬/૫૭ શ્રીવલ્લભાબ્દ : ૫૨૩ ઓક્ટોબર, ૨૦૦૦

વાર્ષિક લવાજમ
રૂ.૪૦/–
આજીવન લવાજમ
રૂ.૫૦૧/–

"શ્રીવલ્લભસુધા" કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

આ માસના ઉત્સવ

આસો સુદ ૧૧ તા. ૯–૧૦–૨૦૦૦ સોમવાર : પાશાંકુશા એકાદશી વ્રત. ગો. શ્રીકૃષ્ણકુમારજી મહારાજ (કામવન) તથા ગો. શ્રીગોપીકાલંકારજી મહારાજ (મુંબઈ)નો જન્મદિન.

આસો સુદ ૧૩ તા. ૧૧–૧૦–૨૦૦૦ બુધવાર : શ્રીબાલકૃષ્ણલાલજી (સુરત)નો પાટોત્સવ. ગો. શ્રીશિશિરકુમારજી (મુંબઈ–પાર્લા)નો જન્મદિન.

આસો સુદ ૧૪ તા. ૧૨–૧૦–૨૦૦૦ ગુરૂવાર : શરદપૂર્ણિમા –શરદોત્સવ –રાસોત્સવ.

આસો સુદ ૧૫ તા. ૧૩–૧૦–૨૦૦૦ શુક્રવાર : કાર્તિક સ્નાન પ્રારંભ. શ્રીરણછોડરાયજી (ડાકોર)નો મેળો.

આસો વદ ૧ તા. ૧૪–૧૦–૨૦૦૦ શનિવાર : શ્રીગોકુલચંદ્રમાજીના ઘરમાં રાસોત્સવ.

આસો વદ ૩ તા. ૧૬–૧૦–૨૦૦૦ સોમવાર : ગો. ચિ.શ્રીવિજયકુમારજી (કોટા)નો જન્મદિન.

આસો વદ ૪ તા. ૧૭–૧૦–૨૦૦૦ મંગળવાર : ગો.ચિ.શ્રીહરિરાયજી બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

આસો વદ ૭ તા. ૧૯–૧૦–૨૦૦૦ ગુરૂવાર : શ્રીરણછોડરાયજી (ડાકોર)નો ષોડશોપચાર

આસો વદ ૯ તા. ૨૧–૧૦–૨૦૦૦ શનિવાર : ગો.ચિ.શ્રીવ્રજેશકુમારજી (વિરમગામ–અમદાવાદ)નો જન્મદિન.

આસો વદ ૧૦ તા. ૨૨–૧૦–૨૦૦૦ રવિવાર : શ્રીટિકેટના શૃંગારનો પ્રારંભ. ગો.શ્રીકનૈયાલાલજી મહારાજ (મથુરા–પોરબંદર–રાજકોટ)નો તથા ગો.ચિ. શ્રીમધુસૂદનલાલજી (રાજનગર–અમદાવાદ)નો જન્મદિન.

આસો વદ ૧૧ તા. ૨૩–૧૦–૨૦૦૦ સોમવાર : રમા એકાદશી વ્રત. ગો.શ્રીમુરલીધરજી મહારાજ (વિરમગામ–ગોકુલ–કામવન)નો જન્મદિન.

આસો વદ ૧૨ તા. ૨૪–૧૦–૨૦૦૦ મંગળવાર : ગોવત્સ દ્વાદશી, વાઘબારસ, ગો.શ્રીકલ્યાણરાયજી બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

આસો વદ ૧૩ તા. ૨૫–૧૦–૨૦૦૦ બુધવાર : ધનતેરસ.

આસો વદ ૧૪ તા. ૨૬–૧૦–૨૦૦૦ ગુરૂવાર : રૂપચતુર્દશી, અભ્યંગ સ્નાન, દિવાળી, હટડી, કાન જગાવન, લક્ષ્મીપૂજન. ગો.શ્રીરઘુનાથજી બાવાશ્રી (વિરમગામ–કામવન)નો જન્મદિન.

આસો વદ ૩૦ અમાસ તા. ૨૭–૧૦–૨૦૦૦ શુક્રવાર : ગોવર્ધન પૂજા, અન્નકૂટ ઉત્સવ.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

વર્ષ : ૧૯ અંક : ૬ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૩ ☐ ઓક્ટોબર, ૨૦૦૦

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

ચોરાશી અપરાધ

[પ્રાચીન હસ્તલિખીત પુસ્તકો તેમજ કેટલેક સ્થળે થી મૂદ્રિત થયેલ પુસ્તકોમાં ચોરાસી અપરાધ શીર્ષકના લેખ મળે છે. જે અત્રે પ્રગટ કરેલ છે.]

અપરાધ ચાલીસમો : 'હલદી વિના રસોઈ ન કરેં'

નિત્યની સખડી સામગ્રી, દાળ, શાક, કઢી, ભેળી વગેરેમાં હળદર અવશ્ય પધરાવવી, હળદર વિનાની રસોઈ અમંગળ ગણાય છે, માત્ર સૂતકના દીવસોમાં હળદર વીનાના દાળ, શાક બને છે જેને કડવું ભોજન કહે છે. તેથી મંગલરૂપ નિધાન– પ્રભુની સામગ્રી, શ્રીસ્વામિનીજીના શ્રીઅંગના સુવર્ણ જેવા વર્ણની કરવા હળદર અવશ્ય પધરાવવી જેથી પ્રભુને પ્રિય લાગે.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભસુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રીવલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥
॥ શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

સંન્યાસ નિર્ણય

❑ કાકા શ્રીવલ્લભજી કૃત વિવૃતિ ❑

❑ ભાષાંતર : શ્રીબાબુભાઈ પી. નાયક– કડી ❑

—ગતાંકથી ચાલુ

અભિમાનાન્નિયોગાચ્ચ તદ્ધર્મૈશ્ચ વિરોધતઃ ।
ગૃહાદેર્બાધકત્વેન સાધનાર્થં તથા યદિ ॥૪॥

શ્લોકાર્થ: અભિમાનને લીધે અને શાસ્ત્રની આજ્ઞાને લીધે શ્રવણાદિ માટે ત્યાગ જરૂરી નથી. તે ભક્તિમાર્ગથી વિરુદ્ધ છે. શ્રવણાદિમાં ઘર વગેરે બાધક બનતાં હોય તો, એમનો ત્યાગ કરવાનું કહેવામાં આવે તો શું કરવું? તેનું નિરાકરણ હવેના શ્લોકમાં કર્યું છે—૪

વિવૃત્તિ ભાવાનુવાદ: વળી એમ કહેવામાં આવે છે કે ભક્તિમાર્ગમાં તો જ્ઞાનની બહુ જરૂર નથી એટલે પુસ્તકો વાંચવાની આવશ્યકતા પણ નથી. ભક્તિમાર્ગમાં તો થોડું ઘણું પુસ્તકોનું જ્ઞાન હોય તો પણ ચાલે. અરે! પુસ્તકો વાંચ્યા વિના પણ થોડું ઘણું જ્ઞાન હોય તો પણ ભક્તિમાર્ગમાં તો ચાલે. એવું માનવામાં આવે છે. હવે જીવ સ્વરૂપજ્ઞાન મેળવવા બહું વાંચે તો શું થાય? તે માટે બે દોષ બતાવ્યા છે. એક તો જીવને જ્ઞાન મેળવવાનું અભિમાન થાય. અને જ્ઞાન ભક્તિના સાધનથી વિરુદ્ધ છે. એમ મનાય છે. સામાન્ય રીતે જીવ ઘણાં પુસ્તકો વાંચી જ્ઞાન મેળવે તો પણ તેને જ્ઞાનનું અભિમાન થશે. પુસ્તકો વાંચવાથી રૂપસાધન વગેરે જાણવાથી જો કે તેનાં અંતઃકરણની શુદ્ધિ થશે, પણ 'હું જ્ઞાની છું' એવું અભિમાન તો તેનામાં આવશે જ. તેથી તેને મુખ્ય ફલની પ્રાપ્તિ નહીં થાય. તીર્થાદિ કરવાથી અંતઃકરણની શુદ્ધિ થાય છે, પણ 'મારું અંતઃકરણ શુદ્ધ થયું છે' એવું અભિમાન ન આવે તો પણ બીજો દોષ નિયોગનો એટલે કે વધારે વાંચી જ્ઞાન મેળવ્યું એવું અભિમાન આવે છે. એ ભક્તિમાર્ગથી વિરુદ્ધ છે. એ દોષ થવા સંભવ છે. એટલે મુખ્ય ફળની પ્રાપ્તિ માટે ત્યાગ યોગ્ય નથી.

જો જીવ ભક્તિમાર્ગમાં ઘરને બાધક સમજી તેનો ત્યાગ કરે તો તેને પુષ્ટિધર્મ જાળવવો મુશ્કેલ પડે. સેવા એ જીવનો મુખ્ય ધર્મ હોઈ ઘરનો ત્યાગ કરવાથી જીવ તનુ—વિત્તજા સેવા પણ કરી શકે નહીં. ઘરનો ત્યાગ કરવાથી શ્રીઠાકોરજીની સેવા કરવી પણ અસંભવિત બની જાય. તેનો ત્યાગ થયાનો દોષ લાગે. આ પ્રમાણે થવાને કારણે સેવા, સ્મરણ વગેરે પણ અટકી જાય. માટે સ્ત્રી વગેરે અનુકૂળ હોય તો પણ, પ્રભુની સ્વરૂપાસક્તિને કારણે ઘરમાં રહેવાથી સંગદોષ બાધક બનશે એવું માનીને ઘરનો ત્યાગ કરવા ઈચ્છે તો તેના સમાધાનમાં નીચેનો શ્લોક કહે છે—૪

અગ્રેપિ તાદશૈરેવ સંગો ભવતિ નાન્યથા ।
સ્વયં ચ વિષયાક્રાન્તઃ પાષંડી સ્યાત્તુ કાલતઃ ॥૫॥

શ્લોકાર્થઃ (ત્યાગ કરવો યોગ્ય છે) એમ કહે તો ભવિષ્યમાં પણ એવાઓની સાથે જ સંગ થશે. બીજા પ્રકારના ભક્તિમાર્ગીયોનો સંગ થશે નહીં. પરિણામે તે કાળબળને લીધે વિષયાસક્ત અને પાખંડી થશે—૫

વિવૃત્તિ ભાવાનુવાદઃ ભક્તિમાર્ગમાં જીવને સેવા અને શ્રવણાદિ સંપાદન કરવાનો હેતુ મુખ્ય છે. પણ જો ભક્તિમાર્ગીય જીવ ઘરનો ત્યાગ, ઘર બાધક છે, તેમ માનીને કરે તો પણ ઘરની બહાર પણ તેને ભક્તિમાર્ગીયોનો સંગ થશે નહીં. તેની ઈચ્છા ઘણી અતિવિરક્તિઓનો સંગ કરવાની હોવા છતાં, ઘરની બહાર તો તેની ઈચ્છા પ્રમાણેના ભગવદીયોને બદલે ઉચ્છૃંખલ, સેવા શ્રવણાદિથી રહીત જીવોનો સંગ થતાં તેની ભાવના સિદ્ધ થશે નહીં. એટલું જ નહીં પોતે જાતે પણ એવા ઉચ્છૃંખલ જીવોના સંપર્કમાં વારંવાર આવવાને લીધે તેમનાં દુષણોનો તે ભોગ બનશે. વિષયાક્રાન્ત જીવોના સંગથી તે તદીય હોવા છતાં વિષયાદિ રૂપોથી આક્રાન્ત બનતાં તે સ્વયં પાખંડી અને વેદવિરુદ્ધ વિષયોનો ભોક્તા બનશે. આવું બનવાનું મુખ્ય કારણ કાળ છે. કાળ જ એવો છે કે અનિચ્છાએ પણ તે વિષયાસક્ત અને પાખંડી બનશે. કલિકાલનો પ્રભાવ જ એવો છે. માટે જે ભક્તિમાર્ગીય જીવ સાધનદશામાં છે તે કાળના પ્રબલપણાને લીધે આવો પાખંડી અને વિષયી બનવાનો જ. વેદમાર્ગ વિરુદ્ધ એટલે શાસ્ત્રુ નિરુદ્ધ કરેલા વિષયોમાં ફસાશે. પરિણામે તેને ભક્તિમાર્ગીય ફલ પ્રાપ્ત થશે નહીં. માટે ભક્તિમાર્ગીય જીવે ત્યાગ કરવો યોગ્ય નથી—૫

જોકે વિષયો ભક્તિભાવ નિભાવવામાં બાધક છે છતાં પણ ભાવ ટકાવી રાખવા જીવે આરંભ કરેલો હોવાથી દુઃસંગમાં પણ ભાવ ટકી રહેશે એવી માન્યતાનો નિરાસ નીચેના શ્લોકથી કરે છે.

વિષયાક્રાન્તદેહાનાં નાવેશઃ સર્વદા હરેઃ ।
અતોઽત્ર સાધને ભક્તૌ નૈવ ત્યાગઃ સુખાવહઃ ॥૬॥

શ્લોકાર્થઃ વિષયોથી ભરેલા દેહવાળાઓનો કોઈપણ સમયે હરિમાં આવેશ થતો નથી, તેથી અહીં ભક્તિમાર્ગમાં સાધનદશામાં ત્યાગ સુખ આપનારો નથી થતો—૬

વિવૃત્તિ ભાવાનુવાદઃ જીવની ઈન્દ્રિયો શાસ્ત્રે નિષિદ્ધ કરેલા વિષયોમાં આક્રાન્ત થવાથી જીવનું મન સેવા, સ્મરણ વગેરે કરવામાંથી નિવૃત્ત થવાની ઈચ્છાવાળું થતું જાય છે. તે વખતે તેને જે નિત્ય ભગવદ્ આવેશ આવતો તે બંધ થઈ જાય છે. પરકીયાઓથી નિષિદ્ધ કરેલા એવા દુર્લભપણાની દઢ ભાવનાઓથી દુષ્ટ બનેલા જીવોથી લોભાઈ જવાથી જીવનો આખો દેહ વિષયાક્રાન્ત બની જાય છે. દેહ વિષયાક્રાન્ત બનતાં મૃત્યુરૂપ જેટલું દુઃખ જીવને થાય છે, પરંતુ દુઃખને દૂર કરનાર ભગવદાવેશથી અમૃતરૂપ ભગવદાનંદ તે જીવને મળતો નથી. આમ છતાં પણ કદાચ તે જીવ ભગવાનના ગુણાનુવાદ ગાય તો કદાચ તેનામાં ભગવદાવેશ થવા સંભવ છે, પણ તેવો આવેશ તેનામાં કાયમ રહેતો નથી. આવો આવેશ કદાચિત આવે. બાકી તો ભગવદ્ આવેશ આવવો અસંભવ છે. ભક્તિમાર્ગ તો એવો છે કે ભગવદાવેશ જીવમાં હંમેશા રહે. માટે ભક્તિમાર્ગીય જીવ માટે પરિત્યાગ ભગવદાનંદ આપનારો નથી, પણ મૃત્યુરૂપ દુઃખ આપનારો છે—૬

આ પ્રમાણે જ્યારે સાધનદશામાં ભક્તિમાર્ગીય જીવે ઘરનો ત્યાગ ન કરવો એમ કહ્યું. તો તેવા જીવે ક્યારે ત્યાગ કરવો? તેનું સમાધાન નીચેના શ્લોકમાં કહે છે.

વિરહાનુભવાર્થં તુ પરિત્યાગઃ પ્રશસ્યતે ।
સ્વીયબન્ધનિવૃત્ત્યર્થં વેષઃ સોઽત્ર ન ચાન્યથા ॥૭॥

શ્લોકાર્થઃ વિરહનો અનુભવ થાય એ માટે ઘર વગેરેના ત્યાગની પ્રસંશા કરવામાં આવી છે. અહીં (સંન્યાસીનો)એ વેષ સગાંથી થતાં વિઘ્નોને દૂર કરવા માટે હોય છે, બીજા કોઈ કારણે નહીં—૭

વિવૃત્તિ ભાવાનુવાદઃ પૂર્વે જીવને સંયોગઅવસ્થા પ્રાપ્તિ થાય ત્યારે જ વિરહ થાય તે બતાવવા 'તુ' શબ્દ યોજ્યો છે. સંયોગ પછી જ વિરહનો પ્રશ્ન ઉદ્ભવે તે સુપ્તપ્રબુદ્ધ ન્યાયથી વાચકે સમજી લેવું. જાગવાનો પ્રશ્ન ઊંઘેલાને લાગુ પડે છે. જાગવાનું ઊંઘતાને હોય તેને સુપ્તપ્રબુદ્ધન્યાય કહેવાય. તે અનુસાર જેને પ્રભુનો સંયોગ થયો છે તેને જ વિરહનો અનુભવ કરવાનો હોય. એથી અહીં કહેલો ત્યાગ વિરહ માટે છે. તે માટે ભક્તિમાર્ગીય જીવે દેહ, ઈન્દ્રિયો, વગેરેનો ભગવાન સાથે સંયોગ કરાવવાનો છે. ગુરુના ઉપદેશથી સ્ત્રી વગેરેનું અતિક્રમણ કરીને (તેમની ઈચ્છા વિરુદ્ધ) જો ફલ મળતું હોય તો જ જો તેમનો ત્યાગ કરવામાં આવે તો તેવો ત્યાગ પ્રસંશાપાત્ર છે. ત્યાં સંન્યાસના વેશની સ્પષ્ટતા કરવામાં આવી છે. જો જીવ વેષ પલટો ન કરે તો પોતાનાં જ સ્ત્રી વગેરે અંતઃકરણમાં રહેલા વિષયોને કારણે, વિષયો ભોગવવા ભક્તિમાર્ગીય જીવ પાસે આવે, પણ જો જીવે સંન્યાસીનો વેષ ધારણ કરેલો હોય તો હવે આ જીવ આપણા કામનો રહ્યો નથી તેવું જ્ઞાન થવાથી તેઓમાં રહેલી વાસના નિવૃત્ત થાય છે. એથી જીવે ભક્તિમાર્ગમાં હોવા છતાં પણ ત્રિદંડિવેષ ધારણ કરવો યોગ્ય છે. આ સિવાય બીજું કોઈ કારણ વેષ બદલવા માટે નથી. વેષનું સાધન ફલ પ્રાપ્ત કરવાના હેતુથી કહ્યું છે—૭ —ક્રમશઃ

કાવ્ય કુંજ

એ હાલો હાલો બાંધે વલ્લભ બ્રહ્મસું પાલો

એ હાલો હાલો બાંધે વલ્લભ બ્રહ્મસું પાલો, કહે શ્રીજીને જીવનો હાથ ઝાલો,
દીધું વચન પાળે પ્રભુ શ્રીનાથ રે, ગ્રહે કૃપયા જીવોનો હાથ રે.
એ હાલો હાલો..
શ્રીવલ્લભને નંદલાલો વા'લામાં વા'લો, રે લાલાને વલ્લભવંશ વા'લો,
અવિરત સેવે વલ્લભવંશ શ્રીનાથ રે, વલ્લભવંશ થકી સેવે પુષ્ટિજન શ્રીનાથ રે.
એ હાલો હાલો..
અવિરત સેવા અવિરત ભક્તિ આવી, અન્ય કોઈની ન શ્રીજીને આવી ભાવી,
વલ્લભવંશમાં બિરાજે પ્રસન્ન શ્રીનાથ રે, વલ્લભ–વલ્લભી માને સર્વ શ્રીજીને હાથ રે.
એ હાલો હાલો..

– પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

જે પ્રતિકૂલ પ્રભુ સેવતાં, તેને તજીયે ના વળગીયે વ્યર્થ;
જનની, જનક, પતિ, પુત્ર, ભ્રાત, ગુરુ છાંડવા જદપિ સમર્થ,
સમર્થ તાત તજ્યો પ્રહલાદે, ભરતે માત મૂકી હરિ સ્વાદે
પતિ ઋષિ પત્ની, વિભિષણ ભ્રાત, ગુરુ નો ગણ્યા બલીયે સાક્ષાત્
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૭૭)

વિવેચન : આ ચંદ્રાવળામાં કવિશ્રી કર્તવ્ય (શું કરવું) અકર્તવ્ય (શું ન કરવું) તે બંને વસ્તુ સમજાવવા શાસ્ત્રોના દ્રષ્ટાંત આપે છે, કે પ્રભુને જ સર્વશ્રેષ્ઠ માનવા. તેમાં આડે આવતા કોઈપણ હોય જેમકે માતા, પિતા, પુત્ર, ભાંઈ, ગુરુ અથવા તો કોઈપણ હોય, તેને છોડવા પડે તો હરકત નથી. પરંતુ પ્રભુને ન છોડવા. તે માટે પ્રતિકુળ જે હોય તેનો ત્યાગ જ ઉત્તમ બતાવ્યો છે. શિક્ષાપત્ર ૧ લું શ્લોક ૫

પ્રાતિકુલ્યે યથા ત્યાગઃ પ્રભ્વસમ્બન્ધિ વસ્તુતઃ

જે વસ્તુ પ્રભુ સંબંધી નથી, તેનો ત્યાગ જ પુષ્ટિમાર્ગમાં યોગ્ય છે. તેથી જ ભાર્યાદિક પણ પ્રતિકુલ હોય, તેનો ત્યાગ કરવો.

જેમકે ધન—ધન વગર ભૌતિક કાર્ય સંસારમાં થતા નથી. પરંતુ જો ધનમાંજ પ્રિતિ રહે, પ્રભુથી વિમુખ થઈ જવાય, તો તે ધનનો પણ ત્યાગ કરવો.

(૨) સ્ત્રી પણ પ્રભુ સેવામાં ઉપયોગી હોય તો તેનાથી વિશેષ પ્રિતિ રાખવી. કેવળ લૌકિક સુખ માટે નહીં. દામોદરદાસ સંભરવાળાનો પુત્ર મ્લેચ્છ થયો, તેથી તેમણે તે પુત્રનો ત્યાગ કરવામાં જ શ્રેષ્ઠ માન્યું.

પોતાની દેહ છુટી ત્યારે તેની પત્નીએ શ્રીઠાકુરજી માલસામાન સાથે અડેલ મોકલાવ્યું. નાવ ત્યાં પહોંચ્યું ત્યારે જ પુત્રને ખબર કરી, કેમકે પુત્ર તેનો પ્રતિકુળ હતો. ભ્રાતૃ— ભાઈ પણ પ્રતિકુલ હોય તો તેનો ત્યાગ કરવો. ગુરુ—ગુરુની આજ્ઞા ઉલ્લંઘન કરવી નહીં. પ્રભુ તુલ્ય ભાવ રાખવો. પરંતુ ગુરુ પણ ભગવદ્ વિરોધી હોય તો તેવી આજ્ઞાને માનવી નહીં. હવે આવા દ્રષ્ટાંતો આપી કવિશ્રી કહે છે કે કોઈપણ હોય, પ્રતિકુળમાં મોહ (જે પ્રભુ પ્રાપ્તિમાં અડચણ કરે)રાખવો જ નહીં. શાસ્ત્રોક્ત દ્રષ્ટાંત જુઓ.

દેહનો સંબંધ જાય તેની ચિંતા નહીં, પરંતુ આત્માના સંબંધી ન જાય તેનું ધ્યાન રાખવું.

(૧) પિતાની આજ્ઞા ઉલ્લંઘન કરી—પ્રહલાદજી મહાન ભગવદ્ ભક્ત હતા. તેમનાં પિતા હિરણ્યકશીપુ રાજા હતા અને ભગવાનના વિરોધી હતા. તેના કહેવાથી પ્રહલાદજીએ ભક્તિ છોડી નહીં. રાજાએ અનેક દુઃખો દીધા, મારવાની કોશીશો કરી, છતાં પ્રહલાદજીએ પિતાની આજ્ઞા માની જ નહીં. ત્યારે નૃસિંહરૂપ ધારણ કરી પ્રભુએ તેની રક્ષા કરી. એકજ ભક્તને કાજે નર—સિંહ આવું રૂપ ધારણ કર્યું.

કહેવાનો મતલબ એ કે પિતાની આજ્ઞા ઉલ્લંઘન કરવાનું તેને પાપ તો ન લાગ્યું પરંતુ પ્રભુ પ્યારો બન્યો. તે ભક્તને ખોળામાં બેસાડી તેનાં લાડ પ્યાર કરી પ્રભુએ ક્રોધને શાંત કર્યો.

માતા—ભરતજીએ માતા કેકેયીની આજ્ઞા ન માની. કેમકે તેનો સર્વોત્તમ ભાવ રામચંદ્રજીમાં હતો. તેથી ભરતજીને માતાની આજ્ઞા ઉલ્લંઘનનો દોષ ન લાગ્યો. પરંતુ પ્રભુ રામનો પ્યાર મલ્યો. ભરતજી રામ વનવાસ દરમ્યાન રાજા બની સિંહાસન ઉપર બેઠા જ નહીં. જેને માટે કેકેયીએ રામને વનવાસ અપાવ્યો હતો, તે તો પાદુકાની સેવા જ કરતા રહ્યા, ને તપસ્વી જીવન ગુજાર્યું.

પતિ આજ્ઞાનું ઉલ્લંઘન—ઋષિ લોકો યજ્ઞ કરતા હતા. ત્યાં જઈને ગોવાળીયાઓ યાચના કરવા લાગ્યા, કે મહર્ષિઓ અત્રેથી થોડે દૂર રામકૃષ્ણ ગાયો ચરાવી રહ્યા છે, અમોને ભૂખ લાગી છે તેથી અન્ન આપો. ત્યારે ઋષિઓએ ધુત્કારીને પાછા કાઢયા, ત્યારે તેઓ કૃષ્ણની આજ્ઞાથી તે ઋષિઓની પત્નીઓ પાસે ગયા. ત્યારે તે પતિવૃતા નારીઓ સદાની જેમ યજ્ઞનો થાળ સાજી ઘરેથી નીકળતા જ હતા. તે નારીયો કદી પતિને પૂછયા વગર ક્યાંય પગલું બહાર ભરતી નહીં. પરંતુ કૃષ્ણનું નામ સાંભળતા જ તેઓ લૌકિક મર્યાદાને તુચ્છ સમજીને ગોવાળીયાની સાથે જ ચાલી નીકળી. વનમાં જઈ કૃષ્ણ, બલરામનાં દર્શન કરી પ્રેમથી ભોજન કરાવી, આનંદવિભોર બની. ભલેને લૌકિક ધર્મ છૂટયો, યજ્ઞની મર્યાદા છૂટી, તેનું દુઃખ કે રંજ ન માન્યા. સાક્ષાત યજ્ઞ નારાયણને જ પ્રેમથી આરોગાવી પ્રસન્ન થઈ. તેમને પતિ આજ્ઞા ઉલ્લંઘનનો દોષ ન લાગ્યો, પરંતુ પ્રભુ મલ્યા.

જયારે પ્રભુએ આજ્ઞા કરી કે હવે તમે તમારે ઘેર જાઓ ત્યારે તેઓએ કહ્યું કે પ્રભુ! હવે ઘર ક્યાં રહ્યું. ઘર, પતિ, બધું છોડયું ત્યારે જ અત્રે અંવાણું. ત્યારે પ્રભુએ આજ્ઞા કરી કે તમે જાઓ, તમારા પતિ દેવો તમારું સન્માન કરશે. સર્વનો હૃદયાગામી હું છું. થયું પણ એવું જ, કે ઋષિ લોકોને પોતાની ભૂલ સમજાઈ અને પશ્ચાત્તાપ થયો કે અમારા કરતાં તો અમારી નારીયો મહાન કે જેમણે સામે ચાલીને પ્રભુને ભોજન કરાવ્યું. પ્રભુને તેણે ઓળખ્યા, ધન્ય છે તે સન્નારીઓને.

મોટાભાઈની આજ્ઞાનું ઉલ્લંઘન—વિભિષણ રામભક્ત હતા. રાવણ રામનો વૈરી હતો. તેથી રાવણનો સાથ છોડી રામનાં પક્ષમાં જ રહ્યા. તેને મોટા ભાઈની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાનો

દોષ ન લાગ્યો. ઉપરાંત પ્રભુનો પ્રિય ભક્ત બન્યો.

ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન–તેતો બલી રાજાએ કર્યું. બલી રાજા મહા દાની હતા. અસુરોનાં ગુરુ શુક્રાચાર્ય હતા. તેમણે વામન ભગવાનને દાન દેવાની બલીરાજાને મનાઈ કરી હતી, કે રાજા તું મારું કહ્યું માની જા, આ વામન નથી, વિષ્ણુનું છળરૂપ છે, તને લૂંટી લેશે. માટે તું આને દાન આપીશ નહીં. ત્યારે બલી રાજાએ ગુરુની આજ્ઞા ન માની અને દાન દીધું. આ વખતે ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાનો દોષ તેને ન લાગ્યો. તદ્ઉપરાંત હરિ, હર, બ્રહ્મા ત્રણે દેવો તેમનાં રખવાળા બન્યા.

તાત્પર્ય–જ્યાં જ્યાં શાસ્ત્રોમાં ધર્મના પાલન માટે ધર્મો બતાવ્યા છે, પરંતુ પ્રભુ પ્રાપ્તિમાં તે ધર્મ જ્યાં આડો આવ્યો ત્યાં ભક્તોએ તેમને માન્યો જ નથી. તેઓ જાણતા હતા કે પ્રભુથી મોટું કોઈ નથી. તેથી જ દૂષણ હતું તેજ ભૂષણ બન્યું. તેમણે લોકનિંદાનો ભય રાખ્યો જ નહીં. પ્રભુ સેવતા પ્રતિકુળ હોય પછી ગમે તે હોય, તેનો ત્યાગ જ ઉચિત છે. પ્રભુને પ્રાપ્ત કરવા પ્રેમની જરૂર છે અને તે પ્રેમ આ લોકનાં ધર્મો કરતાં શ્રેષ્ઠ છે. (ગઝલ)

અરે મન દેખ તું પ્યારા, પ્રેમકા પંથ હે ન્યારા–ટેક
બલીરાજા મહાદાની, ગુરૂકી બાત ન માની
હરિ, હર, બ્રહ્મ રખવારા, પ્રેમકા પંથ હે ન્યારા
પતિ આજ્ઞા કું દે ટારી, ચલી વન જાય વૃજનારી
ત્રિલોક નાથ નચવાયા, પ્રેમકા પંથ હે ન્યારા
ભરત માતાકી ના માની, પાદુકા શિષ લે ધારી
હૃદયમેં રામ રઘુરાયા, પ્રેમકા પંથ હે ન્યારા
હતો લંકેશ અભિમાની, વિભિષણ ભ્રાત સું ઠાની
'માધુરી' લાગી પ્રભુ માયા, પ્રેમકા પંથ હે ન્યારા

ઉપર મુજબ દ્રષ્ટાંતો બધા કીર્તન રૂપમાં પણ એજ સમજાવે છે પ્રભુ સાથેની પ્રિત એજ પ્રભુ પ્રાપ્તિ કરાવે છે, પછી ભલેને ગમે તે હોય. લોકલાજ કુલ, મર્યાદા, શાસ્ત્રોક્ત બંધન, તેને કોઈ બાધા કરી શકતું નથી.

જુઓ એક પઠાણ પુત્રની વાર્તા. ૨૫૨ વૈ.માં ૧૪૭મી

એક પઠાણ પુત્ર હતો. તેના હાથમાં શ્રીનાથજીનું ચિત્રજી આવ્યું તે દિવસથી તેણે સ્વરૂપમાં ધ્યાન લગાડયું. દિવસ રાત તે ક્યાં મળશે તેની ખોજમાં વૃજમાં, લતાપતા, કૂંજ નિકૂંજોમાં ફરતો રહેતો.

તે વખતે દિલ્હીમાં શેરશાહ બાદશાહ રાજ્ય કરતો હતો. આ પઠાણ પુત્રનાં પિતાએ બાદશાહ પાસે જઈને ઘા નાખી કે મારો દિકરો વિધર્મી થઈ ગયો છે. ઘરમાં કોઈનું માનતો નથી.

અમોએ સમજાવ્યો તો ઘરબાર છોડીને (બધાનો ત્યાગ કરી) જંગલમાં ભટકયા કરે છે.

આ સાંભળીને બાદશાહે તેને બોલાવ્યો અને કહ્યું કે તું તારા પિતા કહે તેમ શા માટે નથી કરતો? હવે તું નહીં માને તો તલવારથી તારું માથું ઉડાવી દઈશ. એમ કહી રાજાએ તલવાર કાઢી ત્યારે આ પઠાણ પુત્રે કહ્યું કે બીજી તલવાર શા માટે આ મારી તલવારથી જ મારું માથું ઉડાવી નાંખો. આ સાંભળી બાદશાહ વિમાસણમાં પડી ગયો કે જે ધર્મની ખાતર મરવા તૈયાર છે તેને સલ્તનત શું કરી શકવાની હતી? તેથી પ્રસન્ન થઈ છોડી મૂક્યો. આ દ્રષ્ટાંત સમજાવે છે, જાત, કુલ, ધર્મ, કોઈ પ્રેમ આડે આવી શકતું નથી. પ્રભુ તો ભક્તને વશ છે તેમજ સર્વ જગો પર રક્ષક છે. તે પઠાણ પુત્રને જાત, ધર્મ કે પિતા, કોઈની મર્યાદા તોડવાનો દોષ ન લાગ્યો, પરંતુ પ્રભુ મલ્યા. માટે જ કવિશ્રી કહે છે કે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.(૭૭)

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્‌ગારો

૮૪. ત્રણ પ્રકારના ભગવદીયોના વિવિધ ગુણો

આ જીવથી તે બ્રહ્મા સુધી દરેકના ત્રણ રૂપ છે. (૧) આધિભૌતિક (૨) આધ્યાત્મિક અને (૩) આધિદૈવિક. જ્યારે પોતાને સુખે સુખ, પોતાના દુઃખે દુઃખ, પોતે ખાધું પીધું ત્યારે સર્વેએ ખાધું પીધું. એ આધિભૌતિક સ્વરૂપ.

આપણે ત્રણ દિવસના ભૂખ્યા છીએ, ને બીજા વૈષ્ણવ ત્રણ દિવસ ભૂખ્યા છે ત્યારે કોઈએ આપણને નોતરું દીધું. આ વખતે આપણે તેને એમ કહીએ છીએ કે, આ વૈષ્ણવ ત્રણ દિવસના ભૂખ્યા છે, તેમને પ્રસાદ લેવરાવો તો ઘણું સારું. ત્યારે તેમણે તેને પ્રસાદ લેવરાવ્યો. આથી આપણું રોમરોમ ફૂલે, કોઈને સુખે સુખી અને પ્રસન્ન દેખીને પ્રસન્ન થઈએ, તથા દુઃખી દેખીને દુઃખી થઈએ, આ આધ્યાત્મિક ભગવદીય.

હવે આધિદૈવિક તે તો પ્રભુના સુખે સુખી થાય, પ્રભુને સુખ ન મળે, તો પોતે દુઃખી થાય, તે આધિદૈવિક ભગવદીય જાણવા. ૮૪

૮૫. સામગ્રી સઘળી પ્રભુનું સ્વરૂપ છે.

મંદિરમાં જે જે સામગ્રી છે, તે સર્વે રાણીઓ છે, એવું શ્રીવલ્લભ કહેછે, જેને પ્રભુનો સંબંધ થાય તે પોતાના રૂપ બરાબર છે. ફૂલ, સુગંધી, સિંહાસન, વસ્ત્ર વગેરે જે કાંઈ મંદિરમાં સામગ્રી છે, તે ભગવદ્‌રૂપ છે. રખે કોઈને પગ અડકે, સર્વ પ્રભુના સંબંધે મોટાં છે. ૮૫

દેવર્ષિ નારદ રચિત

ભક્તિસૂત્ર – પ્રેમદર્શન

ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ

હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદાર ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.

—ગતાંકથી ચાલુ

૪. પ્રેમમાં અનન્યતા (ચાલુ)

તેનામાં લોક અને વેદના કર્મોના સમર્પણના આધાર પાત્રરૂપ તે ભગવાનમાં અનન્યતા અભેદ એટલે કે જાતથી તેને જુદો ન ગણવો તે, તથા તે ભગવાનને અપ્રિય એવાં કર્મોમાં ઉદાસીનતા—તટસ્થતા એટલે નિરોધ એમ જાણવું.

તસ્મિન્નનન્યતા તદ્વિરોધિષૂદાસીનતા ચ ॥૯॥

એ પ્રિયતમ ભગવાનમાં અનન્યતા અને તેની વિરુદ્ધના વિષયમાં ઉદાસીનતાને પણ વિરોધ કહે છે—૯

બહારનું જ્ઞાન ટકાવી રાખવાથી પરિસ્થિતિમાં પ્રેમીભક્ત પ્રિયતમ પ્રતિ અનન્ય ભાવ રાખતા તેની વિરુદ્ધના કાર્યો પ્રતિ ઉદાસીન રહે છે. આ પ્રકારની સાવચેતી સાથે થનાર કર્મ પણ નિરોધ કહેવાય છે. પ્રેમીભક્ત દ્વારા થનારી દરેક ચેષ્ટા પોતાના પ્રિયતમને અનુકૂળ હોય છે અને અનન્ય ભાવથી તેની સેવા માટે હોય છે. પ્રતિકૂળ ચેષ્ટા તો તેનાથી આમેય ન જ થાય. જેમ સૂર્ય દ્વારા કદી અંધારૂ ન થાય કે અમૃત દ્વારા મૃત્યુ જ થઈ શકે.૯

ભાષ્યાર્થ: 'નિરોધ' શબ્દમાં તે ભગવાનથી અનન્યતા અને ભગવાનને અપ્રિય એવાં કર્મોમાં તટસ્થતા એ અર્થ પણ જાણવો. અહીં ધ્વનિ આ છે; જ્યાં સુધી આ ભક્ત ભગવાન સાથે આત્મીયતા નથી અનુભવતો ત્યાં સુધી એ પ્રણિધાન=સર્વ કર્મ—સંન્યાસ કરવાને શક્તિમાન થતો જ નથી! પોતાનામાં અને ભગવાનમાં સહેજે અંતર એ પ્રણિધાનને રોકે છે! આથી ભક્ત ભગવાનને પોતાના આત્મા તરીકે અનુભવે છે. અહીં ભેદ એ આત્મઘાતી અને પ્રેમનો વેરી છે! આથી સર્વપણાનો ઉલ્લાસ ત્યારે સ્ફુરે છે અને ઠરીને રહે છે કે જ્યારે ભક્ત ભગવાનને માત્રા માત્ર પણ ભિન્ન નિહાળતો નથી! કેમકે માણસને પોતાના આત્મામાં જ નિરતિશય વિશ્વાસ હોય છે.

આ ઉપરાંત જે સર્વ કર્મ અને કર્મફલના સંન્યાસની દીક્ષા લેવા ચાહતો હોય તેણે પોતાના પ્રિયને અપ્રિય હોય એવા કર્મો ઉપરથી હંમેશને માટે ઉદાસીનતા કેળવવી જ રહી! કેમકે

પોતાના પ્રિયને અનુકૂળ વર્તન તો પ્રેમનું રહસ્ય છે! જ્યાં સુધી આ ભક્ત પોતાના પ્રિયને વિરોધી એવાં કર્મોમાંથી અટકતો નથી, ત્યાં સુધી તેનો પ્રિય તેની સન્મુખ થતો નથી! એટલું જ નહીં પણ પ્રિયને વિરોધી આચરણ કરનાર પોતાના પ્રિયને દૂભવે છે અને તેથી પ્રિય વિમુખ થઈ જાય છે અને પોતાના પ્રિયની જ્યાં વિમુખતા થાય ત્યાં જન્મની સફલતા નથી. ઉલટું મનુષ્ય જન્મની તેમાં વ્યર્થતા થાય છે. આથી પોતાનામાં અને પરમાત્મામાં સહેજે અંતર ન રાખે, ન તો તેને અપ્રિય કર્મોનું આચરણ કરે. જે કરે છે તે સ્વચ્છ પ્રેમને દૂભવે છે. ૯

|| શ્રીહરિઃ ||

શ્રીમદ્ વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો

લેખક – દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ– ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા– વિશારદ, મુંબઈ.

ભાષાંતર – ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

– ગતાંકથી ચાલુ

૭. (૧) શ્રીનાથજી

શુદ્ધાદ્વૈત વૈષ્ણવ ભક્તને માટે પરમ પૂજ્ય અને પરમ માનનીય સ્વરૂપ શ્રીનાથજીનું છે. પૂર્ણ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણચંદ્ર સ્વયં પોતે જ શ્રીનાથજીનાં સ્વરૂપમાં ભૂતલ ઉપર બિરાજે છે. આપનું વર્તમાન બિરાજમાન સ્વરૂપ તે સમયનું છે. જે સમયે આપે ઈન્દ્રના અત્યાચારથી શ્રીવૃજભક્તોને બચાવવા માટે શ્રીગોવર્ધન ગિરિરાજને સાત દિવસ પર્યંત ધારણ કર્યો હતો.

આપનું પ્રાગટય રહસ્ય પણ અદ્દ્ભુત છે. વૃજમંડલની શ્રીગિરિરાજની એક કંદરામાંથી આપની ઉર્ધ્વભૂજાનું પ્રાગટય સંવત ૧૪૬૬ શ્રાવણ વદી ત્રીજના સુર્યોદય સમયે શ્રવણ નક્ષત્રમાં થયો હતો. વ્રજવાસીઓને ભુજાના દર્શન તેજ સંવતમાં નાગપંચમીના દિને થયા હતા.

ગિરિરાજની કંદરામાંથી એકાએક ભુજાના દર્શન થવાથી વ્રજવાસી મંડલ અત્યંત આશ્ચર્યચક્તિ થયા. પરંતુ તેના આશ્ચર્યને જોઈને એક વૃદ્ધ વ્રજવાસી બોલ્યો–'ભાઈઓ, આ ભુજા તે સમયની છે જ્યારે ઈન્દ્રએ કોપ કરીને વ્રજ ઉપર સાત દિવસ સુધી મેઘની મૂશળધાર વૃષ્ટિ કરી હતી અને જેના પ્રતિકારરૂપે સાત વર્ષના સાંવલા શ્રીકૃષ્ણે સાત દિવસ સુધી પોતાની કનિષ્ટિકા (ટચલી આંગળી) પર ગિરિરાજ ધારણ કરીને વ્રજભક્તોની રક્ષા કરી હતી તે આ ભુજા છે. આપ સ્વયં આ સમયે શ્રીગિરિરાજની કંદરામાં બિરાજમાન છે. આ સમયે આપણને કેવલ ભુજાનાં દર્શન દીધા છે આપની ઈચ્છા થાશે ત્યારે મુખારવિન્દનાં દર્શન પણ આપણે કરી શકીશું.' વૃદ્ધની વાત સાંભળીને વ્રજવાસીઓ પ્રસન્ન થયા. તથા ભુજાના પ્રાગટયથી પોતાનું પરમ સૌભાગ્યનો ઉદય થયો છે એમ માનીને ભુજાનું ષોડશોપચાર પૂજા કરવા લાગ્યા એટલું જ નહીં પરંતુ નાગપંચમીના દિવસને એક વિશેષ સૌભાગ્યનો દિવસ માનવા લાગ્યા અને તે દિવસે પ્રત્યેક વરસે ત્યાં એક મોટો મેળો ભરાવા લાગ્યો.

આ ઘટના પછી ઓગણોસીત્તેર વર્ષના સમય પછી સંવત ૧૫૩૫ માં આપે મુખારવિંદનું દર્શન વૃજભક્તોને કરાવ્યું. શ્રીમહાપ્રભુજી આ જ દિવસે ભૂતલ ઉપર પધાર્યા હતા. તે સમયે વૃજમંડળ મુખ્યત્વે ગાયોનું નિવાસસ્થાન હતું. એક ઘરમાં હજાર ગાય રહેતી હતી. સદૂપાંડે નામના એક બ્રાહ્મણને ત્યાં એક હજાર ગાયો હતી. એક હજાર ગાયમાંથી એક ગાય શ્રીનંદરાયજીના ગાયોના કુળની હતી. જેનું નામ ધૂમર હતું. તે પ્રત્યેક દિને સાયંકાળના સમયે ઘર આવતાં પહેલાં પોતાના ટોળામાંથી છૂટી પડીને શ્રીનાથજી જ્યાં બિરાજતા હતા ત્યાં આવીને શ્રીનાથજીના મુખારવિંદમાં પોતાનું પય શ્રાવ કરાવતી. તે દૂધને ભગવાન આરોગતા. છ માસ સુધી આ વાતની કોઈને ખબર પડી નહીં. એક સમયે જ્યારે માલૂમ પડયું કે આ ધૂમર ગાય થોડુંક દૂધ આપે છે તેથી સદૂપાંડેને સંદેહ થયો અને તેના સમાધાન માટે ગાયની પાછળ ગયા.

ત્યાં જઈને જોયું તો પોતાની ધૂમર ગાય ભગવાનને દુગ્ધ પાન કરાવી રહી છે. ભક્ત ભગવાનનું આ અપૂર્વ ચરિત્ર જોઈને મુગ્ધ થઈ ગયો. પોતાને પરમ સૌભાગ્યવાન માનીને ભગવાનના ચરણારવિંદમાં પડી ગયો.

ભગવાન પ્રસન્ન થઈને બોલ્યા—'ગિરિરાજ ગોવર્ધન મારું જ સ્વરૂપ છે. અને મને અતિ પ્રિય છે. હું અહીં સર્વદા ક્રીડા કરું છું. આ સમયે શ્રીમહાપ્રભુજી ભૂતલ ઉપર પધાર્યા છે અને તેને સેવાનું દાન કરવા માટે પ્રત્યક્ષ સાક્ષાત્કાર થયો છું. મારું નામ દેવદમન છે. લીલાઓમાં મારું નામ દમન તથા નાગદમન પણ છે. ઈન્દ્રના ગર્વનું ખંડન કરીને તેના ગર્વનું દમન કર્યું તેથી ઈન્દ્રદમન છું. કાલિન્દીના જલને વિષહીન બનાવવા માટે કાલીય નાગનું દમન કર્યું તેથી નાગદમન કહેવાઉં છું. કંસ, કેશી, કવલયાપીડ હાથી ઈત્યાદી દુષ્ટોનું દમન પણ મેં કર્યું છે. તેથી સાધારણતઃ જન લોકો મને દુષ્ટદમન પણ કહે છે. સમયે સમયે મેં ઈન્દ્ર, કુબેર, ચન્દ્રમા, વાયુ, વરૂણ, મૃત્યુ, યમ, અગ્નિ, બ્રહ્મા, શિવ અને કામ ઈત્યાદી દેવોનું મેં દમન કર્યું છે. તેથી દેવદમન પણ હું છું. હું વ્રજભક્તોને સદાય પ્રિય છું. હવેથી તારી ગાય મને દૂધ પાયા કરે મને આ ગાય બહુ પ્રિય છે.'

૭ (૨) શ્રીનાથજીની શ્રીમહાપ્રભુજીને ઝારખંડમાં આજ્ઞા

શ્રીનાથજીના મુખારવિન્દની સાક્ષાત આજ્ઞાથી વ્રજવાસી ખૂબજ પ્રસન્ન થયા. તે દિવસથી તે ભાગ્યવાન વ્રજવાસીની ગાય શ્રીનાથજીને દુગ્ધપાન કરાવવા લાગી.

આપનું જ્યારે પ્રાગટય થયું તે સમયે આપની રક્ષાર્થે ચાર વ્યુહ પણ પ્રકટ થયા હતા.

શ્રીગિરિરાજના સંકર્ષણ કુંડમાંથી શ્રીસંકર્ષણદેવનું, ગોવિન્દ કુંડમાંથી શ્રીગોવિન્દ દેવનું, દાન ઘાટી પર શ્રીદાનીરાયજી અને શ્રીકુંડમાં શ્રીહરિદેવજીનું પ્રાકટય થયું હતું. એ ચારે દેવ અનુક્રમે સંકર્ષણ, વાસુદેવ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધના સ્વરૂપે છે. તે હંમેશા શ્રીનાથજીની સાથે રક્ષાર્થે બિરાજે છે. આ વ્યુહોની સેવા મતાંતરના ભક્ત લોકો કરે છે. મુખ્ય સ્વરૂપ શ્રીનાથજીનું છે. આપની સેવા માટે ઝારખંડથી શ્રીમહાપ્રભુજી અહીં પધાર્યા હતા.

સંવત ૧૫૪૯ ફાગણ સુદી અગીયારસના આચાર્યચરણ શ્રીવલ્લભાચાર્યને ઝારખંડમાં શ્રીનાથજીની આ આજ્ઞા થઈ. ' હું શ્રીગોવર્ધન ગિરિરાજમાં ગોવર્ધન સ્વરૂપે પ્રગટ થયો છું.

અહીં હું આપની સેવાની પ્રતિક્ષા કરી રહ્યો છું. તમો અહીં આવો અને વ્રજવાસીને શરણે લઈને મારી સેવાના અધિકારી બનાવો.’

જે સમયે શ્રીનાથજીની આજ્ઞા આપને થઈ ત્યારે શ્રીવલ્લભાચાર્યજી પૃથ્વી પ્રદક્ષિણા કરવા માટે ઝારખંડમાં બીરાજ્યા હતા અને બ્રહ્મવાદનો ઉપદેશ કરી રહ્યા હતા. પરંતુ આ આજ્ઞાથી આપને અત્યંત આનંદ ઉપજ્યો અને પરિક્રમાનું કાર્ય મોકુફ રાખીને આપ વ્રજભૂમિમાં પધાર્યા.

શ્રીમહાપ્રભુજી પોતાના સેવકો સાથે શ્રીનાથજીનાં દર્શન કરવા માટે શ્રીગિરિરાજ ઉપર પધાર્યા. શ્રીનાથજી પણ આપના પરમ ભક્તને દૂરથી જોઈને સ્વયં થોડે દૂરથી સામે આવીને આલિંગનથી ભેટયા.

સેવા વિના પુષ્ટિમાર્ગમાં જીવનો અંગીકાર થઈ શકતો નથી તેમ શ્રીનાથજીએ શ્રીમહાપ્રભુજીને જણાવ્યું. અને કહ્યું કે આપ મને પાટ બેસાડો અને મારી સેવાનો પ્રકાર પ્રગટ કરો’ શ્રીજીની આજ્ઞા અનુસાર શ્રીમહાપ્રભુજીએ આપને માટે એક નવીન મંદિર સિદ્ધ કર્યું અને તે દિવસથી પુષ્ટિમાર્ગીય સેવા પદ્ધતિનું પ્રકાશન કર્યું.

આ કાર્યમાં ખૂબજ સમય લાગ્યો. અને શ્રીમહાપ્રભુજીની પૃથ્વી પરિક્રમા અધૂરી હતી. એક દિવસ આપે આપના શ્રીહસ્તથી શ્રીજીને સખડીભોગ ધરી અન્ન પ્રાશન કરાવ્યું અને શ્રીજીથી પોતાનું કાર્ય ‘પૃથ્વી પ્રદક્ષિણા’ સિદ્ધ કરવા માટે આજ્ઞા માંગી. આજ્ઞા મળવાથી વ્રજજનોને સાવધાન કરીને શ્રીમહાપ્રભુ પૃથ્વી પ્રદક્ષિણા માટે પગપાળા પ્રસ્થાન કર્યું.

કાલાંતરે શ્રીજીને એક મોટા મંદિરની ઈચ્છા પ્રગટી તેથી અંબાલાના પૂરણમલ્લ ક્ષત્રિયને સ્વપ્નમાં આજ્ઞા કરી. આ આજ્ઞાને પોતાનું પરમ સૌભાગ્ય માનીને પૂરણમલ્લ દોડતા વ્રજમાં આવ્યા. અને પરમ ઉત્સાહથી શ્રીજીને માટે મંદિર સિદ્ધ કરાવ્યું.

મંદિર નિર્માણ થયું ત્યારે શ્રીમહાપ્રભુજી પોતાની પૃથ્વી પરિક્રમાનું કાર્ય પૂર્ણ કરીને વ્રજમાં પધાર્યા. આપે મોટા ઉત્સવ સાથે શ્રીજીને સંવત ૧૫૭૬ વૈશાખ સુધી ત્રીજના નવીન નિર્મિત મંદિરમાં શ્રીજીને પાટ બેસાડયા.

શ્રીમહાપ્રભુજીની આસુરમોહવ્યાહ લીલા પછી શ્રીગુંસાઈજી ગાદી ઉપર બીરાજ્યા અને પુષ્ટિમાર્ગીય સેવા પદ્ધતિનું વિસ્તરણ કર્યું.

એક સમયે જ્યારે શ્રીગુસાંઈજી ગુજરાત પધાર્યા હતા ત્યારે શ્રીનાથજીએ ગુસાંઈજીના પ્રથમ પુત્ર ગિરિધરજીને કહ્યું કે ‘હું આજ તમારા મથુરાના ઘેરે પધારવા માટે પ્રસ્થાન કરીશ. તું મને ત્યાં પધરાવી જા’ શ્રીનાથજીની આજ્ઞાનુસાર ગિરિધરજી રથ સિદ્ધ કરી લાવ્યા. શ્રીગોવર્ધનનાથજી પણ રથમાં બીરાજ્યા. શ્રીગિરિધરજી સ્વયં રથના ચાલક બનીને મથુરામાં પોતાના સતધરા ઘરમાં પધરાવ્યા. ત્યાં સંવત ૧૬૨૩ ફાગણ વદી સાતમ ગુરૂવારે શ્રીનાથજીને પાટ પધરાવ્યા.

— ક્રમશઃ

શ્રી યમુનાજીના પદ

રચયિતા–મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ–માધુરી, રાજકોટ

પદ ૭૯

શ્રીયમુને મૈં શરણ તિહારી;
રાસેશ્વરી સરલચિત, સતત શ્રીગિરિધર કી પ્યારી. ૧
સદ્ગુણ ખાનિ ભક્તભયભંજનિ, વેદ ન સાખિ ઉચારી;
તુવ તટ રજ અવલમ્બ જાહિકે, તે તિહુંકાલ સુખારી. ૨
અનુભવ પ્રેમ પુષ્ટિ રસ ભક્તિ, જો સબહી સોં ન્યારી;
તાકોં દેતિ દયા કરિ દાસનિ ગતિ, ગોપિનિ કી ભારી. ૩
જે આયે તકિ શરણ ચરનકી, વિધિ કરની હઠની ટારી;
દીન શુલ્ક 'વલ્લભ' દાસી કી, કાહે સુરતિ બિસારી. ૪

ભાવાર્થઃ હે! મા! હું તો આપની જ શરણાગત છું. આપ રાસ રસ રસેશ્વરી, આપનું સરળ ચિત્ત છે તેથી જ તો ગિરિધરલાલને અતિપ્રિય છો. તેમજ સર્વ ગુણોની ખાણરૂપ છો. તેથી ભક્તોનાં ભયને દૂર કરવા 'સંસૃતેર્ભયાત્' સંસારથી તપેલા જેઓ આપનું શરણ સ્વીકારે છે. તેના પાપને દૂર કરીને અભયપદ આપો છો. આ બાબતમાં આપનાં ગુણોનું વેદ પણ ઉચ્ચાર કરી શકેલ નથી. જે કોઈ જીવ આપનાં ઉભય સુંદર તટ ઉપર રહેલી રેતીનો એક કણનો આશ્રય કર્યો છે, તે તેનાં તાપની તુરત શાંતિ મેળવે છે. પછી તેને દુઃખ રહેતું નથી. એટલી અગાધ શક્તિ આપનાં એક કણમાં છે.

પુષ્ટિ ભક્તો અનુભ્રવી હોય છે તે આપનું જ કૃપાબળ છે. પુષ્ટિભક્તિ બીજા બધા ધર્મ માર્ગોથી જુદી જ રીતે કૃપામાર્ગ છે. જેવી રીતે વ્રજની કુમારિકા ગોપવધુ વિગેરેએ આપના સંબંધથી જ પ્રભુને પ્રાપ્ત કર્યા છે તેવીજ રીતે આપને શરણે આવેલાને 'યથાગોપિકા' ગોપીજનો મુજબ સર્વ સુખની પ્રાપ્તિ થાય છે.

આ બાબતમાં વિધિ નિષેધનું મહત્વ કાંઈ રહેતું નથી, કેમકે આપની કૃપાની સામે તે મિથ્યા થઈ શકે છે. આવું આપનું અગાધ, અનુપમ સામર્થ્ય જોઈને જ હું દીનદાસી વલ્લભી દ્વારે આવી છું. તો મારા ઉપર હજુ સુધી કૃપા કરવાનું કેમ ભૂલી ગયા હશો, આ જાણી આશ્ચર્ય થાય છે. ૭૯

કાવ્ય – કુંજ

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ (ઉત્તરાર્ધ)નું ધોળ

વીશ હજાર આઠસો રાજાને, કેદ થકી છોડાવે જી રે,
રાજાઓને રાજનીતિનો, ઉપદેશ પ્રભુજી આપે જી રે. [૨૬]
રાજસૂય યજ્ઞમાં પ્રભુજી, શિશુપાલને સંહાર્યો જી રે,
પંચોતેર દુર્યોધનનો, માનભંગ વર્ણવ્યો જી રે. [૨૭]
'શાલ્વ'ની સાથે પ્રદ્યુમ્નજીનું, યુદ્ધ ભયંકર થાયે જી રે,
દુષ્ટ 'શાલ્વ'ને અંતે શ્રીહરિ, ચક્ર સુદર્શન મારે જી રે. [૨૮]
'દન્તવક્ત્ર'ને 'વિદુરથ'ને પછી, કૃષ્ણ પ્રભુ ઉદ્ધારે જી રે,
બલદેવજી તો નિજ હસ્તે પછી, 'બલ્વલ'ને સંહારે જી રે. [૨૯]
એંસીમે આખ્યાન કહ્યું છે, શ્રીકૃષ્ણ મિત્ર સુદામા જી રે,
સુદામાનાં તાંદુલ આરોગી, કંચન મહેલો આપ્યા જી રે. [૩૦]
સૂર્યગ્રહણને સમયે કૃષ્ણજી, કુરુક્ષેત્રે જ પધાર્યા જી રે,
નંદ–યશોદા, ગોપીજનોને, શ્રીકૃષ્ણ પ્રભુ ત્યાં મળતા જી રે. [૩૧]
દ્રૌપદી સાથે કૃષ્ણ–રાણીઓ, શ્રીકૃષ્ણ અનુગ્રહ કહેતાં જી રે,
પોતે કેમ વર્યા શ્રીહરિને, વર્ણન સઘળું કરતાં જી રે. [૩૨]
ચોરાશીએ વસુદેવજીનાં, યજ્ઞનું વર્ણન કહેતા જી રે,
દેવકીજીના મૃતપુત્રોને, સુતલથી પ્રભુ લાવ્યા જી રે. [૩૩]
શ્રીકૃષ્ણેચ્છાથી સુભદ્રાજીનું, હરણ કર્યું અર્જુને જી રે,
શ્રુતદેવ, વિપ્ર'ને, 'બહુલાશ્વ'ની, કથા કહી અહીં સોયે જી રે. [૩૪]
'શ્રુતિઓ'એ શ્રીકૃષ્ણ પ્રભુની, પાવક સ્તુતિ કીધી જી રે,
જીવોએ ભગવાનની ભક્તિ, નિત્ય ભાવથી કરવી જી રે. [૩૫]
શ્રીલક્ષ્મીજીનું સ્થાન–માન ત્યાં, શુકદેવજીએ કહ્યું જી રે,
ત્રિદેવમાં શ્રીવિષ્ણુ પ્રભુનું, ભજન સદાયે કરવું જી રે. [૩૬]
નેવુમાં અધ્યાયે કહ્યું, ભગવદ્ વૈરાગ્યનું વર્ણન જી રે,
દશમ્ સ્કંધ ઉત્તરાર્ધ તણોયે, કરવો અહીં છે પૂરણ જી રે. [૩૭]

શ્રીમદ્ ભાગવત કથામૃત છે, વાંગ્મય સ્વરૂપ શ્રીજીનું જી રે,
દ્વાદશ સ્કંધની કથા હરિનું, દિવ્ય સ્વરૂપ છે અનોખું જી રે. [૩૮]
પ્રથમ સ્કંધ 'અધિકાર' લીલા છે, દક્ષિણ ચરણ શ્રીજીનો જી રે,
દ્વિતીય સ્કંધ તો 'જ્ઞાન' લીલા છે, વામ ચરણ શ્રીજીનો જી રે. [૩૯]
તૃતીય સ્કંધ તો 'સર્ગ' લીલા છે, દક્ષિણ બાહુ શ્રીજીનો જી રે,
ચતુર્થ સ્કંધ 'વિસર્ગ' લીલા છે, વામ બાહુ શ્રીજીનો જી રે. [૪૦]
પંચમ્ સ્કંધ તો 'સ્થાન' લીલા છે, દક્ષિણ સાથળ શ્રીજીનો જી રે,
ષષ્ઠ સ્કંધ તો 'પુષ્ટિ' લીલા છે, વામ સાથળ શ્રીજીનો જી રે. [૪૧]
સપ્તમ સ્કંધ તો 'ઉતિ' લીલા છે, દક્ષિણ હસ્ત શ્રીજીનો જી રે,
અષ્ટમ્ સ્કંધ 'મનવન્તર' લીલા, દક્ષિણ સ્તન શ્રીજીનું જી રે. [૪૨]
નવમ્ સ્કંધ 'ઈશાનુકથા' છે, વામ સ્તન શ્રીજીનું જી રે,
દશમ્ સ્કંધ 'નિરોધ' લીલા છે, હૃદય મધુર શ્રીજીનું જી રે. [૪૩]
એકાદશ સ્કંધ 'મુક્તિ' લીલા છે, શ્રીમસ્તક શ્રીજીનું જી રે,
દ્વાદશ સ્કંધ તે 'આશ્રય' લીલા, વામ હસ્ત શ્રીજીનો જી રે. [૪૪]
શ્રીમદ્ ભાગવત પુરાણ આ છે, વાણીરૂપ શ્રીજીનું જી રે,
વાંચન, શ્રવણ, સ્મરણ, દર્શનને, ચિંતન, મનન એ સાચું જી રે. [૪૫]
સહુ શાસ્ત્રોનો સાર કહ્યો આ, શ્રીમદ્ ભાગવત ગ્રંથે જી રે,
સાત દિવસ આ કથા સુણી ત્યાં, પરીક્ષિત મોક્ષને પામે જી રે. [૪૬]
વેદ, ગીતા, બ્રહ્મસુત્ર, ભાગવત, 'પ્રમાણ ગ્રંથો' ચારે જી રે,
શ્રીવલ્લભ પ્રભુએ સાર ગ્રહી તેનો, પુષ્ટિમાર્ગ આ સ્થાપે જી રે. [૪૭]
શ્રીહરિ—ગુરુ—વૈષ્ણવ કૃપા—પ્રેરણા, આશિષ થી જ રચાયા જી રે,
દશમ્ સ્કંધ શ્રીભાગવતજીનાં, ધોળ તો બંને મધુરા જી રે. [૪૮]
'કુસુમાયુધના' ગર્વહરંતા, રાસેશ્વર વનમાળી જી રે,
શ્રીકૃષ્ણ ચરણમાં ભક્તિ વધારે, ભાવે જે આ ગાયે જી રે. [૪૯]
'શ્રીકૃષ્ણઃ શરણં મમ' વદતાં, ધોળ કર્યા આ પૂરાં જી રે,
લેખન પઠને ભૂલ રહી જ્યાં, ક્ષમા હરિની યાચું જી રે. [૫૦]

કાવ્ય – કુંજ

શ્રીયમુના ગોપાલ હી ભાવે– (નિત્યપદનો ભાવાનુવાદ)

(ઢાળ– ઘમર ઘમર મારું વલોણું ફરે, શ્યામ બેઠા મારા મનડા હરે)

ધોળ–૧

(શ્રી)યમુના મૈયા શ્યામસુંદરને, અતિશે ગમે
મનમોહનનું મનડું તેમાં સદાયે ભમે– ટેક
યમુનાજીનું નામ ઉચ્ચારે, રાત–દિવસ જો ભાવે
યમરાજાનું જોર તે જનપર કામ જરા ન આવે
જમુનાજીનો જાણી મહિમા, ચરણે નમે– શ્રીયમુના–૧
યમુનાજીમાં સ્નાન કરે ને, ધરે મનમાં ધ્યાન
તનના તાપ તુરતમાં નાસે, પાપો બળે મહાન
યમુનાજીનું માહાત્મ્ય એવું, જાણી લ્યો તમે–શ્રીયમુના–૨
પદ્મપુરાણે કથા કહી છે, જગપાવન કરનારી
ધરણી પ્રતિ વારાહ ભગવાને, કહી છે વિસ્તારી
જગદ્‌ગુરુ શ્રીવલ્લભ પ્રભુથી, જાણ્યું છે અમે–શ્રીયમુના–૩
યમુનાજી સમ મહા અલૌકિક, તીર્થ ન જગમાં કોઈ
માટે સેવો યમુનાજીને, સંશય સઘળા ખોઈ
'પરમાનંદ' કહ્યો જે મહિમા, 'લાલ'ને ગમે
શ્રીયમુનામૈયા શ્યામસુંદરને અતિશે ગમે–શ્રીયમુના–૪

જાઉં તુજ પર પ્રભુ બલિહારી

– પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

શ્રીકૃષ્ણ મુરારિ, શ્રીકૃષ્ણ મુરારિ રે
કરું દરસન તારાં ધારી ધારી રે, ભરું જમુનાજલની ઝારી રે
નિત પીવડાવું જમુનાજીના વારિ રે, બધું કરું ન્યોચ્છાવર, જાઉં વારી વારી રે.
શ્રીકૃષ્ણ મુરારિ.

શ્રીકૃષ્ણ મુરારિ, શ્રીકૃષ્ણ મુરારિ રે
સુખ દયો છો વધારી વધારી, દુઃખ સઘળાં દયો છો વિદારી,
જાઉં તુજ પર પ્રભુ બલિહારી, બધું કરું ન્યોચ્છાવર, જાઉં વારી વારી રે.
શ્રીકૃષ્ણ મુરારિ.

ભ્રમર ગીત

લેખક : જેઠાલાલ છો. શાહ 'ઉર્મિલ' સાવલી.

મથુરામાં સુખસમૃદ્ધિવાળું તેમ અનુકૂળ સમાજવાળું જીવન હોવા છતાં શ્રીકૃષ્ણ વ્રજને ભૂલ્યો નથી. ભગવાન તો ભક્તાધીન છે. ભક્તોને શી રીતે ભૂલે? કાર્ય દિશા પરિવર્તિત થઈ ગઈ છે. મથુરા ત્યજી ગોકુલ જવાય એમ નથી. જાય તો ભક્તાધીન કદાચ પાછા ન પણ આવી શકે. પ્રિય મિત્ર અને મંત્રી સાક્ષાત બૃહસ્પતિના શિષ્ય પોતાના એકાંત ભક્ત એવા ઉદ્ધવજીને એક દિવસ શરણાગતની પીડા હરનાર ભગવાન શ્રીહરિએ બોલાવ્યા અને પ્રેમપૂર્વક તેમનો હસ્ત પકડીને કહ્યુંઃ હે સૌમ્ય! તમારે મારું એક અતિ મહત્વનું કામ સાધવાનું છે. તમે વ્રજમાં જાઓ. મારા માતાપિતાને પ્રસન્ન કરો અને વિરહ વિકલ એવાં શ્રીગોપીજનોને મારો સંદેશ પહોંચાડી એમની મનોવ્યથા દૂર કરો. ગોપીજનો મારા પ્રાણરૂપ છે. એમણે પોતાનું સર્વસ્વ મને સમર્પિત કરી દીધું છે. ગોકુલની એ સ્ત્રીઓ વિરહની ઉત્કંઠાથી મૂંઝાતી હશે અને મારા સંદેશની રાહ જોતી હશે. એમને કહેજો કે કૃષ્ણ તમને ભૂલ્યો નથી. કહેજો કે હું તો ભાવાત્મક બની રહીને વ્રજમાં જ વિલસું છું. ભલે વિયોગ રહ્યો પણ સ્વરૂપ સ્થિતિએ વ્રજમાં જ છું. તમારા હૃદયમાં જ હું તો બિરાજી રહ્યો છું. મારા માટે તમારા લૌકિક વૈદિક સર્વધર્મો છૂટી ગયા છે. તમે તો પરમ ભગવદીય છો તમને કશો જ ઉપદ્રવ ન હોય. રસાત્મક નિત્ય લીલાસ્થ એવા તમે શ્રીસ્વામિનીઓ છો. તમારામાં જ મારો પ્રવેશ થઈ ગયો જ છે. મારું સાનિધ્ય તમારા અંતરમાં અખંડ બની રહો.

શ્રીગોપીજનોમાં ઉદ્ધવજીએ ભગવત્સ્વરૂપનું જ દર્શન થવાનું છે. પણ એ તો ભગવદ્કૃપા હોય તોજ એવી અનુભૂતિ થાય. ભગવાનના અનુગ્રહથી જ એવા દર્શન થાય. યથાયોગ્ય બની રહે અને સંદેશ આપી શકે એવું શ્રીભગવાને ઉદ્ધવજીને શ્રીગોપીજનોનું સ્વરૂપ સમજાવ્યું છે. એ પછી શ્રીઉદ્ધવજી ભગવાનની આજ્ઞા પ્રમાણે સુવર્ણ રથમાં વિરાજી ગોકુલ જવા નીકળ્યા અને સૂર્યાસ્ત સમયે ત્યાં પહોંચી ગયા. ગાયો વગેરે પશુઓ વ્રજમાં પરત આવતા હતા. મસ્ત વૃષભો ડણક કરતા હતા. સુંદર શ્વેત વાછરડાં કૂદતાં હતા. નવ પ્રસુતા ગાયો વાછરડાંને શોધતી આમતેમ દોડતી હતી. ઘરોમાં ગાયો દોહવાતી હતી. વાંસળીઓના સૂરથી વાતાવરણ ગાજતું હતું. અલંકારોથી શોભતી ગોપીઓ કૃષ્ણ બલદેવના ગુણગાન કરતી હતી. વ્રજમાં અગ્નિ, સૂર્ય, ગાયો, અતિથિઓ, બ્રાહ્મણો, પિતૃઓ તેમ દેવોના પૂજન થતા હતા. વ્રજની ચારેબાજુ પુષ્પોવાળા વન હતા. ભ્રમરો ગુંજી રહ્યા હતા. કમળ ખીલતા હતા. નંદરાયજીના દ્વારે રથ

આવતાં નંદરાયજીએ ભગવાનના એ અનુપમ સેવકનો સત્કાર કર્યો. યથા સમયે ઉત્તમ ભોજન કરાવ્યું અને સ્વસ્થ થયા પછી વસુદેવાદિના સમાચાર પૂછ્યા. પાપી કંસ એના પાપે જ મર્યો. અનુયાયીઓ સાથે મર્યો એ ઘણું સારું થયું. પુત્ર સ્નેહથી નેત્રોમાં આંસુ સાથે વળી પૂછ્યું. મારો લાડકવાયો લાલો તો હવે ભણીગણી મોટો વિદ્વાન થઈ ગયો હશે. અમને, એની માતાને સંબંધીઓને, સખાઓને, સનાથ કરેલા આ વ્રજને, વૃંદાવનને, ગોવર્ધનને યાદ કરે છે કે? અહીં આવીને અમો સર્વને મળવાનું વિચારે છે કે? ક્યારે એના સુંદર મુખનાં દર્શન થશે? ગર્ગાચાર્યજી કહેતા હતા કે એ તો સાક્ષાત ભગવાન પધાર્યા છે. રમત માત્રમાં પાપી અસુરોને માર્યા. ભગવાનના પરાક્રમો વર્ણવતાં સ્મરણથી વિહ્વળ બની રહ્યા. યશોદાજી તો મા છે. તેમને માહાત્મ્ય જ્ઞાન નથી. એવું જ્ઞાન એમને ખપતું પણ નથી. એમના માટે તો લૌકિક સ્નેહભાવ જ પૂરતો છે. ઉદ્ધવજી આ બધું જોઈ કૃતાર્થ બની રહ્યા. વ્રજમાં જાણે આનંદ જ છવાયેલો છે. વિરહક્લેશ નથી. પ્રભુમિલનની તાલાવેલી છે પણ એ બધાની ભક્તિ રસાલ એવી પ્રમેય ભક્તિ છે. ભગવાન એમનાથી દૂર હોય જ નહીં, છતાં ઉદ્ધવજી બોલ્યા—

આગમિષ્યત્યદીર્ઘેણ કાલેન વ્રજમચ્યુતઃ

ટૂંક સમયમાં જ અચ્યુત વ્રજમાં પધારશે. **પ્રિયં વિધાસ્યતે પિત્રોઃ** —માતા પિતાનું પ્રિય થાય એમ કરશે. ગુપ્ત રીતે ભગવાન નંદરાયજી અને જશોદાજીને મળવા પધારે છે. પણ ગોપીજનોને મળતા નથી. કદાચ શ્રીગોકુલમાંજ રોકાઈ જવું પડે તો? ભક્તાધીને ગોપીજનોના હૃદયમાં જ વાસો કીધો છે. શ્રીગોપીજનોને તો ભગવાને અલૌકિક સામર્થ્ય દીધૂં છે.

પ્રાતઃકાળ થયો. વ્રજમાં ગોપીજન જાગ્યાં. નિત્યકર્મમાં પ્રવૃત થયા. ગોદોહન કર્યું. એ પછી દીપ પ્રકાશમાં શોભતા મણિ વગેરે અલંકારયુક્ત કાન્તિપૂર્ણ શ્રીગોપીજન દહીં વલોવતાં ભગવાનના ગુણાનુવાદ ગાય છે, નેતરાં ખેંચતા હાથમાં કંકણો પહેર્યા છે. એ ગોપીજનોના નિતંબો અને સ્તનો અને હારો ડોલતા હતા. કુંડળોની કાન્તિથી એમના કપોળ શોભતા હતા. કમળનયન શ્રીકૃષ્ણનું આ ગાન તો દિશાઓનાં અમંગળો દૂર કરે છે. કંકણાદિના રણકાર, મથનમિશ્ર ગાનનો ધ્વની તો જાણે સ્વર્ગને પણ સ્પર્શે છે. શ્રીગોપીજનો ઉચ્ચ સ્વરે ગાન કરે છે તે તેમની લોક નિરપેક્ષતા સૂચવે છે. શ્રીગોપીજનોએ નંદજીના દ્વારે સુવર્ણરથ જોયો. ટોળે વળી પરસ્પર પૂછી રહ્યા. કૃષ્ણને લઈ જનાર અકુર આવ્યો કે શું? હવે શું લેવા આવ્યો હશે? આમ પરસ્પર કહેતી હતી ત્યાં તો ઉદ્ધવજી સ્નાનાદિથી પરવારીને એ ગોપીજનોના વૃંદ પાસે આવી પહોંચ્યા. લાંબા બાહુઓવાળા, કમળ શા નેત્રોવાળા સુંદરમુખ કમળવાળા વિવિધ આભૂષણોથી શોભતા, અતિસુંદર, કૃષ્ણ જેવા પ્રતીત થતા ઉદ્ધવજીને જોઈને શ્રીગોપીજનો આ કોણ હશે? એમ કહેતી વ્રજની એ સ્ત્રીઓ આતુર થઈને ઉત્તમ કીર્તિવાળા ઉદ્ધવજીને વીંટળાઈ વળી. જાણ્યું કે આ તો કૃષ્ણનો સંદેશો લાવનાર ઉદ્ધવજી છે. તરત જ તેઓ વિનયથી નમ્ર બની રહ્યા. અને

પછી તેમણે કૃષ્ણસખા એ ઉદ્ધવજીનો લજ્જાયુક્ત હાસ્યદર્શન અને મધુર ભાષણથી સત્કાર કર્યો. ઉદ્ધવને મંત્રી, રાજકર્મચારી યાદવ શ્રેષ્ઠ તરીકે નહીં પણ **તં વીક્ષ્ય કૃષ્ણાનુચરં**– આ તો કૃષ્ણના ચરણસેવક છે. એમ માનીને ભક્ત એવા એ ઉદ્ધવજીને એકાંતમાં આસન આપ્યું. હૃદયનાથની વાત કરવાની છે એટલે એકાંતમાં કોઈની દખલ ન જોઈએ. પ્રથમ તો માન ધર્યું. પ્રિયમાં દોષારોપ કરવા માંડયો. વાણીમાં વક્રતા આવી, સ્વામિનીઓએ સંભળાવવા માડયું – તમે તો યદુપતિના દૂત બનીને આવ્યા છો, સ્વામીએ મોકલ્યા છે. માતાપિતાનું પ્રિય કરવાની ઈચ્છાથી જ મોકલ્યા છે ને? તે વિના હવે ગાયોના આ વ્રજમાં તેમને યાદ અપાવે એવું બીજું કોણ હોય? એમના આત્મીય તો નંદબાવાજ. આત્મીયનો સ્નેહ સંબંધતો છુટવો મહાકઠિન. મુનીઓને પણ એવો સ્નેહાનુબંધ ત્યજવો મુશ્કેલ. પુરૂષોએ સ્ત્રીઓ સાથે કરેલી મિત્રતા તો મતલબ પૂરતી જ હોય. એવો સ્નેહ તો સ્વાર્થ પૂરતો. હેતુપૂર્વકનો ભ્રમર પુષ્પ જેવો જ હોય. એવા સ્નેહના તો આઠ પ્રકાર હોય. જણાવ્યા– ગણિકા, પ્રજા, વિદ્યાર્થી, યાચક, પક્ષી, અતિથિ, મૃગલાં અને કામીપુરૂષ. કામ પત્યું એટલે પછી જાણે કશી જ લેવા દેવા નહીં. સ્નેહ સંતપ્ત પ્રભુ પ્રિયાઓએ કોમલ નિર્દોષ પ્રિયતમમાં પણ દોષારોપ કર્યા– કપટ કે વિવેક નથી– મનમાં આવ્યું એવું બોલી નાખ્યું. વળી પાછું પ્રભુએ આપેલું સુખ યાદ આવ્યું. મનમાં ઉભરાયું. ભાન ન રહ્યું, મર્યાદા મૂકી અને રડવા લાગ્યા. વળી પ્રિયતમની બાળલીલા, કિશોરલીલા યાદ આવતાં પ્રભુના ગુણગાન પણ કર્યા. પ્રધાન સ્વામિનીએ કૃષ્ણ વિયોગનું ધ્યાન કરતાં એક મનહર ભ્રમર જોયો.

ગુનગુન કરતા, ગણગણતા એ ભ્રમરને પ્રિયતમનો દૂત માન્યો અને સંભળાવવા માંડયું. દશશ્લોકનું એ ગીત જ ભ્રમરગીત છે. એમાં જ્ઞાન, વાર્તા નથી છે કેવલ ભક્તિભર્યા ઉપાલંભ. માનિની માનમગ્ન બની રહી છે. પ્રણયકોપ ઉદભવ્યો અને વાણીમાં વણાયો. સુંદર ભાષાવાળું એ ગીત છે. કામશાસ્ત્રાનુકૂળ ભાષાનો એમાં અનુપમ પ્રયોગ થયો છે.

મધુપકિતવબન્ધો માસ્પૃહાઙ્ઘ્ર સપત્ન્ય ।
કુચ વિલુલિત માલા કુઙ્કુમશ્મશ્રુભિ નઃ ॥૧૨॥

હે કપટીના બંધુ એવા ભ્રમર– અન્યોપદેશ ન્યાયે ઉદ્ધવજીને પણ આ શબ્દો લાગુ પડે છે– અમારી શોક્યના સ્તનોથી મસળાયેલી શ્રીકૃષ્ણની માલામાં લાગેલા કેસરથી ખરડાયેલી મૂછો વડે તું અમારો ચરણસ્પર્શ ન કરીશ. ભગવાનની માલામાં પુષ્પો પર ગુંજવાનું, પુષ્પ રસપાન કરવાનું મન થાય પણ ગુંથેલા પુષ્પમાં અંદર પ્રવેશવાનું એનું ભાગ્ય ન હોય. પરિણામે બહાર સ્પર્શ અને એનું કેસર એની મૂછે લાગે. ઉદ્ધવજીને ભગવાન પ્રસાદી માળા આપે, ઉદ્ધવજી આદરપૂર્વક એને સૂંઘે, માથે ધરે, આંખે સ્પર્શ કરાવે તેથી તેમની મૂછો પર માલાનું કેસર લાગે. માળામાં કેસર તો વિહારમાં મળે, ચોળાય, સપત્નીને માટે તો તે શોભારૂપ, આનંદરૂપ, ઉદ્ધવજી

પણ પ્રભુની એવી કેસરયુક્ત માળા ધારણ કરીને જ આવ્યા છે. આવાં બળતરા વધારે એવાં ચિહ્નો લઈને આવનાર માન દેવા થોડો આવ્યો હોય? એટલે જ ચરણસ્પર્શથી ભ્રમરને—ઉદ્ધવજીને ચરણે નમન કરવા જતાં મના કરી **મા સ્પૃઙ્ઘ્રિ**— પગને અડકતો નહી. નિષેધ કર્યો—ચરણકમલના મકરંદનું પાન કરે તો? ચરણ પ્રભુને પછી યોગ્ય ન રહેને? કહેવાનો ભાવાર્થ એ છે કે શ્રીકૃષ્ણના દૂત તરીકે આવી અમને નમી તું અમારા મનામણાં ન કરીશ, મધુપતિ શ્રીકૃષ્ણની મથુરાની માનિની સ્ત્રીઓને ભલે મનાવ્યા કરે તેમનો એ કુમકુમરૂપ કૃપા પ્રસાદ યદુવંશીઓની સભામાં ઉપહાસ કરવા યોગ્ય છે, આમ કહીને એમ સૂચવ્યું કે પ્રભુ ભલે અહીં પધારે. અમારા જેવાથી મથુરા ન અવાય. નગરના યાદવો હસે. શ્રીગોપીજનોની હૃદયવેદના વાણીમાં વહી રહી છે. ભગવાને અમોને પૂરાં છેતર્યા છે. **સકૃદધર સુધાંસ્વાંમોહિનીં પાયયિત્વાં** (૩)

તું જેમ પુષ્પ રસપાન કરીને પુષ્પ ત્યજે છે તેમ એક વખત પોતાના મોહક અધરામૃતનું પાન કરાવીને અમોને આમ તરછોડયાં છે. અમને આશ્ચર્ય તો એ થાય છે કે આવા એ કપટીને ચતુર એવા લક્ષ્મીજી જે એમનાં પત્ની છે તે તેમના પગ પકડીને શાથી નિત્ય સેવતા હશે? અમે પણ તે જાણીએ તો તેમ કરીએ. ભગવાન સૂર્યરૂપ થયા તો તેઓ કમલા—પદ્મા થયાં અને એમને સેવી રહ્યા. પણ અમે જુઠાં અને મીઠાં એમના વચનોથી લોભાઈએ અને એમને ભજીએ એવાં નથી. હે ભ્રમર! આ રીતે ગુંજારવ કરીને તું અમને મનાવવા શા માટે કૃષ્ણનાં ગુણગાન ગાય છે? હે **ષડઙ્ઘ્રે** । હે છ પગા! તે તો હવે યદુપતિ છે. અમારા પતિ નથી. અમે તો વનવાસી સ્ત્રીઓ છીએ. અમને મનાવવા પૂર્વે અનેકવાર અમે અનુભવેલા એ યદુપતિને શા માટે આમ ગાય છે? કપટ પૂર્વક સુંદર હાસ્ય અને ભ્રૂવિલાસવાળા શ્રીકૃષ્ણને ત્રિલોકમાં સર્વ સુલભ લક્ષ્મીજી જ જેના ચરણકમળ સેવે તેની આગળ અમે કોણ? અમે દીન, પણ એમને જરૂર એટલું કહેજે કે દીનોનો જે પક્ષપાત કરે તેને જ **ઉત્તમ શ્લોક** શબ્દ ઘટે છે. તારે અમારા ચરણે નમવાની જરૂર નથી. દૂત કાર્ય માટે બોલાતી મીઠી વાણી દ્વારા તું ચતુરાઈ દર્શાવીશ પણ અમને વિશ્વાસ નથી. એમને માટે અમે શું નથી કર્યું? પતિ, પુત્રો, આલોક, પરલોક બધું જ છોડયું. થઈ શક્યું એવું બધું જ કર્યું. પણ એ સર્વ સમર્થે તો અમને તરછોડયાં જ. કશો જ વિચાર ન કર્યો— **અકૃત ચેતા ન કૃતં ચેતો યેન**— ચિત્ત અમારામાં ન રાખ્યું અને અમારા ચિત્ત તો હરી ગયા! **કિં ન સંધેયમસ્મિન્**— આવા એ કૃષ્ણમાં સંધિ કરવા જેવું શું છે? અમે તો સર્વસ્વ છોડીને એકમાત્ર એમને જ અંતરમાં રાખ્યા છે પરંતુ તેમણે તો અંતરમાં ધારણ કરેલા તો હતા. છતાં છેવટે ત્યજી દીધા, આ રીતે સ્નેહને છોડી દેનારની પ્રાર્થના કરવાની હોય? જેમણે પારધીની જેમ વાલીને માર્યો. ક્રુરતા આચરી, ઈચ્છાપૂર્વક આવેલી કામાતુર સૂર્પણખાને કદરૂપી કરી. આત્મનિવેદન કરનાર સર્વસ્વનું દાન કરનાર ભક્ત બલીરાજાને **બલિમત્વા** —તેનો બલિ ખાઈને પોતાના ભાગરૂપ પૂજન અને ત્રિલોક ખૂંચવી લઈને કાગડાની જેમ તેને બાંધ્યો. આવું બધું કપટમય અશુદ્ધ સખ્ય અમારે જોઈતું નથી. જેવા તે તેવી તેમની કથા.

—ક્રમશઃ

પુસ્તક પરિચય

૧. ક્લેશ કુઠાર તથા શ્રીકૃષ્ણનામ માહાત્મ્ય માધુરી : રચયિતા–ભક્ત કવિશ્રી દયારામભાઈ
પ્રકાશક– પ્લસ કોર્પોરેશન ૨૦૩, શાંતિ કોમ્પલેક્ષ, ૧–કોટક શેરી મેઈન રોડ, હોટલ આદિત્યની પાછળ, રાજકોટ–૩૬૦૦૦૧. ફોન–૨૩૫૬૧૧, ૨૩૪૨૬૨

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૧૪૦+૪=૧૪૪, સેક્સન સિલાઈ, દર્શનીય બહુરંગી ચિત્રજીવાળું ટાઈટલ. ન્યોછાવર રૂ.૨૫/– પચીસ (પોસ્ટેજ અલગ)

આ પુસ્તકમાં ભક્ત કવિશ્રી દયારામભાઈ રચિત 'ક્લેશ કુઠાર' અને 'શ્રીકૃષ્ણમાહાત્મ્ય માધુરી' એમ બે કૃતિઓ ભાવાર્થ સાથે પ્રસ્તુત કરેલ છે. આ પુસ્તકનું વિમોચન પૂ.પા.ગો.શ્રીહરિરાયજી મહારાજશ્રી (પોરબંદર)ના વરદ કરકમલો દ્વારા તા. ૧૫–૮–૨૦૦૦ મંગળવારે રાજકોટના આપશ્રીના નિવાસસ્થાને વૈષ્ણવોની બહોળી ઉપસ્થિતિમાં કરવામાં આવેલ.

પ્રસ્તુત ગ્રંથમાં સંસારાસક્ત હોવાના ફલરૂપ ત્રિવિધ તાપોથી સંતપ્ત હોવું એ જીવના અજ્ઞાન જનીત આંતરીક બાહ્ય દ્વંદ કે જે ખરેખર દુઃખનું મૂળ કારણ છે. તેમાંથી બચવાનો ઉપાય ભજનાનંદના અલૌકિકઅનુભવ દ્વારા જીવનની શુષ્ક ભૂમિને ભક્તિરસ દ્વારા પ્લાવિત કરી સમર્પણ પ્રપત્તિ અને ભક્તિની પ્રેરણા દ્વારા કાલમલ ગ્રસિત જીવને સંત્રાસોથી મુક્તિનો એક અભિનવ–અનુઠો રાજમાર્ગ પ્રશસ્ત કરેલ છે.

ટૂંકમાં લૌકિક–વૈદિક કાર્યના આવેશને લીધે મનમાં ઉદ્વેગ–સંતાપ–ક્લેશમાંથી બચવા–કાપવાનો કુહાડો દર્શાવેલ છે. કવિશ્રીએ શાસ્ત્રોમાંથી શ્રીમદ્ ભાગવતમાંથી અનેક પ્રકારના દ્રષ્ટાંતો આપીને તેમજ સંપ્રદાયના સાહિત્યમાંથી અનેક પ્રમાણો સુંદર રીતે આ રચનામાં સુંદર રીતે રજુઆત કરીને પુષ્ટિમાર્ગીય જીવનું મુખ્ય કર્તવ્ય સેવા–સ્મરણ કરવાને રાહ ચીંધેલ છે.

બીજી કૃતિ 'શ્રીકૃષ્ણનામ માહાત્મ્ય માધુરી' માં જીવનની સર્વ અવસ્થામાં, નાનામોટા સૌને માટે એકસરખું આવશ્યક છે અને તે છે પ્રભુના નામનું સ્મરણ. એ જીવનની સાચી સાર્થકતા સિદ્ધ કરી આપનાર એક મહત્વની પ્રવૃત્તિ છે. આ કાવ્યમાં કવિશ્રીએ અનેક પ્રમાણોથી નામના અદ્‌ભુત માહાત્મ્યનો પ્રકાશ કર્યો છે. આધુનિક જીવો માટે આ કાવ્ય બહુજ ઉપયોગી છે આ કલિકાલમાં ભક્તિમાર્ગીય કોઈપણ સાધન સિદ્ધ થતાં નથી, માટે કેવળ કૃષ્ણ નામનો આધાર જ તેમની પ્રાપ્તિ માટે નામસ્મરણ–અષ્ટાક્ષર 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' જપતા રહેવાથી સર્વ કાર્યો સિદ્ધ થાય છે. તેવા અનેક પ્રમાણો દ્રષ્ટાંતો, કાવ્યમાં દર્શાવવમાં આવ્યા છે.

આ 'કૃષ્ણનામ માહાત્મ્ય માધુરી'નું વિવેચન સંપ્રદાયના સાહિત્યના સિદ્ધહસ્ત લેખક ગો.વા.પ.ભ. શ્રીવ્રજરત્નદાસ ચીમનલાલ પરીખે કરેલું છે. એકંદર આ પુસ્તકમાં સંસારના સંતાપ–કલેશને કાપવાનો કુહાડો દર્શાવેલ છે અને નામસ્મરણથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે તે જાણવા–મનન કરવા–વસાવવા યોગ્ય પુસ્તિકા.

૨. પુષ્ટિ ભક્તિ બિંદુ : પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન ઉપર મુજબ

આ પુસ્તક પાંચ વિભાગમાં છે (૧) નિત્યનિયમના સ્તોત્ર (૨) શ્રીનાથજીના ધોળ (૩) શ્રીયમુનાજીના ધોળ (૪) શ્રીમહાપ્રભુજી તથા વલ્લભવંશના ધોળ (૫) દીનતા–આશ્રય–શિક્ષા, વૈષ્ણવ માહાત્મ્યના ધોળપદ પ્રસ્તુત કરવામાં આવેલ છે. ટાઈટલ ઉપર દર્શનીય બહુરંગી શ્રીનાથજીનું સુંદર ચિત્રજી છે.

આ પુસ્તકનું વિમોચન પૂ.પા.ગો.શ્રીકનૈયાલાલજી મહારાજશ્રીના કરકમલો દ્વારા વૈષ્ણવ સમુદાયની ઉપસ્થિતિમાં કરાવવામાં આવેલ છે. કુલ ૧૧૭ ધોળ પદ સાથેના આ પુસ્તકનો ભગવદનામ પ્રચારાર્થે, મનોરથ તેમજ સ્વજનોના સ્મરણાર્થે વાંટવામાં અતિ ઉપયોગી થશે. ન્યોછાવર રૂ.૧૨/–બાર. પોસ્ટેજ રૂ.૧૦/– અલગ.

૩. શ્રીસુબોધિનીજી ભાગ–૫ : સંપાદક–શ્રીરમેશચંદ્ર નાથાલાલ શાહ પ્રકાશક– શ્રીપુષ્ટિ પ્રકાશન.
પ્રાપ્તિસ્થાન : શ્રીપુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સેવા સમાજ મર્સી વિલા, અશોકનગર રોડ, કાંદિવલી, પૂર્વ, મુંબઈ –૪૦૦૧૦૧

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૨૩૩+૮=૨૪૧. સેકશન સિલાઈ, પાકું બાઈન્ડીંગ, કાર્ડબોર્ડ ટાઈટલ ઉપર શ્રીમહાપ્રભુજીનું તથા શ્રીગિરિરાજધારણ લીલાનું દર્શનીય બહુરંગી ચિત્રજી. ન્યોછાવર રૂ.૫૦/– પોસ્ટેજ રૂ.૨૦/–

શ્રીમદ્ ભાગવતજીના દશમ સ્કંધ ઉપરની શ્રીમહાપ્રભુજી વિરચિત સુબોધિનીજી ટીકાની પ્રકાશન યોજના અંતર્ગત આ પાંચમો ભાગ છે. જેમાં તામસ પ્રકરણ– અવાંતર તામસ સાધન પ્રકરણ અધ્યાય ૧ થી ૭ દશમ સ્કંધ અધ્યાય ૨૨ થી ૨૮. મૂળ શ્લોક ગુજરાતી અનુવાદ સુબોધિનીજીની મૂળ સંસ્કૃત કારિકાઓ અનુવાદ સાથે અને ગદ્ય ટીકાનો ગુજરાતી અનુવાદ–સંક્ષિપ્ત વિવરણ સાથે પ્રસ્તુત કરવામાં આવેલ છે.

શ્રીમદ્ ભાગવત ઉપર ઘણી ટીકાઓ ઉપલબ્ધ છે. તેમાં શ્રીસુબોધિનીજીનું પુષ્ટિ સાહિત્યમાં અનેરૂં સ્થાન છે. આવું અલભ્ય–અમૂલ્ય–અમર સાહિત્ય પુષ્ટિપ્રેમીઓને સુલભ બનાવવા સંપાદકશ્રીએ સુંદર સફળ પ્રયાસ કરેલ છે તેના દરેક ભાગ પ્રગટ થતા જાય તે પ્રમાણે વૈષ્ણવ સમાજે અચૂક વસાવતા જવું જોઈએ. તેથી આ પ્રકાશનનો નિયમીત લાભ મળતો રહે તે માટે પોતાના નામ–સરનામા સંસ્થામાં લખી મોકલવાનું જરૂરી છે. જેથી ક્રમશઃ ભાગ વસાવતા જવાથી આખો સેટ વસાવી શકાશે.

સમાચાર

☐ **નાસિક :** પૂ.પા.ગો.શ્રીરમેશકુમારજી (શ્રીરેવતી રમણજી)મહારાજશ્રી શ્રીવલ્લભપીઠ–મુલુન્ડ(મુંબઈ)ની આજ્ઞા તેમજ પ્રેરણાથી શ્રીમદ્વલ્લભાચાર્યની બેઠક પંચવટી–નાશિકમાં તા.૧૯–૪–૨૦૦૦ થી ૩૦–૪–૨૦૦૦ દરમ્યાન પુષ્ટિ ઉત્સવનું સુંદર આયોજન કરવામાં આવેલ હતું. બેઠકના પ્રાંગણમાં શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ સુબોધીનીજી–રાસ પંચધ્યાયી પર ગો.શ્રીરઘુનાથબાવાશ્રી (શ્રીપરેશકુમારજી) દ્વારા વ્યાખ્યાનમાળા યોજવામાં આવેલ હતી. તા.૨૩–૪–૨૦૦૦ ના રોજ મુલુન્ડથી શ્રીમદનમોહન પ્રભુને સુખપાલમાં પધરાવી નાસિક પહોંચતા જ્યાં ભવ્ય સ્વાગત કરવામાં આવેલ. મુલુન્ડથી મહારાજશ્રી પણ સપરિવાર પધાર્યા હતા. શ્રીના સુખાર્થે વિવિધ મનોરથોનું આયોજન કરવામાં આવેલ હતું. તા.૩૦–૪–૨૦૦૦ના રોજ શ્રીમદ્વલ્લભાચાર્યનો પ્રાકટય ઉત્સવના આયોજનમાં નાશિક શહેરના મુખ્ય માર્ગે શોભાયાત્રા નિકળેલ. જેમાં પૂ.પા.ગો.મહારાજશ્રી તેમના લાલ તથા વૈષ્ણવો જોડાયા હતા. બેઠકશ્રીમાં આગમન બાદ પૂ.પા.ગો.મહારાજશ્રીએ વચનામૃત કર્યા હતા.

તા.૧–૫–૨૦૦૦ ના રોજ શ્રીમદનમોહન પ્રભુ અને શ્રીદ્વારકાધીશ પ્રભુ (બેઠક–નાશિક)નો બડો મનોરથ યોજવામાં આવેલ. આ મનોરથમાં મુંબઈ–નાશિક–થાણા–નંદરબાર–હાલોલ–જલગામ–સોલાપુર–પુના વિગેરે સ્થળોથી વૈષ્ણવો આવેલા હતા અને અલૌકિક આનંદ માણ્યો.

☐ **ગ્વાલિયર :** શ્રીવિરાટ વાજપેય સોમયાગ મહોત્સવ : તા.૭–૧૧–૨૦૦૦ થી ૧૩–૧૧–૨૦૦૦ શ્રીવલ્લભાચાર્ય નગર ફુલબાગ મૈદાન ગ્વાલીયરમાં સોમયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. પ્રતિદિન સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ

આયોજન કરેલ છે. પૂ.પા.ગો.શ્રીગોકુલોત્સવજી મહારાજશ્રી વેદ–વેદાન્ત, શાસ્ત્રીય સંગીત વિદ્વાન દ્વારા આ સોમયજ્ઞનું વિરાટ આયોજન થઈ રહ્યું છે. વિશેષ માહિતી અંગે **શ્રી વિરાટ સોમયજ્ઞ સમિતિ ગિરિરાજ ધર્મશાળા, દૌલતગંજ, લશ્કર ગ્લાલીયર** નો સંપર્ક કરવો.

☐ **ન્યૂયોર્ક–યુનો મૌલિક સંબોધન :** વિશ્વપટલ પર ન્યૂયોર્કમાં યુનો દ્વારા યોજાનારી ધર્મપરિષદમાં પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રીને ભાગ લેવા આમંત્રણ પાઠવવામાં આવેલ. તેના અનુસંધાને આપશ્રીએ તા.૩૦–૮–૨૦૦૦ ના રોજ વિશ્વશાંતિ માટે સંબોધન કરતાં જણાવ્યું કે વિશ્વના સમસ્ત ધર્મોને પોતાના સમુદાયને અંધશ્રદ્ધા અને રૂઢીઓથી મુક્ત કરવાનું પ્રેરણાત્મક આહ્‌વાન કરેલ કે આવો આપણે સૌ પ્રકૃતિના એક એક અણુને ભાઈચારા અને સહિષ્ણુતાથી વિસ્ફોટિત કરીએ. વર્તમાન યુગમાં માનવીની સુષુપ્ત ચેતનાને જાગૃત કરવી એ જ આદર્શ સેવા છે. આપશ્રીએ ગુણવત્તા પર ભાર મૂકતા જણાવ્યું કે સત્યપ્રિયતા, પ્રામાણિકતા, સાદગીપૂર્ણ જીવન શૈલી, પ્રેમપૂર્ણહૃદય, અને પ્રકૃતિ સાથે લયબદ્ધ મિત્રતા એજ સાચો ધર્મ છે. ભારતમાં સાંપ્રદાયિક વિચારોમાં મતમતાંતર હશે પરંતુ વિરોધ કે વિગ્રહ ક્યારેય નથી રહ્યો અને સૌ એકજ રચયિતાના અંશ છીએ તેવી ભાવના જળવાઈ રહી છે.

વૈષ્ણવ ધર્મ અને પુષ્ટિમાર્ગ એ જીવનની ગુણવત્તા વધારવાનો માર્ગ છે અને મનુષ્યને તેની હિનવૃતિ તથા પૂર્વગ્રહ પિડીત પ્રવૃત્તિઓથી મુક્ત કરી ઉદાર, તેજસ્વી અને ઉન્નત મનોવૃત્તિ અપનાવવાનું વ્યક્તિસૂત્ર છે.

આપશ્રીએ ઉપરોક્ત પ્રેરક વિદ્વતાપૂર્ણ વિધાનો રજૂ કરતા સમગ્ર સભાહોલ સમર્થનથી ગુંજી ઉઠયો હતો. વશ્વફલક પર આપશ્રીએ આગવી છટાથી અંગ્રેજીમાં સંબોધન કરેલ હતું. વૈષ્ણવ સૃષ્ટિમાં આનંદની લહેર વ્યાપીગઈ છે.

☐ **વડોદરા :** આં.રા.પુ.વૈ.પરિષદ પ્રદેશ અભિનવ કાર્ય–વિભાજનનો પ્રયોગ : પૂ.પા.ગો.શ્રીડૉ.વાગીશકુમારજીની અધ્યક્ષતામાં ગુજરાત પ્રદેશના સર્વ સંયોજકની મીટીંગ યોજવામાં આવી હતી. પરિષદના મંત્રી પ્રા.વી.પી. પરીખે શ્રીમહાપ્રભુજીનો દિવ્ય સંદેશ પ્રસારવા માટે નીચે મુજબના પાંચ મુદા સૂચવ્યા હતા.

૧. નિયમીત પખવાડીક સત્સંગ ૨. ધર્મ સંસ્કાર શિબિરનું આયોજન ૩. આત્મીયતા માટે પ્રવાસ પર્યટન. ૪. વૈષ્ણવતા જાગૃતિ સંમેલન ૫. પુષ્ટિમાર્ગીય ઉત્સવો ઉજવવા. અધ્યક્ષ સ્થાનેથી આપશ્રીએ સંનિષ્ટતાથી કાર્ય કરવું અને પરિષદના દરેક કાર્યને આપશ્રીનો ટેકો છે અને રહેશે તેમ જણાવ્યું હતું. મહિલા પાંખને સબળ બનાવવા તેમજ કોમ્પ્યુટરની સગવડનો વિનિયોગ કરવા સૂચવેલ હતું.

ગો.વા.શ્રીચીમનભાઈ શેઠના સ્થાને વરાયેલા સંગઠન મંત્રી શ્રી સી.પી.તલાટીએ આભાર વ્યક્ત કર્યો હતો.

☐ **અમદાવાદ :** શ્રીવલ્લભ વિઠ્ઠલ સંસ્થા દ્વારા પૂ.પા.વૈષ્ણવાચાર્યશ્રીની આજ્ઞા તથા શુભાશિષ તેમજ વિદ્વાન શાસ્ત્રીઓના આશીર્વાદથી દ્વિતીય લગ્નોત્સુક મેળાવડાનું આયોજન ડીસેમ્બર–૨૦૦૦ માં કરેલ છે. જે વૈષ્ણવ પરિવારના યુવક–યુવતી માટે છે. ફોર્મ ફી રૂ.૫/– અને એન્ટ્રી ફી રૂ.૭૫/– રાખવામાં આવેલ છે. વિશેષ માહિતી માટે નીચે મુજબ સંપર્ક કરવો.

શ્રીવલ્લભવિઠ્ઠલ સંસ્થા

'શ્રીવલ્લભકૃપા' ૪–વિવેક એપાર્ટમેન્ટ,

નવરંગપુરા ટેલીફોન એક્ષચેંજની પાછળ,

એલીસબ્રીજ, અમદાવાદ– ૩૮૦૦૦૬ ફોન નં. (૦૭૯) ૬૪૦૯૪૫૯

શ્રીમતિ મહારાણીબાઈ જમનાદાસ વૈષ્ણવ હાયર સેકન્ડરી સ્કુલનો સોવેનિયર સ્વીકાર–સમાલોચના

સમગ્ર પુષ્ટિ સૃષ્ટિને એક ચિંતા સતાવે છે. એ છે આજની યુવાપેઢી પુષ્ટિસાહિત્ય, પુષ્ટિસિદ્ધાંતો અને પુષ્ટિ સંપ્રદાય તરફ દિનપ્રતિદિન વિમુખ થતી જાય છે. યુવા પેઢીને રસ પડે, સમજી તેવું ઘણું સાહિત્ય પ્રગટ થાય છે, પરંતુ વાંચનાર વર્ગ ક્યાં? એને સમજનાર, સમજવા તૈયાર વર્ગ ક્યાં? તેને આચરણમાં ઉતારનાર વર્ગ ક્યાં?

આ સવાલોનો જવાબ ચેન્નાઈ (મદ્રાસ)માં શુદ્ધાદ્વૈત મહાસભા દ્વારા ચલાવવામાં આવતી શૈક્ષણિક અને પુષ્ટિશિક્ષણના સુભગ સમન્વય જેવી પ્રવૃત્તિ છે. આ સંસ્થાએ હાલમાં સુવર્ણજયંતિ ઉજવી તેની સ્મૃતિરૂપે સોવિનિયર પ્રગટ કરવામાં આવ્યું. આની અંદર સંસ્થાની શરૂઆત સને ૧૯૪૫ થી આજ દિવસ સુધીની વિવિધ શૈક્ષણિક અને ધાર્મિક (પુષ્ટિ સંપ્રદાયને અનુરૂપ) પ્રવૃત્તિઓનો સંક્ષિપ્ત સુંદર અહેવાલ છે.

આ સંસ્થાની સ્થાપના પૂ.પા.ગો.શ્રીવ્રજરત્નલાલજી મહારાજશ્રીના કરકમલ દ્વારા અને તેઓશ્રીના શુભ આશીર્વાદથી સને ૧૯૪૫માં થઈ હતી. કેળવણીકાર સંનિષ્ઠ વૈષ્ણવોના સાથ સહકારથી આજે એક મહાન શૈક્ષણિક સંકુલ આ મહાસભાએ નિર્માણ કર્યું છે. જેમાં શિક્ષણ પ્રાથમિક શાળાથી કોલેજ સુધીનું આપવામાં આવે છે. વિદ્યાર્થીઓને સાથે સાથે સંપ્રદાયનું જ્ઞાન અને માર્ગદર્શન પણ આપવામાં આવે છે.

આવો શિક્ષણ અને ધર્મનો સુભગ સમન્વય કેટલું સુંદર પરિણામ લાવી શકે તે જાણવા માટે આ સોવેનિયર વાંચવું, વિચારવું અને તેનું અનુકરણ પુષ્ટિ સૃષ્ટિ માટે અનિવાર્ય છે. બાલ્યાવસ્થાથી જ જો ધાર્મિક સંસ્કારોનું સિંચન આધુનિક શિક્ષણ સાથે જ કરવામાં આવે તો નવી પેઢી વિશેની ફરીયાદ અને ચિંતા માટે કોઈ કારણ રહેશે નહીં.

પૂ.ગોસ્વામી આચાર્યો અને વૈષ્ણવોના સહપ્રયત્ન કેવું પરિણામ લાવી શકે તેવું સુંદર ઉદાહરણ ચેન્નાઈમાં સુવર્ણજયંતિ ઉજવનાર આ સંસ્થા છે. આવી સંસ્થાઓ દરેક તાલુકા મથકોએ સ્થાપવામાં આવે તો આપણે આપણી ભાવિ પેઢીને અને આપણી સંસ્કૃતિ બચાવી શકીશું.

સરનામું :

SRIMATHI MAHARANI BAI JUMNADOSS VAISHNAV
HIGHER SECONDARY SCHOOL, 438- E.V.R.PERIYAR SALAI, (P.H.ROAD)
ARUMBAKKAM, **CHENNAI** - 600 106, PHONE: 4752612

શ્રદ્ધાંજલી

આં.રા.પુ.વૈ.પરિષદ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રમુખ શ્રીનવીનભાઈ શાહ તા.૧૭–૮–૨૦૦૦ ના રોજ હરિશરણ પામ્યા છે. સમિતિએ તેમને શ્રદ્ધાંજલી અર્પતો શોક ઠરાવ પસાર કરેલ છે.

વૈષ્ણવ માતા–પિતાના સંસ્કારોથી સુસંસ્કારીત શ્રીનવીનભાઈ શ્રીહરિ, ગુરૂ અને વૈષ્ણવોની સેવામાં તત્પર રહેતા. તેઓશ્રી પરિષદની સેવામાં તન, મન અને ધનથી જોડાયેલા હતા. મહારાષ્ટ્ર રાજ્ય સમિતિનું અધ્યક્ષપદ ૧૯૮૮ થી ૧૯૯૩ સુધી શોભાવ્યું હતું. તેઓ હસતા હસતા સેવા પ્રવૃત્તિ કરતા હતા. તેમના કુટુંબીઓને અને પરિષદને તેમની ખોટ સાલશે.

આં.પુ.વૈ.પરિષદના કેન્દ્ર તથા રાજ્ય સમિતિના સર્વે પદાધીકારીઓ તથા શ્રીવલ્લભસુધા સંપાદક વ્યવસ્થાપક મંડળ તેમને ભાવભીની શ્રદ્ધાંજલી અર્પતા નિકુંજનાયક શ્રીનાથજીના ચરણારવિંદમાં એઓ સદાય આનંદમગ્ન રહે તેવી પ્રાર્થના કરે છે.

❑ ❑ સંવત ૨૦૫૬ વર્ષ પૂર્ણ ❑ ❑

❑ ❑ સંવત ૨૦૫૭ વર્ષ પ્રારંભ ❑ ❑

કારતક સુદ ૧ તા. ૨૮–૧૦–૨૦૦૦ શનિવાર : નૂતન વર્ષ પ્રારંભ. ગો.ચિ.શ્રીગોકુલેશજી (કામવન)નો જન્મદિન.

કારતક સુદ ૨ તા. ૨૯–૧૦–૨૦૦૦ રવિવાર : યમદ્વિતીયા. ભાઈબીજ.

કારતક સુદ ૩ તા. ૩૦–૧૦–૨૦૦૦ સોમવાર : ગો.શ્રીયમુનેશકુમારજી (બોરીવલી)નો જન્મદિન.

કારતક સુદ ૪ તા. ૩૧–૧૦–૨૦૦૦ મંગળવાર : ગો.શ્રીભૂષણજી (માંડવી–કચ્છ)નો જન્મદિન

કારતક સુદ ૫ તા. ૧–૧૧–૨૦૦૦ બુધવાર : લાભ પાંચમ. ગો.ચિ.શ્રીવ્રજભૂષણલાલજી (કાંકરોલી–મથુરા–વડોદરા)નો તથા ગો.ચિ.શ્રીપુરૂષોત્તમજી (જુનાગઢ)નો જન્મદિન.

કારતક સુદ ૮ તા. ૪–૧૧–૨૦૦૦ શનિવાર : ગોપાષ્ટમી.

કારતક સુદ ૯ તા. ૫–૧૧–૨૦૦૦ રવિવાર : અક્ષયનવમી. કૂષ્માંડ (કોળું) દાન. સત્યુગાદિ તિથિ. ગોવિંદાભિષેક. વિવાહના પદની શરૂઆત. પૂનમ સુધી બોલાય.

કારતક સુદ ૧૦ તા. ૬–૧૧–૨૦૦૦ સોમવાર : શરદઋતુ પૂરી થઈ. ગો.ચિ.શ્રીદ્વારકેશજી (કડી–અમદાવાદ)નો જન્મદિન.

કારતક સુદ ૧૨ તા. ૮–૧૧–૨૦૦૦ બુધવાર : પ્રબોધિની એકાદશી વ્રત. મંડપ સવારે શૃંગારમાં. શ્રીગુસાંઈજીના પ્રથમલાલજી શ્રીગિરિધરલાલજીનો ઉત્સવ (સંવત ૧૫૯૭) તથા પંચમ લાલજી શ્રીરઘુનાથજીનો ઉત્સવ (સંવત ૧૬૧૧) તથા ગો.શ્રીવ્રજેન્દ્રકુમારજી મહારાજ (રાજનગર–અમદાવાદ)નો જન્મદિન।

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ

૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ

૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી

૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ.ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.

૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી–મુંબઈ)

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-10-2000.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.ગ્રા.નં.૧૫૪
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન. ☐☐☐☐☐☐

સતસૈયા

૨. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

દીન બંધુ અધમોદ્ધરણ,
નામ ગરીબ–નિવાજ ।
યહ સબમેં મૈં કૌન જો,
સુધિ ન લેત, વ્રજરાજ? ॥ (૨૭)

ટીકા : હે શ્રીવ્રજરાજ ! તમારું નામ દીનબંધુ છે તે શૂં હૂં દીન નથી જે મારા બંધૂ નથી થતા? ને અધમ–ઉદ્ધારણ જો છો તો હું અધમ નથી કે મારો ઉદ્ધાર નથી કરતા? ને ગરીબ નિવાજ પણ નામ છે ત્યારે હૂં શૂં ગરીબ નથી જે મારી ઉપર નથી નવાજતા એટલે નથી પ્રસન્ન થતા? શું એ સર્વ કહ્યા તેમાં હૂં એકેય નથી જે મારી સંભાળ મુદ્દલ લેતા જ નથી. માટે લેવી ઘટે છે, હે નાથ! (૨૭)

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **'શ્રી વલ્લભસુધા'**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પં. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. **ફોનઃ ૩૬૨૧૩૮**
કોમ્પ્યુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. **ફોન : ૨૪૦૫૪૧.**

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલીત

શ્રીવલ્લભસુધા





વચનસુધા

એક આચાર છે દેહ શુદ્ધિ માટે તે વૈદિક સદાચાર છે. શા માટે દેહ શુદ્ધિ કરવી? કે ભગવત્ સેવાર્થે. જ્યાં સુધી અંતઃકરણ– કે દેહ પવિત્ર ન હોય, શુદ્ધ ન હોય, ત્યાં સુધી વિચારો પણ શુદ્ધ ન આવે. અને વિચારો જ્યારે શુદ્ધ ન થાય અથવા વિચારોમાં કાપટય આવે, દોષ આવે, તો ભગવદીય વ્યવહાર ન સમજી શકાય, એના માટે સરળ મનોવૃત્તિની જરૂર છે, સરળ મનોવૃત્તિનો અર્થ છે, બાલોચિત મનોવૃત્તિ, કે જે નિષ્કપટ વૃત્તિ છે, બધાં ઉપર આત્મવિશ્વાસ રાખે છે. અને ભગવાન પણ જો ભક્તોની સમક્ષ આવ્યા તો ભક્તોની સરળ મનોવૃત્તિથી આવ્યા છે. ભક્તોની સરળ મનોવૃત્તિ જોઈને. ભક્તોનું જ્ઞાન જોઈને કે એની ઈન્ટેલીજન્સી (ચતુરાઈ) જોઈને નથી આવ્યા. એતો ભગવાન અનુગ્રહ કરીને બધું પોતાના જાતે એ સામર્થ્ય પ્રદાન કરે ત્યારે, આ જે સ્વધર્મની રક્ષા છે જ્યાં સ્વયં ભગવદ્ આશ્રયથી, જીવ કરે છે. જેવી રીતે વિવેક, ધૈર્યનો આપણને ઉપદેશ–આચાર્યશ્રી આપે છે. વિવેક, ધૈર્ય કોણ છે કે ભક્તિના સાધન છે. અને ભક્તિમાં પહેલા આશ્રય જોઈએ એટલે ભગવદ્ આશ્રયવાળા વિવેક, ધૈર્ય આપણને અપેક્ષિત છે. ભગવદ્ આશ્રય વિહોણો વિવેક ધૈર્ય અથવા એની એ પરિભાષા આપણને કામની નથી. કારણ, લોકમાંએ લોકોમાં વિવેક અને ધૈર્ય તો આપણે જોઈએ જ છીએ, રાખે છે. પરંતુ એ સ્વાર્થ ઉપર–લોકેષણા ઉપર અવલંબિત થવાથી એ કપટમાં પરિવર્તિત થાય છે. અને ધૈર્ય પણ ખૂટી જાય છે.

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી અહારાજ, શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા–૨ પૃષ્ઠ–૩૮–૩૯)

ગૌરક્ષા–ગો–પાલનમાં તત્પર બનો

☐ પ્લાસ્ટીકની પાતળી કોથળી જ્યાં ત્યાં ન નાંખો. તે ખાઈ જવાથી અસંખ્ય ગાયો બીમાર થાય છે, અને મૃત્યુ પામે છે. આ એક ઘોર અપરાધ છે.

☐ શ્રીગિરિરાજજીના ઉલ્લંઘનના અપરાધથી બચવા–ગોવર્ધન ગામમાંથી શ્રીગિરિરાજજી ઉપર જતી સડકનો ઉપયોગ ન કરો. આન્યોરના રસ્તેથી પૂછરી થઈને જતીપુરા જવું. આ રીતે શ્રીગિરિરાજજીની મર્યાદા અવશ્ય જાળવો.

વર્ષ : ૧૯ **અંક : ૮**
વિક્રમ સંવત : ૨૦૫૬/૫૭ **શ્રીવલ્લભાબ્દ : ૫૨૩** **નવેમ્બર, ૨૦૦૦**

વાર્ષિક લવાજમ
રૂ.૪૦/–
આજીવન લવાજમ
રૂ.૫૦૧/–



"શ્રીવલ્લભસુધા" કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

આ માસના ઉત્સવ

કારતક સુદ ૧૩ તા. ૯–૧૧–૨૦૦૦ ગુરૂવાર : ગો.ચિ. શ્રીવિઠ્ઠલનાથજી (કાંકરોલી) તથા ગો.શ્રીમુરલીમનોહરજી (મુંબઈ)નો જન્મદિન.

કારતક સુદ ૧૫ તા. ૧૧–૧૧–૨૦૦૦ શનિવાર : પૂર્ણિમા. ચાતુર્માસ સમાપ્તિ. ભક્ત બોડાણા શ્રીરણછોડરાયજીને દ્વારકાથી ડાકોર પધરાવી લાવ્યાનો ઉત્સવ. ગોપમાસ આરંભ. વ્રતચર્યા. કાર્તિક સ્નાન સમાપ્ત.

કારતક વદ ૧ તા. ૧૨–૧૧–૨૦૦૦ : રવિવાર : ગોપમાસ આરંભ. (ગઈ કાલે ન કર્યો હોય તો આજે)

કારતક વદ ૨ તા. ૧૩–૧૧–૨૦૦૦ સોમવાર : ગો.ચિ. વ્રજકુમારજી (વડોદરા–સુરત)નો જન્મદિન.

કારતક વદ ૪ તા. ૧૫–૧૧–૨૦૦૦ બુધવાર : શ્રીદાઉજી મહારાજ કૃત છ સ્વરૂપનો ઉત્સવ. ગો.શ્રીદ્વારકેશલાલજી બાવાશ્રી (કાંકરોલી)નો તથા ગો.ચિ.શ્રીકમલેશકુમારજી (મુંબઈ)નો તથા ગો.ચિ.શ્રીવ્રજેન્દ્રજી (માંડવી–જૂનાગઢ)નો જન્મદિન.

કારતક વદ ૮ તા. ૧૯–૧૧–૨૦૦૦ રવિવાર : શ્રીગુસાંઈજીના બીજા લાલજી શ્રીગોવિંદરાયજીનો ઉત્સવ (સંવત ૧૫૯૯) અને કારતક વદ ૯ નો ક્ષય હોવાથી, ગો.ચિ. શ્રીવ્રજભૂષણલાલજી (કાંકરોલી)નો તથા ગો.ચિ. શ્રીઅક્ષયકુમારજી મહારાજ (મથુરા)નો જન્મદિન આજે.

કારતક વદ ૧૦ તા. ૨૦–૧૧–૨૦૦૦ સોમવાર : ગો.શ્રીઉત્તમશ્લોકજી મહારાજ (મુંબઈ)નો જન્મદિન.

કારતક વદ ૧૨ તા. ૨૨–૧૧–૨૦૦૦ બુધવાર : ઉત્પત્તિ એકાદશી વ્રત.

કારતક વદ ૧૩ તા. ૨૩–૧૧–૨૦૦૦ ગુરૂવાર : શ્રીગુસાંઈજીના સાતમા લાલજી શ્રીઘનશ્યામજીનો ઉત્સવ (સંવત ૧૬૨૮). ગો.શ્રીરમેશચંદ્રજી મહારાજશ્રી (મુલુન્ડ–મુંબઈ)નો તથા ગો.શ્રીત્રિભંગરાયજી મહારાજશ્રી (બોરીવલી)નો જન્મદિન.

માગશર સુદ ૨ તા. ૨૭–૧૧–૨૦૦૦ સોમવાર : ગો.ચિ.શ્રીગોવિંદરાયજી બાવાશ્રી (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો તથા ગો.શ્રીશ્યામસુંદરજી મહારાજશ્રી (ચાંપાસેની–જામનગર)નો જન્મદિન.

માગશર સુદ ૪ તા. ૩૦–૧૧–૨૦૦૦ ગુરૂવાર : ગો.ચિ.શ્રીગોકુલનાથજી બાવાશ્રી (મુંબઈ)નો જન્મદિન.

માગશર સુદ ૫ તા. ૧–૧૨–૨૦૦૦ શુક્રવાર : શ્રીમદનમોહનજી (કામવન)નો પાટોત્સવ.

માગશર સુદ ૭ તા. ૩–૧૨–૨૦૦૦ રવિવાર : શ્રીગુસાંઈજીના ચોથા લાલજી શ્રીગોકુલનાથજીનો મહોત્સવ (સંવત ૧૬૦૮). અષ્ટ સખા પૈકી શ્રીપરમાનંદદાસજીનો જન્મદિન.

માગશર સુદ ૮ તા. ૪–૧૨–૨૦૦૦ સોમવાર : શ્રીગોવર્ધનેશજી મહારાજ કૃત સાતસ્વરૂપનો ઉત્સવ.

માગશર સુદ ૯ તા. ૫–૧૨–૨૦૦૦ મંગળવાર : ભારત માર્તંડ શ્રીગટુલાલજીનો સ્મરણદિન. શ્રીગુસાંઈજીની વધાઈનો પ્રારંભ. ગો.ચિ. શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રી (વેરાવળ–પોરબંદર)નો જન્મદિન.

॥ શ્રી હરિઃ ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત
શ્રીવલ્લભસુધા
વર્ષ : ૧૯ અંક : ૮ ☐ શ્રી વલ્લભાબ્દ પ૨૩ ☐ નવેમ્બર, ૨૦૦૦
પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યુ સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

[ચોરાશી અપરાધ]

અપરાધ એકતાલીસમો : ‘મસૂર કી દાલ શ્રીઠાકુરજીકી સામગ્રીમેં તે બીન કાઢૈ, બહાર નાંખે’

કઠોળમાં એક મસૂર નામનું કઠોળ આવે છે. જે પહેલાનાં વખતમાં બધાં હિન્દુ ત્યાજ્ય ગણતા. આ કેશરી–લાલ જેવા રંગની દાળ જ્યાં વેચાતી હોય ત્યાંથી આપણે અડદ, મગ વગેરેની દાળ લઈએ તો આજુબાજુમાંથી કદાચ મસૂરની દાળનો દાણો ઉડીને પણ મગની કે બીજી કોઈ દાળમાં પડયો હોય તો સામગ્રી કરતાં પહેલા કાળજીપૂર્વક જોઈને મસૂરની દાળનો દાણો વીણીને બહાર નાંખી દેવો જોઈએ. મસૂરની દાળ નિષિદ્ધ પદાર્થ હોઈ શ્રીઠાકોરજીની સામગ્રીમાં આવી જવાથી અપરાધ પડે.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભસુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રીવલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાનમ્એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : ‘શ્રી વલ્લભસુધા’ કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

સંન્યાસ નિર્ણય

❑ કાકા શ્રીવલ્લભજી કૃત વિવૃતિ ❑

❑ ભાષાંતર : શ્રીબાબુભાઈ પી. નાયક– કડી ❑

–ગતાંકથી ચાલુ

જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ બંનેમાં ત્યાગ સમાન હોવા છતાં, માર્ગનો ભેદ જણાવવા ત્યાગનું કારણ અને તે ગોઠવવાનું કારણ કહીને હવે ગુરુ અને સાધનો વિશે કહે છે.

કૌંડિન્યો ગોપિકાઃ પ્રોક્તાઃ ગુરવઃ સાધનં ચ તત્ ।
ભાવો ભાવનયા સિદ્ધઃ સાધનં નાન્યદિષ્યતે ॥ ૮ ॥

શ્લોકાર્થઃ કૌંડિન્ય ઋષિ અને ગોપીઓને ગુરુ કહેલાં છે. તેમણે કરેલાં સાધન શ્રેષ્ઠ છે. ભાવનાથી જ ભાવ સિદ્ધ થાય છે. તે સિવાય બીજું સાધન ઈચ્છવામાં આવતું નથી.–૮

નિવૃત્તિભાવાનુવાદઃ અહીં ગુરુ તરીકે કૌંડિન્યને કહ્યા છે. તેઓ મર્યાદામાર્ગના હોવા છતાં પુષ્ટિમાર્ગમાં તેમને ગુરુ કેમ માન્યા? કુંડિન પરથી કૌંડિની શબ્દ બન્યો. મુખ્ય અથવા આદ્ય રાણી માની લીધી. તે પરથી બધી રાણીઓને કૌંડિન્યઃ ગણી લીધી એમ માનવું. તેથી કૌંડિન્ય ગુરુ ગણાયા, કારણ કે કૌંડિન્ય ઋષિને ભગવાનના અનંત ગુણોનું શ્રવણ કરવાની આર્તિ થતાં તેમને ભગવાનને મળવાની ઈચ્છા જાગી. વિપ્રયોગની સ્થિતિમાં તેઓ આકળવિકળ બની ગયા. એટલે તેઓ ભગવાનને મળવા જડને પણ પ્રશ્નો પૂછવા લાગ્યા. જેમ ગોપીજનો ભગવાનને શોધવા જડ પદાર્થોને પણ પ્રશ્નો કરતી તેમ. આમ કૌંડિન્યનો અને ગોપીજનોનો વિરહ સમાન હતો તેથી કૌંડિન્ય અને ગોપીજનોને પુષ્ટિમાર્ગના ગુરુ માન્યા. તેમણે ગુરુ થવા શું સાધન કર્યું?

પુષ્ટિમાર્ગમાં સાધનની જરૂર નથી. ભાવ એ જ સાધન. બીજા કોઈ સાધનની જરૂર નથી. તેથી પહેલું ઉપનિષદનું વાક્ય એ છે કે ‘આ આત્મા (બ્રહ્મ) જેને વરણ કરવા ઈચ્છે છે તેને પોતાના તનુનું દાન કરે છે’. ‘ન અયમાત્મા પ્રવચનેન લભ્યઃ ન મેધયા ન બહુના શ્રુતેન । યમેવૈષો વૃણુતે તેને લભ્યઃ તસ્યૈષ આત્મા વિવૃણુતે તનું સ્વામ્ ॥ આ ભાવ પ્રમાણે પુષ્ટિમાર્ગમાં ભાવ એ જ મુખ્ય સાધન છે. ભાવથી જ પ્રભુ જીવનું રક્ષણ કરે છે. બીજું સાધન વિરહ છે. બાકી પ્રવચન વગેરેની જરૂર નથી. પણ આ બધું ત્યારે જ બને કે જ્યારે પ્રભુ જીવનું વરણ કરે. વરણ એમાં સંયોગનો ભાવ સમાઈ જાય છે. જો સ્નેહને કારણે દુઃખનો અનુભવ જ ન થાય તો પછી અન્ય સાધન કરવાનું શું પ્રયોજન?–૮

પ્રભુમાં સ્નેહ થયા પછીની સ્થિતિ, બુદ્ધિ પ્રતિકૂલ થવાને કારણે અને દુઃખ થવાને કારણે પ્રાકૃત હોય તો! આ શંકાનું સમાધાન સ્નેહનું સ્વરૂપ સમજાવી સમાધાન કરે છે.

વિકલત્વં તથાસ્વાસ્થ્યં પ્રકૃતિઃ પ્રાકૃતં ન હિ ।
જ્ઞાનં ગુણાશ્ચ તસ્યૈવં વર્તમાનસ્ય બાધકાઃ ॥ ૯ ॥

શ્લોકાર્થઃ વિકલપણું અને અસ્વસ્થપણું વિરહનો સ્ભભાવ છે. તે ખરેખર પ્રાકૃત નથી. આવી રીતે રહેનારને જ્ઞાન અને ગુણો બાધક છે–૯

વિવૃત્તિભાવાનુવાદ : વિરહમાં જીવને વિકળતા અને અસ્વસ્થપણું દુઃખ આપનારું છે એવું લાગે, પણ પુષ્ટિમાર્ગીય જીવ તો સમજે છે કે આ જ પુષ્ટિમાર્ગનું ફળ છે. તેથી પુષ્ટિમાર્ગીય જીવને આવી વિકળતા અને અસ્વસ્થપણું આનંદ આપનાર ફલરૂપ લાગે છે. અને ભગવદ્ સ્વરૂપ આનંદરૂપ છે. એટલે ભગવદ્ પ્રકૃતિ પણ આનંદરૂપ છે, અને ભગવદ્ સ્વભાવ પણ આનંદરૂપ છે અને ભગવદ્ ધર્મ પણ આનંદરૂપ છે. તેથી વિરહમાં ભલે ભગવાનનું સ્વરૂપ તિરોહિત હોય, પણ વિરહ એ પુષ્ટિમાર્ગીય જીવ માટે આનંદરૂપ છે. પ્રકૃતિ જેની આનંદરૂપ ધર્મવાળી છે. તેને કારણે ભગવાનના સ્વરૂપનો તિરોભાવ પણ આનંદરૂપ છે. તેથી વિરહ દુઃખરૂપ છે તેમ કહેવું બિલકુલ ઉચિત નથી. તેથી સંયોગના આનંદ પછી ઉત્તરદલરૂપ વિપ્રયોગ તો થવાનો જ. તેથી સંયોગદલ અને વિરહદલ એ બંનેના સંયોગથી જ ભગવાનના પૂર્ણ રસનો આનંદ પુષ્ટિજીવ અનુભવી શકે છે. તે માટે પુષ્ટિજીવ માટે જ્ઞાન બાધક છે એમ કહ્યું. જો પુષ્ટિજીવને જ્ઞાનની જરૂર હોય તો એક જ જ્ઞાન તેને હોવું જોઈએ કે શ્રીકૃષ્ણને પ્રિયા શ્રીસ્વામિનીજીનું પૂર્ણ બંધન છે. પ્રેમ બંધનનું દર્શન એ જ જ્ઞાન છે અને ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ શ્રીપ્રભુના ગુણ છે તેની સમજ હોવી જોઈએ. બીજા પ્રકારના ગુણો અને જ્ઞાન પુષ્ટિજીવ માટે બાધક છે. ફક્ત સંયોગ પછી વિપ્રયોગ રસનો અનુભવ મળે તેમાં જ પુષ્ટિજીવની સાર્થકતા છે–૯

બંને માર્ગમાં (એટલે કે મર્યાદા અને પુષ્ટિમાર્ગમાં) ત્યાગ સમાન હોવા છતાં મર્યાદામાર્ગમાં જ્ઞાન ફળ પ્રાપ્ત કરાવે છે, જ્યારે ભક્તિમાર્ગમાં એ જ જ્ઞાન વિઘ્ન કરે છે. એ શંકાનું સમાધાન નીચેના શ્લોકમાં છે.

સત્યલોકે સ્થિતિર્જ્ઞાનાત્ સન્યાસેન વિશેષિતાત્ ।
ભાવના સાધનં યત્ર ફલં ચાપિ તથા ભવેત્ ॥ ૧૦ ॥

શ્લોકાર્થઃ સંન્યાસથી પ્રબળ બનેલા જ્ઞાન વડે સત્યલોકમાં સ્થિતિ પ્રાપ્ત થાય છે, જેનામાં ભક્તિરૂપી ભાવનું સાધન છે તેને ફલરૂપે સાક્ષાત્ શ્રીઠાકોરજી દર્શન આપે છે–૧૦

વિવૃત્તિભાવાનુવાદઃ વેદમાં કહ્યા પ્રમાણે જ્ઞાન પ્રાપ્ત થયું છે તેવા સંન્યાસીને સત્યલોકમાં જ સ્થિતિ થાય છે તે સત્ય વાત છે. જ્ઞાનને કારણે સંન્યાસીને બ્રહ્મની સાથે સંબંધ થવાથી શ્રીવત્સના ચિહ્નવાળા લક્ષ્મીપતિના બ્રહ્મલોકમાં સ્થાન પ્રાપ્ત થાય છે. તે જ પ્રકારનું જ્ઞાન મર્યાદામાર્ગીય સંન્યાસીને મનને સ્વસ્થ રાખવાનું ફળ પણ આપે છે, પણ તે પ્રકારનું જ્ઞાન જેને દેહ, ઈન્દ્રિયો વગેરેથી પ્રભુ સાથે પ્રેમનો સંબંધ બાંધવો છે તેને માટે મહત્વનું નથી. પુષ્ટિમાર્ગીય જીવને તો એટલું જ જ્ઞાન હોવું જોઈએ કે ભગવાન સ્વયં રસરૂપ છે. તેમના રસનો પોતાને અનુભવ થાય. જેનાથી તે આનંદ લઈ શકે. તેટલો સિદ્ધાંત પુષ્ટિજીવને સમજાય એટલે બસ. આવું જ્ઞાન વ્રજાંગનાઓને હતું. માટે તેમને પુષ્ટિમાર્ગમાં ગુરુનું સ્થાન હોવાની ભાવના કરવાનું કહ્યું છે. આવું જ્ઞાન હોય તેની ભલે સત્યલોકમાં સ્થિતિ ન થાય, પણ પ્રભુ સાથે સ્નેહસંબંધ તો બંધાયેલો રહે છે ને! ભક્તિમાર્ગમાં તો સાક્ષાત્ પુરૂષોત્તમનો સંબંધ જ ફલરૂપ છે–૧૦

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

(શરણ–માહાત્મ્ય)

દેવ પિતૃને મનુષ્ય ઋણ, ત્યાં લગી માણસને કહેવાય;
જ્યાંલગી સર્વાત્મ ભાવે શ્રીકૃષ્ણને શરણે ન જાય.
શરણે ગયે સર્વ ઋણ છૂટે, ચિત્રગુપ્તનું લેખું ટૂટે
કાલ કર્મનો ભય નહીં તેને, શીશ ધણી સમર્થ હરિ જેને.
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૭૮)

વિવેચન : આગલા ચંદ્રાવળામાં પ્રતિકૂલનો ત્યાગ બતાવ્યો હતો. હવે આમાં બતાવે છે, શ્રીહરિ ધણી સર્વ સમર્થ છે. તેનાં શરણે જવાથી ક્યા ક્યા ઋણો તેને બંધનકર્તા બની શકતા નથી.

અત્રે શાસ્ત્રોક્ત રીત મુજબ (૧) દેવઋણ, (૨) પિતૃઋણ, (૩) મનુષ્યઋણ. ત્રણેનું વિવેચન કર્યું છે. ભલે આ બધા ઋણો બાધા કરે છે, પરંતુ જેને ભગવદ્ આશ્રય છે તેને કોઈ બાધ કરવા સમર્થ નથી.

(૧) દેવઋણમાં દેવતાઓનું પુજન કરવું. શાસ્ત્રોમાં જુદા જુદા કામોમાં જુદા જુદા દેવોનું પૂજન કરવાનું કહ્યું છે. ન કરે તો ઋણી કહેવાય.

(૨) પિતૃઋણ—પિતૃઋણ માટે બ્રાહ્મણો માટે ગાયત્રી વિગેરે તેમજ શાસ્ત્રની વિધિ મુજબ શ્રાદ્ધાદિક કર્મ કરવા વિગેરે.

(૩) મનુષ્યઋણ—તેમાં માતા, પિતા, ભાઈ, સંબંધીયો પ્રત્યેની જે જે ફરજો બતાવી છે, તે ન કરે તો તેનો ઋણી કહેવાય. આ વિષયો બધા સામાન્ય જન માટે બંધનકારક ભલે હોય, પરંતુ જે વૈષ્ણવ સર્વાત્મ ભાવે પ્રભુનું શરણ ગ્રહીને રહે, તેને એક પણ ઋણ બાધા કરી શકતું નથી.

જેણે પ્રભુનું શરણ ગ્રહણ કર્યું છે અને દ્રઢતાથી સ્થિરતા પ્રાપ્ત કરી છે, તેને ઉપર બતાવેલા એકપણ ઋણ બાધા કરી શકતા નથી. તેને કાળ કર્મ નવ બાંધેરે યમ તે શિર ધનુષ ન સાંધે રે. એવો માર્ગ શ્રીવલ્લભવરનો રે જ્યાં નહી પ્રવેશ વિધિ હરનો રે. પ્રભુનાં શરણે આવેલાનાં પૂર્વકર્મો લોપાયમાન થાય છે અને હવે શરણસ્થ રહેવાથી નવા ઉત્પન્ન થતા નથી. તેને કાળ કે કર્મ કોઈ વસ્તુ બાધક નથી.

ગીતા—સર્વ ધર્માન્‌પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ:

આ શ્લોકમાં ભગવાને અર્જુનને કહ્યું કે, તું બધા ધર્મો છોડીને એક મારે શરણે આવી જા, હું તને બધા કર્મોથી મુક્ત કરીશ. તેમજ કોઈપણ પાપનો પણ તને ભય રહેશે નહીં. તું કૃતાર્થ થઈશ. તેમાં કોઈ સંદેહને અવકાશ જ નથી. પ્રભુને શરણે જઈ સેવા કરવી આવો અર્થ નીકળે છે. જેને માથે ધણી છે સમર્થ, તે પૂર્ણ કરે છે અર્થ.

દ્રષ્ટાંત— ૨૫૨ વૈ. વાર્તા ૯૫ મી. એક ડોશીની વાર્તા. આ ડોશીમાં શ્રીગુસાંઈજીની સેવક હતી. શ્રીબાલકૃષ્ણલાલજીનું સ્વરૂપ પધરાવી તે સેવા કરતી હતી. સેવા છોડી તેનું ચિત્ત ક્યાંય લાગતું નહીં. સેવાનાં અનવસરમાં તે નામ સ્મરણ કર્યા કરતી. માર્ગની રીત મુજબ તે સમય તાપ ક્લેશાત્મક ભાવ રાખી વ્યતિત કરતી.

એક દિવસ આ ડોશીનું મૃત્યુ આવ્યું ત્યારે તેણે પાછું કાઢયું કે હજુ થોડીવાર છે, હમણાં હું નહીં આવું. સાક્ષાત્ મૃત્યુનો પણ જેને ડર નથી, તેનું મન, કર્મ, વચન પ્રભુમાં જ લીન હતું. તે કાળ જોઈને પાછો ચાલ્યો જતો. આવી રીતે સાત વાર તેણે મૃત્યુને પાછું મોકલ્યું, તેથી ધર્મરાજા પાસે ફરીયાદ ગઈ કે તે અમારા વશમાં નથી. જ્યારે ત્યાં જાઉ ત્યારે ડોશીમાં સેવામાં તલ્લીન હોય છે ને મને દૂરથી જોઈને હાથનાં ઈશારાથી પાછો કાઢી મૂકે છે. હુકમથી હું ત્યાં જાઉં, તે પાછો કાઢે છે. આમ ચિત્રગુપ્તના લેખા પણ ખોટા ઠરે છે. કહો હવે અમારે શું કરવું? તેના શરીરમાં દિવ્ય જ્યોતિ દેખાય છે, પાસે જવાની અમારી હિંમત નથી.

ધર્મરાજા આ સાંભળીને થોડો વિચાર કરીને કહે છે કે, જાઓ ત્યાં જવાની જરૂર નથી. ચિત્રગુપ્તનું લેખું તો ક્યારનુંય પુરૂં થઈ ગયું છે. તે તો પોતાની ઈચ્છાએજ દેહ છોડશે. કારણ કે તે તો ભગવદ્ ભક્ત છે. ભગવદ્ ભક્ત તો મૃત્યુનાં માથા ઉપર પગ દઈને ભગવદ્ લીલામાં પ્રવેશ પામે છે. માટે આમાં મારૂં, તારૂં કે વિષ્ણુદૂતનું પણ કાંઈ ચાલે તેમ નથી. તેથી સ્વર્ગ અને નર્ક બંનેમાં પાર્ષદો ત્યાં નકામા ઠરે છે.

બુરા કર્મ કર્યા જ નથી જેથી તેને યમરાજ પાસે જવું પડે !

સ્વર્ગમાં જવા માટેનાં પણ કોઈ કર્મો કર્યા નથી કે જેથી વિષ્ણુદુત ત્યાં જાય. ભગવદ્ ભક્ત તો પોતાની ઈચ્છામાં આવે ત્યારે નામ સ્મરણ કરતો કરતો દેહ છોડે છે. આ વાત સાંભળી યમદુત શાંત થયા.

તત્ત્વરૂપે—અત્રે ડોશી તો શ્રીગુસાંઈજીને પધારવાની જ રાહ જોતી હતી. જ્યારે શ્રીગુસાંઈજી પધાર્યા ત્યારે પોતાનાં ઠાકુરજી પધરાવીને શ્રીગુસાંઈજી પાસે આવીને વિનંતી કરે છે કે રાજ, આ દેહ એટલા માટે જ ટકાવી રાખી છે. હું આપને ઠાકુરજી પધરાવી દઉં પછી મારે અત્રે કોઈ કામ બાકી રહેતું નથી. તેણે ઠાકુરજી પધરાવી દીધા ત્યારેજ નિશ્ચિંત બની અને આ દેહનો ત્યાગ કરી ભગવદ્ લીલામાં પ્રવેશ કર્યો.

ભગવદ્ ભક્ત પોતે તો તરે છે પરંતુ બીજાને પણ તારે છે.

૨૫૨ વૈ. વાર્તા ૧૪૦ મી.

એક વિરક્ત વૈષ્ણવ વ્રજમાં ફર્યા કરતા. એક દિવસ રસ્તામાં એક ડોશીમાને અફાટ રૂદન કરતાં જોયા. તેની પાસે જઈ કારણ પૂછયું ત્યારે તેણે કહ્યું કે મારા એકના એક દીકરાને સર્પ ડસ્યો, તેનું મૃત્યું થયું, હવે મારું કોણ? એમ કહી રૂદન કરવા લાગી. આ વૈષ્ણવને દયા આવી ત્યાં તો પુત્રને લઈને અગ્નિદાહની તૈયારી કરતા ત્યાં પહોંચ્યા અને પુત્રના ત્રણવાર અષ્ટાક્ષર મંત્ર કહ્યો તેથી તે પુત્ર જીવીત થયો. પુત્ર દોડીને પોતાની માતાને ભેટી પડયો. વિરક્ત વૈષ્ણવ ત્યાંથી ચાલ્યા ગયા.

સારમાં– પ્રભુનાં અનન્ય ભકતમાં પણ આ સામર્થ્ય સમાયેલું છે કે તેઓ ચિત્રગુપ્તનાં લેખાને પણ મિથ્યા કરી શકે છે. જેને માથે સમર્થ ધણી બિરાજે છે તેને કાલ કર્મનો ભય રહેતો જ નથી. માટે જ કવિશ્રી કહે છે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૭૮)

॥ શ્રીહરિઃ ॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો

લેખક – દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ– ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા– વિશારદ, મુંબઈ.

ભાષાંતર – ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

—ગતાંકથી ચાલુ

આ પાટોત્સવને આજેય પણ સાતે ઘેર માન્ય કર્યો છે. આ સ્થાન સતઘરામાં શ્રીનાથજીની બેઠકના નામથી પ્રસિદ્ધ છે. જે દિવસથી શ્રીનાથજી મથુરાના સતઘરામાં પધાર્યા તે દિવસે શ્રીગિરીધરજીએ પોતાનું સર્વસ્વ શ્રીનાથજીમે અર્પણ કરી દીધું. અને આપ એક માત્ર ધોતી પહેરીને સ્ત્રીવર્ગ સહિત હાથ જોડીને ઘરની બહાર ઉભા રહ્યા.

ત્યાં શ્રીગુસાંઈજીને આ વાતની જાણ થઈ. તો આપ તુરત જ શ્રીજીનાં દર્શન કરવા માટે ત્યાંથી નીકળ્યા. તેના આગમનના સમાચાર જાણીને શ્રીજી શ્રીગિરિધરજીથી બોલ્યા કે, “ગિરિધર, શ્રીગુસાંઈજી જો મને ગિરિરાજ ઉપર નહીં જુએ તો ખૂબજ વ્યથિત થશે. તેથી તું આજે ને આજે મને ગિરિરાજ પહોંચાડી દે.

ત્યારે આપ ગોપીવલ્લભ ભોગ આરોગીને રથમાં બીરાજ્યા. તે દિવસે નરસિંહ ચૌદશ હતી. તેથી બધા ઉત્સવો શ્રીગિરિરાજ ઉપર પધારીને પૂર્ણ કર્યા. રાજભોગ અને સેનભોગ તે દિવસે એક સાથે કરવા પડયા. તે દિવસથી રાજભોગ અને સેનભોગ નરસિંહ ચૌદશના ભેગા થવા લાગ્યા.

એક સમયે શ્રીગુસાંઈજી દ્વારકા પધાર્યા. વચમાં મેવાડ પ્રાંત સ્થિત સિંહાડ (વર્તમાન નાથદ્વાર) નામનું અત્યંત મનોહર સ્થળ જોઈને આપે અહીં કેટલાક દિવસ વિશ્રામ કર્યો. એક દિવસ આપે પોતાના અનન્ય સેવક ચાચા હરિવંશને કહ્યું કે, 'આ સ્થળ અત્યંત મનોહર છે.' શ્રીજીના નિવાસને યથા યોગ્ય છે. અહીં એક દિવસ શ્રીજી અવશ્ય પધારશે. અને ચિરકાલ સુધી અહીં નિવાસસ્થાનનું સ્થળ બનાવશે.

તે સમયે મેવાડમાં રાણા ઉદયસિંહ રાજ્ય કરતા હતા. શ્રીગુસાંઈજીનું આગમન સાંભળીને સ્વયં પોતાના પરિવાર સાથે શ્રીગુસાંઈજીના દર્શને આવ્યા. રાણાએ આપના ચરણોમાં સાષ્ટાંગ પ્રણામ કરીને ગામ તથા મહોર અર્પણ કરી. શ્રીગુસાંઈજીએ પ્રસન્ન થઈને રાણાને આપના પ્રસાદી વસ્ત્રો ઓઢાડ્યા. જ્યારે શ્રીગુસાંઈજી દ્વારકા પધારવા લાગ્યા ત્યારે મહારાણા આપના વિયોગનું અનુમાન કરીને ખુબજ દુઃખી થયા. ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું કે હું અહીં રહેવાનો નથી, પરંતુ હાં શ્રીજી તને નિત્ય દર્શન દેશે.

તે દિવસથી શ્રીજી પ્રતિદિન શ્રીગિરિરાજથી મેવાડ નાથદ્વારા પધારીને મહારાણાને દર્શન દેતા. એક દિવસ રાણાએ શ્રીજીના શ્રમનો અનુભવ કરીને કહ્યું કે, 'પ્રભો, આપને હરદિન આટલે દૂરથી આવવામાં શ્રમ પડે છે. તો આપ મેવાડમાં પધારીને અહીં બીરાજો જેથી મને આપનો ક્ષણિક પણ વિયોગ નહીં થાય. તે સાંભળીને શ્રીજી બોલ્યા કે, 'તમારું કહેવું ઠીક છે, પરંતુ જ્યાં સુધી શ્રીગુસાંઈજી ભૂતલ ઉપર બિરાજે છે ત્યાં સુધી મારો અન્યત્ર નિવાસ કરવાનું અસંભવ છે. સમયાંતરે હું અહીંજ ચિરકાલ સુધી રહીશ.

સમય જતાં આપની પ્રતિજ્ઞાને ચરિતાર્થ કરવા માટે શ્રીજીએ એક ઉપાય શોધી કાઢયો. તે દિવસોમાં પ્રસિદ્ધ હિન્દુ ધર્મના દ્રોહી મુસલમાન રાજા ઔરંગઝેબ દિલ્હીમાં એક છત્ર રાજ્ય કરતો હતો. શ્રીજીએ વિચાર્યું કે રાજીખુશીથી તો શ્રીગુસાંઈજીના વંશજ મને અહીંથી નાથદ્વાર લંઈને ચાલશે નહીં. તેથી મુસલમાનો દ્વારા અહીંયા પીડા ઉત્પન્ન કરાવી જોઈએ. એમ વિચારીને શ્રીજીને મુસલમાન રાજાના હૃદયમાં આ ભાવના ઉત્પન્ન કરી.

ફલરૂપે જ્યારે ગિરિરાજમાં યવનનો ઉપદ્રવ થવા લાગ્યો ત્યારે આપ મેવાડમાં શ્રીનાથદ્વારામાં આવીને બિરાજ્યા. ત્યારથી આજ સુધી આપ તે ભૂમિમાં બીરાજમાન છે.

હવે અહીં શ્રીનાથજીના સ્વરૂપના વિષયમાં કેટલાક પ્રમાણો રજુ કરીએ છીએ.

ગોપાલતાપિનીયોપનિષદ્દના પૂર્વખંડમાં લખ્યું છે કે—

સત્પુણ્ડરીકનયનં મેઘાભં વૈદ્યુતામ્બરમ્ ।
દ્વિભુજંમૌન મુદ્રાઢ્યં વનમાલિન મીશ્વરમ્ ॥

ગોપ ગોપી ગવાવીતં સુરદ્રુમતલાશ્રિતમ્ ।
દિવ્યાલં 'કરણોપેતં રત્ન પંકજ મધ્યમમ્ ॥
કાલિંદી જલ કલ્લોલ સંગી મારુત સેવિતામ્ ।
ચિત્તે યઃ સંશ્રયેત્ કૃષ્ણં મુક્તો ભવતિ સંસૃતેઃ ॥

અર્થઃ પુંડરીક નયનોની સુંદર શોભાવાળા, સુંદર મેઘના જેવી કાંતિવાળા, બે સુંદર ભુજાવાળા, શાંત મુખખુદ્રાવાળા ભગવાન શ્રીકૃષ્ણના સ્વરૂપનું જે ધ્યાન કરે છે તે મુક્તિ પામે છે. જે મનુષ્ય ગોપ, ગોપી અને ગાયોની વચ્ચે હંમેશા બિરાજમાન તથા કલ્પવૃક્ષની નીચે બિરાજમાન, અનેક રત્નોથી સુશોભિત ભગવાન શ્રીકૃષ્ણનું ધ્યાન કરે છે. તે પરમપદને પ્રાપ્ત થાય છે.

શ્રીમદ્ભાગવતમાં શ્રીનાથજીના વિષયમાં કહ્યું છે કે—

ગોપૈર્મખે પ્રતિહતે વ્રજવિપ્લવાય દેવેભિવર્ષતિ પશૂન્કૃપયા રિરક્ષુઃ ।
ધર્તો ચ્છિલીન્ધ્રત્રિવ સાત દિનાનિસપ્ત વર્ષો મહીધ્રમનઘૈક કરેણલીલમ્ ॥

અર્થાત્— ગોપોએ જે સમયે ઈન્દ્રને યજ્ઞ આપવાનું બંધ કર્યું તે સમયે ઈન્દ્રએ ક્રોધિત થઈને વ્રજને પાણીમાં વહાવી દેવા માટે વ્રજ પર ઘોર વર્ષા કરી. તે સમયે ભગવાન શ્રીકૃષ્ણએ, સાત વર્ષના સાંવલાએ સાત દિવસ પર્યંત પોતાની એક આંગળી પર શ્રીગિરિરાજ ને ધારણ કરી બધાં વ્રજજનોની રક્ષા કરી હતી. તે સમયનું સ્વરૂપ પોતેજ આજે શ્રીનાથજીના સ્વરૂપમાં બિરાજમાન છે.

મંત્રભાગવતમાં લખ્યું છે—

તામંસ્ય રીતિં પરશોરિવ પ્રત્યનીકમખ્યં ભુજે અંસ્ય વર્યસઃ ।
સચાયદિ પિતુમંતમિવ ક્ષયરત્નં દધાંતિ ભરંહૂતયે વિશે ॥

શ્રીમંત્રભાગવતમ્ / દ્વિતિય વૃન્દાવન કાન્ડમ્ ॥

☐– ભાષ્યમ્ –☐

તામસ્યેતિ । તાં મહતા વર્ષેણ વ્રજો નાશમીય ઈત્યેવં રુપા, પરશોઃ ઈવ અસ્ય ઈન્દ્રસ્ય રીતિં વર્ષા ક્રિયાં તત્પ્રકારં વા, આલોચ્ય અસ્ય ઈન્દ્રસ્ય પ્રત્યનીકં ભાગ હરત્વાત્ શત્રુમિવ રત્નં ક્ષયં રત્નગૃહં ગોવર્ધનમિત્યર્થઃ અસ્ય સપ્તવાર્ષિકસ્ય શ્રીકૃષ્ણસ્ય વર્યસઃ સર્વહિતકર્તુઃ ભુજે વામ હસ્તે અખ્યં અપશ્યામ । અચા ગોપવૃન્દવયસ્યૈઃ ।

નારદ પંચરાત્રમાં લખ્યું છે—

દામોદરો ગોપ દેવો યશોદાનન્દ કારકઃ । કાલીય મર્દનઃ ખર્વગોપગોપીજન પ્રિયઃ ॥૧૪૩॥

લીલા ગોવર્ધન ધરો ગોવિન્દો ગોકુલોત્સવઃ। અરિષ્ટ મથનઃ કામોન્મત્તગોપીવિમુક્તિદઃ ॥૧૪૪॥

આનો અર્થ સ્પષ્ટ છે.

વધુમાં આગળ રાત્રિ ૪ અધ્યાય આઠમાં લખ્યું છે કે–

પર્વતાધિ નિવાસી ચ ગોવર્ધન ધરો ગુરુઃ ॥૨૪॥
ગોવર્ધનઃ પ્રતિઃ શાન્તો ગોવર્ધન વિહારકઃ ।
ગોવર્ધનો ગીત ગતિ વાર્ગક્ષો ગો વૃષેક્ષણઃ ॥૨૫॥
ઈન્દ્રયજ્ઞ હરો ગોવર્ધન ધારી ગિરાં પતિઃ ।
યજ્ઞ ભુગ્યજ્ઞકારી ચ હિતકારી હિનાંતકઃ ॥૯૦॥
ગિરિરુપી ગિરિમાખો ગિરિયજ્ઞ પ્રવર્તકઃ ।
ગિરે રંગધરો ગોપગોપી ગોતાપનાશનઃ ॥૯૪॥
ભક્તિપ્રિયો ભક્તિદાતા દામોદર ઈડસ્પતિઃ ।
ઈન્દ્રદર્પ હરોઽનન્તો નિત્યાનન્દાન્વિદાત્મકઃ ॥૧૬॥
દ્વિભુજઃ ષડ્ભુજોઽનન્તભુજો માતલિ સારથિઃ ।
શેષઃ શેષાધિનાથશ્ચ શેષી શેષાન્ત વિગ્રહઃ ॥૧૨૮॥

બ્રહ્મપુરાણમાં લખ્યું છે કે–

તતસ્તદ્ગોકુલં સર્વં ગોપીગોપ સંકુલમ્ ।
અતિવાર્ત હરિર્દષ્ટ્વા ત્રાણાયા ચિન્તયત્તદા ॥૧૧॥
એતત્કૃતં મહેન્દ્રેણ મહભઙ્ગં વિરોધિના ।
તદેતદખિલં ગોષ્ટં ત્રાતવ્યમધુના મયા ॥૧૨॥
ઈમમદ્રિમહં વીર્યાદુપ્તાટયોરુશિલા તલમ્ ।
ધારયિષ્યામિ ગોષ્ટસ્ય પૃથુછત્રમિવો પરિ ॥૧૩॥
ઈતિ કૃત્વા મતિં કૃષ્ણો ગોવર્ધન મહીધરમ્ ।
ઉત્પાસ્યૈક કરેણૈવ ધારયામાસ લીલયા ॥૧૪॥
ગોપાંશ્ચાહ જગન્નાથઃ સમુત્પાટિત ભૂધરઃ ।
વિશધ્વમત્ર સહિતાઃ કૃતં વર્ષાનિવારણમ્ ॥૧૫॥
સુનિર્વાતેષુ દેશેષુ યથા યોગ્યમિહાસ્યતામ્ ।
પ્રવિશ્યનાત્ર ભેતવ્યં ગિરિ પાતસ્ય નિર્ભયૈઃ ॥૧૬॥
ઈત્યુક્તાસ્તેન તે ગોપા વિવિશુર્ગોધનૈઃ સહઈત્યાદિ ।

૮. શુદ્ધ પુષ્ટિ ભક્તિ

ભગવાનના ભક્તોને શુદ્ધ ભક્તિ ખૂબજ કઠિનતાથી પ્રાપ્ત થાય છે. ભગવાન જેના ઉપર કૃપા કરે છે, જેને તે યોગ્ય સમજે છે. તેનેજ શુદ્ધ પુષ્ટિ ભક્તિનું દાન કરે છે. અત્યાર સુધીમાં આ જગતમાં શુદ્ધ પુષ્ટિ ભક્તિ શ્રીગોપીજનો સિવાય કોઈને પ્રાપ્ત થઈ નથી.

ઘણાંએ અજ્ઞાની અને અહંવાળા વૈશ્નવ પોતાને શુદ્ધ પુષ્ટિભક્ત માનીને શાસ્ત્રમાં કહેલી આજ્ઞાઓની અવહેલના કરે છે અને પોતે પોતાને લોકવેદથી જુદા માનવા લાગે છે તે તેની મોટી ભૂલ છે. એ વાત ઠીક છે કે જેમને શુદ્ધ પુષ્ટિભક્તિ પ્રાપ્ત થઈ જાય છે, તેઓ લોક અને વેદમર્યાદાથી મુક્ત થઈ જાય છે. પરંતુ યાદ રાખવું ઘટે કે આ અવસ્થા ખૂબજન કઠિનતાથી પ્રાપ્ત થાય છે. આ વાતને વધારે સ્પષ્ટ કરવા માટે અહીં આપણે વિસ્તારથી જોઈએ.

અમે આગળ કહેલું છે કે ભગવદ શાસ્ત્રોમાં સ્નેહને જ ભક્તિ કહેવામાં આવી છે. આ સ્નેહ અથવા ભક્તિ ભગવત કૃપાથી પ્રાપ્ત થાય છે. તેથી તેને પુષ્ટિભક્તિ કહે છે. આ પુષ્ટિભક્તિના ચાર પ્રકાર છે. તે આ પુસ્તકમાં આગળ બતાવ્યું છે— આ ચારેયમાં 'શુદ્ધ પુષ્ટિ ભક્તિ' સર્વોત્તમ, સ્વતંત્ર, શુદ્ધ અને અંતિમ ફળરૂપા કહેવામાં આવી છે. આ શુદ્ધ પુષ્ટિભક્તિ પ્રાપ્ત કરવી અત્યંત દુર્લભ છે. તેથી તેનું નિરૂપણ થઈ શકે તેમ નથી. આ વાત અમે કહેતા નથી શ્રીવલ્લભાચાર્યજીએ કહ્યું છે કે—'ભક્તિઃ સ્વતંત્રા શુદ્ધા ચ દુર્લભેતિ ન સોચ્યતે।' અથવા શુદ્ધ અને સ્વતંત્ર ભક્તિ દુર્લભ છે— અત્યંત આસક્તિ સાધ્ય અને ભગવદ્કૃપાથી પ્રાપ્ય છે. તેથી અહીં તેનું વર્ણન કરી શકાય તેમ નથી.

શ્રીવિઠ્ઠલનાથજી મહારાજે પોતાના ભક્તિ હંસનામના ગ્રંથમાં કહ્યું છે કે—

'સ્નેહની ઉત્પત્તિ પછી સમયાંતરે વ્યસન થવાથી જે ગુણગાન આદી હૃદયમાં ઉત્પન્ન થાય તે ઉત્તમ શુદ્ધ પુષ્ટિભક્તિ છે.' અથવા તો કૃપાથી હૃદયમાં શુદ્ધ પુષ્ટિભક્તિ માર્ગનું જ્ઞાન થાય એટલે કે હૃદયારૂઢ થાય તે.

શ્રીકૃષ્ણચંદ્રમાં 'વ્યસન' થવું—ચૈન ન પડવું (શ્રીકૃષ્ણ વગર) તે ભક્તને ઉત્તમ ફળ છે. પરંતુ આવું હોવું તે કેવળ પ્રભુના હાથમાં છે. આ દશા સાધનોથી પ્રાપ્ત થતી નથી. અને આ દશા જો પ્રાપ્ત થાય તો કૃતાર્થ થયા સમજવું. એ સમજવું કે 'વ્યસન' શુદ્ધ પુષ્ટિભક્તિની ઉત્તમ અને અંતિમ અવસ્થા છે. શુદ્ધ પુષ્ટિભક્તિની અવસ્થા શ્રીમદ્ભાગવતના તૃતીય સ્કંધના, ઓગણીસમા અધ્યાયના અગીયારમાં શ્લોકમાં વર્ણન કરેલી છે. આ અવસ્થા માટેનો શ્લોક નીચે મુજબ છે.

મદ્‌ગુણ શ્રુતિ માત્રેણ મયિ સર્વ ગૃહાશયે। મનો ગતિરવિચ્છિન્ના યથા જ્ઞામ્ભસોઽમ્બુધૌ ॥

આ શ્લોકની વ્યાખ્યા કરતાં શ્રીમહાપ્રભુજીએ સુબોધીનીજીમાં લખ્યું છે કે–

''સર્વ ગૃહાશયે મયિ ભગવતિ પ્રતિબંધ રહિતા અવિચ્છિન્ના યા મનોગતિઃ–પર્વતાદિ ભેદનાપિ કૃત્વા યથા ગંગામઃ અમ્બુધૌ ગચ્છતિ તથા લૌકિક વૈદિક પ્રતિ બન્ધાન્ દુરી કૃત્ય યા ભગવતિ મનસો ગતિઃ।''

અર્થઃ સર્વ ગુહાસ્થિત એટલે કે સર્વ પ્રાણીઓમાં નિવાસ કરવાવાળા, સમગ્ર ષટગુણો ઐશ્વર્ય સંપન્ન ભગવાન શ્રીકૃષ્ણમાં, ગુણગાન શ્રવણ કરવાની સાથે જ એક ધારા રૂપે (અવિચ્છિન્ન) સતત મનની ગતિ રહે તે પુષ્ટિભક્તિ છે. જે પ્રકારે ગંગાનો પ્રવાહ પર્વતાદિ સમર્થ વિઘ્નો આપનારાઓનું ભેદન કરીને સમુદ્રમાં જઈને મળે છે. તે પ્રકારે ભગવદ્‌ભક્તના મનની ગતિ લૌકિક અથવા વૈદિક પ્રતિબંધોને દૂર કરીને ભગવાન શ્રીકૃષ્ણમાં લાગી રહે તે શુદ્ધ પુષ્ટિભક્તિ છે. આ શુદ્ધ પુષ્ટિભક્તિની ત્રણ અવસ્થા છે. તે ત્રણ અવસ્થા નીચે મુજબ છે.

જ્યારે અધિક ભક્ત થવાથી લૌકિક પદાર્થોમાંથી તથા સ્ત્રી પુત્રાદિકમાંથી પ્રીતિ હટી જાય છે. આ પદાર્થો નિઃસાર છે તેવું સમજાય છે. અને ભગવાનનું માહાત્મ્યનું જ્ઞાન થઈને તેમાં ચિત્ત લાગે છે તેને સ્નેહ કહે છે.

સ્નેહ વધે અને આસક્તિની અવસ્થાએ પહોંચે છે. આ અવસ્થામાં પહોંચ્યા પછી ગૃહ આદિમાંથી રૂચી ઉઠી જાય છે. 'પ્રભુભાવથી રહિત સ્ત્રી પુત્રાદિ પ્રભુ પ્રેમમાં પ્રતિબંધ રૂપ છે.' આ ભાવ ઉત્તરોત્તર વધતો જાય છે. આનું નામ આસક્તિ છે.

કાવ્ય કુંજ

સેવા

સેવા સાધન પણ છે અને ફલ પણ છે
પુષ્ટિપથિકનું સર્વોત્કુષ્ટ બલ પણ છે
જગતમાં જીવનનો ઉત્તમ હેતુ
અલૌકિક ભાવ રસાતલ પણ છે
સૌંદર્ય માધુર્ય આંનંદ મોદનું
ઉત્તમ ફલરૂપ દલ પણ છે
ક્લેશ અને તાપનો નાશ
સંસાર દુઃખ દ્વેષ વિનાશ
સ્નેહ ભક્તિને દ્રઢ વિશ્વાસ
પરમોચ્ચ લીલા અનૂભૂતિ
પામવાનું બલ પણ છે
ફલ પણ છે!

શ્રીમહાપ્રભુજી

પ્રગટ ભયે શ્રીમહાપ્રભુજી, જગત કે હિત કે કાજ

બ્રહ્મવાદકો સ્થાપન કરિ કે

રાખી દૈવી જીવન કી લાજ

સેવાસ્મરણ કરવેસુ નિશદીન

મનમેં મોદ ઉન્મોદ બાજ

ગોકુલેશ વ્રજલીલા પ્રગટ કરવેકું

પધારે વ્રજજન સિરતાજ.

–ગો.શ્રીગોકુલેશબાવા (જૂનાગઢ)

દેવર્ષિ નારદ રચિત

ભક્તિસૂત્ર – પ્રેમદર્શન

ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ
હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદાર ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.

– ગતાંકથી ચાલુ

પ્રેમમાં અનન્યતા (ચાલુ)

હવે આગલા સૂત્રમાં વાપરેલા 'અનન્યતા' શબ્દનો પોતાને અનુકૂળ=શાસ્ત્રને અનુકૂળ અર્થને સ્પષ્ટ કરતાં કહે છે કે–

અન્યાશ્રયાણાં ત્યાગઃ અનન્યતા ॥ ૧૦ ॥

૧૦ (પોતાના પ્રિયતમ ભગવાનને છોડીને) બીજા આશ્રયોના ત્યાગનું નામ અનન્યતા છે.

પ્રેમી ભક્તના મનમાં પોતાના પ્રિયતમ ભગવાન સિવાય બીજા કોઈના હોવાની કલ્પના જ નથી હોતી, તો તે બીજાના ભજન કેવી રીતે કરે? તે તો ચરાચર વિશ્વને પોતાના પ્રિયતમનું શરીર માને છે તેને ક્યાંય બીજો દેખાતો જ નથી.

ઉત્તમ કે અસ બસ મન માંહી । સપને હું આન પુરૂષ જગ નાંહી ॥

રહીમ કહે છે કે આંખોમાં પ્યારાની મધુર છબી એવી સમાઈ રહી છે કે બીજી કોઈ છબી માટે જગ્યાજ નથી રહી.

પ્રીતમ–છબિનૈનન બસી, પર છબિ કહાં સમાય ।
ભરી સરાય 'રહીમ' લખિ, આપ પથિક ફિરિ જાય ॥

ગોપીઓની સર્વત્ર શ્યામમય ચિત્તવૃત્તિનું વર્ણન કરતા શ્રીદેવકવિ કહે છે–

ઔચક અગાધ સિંધુ સ્યાહી કૌ ઉમડિ આયો, તામેં તીનોં લોક બૂડી ગયે એક સંગમે ।
કારે–કારે આખર લિખે જુ કારે કાગદ સુ, ન્યારે કરિ બાંચે કૌન જાંચે ચિત્તભંગ મેં ॥
આંખિનમેં તિમિર અમાવસકી રૈન જિમિ, જંબુ નદ–બુંદ જમુના–જલ–તરંગમેં ।
યોં હી મન મેરો મેરે કામકૌ ન રહ્યો માઈ, સ્યામ રંગ હ્વૈ કરિ સમાનો સ્યામ રંગમેં ॥

જો કોઈ તેને બીજાની વાત કહે છે તો તે તેને સાંભળવા જ ચાહતો નથી કે તેને સંભળાતી જ નથી. જો કદાચ જબરજસ્દીથી સાંભળવી પડે તો તેનું મન ત્યાં આકર્ષિત થતું જ નથી.

શિવજીના અનન્ય ઉપાસિકા પાર્વતીજીને સપ્તર્ષિઓએ મહાદેવજીના અનેક દોષ બતાવીને તેનાથી મન હટાવવા અને સર્વ સદ્ગુણ સંપન્ન ભગવાન વિષ્ણુમાં મન લગાવવા કહ્યું ત્યારે શિવ પ્રેમની મૂર્તિ ભગવતીએ ઉત્તર આપ્યો—

જન્મ કોટિ લગિ રગર હમારી । બરઉં સંભુ ન ત રહઉં કુઆરી ॥
મહાદેવ અવગુન ભવન વિષ્નુ સકલ ગુન ધામ ।
જેહિ કર મનુ રમ જાહિ સન તેહિ તેહિ સન કામ ॥

એવી રીતે ગોપીઓએ પણ ઉદ્ધવજીને કહ્યું હતું—

ઉધૌ ! મન માનેકી બાત !
દાખ છોહરા છાડિ અમૃતફલ, વિષ કીરા વિષ ખાત ॥
જો ચકોરકો દૈ કપૂર કોઉ, તજિ અંગાર અઘાત ।
મધુપ કરત ઘર કોરે કાઠમેં, બંધત કમલકે પાત ॥
જ્યોં પતંગ હિત જાન આપનો, દીપકસોં લપટાત ।
'સૂરદાસ' જાકો મન જાસોં, તાકો સોઈ સુહાત ॥

એ રીતે પ્રેમી ભક્ત એક માત્ર પોતાના પ્રિયતમ ભગવાનને જ જાણીને, તેને સર્વસ્વ માનીને, જેમ માછલીને ફક્ત પાણીનો આશ્રય હોય છે, તેવીજ રીતે ફક્ત ભગવાનનો જ આશ્રય લઈને, બધી ક્રિયાઓ તેને માટે કરે છે.

એક ભરોસો એક બલ, એક આસ વિસવાસ ।
એક રામ ઘનશ્યામ હિત, ચાતક 'તુલસીદાસ' ॥

તે ચાતકની ટેકની માફક ભગવાનમાં જ ચિત્ત લગાવી સંપૂર્ણપણે તેના પર આધાર રાખતો, તેને માટે શરીર ધારણ કરે છે. તેનું ખાવું—પીવું, સુવું—બેસવું, ચાલવું—ફરવું, લેવું—દેવું, દાન—પૂન્ય કરવું બધું તેને માટે હોય છે. તેથી તેના સમસ્ત કર્મ ભગવાન પ્રતિ અનન્ય પ્રેમભાવથી સંપન્ન થવાને કારણે સ્વાભાવિક કલ્યાણમય જ હોય છે—૧૦

ભાષ્યાર્થઃ જે ભક્ત છે તે ભગવાનને છોડી બીજે ક્યાંય આશ્રય શોધતો નથી. બીજે કશેં આશ્રયની શોધ કરવી એ અભિમાન, અજ્ઞાન અને ભગવાનની હયાતીમાં સંશય તથા અશ્રદ્ધાને સૂચવે છે. અર્થાત્ જે કોઈ પોતાના કર્મના બળે માયાને તરવાને ઈચ્છે છે તેને સાચું જ્ઞાન નથી. કેમકે ભગવાનની કૃપાથી જ માયાનું તરણ સંભવે છે અને તેવો પુરૂષ ભગવાનની કૃપાનો તો આદર કરતો નથી. યદ્યપિ ભગવાન તો તેવાને પણ તેના કર્મને અનુકૂળ ગતિ અપાવે છે, છતાં પોતાની

જાત તેની સમક્ષ ખોલતાં જ નથી. શ્રુતિ ભગવતી કહે છે–

નાયમાત્મા પ્રવચને ન લભ્યઃ ન મેધયા ન બહુના શ્રુતેન ।
યમેવ એષઃ વૃણુતે તેન લભ્યઃ, તસ્ય એષઃ આત્મા વિવૃણુતે તનૂં સ્વામ્ ॥

'આ આત્મા–પરમાત્મા વેદના પઠન પાઠનરૂપ પ્રવચન કે શાસ્ત્રના અર્થને ધારણ કરવાની શક્તિ કે અતિશય શાસ્ત્ર શ્રવણથી મળવા યોગ્ય નથી. જેને તે પરમાત્મા જ પસંદ કરે છે તેની આગળ જ તે પરમાત્મા પોતાના સ્વરૂપને ખોલી દે છે.'

આમ યદ્યપિ સત્કર્મ, પ્રવચન વગેરેનો નિષેધ નથી પણ આશ્રય તરીકે તો તેઓનો ત્યાગ જ હિતાવહ છે. પ્રેમથી જ ભગવાન પોતાના સ્વરૂપને ભક્તના આત્મામાં ખોલી દે છે, અને આવો ભગવત્સ્વરૂપનો ભક્તમાં આવિર્ભાવ તો જ્યારે ભક્ત ભગવાન સાથે અનન્ય થાય છે ત્યારે જ થાય છે. બીજી રીતે નહીં આટલું રહસ્ય છે. ભગવાનનાં હાથમાં પરતન્ત્ર ભક્ત નિશ્ચિન્ત થાય છે. આથી ભગવાનની આગળથી પોતાની જાતને ન ચોરવી એ જ શરણાગતિનું રહસ્ય છે–૧૦

શ્રી યમુનાજીના પદ

રચયિતા–મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ–માધુરી, રાજકોટ

પદ ૭૯

જયતિ યમુને યમ ત્રાસ હરની;
ઘોર ભવ સિંધુકો નાવ શ્રીહંસજા, કહત ઈક વાર હી સહજ તરણી. ૧
ભક્તિ રસ વિરહ કી વહ્નિ કો પ્રકટિવે, પરમ શ્રુતિ સાર મહિમા સુ અરણી;
દીન જન 'વલ્લભી' કહે કર જોરિકેં, કરહુ બલિ કૃપા ઘનશ્યામ ઘરની. ૨

ભાવાર્થ: યમરાજના ત્રાસથી બચાવવાવાળા આપનો જય થાઓ. અથાગ જળ–ભવરૂપી સાગર તેમાં નાવરૂપી સાધન હોઈ સુકાની બની તેને પાર કરો છો. એકવાર આપનું સ્મરણ કરે તેને ભવસાગર તરવો એટલે ગાયની ખરી જેટલું ખાબોચીયું પાર કરવા બરોબર થઈ પડે છે, કેમકે પ્રભુ પ્રાપ્તિ માટે દીનતા, તાપભાવથી અગ્નિરૂપ આપ સર્વગુણ સંપન્ન છો. તેથી શ્રુતિઓનાં સારરૂપ કર્તું, અકર્તું, અન્યથાકર્તું એવા પુરૂષોત્તમની પ્રાપ્તિ સહજમાં કરાવો છો.

આવા આપના અદ્‌ભુત પરાક્રમોને જાણીને હું વલ્લભ દીનદાસી બંને હાથ જોડીને વિનંતી કરું છું કે હે, ઘનશ્યામની પટરાણી મારા ઉપર કૃપા કરો–કૃપા કરો. ૮૦

ભ્રમર ગીત

લેખક : જેઠાલાલ છો. શાહ 'ઉર્મિલ' સાવલી.

—ગતાંકથી ચાલુ

પરંતુ શું કરીએ? તેમની કથાઓ અમારાથી છોડાતી જ નથી. તેમની એવી કથાઓનું શ્રવણ અમારા માટે અમૃતરૂપ બની રહે છે. જાણે વગર શ્રમે લાભ લેવાય છે. એમની કથામૃતનું એક બિંદુ પણ ઉપલબ્ધ થાય તો યે સુખદુઃખ વગેરે સર્વ પ્રકારના દ્વન્દોમાંથી છૂટીને, લોક વેદની સ્પૃહા પણ ઘટાડી દઈને, સ્વજનોને પણ ત્યજી દેવાય છે પણ એમની એ કથાઓ ત્યજી શકાતી નથી, ગાયા જ કરવી પડે છે. શું થાય? લાચાર છીએ. અમારું ઋણ છૂટાય એવું નથી. જોકે એમના કપટ વાક્યોમાં શ્રદ્ધા રાખી અમે છેતરાયાં તો છીએ જ. **કૃષ્ણ વધ્વઃ** અમે તો કૃષ્ણની વધૂઓ છીએ. કૃષ્ણને ગોપ જ જાણ્યા હતા યાદવ નહીં. અને છેવટે હવે એતો ઈશ્વર બની બેઠા! તીવ્ર વેદના થઈ રહી છે. હે ઉપમંત્રિન્ હવે બીજી વાતો કરો. દૂર જઈને ફરી આવેલા ભ્રમરને જાણે કહેતી હોય એમ કહે છે, વાસ્તવમાં બધી જ ગોપિકાઓના આ બોલ છે : હે પ્રિયતમના મિત્ર, વહાલા કૃષ્ણે શું તમને ફરી મોકલ્યા છે? ભલે આવો, બોલો, માગો. શી ઈચ્છા છે? તમે આદરણીય છો. પૂજ્ય છો. હે સૌમ્ય! જે કદી એકલા રહી શકતા નથી તે શ્રીકૃષ્ણની પાસે અહીં રહેલી અમને તમે કઈ રીતે લઈ જશો? લક્ષ્મીજી તો સાથે નિત્ય વિરાજે છે, સાથે જ રહે છે. પછી તેમની પાસે અમને લઈ જવાનો અર્થ પણ શો હોય? હે સૌમ્ય, આર્યપુત્ર શ્રીકૃષ્ણ ગુરુના ગૃહેથી તો આવી ગયા હશે. હમણાં શું મથુરામાં જ વિરાજે છે? પિતા નંદરાયને, વ્રજને, ગોપ સખાઓને યાદ કરે છે? અમે તો એમની દાસીઓ છીએ. અમારી વાતો તો એ કરતા હશે જ. અરેરે, અગરુ સુગંધયુક્ત એવો એમનો શ્રીહસ્ત અમારા મસ્તકે તેઓ હવે ક્યારે પધરાવશે?

ઉદ્ધવજીએ જોયું કે આ સર્વ ભાવે સામાન્ય અસામાન્ય સર્વ અવસ્થામાં શ્રીગોપીજનો તો કૃષ્ણ પરાયણ જ છે. એમને થયું, આવા ભક્તજનોને ભગવાન શી રીતે છોડી શક્યાં હશે? શ્રીશુકદેવજી બોલ્યાઃ પછી શ્રીઉદ્ધવજી કૃષ્ણપ્રેમમાં તલપતી ગોપિકાઓને શ્રીકૃષ્ણનો સંદેશ સંભળાવી એમને શાંત પાડવા કહેવા લાગ્યા.

ઉદ્ધવજી બોલ્યાઃ **કૃષ્ણ દર્શન લાલસાઃ** એવા કૃષ્ણ પરાયણ હે શ્રીગોપીજનો, તમે તો ધન્ય છો, કૃતાર્થ છો, સમસ્ત જગતને માટે પૂજનીય છો. દાન, વ્રત, તપ, હોમ, જપ, સ્વાધ્યાય, સંયમ તેમ એવા અનેક સાધનોથી ભગવાનની ભક્તિ સધાય છે પણ તમે તો નિઃસાધન બની, મનસહિત સર્વસ્વ સમર્પિત કરી દઈને શ્રેષ્ઠ મુનિઓને પણ દુર્લભ એવી ભક્તિ પ્રાપ્ત કરી છે. હે મહાભાગ્યવાન ગોપિકાઓ, ભગવાનનો વિયોગ થતાં તમને તે અતીન્દ્રિય ભગવાનમાં આવી

ભક્તિ થઈ છે તે જોઈને હું તો ચકિત બની ગયો છું.

તમારા દર્શન એ તમારી મારા પર મોટી કૃપા છે. હે કલ્યાણ મૂર્તિઓ હવે તમે સ્વામી એવા શ્રીકૃષ્ણનો સંદેશ સાંભળો. ભગવાને કહાવ્યું છે કે હે સ્વામિનીઓ, તમને મારો વિયોગ છે એમ માનશો જ નહીં. સંયોગના સંવેદનનો અભાવ વિયોગ છે. સ્વાભાવિક, ઔપાધિક અને અજ્ઞાનથી વિયોગ થાય છે એમ પ્રતીત તો થાય પણ સચ્ચિદાનંદ પરબ્રહ્મના ચિદંશરૂપ જીવો તો એકરૂપ જ છે. પરસ્પર વાસ્તવભેદ નથી. પ્રદીપ્ત અગ્નિમાંથી હજારો તણખા પ્રગટ થાય એમ જીવો બ્રહ્મમાંથી પ્રગટ થયા છે. બ્રહ્મનું બહુરૂપત્વ એતો ભગવદિચ્છા જ છે. ભગવાન કોઈનો ત્યાગ કરતા નથી. તેમ કોઈ ભગવાનનો ત્યાગ કરે એમ માનવાનું જ નથી. તેમણે સ્પષ્ટ કહાવ્યું છે કે તમારો વિયોગ મને નથીજ તેમ તમને પણ મારો વિયોગ નથી. તમે તો સર્વસુંદર અને સકલ ગુણગુણાલંકૃત એવા મને માનીને મારો વિયોગ સહન કરી શકો એમ નથી એટલે આવો આત્મબોધ આપું છું એમ માનશો જ નહીં. તમને પ્રિય એવો હું તમારી દ્રષ્ટિથી દૂર રહું છું. એનું કારણ એ છે કે તમને મારું ધ્યાન સતત રહે એવી મારી ઈચ્છા છે. મારું એ ધ્યાન જ તમારા મનને મારી પાસે રાખશે. દૂર રહેલા પતિમાં સ્ત્રીઓનું મન જેવું પરોવાયેલું રહે છે તેવું દ્રષ્ટિ આગળ રહેતા પતિમાં રહેતું નથી. સમગ્ર વૃત્તિઓથી મનને છૂટું પાડી કેવલ મારામાં જ એને સ્થાયી લઈ તમે નિત્ય મારું ચિંતન કરો. એથી તમે મારા સાનિધ્યની અનુભૂતિ પ્રાપ્ત કરશો. હે કલ્યાણી સ્ત્રીઓ, જે રાત્રીઓમાં આપણે રાસક્રીડા કરી હતી તેમાં જે ગોપીજનો આવી શક્યા ન હતા તે મારા અનુપમ ચિંતનના પ્રતાપે જ મને પ્રાપ્ત થઈ ગયા હતા. હું તો ભક્તોને વશ છું. ભક્તોના ઋણમાંથી છૂટી શકું એમ નથી. હું જગતનો સ્વામી પણ તમે તો સ્વામિની પણ સ્વામિનીઓ! મારા તમારામાં જુદાઈ હોઈ શકે જ નહીં.

આત્મત્વાદ્ ભક્તવશ્યત્વાત્, સત્યવાક્ત્વાત્ સ્વભાવતઃ

શ્રીગોપીજનોનો વિયોગ ભગવાનને નથી. ભગવાન સર્વના આત્મા છે તેથી ભગવાનનો વિયોગ ગોપીજનોને નથી એ વચન સત્ય જ છે.

ભગવાનના સંદેશથી ગોપિકાઓ પ્રસન્ન બની રહી. આનંદવિભોર થઈ રહી અને શું બોલે છે એનું પણ ભાન ન હોય એમ મનમાં આવ્યું તેમ ભગવાનના બધાજ ભાવોવાળા ગુણગાન કરવા લાગી. ગોપીજનોનો આવો પ્રેમભાવ જોઈ ઉદ્ધવજી ચકિત બની રહી એમને નમન કરી મનોમન બોલવા લાગ્યાઃ પૃથ્વી પર આ શ્રીગોપીજનો જ સફળ જન્મવાળા છે. લક્ષ્મીજી કરતાં પણ ભગવાનનાં વધુ કૃપાપાત્ર છે. રાસોત્સવમાં ભગવાનના ભુજદંડથી અને કંઠગ્રહણથી જેમના મનોરથો પૂર્ણ થયા છે એવી આ વ્રજવધુઓને પ્રાપ્ત થયેલો પ્રસાદ લાભ તો અન્ય કોઈને પણ ઉપલબ્ધ થયો નહીં હોય. ભગવાન આ શ્રીગોપીજનો માટે જ શ્રીગોપીજનવલ્લભ રૂપે પોતે સ્વયં પધાર્યા છે અને એમનામાં એકતાન થઈને એમને સ્વરૂપનો અલૌકિક આનંદ પ્રદાન કર્યો છે. કૃપાપાત્ર એવા આ ગોપીજનોની ચરણ રેણુ પ્રાપ્ત થાય તો

પણ ધન્ય બની જવાય. ઉદ્ધવજી ભાવના ધરે છે.

આસામહોચરણ રેણુજુષાં મહં સ્યામ્, વૃન્દાવને કિમપિ ગુલ્મલતૌષધી નામ્।
યાદુસ્ત્યજં સ્વજન ભાવપથં ચ હિત્વા, ભેજુ ર્મુકુન્દ પદવીં શ્રૃતિ ભિર્વિ મૃગ્યામ્ ॥૬૧॥ અ.૪૭

કૃપાપાત્ર શ્રીગોપીજનોનો દાસાનુદાસ થવાની પણ યોગ્યતા નથી. એ વિચારે જ્ઞાનીભક્ત ઉદ્ધવજીએ ઈચ્છા ધરી કે ભગવાનની સાથે તન્મયતા પામનાર ગોપીજનોની ચરણરેણુનું સેવન કરનાર છોડ, વેલ, ઔષધિઓમાંનો એક થાઉં.

ગોપીઓમાંના એક થવાની તો કલ્પના પણ થાય એમ નથી તો એવી પરિસ્થિતિમાં દીનતા વધે એવી વ્રજમાં ગુલ્મ લતા કે ઔષધિ થાઉં. જેથી ચરણરજનો લાભ મળે અને ભક્તિ વધે. ભગવાન કરતાં પણ ઉદ્ધવજીને શ્રીગોપીજનોની ચરણ રેણુ ઉત્તમ લાગે છે. એ ચરણરજને ઉદ્ધવજી વારંવાર વંદન કરે છે. કોટિ કોટિ વંદન એમ ગણિતાત્મક વંદન કહ્યું નથી. કોટિ વંદનમાં પણ સંખ્યાની સમાપ્તિ થાય એથી જ વારંવાર **'અભિક્ષ્ણશઃ'** નમન એમ કહ્યું છે.

કાવ્ય – કુંજ

ફળ સેવાનું

(ઢાળ– જોતાં હૈયું હરખાય, નિરખતાં લોચનીયું લલચાય.
એવું રૂપ રસીયાનું...)

ગાતાં ગોવિંદ હરખાય, નિરખતાં મુખડું મલકાય,
એ..તો... ફળ સેવાનું. (૨)
ઝારીજી ભરી આણી, હરખ્યાં શ્રીયમુને મહારાણી;
લૌકિક ભાવ છુટી જાય..એ..તો.. ફળ સેવાનું.
માખણ પેંડો ઝાલ્યો, મધુર મુખડે લપટાવ્યો;
જોતાં ભાવ ઉભરાય...એ..તો.. ફળ સેવાનું.
વિવિધ ભોગ ધરાય, મન મોહન માની જાય;
શ્રીવલ્લભની કાની દેવાય...એ..તો.. ફળ સેવાનું.
મુખ મોરલી સોહાય, સ્વર મંદ મંદ સુણાય;
આનંદ ઉર ન સમાય...એ..તો.. ફળ સેવાનું.
યશોદા આરતિ લાવે, વૈષ્ણવઆર્ત થઈ ગાવે;
શ્રીમુખ વિરહ સન્મુખ થાય...એ..તો.. ફળ સેવાનું.
'શ્રીજીઅનુરાગી' ઝુલાવે, લાલન પારણિયે પોઢાવે;
સુતાં હરિ મુખ મલકાય...એ..તો.. ફળ સેવાનું.

રમેશચંદ્ર ચીમનલાલ સોની (બીરપુર)
–શ્રીજીચરણઅનુરાગી

શાસ્ત્રસ્વરૂપ : વિધિ–નિષેધ–સ્વરૂપ : કાર્યક્રમમાં શાસ્ત્ર પ્રમાણ છે.

લેખક–શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજી

શાસન કરે તે,–શાસ્ત્ર! શાસ્ત્રનું શાસન પશુ માટે નથી, પ્રભુ માટે નથી; પુરૂષ માટે છે. પશુ શાસ્ત્રથી નીચી કક્ષામાં છે, પ્રભુ ઉંચી કક્ષામાં છે. પશુ તો શરીર–ઈન્દ્રિયો–મન–બુદ્ધિથી શાસ્ત્રોક્ત આચાર–વિચારમાં અસમર્થ છે. પ્રભુ તો સર્વ સમર્થ છે, શાસ્ત્રથી પર છે. તે ઈચ્છે તો લીલા–માત્રથી શાસ્ત્ર–શાસન સ્વીકારે; ન ઈચ્છે તો લીલા–પૂર્વક શાસ્ત્ર–શાસનથી ઉપર વિહાર કરે! સામાન્યતઃ, શાસ્ત્ર શાસન કરે છે,–માનવોનું!

પ્રેમ અને પ્રસન્નતાને, આનંદ અને આત્મીયતાને શોધતો માનવ વાસનાવશ કે મોહવશ, જાણ્યે કે અજાણ્યે પણ, ઈન્દ્રિયો–મન–બુદ્ધિ દોરે તેમ દોરવાઈ જાય છે; સન્માર્ગને બદલે અસન્માર્ગે આથડતો થઈ જાય છે, નરનાં ઈન્દ્રિયૈં–સુખ રૂપ નરકમાં ઘસડાઈ જાય છે. નરકના દ્વાર ત્રણ,–કામ, ક્રોધ અને લોભ! કામ ભોગથી, ક્રોધ સાનુકૂલ પરિણામથી અને લોભ યથેચ્છ લાભથી સુખનો આભાસ તો ઉભો કરી શકે છે! પછી તો, તેમાંથી છૂટવાની ક્યારેક ઈચ્છા થવા છતાં પણ આ સર્વનાશક–માર્ગમાંથી અટકવું અઘરું છે. કામાદિ–દોષોનો ત્યાગ શાસ્ત્રોક્ત સદાચારથી થાય છે.

શાસ્ત્ર તો નકશા–(માનચિત્ર) જેવા છે. તે તો દિશા–માર્ગ–દર્શાવે છે. તે દર્શાવેલી દિશામાં–યોગ્યમાર્ગે, ચાલવાનું તો માનવે તેની વિવેક–બુદ્ધિથી છે. શાસ્ત્ર તો સફલ–સુખનો–જીવનમાર્ગ છે–વિધિ! દુઃખનો માર્ગ છે–નિષેધ ! વિધિ માર્ગે ચાલે તેને સુખ–સફલતા મળે છે. નિષેધ–માર્ગે ચાલે તેને દુઃખ નિષ્ફલતા મળે છે. વિધિ–માર્ગ એટલે ધર્મ; નિષેધ–માર્ગ એટલે અધર્મ. માનવના જીવન–હિત માટે શાસ્ત્ર તો બંનેનું દર્શન કરાવે છે. વિધિ સુખ–સફલતાનો નિર્દેશ કરીને પ્રવૃત્તિમાં મન–બુદ્ધિને જોડે છે. નિષેધ અસફલતા દુઃખનો નિર્દેશ કરીને મન બુદ્ધિને તેમાંથી રોકે છે.

શહેરોમાં આધુનિક રાજમાર્ગ પર, વાહન–વ્યવહારની સરલ–સલામત અવરજવર માટે, સંચા–સૂચક લાલ–પીળી–લીલી બત્તીઓ રાખવામાં આવે છે. લીલી બત્તી હોય તો માર્ગ પર વાહન ચલાવવામાં સરળતા છે, ભય નથી તેમ તે સૂચવે છે. લાલ બત્તી ચાલુ હોય તો વાહન ચલાવવામાં સરલતા નથી, ભય છે તેમ તે સૂચવે છે. પીળી બત્તી ચાલવાની કે અટકવાની તૈયારી રાખવા સૂચવે છે. લાલ બત્તી ચાલુ હોય તો વાહન ચલાવવામાં સરલતા નથી, ભય છે

તેમ તે સૂચવે છે. લીલી બત્તી વાહન—વ્યવહારમાં વિધિરૂપ છે. લાલ બત્તી નિષેધ રૂપ છે. આ લાલ—લીલી—બત્તી માર્ગમાં વિઘ્ન માટે નથી, પણ નિર્વિઘ્ને વાહન વ્યવહાર ચલાવવા માટે છે. તેમ, શાસ્ત્રમાં કહેલા વિધિ—નિષેધ જીવન વ્યવહારને નિર્વિઘ્ને ચલાવવા માટે છે. તેની મર્યાદામાં રહેવાથી સુખ મળે, તે મર્યાદા ન પાળવાથી દુઃખ મળે. શાસ્ત્ર જે કરવાનું કહે તે, —વિધિ! શાસ્ત્ર જે ન કરવાનું કહે તે નિષેધ ! તે બંને મળીને ધર્મ કહેવાય છે. આ વિધિ નિષેધના પરિપાલનથી જીવનયાત્રામાં અકસ્માત—અનર્થ થવા ન સંભવે. શાસ્ત્ર વિધિ—નિષેધાત્મક ધર્મ બતાવે છે. તે પ્રમાણે વિવેક બુદ્ધિથી મનને વશમાં લઈને, ઈન્દ્રિયરૂપ અશ્વોને યોગ્ય રીતે ચલાવવાથી, જીવનયાત્રા સરલ થાય – સફલ થાય. દેહાનુસંધાન હોય ત્યાં સુધી આ શાસ્ત્ર—વિધાન પ્રમાણે જીવવું જરૂરી છે. 'હું ભગવાનનો અંશ હોવાથી તેમનો દાસ છું—એવું ભાન દ્રઢ થતાં, પ્રભુ—પ્રેમની પ્રબલતામાં તો, ભગવદ્ધર્મો—ભગવત્સેવા જ સ્વધર્મ છે. સેવા પ્રકટ ન થાય. આ પ્રભુ—પ્રેમની કોમલ વેલને તો શાસ્ત્રોક્ત વર્ણાશ્રમધર્મની વાડમાં ગુપ્ત—સુરક્ષિત રખાય. દેહાભિમાન હોય ત્યાં સુધી શાસ્ત્રોક્ત ધર્મો જ સ્વધર્મ છે, શાસ્ત્ર પ્રમાણ છે. જીવન—યાત્રાનું જેને યથાર્થજ્ઞાન નથી, તેવા લોકો માટે નિઃસ્વાર્થ ઋષિઓએ પ્રભુ—પ્રેરણાથી શાસ્ત્ર પ્રકટ કર્યા છે. શ્રદ્ધાળુ સમાજને તે સન્માર્ગે દોરે છે, અસન્માર્ગથી અટકાવે છે. શાસન કરે છે તેનું અનુસરણ સૌને માટે હિતાવહ છે. શાસ્ત્ર વિધિ છોડીને, પોતાની કામનાઓ પ્રમાણે, અશાસ્ત્રીય રીતે, સ્વચ્છંદથી, જીવનાર વર્તનારને સિદ્ધિ, સફલતા, સુખ, પરમ—જ્ઞાન ગતિ મળતાં નથી. તેથી શું કરવું ? શું ન કરવું ? એ વિષયમાં શાસ્ત્ર પ્રમાણ છે—યથાર્થજ્ઞાનનું સાધન છે. શાસ્ત્રે કહેલો વિધિ સમજીને સ્વધર્મનું આચરણ કરવું યોગ્ય છે. ગીતામાં ગોવિન્દે આ ગાયું છે—

યઃ શાસ્ત્રવિધિમૃત્સૃજ્ય વર્તતે કામકારતઃ । ન સ સિદ્ધિમવાપ્નોતિ ન સુખં ન પરાં ગતિમ્ ॥
તસ્માચ્છાસ્ત્રં પ્રમાણં તે કાર્યાકાર્યવ્યવસ્થિતૌ । જ્ઞાત્વા શાસ્ત્રવિધાનોક્તં કર્મ કર્તુમિહાર્હસિ ॥

[ગી.અ.૧૬ શ્લોક ૨૩, ૨૪]

[જે શાસ્ત્ર વિધિનો ત્યાગ કરીને મન ફાવે તેવા આચરણ કરે છે, તેને સિદ્ધિ મળતી નથી, સુખ મળતું નથી અને શ્રેષ્ઠ ગતિ પણ મળતી નથી. ૨૩

તેથી કર્તવ્ય અને અકર્તવ્યનો નિર્ણય કરવા માટે તારે શાસ્ત્ર પ્રમાણ માનવું જોઈએ. શાસ્ત્રમાં જે કહ્યું છે તે કર્મ જાણીને, તે જ કર્મ તારે આ લોકમાં કરવું યોગ્ય છે. ૨૪]

[પુષ્ટિ પુલિનમાંથી સાભાર]

જો પૈ સબહિન ભક્તિ સુહાતી

ભાવાર્થ– માધુરી, રાજકોટ.

☐ ૫૬ ☐

જો પૈ સબહિન ભક્તિ સુહાતી;
તો વિદ્યા વિધિ કર્મ ધર્મકી જડ હી રસાતલ જાતી. ૧
હો તો જો ન બહિર્મુખ કલિયુગ, આનંદ શ્રષ્ટિ અઘાતી;
હોતી સહજ સમીત સબહિનમૈં, પ્રીતિ ન કહૂ સમાતી. ૨
જો ભાગવત રીતિ ગુરૂ ચલતે તો કિતિ ભક્તિ બિકાતી;
જો સાધુન કોં સંગ ન તજતે તો કિત જરતી છાતી. ૩
જો મંદિર કર હરિકોં ભજતે તો કિત લિખતે પાતી;
યથા લાભ સંતોષ સહજ હી મિલતે શ્યામ સંગાતી. ૪
કૃષ્ણ કૃપા હોય ન સબહિન કો, માયા જાય ડરાતી;
'વ્યાસદાસ' ભાગિ કિન ઉભરો, આગિ તે આશા તાતી. ૫

ભાવાર્થ : આ રચનામાં શ્રીવ્યાસદાસજીએ ભક્તિ, વિવિધ કર્મો, બહિર્મુખતા, આનંદ, પ્રિત, સંગ, ધર્મસ્થાનો, અશાન્તિ, સંતોષ, ભાગ્ય, આશા, આવા વિષયોનો સમાવેશ કરેલો છે. યુગ પ્રમાણે તેના ધર્મો પણ જુદા છે જેમ સતયુગમાં ધર્મ કાર્ય યોગયાગ વિગેરેની વિશેષતા રહે છે તેમ કલિયુગમાં બહિર્મુખતા છળકપટ પ્રપંચ બાહ્ય આડંબર કહેવું કાંઈને કરવું કાંઈ કેવળ સ્વાર્થ બુદ્ધિ આવા ધર્મની વિશેષતા છે. આવા સમયમાં કેવળ ભક્તિ એકજ એવું સાધન છે. ખળ ધર્મથી દૂર લઈ જાય છે. સત્ય સાત્વિક અને સરળ પણ છે કેવળ ભક્તિ. કલીયુગના જેવા ધર્મો તેવી માનવની બુદ્ધિ રહે છે. કેવળ માયાને આધિન બની જઈને ચાહત હોય કે ન હોય તો પણ પાખંડ ધર્મને આધીન થઈને રહે છે. કવિ એક ટોન (કટાક્ષ)ના રૂપમાં કહે છે કે જો બધાને ભક્તિ કરવાની પ્રેરણા મળી ગઈ હોય તો વિદ્યા, કર્મમાર્ગની જડતા આ બધું રસાતલ ચાલ્યું જાત. કેમકે ભક્તિ પ્રાપ્ત થાય ત્યાં પાખંડ ધર્મ રહી શકે નહીં. જેમકે સૂર્યપ્રકાશ સાથે બધા

પ્રકાશો હીન બની જાય છે. આકાશમાં ચંદ્ર, અસંખ્ય તારાઓ, ઈલેકટ્રીકથી થતા પ્રકાશો કોઈ પણ સૂર્ય સામે ટકી શકતું નથી. કેમકે ભક્ત પોતે ભક્તિના પ્રભાવથી શુદ્ધ આચરણ શુદ્ધ ભાવથી રહે ત્યાં અજ્ઞાનરૂપી અંધારાને રહેવાનું સ્થાન જ રહેતું નથી. જેથી રસાતલ જાત આમ કહ્યું છે. કલીયુગના ધર્મો જે રાગદ્વેષ, છળકપટ, પ્રપંચ, અસત્ય કેવળ પોતાનો જ સ્વાર્થ સાધવા, બીજાનું દુઃખ ન જોવું, ગમે તેટલું પ્રાપ્ત થાય તો પણ અસંતોષ જ રહે, સંતોષ થાય જ નહીં. આવા ગુણો કલીના છે. તે એક ગુણ ભક્તિ આવવાથી નિસ્તેજ થઈ જાત.

ભક્તિ કરવા માટે તો પ્રભુએ બધાને એકસરખા સાધન આપ્યા જ છે. નામ સ્મરણ કરવા ગુણગાન કરવા રસના આપી છે. ગુણગાન સાંભળવા કાનો આપ્યાં છે ને નેત્રોથી પ્રભુનું રૂપ સૌંદર્ય જોઈ શકાય છે. પગે ચાલી તીર્થો કરાય છે, હાથોથી હરિ સેવા થઈ શકે છે. અંતઃકરણ મન જ્ઞાનેન્દ્રિયો બધું અનાયાસે સહુને પ્રાપ્ત થયું છે. પત્રં, પુષ્પં, ફલં, તોયં, થી બધી સેવા કરી શકાય છે. પરંતુ આ સાધનોથી ભક્તિ ન થાય અને તેનો ઉપયોગ માયાના ગુણો પ્રાપ્ત કરવામાંજ થાય તો તેને ફળમાં માયા જ મળે. ભક્તિ થાય તો ભક્તિ ફળ મળે છે.

શ્રીમદ્ ભાગવત ધર્મની રીતે ઉપદેશક પોતેજ તેનું પાલન કરીને જીવનમાં ઉતારી લેત તો સાંભળનારને પણ તે અસર કરી શકત. પરંતુ જ્યાં તેનો ઉપયોગ કેવલ ધન, પ્રતિષ્ઠા, પોતાનો સ્વાર્થ માટે જ થતો હોય ત્યાં ભાગવત ધર્મ તેનામાં આવે ક્યાંથી? અત્રે કવિ કહે છે જ્ઞાન દેવાવાળા ગુરૂ ભાગવત વાંચીને તે તેમાંજ મગ્ન બની ભક્તિમાંજ લાગી ગયા હોત તો જ્યાં જુઓ ત્યાં ભક્તિ જ જોવા મળત. પરંતુ ભક્તિ વેંચાતી નહી.

કલીધર્મમાં પાખંડ પ્રચુર માત્રામાં રહે પરંતુ સાચા સંતો પણ હોય છે વસુધા સુની રહેતી નથી. માત્રા ઓછી વત્તી થતી રહે છે. સાચા સંતોનો (ભગવદભક્તોનો) સંગ છોડત નહીં તો જીવનમાં શાંતિ રહેતી અને કલેજું બળત નહીં કેમકે અસત્ય વર્તણુંકથી કલેજું બળતું હોય છે. ભક્તિ કરવાથી હૃદયમાં આનંદનો અનુભવ થાય છે. કેવળ સ્વાર્થ માટે ભક્તિ વેચાતી હોય ત્યાં અંતરાત્મામાં શાંતી હોતી નથી.

સ્વાર્થી લોકો કલીયુગનાં ધર્મોને આધિન બની પોતાની મોહક વાણીથી જગતને રીઝાવવું, પોતાનો મતલબ સધાય, તે ભક્તિ વેચી કહેવાય. વાસ્તવમાં ત્યાં સાચી ભક્તિ હોતી નથી. ધર્મસ્થાનો કેવળ ભગવાનની ભક્તિ માટે જ બને છે કે ઘરેથી નીકળીને મંદીરે જઈને થોડીવાર શાંતી મળે. પ્રભુની ભક્તિની પ્રેરણા મળે. સૌ સાથે મળીને ભગવદ ગુણગાન કરે. આવો સુંદર ઉપયોગ ધર્મસ્થાનોનો થવો જોઈએ. પરંતુ દરવાજામાં ઘુસતા જ લાવો સેવા કોઈ ભિક્ષુક બનીને

બેઠા છે તે કોઈ ગાયની સેવા કરતા બૂમો પાડતા હોય છે. જ્યાં આગળ જાઓ ત્યાં વળી બીજા મળે. આમ લક્ષ્મી પ્રાપ્તિ કરવાની સ્થાન બની જાય. ભગવાનનાં નામની ભીખ મગાય તો ધર્મસ્થાનમાં ગયા પછી જોતું તે મળે નહીં, પરંતુ મળે બીજું તો તે સ્થાનનો ઉપયોગ યથાર્થ થયો જ નહી. ઘરની મોહમાયાથી થોડીવારે ત્યાં જઈ શાંતી મેળવવી દૂર રહી ત્યાં પણ માયાનું જ સામ્રાજ્ય દેખાય. ત્યારે તેનો પ્રભાવ મન ઉપર તેવો જ પડે છે. જોકે અસત્ય કાંર્ય કરે છે તે જાણે છે છતાં સ્વાર્થ લોલુપતા તેને તે રસ્તે દોરી જાય છે તેથી તે કાર્ય કરે છે. તેથી 'કિત જરતી છાતી' આમ કવિશ્રીએ કહ્યું છે અને આવા લેખો લખવાની શી જરૂર રહેતી.

યથા લાભ સંતોષ સહજમાં મળે તેમાં સુખ માની રહેત તો ભગવત ભક્તિનો સંગ મળત. તેના સંગથી ભગવત પ્રાપ્તિ થતા. બધા ઉપર ભગવાનની કેવળ કૃપા થતી નથી. તે તો માયાનો ડર વધી જાય. ભગવદ ભક્તિથી માયા સદા દૂર રહે છે. ભક્તિની સામેં માયા ડરતી રહે છે. જો બધા ભગવદ ભક્તો બની જાય તો માયાને રસાતલ જાવું પડે. માટે જીવ પોતે પોતાનું કતવ્ય સમજીનેજ ભક્તિ કરે. પ્રભુની કૃપા ક્યારે ને કેટલી કોના ઉપર થશે તે કોઈ જાણતું નથી. છેવટે વ્યાસદાસજી કહે છે કે કર્તવ્યમાં હું ઉણો પડું છું. મારા ભાગ્ય કેમ ખુલતા નથી અને મને અનન્યં ભક્તિ કેમ પ્રાપ્ત થાય. આવી આશાએ મારા હૃદયમાં તિવૃતા આવી જાય છે.

જતીપુરા મુકામે વ્રજપરિક્રમાના પડાવ સમયે
આં.પુ.વૈ.પરિષદનું વિરાટ પ્રચાર અધિવેશન સંપન્ન

પૂ.પા.ગો.૧૦૮ શ્રીવ્રજજીવનજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં અને પૂ.પા.ગો.૧૦૮ શ્રીદ્વારકેશલાલજી બાવાશ્રી તથા પૂ.પા.ગો.૧૦૮ શ્રીરાજુબાવાના માર્ગદર્શન હેઠળ આ વર્ષે અલૌકિક વ્રજયાત્રાનું આયોજન પ્રભુ અનુગ્રહથી સંપન્ન થયું. પરિષદના મહામંત્રી પ્રા. વી. પી. પરીખ નિવેદનમાં જણાવે છે તે રીતે આ સમયે જતીપુરામાં આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદનું પ્રચાર અધિવેશન, ભવ્ય રીતે, વૈષ્ણવોની વિરાટ ઉપસ્થિતિમાં સંપન્ન થયું.

પૂ.પા.ગો.આચાર્યશ્રીઓએ, નિ.લી.પૂ.પા.ગો.શ્રીપ્રથમેશજીનું સ્મરણ કરી, પરિષદના વિકાસમાં, તેઓશ્રીના વિશેષ યોગદાનને બિરદાવ્યું તેમજ સમગ્ર વલ્લભકુળ એક છત્ર નીચે કાર્ય કરે તો કશું જ અશક્ય નથી એવી અભિલાષા પણ વ્યક્ત કરી.

પ્રારંભમાં પરિષદના કેન્દ્રિય કાર્યકારી અધ્યક્ષ શ્રીમુકુન્દભાઈ શાહે, પરિષદના વિવિધ પ્રોજેક્ટોની રસપ્રદ માહિતી આપવા સાથે ગુજરાતમાં, મધ્યપ્રદેશમાં પરિષદની પ્રવૃત્તિઓના વિશેષ વ્યાપનો ઉલ્લેખ કરી, સેવા સત્સંગ અને સ્વાધ્યાય સાથે માનવ પ્રભુ સેવાના ને સુંદર કાર્યો થતા રહે છે તેનો પરિચય કરાવ્યો.

પૂ.શ્રીયોગેશશાસ્ત્રીજીએ પરિષદ આપણી છે. આપણા સૌની છે એ ભાવ કેળવવા અનુરોધ કરેલ અને તેના સદસ્ય બનવા અનુરોધ કર્યો. નિ.લી.પૂ.ગો.શ્રીપ્રથમેશજીના 'જાગો, જાગો પુષ્ટિ પથિક હો.....'ના ભાવવાહી ગીતના ગાન સાથે, આ અલૌકિક પ્રચાર અધિવેશનની સમાપ્તિ થઈ.

પુસ્તક પરિચય

૧. શ્રીવલ્લભ–શ્રીવિઠ્ઠલ: પ્રકાશક–પ્રાપ્તિસ્થાન : શ્રીપુષ્ટિ પ્રકાશન મર્સીવિલા, અશોકનગર રોડ કાંદીવલી (પૂ) મુંબઈ–૪૦૦૦૦૧. લેખક : પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી મહારાજ (અમરેલી–કાંદીવલી)

ન્યોછાવર રૂ.૧૦+પોસ્ટેજ. પૃષ્ઠ ૩૨+૪=૩૬. બહુરંગી ટાઈટલ.

શ્રીપુષ્ટિપ્રકાશન પુસ્તિકા દ્વારા શ્રીપુષ્ટિમાર્ગીય પ્રકાશન સતત થઈ રહ્યું છે. શ્રીવલ્લભ–શ્રીવિઠ્ઠલ આ ૩૪ મી પુસ્તિકા છે. આ પુસ્તિકામાં શ્રીમદ્‌વલ્લભાચાર્યજીનું જીવન દર્શન પ્રાકટયથી નિજધામમાં પધાર્યા સુધીનું વિક્રમ સંવત વર્ષ–તીથી સાથે ઘટના સાથેનું વર્ણન આલેખેલ છે. સમગ્ર જીવનની ઘટના–પ્રસંગો સુંદર રીતે વર્ણવેલ છે.

તથા શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ શ્રીગુસાંઈજીના પ્રાકટય તથા આપશ્રીએ પુષ્ટિમાર્ગના વિકાસ અને પ્રચાર–પ્રસાર અર્થે જે વ્યવસ્થા કરેલ છે તે દર્શાવેલ છે.

ઉપરાંત આ પુસ્તિકામાં શ્રીઅષ્ટાક્ષર મહા–મંત્રનું રહસ્ય તેમજ દરેક અક્ષરનો ગૂઢ અર્થ સુંદર રીતે સમજાવેલ છે.

અંતમાં કૃષ્ણગીતા અને વલ્લભગીતા વર્ણવેલ છે. વૈષ્ણવોએ વસાવવા જેવી પુસ્તિકા છે.

૨. શૃંગાર સેવા : સંપાદક શ્રીરમેશચંદ્ર નાથાલાલ શાહ પ્રકાશક : શ્રીપુષ્ટિ પ્રકાશન પ્રાપ્તિસ્થાન :કાંદીવલી (પૂ) મુંબઈ–૪૦૦૦૦૧. ન્યોછાવર રૂ. ૧૫+પોસ્ટેજ. પૃષ્ઠ ૪૪+ મલ્ટીકલર આર્ટ કવર ૪.

શ્રીપુષ્ટિ પ્રકાશન દ્વારા શ્રીપુષ્ટિમાર્ગીય પરિચય પુસ્તિકા ક્રમાંક –૪ની આ ચોથી આવૃત્તિ છે. પુનઃ પુનઃ આવૃત્તિનું પ્રકાશન એ જ વૈષ્ણવ સમાજમાં તેની ચાહનાનું પ્રતિબિંબ દર્શાવે છે. આ પુસ્તિકામાં બાર માસના નિત્યક્રમના શૃંગાર, વસ્ત્ર પરિધાન ઉપરાંત કીર્તન માર્ગદર્શીકા આપવામાં આવેલ છે. જેમાં જન્માષ્ટમીના ઉત્સવથી લઈને વર્ષ દરમ્યાનના ઉત્સવના કીર્તનની યાદી રાગ સાથે આપેલ છે. તેમજ શ્રીમસ્તકના શૃંગારની નામાવલી સાથે મલ્ટીકલર આર્ટ કવર ઉપર તેના ચિત્રજી છે. ગૃહ સેવા કરતા વૈષ્ણવોએ વસાવવા જેવી સુંદર પુસ્તિકા છે.

સમાચાર

☐ **જન્માષ્ટમી મહોત્સવ :** શ્રીશુદ્ધાદ્વૈત વૈષ્ણવ મહાસભા–ચેન્નાઈ(મદ્રાસ) દ્વારા જન્માષ્ટમી મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવેલ. સવારે પ્રભાત ફેરી અને સાંજે શોભાયાત્રા રાજમાર્ગ ઉપર વાજતે–ગાજતે કાઢવામાં આવેલ. જેમાં વૈષ્ણવ સમાજના આબાલ–વૃદ્ધ હર્ષપૂર્વક જોડાયા હતા. તેમજ પૂ.પા.ગો.શ્રીઅજયકુમારજી (મદ્રાસ–પૂના)ની અધ્યક્ષતા હેઠળ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. તેમજ ૧૫ દિવસીય સત્સંગનું આયોજન પણ કરેલ. દરરોજ સાંજે વિવિધ મનોરથો યોજ્યા હતા. આ સત્સંગનું આયોજન મદ્રાસ માહેશ્વરી સત્સંગ સમિતિ દ્વારા કરવામાં આવેલ હતું. સત્સંગ શિબિરમાં પૂ.પા.ગો.શ્રીયદુનાથજી (કડી)એ ભગવદ્‌ગીતા અને જીવનશૈલી ઉપર પ્રભાવશાળી વાણીમાં પ્રવચન કર્યા હતા.

☐ **આં.રા.પુ.વૈ.પરિષદ વડોદરા :** પૂ.પા.ગો.ડૉ.વાગીશકુમારજીની ઉપસ્થિતિમાં તા.૩૦–૮–૨૦૦૦ ના રોજ જીલ્લાઓ અને શહેરના સંયોજકોની મિટીંગ યોજવામાં આવેલ હતી. મંત્રી–સંગઠન મંત્રી સંયોજકો મારફત શાખાઓના સતત સંપર્કમાં રહે અને શાખાઓ પણ આયોજન બાબત સંયોજકો સાથે આદાન પ્રદાન કરે. સંયોજકોએ પોતાના મંતવ્યો પ્રગટ કર્યા હતા.

આપશ્રીએ પણ કેટલાક મહત્વના સુચનો કર્યા જેને આધારે પરિષદ આવતા દિવસોમાં આગળ વધવા તત્પર બને. નિ.લી.પૂ.પ્રથમેશજીના વિધાનને સ્મરણમાં રાખીએ 'પરિષદનું કાર્ય ભગવદ્ કાર્ય છે' આવા ઉદાત્ત સંકલ્પ સાથે મિટીંગ સમાપ્ત થઈ.

❑ **આં.રા.પુ.વૈ.પરિષદ –પિપરીયા (મધ્યપ્રદેશ) :** મધ્યપ્રદેશના પિપરીયા ગામે પૂ.પા.ગો.શ્રીવાગીશબાવાશ્રીના સાનિધ્ય તેમજ માર્ગદર્શન હેઠળ શ્રીયમુનાષ્ટક મહોત્સવ તથા છપ્પનભોગ મહોત્સવનો કાર્યક્રમ ઉજવવામાં આવેલ હતો. બહોળી સંખ્યામાં વૈષ્ણવોએ આનંદ ઉત્સાહ સાથે ભાગ લીધેલ હતો. તેમજ મધ્યપ્રદેશનું પ્રાંતીય સંમેલન આપની અધ્યક્ષતામાં તા.૯–૯–૨૦૦૦ ના રોજ યોજવામાં આવેલ હતું. જેમાં પરિષદના પદાધિકારીઓ શ્રીગોવિંદદાસ ગોહાની, શ્રીમદનલાલ નાગર, ડૉ.ગજાનન શર્મા વિગેરેએ હાજરી આપી હતી. આ અધિવેશનના આધારે ૫૦ શાખાઓના પદાધિકારીઓ હાજર રહ્યા હતા.

અધ્યક્ષસ્થાનેથી આપશ્રીએ જણાવ્યું હતું કે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોના આ એક માત્ર સંગઠન ખૂબ જ મજબૂત અને કાર્યરત બનાવો. તેમજ આપશ્રીએ સમગ્ર કાર્યક્રમના આયોજકોને સફળ આયોજન બદલ ધન્યવાદ પાઠવ્યા હતા.

સમગ્ર વલ્લભવંશજ આચાર્ય પરિષદની મીટીંગ તા.૨૯–૧૧–૨૦૦૦ ના મુંબઈ મુકામે નિર્ધારીત કરવામાં આવી છે.

❑ **કુંભ મહાપર્વ– પ્રયાગ :** તા. ૧૨–૧–૨૦૦૧ થી તા. ૨૯–૧–૨૦૦૧ સુધી ત્રિવેણી સંગમ તીર્થરાજ પ્રયાગ ખાતે કુંભમેળાનું આયોજન કરવામાં આવનાર છે. આ પર્વ ઉપર શ્રીમદ્વલ્લભાચાર્યજી નગરનું પણ આયોજન કરવામાં આવેલ છે.

કુંભ મેળામાં સ્નાનું ઘણું જ મહત્વ છે. તા.૨૪–૧–૨૦૦૧ ના રોજ પ્રમુખસ્નાન છે. આ પર્વ દરમ્યાન વિદ્વત સંમેલન, સંત સમાગમ, જગત ગુરુઓનું સન્માન, રાસલીલા, સોમયજ્ઞ, વચનામૃતો વિગેરેનું આયોજન કરવામાં આવેલ છે. રહેવા અને પ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

વિશેષ માહિતી અંગે કુંભ મેળા મહાપર્વ સમિતિ ૪૪૦૯ પંચવટી કારંજા નાસિક–૪૨૨૦૦૩ નો સંપર્ક કરવો.

❑ **શ્રીબેઠકજી જીર્ણોદ્ધાર– મડગાંવ –ગોવા :** શ્રીમંદ્વલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજીની બેઠક ૪૩ લોહગઢ ખાતે આવેલ છે. જ્યાં સેવાનો ક્રમ શરૂ કરવામાં આવેલ છે. રહેવા માટે ૧૫ રૂમો તથા પુસ્તકાલય અને અન્ય સુવિધા માટે આયોજન કરવાનું વિચારવામાં આવેલ છે. જે અંગે વિત્તજા સેવા જરૂરી છે. અને આ માટે અપીલ કરવામાં આવે છે.

સંપર્ક સ્થળ : શ્રીઅમૃતલાલ દોશી પોસ્ટ બોક્ષ નં.૨૪ મડગાંવ (ગોવા)–૪૦૩ ૬૦૧.

❑ **શ્રીવલ્લભવિદ્યાપીઠ વડોદરા–દ્વિતિય પદવી સમારંભ :** સહર્ષ સદર વિદ્યાપીઠના 'દ્વિતીય પદવી સમારંભ' તા.૨૬–૧૧–૨૦૦૦ બપોરના ૨–૦૦ કલાકે, શ્રીવલ્લભ સદન, ગુજરાત વેપારી મહામંડળની સામે, આશ્રમ રોડ, અમદાવાદ–૬ સ્થળે યોજવામાં આવ્યો છે. સર્વે અભ્યાસાર્થીઓએ પધારવા હાર્દિક નિમંત્રણ છે.

કુલાધિપતિ : ઉદ્ઘાટક : પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી (કાંકરોલી)
કુલપતિ : પૂ.પા.ગો. ડૉ.વાગીશકુમારજી મહોદય (કાંકરોલી)

સદર સમારંભમાં સને ૧૯૯૮–૯૯ ના શુદ્ધાદ્વૈત, વિનિત, કોવિદ, પ્રવિણમાં ક્રમ ૧, ૨, ૩ ને ચંદ્રકો એનાયત કરવામાં આવશે. સને ૧૯૯૯–૨૦૦૦ ના શુદ્ધાદ્વૈત, વિનિત, કોવિદ, પ્રવિણ, નિપુણમાં ક્રમ ૧, ૨, ૩ ને ચંદ્રકો તથા અન્યને પ્રમાણપત્રો એનાયત થશે.

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્ગારો

૮૬. પ્રભુ સંબંધી વસ્તુઓ પ્રભુરૂપ છે.

જે ભગવદીયને નિવૃત્તિ આવે, તે પ્રભુના જ વિચાર કરે. મોટા મોટા ભગવદીયને નિવૃત્તિ આવી છે, ને વિચારે પ્રભુને પામ્યા છે.

પેલા પ્રવૃત્તિવાળાને તો સંસારનો વિચાર છે, એટલે પ્રભુનો વિચાર ક્યારે કરે? માટે શુકદેવજી, ભરતજી, નારદજી એવા એવા મોટા મોટા ભગવદીય પણ નિવૃત્તિએ પ્રભુનો વિચાર કરી પ્રભુને પામ્યા છે.

મંદિરમાં જેટલી સામગ્રી છે, તે બધી ભગવદ્રૂપ છે, તે શી રીતે જણાય? જુઓ, આપણે શ્રીઠાકોરજીને પાડી નાખીએ, તો પણ બોલે નહિ. હાથમાંથી પડે તો પણ બોલે નહિ, તેમ આ સામગ્રી પણ જડરૂપા છે. સિંહાસનને પગ અડે, છતાં તે બોલે નહિ. પ્રભુ પોતાના પર બિરાજે છે, વળી કોઈ વસ્તુ વેચો તો પણ બોલે નહિ. તેમજ શૈયા તથા ચોકી એ સર્વે જડરૂપ છે, જ્યારે પ્રભુ બોલશે, ત્યારે એ બોલશે, જ્યારે પ્રભુનું જ્ઞાન થશે, ત્યારે સામગ્રી વગેરેનું જ્ઞાન થશે. વળી આપણને કોઈ ઠોકર મારે, ત્યારે આપણે ગાળો દઈએ, તો આપણે નીચ છીએ, મંદિરની ઠોકર તો ક્યાંથી ખમું? એક વચન ખમું તો ભાગ્યને?

જેમ શુકદેવજી, ભરતજી, નારદજી એ મોટા મોટા ભગવદીય કોઈએ કાંકરો માર્યો, કોઈએ ધૂળ નાંખી, કોઈએ લાત મારી, કોઈએ બાંધ્યા, કોઈએ ભાર ઉંચકાવ્યો, છતાં કોઈની સાથે વઢયા નહિ, ને કોઈને ગાળો પણ દીધી નહિ.

તેમ પેલી પ્રભુની સામગ્રી પણ નથી બોલતી, ભગવદ્રૂપ છે. આપણે જ્યારે સામગ્રીની પેઠે સર્વ સહન કરીશું ને કોઈની સાથે બોલીશું નહિ, ને વઢીશું પણ નહિ, ત્યારે પ્રભુની સેવાને પાત્ર થઈશું, પણ જેવા સિંહાસન પર બેસે, તેવા આપણા પર બેસે નહિ, જેમ ફૂલની માળા કોટ (ડોક)માં પહેરે, તેમ આપણને ગળામાં પહેરે નહિ. આપણામાં ને સામગ્રીમાં તો કરોડ ગણો ફેર છે. જે સામગ્રીને આપણો સંબંધ થાય, આવું આપણું નીચરૂપ છે.

એક વાણી બંધ થાય તો જ સારૂં, આખો દિવસ બકબક કરીએ છીએ તે પ્રભુને ગમતું નથી. ખરૂ જોતાં એક પ્રભુના ભજન સાથે આપણે કામ છે. બીજી વાત મૂકી દઈએ તો આપણું કામ થાય. ૮૬

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી
૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે
હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ.ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.
૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી–મુંબઈ)

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-11-2000.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.શ્રી.નં.૧૫૮
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન.

સતસૈયા

૨. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

કૃપન હોત ક્યોં, કૃપાકર?
તનક દેત નહિ ખોટ ।
દીન પાત્ર હોં, દેહુ દયા,
દાન ખાન ઈક કોટ ॥ (૨૮)

ટીકા : હે શ્રીકૃષ્ણ ! કૃપા કર ! તે શૂં કે કૃપાની ખાણ્ય છો ને આવડા કૃષ્ણ કહેતા કંજૂસ કેમ થાઓ છો? (મૂઠી ખોલતા નથી) થોડીક કૃપા મને આપતાં ખાણ્યમાં ખોટ નહિ આવે. શાસ્ત્રમાં પણ લખ્યું છે જે પાત્રને દાન કરીયે તો દ્રવ્ય કોટી ગણું થાય. માટે દયા–રૂપી દ્રવ્યનું દાન મને કરો. તમારી એક ખાણ્યમાં કરોડો ખાણ્યો થઈ જશે. (૨૮)

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **'શ્રી વલ્લભસુધા'**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. **ફોનઃ ૩૯૨૧૩૮**
કોમ્પ્યુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. **ફોન : ૨૪૦૫૪૧.**

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલીત

શ્રીવલ્લભસુધા





વચનસુધા

એટલે મુલતઃ ધર્મ જે છે એ એનો વ્યવહાર પક્ષ—જોકે આપને મારે એ ન કહેવું જોઈએ, એટલાં માટે કહું છું કે, ઘણાખરાં આચાર્યો એમ માની લ્યે છે કે— વૈષ્ણવો માની લ્યે છે કે ભગવદીય છે કે (જે માને છે) આપણા સંપ્રદાયમાં સંસ્થાની જરૂર શું? પણ જરૂર છે વ્યવહાર પક્ષને—જ્યારે આચાર્યશ્રીના વ્યવહાર પક્ષને સમજીએ ત્યારે, જો આચાર્યશ્રીના વ્યવહાર પક્ષને નથી સમજતાં તો પછી કાંઈ જરૂર નથી. વ્યવહાર પક્ષથી જો આપણે વિચાર કર્યો હોત તો આપણા ગૃહસ્થ અને સમાજ બંનેનું કલ્યાણ થાત અને એ બંનેનું કલ્યાણ કેમ થાત કે? એક બીજાની સેવામાં ઉપયોગી થાત.

સેવામાં સહાયતા કરવાનો અર્થ એ છે કે, આપણા શરીરથી આપણે સહાયતા કરીએ. આ જાતની શરીરથી, સેવામાં સહાયતા આપવી આ ઉત્તમ ભગવદીય ધર્મ છે. પરંતુ આજે—માની—આપણે એ બેઠા છઈએ કે પૈસાથી સહાયતા થાય ને સેવા થાય એ સંભવ નથી. પૈસો આપી અને સેવા ખરીદી શકાય નહીં. કારણ કે સેવા, પુણ્ય ને પાપની પરિભાષાથી પરે છે.

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ, શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા—૨ પૃષ્ઠ—૪૨—૪૩)

ગૌરક્ષા—ગો—પાલનમાં તત્પર બનો

☐ પ્લાસ્ટીકની પાતળી કોથળી જ્યાં ત્યાં ન નાંખો. તે ખાઈ જવાથી અસંખ્ય ગાયો બીમાર થાય છે, અને મૃત્યુ પામે છે. આ એક ઘોર અપરાધ છે.

☐ શ્રીગિરિરાજજીના ઉલ્લંઘનના અપરાધથી બચવા—ગોવર્ધન ગામમાંથી શ્રીગિરિરાજજી ઉપર જતી સડકનો ઉપયોગ ન કરો. આન્યોરના રસ્તેથી પૂછરી થઈને જતીપુરા જવું. આ રીતે શ્રીગિરિરાજજીની મર્યાદા અવશ્ય જાળવો.

વર્ષ : ૧૯ **અંક : ૯**

વિક્રમ સંવત : ૨૦૫૭ **શ્રીવલ્લભાબ્દ : ૫૨૩** **ડીસેમ્બર, ૨૦૦૦**



વાર્ષિક લવાજમ
રૂ.૪૦/-
આજીવન લવાજમ
રૂ.૫૦૧/-



"શ્રીવલ્લભસુધા" કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

આ માસના ઉત્સવ

માગશર સુદ ૧૧ તા. ૭–૧૨–૨૦૦૦ ગુરૂવાર : મોક્ષદા એકાદશી વ્રત. ગીતાજયંતિ. ગો.શ્રીવલ્લભલાલજી મહારાજશ્રી (સુરત)નો જન્મદિન.

માગશર સુદ ૧૫ તા. ૧૧–૧૨–૨૦૦૦ સોમવાર : પૂર્ણિમા. શ્રીનાથજીનો છપ્પનભોગ. શ્રીબલદેવજીનો ઉત્સવ. ગોપમાસ વ્રતચર્યા સમાપ્તિ.

માગશર વદ ૨ તા. ૧૩–૧૨–૨૦૦૦ બુધવાર : ગો.ચિ.શ્રીસંદીપકુમારજી (મથુરા)નો જન્મદિન.

માગશર વદ ૪ તા. ૧૪–૧૨–૨૦૦૦ ગુરૂવાર : ગો.ચિ.શ્રીહૃષિકેશજી બાવાશ્રી (મુંબઈ–ધોરાજી)નો જન્મદિન.

માગશર વદ ૬ તા. ૧૬–૧૨–૨૦૦૦ શનિવાર : ધનુર્માસ આરંભ. ગો.શ્રીહરિરાયજી બાવાશ્રી દ્વિતીયગૃહ(નાથદ્વારા)નો તથા ગો.શ્રીનીરજકુમારજી મહારાજશ્રી (મુંબઈ)નો જન્મદિન.

માગશર વદ ૭ તા. ૧૭–૧૨–૨૦૦૦ રવિવાર : શ્રીગુસાંઈજીના દ્વિતીય પુત્ર શ્રીગોવિંદજીના પુત્ર શ્રીકલ્યાણરાયજી (શ્રીહરિરાયજીના પિતાશ્રી)નો ઉત્સવ (સંવત ૧૬૨૫).

માગશર વદ ૮ તા. ૧૮–૧૨–૨૦૦૦ સોમવાર : હેમંતઋતુ પૂરી થઈ. ગો.ચિ.શ્રીપંકજકુમાર બાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

માગશર વદ ૯ તા. ૧૯–૧૨–૨૦૦૦ મંગળવાર : શ્રીમત્ પ્રભુચરણ શ્રીગુસાંઈજી–શ્રીવિઠ્ઠલનાથજીનો પ્રાકટ્ય ઉત્સવ (સં.૧૫૭૨). જલેબી ઉત્સવ. શિશિર ઋતુની શરૂઆત થઈ મહા વદ ૪ સુધી.

માગશર વદ ૧૦ તા. ૨૦–૧૨–૨૦૦૦ બુધવાર : દશમ તથા એકાદશીના રોજ બાલલીલા ગવાય. ગો.શ્રીરસિકરાયજી મહારાજશ્રી (મથુરા–પોરબંદર–ઉપલેટા–રાજકોટ)નો જન્મદિન.

માગશર વદ ૧૧ તા. ૨૧–૧૨–૨૦૦૦ ગુરૂવાર : સફલા એકાદશી વ્રત. આજે વિશેષતઃ ફલ અવશ્ય ભોગ શ્રીપ્રભુને ધરવો. ફલનું દાન કરવું તથા સ્વયં ભગવત્પ્રસાદી ફલનું ભક્ષણ કરવું.

માગશર વદ ૧૨ તા. ૨૨–૧૨–૨૦૦૦ શુક્રવાર : લલિતપંચમની શરૂઆત કરી મહાવદ ૫ ના રોજ ભોગ આવે ત્યાં સુધી બોલાય. ગો.ચિ.શ્રીવલ્લભલાલજી બાવાશ્રી (જામનગર–ચાંપાનેસી)નો જન્મદિન.

માગશર વદ ૩૦ અમાસ તા. ૨૫–૧૨–૨૦૦૦ સોમવાર : શ્યામઘટા. ગો.ચિ.શ્રીભૂપેશકુમારજી બાવાશ્રી (નાથદ્વારા)નો જન્મદિન.

પોષ સુદ ૫ તા. ૩૧–૧૨–૨૦૦૦ રવિવાર : ગો.શ્રીગોકુલોત્સવજી મહારાજશ્રી (નાથદ્વારા)નો તથા ગો.ચિ.શ્રીસંજીવકુમારજી (મથુરા)નો જન્મદિન.

પોષ સુદ ૮ તા. ૩–૧–૨૦૦૧ બુધવાર : ગો.શ્રીશ્યામસુંદરજી મહારાજશ્રી (મથુરા–પોરબંદર–જામનગર)નો જન્મદિન.

પોષ સુદ ૯ તા. ૪–૧–૨૦૦૧ ગુરૂવાર : ગો.શ્રીનવનીતલાલજી મહારાજશ્રી (ચાંપાનેસી–જામનગર–જૂનાગઢ)નો જન્મદિન.

પોષ સુદ ૧૦ તા. ૫–૧–૨૦૦૧ શુક્રવાર : ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી (કાંકરોલી–વડોદરા)નો જન્મદિન.

પોષ સુદ ૧૧ તા. ૬–૧–૨૦૦૧ શનિવાર : પુત્રદા એકાદશી વ્રત.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

વર્ષ : ૧૯ અંક : ૯ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૩ ☐ ડીસેમ્બર, ૨૦૦૦

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યુ સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક.

[ચોરાશી અપરાધ]

અપરાધ બેતાલીસમો : 'વાળ–કેશ–કુશ નજર દે બીન કાઢે'

સામગ્રી સિદ્ધ કરતા (બનાવતા) રાખવાની સાવધાનીઓ આગળ બતાવે છે. કે દાલ–ચોખા–કઠોળ–લોટ વગેરે કાચી સામગ્રીમાં કાંઈ વાળ ઉડીને ભળી ગયો હોય તો તેને ઝીણી નજરે જોઈને વીણીને કાઢી નાંખવો. આમ ન કરતાં અપરાધ લાગે.

અપરાધ તેતાલીસમો : 'પીપર, વડ, બંબુર કે કાષ્ટ તે રસોઈ ના કરે'

પહેલાના સમયમાં જ્યારે છાણા–સરપણ (કાષ્ટ)થી રસોઈ થતી ત્યારે આ વાત પ્રાસંગિક હતી. હવે તો પ્રાયઃ ગેસ વગેરેનો ઉપયોગ થાય છે. છતાં પણ શાસ્ત્રીય દ્રષ્ટિએ વડ, પીપર વગેરે ઝાડ પવિત્ર હોઈ તેમજ બાવળ (બંબુર–બબુલ) કનિષ્ઠ હોઈ તે કાષ્ટ રસોઈમાં વાપરવાનો નિષેધ કરેલ છે. અત્યારે તો જે દેશ–કાલ અનુરૂપ બળતણ મળે તેનો જ ઉપયોગ કરી શકાય.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભસુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રીવલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥
॥ શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

સંન્યાસ નિર્ણય

❑ કાકા શ્રીવલ્લભજી કૃત વિવૃતિ ❑
❑ ભાષાંતર : શ્રીબાબુભાઈ પી. નાયક— કડી ❑

—ગતાંકથી ચાલુ

જ્ઞાનમાર્ગમાં ફલ પ્રાપ્ત થવામાં વિલંબનું કારણ અને ભક્તિમાર્ગમાં વિલંબ ન થવાનું કારણ જ્ઞાનમાર્ગમાં પ્રકાર જણાવીને અને ભક્તિમાર્ગમાં દ્રષ્ટાંત આપીને કહે છે.

તાદશાઃ સત્યલોકાદૌ તિષ્ઠંત્યેવ ન સંશયઃ ।
બહિશ્ચેત્પ્રકટઃ સ્વાત્મા વહ્નિવત્પ્રવિશેદ્યદિ ॥ ૧૧ ॥
તદૈવ સકલૌ બન્ધો નાશમેતિ ન ચાન્યથા ॥ ૧૧ ૧/૨ ॥

શ્લોકાર્થ : એવા લોકો સત્યલોક વગેરેમાં રહે છે જ, એમાં સંશય નથી. પોતાના આત્મા એવા ભગવાન જ્યારે બહાર પ્રગટ થઈ અગ્નિની પેઠે અંદર પ્રવેશ કરે, ત્યારે જ સર્વ બંધન નાશ પામે છે. બીજા પ્રકારે એ બંધન નાશ પામતું નથી.—૧૧ ૧/૨

વિવૃત્તિ ભાવાનુવાદ : પૂર્વે કહેલું ભાવસાધક ભાવનારૂપ સાધન તથા શ્રીસ્વામિનીરૂપ ભાવ જ્યારે ભક્તમાં જાગે ત્યારે તેને ભાવરૂપ ફલની પ્રાપ્તિ થાય તેમ 'ચ' શબ્દથી સમજવું. સાથે સાથે પૂર્વે કહેલો વિરહાનુભાવરૂપ ભાવ ભક્તમાં પ્રગટે ત્યારે તેવા ભક્તો ગોપીજનોના જેવા ભાવવાળા સમજવા. ભગવાન મર્યાદામાર્ગીય આવા ભક્તોને પોતાના સ્વહસ્તે ઉપાડીને સત્યલોકમાં સ્થાપિત કરે છે. જેમણે સંન્યાસ સ્વીકાર્યો તેમની ઈચ્છા હોય કે ન હોય પણ એમને સત્યલોકમાં જ રહેવાનું થાય છે એમ કહ્યું છે. સત્યલોકમાં રહેવાથી તેમને મોક્ષમાં વિલંબ થાય છે, પણ, ભક્તિમાર્ગમાં તો જ્યારે ભગવાન સાથે ભક્તને સંયોગ થાય, પછી વિરહનો અનુભવ થાય છે. તેથી તેને બહાર પ્રભુની અનુભૂતિ થાય છે. ભક્તના હૃદયમાં ભગવાન બિરાજેલા હોવા છતાં, ભક્તના ગાઢ સ્નેહભાવથી જ્યારે ભગવાન બહાર પ્રગટ થાય છે તે વખતે ભક્તની અંદર અંતઃકરણમાં ભક્તને ભગવાન પ્રગટ થયાનો અનુભવ થાય છે. એટલે ભક્તને પોતાના પ્રત્યેક અંગમાં ભગવાનની અનુભૂતિ થાય છે. તે ભક્તમાં રહેલી આધ્યાત્મિક વાસનાઓના બંધનોનો પણ નાશ થઈ જાય છે. બીજી કોઈ રીતે વાસનાઓનો તિરોભાવ થવો શક્ય નથી. ભક્તને વિરહતાપ એટલો બધો વધી જાય છે કે દેહ, ઈન્દ્રિયો વગેરેમાંથી સંપૂર્ણ વાસના—નિવૃત્ત થઈ જાય છે. ત્યારપછી પ્રભુ સાથે ફરીથી જ્યારે ભક્તનો સંયોગ થાય છે ત્યારે આધ્યાત્મિક વિદ્યાનો દેહ, ઈન્દ્રિયો, પ્રાણમાં પ્રવેશ થવાથી ભક્તને ભગવદિત્વ પ્રાપ્ત થાય છે. એટલે તેને

દેહ, ઈન્દ્રિય, પ્રાણ વગેરે પ્રિય લાગે છે. પરિણામે ભક્તને નિરોધની અવસ્થા પ્રાપ્ત થાય છે.

પૂર્વે તેને પ્રભુ સાથે આધ્યાત્મિક સંયોગ પ્રાપ્ત થયો હતો. તેથી તેને હવે આધ્યાત્મિક બંધન પ્રભુ સાથે થયું હોય તેમ લાગે છે. તે જ ભક્તિમાર્ગીય ફલ છે. તેને નિરોધનું જ આ ફલ મળ્યું તેમ પણ કહી શકાય. અહીં અગ્નિનું દ્રષ્ટાંત આપે છે. જેમ બે કાષ્ઠના મંથનથી (ઘસાવાથી) અગ્નિ ઉત્પન્ન થઈ ફરીથી તે જ અગ્નિ જ્યારે કાષ્ઠમાં પ્રવેશે છે ત્યારે કાષ્ઠ બળીને રાખ બની જાય છે. તેમ પ્રભુ પહેલા તિરોભાવ પામે. એટલે ભક્તને વાચિક વિરહાનુભવ થાય, પછી જ્ઞાન દ્વારા પાછો તેને સંયોગાનુભવ થાય. ફરી પાછો ઉત્તરદલ વિપ્રયોગ થવા લાગે. પ્રથમ ફલ ગુરૂકૃપાથી સાધનભક્તિનું મળ્યું. બીજી વખતે કાયિક તિરોભાવ થતાં સ્વરૂપથી ઉત્કટ ભાવ થતાં વિરહાનુભવ થયો અને ગુણોથી સંયોગાનુભવ થયો. સંયોગમાં પણ વિરહબાધક છે, જ્યારે વિરહમાં સંયોગ બાધક નથી. આમ ભક્તિમાર્ગમાં પ્રભુમાં સંયોગ અને વિરહ સતત રહેતા પ્રભુમાં પૂર્ણ આસક્તિ થતાં ફળ મળવામાં વિલંબ થતો નથી. આવું ફળ પુષ્ટિમાર્ગીય ભક્તને આ જન્મમાં જ મળે છે. ભક્તને બધી રીતે રસાનુભવ પ્રભુ કરાવે છે—૧૧ ૧/૨

ગુણાસ્તુ સંગરાહિત્યાજ્જીવનાર્થં ભવન્તિ હિ ॥ ૧૨ ॥

શ્લોકાર્થ : લૌકિક આસક્તિ વિનાના ભક્તોનો સંગ ન હોવાના કારણે ભગવદ્ ગુણો તો વિરહભાવવાળાને જીવન નિભાવવા માટે જ ખરેખર ઉપયોગી છે—૧૨

વિવૃત્તિ ભાવાનુવાદ : પૂર્વદલ એટલે સંયોગ. તેના અનુભવનું સાધન સમજાવતાં કહે છે કે પૂર્વે જે જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય તેનાથી ખૂબ વિરહનો અનુભવ થાય છે, ત્યારે જીવન ટકાવવું મુશ્કેલ બને છે. વિરહ ન હોય અને સંયોગ અવસ્થા હોય, તે વખતે સંયોગ—અવસ્થા સારી લાગે છે. આ વખતે લૌકિક આસક્તિ ન હોવાને કારણે અને દેહ, ઈન્દ્રિયો, પ્રાણ પ્રભુમય બનેલા હોવાથી તેઓ જીવન ટકાવી રાખવા માટે સાધનરૂપ બને છે. એ બધા વિરહમાં બાધક બને છે એવું કાંઈ નથી, પણ જ્યારે ભક્તિ કરતાં કરતાં વિરહઉત્પન્ન થતાં જ્યારે દેહ, ઈન્દ્રિયોમાં ખૂબ તાપ પ્રગટે ત્યારે દેહ ટકાવવા માટે પ્રભુના ગુણો સહાયક બને છે. એવું પંચાધ્યાયીના ચોથા અધ્યાયમાં કહ્યું છે. પાંચમાં અધ્યાયમાં પણ ગુણો ઉપયોગી કહ્યાં છે. સંયોગમાં પણ વિરહની જેમ ઉત્કટ દર્શનની ઈચ્છા થતાં વિરહના જેવો તાપ બાધા કરે છે. એટલે પ્રત્યક્ષમાં પણ તાપ ભાવ થાય છે. વિરહ પછી પ્રભુ જ્યારે સંયોગમાં રમણનો આનંદ આપે છે ત્યારે સંયોગ બાધક બનતો નથી. તે વખતે પ્રભુ સર્વદા રસાનુભવ કરાવે છે. તે વખતે પ્રભુમય બનેલા જીવમાં પ્રલાપાદિ ભાવો પણ જાગે છે. ઉદ્ધવજીએ જ્યારે ગોપીજનોને જ્ઞાનોપદેશ કર્યો હતો ત્યારે પણ ગોપીજનોમાં એવો જ ભાવ જાગ્યો હતો. ખરેખર ભક્તમાં જ્યારે વિરહભાવ જાગે છે ત્યારે ભગવાનના ગુણો ભક્તનું જીવન ટકાવે છે—૧૨

ભગવાનના સંગ માટે ભગવાનના સ્વરૂપનું અનુસંધાન જરૂરી છે. ભગવાન તો બધું કરવાને સમર્થ છે. ભગવાનની ઈચ્છામાત્રથી જીવ સ્વસ્થપણું પ્રાપ્ત કરી શકે તેવા ભગવાન તો છે. છતાં તેઓ જીવને સ્વસ્થપણું કેમ પ્રાપ્ત કરાવતા નથી? તેવી શંકાનું સમાધાન નીચેના શ્લોકમાં કરે છે.

ભગવાન્ ફલરૂપત્વાન્નાત્ર બાધક ઈષ્યતે ।
સ્વાસ્થ્યવાક્યં ન કર્તવ્યં દયાલુર્ન વિરૂધ્ધ્યતે ॥ ૧૩ ॥
દુર્લભોયં પરિત્યાગઃ પ્રેમ્ણા સિધ્યતિ નાન્યથા ॥ ૧૩ ૧/૨ ॥

શ્લોકાર્થ : ભગવાન ફલરૂપ હોવાથી અહીં વિઘ્ન કરનાર નથી. ભક્તને સ્વસ્થ કરાવનારું વચન કહેવાનું ભગવાનનું કર્તવ્ય નથી. તેઓ દયાળુ છે. દયાળુપણાની વિરૂદ્ધનું કાર્ય પ્રભુ કરતા નથી. આ ત્યાગ દુર્લભ છે. તે પ્રેમથી પ્રાપ્ત થાય છે. બીજા પ્રકારે પ્રાપ્ત થતો નથી. ૧૩ ૧/૨

વિવૃત્તિ ભાવાનુવાદ : ભગવાન બે રીતે ફલરૂપ છે. એક તો સ્વરૂપથી અને બીજા વિપ્રયોગથી. ભગવાન વિરહ નિવર્તક પણ છે. માટે તેઓ કહે છે કે 'મને જે પરોક્ષ રીતે ભજે છે તેની સામેથી હું તિરોહિત થઈ જાઉં છું.' એવું વાકય ભગવાન બોલે છતાં તેનું આચરણ પણ ન કરવું જોઈએ અને તે માનવું પણ ન જોઈએ, કારણ કે વેણુનાદ થતાં જ્યારે ગોપીજનો ભગવાન પાસે ગયા ત્યારે ભગવાને 'હું તમારું સ્વાગત કરું છું' વગેરે વાક્યો ભગવાન બોલ્યા હતા. આવા સ્વરૂપમાં નિષ્ઠા થાય તેવા વાક્યો ભગવાન બોલ્યા હતા એટલે તેમના પૂર્વે બોલાયેલા વાક્યોનો નાશ થતો નથી. તેથી સંયોગ અને વિપ્રયોગ બંનેની વિરૂદ્ધ ભગવાન કશું કરતા નથી, કારણ કે ભગવાન દયાળુ છે. ભગવાન એટલા બધા દયાળુ છે કે ભક્તને રસદાન કરવામાં મર્યાદાનું પણ ઉલ્લંઘન કરીને લીલા કરે છે. એવું કરવામાં ભગવાનને વિરોધ નડતો નથી. તેથી ખરેખર વિરહભાવ થતાં પહેલા પોતે આત્મારામ હોવાથી જો પોતે દેહ, ઈન્દ્રિયો વિગેરે તિરોભાવ કરે તો ભક્તને ત્યાગ કરવો દુર્લભ બની જાય છે. દેહ ઈન્દ્રિયો વગેરેનો ત્યાગ દુર્લભ કહ્યો છે. અર્થાત્ ભક્તને વિરહ અને તાપકલેશથી તે જે લૌકિક દેહ, ઈન્દ્રિયો વગેરેના ભાવોનો ત્યાગ તે અનુભવે તેનો અનુભવ અત્યંત દુર્લભ છે. ભક્ત આવો ત્યાગ ત્યારે જ કરી શકે કે, જ્યારે ભક્તને પ્રભુમાં ઉત્કટ પ્રેમ જાગતાં, ભગવાનમાં તેની દ્રઢ આસક્તિ થાય, ત્યારે વિરહાત્મક દુઃખ તે અનુભવે તેને તેથી દુર્લભ ત્યાગ કહ્યો છે. ૧૩ ૧/૨

આ પ્રમાણે આ શ્લોકમાં ભક્તિમાર્ગના ત્યાગનો ઉપસંહાર કરી હવે જ્ઞાનમાર્ગના ત્યાગનો ઉપસંહાર બાકીના શ્લોકથી કરે છે.

જ્ઞાનમાર્ગે તુ સંન્યાસો દ્વિવિધોપિ વિચારિતઃ ॥ ૧૪ ॥

શ્લોકાર્થ: જ્ઞાનમાર્ગમાં તો બંને પ્રકારના સંન્યાસનો વિચાર કરેલો છે–૧૪

વિવૃત્તિ ભાવાનુવાદ : ઉપર ભક્તિમાર્ગીય સંન્યાસનો વિચાર કર્યો. જ્ઞાનમાર્ગના સંન્યાસને વિચારવા માટે પ્રમાણની જરૂર પડે. ત્યાર પછી જ તેનો વિચાર કરી શકાય. આપણે તેનો વિચાર કરવા 'તુ' શબ્દ મૂક્યો છે. 'તુ' એટલે 'તો' શબ્દ. ત્યાં 'પરપ્રીતિવિભેદ' શબ્દથી સમજવાનું કે જાણવાની ઈચ્છા અને જાણકારના ભેદવાળો બંને પ્રકારનો જ્ઞાનમાર્ગનો સંન્યાસ છે. તેનો પણ સાધન અને ફલના ભેદથી વિચાર કરેલો છે–૧૪

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

કર્તું અકર્તું અન્યથા કર્તું સમર્થ હરિરાય
ના થાવાનો કરે પદાર્થ, થાવાનું મટી જાય
મટી ગયું જે વસિષ્ઠે વિચાર્યું, તે ક્ષણે વન, જે સમે રાજ્ય ધાર્યું
બ્રહ્માનો પુત્ર એ ત્રિકાળજ્ઞાની, ઈચ્છાએ વચન તેની પણ હાની
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૭૯)

વિવેચન : આગલા ચંદ્રાવળામાં વિધાતાના લેખ પણ ખોટા પડી જાય છે ત્યાં સુધીનું આવ્યું. હવે આમાં પોતાના જીવને ઉદેશીને કહે છે કે, પ્રભુ સર્વ સમર્થ છે. બ્રહ્માના દીકરા વસિષ્ઠનું ભવિષ્ટ ઉલટું પડયું માટે હે જીવ, તું તો જગતમાં મોહની માયાનો મોહ છોડીને ભગવાનમાં જ ચિત્ત પરોવ. નાશવંત સુખ છોડીને આત્મસ્વરૂપનો વિચાર કર. પ્રભુ ચાહે તે જ થાય. પળમાં થવાનું તે ન થાય અને ન થવાનું તે થઈ જાય, ત્યાં કોઈનું ચાલતું નથી.

(૧) વસિષ્ઠ મુનિ બ્રહ્માનાં પુત્ર અને વળી ત્રિકાળનું જેને જ્ઞાન હતું તેણેજ રામચંદ્રજીને રાજગાદી બેસાડવાનું મુહર્ત આપ્યું. પરંતુ તેજ મુહર્તે રામચંદ્રજીને વનવાસ થયો. કોઈ કાંઈ કરી ન શક્યા—જ્યોતિષ, આશિષ, વિદ્યા કે વૈભવ. આખર તો રાજાનો હુકમ. બધું પળમાં શું બન્યું તે જુઓ. માટે જ કહ્યુંછે કે પ્રભુની ગતિ નિરાળી છે, અન્યથા કર્તું કહેતા કદાપિ ન થાય, તે પણ પ્રભુ કરે છે.

(૨) રાજા મુચુકન્દે દેવતાઓની ખુબ સેવા કરી પછી સૂઈ ગયા. તે જ્યારે જાગ્યા ત્યારે કાળ યવનનો નાશ થયો. પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ ત્યાં સામા જ ઉભા હતા. દર્શન માત્રથી મોક્ષ આપી શકતા હતા, છતાં તેને એક અવતાર બ્રાહ્મણને ઘેરે લઈ, સ્મરણ ભજન કરીને પછી મને તું પામી શકીશ, આવું વરદાન દીધું, જેને નરસિંહ મહેતા રૂપે જગતે જોયા છે.

(૩) અયોધ્યાપુરીને રામચંદ્રજી વૈકુંઠમાં લઈ ગયા, પરંતુ રાજા દશરથ તેનાં પિતા તેમને સ્વર્ગનું સુખ આપ્યું. છે ને અદ્‌ભુત લીલા !

(૪) પારધી અને ગીધને મોક્ષ આપ્યો. છે ને અદ્‌ભુત લીલા !

(૫) લોઢું કોઈ વનસ્પતી નથી કે જે વાવવાથી ઉગી નીકળે પરંતુ યાદવોને શ્રાપ થયેલ જેથી તેની કણ કણમાંથી પાન ઉત્પન્ન થઈ અને તેનાથી જ યાદવાસ્થળી થઈ.

(૬) સોનાને ગમે તેટલી વાર ઠંડુ કરો, ગરમ કરો પરંતુ વજન ઘટતું નથી. પરંતુ હનુમાનજીયે

સોનાની લંકાને બાળી.

(૭) પત્થર કોઈ'દી પાણીમાં તરે જ નહીં, છતાં વાનર સેનાએ લંકામાં જવા પત્થર પાણીમાં તારવી, તેનો પુલ બાંધ્યો. તેથી પત્થર તર્યા છે.

(૮) વૈકુંઠમાં ક્રોધ નથી, છતાં પણ જય–વિજય પાર્ષદોને ક્રોધ આવ્યો હતો.

(૯) રાજા દ્રુપદની કન્યા રૂપે કહો પરંતુ નરરૂપે શીખંડી થઈ હતી.

(૧૦) સુદ્યુમ્ન નર હતો છતાં નારી થયો.

(૧૧) યાદવોમાં વૃદ્ધ યયાતિ રાજાએ પોતાનાં પુત્ર પાસે યુવાની માગી લીધી તે પણ મળી તે ખરી વાત છે.

(૧૨) બ્રાહ્મણનાં શ્રાપથી યાદવકુળનો સંહાર થયો, છતાં ઉદ્ધવજીને અક્રૂરજી ભક્ત હતા તેથી તે શ્રાપથી મુક્ત રહ્યા. એટલું જ નહીં યાદવોમાં વજનાભ બચેલો તેણે જન્મેજય રાજાની સહાયથી વૃજમાં આવીને નવેસરથી ખંડેરોને મકાનોમાં ફેરવી નાખ્યા.

(૧૩) ઓતરાના ઉદરમાં પરિક્ષિતની રક્ષા કરી, બ્રહ્માસ્ત્રથી બચાવ્યા, પરંતુ તક્ષક નાગથી પરિક્ષિની રક્ષા કરી નહીં.

(૧૪) સાંદીપની ગુરૂની પત્નીનાં તથા દેવકીજીના પુત્રોને સજીવન કરી મેળવી આપ્યા.

આવી રીતના અનેક દ્રષ્ટાતો છે કે પ્રભુ કર્તું અકર્તું અન્યથા કર્તું સર્વ સમાર્થ્યવાન છે. તેની લીલા અપાર છે. ભક્ત જ ભગવાનની લીલાનું ગુણગાન કરવા સમર્થ બને છે.

શિક્ષાપત્ર ૪થામાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે પ્રભુનું સ્વરૂપ તેમજ લીલા બધું અટપટું છે માટે જ પ્રભુના વિરૂદ્ધ ધર્મ સ્વરૂપને જાણવું જરૂરી છે. વિરૂદ્ધ ધર્માશ્રય સ્વરૂપ જાણ્યા પછી કોઈ સંદેહ રહેશે નહીં. તેથી જ કહ્યું છે કે શ્રીભાગવત્ તથા શ્રુતિનાં વચનો સત્ય માનવા, તે બંને પ્રભુને વિરૂદ્ધ ધર્માશ્રયી કહે છે.

બાળલીલામાં વિરૂદ્ધ ધર્માશ્રયી રૂપ બતાવ્યું છે. કીર્તન નીચે મુજબ–

કુંજ બિહારી ગીરીવરધારી નંદનંદન યદુરાઈ
માતયશોદા નિરખી હરખે તેરી સુંદરતાઈ

શ્રીગીરીરાજને ધારણ કરવામાં ઐશ્વર્ય બતાવ્યું, શક્તિ બતાવી. પરંતુ નંદરાયજીના આગળ કેવળ સાત વરસનો બાળૂડો ગોપાલ. યશોદામા પુત્ર સ્નેહમાંજ રાચે છે. બ્રાહ્મણોને બોલાવી આશીર્વાદ અપાવે છે. આંગળી જુએ છે ક્યાંક સુજી તો નથી ને.

દાવાનલકો પાનકીયો હરિપિવત દુધ સિરાઈ
અપને ઘરમે નવલખ ધેનુ માખન ભાવે ચુરાઈ

નંદબાવા ઘેરે નવલખ ધેનું માખણની કમી ન હતી, છતાં ઘર ઘર જઈ ગોપીયોનાં માખણ, દહીં વિગેરે ચોરીચોરીને ખાવાનું જેને વધારે ગમતું. ઘરે દુધ ઠંડુ ગરમ જોઈને લેતા.

મૈયા કે મુખ હાઉ સુન કે કૈસે જાત ડરાઈ
ઉર અઘાસુર પેઠી લીને ગ્વાલબચ્છ છુડાઈ

મૈયા શિખામણ આપે છે કે લાલા, અંધારૂ થાય ત્યારે પહેલા ઘરે આવી જજો. અંધારામાં હાઉ રહે છે. હાઉનાં નામથી બીવાવાળા પ્રભુ, અઘાસુરના પેટમાં પેસીને બાળકો વાછરડાને બચાવી લાવે છે, ત્યારે બીક નો'તી લાગી. વળી જ્યારે પ્રભુએ માટી ખાધી ત્યારે મૈયા રીસે ભરાણા. અને મોઢું ખોલ્યું ત્યારે ડરી ગયા હતા કે જો માટી ભાળી તો મૈયા ગુસ્સે થશે, ત્યારે મૈયાને બ્રહ્માંડ બતાવ્યું. આમ પ્રભુ ચતુર શિરોમણી છે, પરંતુ ભક્ત પાસે મુગ્ધતા બતાવે છે. સર્વશક્તિમાન છે છતાં અજ્ઞાનરૂપ બતાવે છે. આમ વિરૂદ્ધ ધર્માશ્રયરૂપે લીલા બતાવે છે.

સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. (૭૯)

॥ શ્રીહરિઃ ॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો

લેખક – દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ– ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા– વિશારદ, મુંબઈ.

ભાષાંતર – ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

—ગતાંકથી ચાલુ

હવે ત્રીજી અવસ્થા વ્યસનની આવે છે, કે જ્યારે મન બધા જ પદાર્થોમાંથી હટીને કેવળ પ્રભુપ્રેમ અને પ્રભુમાં નિરંતર ધ્યાન રહે—પ્રભુ વગર એક ક્ષણ પણ કોઈ વસ્તુ સારી ન લાગે. તે 'વ્યસન' અવસ્થા છે. આ અવસ્થામાં સર્વત્ર પ્રભુનો જ આવિર્ભાવ જોવામાં આવે છે. સારો સંસાર તે ભક્તને માટે પ્રભુમય થઈ જાય છે. જ્યારે ભગવાનમાં વ્યસન થઈ જાય ત્યારે સમજવું કે જીવ કૃતકૃત્ય થઈ ગયો. આ વાતને આચાર્યએ આ પ્રમાણે કહી છે.

સ્નેહાદ્રાગ વિનાશઃ સ્યાદાસકત્યા સ્યાદ્ ગૃહારુચિઃ ।

ગૃહસ્થાનાં બાધકત્વ મનાત્મત્વં ચ ભાસતે ।

યદા સ્યાદ્ વ્યસનં કૃષ્ણે કૃતાર્થઃ સ્યાત્દૈવ હિ ॥

આ વ્યસન જેવી ઉત્તમમાં ઉત્તમ અવસ્થાએ પહોંચીને ભક્તને સર્વાત્મભાવ થાય છે. આ અવસ્થામાં લૌકિક અલૌકિક કર્મોથી પર થાય છે. લોક અને વેદથી આ અવસ્થા પામેલા ભક્ત ઉપર કોઈ જાતનો પ્રભાવ પાડી શકતા નથી. તે સમયે તેની અવસ્થા ખૂબજ ઉંચી થઈ જાય છે. તેને પ્રભુ સિવાય ત્યાં કોઈ દેખાતું નથી. જડ જંગમ બધુંય પ્રભુમય થઈ જાય છે. પરંતુ આ અવસ્થા કોઈ ભાગ્યવાનને જ પ્રાપ્ત થાય છે. મોટા સમર્થ ઋષિઓ, મુનિઓ, પ્રહલાદ,

અંબરીષ, ધ્રુવ વગેરે ભક્તગણ આ ભક્તિની પરાકાષ્ટાએ પહોંચી શક્યા નથી. આ ભગવદ્ ભક્તિના ઈતિહાસમાં કેવળ શ્રીગોપીજન જ શુદ્ધ પુષ્ટિ ભક્તિ પ્રાપ્ત કરવામાં સૌભાગ્યશાળી થઈ હતી. આનું પ્રમાણ શ્રીમદ્ ભાગવતમાં મનોહર શ્લોકથી લખેલું છે કે—

તા મન્મનસ્કા મત્પ્રાણા મદર્થે ત્યક્ત લૌકિકાઃ ॥

અર્થ : તેનું ચિત્ત કેવળ મારામાં મળી ગયું હતું. તેના પ્રાણ મારામાં હતા—હું જ તેનો પ્રાણ હતો. મારા માટે તેઓએ સંકોચ રહિત થઈને, લૌકિક આચાર વિચાર તુચ્છમાં તુચ્છ સમજીને છોડી દીધું હતું.

આ છે પ્રેમની પરાકાષ્ટા. આવો સુંદર ભાવ અન્યત્ર પ્રાપ્ત કરવો દુર્લભ છે. ભગવાન સ્વયં આવા ભક્તોની સતત સંભાળ રાખે છે. આપ પ્રતિજ્ઞા કરે છે—

યે ત્યક્તલોક ધર્માશ્ચ મદર્થે તાન્બિભર્મ્યહમ્

અર્થ : જેણે ભગવાનને માટે લોક ધર્મ છોડી દીધા છે. અને ભગવાનમાં જે તન્મય થઈ ગયા છે. ભગવાન સ્વયં તેની રક્ષા કરે છે.

જ્યારે વ્યસનની અવસ્થામાં ભક્ત પહોંચી જાય છે. ત્યારે તેની અવસ્થા આ પ્રમાણે થાય છે.

તા નાવિદન્મય્યનુષઙ્ગબદ્ધધિયઃ સ્વમાત્માન મદસ્તથેદમ્ ।
યથા સમાધૌ મુનયોબ્ધિતો યે નદ્યઃ પ્રવિષ્ટા ઈવ નામરુપે ॥

અર્થ : તે સમયે ભક્ત ભગવાનમાં એટલો તો તન્મય અને તલ્લીન થઈ જાય છે કે જે પ્રકારે મુનિને સમાધિમાં પોતાના શરીરનું અનુસંધાન રહેતું નથી. અથવા જે પ્રકારે સમુદ્રમાં નદી પોતાના નામ અને રૂપ સાથે ભળી જાય છે. તે પ્રકારે ભક્તને પણ પોતાના દેહાદીનું ભાન રહેતું નથી. તે સમયે તો—

દેહં ચ નશ્વરભવસ્થિતમુત્થિતં વા । વાસો યથા પરિકૃતં મદિરામદાન્ધઃ ॥

તે મહાત્માની અવસ્થા મદિરાના નશામાં રહેલા મનુષ્ય જેવી થઈ જાય છે. જે પોતે પોતાને ભૂલી જાય છે.

પરંતુ યાદરાખો કે આ અવસ્થા પ્રાપ્ત કરવી અત્યંત દુર્લભ છે. આ 'એતાદશસ્તુ' પર પ્રકાશ પાડતાં આચાર્યશ્રી આપના નિબંધમાં લખે છે કે—

એતાદશસ્તુ દુર્લભઃ । જ્ઞાનમિશ્રો ભક્તઃ પ્રેમયુક્તસ્તતોપિ દુર્લભ સ્તત્રાપિ સદા પ્રેમલુપ્તઃ । તસ્ય ભગવત્સાયુજ્યં ભવનીતિ કિં વક્તવ્યમ્ ।

અર્થ : આવા મહાત્મા પુરૂષ તો અત્યંત દુર્લભ છે. લોકોમાં જ્ઞાનની ભેળસેળવાળા ભક્તો મળવા કઠિન નથી. પરંતુ પ્રેમયુક્ત જ્ઞાનીભક્ત, લોકોમાં મળવા દુર્લભ છે. આમાં પણ જે સદાય ભગવદ્પ્રેમમાં પાગલ બની ગયો છે. જેને ભગવદ્ પ્રેમનું વ્યસન લાગી ગયું છે. તે તો અત્યંત દુર્લભ છે. આવા ભક્તની અવસ્થાનું વર્ણન અમારી વાણી અથવા કલમ કરી શકે તેમ નથી. તેથી શ્રીમદ્‌વલ્લભાચાર્યે કહ્યું છે કે—

ભક્તિઃ સ્વતંત્રા શુદ્ધા ચ દુર્લભેતિ ન સોચ્યતે ।

આવી દુર્લભ ભક્તિનું શ્રીહરિરાયજીએ આ પ્રમાણે વર્ણન કર્યું છે.

લોકવેદ ભયા ભાવો યત્ર ભાવાતિરેકતઃ ।
સર્વ બાધ કર્તાસ્ફૂર્તિઃ પુષ્ટિમાર્ગઃ સ કથ્યતે ॥

અર્થ : અહીંઆ ભગવદ્‌ભાવના અત્યંત પ્રબળ થાય ત્યારે પતિ, પુત્રાદિ, લોક, નરક, પરલોક વગેરેનો ભય રહેતો નથી. અથવા ત્યારે એમ સમજવામાં આવે કે 'કર્મ, કાળ સ્વભાવ આદિ પ્રભુપ્રેમમાં બાધક છે' તે શુદ્ધ પુષ્ટિભક્તિ છે.

ભગવાનના વેણુરવથી જ્યારે પોતા ઘરનો પરિત્યાગ કરીને વ્રજ સ્ત્રી ભગવાનની સમીપ વનમાં પહોંચી ત્યારે ભગવાને કહ્યું હતું કે 'હે વૃજસુંદરી ગણ, તમોએ તમારા ગૃહકાર્યનો પરિત્યાગ કરીને રાત્રિના સમયે એકાંતમાં પરપુરૂષ પાસે આવવું યોગ્ય નથી.' આપ બધાય પાછા જાઓ. કારણ કે આ કાર્ય આપનું સર્વથા અનુચિત, અસ્વર્ગ્ય, અપયશષ્કર અને લોકોમાં નીંદનીય બનશે. ભગવાનના આવા વચન સાંભળીને વ્રજ સ્ત્રી ખુબજ ક્ષુબ્ધ બની. પરંતુ અંતે સાહસ કરીને બોલી—

નાથ, આ પ્રકારનું નૃશંસ ભાષણ આપને શોભા દેતું નથી. જરા અમારા પ્રત્યે જુઓ તો ખરા. અમે આપની પાછળ બધો જ ત્યાગ કરી દીધો છે. સમાજના બંધનોથી બંધાયેલ તથા માયાના બંધનોનો ત્યાગ કરીને આવ્યા છીએ. સારા સારા ભોગ ભોગવવાના સાધનોનો ત્યાગ કરીને આવ્યા છીએ. જેવી રીતે પાકું ફળ વૃક્ષ ઉપરથી પડીને નીચે જમીન ઉપર આવે તે રીતે દરેક જાતના લૌકિક ભોગોને છોડી દઈને અમો આવ્યા છીએ. અમે આપના ચરણકમલના શરણનો ભરોસો રાખીને અમારા પતિ, પુત્ર, બન્ધુ, પિતા ઈત્યાદીનો ભય છોડીને આપને શરણ આવ્યા છીએ. જેવી રીતે માર્કંડેય યમનો ભય છોડીને શિવજીનું શરણ પામવા માટે આવ્યા હતા. 'નાથ' અમે આપના ભક્ત છીએ. ભક્તની રક્ષા ભગવાન નહીં કરે તો કોણ કરશે? આપે અમારા પતિ, પુત્રની યાદ અપાવી છે તે ઠીક છે પરંતુ તે એવા લોકોને ઉપદેશ આપવાલાયક છે કે જેઓએ આજ સુધી આપના ચરણારવિંદના મધુર મકરંદનો એકવાર પણ સ્વાદ લીધો નથી.

અમારે માટે તો ધન, ગૃહ, પુત્ર, પતિ જે કાંઈ હોય તો તે આપ જ છો. અમે અમારી આત્માને આપમાં સમર્પિત કરી દીધી છે. જે કુશલ મનુષ્ય છે તે આ સંસારની માયાજાળમાં ક્યારેય ફસાતો નથી. તે તો કેવળ આપને જ પોતાનું લક્ષ્ય માને છે. તેથી નાથ, અમારા ઉપર દયા કરો. અમારી લાંબા સમયની આશાઓની લતા ઉપર અમૃત વરસાવો. નાથ આજે આપની અમૃત વાણીથી મધુર સંભાષણથી અમારી આ તપ્ત કાયાને શીતલ કરો. આજ આપ આપના કોમળ બાહુઓમાં લઈને વક્ષસ્થળ સાથે લગાડીને અમારા તાપ દૂર કરો. નાથ, આપ નિષ્ઠુર થઈને અમને વૃજમાં પાછા જવાનું કહો છો. પરંતુ આપ આ ભ્રમ વગરનું સત્ય માનો કે અમારામાં ત્યાં પાછા ફરવાની શક્તિ નથી. જો અમે આપના દ્વારા તરછોડાશું તો આપ સમજી લ્યો કે અમો આ નશ્વર દેહનો પરિત્યાગ કરીને અમે આજેજ આપના નિર્ગુણ રૂપમાં સમાઈ જાશું. કંદર્પ, દર્પ, દલન, નિઠુરા જરા આપના મધુર અંગનું તો એકવાર નિરિક્ષણ કરો. શા માટે આવું વિશ્વને મોહી લે એવું રૂપ લઈને અહીં આવ્યા છો? આપના આ મદનહૃદય મથન રૂપને જોઈને કહો તો ખરા કે એવી ત્રિલોકમાં કઈ સતી સ્ત્રી છે જે પોતાના આર્યચરિતપણાથી વિચલિત ન થઈ જાય. તેથી હે નાથ ! અમારા ઉપર દયા કરો. આજે આપની સેવામાં લઈને અમને કૃતાર્થ કરો.'

આ પ્રમાણે હૃદયને દ્રવિત કરવાવાળા વાક્યો ગોપીજનોના મુખથી સાંભળીને ભગવાન મુગ્ધ થઈ ગયા.

આ અવતરણ આપવાનું તાત્પર્ય એ છે કે શ્રીગોપીજનોની ભક્તિ એટલી બધી ચઢિયાતી છે કે તેમને ભગવાને તેમના કાર્યનું દિગ્દર્શન કરાવીને પરલોકનો ભય બતાવ્યો તથા ભાઈ, પિતા, પતિ ઈત્યાદીના નામ નિર્દેશ કરીને જ્યારે આ લોકનો પણ ભય બતાવ્યો હતો છતાં તે અચળ રહી હતી.

આ જગ્યાએ 'સર્વ બાધ કર્તા સ્ફુર્તિ'નો અર્થ આપણે આ રીતે પણ કરી શકીએ કે 'વૈદિક કર્મો અને દેહાદિ લૌકિક કર્મ ભગવદ ભક્તિમાં બાધક છે આ જ્યારે સમજાય ત્યારે માનવું કે હવે શુદ્ધ પુષ્ટિ ભક્તિ સમજાઈ છે.'

આ સંદર્ભથી પાઠકગણ શુદ્ધ પુષ્ટિભક્ત અને શુદ્ધ પુષ્ટિભક્તનો અધિકારી છે કે કેમ તે જાણી શકાય છે. જ્યારે મનુષ્ય શુદ્ધ પુષ્ટિભક્તિની અવસ્થાને પ્રાપ્ત કરી લે છે ત્યારે તેને લૌકિક અથવા વૈદિક કોઈપણ કર્તવ્ય કરવાની આવશ્યકતા રહેતી નથી. આવા મહાપુરૂષ પ્રભુ પ્રેમમાં જ તલ્લીન રહીને લૌકિક વૈદિક કર્તવ્ય કરતા નથી.

આવા મહાત્માના માટે શ્રીમદ્‌વલ્લભાચાર્યજી લખે છે– 'સ્વાશ્રમાચાર સહિત બ્રહ્માનુભવ સહિત માહાત્મ્યજ્ઞાન પૂર્વક સ્નેહો બ્રહ્મભાવં કરોતિ । તાદશ શ્ચેત્ પરિચર્યા સહિતો ભવેત્ । તદા સા પરિચર્યા આનન્દરૂપા સનીત્રયો દશગુણા ભવેત્ । તદા ફલ રૂપાયાં તસ્યાં સ્વાશ્રમાચારાદિ કરણં ફલાનુભવ પ્રતિબન્ધકમિતિ ફલત્વેનાનુભવે સ્વાશ્રમાચારા સ્ત્યક્તવ્યાઃ । યથા બ્રહ્મભાવં ગતસ્ય । અન્યથા કર્તવ્યા ઈતિ નિષ્કર્મઃ ।'

અર્થ : પોતાના આશ્રમ મર્યાદાનું આચરણ કરતાં જ્યારે બ્રહ્મનો અનુભવ થાય અને ભગવાનનું માહાત્મ્યનું જ્ઞાન થવા લાગે અને તેથી પ્રભુમાં સ્નેહ થવા લાગે તે ભક્તિ અથવા તે સ્નેહ બ્રહ્મભાવ ઉત્પન્ન કરે છે. અથવા આ અવસ્થાએ પહોંચી જવાથી બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે. ઉપર કહેલા ગુણો સહિત જો સ્નેહ સાથ પ્રભુસેવા થઈ શકે તો તે સેવા ત્રયોદશ ગુણોવાળી કહેવાય છે. સમયાંતરે તે સેવાજ આનંદરૂપા થઈને ફળરૂપ થઈ જાય છે. આવી ઉત્કૃષ્ટ પ્રેમાભક્તિનો અનુભવ કરવામાં વર્ણાશ્રમ આદિ, તથા વૈદિક ધર્મો વગેરે પ્રતિબંધ લાગે છે. આ અવસ્થામાં આ ધર્મોનો ત્યાગ કરવો પડે છે. પરંતુ જેઓ આ ભૂમિકાએ પહોંચ્યા નથી તેમને તો વર્ણાશ્રમ ધર્મ પ્રમાણે રહેવું માન્ય રાખવું પડે છે.

—ક્રમશઃ

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

એકાદશ સર્વસ્વ

લેખક—સુંદરદાસ માણેકચંદ બી.એ. —મોરબી

['પુષ્ટિ સુધા' વિ.સં. ૧૯૭૭ આસો માસ. પુસ્તક ૧ લું. અંક ૯ માંથી સાભાર]

[પ્રેષકઃ ગોરધનદાસ વેલજીભાઈ શનિશ્ચરા]

યન્નયોગેન સાંખ્યેન દાનવ્રતતપોઽધ્વરૈઃ ।
વ્યાખ્યાસ્વાધ્યાયસંન્યાસૈઃ પ્રાપ્નુયાદ્યત્નવાનપિ ॥૧॥
તસ્માત્ત્વમુદ્ધવોત્સૃજ્ય ચોદનાં પ્રતિચોદનામ્ ।
પ્રવૃત્તિં ચ નિવૃત્તિં ચ શ્રોતવ્યં શ્રુતમેવ ચ ॥૨॥
મામેકમેવ શરણમાત્માનં સર્વદેહિનામ્ ।
યાહિ સર્વાત્મભાવેન યાસ્યસે હ્યકુતોભયમ્ ॥૩॥

આ ત્રણ શ્લોકને શ્રીમદ્‌વલ્લભાધીશ્વર 'એકાદશસર્વસ્વ' કહે છે. આ ત્રણે શ્લોક શ્રીમદ્‌ભાગવતના એકાદશ સ્કંધના બારમા અધ્યાયમાં આવેલા છે; તેથી બારમો અધ્યાય અતિ અગત્યનો અને સમગ્ર એકાદશ સ્કંધનો સાર બતાવી આપનો હોય તેમ લાગે છે અને વસ્તુતઃ છે પણ તેમજ—

શ્રીમદ્ ભાગવતમાં એકાદશ સ્કંધ અગત્યનું સ્થાન ભોગવે છે. જેઓને દશમસ્કંધમાં વર્ણવાયેલ નિરોધનાં પરમ નિગૂઢ રહસ્યનું જ્ઞાન નથી તેઓતો એકાદશસ્કંધને જ મુખ્ય માને છે. 'જ્ઞાન' શબ્દ ઉપર ઘણાને મોહ હોય છે; તેથી ગમે તે સ્થળે મુશ્કેલીથી સમજી શકાય તેવું જ્ઞાન હોય તે ગ્રંથ અથવા તે ભાગને તેમની પ્રકૃતિને અનુસરી તેઓને પ્રાધાન્ય આપે તેમાં

આશ્ચર્ય નથી. તે સ્કંધના સર્વ અધ્યાયોમાં જ્ઞાન નજરે પડે છે તેમાં ખોટું નથી; પણ શ્રીમદ્ ભાગવતને સમગ્ર રૂપે નિરખવાથી જેવો આનંદ પડે છે અને જેવું રહસ્ય સમજાય છે તેવો આનંદ ને તેવું રહસ્ય તેના એક અંગને તદન સ્વતંત્રપણે જોવાથી, આપણી પાસે ખડાં ન થાય એ સર્વમાન્ય બાબત છે. અમુક ભાગોને બીજા ભાગોથી વિખૂટા પાડીને અવલોકવાથી બીજા ભાગોને ઘણીવાર અન્યાય અપાતો સાંભળવામાં આવે છે, અને અમુક ગ્રંથકર્તા આવું ન લખે એમ કહી પોતાની પ્રકૃતિને અનુકૂલ ન્યાય કરી, સંતોષ માની લે છે આજ કારણથી તૃતીયસ્કંધમાં ‘સરસ્વતી’ આખ્યાન અને શ્રીમદ્ભાગવતના પ્રાણરૂપ ‘રાસપંચાધ્યાયી’ શ્રીભાગવતકારે લખેલ ન હોય, પણ તે પાછળથી ઘુસાડેલ હશે, એવું કલ્પી લઈ કેટલીક કથાને શ્રીમદ્ભાગવતમાંથી કહિબહિષ્કૃત કરે છે. આ ટુંકી દૃષ્ટિનું જ પરિણામ છે, એમ શ્રીમદ્ભાગવતનાં અખિલ સ્વરૂપને શ્રીમદ્વલ્લભાચાર્યજીએ દર્શાવેલ રીતિએ જોનારને માલૂમ પડશે.

શ્રીમદ્ભાગવત સાક્ષાત્ શ્રીકૃષ્ણનું સ્વરૂપ છે. બારે સ્કંધ બાર શ્રીઅંગ છે. બારે સ્કંધનો જુદો જુદો અર્થ શ્રીમદ્ભાગવત શાસ્ત્રાર્થ સાથે બંધબેસતો થાય અને પ્રકરણ અધ્યાય, શ્લોક, શબ્દ અને અક્ષરના અર્થ પરસ્પર વિરોધ ન આવે તેવી રીતે મળી રહે, ત્યારેજ શ્રીમદ્ભાગવત યથાર્થ સમજાય. બાર સ્કંધ ભગવાનની બાર લીલા છે, પ્રથમ સ્કંધની ‘અધિકાર’ લીલા, દ્વિતીય સ્કંધની ‘શ્રવણના અંગ’ તૃતીયની ‘સર્ગ’ ચતુર્થની ‘વિસર્ગ’ પંચમની ‘સ્થિતિ’ ષષ્ઠની ‘પુષ્ટિ’ સપ્તમની ‘ઊતિ’ આઠમાની ‘મન્વંતર’ નવમાની ‘ઈશાનુકથા’ દશમની ‘નિરોધ’ અને એકાદશની ‘મુક્તિ’ અને દ્વાદશની ‘આશ્રય’. પ્રથમ બે લીલા ગૌણ છે. આ પ્રમાણે દરેક સ્કંધના અર્થ સાથે તેના અવાંતર અધ્યાય, કે શ્લોકના અર્થનો વિરોધ ન આવે, તો તેમાંથી કોઈ પણ અંગ અનુચિત છે એવું કહી, તેને વિના કારણ દૂર ન કરી શકાય. આ કાંઈક જુદા વિષયમાં આપણે આવી પડીએ છીએ અને આ લેખનો હેતુ એ ન હોવાથી આ વિષય ઉપર અધિક ન લખી શકાય; પણ વિષયાંતર કરવાનો હેતુ એટલો જ કે એક ગ્રંથને સમગ્રરૂપે નિરખવાથી જ લાભ છે અને તેના ભિન્ન ભિન્ન અંગોને સ્વતંત્રપણે લેવાથી અન્યાય થાય છે તે ન થવા માટે ઊંડા વિચારની જરૂર છે.

‘ભક્તિ’ શબ્દ ઉપર કેટલાકને અરૂચિ ઉત્પન્ન થતી જોવામાં આવે છે. ઉત્તમ અધિકારીને તો જ્ઞાનજ જોઈએ અને જેઓ આંતર સ્વરૂપને યથાસ્થિત અનુભવવાને અસમર્થ હોય તેનેજ બહારની વસ્તુઓ અને ભક્તિ, ઉપાસના વગેરેની જરૂર પડે છે; એવી માન્યતા ઓછાવત્તા પ્રમાણમાં બહુ સ્થળે જોવામાં આવે છે. એ ભ્રમ પણ એકાદશ સ્કંધ ભાંગે છે એમ નિષ્પક્ષતાથી અભ્યાસ કરનાર જોઈ શકશે.

આ સ્કંધની શરૂઆત યદુકુળના શાપથી થાય છે. બીજા અધ્યાયમાં શ્રીવસુદેવજી પોતાના ગૃહે અવતરેલ પ્રભુને દેવમાયાથી મોહિત થઈ ‘મેં મોક્ષ માટે ભજ્યા નથી પણ કેવળ પુત્રભાવ રાખ્યો છે’ એમ ધારી દેવર્ષિ નારદને ભાગવત ધર્મ પૂછે છે. પ્રશ્નના ઉત્તરમાં નારદજી જનક

યોગેશ્વરનો અલૌકિક સંવાદ સંભળાવે છે. આ સંવાદને અંતે નારદજી શ્રીવસુદેવજીને પુત્રભાવ છોડી દેવાનું કહે છે અને ચૈદ્યશાલ્વ વગેરે દ્વેષભાવથી પણ તરી ગયા તો સ્નેહભાવથી કૃતાર્થ થવાય તેમાં શું નવાઈ? એમ ભાન કરાવેલ છે. આ સંવાદ ચાર અધ્યાય રોકે છે. ત્યારપછી ભગવાનને પધારવાની વિજ્ઞપ્તિ બ્રહ્માજી કરે છે, ત્યાર પછી પ્રભુ અદ્‌ભુત મોહકલીલાનો પ્રારંભ કરે છે, અને ઉત્પાતોનું દર્શન કરાવી, પ્રભાસ ક્ષેત્રમાં જવાનું યાદવોને કહે છે. પરમભક્ત અને સખા શ્રીઉદ્ધવજી પ્રભુનાં ચરણકમલનો વિયોગ આવી પડતો જોઈ પોતાની આતુરતા દાખવે છે તેના ઉત્તરમાં પ્રભુ પોતાની ઈચ્છા કહી બતાવે છે, અને આજ્ઞા કરે છે—

ત્વંતુ સર્વં પરિતજ્ય સ્નેહં સ્વજનબન્ધુષુ ।

મય્યાવેશ્ય મનઃ સમ્યક્ સમદગ્ વિચરસ્વ ગામ્ ।

અર્થ: તું તો સર્વનો પરિત્યાગ કરી, સ્વજન બંધુઓમાંથી સ્નેહ છોડી દઈ, મારામાં સારી રીતે મન પરોવી, સમદૃષ્ટિ થઈ ભૂતલ ઉપર ફર્યા કર.

આવો ત્યાગ કરવાનું પોતાનું સામર્થ્ય નથી એમ સમજી ઉદ્ધવજી સહેલો ઉપાય પૂછે છે. ભગવાન ઉત્તરમાં ચોવિશ તત્ત્વમાંથી મુક્ત થવા રૂપ ચોવિશ ગુરૂઓ પાસેથી જ્ઞાન મેળવનાર દત્તાત્રેય અને યદુરાજાનો સંવાદ શ્રવણ કરાવે છે; પણ આ વિસ્તાર સર્વ પરિત્યાગ કેમ થાય તેને માટે છે અને સર્વ પરિત્યાગ પણ પ્રભુમાં મન પરોવવામાં અંગ છે. અહીં સુધીમાં નવમો અધ્યાય પૂરો થાય છે. ત્યારપછી વિશેષ સાધન બતાવે છે અને આ સંસાર અવિદ્યાત્મક છે તેને છેદવાનો ઉપદેશ કરે છે. જ્યાં સુધી ગુણોનું સામ્રાજ્ય છે ત્યાં સુધી સર્વથા મુક્ત થવાતું નથી. ગુણોમાં રહીને નાશવંત ફળ મળે છે અક્ષય નહિ આવું શ્રવણ કરી ઉદ્ધવજી બદ્ધ અને મુક્તની વ્યાખ્યા પૂછે છે અને ગુણોમાં રહ્યા છતાં ગુણોથી બંધન કેમ ન થાય તેના ઉપાય શ્રવણ કરવાની જીજ્ઞાસા દર્શાવે છે. પ્રભુ ઉપદેશે છે કે આ સંસારી જીવને આ મુક્ત જીવ એ માયાના ગુણોને લઈને છે, અને હું તો માયાથી અતીત હોવાથી હું બંધન પામેલો નથી તેમજ મુક્ત પણ નથી. અને ત્યાર પછી કહે છે કે માયા મારી શક્તિ છે અને માયાને આધીન બીજી બે શક્તિ વિદ્યા અને અવિદ્યા છે. વિદ્યા જેણે પ્રાપ્ત કરેલ છે તે મુક્ત અને અવિદ્યાને આધીન એ સંસારી છે અને તેમની વચ્ચેનો યથાર્થ ભેદ બતાવી, ગુણ દોષથી રહિત થઈ, સમદૃષ્ટિ થવાનો ઉપદેશ આપે છે. ‘આ બધું કેવળ શબ્દબ્રહ્મમાંજ પચેલો હોય તેનાથી ન બને, પણ પરબ્રહ્મમાં આ શક્તિથીજ શક્ય છે અને જેમાં મારા ગુણો નથી આવતા એવી વાણીનો ત્યાગ કરવો, સર્વ ઠેકાણેથી મન ખેંચી મારામાં મન સ્થાપન કર એવી આજ્ઞા આપે છે. આમ પણ જો તારાથી ન બને તો નિરપેક્ષ થઈ મારા માટે સર્વ કર્મ કર. શ્રદ્ધા રાખી લોકને પાવન કરવાવાળી મારી કથા સાંભળ, ગા અને સ્મરણ કર. મારા જન્મ અને ચરિતનો અભ્યાસ કર. મારો આશ્રય રાખી ધર્મ, અર્થ અને કામ આચર તો મારામાં નિશ્ચલ ભક્તિ તને ઉત્પન્ન થશે.

—ક્રમશઃ

દેવર્ષિ નારદ રચિત

ભક્તિસૂત્ર – પ્રેમદર્શન

ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ

હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદાર ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.

– ગતાંકથી ચાલુ

પ્રેમમાં અનન્યતા (ચાલુ)

હવે નવમા સૂત્રના ઉત્તરાર્ધને સ્પષ્ટ કરતાં કહે છે કે–

લોકે વેદેષુ તદનુકૂલાચરણં તદ્વિરોધિષૂદાસીનતા ॥૧૧॥

લૌકિક અને વૈદિક કર્મોમાં ભગવાનને અનુકૂળ કર્મ કરવા એજ તેનાથી પ્રતિકૂળ વિષયમાં ઉદાસીનતા છે–૧૧

અનન્ય ભાવથી ભગવદર્થ કર્મ કરનાર માટે ભગવાનથી વિરુદ્ધ કર્મોનો આપોઆપ ત્યાગ થઈ જાય છે. વૈદિક કે લૌકિક (શ્રૌત કે સ્માર્ત) કોઈપણ એવું કામ એ નહીં કરી શકે જે ભગવાનને અનુકૂળ ન હોય. એટલે કે જેનાથી પ્રેમભક્તિની વૃદ્ધિમાં મદદ ન મળતી હોય.

પુત્ર માટે માતા–પિતાની, સ્ત્રી માટે સ્વામીની અને શિષ્ય માટે ગુરૂની આજ્ઞા માનવી, વેદ અને લોક ધર્મ અનુસાર સર્વથા કર્તવ્ય છે; પરંતુ તેમની આજ્ઞા પણ જો ભગવત પ્રેમથી વિરુદ્ધ હોય તો પ્રેમી ભક્ત કષ્ટ સહન કરીને પણ તેનો ત્યાગ કરી દે છે, કારણ કે તેનાથી પોતાના પ્યારાની વિરુદ્ધ આચરણ થવું અસંભવ છે.

ગોસ્વામી મહારાજે ઉદાહરણ દેતા કહ્યું છે–

જાકે પ્રિય ન રામ બૈદેહી ।
તજિયે તાહિ કોહિ બૈરી સમ, જદ્યપિ પરમસનેહી ॥
પિતા તજ્યો પ્રહલાદ, બિભીષન બંધુ ભરત મહતારી ।
બલિ ગુરૂ તજ્યો, કંત બ્રજબનિતાનિ, ભએ જગ મંગલકારી ॥

પ્રહલાદે ભગવાનને પ્રતિકૂળ પિતાની આજ્ઞા ન માની, વિભીષણે ભાઈનો સાથ છોડી દીધો, ભરતજી માતાની આજ્ઞાને ટાળી ગયા, રાજા બલિએ ગુરૂ શુક્રાચાર્યની વાત ન સાંભળી અને વ્રજ વનિતાઓએ પતિની આજ્ઞા પર ધ્યાન ન આપ્યું અને આ બધા જગત માટે કલ્યાણકારી બન્યા.

કર્મ ચાર પ્રકારના હોય છે– નિત્ય, નૈમિત્તિક, કામ્ય અને નિષિદ્ધ. આમાં દારૂ–માંસ સેવન, ચોરી, વ્યભિચાર વિગેરે નિષિદ્ધ કર્મ તો બધા માટે ત્યાજ્ય છે. શાસ્ત્રીય કામ્ય(સકામ) કર્મ બંધનકારક તથા જન્મ–મૃત્યુના ચક્કરમાં નાખનાર હોવાને કારણે 'કામ્યનાં કર્મણાં ન્યાસમ્' આ ભગવત્ વચનાનુસાર ત્યાજ્ય છે. નિત્ય અને નૈમિત્તિક કર્મ રહ્યા. તે લૌકિક અને વૈદિક વિધિ અનુસાર ફલાસક્તિ છોડીને માત્ર

ભગવાનની આજ્ઞા અનુસાર ભગવત્ પ્રીત્યર્થ કરવા જોઈએ. ભગવત્ પ્રીત્યર્થ એ કર્મો હોય છે જે ભગવાન પ્રતિ પ્રેમ વધારનારા હોય. ગીતા અનુસાર આસક્તિ અને ફળ–આશા છોડીને મન, વાણી અને શરીરથી ભગવાનને અનુકૂળ કર્મ કરવા અને પ્રતિકૂળ કર્મોનો ત્યાગ કરવો. એજ વિરોધી કર્મોમાં ઉદાસીનતા છે. પ્રેમભક્તિની પાગલપણાની સ્થિતિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આવા ભગવદ્ અનુકૂળ કર્મ પ્રેમી ભક્ત દ્વારા સ્વાભાવિક થયા જ કરે છે.૧૧

ભાષ્યાર્થ : ભગવાનને પ્રસન્ન કરવા ઈચ્છનાર પુરૂષ ભગવાનને વિરોધી એવા કર્મોમાં ઉદાસી રહે, કેમકે પ્રતિકૂલ કર્મનું આચરણ તો દ્વેષનું સાધન છે. પ્રીતિનું સાધન નથી. જે હરામ કર્મોમાં આદરવાળો હોય છે તેની આગળથી ભગવાન પોતાની જાતને તિરોહિત કરી દે છે. પરંતુ વિહિત કર્મ કરનારની હૃદય ગુફામાં વખત જતાં તે પ્રકટ થાય છે. આથી ભગવાનને અનુકૂળ હોય તે જ કરે અને શ્રુતિ તથા સ્મૃતિએ કહેલાં કર્મો તેને અનુકૂળ છે, કેમકે ભગવાન જ જીવ જાતના ઉપર અનુગ્રહ કરવાને માટે શ્રુતિઓ તથા તે શ્રુતિને અનુસરનારી સ્મૃતિઓને હૃદયમાં પ્રકટાવે છે. આથી શ્રુતિ અને સ્મૃતિમાં કહેલા ભગવાનની પ્રકટતાને સાધનારા, કર્મના સમૂહને ભગવદનુકૂલ જાણવા.

આ ઉપરાંત લોક જેનો દ્વેષ કરે એવા કર્મો પણ ભગવાનને અપ્રિય છે એમ જાણવું. કેમકે લોકરૂપે પણ ભગવાન જ વર્તી રહેલા છે, લોક એટલે અહીં સાધુ પુરૂષોનો સમાજ એમ જાણવું. આથી લોક શબ્દથી અહીં સાધુ પુરૂષે આચરેલા કર્મો એવો અર્થ લેવો. કેમકે સાધુ પુરૂષોનીજ લોકસંગ્રહ માટે પ્રવૃત્તિ હોઈ શકે છે! આથી શિષ્ટ સજ્જનોએ નિંદેલા અને શાસ્ત્રે નકારેલા કર્મો હિતૈષી ભક્ત ન કરે. કેમકે તે ભગવાનને પ્રતિકૂલ છે. ભગવાનને પ્રતિકૂલ હોઈને તેવા કર્મો તેનાં વિરોધી છે અને વિરોધ એટલે ભગવાનનો હૃદયમાં આવિર્ભાવ ન થવો તે. આથી સાધુજને સેવેલું અને શ્રુતિ તથા સ્મૃતિએ ઉપદેશેલું કર્મ ભક્ત કરે. તેનાથી પરમેશ્વર તરત પ્રસન્ન થાય છે. ૧૧

અહીં પૂર્વપક્ષી પ્રશ્ન કરે કે ભલા ! ભક્ત તો આપ્તકામ હોય છે અને આથી જ તેને કર્મ કરવા માટે કોઈ પ્રયોજન નથી! અને કર્મો તો સ્વાર્થના સૂચક હોય છે. નિઃસ્વાર્થ કર્મ જેવી તો કોઈ ચીજ નથી! આથી વિના પ્રયોજને પણ ભક્તને માટે કર્મનું વિધાન કરવું એતો બલાત્કાર છે અને વળી અનુચિત છે ! આવો પ્રશ્ન થતાં કહે છે કે–

ભવતુ નિશ્ચયદાઢર્યાદૂર્ધ્વં શાસ્ત્રરક્ષણમ્ ।।૧૨।।

(વિધિનિષેધથી અતીત અલૌકિક પ્રેમ પ્રાપ્તિ કરવાનો મનમાં) દૃઢ નિશ્ચય થઈ ગયા પછી પણ શાસ્ત્રની રક્ષા કરવી જોઈએ. અર્થાત્ ભગવદ્ અનુકૂળ શાસ્ત્રોક્ત કર્મ કરવા જોઈએ.–૧૨

પ્રેમની બાહ્ય જ્ઞાનશૂન્ય, વિધિ–નિષેધથી અતીત સિદ્ધાવસ્થામાં લૌકિક અને વૈદિક કર્મોનો ત્યાગ આપો આપ જ થઈ જાય છે. જાણી જોઈને કરવામાં નથી આવતો.

તેથી જ્યાં સુધી પ્રેમની એવી, બધુ ભુલાવી દેવાવાળી સ્થિતિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પ્રેમના નામે શાસ્ત્ર વિહિત કર્મોનો ત્યાગ ક્યારેય ન કરવો જોઈએ. શાસ્ત્ર અનુસાર ભગવાનમાં અર્પણ બુદ્ધિથી ભગવદ્ અનુકૂળ નિત્ય–નૈમિત્તિક કર્મ અને શ્રવણ–કિર્તન વગેરે રૂપે ભજન કરતા કરતા જ ભગવાનનો તે પરમ ઉચ્ચ પ્રેમ પ્રાપ્ત થાય છે. ભગવાન પોતે આજ્ઞા કરે છે–

–ક્રમશઃ

મહિષી ગીત

લેખક : જેઠાલાલ છો. શાહ 'ઉર્મિલ' સાવલી.

સર્વનો ઉદ્ધાર કરવા માટે ભગવાન લીલા કરે છે. છ ગુણોમાં હવે અંતિમ વૈરાગ્યનું નિરૂપણ કરવામાં આવ્યું છે. સર્વ પ્રકારની સંપત્તિઓથી સમૃદ્ધ શ્રેષ્ઠ યાદવોથી સેવિત ભગવાન લક્ષ્મીપતિ પોતાની દ્વારકાપુરીમાં ઉત્તમ વસ્ત્રાભૂષણોથી શોભતી નવયૌવનની કાન્તિઓથી દેદીપ્યમાન અને દામિની જેમ દમકતી દીપ્ત અંગનાઓ સાથે સુખપૂર્વક રહીને વિવિધ પ્રકારના વિલાસો કરી રહ્યા છે. હજારો સ્ત્રીઓના એ એકજ પતિ હજારો રૂપ ધારણ કરીને એ સ્ત્રીઓ સાથે રમણ કરી રહ્યા છે. મદ ઝરતા હાથીઓ, સુંદર શૃંગારવાળા યોદ્ધાઓ તથા અશ્વો, સુવર્ણ મંડિત રથોથી સમૃદ્ધ ભીડવાળી ફૂલવાડીઓ અને ઉપવનોવાળી ભ્રમરો અને પક્ષીગણોના નાદવાળી દ્વારકાપુરીમાં ભગવાન રમણ કરે છે. જલમાં ઉત્પન્ન કમળો આદિથી સુગંધિત નિર્મલ જલવાળા તળાવોમાં વિહાર કરતા ભગવાનનું શ્રીઅંગ આલિંગન કરતી અંગનાઓના સ્તનો પરના કેસરથી લિપ્ત થઈ જતું હતું. સ્ત્રીઓના સ્પર્શથી તથા ચુંબનોથી સ્વભાવસિદ્ધ આનંદ પામતા ભગવાનને એમની એ પ્રિયાઓ પિચકારીઓથી ભીંજવી રહી હતી. ભગવાન પણ એમને એ રીતે ભીંજવતા હતા. વસ્ત્રો પલળવાથી અંગને ચોંટી જતાં અંગનાઓના સ્તનો અને ઉરુપ્રદેશ સ્પષ્ટ દેખાતા હતા. આલિંગનોથી કામોત્તેજિત બનતી એ સ્ત્રીઓના મુખકમલ ખીલી રહ્યા હતા. કેશપાશના ફૂલ વીખરાઈ રહેતા હતા. આવા ભગવાન શ્રીકૃષ્ણ તથા એમની પ્રિયાઓએ પછી નટો, નર્તકીઓ તથા ગંધર્વોને ક્રીડા સંબંધી અલંકારો અને વસ્ત્રો પ્રદાન કર્યા. મુકુન્દ ભગવાનમાં જ આશ્રિત બુદ્ધિવાળી ભગવાનની એ મહિષીઓ કમલનયન ભગવાનનું ચિંતન કરતી ઉન્મતપણે ગીત ગાવા લાગી. ભગવાનના સંગની લાલસાવાળી, દઢાસક્તિથી સર્વે ક્રિયાઓ ભગવાન માટે જ કરનારી એ પ્રિયાઓએ ગાયેલા મહિષીગીતમાં તેમના હૃદયના ભાવની સ્પષ્ટ પ્રતીતિ થાય છે જેમના સર્વે મનોરથો સિદ્ધ થઈ ગયા છે એવી પ્રભુ પ્રિયાઓ સર્વસુખદ સ્વામીના સાન્નિધ્યમાં હોવા છતાં સ્વધર્મ અને સ્વપ્રિય સંબંધને સર્વમાં કલ્પે છે. કૃષ્ણમાં તેમની દ્દઢ આસક્તિ તો જણાય છે જ. કમલનયન પ્રભુનું ચિંતન તો થઈ જ રહ્યું છે. પોતાની અપેક્ષિત લીલા પછી પ્રભુ પોઢી ગયા છે એ પછીનું દશ શ્લોકવાળું છે. આ મહિષી ગીતઃ વિલાપ કરી રહેલી ટિટોડીને સંબોધન કરતાં મહિષીઓ ગીતની શરૂઆત કરે છેઃ—

હે ટિટોડી ! જેમનું જ્ઞાન કદી તિરોહિત થતું નથી એવા પરમેશ્વર શ્રીકૃષ્ણ જગતમાં રાત્રિમાં પોઢી ગયા છે. તું આમ વિલાપ કરી રહી છે તેથી તેમની નિંદ્રાનો ભંગ થશે. તું ઊંઘતી શાથી નથી? હે સખી, અમારી જેમ તારું ચિત્ત પણ કમલનયન ભગવાનના ઉદાર હાસ્ય અને લીલાપૂર્વક ઈક્ષણથી ઘાયલ થઈ ગયું છે કે શું? અન્યમાં આસક્તિ અર્થાત્ ભગવાનથી અતિરિક્ત ગૃહકાર્ય આદિ તથા નિંદ્રા આદિમાં જે આસક્તિ છે એ આસક્તિની નિવૃતિ કરવાને માટે ભગવદ્ વિયોગને કારણે જે વિલાપ આદિ ગુણ પોતામાં છે તે અન્યમાં કલ્પી અને બહાર પણ એનું સ્વાભાવિક વિલાપાદિ ધર્મપણું જો

પ્રલાપવાળી થઈને મહિષીઓ આવું ગાન કરે છે. ટિટોડીને મના કરી હવે ચક્રવાકીને રોકવા પ્રવૃત થાય છે કહે છે કે– હે ચક્રવાકી ! ઊંઘ ન આવતી હોય તો પણ સર્વ કોઈ આંખો બંધ રાખીને આડા પડી રહે છે. તું તો એ પણ કરતી નથી લાગે છે કે તું નિશ્ચિંત નથી. તારા ભર્તાને શોધવા જ તું આંખ મીંચતી નથી. અને દયા આવે એમ રડી રહી છે અથવા તું પણ અમારી જેમ દાસીઓ હોવાથી ભગવાનના ચરણોમાં સમર્પિત માલાને અમે જેમ કેશપાસમાં ધરવા ઈચ્છીએ છીએ તેમ તું પણ ઈચ્છે છે કે શું?

સમુદ્રને સંબોધે છે–

અરેરે હે સમુદ્ર ! તને પણ નિંદ્રા આવતી નથી અને જાગી રહ્યો હોવાથી જાણે ચિડાઈ રહ્યો હોય એમ ગર્જના કર્યા કરે છે. નિંદ્રા ભલે ન આવે પણ આમ આક્રોશની શી આવશ્યકતા છે? શું તેં પણ અમારી જેમ દુર્દશા પ્રાપ્ત કરી છે? જેમ અમારા ચિહ્ન ભગવાને હરી લીધા છે તેમ તારા ચિહ્ન પણ ભગવાન મુકુંદે હરી લીધા છે? અમારી શોભા વિહારમાં પ્રભુને વરી તેમ સમુદ્રનાં લક્ષ્મી પણ પ્રભુને વર્યા જ છે ને? સાગરમાં પોઢતા પ્રભુ અવતર્યા છે અને એ હૃદયવિહારી પોઢયા છે.

ચંદ્રને કહે છે–

હે ચંદ્ર, દક્ષ શાપથી તને પ્રબલ ક્ષયરોગ થયો છે એથી ક્ષીણ બની રહ્યો છે અને તારા કિરણો અંધકારને દૂર કરી શકતાં નથી. પણ અમને તો એમ સમજાય છે કે ભગવાનની રહસ્યમયી વાણી વિસરી જવાથી તારી વાણી પણ અમારી વાણીની જેમ મૂંગી બની રહી છે. મહિષીઓને મલયાનિલ પણ મૂંઝવતો લાગે છે તેને કહે છે કે હે મલયાચલના વાયુ! અમે તારું શું બગાડયું છે? શ્રીકૃષ્ણના કટાક્ષોથી વીંધાયેલા અમારા હૈયામાં તું શાથી કામના પ્રેરણા કરે છે?

પછી મેઘને કહે છે–

હે શ્રીમાન મેઘ! તું તો ભગવાન યાદવેન્દ્રનો પ્રિય છું. પ્રેમના બંધનથી બદ્ધ તું પણ અમારી જેમ શ્રીવત્સના ચિહ્નવાળા પ્રીતમનું ધ્યાન કર્યા કરે છે એથી જ તારા હૃદયમાં એમના માટે ઉત્કંઠા વ્યાપી રહી હોવાથી તું વારંવાર એમનું સ્મરણ કરીને અમારી જેમ આંસુઓની ધારા વહાવે છે. ભગવાનના સંબંધીને લૌકિક સુખ મળતું નથી. એમના રાગીને તો વિરાગી જ બનવું પડે છે ! અને વલ્ગિત કંઠવાળી હે કોયલ ! તારો સ્વર તો અમારા પ્રિયતમના સ્વર જેવો જ છે. ભગવાનની વાણીનું અમને સ્મરણ કરાવે છે. ભગવાનની એ વાણી તો જીવન પ્રદાન કરે એવી છે. એ વાણી એક ક્ષણ પણ ન સાંભળીએ તો મૃત્યુનો અનુભવ થાય. તારી વાણીથી ભગવદ્ વાણીનું સ્મરણ થતું હોવાથી જ તું તો મૃતકોને પણ જીવન આપી શકે એમ છે. વારંવાર તું એવી વાણી સંભળાવ્યા કરજે. તારું અમે શું અને કેવું સ્વાગત કરીએ એ તું દર્શાવ. તારું પ્રિય કરી શકીએ તો બસ છે.

હે ઉદાર બુદ્ધિ પર્વત ! તું હાલતો ચાલતો નથી તેમ બોલતો પણ નથી એથી પ્રતીત થાય છે કે તું કોઈ મહાન વિષયનું ચિંતન કરી રહ્યો હશે. અમારી જેમ તું પણ ભગવાનના શ્રીચરણ તારા સ્તનોરૂપી શિખરો પર રાખવા ચાહે છે? એમ હોય તો તું ખરેખર અસીમ બુદ્ધિવાળો છું. હે સમુદ્રપત્ની સરિતાઓ! જે રીતે અમે ભગવાનના કૃપા કટાક્ષોને પ્રાપ્ત ન કરવાથી હૃદય ચોરાઈ જવાથી અતિ દુર્બલ થયા છીએ તેમ તમે પણ મેઘ દ્વારા તમારા પતિ સાગરનું જળ ન પ્રાપ્ત થવાથી જ આમ દુર્બલ, શુષ્ક અને કમલોની શોભાથી વિહીન બની ગઈ છો?

નદીના તટ પરના હંસને જોઈ મહિષીઓ બોલી: હે હંસ! તું ભલે પધાર્યો. આવ, બેસ, દુગ્ધપાન કર. પ્રિયતમના દૂત બનીને આવ્યો છે ને? ભગવાનની વાત કર. એમ ના કહીશ કે હું નથી જાણતો. અમે જાણીએ છીએ કે તું ભગવાનનો દૂત જ છે. અને દૂત તો બધું જાણે. ભગવાન કુશળ છે ને? ક્ષણિક સ્નેહવાળા, ચંચલ મનવાળા ભગવાન સ્વયં જે કહી ગયા હતા તે યાદ કરે છે ખરા? હે મધુર વદનારા એ જો યાદ નહીં કરતા હોય તો અમે પણ તેમને નહીં ભજીએ, જોં સ્મરણ કરતા હોય તો એમને લઈ આવ. એમને એકલાને જ લાવજે. એ જો એમ કહે છે કે લક્ષ્મી તો એમની પ્રિય સેવિકા છે તો શું અમે સેવાપરાયણ નથી? સ્ત્રીઓ સેવાપરાયણ હોય જ.

આ રીતે ટિટોડી, ચક્રવાકી, સમુદ્ર, ચંદ્ર, મલયપવન, મેઘ, કોયલ, કેલિસ્થાન પર્વત, સરિતાઓ અને હંસ એમ દશનું વર્ણન કરીને મહિષીઓએ એ સૂચિત કર્યું છે કે નવ સગુણ અન એક નિર્ગુણ ભેદથી ભગવાનની ભીતરનાં સ્નેહરૂપ સાધન દશ પ્રકારના છે.

આ લીલામાં ભગવાન પ્રથમની જેમ સ્વરૂપથી તિરોહિત થયા નથી પરંતુ મનથી તિરોહિત થઈ ગયા છે.

યોગેશ્વરોના પણ ઈશ્વર ભગવાન શ્રીકૃષ્ણમાં આ રીતે ભાવ કરવાથી માધવની એ મહિષીઓ પરમ ગતિને પ્રાપ્ત થઈ અનેક પ્રકારે ભગવાનનાં ગુણગાન કરનારી યા કેવલ શ્રવણ કરનારી સ્ત્રીઓનું પણ બલપૂર્વક ભગવાન મન હરી લે છે તો આ મહિષીઓ તો સાક્ષાત્ દર્શન કરનારી પત્ની ઓ જ છે. એમનું મન હરે એમાં શું આશ્ચર્ય છે. જગદ્ગુરૂ એવા ભગવાન શ્રીકૃષ્ણની ચરણસેવાનાં અધિકારી તપસ્વિની મહિષીઓના સદ્ભાગ્યનો તો પાર જ નથી. □□□

શ્રી યમુનાજીના પદ

રચયિતા–મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ–માધુરી, રાજકોટ

પદ ૮૧

જિનકે સુખ શ્રીહરિ ગુણ ગાયે;
તિનિકો મહિમા કંહ લગિ બરનોં, શરણાગત અપનાયે. ૧
હંસ સુતા ગુણ ખાનિ બાનિ, યહ યમકે ગાસ મિટાયે;
'વલ્લભદાસ' આસ કરિ ઠાડૌ, બેગિ કરૌ મન ભાયે. ૨

ભાવાર્થ: જે જન આપના ગુણાનુવાદ પોતાના મોઢેથી કરે છે તેનાં ભાગ્યની બડાઈ ક્યાં સુધી કરી શકાય, કેમકે તે જીવને તો આપે જ શરણાગત સ્વીકારીને પોતાનો કર્યો છે. તેથી જેટલું ગુણગાન કરે તેટલું ઓછું, તેમ તેનાં ભાગ્યની બડાઈ કરો તેટલી ઓછી.

હે સૂર્યપુત્રી, આપ તો ગુણનિધાન છો. આપને કિનારે ચમકતી રેણુ તેની પણ રંચક કૃપા થાય તો તે જીવ અભય પ્રાપ્ત કરી શકે છે. તેનું કલ્યાણ થાય. આવો આપનો મહિમા જોઈને જ વલ્લભીદાસ આશા રાખીને આપના દ્વારે જ ઉભો છે. તે હઠીલો છે. દૂર ક્યાંય જશે નહીં. વેલા મોડા આપને જ કૃપા કરવી પડશે, તો અત્યારે જ કૃપા કરો. ૮૧

કાવ્ય – કુંજ : પરમાત્મા પ્રાપ્ય છે

—પૂ.પા.ગો.શ્રીગોકુલેશબાવા (જૂનાગઢ)

જડમાં પડમાં ઘડમાં અણઘડમાં, ઘટમાં પટમાં નટમાં બરછટમાં

પરમાત્મા પ્રાપ્ય છે પ્રાપ્ય છે આલાપ્ય છે આલાપ્ય છે સંલાપ્ય છે સંલાપ્ય છે પ્રલાપ્ય છે.

ગીતમાં પ્રીતમાં ને સંગીતમાં, વિત્તમાં ચિત્તમાં નેપરિમિતમાં

પરમાત્મા પ્રાપ્ય છે પ્રાપ્ય છે આલાપ્ય છે આલાપ્ય છે સંલાપ્ય છે સંલાપ્ય છે પ્રલાપ્ય છે.

ચરમાં થરમાં ને ચંચળમાં, તળમાં હળમાં ને અકળમાં

પરમાત્મા પ્રાપ્ય છે પ્રાપ્ય છે આલાપ્ય છે આલાપ્ય છે સંલાપ્ય છે સંલાપ્ય છે પ્રલાપ્ય છે.

ગતિમાં પ્રતિમાં યતિમાં નિયતિમાં, વાતમાં ઝંઝાવાતમાં રાસને પ્રવાસમાં

પરમાત્મા પ્રાપ્ય છે પ્રાપ્ય છે આલાપ્ય છે આલાપ્ય છે સંલાપ્ય છે સંલાપ્ય છે પ્રલાપ્ય છે.

શાસ્ત્રને શ્રુતિમાં સ્મૃતિને સ્તુતિમાં, અગમની મનોહર ઓઉમ અનુભૂતિમાં

પરમાત્મા પ્રાપ્ય છે પ્રાપ્ય છે આલાપ્ય છે આલાપ્ય છે સંલાપ્ય છે સંલાપ્ય છે પ્રલાપ્ય છે.

અક્ષ છે કક્ષ છે પ્રક્ષ છે ને પ્રત્યક્ષ છે, વિદ્યુત છે પ્રદ્યુત છે અદ્‌ભુત આ દ્યુત છે

પરમાત્મા પ્રાપ્ય છે પ્રાપ્ય છે આલાપ્ય છે આલાપ્ય છે સંલાપ્ય છે સંલાપ્ય છે પ્રલાપ્ય છે.

ભક્તિમાં શક્તિમાં યુક્તિમાં ભુક્તિમાં, કર્મમાં ધર્મમાં ને મહાભારતના મર્મમાં

પરમાત્મા પ્રાપ્ય છે પ્રાપ્ય છે આલાપ્ય છે આલાપ્ય છે સંલાપ્ય છે સંલાપ્ય છે પ્રલાપ્ય છે.

અજબમાં ગજબમાં મુમુક્ષા મુજબમાં, રંગમાં દંગમાં ને હુડદંગમાં

પરમાત્મા પ્રાપ્ય છે પ્રાપ્ય છે આલાપ્ય છે આલાપ્ય છે સંલાપ્ય છે સંલાપ્ય છે પ્રલાપ્ય છે.

જળમાં પળમાં કળમાં ને ફળમાં, વીરમાં ધીરમાં કથામાં પ્રથામાં

પરમાત્મા પ્રાપ્ય છે પ્રાપ્ય છે આલાપ્ય છે આલાપ્ય છે સંલાપ્ય છે સંલાપ્ય છે પ્રલાપ્ય છે.

॥ શ્રીહરિઃ ॥

સમગ્ર સમાજકો ભાવાત્મક એકતામેં જોડનેવાલા તીર્થસ્થલી 'ભગવાન શ્રીકૃષ્ણ' કી 'કર્મભૂમિ' 'શ્રીવ્રજમંડલ'કા વિકાસ ઔર સંરક્ષણ કે પ્રતિ જાગૃત બન કર યોગ્ય દિશામેં કાર્યવાહી કરકે આપ ભી અપના કર્તવ્ય અદા કરે

પૂજ્ય ગોસ્વામી બાલકોના માર્ગદર્શન તથા આશીર્વાદથી આં.રા.પુ.વૈ.પરિષદ તથા પુષ્ટિમાર્ગીય તેમજ સનાતન ધર્મની વિવિધ સંસ્થાઓ દ્વારા 'શ્રીયમુના નદી જલ પ્રદુષણ મુક્ત બનાવવા' માટે ઉત્તરપ્રદેશની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર પાસે રજુઆત થતા તેની ફલશ્રુતિરૂપે યાત્રાધામ મથુરામાં શ્રીયમુના નદીમાં ભળતા નાલા બંધ થયા—વિશ્રામ ઘાટનો જીર્ણોદ્ધાર થયો. સાથે અન્ય ઘાટોનો જીર્ણોદ્ધાર થવાનો નિર્ણય લેવાયો છે જે આનંદની વાત છે. હજુ વૃજમંડલમાં આવેલ અન્ય તીર્થસ્થલોનો જીર્ણોદ્ધાર તેમજ શ્રીમદ્ ગોકુલમાં શ્રીઠકરાણી ઘાટે જલ વાળવામાં આવે અને અન્યત્ર નદીમાં ભળતા પ્રદુષિત જલ રોકવા માટે વિશેષ જાગૃતિ લાવવા માટે 'શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ'ના પ્રમુખ શ્રીડાયાભાઈ ડેલાવાળા દ્વારા 'શ્રીવૃજમંડલ વિકાસ અને સંરક્ષણ'ના વિષયને લઈ જાગૃતિ લાવવા માટે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા—રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર ઉપર લખેલ પત્રની નકલ અત્રે પ્રસ્તુત છે.

જે વિષયને અનુલક્ષી દરેક પુષ્ટિમાર્ગીય તેમજ સનાતન ધર્મી સંસ્થાઓ યોગ્ય દિશામાં કાર્યવાહી કરી પોતાના કર્તવ્ય ધર્મનું પાલન કરે એવી અપેક્ષા સહ....

વિશ્વમેં સબસે બડા તીર્થસ્થલ ઉત્તરપ્રદેશ—હરિયાણા—દિલ્હી ઔર રાજસ્થાન ઈસ તરહ ચાર પ્રદેશોકા ભૂ ભાગ આતા હૈ એસા મથુરા વૃજમંડલ ૮૪ ચોરાશી કોસો મેં ફૈલા હુઆ હૈ । ઈસ વિસ્તારમેં આયે મંદિરોમેં યા કોઈ ભી ભૂ ભાગ પર જલસ્થલમેં—પર્વત પર—હવા યા વાયુમેં— પેડ પર આ યા વનરાજીમેં—વૃજભક્તોકે સંગમેં...કોઈ ભી જગહ ભગવાન શ્રીકૃષ્ણકા દર્શન પ્રાપ્ત હો જાય યા અનુભૂતિ પ્રાપ્ત હો ઈસ વજહ વહાં હર દિન વિશ્વ કે કોને કોનેસે લાખોં ભાવિકોં ભગવાન શ્રીકૃષ્ણકી કૃપાદ્રષ્ટિ પાને કે લિયે દર્શન કરને આતે હૈ ।

હજારો સાલ પુરાના યહ 'વૃજમંડલ' જો વિશ્વમેં સબસે બડા તીર્થસ્થલ હૈ ઔર જહાં ભારતકે કોને કોનેસે અનેક દેવ—દેવીયાંને આકર નિવાસ કિયા હૈ । શ્રદ્ધાલુજનો કો વહાં પહુંચને પર સબ તીર્થસ્થલોકા દર્શન મીલ જાતા હૈ એસે 'મથુરા વૃજમંડલ' કે સંરક્ષણ ઔર વિકાસ કે પ્રતિ હા અપના કર્તવ્ય અદા ન કરેંગે તો ભાવિ પેઢી હમ સબકો માફ નહી કરેગી ।

મથુરા—વૃજમંડલકા વિકાસ ઔર સંરક્ષણ કે લિયે કુછ સુઝાવ નીચે રખે હૈ । વહ સ્થાનિક સ્વરાજ્યકી સંસ્થા, રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર ઔર ભાવુક ભક્તજન શ્રેષ્ઠીવર્યકે સહયોગસે એક અલગસી સમિતિકી રચના કરકે આયોજનપૂર્વક કાર્યવિસ્તાર કરના ચાહિયે ।

૧.) સમગ્ર સમાજમેં 'શ્રીયમુનાજલ' કા વિશેષ મહાત્મય હૈ વહ તન ઔર મનકી શુદ્ધિ કરતા હૈ ઈસી કારણ શ્રીમદ્ ગોકુલમેં શ્રીઠકરાણી ઘાટ સે ભાવુકજન જલ કી લોટી ભરકર અપને ગાંવ લે જાકર સેવા—પૂજા કરતે હૈ, ઔર સાથમેં યમુનાજલકા પાન કરતે હૈ ।

આજ શ્રીમદ્ ગોકુલમેં જહાં ભગવાન શ્રીકૃષ્ણને અનેકવિધ (લીલા) લોકોપયોગી કાર્ય કિયે હૈ ઔર શ્રીઠકરાણી ઘાટ પે હરહંમેશ ભગવાન શ્રીકૃષ્ણ કા મિલન દર્શન હોતા હૈ ઈસ ભાવસે વહાં લોગ દર્શન—પાન કરને પહુંચતે હૈ વહાં શ્રીયમુનાજીકી જલધારા નયા પુલ બનનેકી વજહસે ઘાટસે બડી દૂરસે બહતી હૈ સો વહ જલધારા કા એક મોડ ઘાટ કે પાસસે મોડા જાય ઔર સાથમેં વહા જલધારામેં ગાંવકા કુડા કચરાવાલા પાની નહી મીલે એસા પ્રબંધ કીયા જાય તો અનેક ભાવુક ભક્તજનો કે સાથ આસપાસ કે ગાંવ ઔર નગરમેં બસતે જીવ—મનુષ્ય—પ્રાણી—પંખી—પશુ આદિકા આરોગ્ય બઢેગા । સાથમેં ઈસ તરહ મથુરા—વૃંદાવન....વિગેરે જહાં જહાં શ્રીયમુના નદી બહતી હૈ યહાં કા ભી શુદ્ધિકરણ કે સંગ ઘાટ નિર્માણ કિયા જાય તો જલ સંચય કે સાથ અનેકવિધ સુવિધા બઢ જાયેગી ।

૨.) શ્રીગિરિરાજ પર્વત જો વૃજમંડલમેં હૈ ઉનકે કંકર—કંકરકો ભગવાનકા સ્વરૂપ ભાવુકજનો માનતે હૈ । ઈસલીયે વિશ્વ કે કોને કોનેસે ભાવુકજનો સાધુ—સંત ઈત્યાદિ પરિક્રમા કરકે દૂધકા સ્નાન ઔર ભોગ લગાકર અપના તન—મન પાવન કરતે હૈ । કઈ લોગ દંડવત પરિક્રમા ભી કરતે હૈ ઔર એક જગહ ૧૦૮ દંડવત કરકે આગે બઢતે હૈ । ઈસ તરહ ઉનકો યહ

પરિક્રમા પુરી કરનેમેં ઠંડ–ગરમી–બારિસ કા સામના કરતે સાલો તક વહ અપની પરિક્રમા પુરી કરકે પ્રભુકૃપા પ્રાપ્ત કરને કે લિયે પરિક્રમા કર રહે હૈ ।

યહ શ્રીગિરિરાજજી કે ઉપર ગોવર્ધન ગાંવસે જતીપુરા જાને કે લિયે એક માર્ગ સરકારને બનાયા હૈ વહ કરોડો ભાવુકજનો કો બડે આઘાત કે સાથ દુઃખ પહુંચા હૈ સો યહ માર્ગ ત્વરીત બંધ કરકે 'શ્રીગિરિરાજજી' પર્વતકી સંપુર્ણ સુરક્ષા કા પ્રબંધ કરવાના ચાહિયે ।

૩.) ૮૪ કોસ કી તીર્થસ્થલીમેં બારહ વન ઔર બારહ ઉપવન આયે હુએ હૈ ઉનકે હર પેડ ઔર પત્તે પર એવમ વનરાજીમેં વેણુધારીકા વાસ હૈ આજ યહ વન ઔર ઉપવનમેં આયી વનરાજી ઔર પેડકા વિનાશ કરકે પર્યાવરણ કી ભી સમસ્યા બઢ ગઈ હૈ સો યહ વન ઉપવન કા વિકાસ કરકે નવપલ્લીત કિયા જાય ।

૪.) વૃજમંડલમેં અનેક ઐતિહાસીક કુંડ આયે હુએ હૈ । ઉનકે પર બંધા હુઆ ઘાટ કા જીર્ણોદ્ધાર કરવાને કે સાથમેં કુંડમેં પડે કુડા–કચરા નિકાલકર શુદ્ધિકરણ કિયા જાય ।

૫.) વૃજમંડલકી ૮૪ કોસ કી વૃજયાત્રા કરતે સંઘકે સ્વરૂપમેં હજારોકી સંખ્યામે પદયાત્રા સાલમેં કઈ સંઘો કરતે ઔર હર દિન ૧૦ સે ૧૫ કિ.મી. ચલકર રાસ્તેમેં આતે મંદિરોકા દર્શન કરતે કરતે ખુલે ખેતમેં ટેન્ટ ડાલકર મુકામ કરતે હૈ સો સ્થાન પર યાત્રીઓ વિશ્રામ કર ભોજન પ્રબંધ શુદ્ધ જલ, રાત ઠહરને કે લીયે વ્યવસ્થીત મુકામ સ્થલ કી વ્યવસ્થા બન શકે તો વિશ્ર્વભરમેં સે યાત્રીકો કી સુવિધા બઢને કે સાથ યાત્રિકોં કા પર્યાવરણ શુદ્ધ રહને સે આરોગ્ય ભી અચ્છા રહેગા ।

સો ઉપર લીખે સુઝાવ ધ્યાનમેં રખકર એક અલગસી સમિતિ બનાયે જીનમેં ધર્માચાર્ય–સંત–ભાવુક વૈષ્ણવજન કે સંગ રાજય સરકાર ઔર કેન્દ્ર સરકાર દોનો કે પ્રતિનિધિત્વ કે સાથ સરકાર બજટ બનાકર યહ સંપૂર્ણ બજટ કા ખર્ચ સમિતિ દ્વારા યોગ્ય આયોજન રૂપસે કિયા જાય તો હિ સરકાર વિશ્ર્વભરમેં સબસે બડી તીર્થસ્થલી કા સંરક્ષણ કર સકેગી ।

સરકારી તૌર પર કામ ચલતા હૈ વહ બજટ કા અસ્સી સે પીચાસી પરસન્ટ ખર્ચ મીટીંગ ઔર પ્રવાસમેં હી ખર્ચ હો જાતા હૈ યહ ખ્યાલ રખકર પ્રમાણિક–નિષ્ઠાવાન ભાવુક વૈષ્ણવજન કે સાથ શ્રેષ્ઠીવર્ય કી કમિટિકી રચના કરકે તીર્થસ્થલ કા વિકાસ ઔર સંરક્ષણ કરનેમેં સહયોગી બનેં ।

લિ. સ્નેહાધીન : ડાયાલાલ કે. ડેલાવાલા
પ્રદેશ ઉપાધ્યક્ષ : આં.રા.પુ.વૈ.પરિષદ

પુસ્તક પરિચય

૧. નિત્યલીલા (સચિત્ર કલર) ભાવાર્થ સાથે : રચયિતા–શ્રીહરિરાયજી મહાપ્રભુ વિવેચન–પૂ.પા.ગો.શ્રીરત્નપ્રભાવહુજી શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી (મથુરા–પોરબંદર) પ્રકાશક– પ્લસ કોર્પોરેશન, રાજકોટ.

આઠ પેઈજી ડેમી સાઈઝ પાના ૪૮ મીડપીન બાઈન્ડીંગ આર્ટ પેપરમાં સચિત્ર–કલરમાં છપાયેલ છે.

ન્યોછાવર રૂ. ૫૦/– પોસ્ટેજ રૂ. ૧૦/–

નંદભવનમાં થતી મંગલાથી શયન સુધીની સેવા–લીલાનું વર્ણન વિસ્તૃત વિવેચન ઉપરાંત સેવા–લીલાને અનુરૂપ ૨૧ મલ્ટીકલરના ભાવવાહી દર્શનીય ચિત્રજીવાળું નિત્ય મનનીય દર્શનીય વૈષ્ણવમાત્રને અત્યંત ઉપયોગી પ્રકાશન.

૨. સ્મરણાંજલિ : પ્રકાશક– પ્લસ કોર્પોરેશન રાજકોટ.

સોળ પેઈજી ડેમી સાઈઝ પાના ૬૪ ઓફસેટ પ્રિન્ટીંગ, મીડપીન બાઈન્ડીંગ, મલ્ટી કલરમાં શ્રીરાધાકૃષ્ણનું દર્શનીય ચિત્રજી ટાઈટલ ઉપર. ન્યોછાવર રૂ.૯/– પોસ્ટેજ રૂ. ૫/–

આ પુસ્તકમાં શ્રીઠાકોરજીના ચરણ ચિહ્નનું વર્ણન, નિત્યનિયમના સ્તોત્ર પાઠ જેવા કે શ્રીયમુનાષ્ટકમ્, શ્રીસર્વોત્તમ સ્તોત્ર, ચતુઃશ્લોકી, નવરત્ન, સિદ્ધાન્ત રહસ્ય, શ્રીમધુરાષ્ટકમ્, શ્રીગિરિરાજધાર્યષ્ટકમ્, શ્રીનંદકુમારાષ્ટકમ્, શ્રીનામરત્નાખ્યા સ્તોત્રમ્ ઉપરાંત ગુજરાતી ધોળ જેવા કે શ્રીસર્વોત્તમજીનું ધોળ, શ્રીયમુનાજીની આરતી, રાસલીલામૃત, શ્રીનાથજીના દર્શનનો મહિમા વગેરે પ્રચલિત ધોળ તેમજ વેણુગીતનું ધોળ અને આશરાના પદનો અનુપમ સંગ્રહ છે. નિત્ય સ્મરણ–પાઠ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન...

ઉપરોક્ત બંને પુસ્તકોનું વિમોચન પૂ.પા.ગો.શ્રીકનૈયાલાલજી મહારાજશ્રી (રાજકોટ)ના કરકમલો દ્વારા વિશાળ વૈષ્ણવ સમુદાયની હાજરીમાં કરવામાં આવેલ. ઉપરોક્ત બંને પુસ્તકો ઉપરાંત પ્રકાશીત થયેલ ૯ પુસ્તકો ભગવદનામ પ્રચારાર્થે, મનોરથ તેમજ સ્વજનોના સ્મરણાર્થે વાંટવા માટે મેળવવાનું સ્થળ.

પ્લસ કોમ્યુનીકેશન્સ : ૨૦૩– શાંતી કોમ્પલેક્ષ, ૧–કોટક શેરી મેઈન રોડ, હોટલ આદિત્યની પાછળ,
રાજકોટ–૩૬૦૦૦૧ ફોન : (૦૨૮૧) ૨૩૫૬૧૧ – ૨૩૪૨૬૨

સમાચાર

☐ વધાઈ વધાઈ વધાઈ ☐

શ્રીકેશોદને આંગણે–પાટોત્સવ, છપ્પનભોગ વિવાહ પ્રસ્તાવ અને પ્રાગટય દિન.

પૂ.પા.ગો.શ્રીહરિરાયજી મહારાજશ્રી (મોટા મંદિર મુંબઈ, ધોરાજી અને કેશોદ)ના શુભાશીર્વાદ.

(૧) પાટોત્સવ : તા. ૭–૧૨–૨૦૦૦ ગુરૂવાર શોભાયાત્રા રાત્રે ૮–૦૦ કલાકે શ્રીબાલકૃષ્ણ નિવાસ (નવી હવેલી) કેશોદ મુકામે.

(૨) છપ્પનભોગ : તા. ૮–૧૨–૨૦૦૦ શુક્રવાર : દર્શન સાંજે ૭–૦૦ વાગ્યે.

(૩) પૂ.પા.ગો.શ્રીહરિરાયજીના પૌત્ર અને પૂ.પા.ગો.શ્રીહૃષિકેશજી મહોદયના જયેષ્ઠ આત્મજ ચિ.ગો.શ્રીરાજીવલોચનજી બાવાશ્રીનો વિવાહ પ્રસ્તાવ.

☐ તા. ૧૦–૧૨–૨૦૦૦ રવિવાર નિશ્ચયતાંબુલ સાંજે ૭–૦૦ વાગ્યે.
☐ તા. ૧૧–૧૨–૨૦૦૦ સોમવાર વરઘોડો સાંજે ૭–૦૦ વાગ્યે અને વિવાહ બડી પઠોની રાત્રે ૧૨–૦૦ વાગ્યે.
☐ તા. ૧૪–૧૨–૨૦૦૦ ગુરૂવાર પૂ.પા.ગો.શ્રીહૃષિકેશજી મહોદયનો પ્રાકટય દિન. પલના નંદોત્સવ સવારે ૧૧–૩૦ વાગ્યે અને કુનવારો સાંજના ૪–૦૦ વાગ્યે.

આ વિવિધ મનોરથો પ્રસંગે ધોરાજીમાં પાટ બિરાજતા શ્રીમદનમોહન પ્રભુ, શ્રીબાલકૃષ્ણ પ્રભુ અને અન્ય સ્વરૂપો કેશોદ મુકામે બિરાજશે. ઉપરોક્ત અલૌકિક મનોરથ પ્રસંગે સમસ્ત વૈષ્ણવ સૃષ્ટિને ઉપસ્થિત રહી સહભાગી થવા ભાવભર્યું આમંત્રણ છે.

વિશેષ માહિતી માટેના સંપર્ક સ્થળ: (૧) ગો.શ્રીહરિરાયજી મહારાજશ્રી : શ્રીબાલકૃષ્ણ નિવાસ (નવી હવેલી) શ્રીગોકુલધામ સોસાયટી, માંગરોલ રોડ, કેશોદ– ફોન. (૦૨૮૭૧) ૨૨૭૮૦. (૨) ગો.શ્રીહૃષિકેશજી મહોદય નવી હવેલી, જમનાવડ રોડ, ધોરાજી – ફોન. (૦૨૮૨૪) ૨૧૦૮૯. (૩) મરજાદી લાલજીભાઈ વેલજીભાઈ : શ્રીયમુના કુંજ, ગોકુલધામ સોસાયટી, માંગરોલ રોડ, કેશોદ– ફોન. (૦૨૮૭૧) ૨૨૭૮૦.

☐ વધાઈ — વધાઈ — વધાઈ ☐

શ્રીધોરાજીના આંગણે છપ્પનભોગ

શ્રીમદનમોહનલાલ તથા શ્રીધીંગલમલ પ્રભુના કૃપા અનુગ્રહથી કાંકરોલી–મથુરાસ્થ પૂ.પા.ગો. શ્રીયદુનાથ મહારાજશ્રી તથા ધોરાજીમાં બિરાજતા આપશ્રીના દ્વિતીય આત્મજ પૂ.પા.ગો.શ્રીપ્રબોધકુમારજી બાવાશ્રીના મનોરથ સ્વરૂપે ધોરાજીના આંગણે શ્રીધીંગલમલ પ્રભુનો છપ્પનભોગ મહોત્સવ પ્રસંગે સર્વે વૈષ્ણવ સૃષ્ટિને હાર્દિક આમંત્રણ છે.

આ અલૌકિક મહોત્સવ પ્રસંગે શ્રીના વિવિધ મનોરથ થશે.

☐ તા. ૨૭–૧૨–૨૦૦૦ બુધવાર છાકલીલા
☐ તા. ૨૮–૧૨–૨૦૦૦ ગુરૂવાર રાજમહેલ
☐ તા. ૨૯–૧૨–૨૦૦૦ શુક્રવાર શ્યામસગાઈ
☐ તા. ૩૦–૧૨–૨૦૦૦ શનિવાર વિવાહખેલ
☐ તા. ૩૧–૧૨–૨૦૦૦ પોષ સુદ ૫ રવિવાર છપ્પનભોગ ☐

શ્રીછપ્પનભોગ દર્શન સમય સાંજે ૪–૦૦ કલાકેથી

મનોરથ સ્થળ: લેઉઆ પટેલ સાંસ્કૃતિક ભવન જૂનુ બસસ્ટેન્ડ, જેતપુર રોડ, ધોરાજી.

બહારગામથી આવનાર વૈષ્ણવો માટે રહેવાની તથા પ્રસાદ લેવાની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

પત્રવ્યવહાર તથા સેવા મોકલવાનું સ્થળ : પૂ.પા.ગો.શ્રીપ્રબોધકુમાર બાવાશ્રી : શ્રીમોટી હવેલી, સોની બજાર, ધોરાજી–૩૬૦૪૧૦ ફોન. (૦૨૮૨૪) ૨૧૩૯૦.

☐ વધાઈ વધાઈ વધાઈ ☐

સોમયાજી દીક્ષિત, પૂજ્યપાદ ગો.શ્રીગોકુલોત્સવજી મહારાજ દ્વારા મડગાંવ (ગોવા)માં સોમયજ્ઞ

દિનાંક ૧૯–૧–૨૦૦૧ થી ૨૪–૧–૨૦૦૧ સમય સવારે ૯ થી ૧ સાંજે ૩ થી ૮

શુભ સ્થળ: શ્રીવલ્લભાચાર્ય નગર – કોસ્તા ગ્રાઉન્ડ આંકે – મડગાંવ – ગોવા

શોભાયાત્રા : ૧૯–૧–૨૦૦૧ શુક્રવારે સવારે ૮–૩૦ કલાકે : દોશી નિવાસ, પાંજીફોડથી પ્રારંભ થઈ સિને વિશાંત–પાઉન્ડ ચેપલ થઈ કોસ્તા મેદાન.

નોંધ : કળશધારી મહિલાઓ પીળા વસ્ત્ર તથા પુરૂષો ભારતીય પોષાક ધારણ કરે તો ઉત્તમ.

પ્રતિદિન સાંસ્કૃતિક કાર્યક્રમો મહારાજશ્રીની આજ્ઞાનુસાર

આ યજ્ઞમાં તન–મન–ધનથી સેવા કરી આપનું જીવન પવિત્ર બનાવો.

નિવેદક : શ્રીવિરાટ સોમયાગ મહોત્સવ સમિતિ

કાર્યાલય : દોશી નિવાસ, પાજીફોંડ– મડગાંવ–ગોવા ફોન. ૭૩૨૭૧૯– ૭૩૬૯૪૨.

☐ પૂ.પા.ગો.૧૦૮ શ્રીઈંદિરાબેટીજી મહોદયા અને પૂ.પા.ગો.૧૦૮ શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રીનો ☐ અભિવાદન સમારોહ સંપન્ન.

આં.પુ.વૈ.પરિષદ, ગુજરાત પ્રદેશ અને અમદાવાદનાં પ્રતિષ્ઠિત વિવિધ ધાર્મિક સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે યુનો ખાતે યોજાયેલ વિશ્વધર્મ શિખર પરિષદમાં પુષ્ટિમાર્ગનું ઉજ્જવળ પ્રતિનિધિત્વ કરનાર અને પુષ્ટિમાર્ગીય અભિગમ દ્વારા વિશ્વશાંતી શક્ય છે એવું પ્રતિપાદન કરનાર પૂ.પા.ગો.૧૦૮ શ્રીઈંદિરાબેટીજી મહોદયા અને પૂ.પા.ગો.૧૦૮ શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રીનો અભિવાદન સમારોહ વલ્લભ સદન, અમદાવાદ મુકામે સુંદર રીતે તા. ૨૨–૧૦–૨૦૦૦ ના દિને સંપન્ન થઈ ગયો. પૂ.પા.ગો.૧૦૮ શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રીએ જણાવ્યું કે એકજ સંપ્રદાયના બે આચાર્યોને આમંત્રણ પાઠવીને સંયુક્ત રાષ્ટ્રસંઘે પોતાનું ગૌરવ વધાર્યું છે. અન્ય આચાર્યશ્રીઓમાં પૂ.ગો.શ્રીરાજેશબાવાશ્રી, પૂ.ગો.શ્રીવિજયકુમારજી મહારાજશ્રી, પૂ.ગો.શ્રીયદુનાથજી મહોદયશ્રી, પૂ.ગો.શ્રીપ્રમેયકુમારજી મહોદયશ્રીએ અને પૂ.ગો.શ્રીકૃષ્ણકુમારજી એ આ અપૂર્વ ઐતિહાસિક ગૌરવગાથાને બીરદાવી હતી. પૂ.કે.કા.શાસ્ત્રી, પૂ.પ્રદ્યુમ્ન શાસ્ત્રીજી, પૂ.યોગેશભાઈ શાસ્ત્રીજી અને ઉમેશભાઈ શાસ્ત્રીજીએ પણ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

આં.રા.પુ.વૈ.પરિષદ તરફથી મંત્રીશ્રી વી.પી.પરીખ, સંગઠનમંત્રીશ્રી સી.પી.તલાટી, ઉપપ્રમુખ શ્રીમુકુન્દભાઈ પટેલ અને સહમંત્રી શ્રીહરેન્દ્ર શેઠે શ્રીવલ્લભ વિશ્વધર્મ ટ્રસ્ટ વતીથી કેન્દ્રીય પ્રમુખ શ્રીઈન્દ્રકાન્તભાઈ પરીખ અને કલ્યાણભાઈ ભાટીયાએ તેમજ ભાગવત વિદ્યાપીઠ વતી પૂ.શ્રીભાગવત ઋષિએ આચાર્ય દ્વયનું શાલ ઓઢાડી અભિવાદન કર્યું હતું. સન્માનનો પ્રતિભાવ આપતા પૂ.જીજીએ જણાવ્યું કે હવે બોલવાનો નહીં પણ સાથે મળીને ચાલવાનો સમય આવ્યો છે. પૂ.દ્વારકેશલાલજી મહારાજશ્રીએ નિવેદન કર્યું કે શ્રીમહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતો–સર્વાત્મભાવ, સમભાવ અને સમર્પણભાવ દ્વારા વિશ્વશાંતીનું સ્વપ્ન સાકાર થશે. આ પ્રસંગે જે.સી.વોરા, અશ્વિનભાઈ દેસાઈ, વીણાબેન શેઠ અને ચીમનભાઈ બેંકરનો સહયોગ ઉલ્લેખનીય રહ્યો. ગુજરાત પ્રદેશના મંત્રીશ્રી વી.પી.પરીખે સમગ્ર કાર્યક્રમનું સુચારુ રીતે સફળ સંચાલન કર્યું જ્યારે સંગઠન મંત્રીશ્રી સી.પી.તલાટી આનંદ અભિવ્યક્તિ કરી સમગ્ર આયોજન અતીતનું મીઠું સંભારણું બની રહ્યો. કારણ કે આ કાર્યક્રમમાં અમદાવાદની ૧૧ જેટલી સંસ્થાઓ સહભાગી બની.

☐ હૈદ્રાબાદ : 'શ્રીકૃષ્ણ સેવા સમિતિ' દ્વારા બે દિવસીય પુષ્ટિમાર્ગના જુદા જુદા વિષયો ઉપર સંગોષ્ટી યોજવામાં આવેલ. જેનું ૪ સત્રમાં વિભાજન કરવામાં આવેલ. પ્રથમ સત્રની શરૂઆત પૂ.પા.શ્રીનિકુંજલતા બેટીજીની અધયક્ષતા નીચે થયેલ. અને અતિથિવિશેષ પૂ.પા.ગો.શ્રીપ્રશાંતકુમારજી (મુંબઈ) હતા. બીજા સત્રની અધ્યક્ષતા પૂ.અ.સૌ.શ્રીવૃજલતા વહુજી હતા. ત્રીજા સત્રનો પ્રારંભ પૂ.પા.ગો.શ્રીપ્રશાંતકુમારજીએ કરેલ હતો. ચોથા સત્રનું આયોજન પૂ.પા.નિકુંજલતા બેટીજી દ્વારા કરવામાં આવેલ. આ સંગોષ્ટીમાં ચિંતનાત્મક વ્યાખ્યાન, પ્રસંગો, લેખો તથા હવેલી સંગીત પ્રસ્તુત કરવામાં આવેલ. સઘળું આયોજન આનંદપૂર્ણ તથા રોચક રહ્યું.

'શ્રીપુષ્ટિકૃષ્ણામૃત'નું જે પ્રકાશન થયેલ તેનું વિમોચન પૂ.પા.ગો.શ્રીપ્રશાંતકુમારજીએ કરેલ હતું.

☐ હાલોલ : હાલોલ શાખાના આમંત્રણથી આં.રા.પુ.વૈ.પરિષદ ગુજરાત પ્રદેશની કારોબારી અને પ્રદેશના કાર્યકરોની મીટીંગ તા.૨૪–૯–૨૦૦૦ ના રોજ હાલોલ મુકામે મળેલ હતી. જેમાં ગુજરાતની વિવિધ શાખાના ૮૪ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા. જેના અધ્યક્ષ પૂ.પા.ગો.ડૉ.વાગીશકુમારજી મહારાજ હતા. મંગલાચરણ બાદ પૂ.પા.ગો. શ્રીઆચાર્યજીને માલાજી અર્પણ કરવામાં આવેલ. હાલોલ શાખાના પ્રમુખ શ્રી કે. એન. શાહે તેમજ ગુજરાત પ્રદેશ વતી પ્રમુખશ્રી ઈન્દ્રકાન્તભાઈ પરીખે સૌનું સ્વાગત કર્યું હતું. ગુજરાતના વિવિધ જીલ્લાઓની શાખાઓ તેમજ વડોદરા શહેરની શાખાઓના હોદેદારોએ પ્રવૃત્તિ–અહેવાલ રજૂ કર્યા હતા. તથા નિરક્ષણો રજૂ કર્યા તથા મૌલિક સૂચનો કર્યા હતા. નવા વરાયેલા સંગઠન મંત્રી શ્રીસી.પી.તલાટીએ સંગઠનના સંદર્ભમાં આપણી જવાબદારીઓ અને પડકારોના અનુસંધાનમાં કટિબદ્ધતા અને સંકલ્પબદ્ધતા વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા. મંત્રીશ્રી પ્રા.વી.પી.પરીખે ધર્મસંસ્કાર શિબિર વિશે રૂપરેખા સમજાવી. અને કોષાધ્યક્ષ શ્રીગોપાલભાઈ શાહે ૩૧–૩–૨૦૦૦ ના રોજનું સરવૈયું રજૂ કરી હિસાબો પ્રસ્તુત કર્યા. અધ્યક્ષસ્થાનેથી પૂ.પા.ગો. શ્રીડૉ.વાગીશકુમારજીએ કાર્યકર્તાઓનું ઉત્તરદાયિત્વ, સહશિલતા તથા કર્તવ્યનિષ્ઠા પર ભાર મૂકી કાર્ય કરવાની પ્રેરણા આપી. અને દોષારોપણથી દૂર રહેવાની શીખ આપી માનવતાલક્ષી કાર્યને પ્રાધાન્ય આપવા જણાવ્યું હતું.

હાલોલ શાખાએ જે સુંદર વ્યવસ્થા કરેલ તે અંગે સંગઠન મંત્રીશ્રીએ આનંદની અભિવ્યક્તિ કરી અને આશ્રયપદના ગાન સાથે બેઠકની સમાપ્તિ થઈ.

☐ અમદાવાદ : શ્રીવલ્લભાચાર્ય વિશ્વ સનાતન ટ્રસ્ટ અને વૈષ્ણવ યુવા જાગૃતિના સહયોગથી પૂ.પા.ગો. શ્રીરાજેશકુમારજી (કડી–અમદાવાદ)ના આશીર્વાદ અને પૂ.પા.ગો.શ્રીકૃષ્ણકુમારજી (કડી–અમદાવાદ)ના માર્ગદર્શન તથા પૂ.પા.ગો.શ્રીકુંજેશકુમારજી (કડી–અમદાવાદ)ના પ્રેરક અધ્યક્ષપદે મીલેનીયમ ૨૦૦૦ પુષ્ટિમાર્ગીય રાસોત્સવનું આયોજન તા. ૨૭–૯–૨૦૦૦ ના રોજ ઈશનપુર અમદાવાદ ખાતે કરવામાં આવેલ.

☐ મુંબઈ : શ્રીગુસાંઈજી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તથા આં.રા.પુ.વૈ.પરિષદ મુંબઈ દ્વારા પુષ્ટિ ભક્તિ સંગીત કીર્તનનો પંચવર્ષીય અભ્યાસક્રમ પૂ.પા.શ્રીનિકુંજલતા બેટીજીના સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવેલ છે. જેમાં 'કીર્તન પ્રવેશિકા' થી 'કિર્તન વિશારદ' સુધીનો અભ્યાસક્રમ પ્રત્યેક વર્ષની પુસ્તિકા સાથે તૈયાર કરવામાં આવેલ છે જેથી વૈષ્ણવ ઘેર બેઠા સ્વયંશિક્ષણ મેળવી પોતાના સેવ્ય શ્રીપ્રભુ સન્મુખ કીર્તન ગાન કરી શકે.

પ્રત્યેક વર્ષે મુંબઈ તથા ભારતભરના વિવિધ કેન્દ્રોમાં આ કીર્તન ગાનની પરીક્ષા લેવાય છે. ઉત્તીર્ણ થનાર વૈષ્ણવોને પ્રમાણપત્ર આપવામાં આવે છે.

પુસ્તિકા તથા કેસેટ મેળવવાનું સ્થળ : (૧) આં.રા.પુ.વૈ.પરિષદ : જી/૨ સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોડ, મુંબઈ.
(૨) શ્રીગુસાંઈજી ચેરીટેબલ ટ્રસ્ટ : એ/૪ રાજનીલમ, ડૉ. રજબઅલી પટેલ લેન, ભૂલાભાઈ દેસાઈ રોડ, મુંબઈ.

પૂ.પા.ગો.૧૦૮ શ્રીષષ્ઠપીઠાધીશ્વર શ્રીબાલકૃષ્ણ મહારાજ (સુરત) નિત્ય લીલામાં પધાર્યા.

આં.રા.પુ.વૈષ્ણવ પરિષદની ભાવાંજલી

ષષ્ઠપીઠાધીશ્વર પૂ.પા.ગો.૧૦૮ શ્રીબાલકૃષ્ણ મહારાજ તા. ૨૬–૧૦–૨૦૦૦ ના રોજ દીપાવલી પર્વના પવિત્ર દિવસે નિત્યલીલામાં પધાર્યા તે સમાચારથી સમગ્ર પુષ્ટિસૃષ્ટિએ આંચકો અનુભવ્યો. દીપાવલી પર્વના દિવસે, પ્રકાશપુંજસમ અતિ તેજસ્વી, બહુશ્રુત પ્રતિભા ધરાવનાર પૂ.પા.ગો.શ્રીબાલકૃષ્ણ મહારાજ નિત્ય લીલામાં પધાર્યા તેથી સંપ્રદાયને મોટી ખોટ પડી છે. આં.રા.પુ.વૈ.પરિષદના સૌ કાર્યકરો, પ્રમુખ શ્રીઈન્દ્રકાંતભાઈ, પ્રદ્યુમ્નશાસ્ત્રીજી, શ્રીડાયાભાઈ ડેલાવાળા, મંત્રીઓ પ્રા.વી.પી. પરીખ, શ્રી સી.પી.તલાટી, શ્રી કે.એન.શાહ પ્રા.ગોપાલભાઈ શાહ અને રમેશભાઈ શ્રોફ તથા શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિના સર્વે કાર્યકરો, શ્રીવલ્લભસુધા સંપાદક–વ્યવસ્થાપક મંડળ, કોટિ કોટિ વંદન કરી સાદર વિનમ્ર ભાવાંજલી અર્પણ કરે છે.

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્દગારો

૮૭. સૌ સ્વાર્થનું સગું છે.

બુદ્ધિએ પ્રભુ પામીએ, આ જીવ બધા બુદ્ધિ વિના અથડાય છે. જુઓ, આ જેટલા પદાર્થ છે, તે વેશ્યારૂપ છે ને તેમણે વેશ્યાનો સંગ કર્યો છે, એટલે આપણે પણ તેવા જ થયા.

જુઓ, આ જેટલી વસ્તુ છે, તે ઉપર આપણે આસક્ત છીએ; પણ આપણે તેને જરાય વહાલા નથી. જો આપણા ઉપર એમને વહાલ હોય, તો આપણને તે છોડે નહીં. તેમ આ ઘર પર આપણને સ્નેહ છે, પણ ઘરને મન તો આપણે કશામાં નથી. તેમજ દ્રવ્યને તેમજ ઘરમાં જેટલી સામગ્રી છે, તે સર્વે વેશ્યારૂપ છે ને આપણે વિપયી (ભડવા) છીએ, એથી આપણે એમનો સંગ કર્યો, પણ જ્યારે એવો વિપય પ્રભુ ઉપર થશે, જ્યારે સર્વમાંથી મન નીકળી એક પ્રભુમાં જ પેસશે, ત્યારે પ્રભુ પ્રસન્ન થશે.

આ બહારની વસ્તુ ઉપર આપણને મોહ છે, તે પ્રભુ ઉપર થશે, ત્યારે આપણું કામ થશે, જ્યારે બાયડી મરે, છોકરો મરે, ભાયડો મરે ત્યારે રડવા બેસે, ને કહે છે કે મારા પ્રભુની સેવા હવે કોણ કરશે? હવે મારી ટહેલ કોણ કરશે? પણ એમ મનમાં ન થાય કે, પ્રભુની એટલી ઈચ્છા હશે. જ્યાં સુધી પ્રભુને સંબંધ રાખવો હતો, ત્યાં સુધી કરીએ. જીવ તો એના પોતાના સુખને રડે છે. બાયડી વહાલી હોય તો બાયડીની જેટલી વસ્તુ હોય તેટલી કૃષ્ણાર્પણ કરી દઈ કોઈ બ્રાહ્મણને કે ભિખારીને આપી દેવી જોઈએ. આવું કરીએ તો ખરું વહાલપણું, નહીં તો કશું નહીં. ૮૭

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્દ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી
૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ.ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.
૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી–મુંબઈ)

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-12-2000.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.શ્રા.નં.૧૫૮
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન.

સતસૈયા

૨. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

સબ સરનાગત સમ કરમ,
ભોગ પ્રનત કા બીચ્ચ ।
બટ્ટો હૈં, હરિ! બરદ કોં,
સ્વજન ગિનત સર નીચ્ચ ॥ (૨૯)

ટીકા : હે શ્રીહરિ ! સર્વ બહિરમુખ જીવને તમારા શરણાગત જે જીવ તેને પણ જ્યારે કર્મના ભોગ બરોબર ભોગવવા કર્યા ત્યારે તમારે શરણ આવ્યાનો ફેર શો પડયો? ભલું, અમે તો કરમભોગ ભોગવી છૂટીશું દુઃખે–સુખે, પણ વિચારી જુઓ એ વાતે, તમારા બિરદને બટ્ટો લાગે છે, પોતાના દાસને નીચ જીવની હાર્યે કરમ ભોગવાવો છો. માટે હે નાથ! પોતાના દાસના કૂકર્મ તો સમૂળા બાળી નાખવા તમને ઘટે છે. (૨૯)

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **'શ્રી વલ્લભસુધા'**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. **ફોનઃ ૩૬૨૧૩૮**
કોમ્પ્યુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. **ફોન : ૨૪૦૫૪૧.**

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલીત

શ્રીવલ્લભસુધા





વચનસુધા

આપણે પણ આપણા સમાજના આત્મિય ભાવમાં, જો આપણા સમાજમાં આત્મિયભાવથી વિચાર કરીએ અને એમાં આત્મિયભાવ સ્થાપન કરીએ આપણા સમાજમાં તો આ નાની—મોટી વાતોનું માઠું ન લાગે. અને ઘરનું કે પરિવારનું કે સમાજનું આ સંગઠન વિખેરાય નહીં. સંગઠન વિખેરવાનું—વેર—છેર થવાનું કારણ શું ? એટલાં માટે કે આપણે આ ભગવદીય વ્યવહારને ભૂલ્યાં અને સાથે આ, વલ્લભાચાર્યની ભાષ્યની પંક્તિઓ ભૂલ્યાં "લોકવત્તુલીલાકૈવલ્યમ્" ભગવાન લોકમાં લીલા કરે છે, લોક જેવી—થઈને. પણ લૌકિક નહીં. એ સદંતર લૌકિક લીલા નથી. લોકવત્ છે. એટલે ભગવદ્ લીલાની દ્રષ્ટિએ કદાચ આપણે એ કોઈ પણ એવી વાત જોઈએ, લીલાની દ્રષ્ટિએ જોતાં આવ્યાં એનું કારણ શું છે ? કે આપણું અંતઃકરણ વિકૃત ન થાય આપણી દ્રષ્ટિ વિકૃત ન થાય તો આપણી સૃષ્ટિ પણ વિકૃત ન થાય પણ એનો અર્થ આ નથી કે, જે ભગવદ્ લીલોપયોગી નથી—કે જે અસત્ છે તેને અસત ન માનવું. ભગવદ્ લીલોપયોગી નથી—લીલામાં ઉપયોગી નથી તે નથીજ લીલોપયોગી. જે અસત્ છે એ અસત્ રહેવાનું જ અને અસત્ છે એટલે લીલામાં ઉપયોગી નથી.

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ, શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા—૨ પૃષ્ઠ—૪૩—૪૪)

ગૌરક્ષા—ગો—પાલનમાં તત્પર બનો

☐ પ્લાસ્ટીકની પાતળી કોથળી જ્યાં ત્યાં ન નાંખો. તે ખાઈ જવાથી અસંખ્ય ગાયો બીમાર થાય છે, અને મૃત્યુ પામે છે. આ એક ઘોર અપરાધ છે.

☐ શ્રીગિરિરાજજીના ઉલ્લંઘનના અપરાધથી બચવા—ગોવર્ધન ગામમાંથી શ્રીગિરિરાજજી ઉપર જતી સડકનો ઉપયોગ ન કરો. આન્યોરના રસ્તેથી પૂછરી થઈને જતીપુરા જવું. આ રીતે શ્રીગિરિરાજજીની મર્યાદા અવશ્ય જાળવો.

વર્ષ : ૧૯ **અંક : ૧૦**

વિક્રમ સંવત : ૨૦૫૭ **શ્રીવલ્લભાબ્દ : ૫૨૩** **જાન્યુઆરી, ૨૦૦૧**



વાર્ષિક લવાજમ
રૂ.૪૦/-
આજીવન લવાજમ
રૂ.૫૦૧/-



"શ્રીવલ્લભસુધા" કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

"શ્રીવલ્લભસુધા" ના સેવાભાવી–પ્રતિનિધિ–કાર્યકર

[૧] અમદાવાદ

શ્રી અશ્વિનભાઈ નવનીતલાલ દેસાઈ
૪૩, સરદારપટેલનગર, એલિસબ્રીજ,

[૨] અંકલેશ્વર

શ્રીગોપાલભાઈ એન. શાહ
સી/૫, જી.આઈ.ડી.સી. કોલોની
જી.આઈ.ડી.સી. વાલીયા રોડ,

[૩] કલ્યાણ

શ્રી કૃષ્ણદાસ મથુરાદાસ અઢીયા
હવેલી બિલ્ડીંગ, પાર નાકા,

[૪] ઉપલેટા

શ્રી અમૃતલાલભાઈ પટેલ
C/O. શ્રીહરિ સ્ટોર્સ, રાજમાર્ગ,

[૫] કલકત્તા

શ્રી નિતિનભાઈ મહેતા
C/O. કાનજી સવજી મહેતા
મહેતા બિલ્ડીંગ, ૧ લે માળે,

[૬] જામનગર

નગીનદાસ પ્રેમચંદ કંસારા
C/O. દિપેશ મેટલ કોર્પોરેશન
૫૬, દિગ્વીય પ્લોટ,

[૭] જુનાગઢ

☐ શ્રીઅમૃતલાલ સુંદરજી હિંડોચા
C/O. શ્રીગોકુલ એજન્સી, ૬/શ્રીનાથજી ચેમ્બર,
દાણાપીઠ,

☐ શ્રીપોપટલાલ જમનાદાસ
બી/૨, રવિકિરણ એપાર્ટમેન્ટ,

☐ શ્રીઅરજણભાઈ જેસાભાઈ વૈષ્ણવ
'કિરણ' ૪–જલારામ સોસાયટી,
લોઢીયાવાડી સામે,

[૮] ડોમ્બીવલી

શ્રીવિઠ્ઠલભાઈ એસ. લાખાણી
૮–શીવલીલા, તિલકનગર, ગોપાલનગર રોડ–૧.

[૯] ધોરાજી

શ્રીજાદવજીભાઈ જીવરાજભાઈ વઘાસીયા
'નંદાલય' રાળીયા હનુમાન પાસે,

[૧૦] પાંચપીપળા

શ્રીગોકળભાઈ જાદવભાઈ પોલરા

[૧૧] ઘાટકોપર (પૂર્વ)

શ્રીછોટાલાલ જીવરાજ મહેતા
લાભ સદન, અર્ચના નિવાસ,
રાજાવાડી, એમ.જી.રોડ,

[૧૨] મુંબઈ

☐ આં.રા.પુ.વૈ.પરિષદ
અનંતવાડી, વૈદભુવન, કાલબાદેવી રોડ,

☐ આં.રા.પુ.વૈ.પરિષદ
જી/૨, સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોડ,
પોલીસ સ્ટેશન સામે,

[૧૩] મલાડ

શ્રીજયંત સી. ભાઠા
૫૨, રામચંદ્ર લેન, અલ્હાબાદ બેંકની સામે,

[૧૪] મોરબી

☐ શ્રીભગવાનદાસ વેલજીભાઈ શનિશ્ચરા
૪–ખત્રીવાડ,

☐ ધર્મેન્દ્ર ભોગીલાલ કંસારા
C/O. ટોકરશી જાદવજી કંસારા

[૧૫] મોટાભાદરા

પોંકીયા વલ્લભભાઈ રાઘવભાઈ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

વર્ષ : ૧૯ અંક : ૧૦ ☐ શ્રી વલ્લભાબ્દ પ૨૩ ☐ જાન્યુઆરી, ૨૦૦૧

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યુ સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

[ચોરાશી અપરાધ]

અપરાધ ચુમાલીસમો : 'પાંવ સોં લગી સામગ્રી શ્રીઠાકોરજી કું ભોગ ન ધરે'

શ્રીઠાકોરજીને ધરવાની કોઈપણ સામગ્રી, અન્ન, ફલ, શાક, ઘી, ખાંડ, મેવા, તેજાના હરકોઈ વસ્તુ શ્રીભંડારમાં હોય કે સિદ્ધ કરેલ સામગ્રી (તૈયાર વસ્તુ) તેને આપણો પગ અડી ન જાય તેની ખાસ સાવધાની રાખવી. જો આપણો પગ સામગ્રીને અડી જાય તો તે સામગ્રી શ્રીઠાકોરજીને ધરવા યોગ્ય ન રહે. આથી સેવા સમયે સામગ્રી અગર હર કોઈ ઉપકરણ, સોહની કે પોતા જેવી નાની વસ્તુને પણ આપણો પગ ન લાગે તેની કાળજી લેવી જોઈએ. અસાવધાન રહેવાથી સામગ્રીને પગ લાગી જાય તો અપરાધ પડે, અને તેવી સામગ્રી શ્રીઠાકોરજીને ભોગ ન ધરી શકાય. તેમજ સોહની, કે પડઘા—પાટલા કે અન્ય ઉપકરણને જો ભૂલથી પગ અડકી જાય તો તે વસ્તુ સ્વરૂપાત્મક હોઈ તેમની ક્ષમા માંગી માથે—આંખે લગાડી ખાસા કરી (ધોઈને) ઉપયોગ કરવો.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભસુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રીવલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

સંન્યાસ નિર્ણય

☐ કાકા શ્રીવલ્લભજી કૃત વિવૃતિ ☐

☐ ભાષાંતર : શ્રીબાબુભાઈ પી. નાયક— કડી ☐

—ગતાંકથી ચાલુ

જ્ઞાનાર્થમુત્તરાંગં ચ સિદ્ધિર્જન્મશતૈઃ પરમ્ ।
જ્ઞાનં ચ સાધનાપેક્ષં યજ્ઞાદિશ્રવણાન્મતમ્ ॥ ૧૫ ॥

શ્લોકાર્થઃ જ્ઞાન માટેના અને જ્ઞાનના અંગરૂપ સંન્યાસની સિદ્ધિ સેંકડો જન્મ પછી પ્રાપ્ત થાય છે. પછી મોક્ષ મળે છે. જ્ઞાન સાધનની અપેક્ષાવાળું છે. યજ્ઞ વગેરે કરવાથી અને શાસ્ત્રોના શ્રવણથી જ્ઞાન પ્રાપ્ત થાય છે એમ માનવામાં આવે છે—૧૫

વિવૃત્તિનો ભાવાનુવાદઃ જ્ઞાનમાર્ગમાં સંન્યાસ બે પ્રકારા વિચારેલા છે. એક વિવિષિદા સંન્યાસ અને બીજો વિદ્વત્ સંન્યાસ. બંનેનો પ્રમાણથી વિચાર કરવામાં આવે છે. જ્ઞાન માટે સાધનની જરૂર છે. ભક્તિમાર્ગીય સંન્યાસમાં વિરહના અનુભવ માટે ભાવ એ સાધન છે. તે અગાઉ કહેવાઈ ગયું છે. જ્ઞાનમાર્ગીય સંન્યાસમાં મુખ્ય અંગરૂપ સાધન શ્રવણ કહ્યું છે. પછી આત્મજ્ઞાન થાય. પછી મોક્ષ એ તેની સિદ્ધિ છે, પણ મોક્ષ મળવામાં ઘણો વિલંબ થાય. સેંકડો જન્મ પછી મોક્ષપ્રાપ્તિ બતાવી છે. કર્મમાર્ગનો સંન્યાસ તુરીયાશ્રમે લેવા કહ્યું છે, પણ તેમાં જ્ઞાનની આવશ્યકતા બતાવી છે, તેથી કર્મમાર્ગીયોને વિશેષે કરીને કોઈપણ રીતે સંન્યાસ ન લેવો તેવું કહ્યું છે. તેથી શંકાના સમાધાનમાં કહે છે કે કર્મમાર્ગમાં બે વસ્તુ જ કરવાની છે. એક તો જ્ઞાન મેળવવું. જ્ઞાનની સાથે સાથે જ્ઞાન મેળવવામાં સહાયક પંચાગ્નિ થાય. એટલે આ જન્માં જ પંચાગ્નિ કરવાનો અધિકાર પ્રાપ્ત થતાં, સાધન કરવાની અપેક્ષા જાગે છે. તેથી કર્મમાર્ગનું જ્ઞાનસ્વરૂપનું કહ્યુ છે. તે માટે સાધન શાસ્ત્રો વગેરેનાં શ્રવણાદિ કહી ફલસ્વરૂપે ફલને સંન્યાસના અંગરૂપ કહ્યું. કર્મમાર્ગીય જીવને આ જન્માં જ ગૃહસ્થાશ્રમમાં રહીને યજ્ઞાદિ કરવા. સાથે કથાશ્રવણ પણ કરતા રહેવું એમ બતાવ્યું છે. તે માટે પૂર્વે પ્રાપ્ત કરેલું જ્ઞાન પણ ઉપયોગી થાય છે, પણ તેથી જીવને મુક્તિ મળતી નથી. લાભ એ થાય છે કે જ્ઞાન માટે જરૂરી સાધન યજ્ઞ છે. તેનાથી ચિત્તશુદ્ધિ થાય છે. ત્યારપછી શાસ્ત્રોનું શ્રવણ જ્ઞાન પ્રાપ્ત કરાવે છે—૧૫

અતઃ કલૌ ચ સંન્યાસો પશ્ચાતાપાય નાન્યથા ।
પાખંડિત્વં ભવેચ્ચાપિ તસ્માજ્જ્ઞાને ન સંન્યસેત્ ॥૧૬॥

સુતરાં કલિદોષણાં પ્રબલત્વાદિતિ સ્થિતિઃ । ૧૯ ૧/૨ ।

શ્લોકાર્થઃ તેથી કલિયુગમાં એ સંન્યાસ પશ્ચાતાપ કરાવનારો છે. સારું ફળ આપનાર થતો નથી. અને પાખંડીપણું પણ પ્રાપ્ત થાય છે. તેથી જ્ઞાનમાર્ગમાં સંન્યાસ લેવો યોગ્ય નથી—૧૯. કલિયુગના દોષો બહુ બળવાન હોવાથી, ત્યાગ કરવો (સંન્યાસ લેવો)યોગ્ય નથી—૧૯૧/૨

વિવૃત્તિનો ભાવાનુવાદઃ કર્મમાર્ગીય સંન્યાસ સાધનોને આધીન છે, પરંતુ આ કલિયુગમાં દેશાદિ દોષોને કારણે સાધનો શુદ્ધ રહ્યાં નથી. તેથી ચિત્તશુદ્ધિ થઈ શકતી નથી. તેથી જ્ઞાન પ્રાપ્ત કરી શકાતું નથી. તે કર્મમાર્ગીય સંન્યાસ લઈ પરિત્યાગ કરવો વૃથા છે. તેથી કલિયુગમાં સંન્યાસ પશ્ચાતાપ કરાવનારો નીવડે છે. તે સારું ફળ આપનારો બનતો નથી. જ્ઞાનભક્તિથી લેવામાં આવતો સંન્યાસ સાધનની અપેક્ષા રાખતો હોવાથી સાધન કરવાનું કલિયુગમાં બની શકતું નથી. તેથી તે કેવળ પશ્ચાતાપનું કારણ નથી બનતો પણ દોષને કારણે સંન્યાસ પાખંડનું કારણ બને છે. તેથી જ્ઞાનમાર્ગમાં પણ સંન્યાસ લેવો યોગ્ય નથી. ચિત્તની અશુદ્ધિને કારણે સંન્યાસ લેવા છતાં, જીવ સંન્યાસ વિરુદ્ધ આચરણ કરી બેસે છે. માની લો કે જીવમાં દોષોનો અભાવ છે, છતાં પાક્ષિક દોષ થઈ જવા સંભવ છે, ફળની સિદ્ધિ થતી નથી. તેથી જ્ઞાનમાર્ગીયે પણ સંન્યાસ ન ગ્રહણ કરવો. તે બતાવવા 'ચ' શબ્દ મૂક્યો છે. વળી તે પશ્ચાતાપનું કારણ બને છે. તેમ પણ પહેલાં કહ્યું. તેથી જ્ઞાનના હેતુથી પણ સંન્યાસ ન લેવો, કારણ કે જ્ઞાન સાધનની અપેક્ષા રાખે છે. માટે સંન્યાસથી ફળરૂપ સંન્યાસ સિદ્ધ થતો નથી. માટે સંન્યાસ ગ્રહણ ન કરવો જોઈએ—૧૯.

વળી કલિયુગને કારણે કર્મમાં પ્રમાણની જરૂર છે. કાળને કારણે કર્મ પણ બાધક બને છે. તેથી તે લેવો યોગ્ય નથી. કલિના દોષોને કારણે કર્મ કરવા છતાં દોષો થવાનું પ્રબલ કારણ છે. કલિકાળને કારણે, કર્મ કરવું તે પણ કાળને આધીન છે. તેથી કર્મના કરતાં કાળ વધારે પ્રબળ છે. યોગીઓ પણ કર્મથી દૂર રહેનાર હોવા છતાં પણ કાલને કારણે કર્મબંધનમાં પડે છે તેમ સ્મૃતિ પણ કહે છે. માટે કર્મમાર્ગમાં કાળના બાધકપણાને લીધે સંન્યાસ ગ્રહણ કરવો યોગ્ય નથી—૧૯ ૧/૨.

શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે જ્ઞાનમાર્ગનો સંન્યાસ પણ ઈચ્છવા યોગ્ય નથી. હવે જો ભક્તિમાર્ગમાં પણ જો દોષની સંભાવના હોય તો શું કરવું? તેનું નિરાકરણ નીચે કરે છે.

ભક્તિમાર્ગેઽપિ ચેત્ દોષસ્તદા કિં કાર્યમુચ્યતે ॥૧૭॥

શ્લોકાર્થઃ ભક્તિમાર્ગમાં પણ જો ત્યાગ કરવાથી દોષ થતા હોય, તો શું કરવું તે કહે છે.

વિવૃત્ત ભાવાનુવાદઃ હવે શું કરવું ? જીવે ભક્તિમાર્ગમાં જ સ્થિર રહેવું? કે ભક્તિમાર્ગ તજીને જ્ઞાનમાર્ગનો આશ્રય લેવો? તેવી શંકાનું સમાધાન નીચેના શ્લોકમાં કરે છે—૧૭

ભક્તિપોષણ

વિવેચક : પૂ.બા. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

સહસ્ત્ર ભુજાપતિ રાખશે, હણશે શું બે ભુજ વાળો?
તે જ પુરૂષ જ્યારે મારશે ત્યારે કોઈ નથી રખવાળો.
રખવાળો રિપુ છે નહી કોય, સઘળી વસ્તુ શ્રીકૃષ્ણથી હોય
કર્તા, હર્તા, એક શ્રીવ્રજરાય, એનાં કર્યા વિના કાંઈ નવ થાય.
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૮૦)

વિવેચન : આ ચંદ્રાવળામાં કવિશ્રી નિર્ભયતા પ્રાપ્ત કરી ભક્તિ કરશો તેવું સૂચન કરે છે. પ્રભુ સર્વ સમર્થ છે, સર્વ જગા પર રક્ષક છે.

ભક્ત રક્ષક પ્રભુ હજાર હાથવાળો છે. તેને બે હાથવાળો શું મારી શકશે? જીવ ક્યાં ક્યાં પોતાની રક્ષા કરી શકશે. આ લોકનું નામ જ તો મૃત્યુલોક છે. અકસ્માતો, બિમારીઓ, દુશ્મનો, આ વસ્તુ ભયભિત કરે છે. પ્રભુ ચાહે તો ગમે તે સ્થિતિમાં ગમે ત્યાં બચાવશે. ધાર્યુ ધણીનું થાય છે. જેઓ દેવતાઓ પાસેથી વરદાન માગી સંસારમાં અનેકોને દુઃખરૂપ બને છે, મદ અને અભિમાનથી પાપ કર્યા કરે છે, તેને પણ ભય છે જ. જુઓ કે બાણાસુરે મહાદેવજીની તપસ્યા કરી વરદાન માંગ્યુ, હજાર હાથ માગ્યા, તે તથાસ્તુ કહ્યું. એટલે તેને પ્રાપ્ત થયા. તેથી મદ ભરાણો. પાછો કૈલાસ ગયો, ને મહાદેવજીથી યુદ્ધ માંગ્યું, ત્યારે સામો શ્રાપ મલ્યો કે ઉતાવળો થામા, તારો ભાર ઉતરશે.

ઉષા—અનિરુદ્ધનાં પ્રકરણમાં દ્વારકાધીશ સાથે યુદ્ધ કરતાં બાણાસુરે હાથ ગુમાવ્યા. છેવટે મહાદેવજીએ સમજાવ્યો કે બોલ હવે તારે લડવું છે તો કહે હવે લડું તો પાકું મોત. પછી ભગવાને મહાદેવજીનાં કહેવાથી સુદર્શન ચક્ર પાછું બોલાવ્યું. દીધેલું વરદાન શું કામ આવ્યું. મૃત્યુનાં ભયથી થરથર કાંપતો, ભગવાનને ચરણે પડયો, ત્યારે શાંતિ મળી. આમ પ્રભુનું શરણ જ સર્વશ્રેષ્ઠ છે.

હિરણ્યકશ્યપુએ માંગ્યુ હતું કે જળમાં કે સ્થળમાં ઉંચે કે નીચે, ઘરમાં કે બહાર, દિવસે કે રાત્રે મારું મોત ન થાય. તેને ખબર નથી કે પ્રભુ નૃસિંહરૂપ ધારણ કરીને મારો વધ કરશે. સંધ્યા સમયે ઉંમરામાં ખોળામાં રાખીને મારા જીવનનો કોઈ અંત આણશે. અત્રે પ્રહલાદની રક્ષા કરવા પ્રભુએ આવું રૂપ ધારણ કરીને તેનો વધ કર્યો. ભક્તની રક્ષા પ્રભુ સ્વયં કરે છે.

કંસ કોપાયમાન થઈને જે જે રાક્ષસોને વૃજમાં મોકલતો, તે કોઈ જેવા તેવા માયાવી, બળવાન નોતા, છતાં વૃજવાસીઓની રક્ષા કરવા પ્રભુએ કોઈ રાક્ષસને પાછો જવા ન દીધો. તેનો નાશ જ કર્યો છે.

પુતનાનાં પ્રાણ શોષીને તેણે મરેલા બાળકોને પ્રભુએ પોતાનામાંજ સમાવી લીધા. દાવાનળ પાન કરી. ગોપ ગાયોની રક્ષા કરી. કાલિંદીમાં ઝેર હતું તેથી ગોપ બાળકો બેશુદ્ધ બન્યા, તેમાંથી બાળકને બચાવી લીધા, ઝેર નષ્ટ કર્યું. આવી રીતે ગાયો, ગોપો બધાનું પ્રભુએ રક્ષણ કર્યું છે. આ છે હજાર હાથવાળો તેને બે હાથવાળો કંસ શું કરી શકવાનો હતો. વૃજવાસી નિર્ભય હતા, કેમકે પ્રભુ તેનાં રક્ષક છે.

વળી જ્યાં જ્યાં ભક્ત હોય ત્યાં ત્યાં દ્વેષ કરવાવાળા, નિંદા કરવાવાળા દુર્જનો પણ હોય છે. આ સંસાર બહુરંગી છે, તેમાં બધુંય છે. ભક્ત છે તેમ અભક્ત પણ છે. જ્ઞાની છે તેમ અજ્ઞાની મૂર્ખ પણ છે. દયાળુ છે તેમ નિર્દય પણ છે. ક્રોધી દંભી છે તેમ શાંત ચિત્તવાળા પણ છે. પૂણ્યશાળી છે તેમ પાપી પણ છે.

ભક્તોમાં પણ—નિષ્કામ ભક્તો છે તેમ સકામ ભક્તિ કરવાવાળા પણ છે. આમ બધી પ્રકારનાં ગુણોવાળાની આ સૃષ્ટિ પ્રભુએ રચી છે.

ભક્તોમાં જેમકે નરસિંહ મહેતા જુનાગઢમાં રહેતા હતા, તે તો કેવળ ભગવાનનું ગુણગાન કરતા, તેની પછવાડે પણ પ્રપંચી, દંભી, ઈર્ષ્યાળુ લોકો પડી ગયા હતા, પરંતુ પ્રભુએ સર્વ જગાયે તેની રક્ષા કરી છે.

એકવાર એવું બન્યું કે બીજાની ભલાઈ કરવા નરસિંહ મહેતાએ કેદારો રાગ ગીરવી મૂકી તેનું કામ કર્યું કે, હું તારા નાણાં ચૂકવીશ, પછી જ કેદારો રાગ ગાઈશ. આમાં પ્રપંચીઓને લાગ મલ્યો તેથી તેઓએ રાજાને વિનંતી કરી કે, મહેતો તો ઠગ છે, ખોટા ખોટા ચમત્કારો બતાવી ભોળા માનવીને ભોળવે છે. આજે અગીયારસ છે, રાજ મંદિરમાં જ તેને બોલાવો. જો ભગવાન સ્વયં તેને માળા આપે તો સાચું, નહીં તો દંડ કરવો. રાજાએ આ વાત માની લીધીને નરસિંહ મહેતાને કહ્યું કે તમે ભજન ગાવો, અમે જોઈએ કે ભગવાન તમને કેમ માળા આપે છે. જો ખોટું હશે તો તમો શિક્ષાને પાત્ર બનશો. નરસિંહ મહેતા ભોળા ભાળા, રાજા પ્રજા જ્યાં એકત્રિત થઈ હતી, તે મંદીરમાં ભજન કરવા લાગ્યા.

ભક્ત મુંઝાયા કે મને તો વરદાન છે કે કેદારો રાગ ગાઉં ત્યારે જ પ્રભુ પ્રસન્ન થાય, પરંતુ તે તો મેં ગીરવી મૂક્યો છે. તેથી હું ગાઈ શકીશ નહીં. પહેલા તે શેઠનો કરજો ચુકાવું પછી જ કેદારો ગવાય. ત્યારે અત્રેથી રાજા તેને હટવા દેવા તૈયાર નથી. આવા ધર્મ સંકટમાં આવી ગયા, ત્યારે પ્રભુ ઈચ્છા માની કે પ્રભુ જેવી આપની મરજી હું તો આપના ગુણાનુવાદ ગાઈશ, થવું હોય તે થાય.

ભગવાને વિચાર્યું કે મારો ભક્ત કિર્તન ગાઈને થાકી ગયો છે, પરંતુ ટેક તેની છોડતો નથી. અત્રે તો ભક્તની લાજ જશે. આમ વિચારી નરસિંહ મહેતાનું રૂપ ધારણ કરી પ્રભુ શેઠને ઘેર ગયા, પૈસા ચૂકવી પહોંચ લખાવી. નરસિંહ મહેતા જ્યાં કીર્તન કરતા હતા ત્યાં જ તેના હાથમાં કાગળ પહોંચતો આપ્યો. કાગળ હાથમાં આવતા જ મહેતાજી સમજી ગયા કે આ તો પ્રભુનું જ કામ છે. તેજ વખતે હર્ષોલ્લાસ સાથે કેદારા રાગમાં કીર્તન ગાયું. તે સાંભળતા જ દામોદરજીએ હાર પોતાનાં ગળામાંથી કાઢી નરસિંહ મહેતાના ગળામાં પહોંચતો કર્યો. આ વસ્તુ રાજા પ્રજા બધા જોઈ સ્તબ્ધ થયા. નરસિંહ મહેતાની વાહ વાહ કરવા લાગ્યા. દ્વેષ કરવાવાળા આડા અવળા મોઢું છુપાવવા લાગ્યા. આમ પ્રભુ રખવાળો હોય તેને કોણ દુભાવી શકે? માટે જ **કવિશ્રી કહે છે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૮૦)**

॥ શ્રીહરિઃ ॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો

લેખક – દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ– ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા– વિશારદ, મુંબઈ.

ભાષાંતર – ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

—ગતાંકથી ચાલુ

૯. પુષ્ટિમાર્ગના સેવ્ય સ્વરૂપ

ભગવાન શ્રીકૃષ્ણ આ પુષ્ટિમાર્ગમાં સર્વોપરી છે. અને તેઓની આ માર્ગમાં પરિચર્યા છે. વેદના દિવ્ય આકાર પ્રભુ શ્રીકૃષ્ણ જ છે. આપ પૂર્ણ કલા સહિત અહીં પધાર્યા હતા. એટલા માટે આપ અવતારી હોવા છતાં અવતાર કહેવામાં આવે છે. આપનું પ્રાગટય થાય છે. પરંતુ કોઈના દ્વારા અવતાર થતો નથી. આપ દિવ્ય સ્વરૂપથી અહીં પ્રગટ થયા છે. આ વાતના સાક્ષી સ્વયં ભગવાન પોતે જ ગીતામાં બતાવે છે અને આજ્ઞા કરે છે કે—

જન્મકર્મ ચ મે દિવ્યમેવં યો વેત્તિ તત્વતઃ ।
ત્યક્ત્વા દેહં પુનર્જન્મ નૈતિ મામેતિ સોર્જુન ॥

અર્થઃ— 'હે અર્જુન, મારો જન્મ અને કર્મ બંને દિવ્ય છે. જે મનુષ્ય આ વાત સારી રીતે સમજી લ્યે તે ફરી દુઃખ પામતો નથી. અને અંતમાં મને પ્રાપ્ત કરે છે.' પરંતુ આ વાત સર્વત્ર અને સર્વદા પ્રાપ્ત થતી નથી. તે વાતને પ્રભુએ આ પ્રમાણે કહી છે.

મનુષ્યાણાં સહસ્ત્રેષુ કશ્ચિદ્યતતિ સિદ્ધયે ।
યતતામપિ સિદ્ધાનાં કશ્ચિન્માં વેત્તિ તત્વતઃ ॥

હજારો મનુષ્યોમાંથી કોઈક જ મને પૂર્ણ રીતે જાણી શકે છે. ભુત, ભવિષ્ય, વર્તમાન બધું જ ભગવાન શ્રીકૃષ્ણ જાણે છે. પરંતુ શ્રીકૃષ્ણને પૂર્ણ રીતે કોઈ જાણતું નથી. આપ માયારૂપી આવરણથી ઢંકાયેલા છે. તેથી આપના પ્રાકૃત સ્વરૂપને સર્વ સાધારણ મનુષ્યો જાણતા નથી. જોકે આપ દિવ્ય સ્વરૂપથી પામવા દુર્લભ છે, અસ્પર્શ્ય (સ્પર્શ ન કરી શકાય તેવા), અગોચર અને અપ્રાપ્ય છે. પરંતુ અનન્ય ભાવથી નિરંતર સ્મરણ કરવાવા માટે સુલભ બને છે. અનન્ય ભાવ ભક્તિથી જ શ્રીકૃષ્ણ પ્રસન્ન થાય છે. જેનું અંતઃકરણ કામ, ક્રોધાદિકથી મલિન છે. આવા સાધારણ મનુષ્ય માટે ભગવાન દુર્લભ છે. પરંતુ જે લોકો આપના ચરણારવિંદનું ધ્યાન પ્રત્યેક ક્ષણે કરે છે તેને આપ સહજમાં દર્શન આપે છે. ભક્તની ઈચ્છા મુજબ ભક્તને અનુકુલ આપ ભક્તોના અનુગ્રહાર્થે સ્વરૂપ ધારણ કરે છે.

ઉત્કલ દેશના રાજાની સભામાં એક સમય વિવાદ થયો. વિવાદનો વિષય હતો કે (૧)મુખ્ય શાસ્ત્ર કયું? (૨) પરબ્રહ્મ પરમાત્મા કોણ? (૩) મુખ્ય મંત્ર કયો? (૪) અને મનુષ્યનું કર્તવ્ય શું? શ્રીવલ્લભાચાર્યજી જ્યારે ઉત્કલ પધાર્યા તે સમયે આ વાદ વિવાદ ચાલતો હતો. શ્રીમહાપ્રભુજીને પંડિતો સાથે વાદવિવાદ વધારવાનું યોગ્ય લાગ્યું નહીં કારણ કે પંડિતવર્ગ પોતાની વાતને જ સાચી માન્ય રાખવા માટેનો જ આગ્રહ રાખતા હતા. તેથી શ્રીમહાપ્રભુજીએ રાજાને કહ્યું કે 'રાજન્ આ સભામાં વાદ યથાર્થ રીતે ચાલી શકે તેમ નથી. માટે આ વાત શ્રીજગન્નાથજીને શા માટે ન પૂછવી ? તેઓ જે કહે તે સર્વથા માનવાને યોગ્ય છે.' શ્રીજગન્નાથજીના મંદિરમાં કાગળ, કલમ, ખડીયો રાખીને બધા બહાર આવી ગયા અને કમાડ બંધ કર્યા. થોડીવાર પછી કમાડ ખોલી જોયું તો કાગળ ઉપર નીચેનો શ્લોક લખેલો હતો.

એકં શાસ્ત્રં દેવકી પુત્ર ગીત, મેકો દેવ દેવકી પુત્ર એવ ।
મંત્રોપ્યેકસ્તસ્ય નામાનિ યાનિ, કમપ્યેકં તસ્ય દેવસ્ય સેવા ॥

અર્થઃ શાસ્ત્રોમાં કેવળ એકજ ગોવિંદ દ્વારા કહેલી શ્રીભગવદ્ ગીતા છે, દેવોમાં એક દેવકીપુત્ર શ્રીકૃષ્ણ શ્રેષ્ઠ છે. મંત્ર તેના નામનો શ્રેષ્ઠ છે. અને જીવનું એક માત્ર કર્તવ્ય છે ભગવાનની સેવા કરવી.

વિદ્વાનો એ આ વાતનો સ્વીકાર કર્યો. ભગવાન શ્રીકૃષ્ણને વેદમાં બ્રહ્મ, સ્મૃતિમાં પરમાત્મા અને ભાગવતમાં ભગવાન શબ્દોથી સંબોધિત કર્યા છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ત્રણેય ગુણાનુવતાર માન્યા છે. પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ નિર્ગુણ અને પરબ્રહ્મ છે. ભગવાન ક્ષર અને અક્ષરથી પણ ઉત્તમ છે. તેથી પુરૂષોત્તમ છે. ગીતાજીમાં કહ્યું છે–

યસ્માત્ક્ષર મતી તોહમ ક્ષરાદપિ ચોત્તમ ।
અતોસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરૂષોત્તમઃ ॥

ક્ષર અર્થાત્ તુચ્છ ક્ષયશાલી—નાનામાં નાની વસ્તુથી બ્રહ્મા સુધી ક્ષર છે. અને અક્ષર છે ગણિતાનંદ અક્ષરબ્રહ્મ. ભગવાન શ્રીકૃષ્ણના કેટલાય પ્રકારે અવતાર છે. અંશાવતાર, કલાઅવતાર અને આવેશાવતાર. આ પ્રકારે ભગવાન કઈ પ્રકારથી અહીંયા અવતાર ધારણ કરે છે જ્યાં વ્યાપિ વૈકુંઠમાં ભગવાન બિરાજે છે. ત્યાં આપની સંજ્ઞા પુરૂષોત્તમ નામની છે. અહીં પ્રાગટય થયું હોય ત્યારે તેજ શ્રીકૃષ્ણ કહેવાય છે.

વૈષ્ણવોના સેવ્ય શ્રીકૃષ્ણ જ છે. તેજ પરબ્રહ્મ છે. અક્ષરબ્રહ્મ શ્રીભગવાન શ્રીકૃષ્ણના અંશ છે. વેદમાં અક્ષરબ્રહ્મને ભગવાન શ્રીકૃષ્ણની ત્રિપાદ્વિભૂતિ કહેવામાં આવ્યા છે. બીજા દેવતાઓ તેના અંગો છે.

'કૃષ્ણસ્તુ ભગવાન્સ્વયમ્' આ શ્રીમદ્ભાગવતના કથનથી શ્રીકૃષ્ણ જ પૂર્ણ પુરૂષોત્તમ સિદ્ધ થાય છે.

કૃષિર્ભૂવાચક: શબ્દો ણશ્ચ નિવૃતિવાચક: ।
તયોરૈક્યં પરં બ્રહ્મ કૃષ્ણ ઈત્યાભિધીયતે ॥

કૃષ્ણ સંજ્ઞામાં બે શબ્દો છે. તેમાં પહેલો શબ્દ કૃષ્ નો અર્થ સત્તા થાય છે. બીજા શબ્દ 'ણ' નો અર્થ આનંદ છે. આ બંને શબ્દો એક થવાથી શ્રીકૃષ્ણનો અર્થ સચ્ચિદાનંદ થાય છે.

શ્રીકૃષ્ણ દ્વિભુજ અને ચતુર્ભુજ રૂપમાં અનેક સ્થળોએ બિરાજે છે. વૈકુંઠમાં ચતુર્ભુજ સ્વરૂપે અને ગોલોક ગોકુલમાં દ્વિભુજ રૂપથી બિરાજે છે. આપના સ્વરૂપબળથી નિ:સાધન જનોનો ઉદ્ધાર કરવા માટે ભગવાનનો અવતાર થાય છે. નંદ વ્રજમાં શ્રીકૃષ્ણનું પ્રગટવાનું કારણ તેજ છે. આપે અનેક પ્રકારની લીલા વૃજમાં કરી હતી. તેમાં શ્રીગોવર્ધનધારણ લીલા ખુબજ અદ્ભુત હતી. નાથદ્વારામાં બિરાજતું શ્રીનાથજીનું સ્વરૂપ ગોવર્ધનધારણ સમયનું છે.

પુષ્ટિમાર્ગમાં જેટલા ભગવાન સેવ્ય સ્વરૂપ છે તે બધાજ સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણ પોતે જ સાક્ષાત્ સ્વરૂપભૂત છે. ભક્તિમાર્ગના સ્વરૂપોમાં સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમ બિરાજમાન છે તેથી પુષ્ટિભાવ સ્વરૂપ જ સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપાત્મક છે. તેથી પુષ્ટિસંપ્રદાયમાં તેને મૂર્તિ કહેવાતું નથી અને સ્વરૂપ કહેવાય છે. આ સ્વરૂપ કેવળ મંત્રાધીન નથી. ભક્તિભાવ મુખ્ય હોવાથી અહીં આવાહન, વિસર્જન આદિ હોતું નથી. તેથી તેને પ્રતિકની ઉપાસના કહેવાતી નથી પરંતુ સેવ્યસ્વરૂપ સેવા કહેવામાં આવે છે. ભગવાનનાં અનંત સ્વરૂપ છે. તેથી ભગવાન પોતે જ આ ધાતુમય સ્વરૂપ અથવા ચિત્રજી સ્વરૂપમાં આવિર્ભૂત થાય છે. ભક્તની સેવા અને ભક્તિ જ્યારે પરાકાષ્ટાએ પહોંચે ત્યારે ભગવાન સ્વયં તે સ્વરૂપમાં પ્રત્યક્ષ પ્રગટ થઈને ભક્તને દર્શન દે છે. તેથી સ્વરૂપના શ્રીહસ્તને ભગવાનના શ્રીહસ્ત, ચરણકમલને ચરણકમલ અને પ્રત્યેક અવયવને સાક્ષાત્ ભગવાનનાં અવયવ સમજાવવામાં આવે છે. આપણે ત્યાં બ્રહ્મને

વ્યાપક અને સાકાર માનવામાં આવે છે. સ્વરૂપને જે વસ્ત્રાદિ ધારણ કરાવવામાં આવે છે તે પણ સાક્ષાત્ શ્રીહરીને જ ધારણ કરાવીએ છીએ.

પરબ્રહ્મ શ્રીકૃષ્ણ છે. તેમને જ્યારે સૃષ્ટિ ઉત્પન્ન કરવાની ઈચ્છા થઈ ત્યારે આપે પ્રકૃતિનું નિર્માણ કર્યું. અને તેનાથી મહાવિષ્ણુની ઉત્પત્તિ થઈ. આ મહાવિષ્ણુ ભગવાનના સોળમા અંશ છે. આ વાત બ્રહ્મવૈવર્ત પુરાણમાં લખી છે. આનાથી ભગવાનને સર્વોપરિ જાણવામાં આવે છે. શ્રીમદ્ભગવત ગીતામાં લખ્યું છે—

વિષ્ટભ્યાહ મિદં સર્વમેકાંશેન સ્થિતો જગત્ ।

અર્થ: આ જગત શ્રીકૃષ્ણના બહુજ નાના ભાગમાં સમાવિષ્ટ થઈ જાય છે. શ્રીકૃષ્ણરૂપી પરમ અને ગહન તત્વંને બ્રહ્માદિક દેવતા પણ જાણી શકતા નથી. જ્યારે આપણે તો ખૂબજ સાધારણ મનુષ્યો છીએ. તો આપણે ભગવાન શ્રીકૃષ્ણના સ્વરૂપને સમજી ન શકીએ તેમાં આશ્ચર્યની શું વાત છે?

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ભગવાનના અંશ છે. તેને શ્રીકૃષ્ણની ત્રણ મુખ્ય ગુણાવતાર મહાશક્તિ કહી છે. તે ઈશ્વરના નામથી શાસ્ત્રોમાં બતાવ્યા છે. બ્રહ્મા ભગવાનની આજ્ઞાથી સૃષ્ટિનું સર્જન કરે છે. વિષ્ણુ જગતનું પાલન કરે છે. અને રૂદ્ર સંહાર કરવાવાળી શક્તિ છે. આ ત્રણેય પરમેશ્વર ભગવાન શ્રીકૃષ્ણની આજ્ઞા અનુસાર પોતાના કર્તવ્યનું પાલન કરે છે. આ ત્રણેય દેવ ત્રણેય ગુણોના અધિષ્ટાતા છે. આ ત્રણેય દેવતાઓ ઉપર ઉપર જણાવેલા ત્રણેય ગુણોની થોડી અસર રહેલી છે. તેથી તે સગુણ ઈશ્વર છે. ભગવાન ઉપર આ ગુણોની અસર જરાપણ રહેતી નથી. જેથી ભગવાન સર્વોત્કૃષ્ટ છે. અને તેથી તે નિર્ગુણ છે.

'ન પ્રતીકેન સ્રહ' વગેરે વાક્યોથી એ સમજાય છે કે અન્ય સંપ્રદાયવાળા મૂર્તિને ભગવદ્સ્વરૂપથી જુદી માને છે. પરંતુ આપણા સંપ્રદાયમાં આ વાત નથી. ભગવાન સ્વરૂપમાં જ નિત્ય બિરાજે છે, પ્રભુ પણ ભક્તની ભક્તિ જોઈને ધાતુ નિર્મિત મૂર્તિમાં પ્રગટ થાય છે. આ સ્વરૂપમાંજ પ્રભુ પોતાના બધા ધર્મોને પ્રગટ કરે છે. તેથી સ્વરૂપને જે શૃંગાર ધારણ કરાવીએ છીએ તે સાક્ષાત્ પ્રભુને જ ધારણ કરાવીએ છીએ. આ સ્વરૂપનો અપરાધ સાક્ષાત્ ભગવાનનો અપરાધ છે. તેથી શીતઋતુમાં ભગવાનની પાસે અંગીઠી રાખવામાં આવે છે. તથા ગ્રીષ્મઋતુમાં પંખા, ફુવારા, ચંદન અને શીતોપચાર રીતે સેવા થાય છે. ઉપાસના માર્ગમાં મૂર્તિના સુખનો વિચાર નથી. કેવળ વિધિનો વિચાર છે. ભક્તિમાર્ગ સ્નેહ માર્ગ છે. તેથી પ્રભુનો સુખનો વિચાર મુખ્ય રીતે વિચારવામાં આવે છે. તેથી સ્વરૂપને જે રીતે સુખ મળે ભક્ત માત્રએ તે પ્રમાણે આચરણ કરવું જોઈએ. આ દ્રષ્ટિને સામે રાખીને સેવા પ્રચલિત છે.

ભગવાન શ્રીકૃષ્ણ વૃજભૂમિમાં પોતાનાં ભક્તોનો નિરોધ કરવા માટે આવિર્ભુત થયા તે સમયે તેમના ચાર વ્યૂહ હતા. વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરૂદ્ધ. આ

ભગવાનની ચાર મૂર્તિ છે.

આ ચારેય મૂર્તિઓના કાર્ય પણ વિભિન્ન રહ્યાં છે, અસુરોને જ્યાં ત્યાં મુક્તિ આપવામાં આવી છે. તે વાસુદેવનું કાર્ય છે, પ્રથમ કાલાત્મા ભગવાન સંકર્ષણ દ્વારા તેને મૃત્યુ મળે છે. અને સમયાંતરે વાસુદેવ તેમને મુક્તિ પ્રદાન કરે છે.

જે પ્રકારે પ્રજ્વલિત અગ્નિ પોતાના કિરણોના મંડળો સાથે અસ્તિત્વમાં હોય છે. અથવા જે પ્રકારે સૂર્ય પોતાના કિરણ અને મંડળ સહિત આવિર્ભાવ ગ્રહણ કરે છે. તે પ્રકારે ભગવાન શ્રીકૃષ્ણ પણ પોતાના ચાર વ્યૂહો સહિત ત્યાં પ્રગટ થાય છે. જે પ્રકારે સૂર્ય અને અગ્નિથી તેનાં કિરણો અને મંડળ જુદું નથી તે પ્રકારે ભગવાનના આ ચાર વ્યૂહ પણ ભગવાનથી પૃથક નથી.

જે પ્રકારે સૂર્યના કિરણો સૂર્યનું જ રૂપાંતર છે. તે પ્રકારે ભગવાન શ્રીકૃષ્ણનું રૂપાંતર જ વાસુદેવ વ્યૂહ છે. તેથી જે પ્રકારે ભગવાન શ્રીકૃષ્ણ મુક્તિરૂપ અને સર્વોદ્ધાર સમર્થ છે તે પ્રકારે વાસુદેવ વ્યૂહ પણ આ કાર્ય કરવામાં સક્ષમ છે.

જે પ્રકારે સૂર્ય કિરણોની આસપાસ મંડળ હોય છે તે પ્રકારે સંકર્ષણ વ્યૂહ છે. સંકર્ષણમાં વાસુદેવનું સંકર્ષણરૂપથી ભગવાનનો આવેશ છે. તેથી વૃજયુવતિઓ સાથે આપે પણ એકવાર લીલા કરી હતી. સર્વકર્ષક હોવાથી સંકર્ષણ થોડું ફલાત્મક પણ છે તેનું કાર્ય અસુરોનો સંહાર કરવાનું છે.

આ મંડળનો જ અંશ પ્રદ્યુમ્ન વ્યૂહ છે. તેનું કાર્ય વંશસ્થાપન છે. અંશોના મંડળ રૂપે અનિરૂદ્ધ વ્યૂહ છે. તેનું કાર્ય ધર્મરક્ષા છે. વાસ્તવિકમાં આ ચારેય વ્યૂહ ભગવાન શ્રીકૃષ્ણના જ છે.

ભગવાનનું પ્રાગટય બે પ્રકારે થાય છે. સ્વરૂપથી અને કાર્યથી. શ્રીમદ્‌ભાગવતના દશમ સ્કંધના ચાર અધ્યાયમાં ક્રમે ચતુર્વ્યૂહનું પ્રાગટય મથુરામાં કાર્યરૂપે થયું. ત્રણેય વ્યૂહો સાથે શ્રીપુરૂષોત્તમનું સ્વરૂપતઃ પ્રાગટય મથુરામાં જ થયું હતું. કંસથી દેવકીને મૃત્યુથી બચાવવા માટે આપે પ્રગટ થઈને કર્યું. તેથી વાસુદેવ વ્યૂહનું પ્રાગટય ભગવાનના કાર્યરૂપ હતું.

બલદેવ અને વસુદેવ સહિત પુરૂષોત્તમનું વૃજમાં પ્રાગટય અને સ્વરૂપતઃ છે. વૃજમાં આપનું પ્રાગટય કાર્યરત પણ હતું કેમકે ત્યાં આપે નિઃસાધન વૃજજનોનો ઉદ્ધાર કર્યો હતો.

ભગવાન શ્રીકૃષ્ણ જે સમયે ભૂતલ ઉપર બિરાજે છે તે સમયે આપ સ્વરૂપ બળથી જીવોનો ઉદ્ધાર કરે છે અને જ્યારે આપ તિરોહિત રહે છે તે સમયે ભક્તિ દ્વારા જીવોનો ઉદ્ધાર કરે છે.

—ક્રમશઃ

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

એકાદશ સર્વસ્વ

લેખક—સુંદરદાસ માણેકચંદ બી.એ. —મોરબી

['પુષ્ટિ સુધા' વિ.સં. ૧૯૭૭ આસો માસ. પુસ્તક ૧ લું. અંક ૯ માંથી સાભાર]

[પ્રેષકઃ ગોરધનદાસ વેલજીભાઈ શનિશ્ચરા]

—ગતાંકથી ચાલુ

આ પ્રમાણે સર્વવિસ્તાર ભક્તિમાંજ પર્યવસાન પામે છે. ઉદ્ધવજી આટલાથી સંતોષ નહીં પામી, ભક્તિ તો અનેક પ્રકારની છે તેમાં મહત્ પુરૂષોએ કેવી ભક્તિનો આદર કરેલો છે અને આપને પ્રિય થવાય તેવી કઈ ભક્તિ છે ! એવો પ્રશ્ન કરે છે. પ્રભુ મહત્ પુરૂષોના લક્ષણો કહે છે અને વૈદિકી તેમજ તાંત્રિક ભક્તિ વગેરેનું મિશ્રિતરૂપ કહે છે તેમાં મારાં સ્વરૂપ અને મારા ભક્તના દર્શન, સ્પર્શ, અર્ચન, પરિચર્યા, સ્તુતિ, ગુણ કર્મનું કીર્તન, મારી કથાના શ્રવણમાં શ્રદ્ધા, મારું ધ્યાન, સર્વ લાભનું મને અર્પણ, દાસ્યથી આત્મનિવેદન, મારા જન્મ કર્મનું કથન, મારા ઉત્સવની ઉજવણી વગેરેનો સમાવેશ થાય છે. ઉપાસનાનું ફળ શુદ્ધ ભક્તિથી જુદું પાડીને સમજાવે છે. અને છેવટે સત્સંગથી મળતી ભક્તિનો જ ઉત્કર્ષ પ્રતિપાદન કરે છે. ઉદ્ધવજી ઉપર પરમ કૃપા કરવાને આ ભક્તિયોગનું સ્વરૂપ કેવું છે તેની ઝાંખી પ્રભુ કરાવે છે. આ સ્થળે અગીયારમો અધ્યાય સંપૂર્ણ થાય છે અને બારમો અધ્યાય આરંભાય છે. આ ભક્તિયોગ ગુહ્ય અને સુગોપ્ય છે પણ તમે મારા દાસ અને સુહૃત છો, તેથી જ આ કહું છું એવી પ્રભુ પ્રસ્તાવના કરે છે.

અત્યાર સુધીમાં પ્રભુએ સુગોપ્ય કે ગહ્ય કાં નથી કહ્યું. અને હવે કહે છે તેથી ઉદ્ધવજી ઉપર પરમ અનુગ્રહ છે, એમજ પ્રભુ સૂચવે છે. આ ઉપરથી બીજું પણ ફલિત થાય છે કે, જે ભક્તિના સ્વરૂપનું શ્રવણ પણ પ્રભુની કૃપા હોય તોજ થાય તો પછી તે ભક્તિની પ્રાપ્તિ તો અનુગ્રહથી પ્રાપ્ત થાય તેમાં શું આશ્ચર્ય?

આ સર્વ પ્રપંચ બારે અધ્યાયની સંગતિ સમજવાને માટેજ કર્યો છે. આ સંગતિમાં બીજી કેટલીક અવાંતર બાબતો તરી આવે છે પણ તેને માટે આ સ્થાન ન હોવાથી પ્રસંગને અનુસરતું જ લખાય છે.

ન રોધયતિ માં યોગો ન સાંખ્યં ધર્મ એવ ચ ।

અને આ શ્લોકથી શરૂ થતા સુપ્રસિદ્ધ વાક્યો કહે છે, તેમાં આપ કહે છે કે મને નથી વશ કરતો યોગ, નથી કરતું વશ સાંખ્ય, ધર્મ પણ નહીં. સ્વાધ્યાય, તપ, ત્યાગ, વાવ તળાવ ખોદાવવા, દક્ષિણા, વ્રત, યજ્ઞ, છંદ, તીર્થ, યમ, નિયમ એ કોઈ મને રોકી શકતું નથી, એટલે મને વશ નથી કરતું, કેવળ સત્સંગ જ વશ કરે છે. ત્યારપછી સત્સંગથી પ્રભુને કોણ પ્રાપ્ત થયું તેના કેટલાક દાખલા આપે છે, આ સત્સંગ લબ્ધ થવાથી ગાય, મૃગ, પશુ, પક્ષી, ઘણા પ્રભુને પામી ગયા; તેઓમાં પણ સૌથી ઉત્કૃષ્ટ અને પરાકાષ્ટારૂપ ભાવનાનાં નિદર્શન રૂપ શ્રીવૃજસુંદરીઓનો જ ભાવ છે એમ બતાવવાને તેમની શ્રીમુખે સ્તુતિ કરે છે. આ પ્રમાણે સર્વનું પર્યાવસન ભક્તિમાં છે, તેમાં સૌથી ઉત્તમ ભક્તિ તો શ્રીવૃજભક્તોની છે એમ પ્રભુ સ્વયં કહે છે. એ ભાવનાથી જ પ્રભુ મળે. દાન, વ્રત, તપ, યજ્ઞાદિથી નહીં. આજ આશય આ લેખને મથાળે લખેલ પ્રથમ શ્લોકનો છે, અને ત્યાંજ આપણે આવી ઉભા રહ્યા છીએ.

આ ભક્તિયોગ ફરીથી ૧૯મા અધ્યાયમાં ઉદ્ધવજી પૂછે છે, ત્યારે આપ આજ્ઞા કરે છે કે એ ભક્તિયોગ મેં તને પહેલાજ (બારમા અધ્યાયમાં) કહ્યો છે.

આ પ્રમાણે પૂર્વાપર અનુસંધાનથી આ વચમાં આવેલા શ્લોકનું શું સ્થાન છે તે સમજાશે.

પ્રથમ શ્લોકનો અર્થઃ જેને યોગ, સાંખ્ય, દાન, વ્રત, તપ, યજ્ઞ, વ્યાખ્યા, સ્વાધ્યાય અને સંન્યાસથી યત્ન કરવા છતાં પ્રાપ્ત ન થઈ શકાય તેવા મને કેવળ ભાવથી શ્રીગોપીજન વગેરે પામી ગયા (એમ આ પહેલાના શ્લોક સાથે સંબંધ છે)

બીજા અને ત્રીજા શ્લોકનો અર્થઃ તે માટે હે ઉદ્ધવ ! તું વિધિ, નિષેધ, પ્રવૃત્ત, નિવૃત્ત, શ્રોતવ્ય, શ્રુત છોડી દઈને સર્વ પ્રાણીઓનો આત્મા જે હું છું તે મને જ સર્વાત્મભાવથી શરણે આવ તેથી તું નિરવધિ આનંદરૂપ એવા મને પામીશ જ.

આ ત્રણ શ્લોક એકાદશ સ્કંધનું સર્વસ્વ છે એમ પૂર્વની સંગતિ ઉપરથી જ સિદ્ધ થાય છે તે જોઈએ.

પ્રથમ મુદ્દો એ નીકળે છે ભગવાનનો પ્રાદુર્ભાવ થવામાં પ્રેમજ—ભક્તિજ મુખ્ય સાધન છે. કર્મથી કર્મનો ક્ષય પણ નથી થતો તો પ્રભુ પ્રાપ્તિમાં તે સાધનભૂત ન થાય તેમાં શું કહેવું? વળી કર્મ દેશકાલાદિની શુદ્ધિની અપેક્ષા રાખે છે, તે અત્યારે તો શુદ્ધ સાધન શોધ્યાં પણ ન મળે. જ્ઞાન કેટલે અંશે સાધનભૂત છે તે પણ જોઈએ. જ્ઞાન ઘણા પ્રકારના છે. આત્મા અનાત્માનો

વિવેક, પચ્ચીશ તત્વોનું જ્ઞાન, ષોડશ તત્વોનું જ્ઞાન, અક્ષર બ્રહ્મનું જ્ઞાન વિગેરે. સાધારણ રીતે ગીતાજીમાં જેને પ્રભુ પોતે પોતાનું ધામ કહે છે તે અક્ષર બ્રહ્મ છે, તેને જ્ઞાનીઓ પામે છે, તેનો આનંદ પણ અપાર નથી. શ્રીપુરૂષોત્તમનું જ્ઞાન તો બહુ જ દુર્લભ છે. તે તો સત્યયુગ જેવા અનુકૂળ કાળમાં ભગવત્કૃપાથી પ્રાપ્ત થાય છે. જ્ઞાનથી અંતઃકરણના ક્લેશ નિવૃત્ત થાય પણ વ્યાધિ વગેરે તો થાય જ. એ તો ક્યારે નિવૃત્ત થાય કે જ્યારે અધ્યાસ દૂર થાય. અધ્યાસની નિવૃત્તિ અવિદ્યા નાશને આધીન છે, એ અવિદ્યા પણ વિદ્યાનો ઉદય થાય ત્યારે જ નાશ પામે એ વિદ્યાનો ઉદય કાંઈ કેવળ શબ્દથી ઉત્પન્ન થતાં જ્ઞાનથી ન થાય પણ શ્રવણ, મનન, નિદિધ્યાસ સાથે, વૈરાગ્ય, આત્મા અનાત્માનો વિવેક હોય ત્યારે જ બ્રહ્મભાવ થાય અને અવિદ્યાનો નાશ થાય. આ મુખ્ય જ્ઞાનથી સંપૂર્ણ અધ્યાસની નિવૃત્તિ થતી નથી; કારણ કે વિદ્યા અને અવિદ્યા એ બંને જાગરણ અને નિદ્રા જેવું એક બીજાને દબાવવાનું કર્યા કરે છે. નિદ્રા ઉડી જાય એટલે જાગરણ તેથી કાંઈ ફરીથી જાગૃતદશા દબાઈને નિદ્રાનું રાજ્ય નહી થાય એવું નથી તેમજ એકવાર અવિદ્યા દબાઈ જાય ત્યારે વિદ્યા ઉદય પામે; પણ ફરીથી અવિદ્યા પોતાનું ગયેલું રાજ્ય નહીં મેળવે એની ખાત્રી નથી. આ પ્રમાણે જ્ઞાન પ્રાપ્ત થયા પછી ભય તો મટતો નથી; કારણ કે વિદ્યા અને અવિદ્યા એ બંનેને માયાને આધીન છે તેથી વિશ્વ માયા નિવૃત્તિરૂપી મુક્તિ ન મેળવે ત્યાં સુધી સર્વાંશે સંસાર જતો નથી અને આ માયા તરવાનો ઉપાય પ્રભુ પોતેજ બતાવે છે કે—

મામેવ યે પ્રપદ્યન્તે માયા મેતાં તરન્તિ તે ।

અર્થઃ જે મારે શરણે આવે છે તેજ એ માયા તરે છે. શાસ્ત્રમાં જ્ઞાનથી પરમ પદ મળે છે એવા વાક્યો ઘણીવાર જોવામાં આવે છે પણ તે ઉપાય ચોક્કસ ન કહી શકાય. પ્રભુએ જ્ઞાનીઓને પણ ભય બતાવ્યો છે. જ્ઞાનીઓના ચિત્તને પણ ખેંચી મહામાયા મોહમાં નાંખે છે. કદાચ પ્રભુની કૃપા થાય તો જ્ઞાન પણ સફળ થાય, પણ તે વિના તો એ ચોક્કસ ઉપાય ન ગણાય. તે ઉપરાંત આપણે જ્ઞાન પ્રભુ પ્રાપ્તિનું સાધન એકવાર માની લઈએ તો પણ તે અભેદ જ્ઞાન એટલે બ્રહ્મ સાથે જીવની એકતાનું જ્ઞાન થાય એટલાથી સાર્થક્ય નથી; પણ સાક્ષાત્કારરૂપે એ ફળે ત્યારે જ યોગ્ય ગણાય. સાક્ષાત્કાર ક્યારે થાય કે જ્યારે ભગવાન પ્રાદુર્ભૂત થાય. પ્રાદુર્ભાવ ક્યારે થાય કે જ્યારે પ્રભુની કૃપા થાય. કૃપા તો ભગવાનને આધીન છે; ભગવાન પ્રેમને વશ છે; તેથી અંતમાં પ્રેમજ સાધન આવીને ઉભું રહે છે. આ પ્રેમ ભક્તિ જ પરમ ફલરૂપે સ્ફૂરે છે; કારણ કે ફલને વશ કરનાર સાધન હોવાથી પ્રેમ ભક્તિજ ભક્તો વાંછે છે; પ્રથમ સ્કંધમાં વ્યાસજીએ આજ ભક્તિયોગ—પ્રેમ ભક્તિનુંજ સમાધિમાં દર્શન કર્યું છે.

—ક્રમશઃ

દેવર્ષિ નારદ રચિત

ભક્તિસૂત્ર – પ્રેમદર્શન

ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ

હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદાર. ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.

– ગતાંકથી ચાલુ

પ્રેમમાં અનન્યતા (ચાલુ)

તસ્માચ્છાસ્ત્રં પ્રમાણં તે કાર્યાકાર્યવ્યવસ્થિતૌ ।
જ્ઞાત્વા શાસ્ત્ર વિધાનોક્તં કર્મ કર્તુમિહાર્હસિ ॥

(ગીતા ૧૬/૨૪)

તેથી તે માટે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ તેની વ્યવસ્થામાં શાસ્ત્ર જ પ્રમાણ છે. આ જાણીને તારે શાસ્ત્રવિધિ અનુસાર જ કર્મ કરવા જોઈએ. ૧૨

ભાષ્યાર્થ : પ્રિયતમ પરમાત્માની અંદર બુદ્ધિની સ્થિરતા થાય તે માટે તમામ કર્મોનું આચરણ કરવા શાસ્ત્રો કહે છે અને ભક્તને તો વિધિપૂર્વક તમામ કર્મોના આચરણથી એ નિશ્ચયની દ્રઢતા થઈ ચૂકેલી છે ! તો જેની બુદ્ધિની સ્થિરતા ઉદય પામી ચૂકી છે તે શા માટે આ કર્મના સમૂહને આચરે?

આમ જો આપ કહેતા હો તો 'તે જ કર્મ કરવા જોઈએ' એમ અમો ઉત્તર દઈએ છીએ, કેમકે ભક્ત સ્થિતપ્રજ્ઞ થયો છે તેથી જ તેણે શાસ્ત્રીય કર્મો કરવાં જોઈએ, કારણ કે પ્રજ્ઞા ની જ્યારે સ્થિરતા થાય છે ત્યારે જ યથાર્થપણે તમામ કર્મોનું આચરણ થાય છે. આથી બુદ્ધિની સ્થિરતા જન્મી તે પહેલા ભક્તની સ્વાર્થે પ્રવૃત્તિ હતી. હવે તેની તે પ્રવૃત્તિ લોકસંગ્રહ માટે હશે. ભક્ત તો મહાત્મા હોય છે. ક્ષુદ્રાત્મા નહીં. મેં તો પરમાત્માને મેળવ્યો છે. છોને મારા બન્ધુઓ અવિદ્યાના અંધારામાં રખડતા, મારે શી લેવા દેવા? આવી દુર્મતિની પકડમાં જકડાયેલો મહાત્મા ભક્ત ગિરિ ગુફાનો આશ્રય લેતો નથી. પરંતુ તેતો જાતે પરમ પ્રેમનો આનંદ ભોગવતો હોઈને ઉર્ધ્વબાહુ થઈ તે આનંદ ભોગવવાને પોતાના બાંધવોને પણ નોતરે છે. અને તે પોતાના દૃષ્ટાંતથી વધારે સહેલું બને છે. બીજી રીતે નહીં. અને વળી, વાસ્તવિક દૃષ્ટિએ જોતાં તો, ભગવદ્દ્ભાવની પોતાનામાં દઢતા થાય ત્યાર પછી જ.

અજ્ઞાન સાગરમાં ઝોલા ખાતાં જંતુઓને જોઈને, કરુણાથી પીગળી જતાં હૃદયવાળો ભક્ત તેમને ઉદ્ધારવાની ઈચ્છાથી યાવજ્જીવન, વિના આળસે કર્મો કરે છે. આથી સ્વાર્થનો અભાવ છતાંય, લોકહિતને જોઈને, ભક્તે વેદાજ્ઞાનું પાલન કરવું, એવી લોકહિતેરત પૂજ્યપાદ આચાર્યશ્રીની અહીં આજ્ઞા છે ! આ બધીય વાતનો ભૂતવત્સલ ભગવાન યદુનંદનને નિર્ણય આપ્યો જ છે–

આરુરુક્ષોર્મનેર્યોગં કર્મ કારણમુચ્યતે ।
યોગારૂઢસ્ય તસ્યૈવ શમઃ કારણમુચ્યતે ॥

(ગીતા ૬–૩)

(યોગની સાધના કરવાની ઈચ્છાવાળા મુનિ માટે, કર્મ એ તેનું સાધન છે, પરંતુ યોગની સાધના થઈ ગયા પછી, શમ એ તેનું સાધન બની જાય છે. ૩)

શ્લોકમાં 'શમ' એ શબ્દ 'શમ્' ધાતુ કે જેનો અર્થ 'દર્શન' થાય છે. તેનું ઘનિરૂપ છે. તેનો પર્યાય 'લોકસંગ્રહનું દર્શન' એવો થાય છે. આથી જેમ પહેલા તેમ ભગવદ્‌બુદ્ધિની સ્થિરતાનો ઉદય થયા પછી પણ શાસ્ત્રનું રક્ષણ થવું જોઈએ. એમ જે વિધાન કર્યું છે તે યોગ્ય જ છે. ૧૨

પ્રજ્ઞાની સ્થિરતા થયા બાદ શાસ્ત્રનું પરિપાલન ન કરવામાં શું નુકશાન છે એ બતાવતાં શાસ્ત્ર રક્ષણની આવશ્યકતાને દ્રઢ કરતાં કહે છે કે–

અન્યથા પાતિત્યાશઙ્કયા ॥ ૧૩ ॥

નહીં તો પડી જવાની સંભાવના છે–૧૩

જે મનુષ્ય જાણી જોઈને શાસ્ત્રની આજ્ઞાનું પાલન ન કરીને શાસ્ત્રની વિરુદ્ધ, અમર્યાદિત કાર્ય કરે છે અને તેને પ્રેમનું નામ આપીને દોષમુક્ત થવા ચાહે છે તે ચોક્કસ પડી જાય છે. ભગવાને પોતે કહ્યું છે–

યઃ શાસ્ત્રવિધિમુત્સૃજ્ય વર્તતે કામકારતઃ ।
ન સ સિદ્ધિમવાપ્નોતિ ન સુખં ન પરાંગતિમ્ ॥

(ગીતા ૧૬/૨૩)

'જે મનુષ્ય શાસ્ત્રની વિધિ છોડીને મનમાન્યો સ્વેચ્છાચાર કરે છે તે ન તો સિદ્ધિ મેળવે છે, ન પરમગતિને પામે છે અને ન તેને સુખની પ્રાપ્તિ થાય છે.' જાણી જોઈને શાસ્ત્ર વિહિત કર્મોનો ત્યાગ કરવો પ્રેમનો આદર્શ નથી, મોહ છે, ઉચ્છ્રૃંખલતા અને સ્વેચ્છાચાર છે. આવું કરનારા પરિણામે આસુરીયોનિ, નરક અને દુઃખો જ પ્રાપ્ત કરે છે–૧૩.

ભાષ્યાર્થઃ જો શાસ્ત્રનું રક્ષણ ન થાય તો જનતાનો પણ ભ્રેષ (ઉન્માર્ગે ગમનનો ભય) થાય, કેમકે સાધારણ માણસ પારકી બુદ્ધિએ દોરાય છે. જ્યેષ્ઠ–શ્રેષ્ઠ પુરૂષનું અનુકરણ કરવું એ કનિષ્ઠ પુરૂષનો સ્વભાવ હોય છે અને શ્રેષ્ઠ પુરૂષ તો જોકે બધું કામ બુદ્ધિપૂર્વક કરતા હોય છે, છતાં કનિષ્ઠ તેમ કરતો નથી. આથી "રખે પ્રાકૃત જનતાનો ભ્રેષ થાય" એ બુદ્ધિથી શિષ્ટ પુરૂષનું વર્તન તો શાસ્ત્ર સિદ્ધ જ હોવું ઘટે.

ભક્ત તો ભગવાનનો અંશ હોય છે, આથી તેનું તો ભગવાન જેવું જ વર્તન હોવું ઘટે. જેમ પરમાત્મા કદી પણ, સ્વપ્ને પણ પોતાની પ્રજાની અવનતિ ઈચ્છતા નથી પણ ઉલટું તેની ઉન્નતિ માટે નિરંતર દત્તપ્રયત્ન રહે છે અને પોતાનાં કર્મોને અનાસક્ત ભાવે વિના આળસે આચરે છે તેમ ભક્તે પણ હોવું ઘટે. આથી ભક્ત પોતાના દષ્ટાંતથી જનતાને ઉંચે લઈ જાય, નીચે ન પાડે અને વળી લોકબુદ્ધિને ચકરાવે નાખવી એ તો મહાપાપ છે. એ વિરાટ સ્વરૂપ ભગવાનનો અપરાધ છે.

આથી પણ ભક્તે તો પોતાનું આચરણ શાસ્ત્રસંમત જ રાખવું રહ્યું. મશ્કરીમાં પણ શાસ્ત્ર વિદ્વેષી કર્મ ન કરે. જેને જીવનદર્શન લાધ્યું છે એવો ભક્ત જ જો લોકોને ઉન્માર્ગે પ્રવર્તવનાર નીવડે તો પછી લોકહિતેરત કોણ હશે? લોકસંગ્રહ એ તો ભક્તનો જન્મ સાથે જ જન્મતો મહાન સ્વભાવધર્મ છે. ભગવાન જ લોકસંગ્રહ સાધવાની ઈચ્છાથી ભક્તરૂપે પ્રકટ થાય છે. આથી શાસ્ત્રનું રક્ષણ એ પરમધર્મ છે. મહાયોગેશ્વર ભગવાને કહ્યું છે કે—

ઉત્સીદેયુરિમે લોકા ન કુર્યાં કર્મ ચેદહમ્ ।
સઙ્કરસ્ય ચ કર્તા સ્યામુપહન્યામિમાઃ પ્રજાઃ ।।

(ગી.૩/૨૪)

(જો હું કર્મ નહીં કરું તો એ લોકો પણ નષ્ટ ભ્રષ્ટ થઈ જશે અને હું સંકરનો કર્તા થઈશ અને આ પ્રજાનો નાશ કરનાર પણ બનીશ.)

આમ પ્રજાનું હનન તો ભગવાને જ મહાપાપ માન્યું છે. આથી ભક્તે શાસ્ત્રીય કર્મ કરવું—૧૩.

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્‌ગારો

૮૮. કૃષ્ણ ચૈતન્યનાં અન્તનાં વચન

કૃષ્ણ ચૈતન્યની દેહ છૂટી, ત્યારે તે વેળા તેમના સેવકોને પૂછયું કે, અમને કંઈ કહો. તૃણથી નીચા થજો, ને જે કાંઈ પરમાર્થ ધર્મ થાય તે કરજો, એમ કૃષ્ણ ચૈતન્યે કહ્યું.

વળી કહ્યું કે ઝાડને જોજો. છોકરા છૈયાં તેનાં પોતાની પાસે રાખે છે, ને કોઈનું કામ થતું હોય તો સર્વે આપી દે છે, ને વળી પોતાની તળે (નીચે) બેસાડીને ઠંડક કરે છે. પોતાના મૂળ શુદ્ધાં આપતા સુધી ના કહે નહિ, તેવી રીતે વચને, દેહે, ચાકરીએ તથા સ્તુતિએ આપણે આપવું, કોઈને દુભાવવું નહી, ત્યારે પ્રભુ પ્રસન્ન થાય. આપણો સ્વાર્થ મૂકીએ તો એટલી વસ્તુ થાય, નહીં તો થાય નહીં. ૮૮

અહીં ભક્ત કવિ સૂરદાસજીનું આ પદ અવગાહનીય છે.

પદ

મન રે તુ વૃક્ષન કો મત લે ।
કાટે તાપર ક્રોધ કરે નહી, સીંચત નાહિ સ્નેહ ।।૧।।
જો કોઉ વાપર પત્થર ચલાવે, તાહી કો ફલ દે ।
આપ શિર પર ધૂપ સહત હૈ, ઔરનકુ છાયા સુખ દે ।।૨।।
ધન્ય ધન્ય જડ એ પરમ પદારથ, વૃથા મનુષકી દેહ ।
'સૂરદાસ' મન કર્મ વચન કરી, ભક્તન કો મત એહ ।।૩।।

કાવ્ય – કુંજ : પુષ્ટિ પરિમિતિ (હાઈકુ)

—ગો.શ્રીગોકુલેશબાવા (જૂનાગઢ)

આ પુષ્ટિમાર્ગ,
સકલ શાસ્ત્ર સાર;
અદ્‌ભુત છે !

પ્રસન્નચિત્તે
ગુણગાન પ્રભુના
કરવા સદા.

વિરહ તો છે
વાદળનું બનવું
રસ વરસે.

પતિત થાય
કર્મજ્ઞાન સન્યાસ
કલિયુગ છે.

કૃપાસાગર
ભાગ્ય ઉજાગર છે
વલ્લભપ્રભુ.

દેવદુર્લભ
વ્રજલીલાનું દાન
નિજભક્તોને.

કપટી કાન્હ
બ્રજભૂમિ કો ભાન
માખનચોર.

શુદ્ધ છે બ્રહ્મ
માયાવાદ છે ભ્રમ
બ્રહ્મવાદ છે.

શ્રીયમુનાજી
અધમ ઉદ્ધારન
દુઃખહરન.

સેવાપ્રભાવ
સંસાર સર્વ છૂટે
બ્રહ્મભાવન.

ભજનાનંદ
કેવો વિલક્ષણ છે
પુષ્ટિમાર્ગમાં.

આનંદરૂપ
પરબ્રહ્મ સ્વરૂપ
પ્રભુ શ્રીકૃષ્ણ.

પ્રભુ રસેશ
અને તેમના ભક્તો
સુમધુરતા.

પ્રભુ શ્રીકૃષ્ણ
પરમ કૃપાળુ છે
જીવ શું જાણે.

દોષોથી ભર
જીવને શરણે લીધા
કેટલી કૃપા !!

તનતપત
મન જપત નિત
હરિ કો નામ.

બ્રહ્મસંબંધ
સર્વદોષ નિવૃતિ
પ્રભુપ્રિયત્વ.

સત્ય ઢંકાય
પાપ આચરણ જ
કલિયુગમાં.

પુષ્ટિભક્તિ છે
રસથી પ્લાવિત ને
આનંદમય.

પ્રભુપ્રાપ્તિનું
એક માત્ર સાધન
પ્રેમભક્તિ જ.

સ્નેહ બાઢયો હે
હરિ કે સંગ તહાં
રસિક રંગ.

કાવ્ય – કુંજ

“શ્રીયમુનાજી યહ પ્રસાદ હૌં પાઉં” પદનું ભાવાનુવાદ ધોળ

[ઢાળ : ઐસી કૃપા કરો નંદલાલ, સદા હું બ્રજમેં કરું નિવાસ]

એવી કૃપા કરો મહારાણી, સદા હું તીર પર કરું નિવાસ
તીર પર કરું નિવાસ, સદા હું રહું આપની પાસ – એવી.ટેક
રામકૃષ્ણ તણા ગુણ ગાઉં,
નિત્ય પ્રતિ નિર્મલ જલમાં ન્હાઉં;
પાવન કરી ચિંતા પરહરિને
કરો ક્લેશનો નાશ, એવી કૃપા કરો મહારાણી..૧
કરો કૃપા મા મુજ પર એવી,
શ્યામ સુંદરમાં રતિ વધે તેવી;
લાડ લડાઉ મદન મોહનને
સેવું સદા સુખરાય, એવી કૃપા કરો મહારાણી..૨
વિનતી મારી ઉરમાં ધારો,
દુષ્ટજનોના સંગને નિવારો;
વર માગું રવિ તનયા એવો
કહે ‘પરમાનંદદાસ’, એવી કૃપા કરો મહારાણી..૩
કૃપા પ્રસાદની કણિકા ચાહું,
‘લાલ’ મળે તો ફૂલ્યો ન સમાઉં;
દયા કરો મા દીન જાણીને
કરશો નહીં નિરાશ, એવી કૃપા કરો મહારાણી..૪

–પ.ભ.લાલજીભાઈ ગો. પટેલ, ગણોદ

શ્રી યમુનાજીના પદ

રચયિતા—મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ—માધુરી, રાજકોટ

પદ ૮૨

મેરી શ્રીયમુને સુધિ લે હૈં;
ચેરી જાનિ આપને ઘર કી, સદ્ય અભય પદ દેહૈં. ૧
કરિ સંકેત શ્યામસુન્દર સોં, મોરિ કથા સબ કૈ હૈં;
દીન શુલ્ક 'વલ્લભદાસી' કૌં, નિજ બલ જગત નિવૈ હૈં. ૨

ભાવાર્થ: આ પદમાં દાસીભાવથી વિનંતી કરેલ છે. ૪ કીર્તન પછી વચ્ચે એક પદમાં દાસભાવ રહ્યો.

હે મહારાણીમા મારી સુધિ લેશે. આપ સર્વજ્ઞ—સઘળું જાણો છો. મારા અંતરની પણ જાણો જ છો. હું તો આપના ઘરની દાસી છું એમ જાણીને મને અભય પદ આપશો જ. દીનદયાળુ પ્રભુ પાસે સમયં જોઈને મારી દશા બતાવશે જ—મારી કથની બતાવ જો કે આ એક દીનશુલ્ક દાસીકા છે. તેના ઉપર કૃપા કરવી જરૂરી છે. હવે જે કાંઈ છે તે આપનાં હાથની વાત છે. પ્રભુ પાસે પહોંચવાની શક્તિ મારામાં નથી. અગર તો આપ સ્વયં પ્રમેય બળથી મને પાર કરશો. માટે શ્યામસુંદરને સંકેત કરી કહેશે કે વલ્લભદાસી પર કૃપા કરવી ઉચિત છે—૮૨.

આ માસના ઉત્સવ

પોષ સુદ ૧૨ તા. ૭—૧—૨૦૦૧ રવિવાર : ગો.શ્રીવિઠ્ઠલનાથજી મહારાજશ્રી (માંડવી—કચ્છ)નો જન્મદિન.

પોષ સુદ ૧૩ તા. ૮—૧—૨૦૦૧ સોમવાર : ગો.શ્રીવલ્લભલાલજી મહારાજશ્રી (બોરીવલી—જામખંભાળીયા— રાજકોટ)નો જન્મદિન.

પોષ સુદ ૧૫ તા. ૯—૧—૨૦૦૧ મંગળવાર : માઘસ્નાન પ્રારંભ. પોષી પૂનમ. ખગ્રાસ ચંદ્રગ્રહણ. સ્પર્શ રાત્રે ૧૨—૧૦ અને મોક્ષ રાત્રે ૩—૩૦. જેથી મંગળવારના રોજ દિવસના ક.૧૨—૪૩ મિ.થી વેધ લાગે છે તેથી દિવસના ક.૧૨—૪૩ મિ. પહેલા જ પ્રસાદ લઈ શકાશે. સાંજે ક.૬—૨ મિ. પહેલાં જ જલ લઈ શકાશે. નાના બાળકો અને વૃદ્ધો સાંજના ક.૬—૨ મિ. પહેલા પ્રસાદ લઈ શકશે.

પોષ વદ ૩ તા. ૧૨—૧—૨૦૦૧ શુક્રવાર : ગો.ચિ.શ્રીમુકુંદરાયજી બાવાશ્રી (સુરત)નો જન્મદિન.

પોષ વદ ૪ તા. ૧૩—૧—૨૦૦૧ શનિવાર : ગો.શ્રીમધુસૂદનજી બાવાશ્રી (મુંબઈ—મદ્રાસ)નો જન્મદિન. ભોગી ધનુર્માસ સમાપ્તિ.

પોષ વદ ૫ તા. ૧૪–૧–૨૦૦૧ રવિવાર : મકરસંક્રાંતિ. તિલવા ગોપીવલ્લભ તથા રાજભોગમાં ધરવા. આ સંક્રાંતિ આજ સવારે ૫–૦૦ કલાક અને ૧૪ મિનિટે બેસે છે તેથી પુણ્યકાળ સૂર્યોદયથી દિવસે ૩–૦૦ કલાક અને ૨૩ મિનીટે માન્ય ગણાશે. તથા સંક્રાંતિના શરૂના ૨ કલાક અતિ મુખ્ય પુણ્યકાલ છે. ઉત્તરાયણ.

ગો.શ્રીપ્રભુજી મહારાજશ્રી(સુરત–વડોદરા)નો અને ગો.શ્રીવલ્લભ દીક્ષિતજી (મુંબઈ–મદ્રાસ)નો જન્મદિન.

પોષ વદ ૬ તા. ૧૫–૧–૨૦૦૧ સોમવાર : શ્રીદીક્ષિતજી શ્રીગોપીનાથજીનો ઉત્સવ. શ્રીમથુરેશજીના ઘરમાં મનાય છે. શ્રીલાલજી (કાંદીવલી–મુંબઈ)નો પાટોત્સવ. ગો.ચિ.શ્રીપરિતોષકુમારજી (મથુરા)નો જન્મદિન.

પોષ વદ ૧૧ તા. ૨૦–૧–૨૦૦૧ શનિવાર : ષટ્તિલા એકાદશી વ્રત. તલનો ભોગ ધરવો. દાન આપવું. પ્રસાદ લેવો. (આ એકાદશી સિવાયની બધી એકાદશીઓના વ્રતમાં તલભક્ષણ વર્જિત છે.)

પોષ વદ ૧૨ તા. ૨૧–૧–૨૦૦૧ રવિવાર : ભારતમાર્તંડ પંડિત શ્રીગટ્ટુલાલજીનો જન્મદિન (સં.૧૯૦૧)

મહા સુદ ૧ તા. ૨૫–૧–૨૦૦૧ ગુરૂવાર : શ્રીબાલમુકુન્દજીનો પાટોત્સવ શ્રીલાડુબેટીજી મંદિર–મુંબઈ.

મહા સુદ ૪ તા. ૨૮–૧–૨૦૦૧ રવિવાર : શ્રીમુકુન્દરાયજી (કાશી)નો પાટોત્સવ. મહાનુભાવ શ્રીદામોદરદાસ હરસાનીજીનો જન્મદિન (સં.૧૫૩૧). ગો.શ્રીકૃષ્ણકુમારજી (કાંકરોલી–મથુરા–વડોદરા)નો તથા ગો.શ્રીયોગેશકુમારજી (કામવન–ગોકુલ–પાર્લા)નો જન્મદિન.

મહા સુદ ૫ તા. ૨૯–૧–૨૦૦૧ સોમવાર : વસંત પંચમી. શ્રીમદનમોહનજી (શેઠ પુરૂષોત્તમદાસ કાશીવાળા ઉપર બિરાજતા) પોરબંદરનો પાટોત્સવ.

મહા સુદ ૬ તા. ૩૦–૧–૨૦૦૧ મંગળવાર : શ્રીયશોદાજીનો જન્મદિન. ગો.શ્રીરાજકુમારજી (અનિરુદ્ધલાલજી) મહારાજશ્રી (મુંબઈ)નો તથા ગો.ચિ.શ્રીઘનશ્યામલાલજી બાવાશ્રી (મુંબઈ–મુલુંડ)નો જન્મદિન.

મહા સુદ ૮ તા. ૨–૨–૨૦૦૧ શુક્રવાર : ગો.શ્રીમાધવરાયજી મહારાજશ્રી (વેરાવળ)નો જન્મદિન.

મહા સુદ ૧૧ તા. ૪–૨–૨૦૦૧ રવિવાર : જયા એકાદશી વ્રત. શ્રીલાડીલેશજી (વેરાવળ)નો પાટોત્સવ.

મહા સુદ ૧૩ તા. ૬–૨–૨૦૦૧ મંગળવાર : ગો.શ્રીઘનશ્યામલાલજી મહારાજશ્રી (કામવન)નો જન્મદિન.

મહા સુદ ૧૫ તા. ૮–૨–૨૦૦૧ ગુરૂવાર : હોળી દંડારોપણ દિન. ધમારનો પ્રારંભ. પૂર્ણિમા. માઘસ્નાન સમાપ્તિ.

પુસ્તક પરિચય

૧. શ્રીસુબોધિનીજી ભાગ–૬ : સંપાદક–શ્રીરમેશચંદ્ર નાથાલાલ શાહ પ્રાપ્તિસ્થાન–શ્રીપુષ્ટિમાર્ગીય સેવા સમાજ, મર્સીવિલા, અશોકનગર રોડ, કાંદીવલી (પૂર્વ) મુંબઈ–૪૦૦૧૦૧
ન્યોછાવર રૂ.૫૦/– પોસ્ટેજ રૂ.૨૦/– સાદુ બુક પોસ્ટ.

શ્રીમદ્‌ભાગવતજીના દશમ સ્કંધ પરની શ્રીમહાપ્રભુજી વિરચિત શ્રીસુબોધિનીજીની ટીકાની પ્રકાશન યોજના અંતર્ગત આ છઠ્ઠા ભાગનું પ્રકાશન છે. આ ગ્રંથમાં તામસફળ પ્રકરણના પાંચ અધ્યાય રાસપંચાધ્યાય સાથે ભગવાનની રાસલીલા એક અલૌકિક લીલા છે જે વર્ણવેલ છે. ભગવાને વેણુ વગાડી ગોપીજનોને બોલાવ્યા–ગોપીજનોને સૌભાગ્યમદ થયો. પ્રભુ અંતર્ધ્યાન થયા. યમુના કિનારે ગોપીગીત ગાયું. ભગવાને પ્રશ્નો પૂછ્યા–રાસલીલા બાદ પરિક્ષિતની શંકા–શ્રીશુકદેવજી દ્વારા નિવારણ– લીલાની ફળશ્રુતિ આ બધી લીલાઓનું આ ગ્રંથમાં સમાવેશ કરેલ છે. શ્લોકના અર્થ તેમજ વિવરણ આપવામાં આવેલ છે. સંપાદકશ્રીને ધન્યવાદ.

૨. આઠ સમાની ઝાંખી : સંપાદક–શ્રીરમેશચંદ્ર નાથાલાલ શાહ પ્રાપ્તિસ્થાન–શ્રીપુષ્ટિમાર્ગીય સેવા સમાજ, મર્સીવિલા, અશોકનગર રોડ, કાંદીવલી (પૂર્વ) મુંબઈ–૪૦૦૧૦૧
ન્યોછાવર રૂ.૧૫/– પોસ્ટેજ રૂ.૩/– પૃષ્ઠ ૩૬ + ૪ ટાઈટલ.

સંપાદકશ્રી ગ્રંથસેવા દ્વારા માર્ગની સેવા અને માર્ગમાં અભિરૂચી જાગે એવા સાહિત્યની સેવા કરી રહ્યા છીએ. આ આઠ સમાની ઝાંખીમાં મંગળાથી શયન સુધીના ઝાંખીમાં ચિત્રજી સાથે નીચે કિર્તન આપેલ છે. તેમજ દરેક ઝાંખીમાં ભાવના–વિવરણ અને અન્ય પદો આપેલ છે. આ સાતમી આવૃતિ એજ આ પ્રકાશનની લોકપ્રિયતાનો પુરાવો છે.

૩. શ્રીનાથ સ્વરૂપ દર્શન : પ્રકાશક–નિકુંજ જે. શાહ પ્રાપ્તિસ્થાન–ક્રિએટીવ કોમ્પ્યુગ્રાફીક્સ. ૧૩૩ વી.પી.રોડ, ત્રીજે માળે, નાથાલાલ ભુવન, મુંબઈ–૪૦૦૦૦૪. ન્યોછાવર રૂ. ૫ + પોસ્ટેજ (પ્રતિ નંગ) રૂ. ૫/–

આ સુંદર ફોલ્ડરમાં શ્રીનાથજીના ૧૧ જુદા જુદા રંગીન ચિત્રજીઓ જેમકે શ્રીજીનું મુખારવિંદ, શ્રીગિરિરાજજીના શૃંગારની ઝાંખી, ઉષ્ણકાલ તથા શીતકાલના મંગળાની ઝાંખી, શ્રીજીના ચરણચિહ્ન સાથે આશ્રયનું પદ, બેંગણી ઘટા વિગેરે ચિત્રજીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ખીસ્સામાં રહી શકે તેમજ ખીસ્સાને પરવડે તેવું છે.

૪. નિ.લી.ગો. શ્રીગોકુલાધીશજીના વચનામૃત : પ્રકાશક–શ્રીગોવર્ધનેશ પ્રકાશન મંડલ પ્રાપ્તિસ્થાન–જયેશ શાહ, ૪૨૯– એટલાન્ટા બિલ્ડીંગ, સેન્ટ જોસેફ સ્કૂલ સામે, દાણુકરવાડી, કાંદીવલી (વે.) મુંબઈ–૪૦૦૦૬૭.

નિ.લીગો.શ્રીગોકુલાધીશજી મહારાજશ્રીના ૨૫ વચનામૃતની આ પુસ્તિકા વૃજ ભાષામાં પ્રકાશિત કરવામાં આવેલ છે. આ વચનામૃતોનું આદ્ય સંસ્કરણ સં.૨૦૦૬ માં થયેલ હતું. આ વચનામૃતોમાં જુદા જુદા પ્રસંગો વર્ણવેલ છે. કોઈ પ્રસંગ ૮૪ કે ૨૫૨ વૈષ્ણવો અંગે તો કોઈ પ્રસંગ આચાર્યચરણ, શ્રીપ્રભુચરણ કોઈ સેવા પ્રકાર સિદ્ધાંત અંગેના છે. આવા અદ્વિતિય વચનામૃતોનું પુનઃપ્રકાશન બદલ પ્રકાશકને ધન્યવાદ.

સમાચાર

શુભ દિપાવલી અને નૂતનવર્ષાભિનંદન

☐ ઈસ મંગલમય પર્વ પર હમ સભી એક હોકર આચાર્યચરણ કે દિવ્ય સિદ્ધાંતોકો વિશ્વમેં પ્રસારિત કરકે અપને અમુલ્ય જીવનકો ધન્ય કરે યહી મંગલકામના સહ..

—પૂ.પા.ગો. શ્રીવૃજેશકુમારજી, કાંકરોલી

☐ ઈશ્વર સ્મરણ અને શ્રીઠાકોરજીની સેવા દરેક સંજોગોમાં હિંમત અને શક્તિ આપે છે.

—મેનેજીંગ ટ્રસ્ટી શ્રીમહાપ્રભુજી બેઠક, તગડી

☐ આચાર્ય શિરોમણી શ્રીમદ્ વલ્લભાચાર્યોના દિવ્ય સિદ્ધાંતોથી આપણા મન, વાણી અને વર્તન સદા આલોકીત થતા રહે.

—પૂ.પા.ગો. શ્રીદ્વારકેશલાલજી મહારાજ, વડોદરા

☐ પરમ કૃપાળુ નંદનંદન—યશોદોત્સંગલાલિત શ્રીકૃષ્ણ આપને પ્રેમ—જ્ઞાન અને શક્તિ અર્પે તેમજ અલૌકિક સામર્થ્ય અને તંદુરસ્ત દીર્ઘાયુ બક્ષે.

—ચીમનલાલ એન. બેંકર, અમદાવાદ

☐ સદબુદ્ધિ, સદાલાપ, સદભાવ, સદાચાર અને સદ્—સંગ દ્વારા આપના સમગ્ર પરિવારનું નૂતન વર્ષ ધૂપસળીની જેમ સદાય મહેંકતુ રહે.

—આં.રા.પુ.વૈ.પરિષદ ગુજરાત પ્રદેશ

૨. સહસ્ત્રાબ્દિ વિશ્વશાંતિ શિખર સંમેલન : સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા ન્યૂયોર્ક ખાતે તા. ૨૮ ઓગસ્ટ થી ૩૧ ઓગસ્ટ દરમ્યાન જે આયોજન કરેલ તેમાં પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રીએ અંગ્રેજીમાં જે વક્તવ્ય આપેલ તેનો અંશ.

Vaishnavism is more a Culture, it respects all forms of thoughts and tries to make a person's faith steadfast in this own religion. It has gifted many a great saints and highly learned and religious people who have created examplary in order to propagate and establish Vaishnavism.

Pustimarg is, as such, committed to improvise the quality of life and give rise to benevolent, sublime and great motives in mankind by removing his ill minded and complexed activities.

૩. માનવસેવા : આં.રા.પુ.વૈ.પરિષદ ગુજરાત પ્રદેશના ઉપક્રમે વડોદરા શહેરની આં.રા.પુ.વૈ.પરિષદ શાખાઓના સૌજન્યથી શ્રમમંદિર સિંધરોટ ખાતે તા. ૧૨—૧૧—૨૦૦૦ ના રોજ પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રીની

ઉપસ્થિતિમાં ફૂડ પેકેટ અને મીઠાઈ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. મંત્રીશ્રી વી.પી.પરીખ અને સંગઠન મંત્રીશ્રી સી.પી.તલાટીએ અતિથિઓનું સ્વાગત કર્યું હતું.

☐ **મિલન સમારંભ વડોદરા :** પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં વડોદરાની ૧૮ શાખાઓનો મિલન સમારંભ તા. ૧૨–૧૨–૨૦૦૦ ના રોજ યોજવામાં આવેલ હતો. મંત્રીશ્રી અને સંગઠન મંત્રીશ્રીએ સંગઠનની ભૂમિકા સમજાવી અને વલ્લભીય સાહિત્યના પ્રકાશનના પ્રોજેક્ટની રૂપરેખા આપી હતી.

૪. પોરબંદર : તા. ૧૦–૧૧–૨૦૦૦ ના રોજ પૂ.પા.ગો. શ્રીવસંતકુમારજી દ્વારા સંચાલિત શ્રીવૃજનિધિ સોશ્યલ ગૃપ દ્વારા નિ.લી.પૂ.પા.ગો.શ્રીમાધવરાયજી મહારાજનો ૬૦ મો મંગલ પ્રાગટયોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. બે દિવસીય કાર્યક્રમ દરમ્યાન ચર્મરોગ નિદાન કેમ્પ, શિંગાર શિબીર, રંગોળી હરિફાઈ, કવિસંમેલન તથા શ્રીનો છાકનો મનોરથ કરવામાં આવેલ હતા. વધાઈ–કીર્તન તેમજ પલના નંદ ઉત્સવના દર્શનનો લાભ વૈષ્ણવોને મળ્યો. બહોળી સંખ્યામાં વૈષ્ણવોની હાજરી હતી. આમ સુંદર રીતે ઉત્સવ સંપન્ન થયો.

૫. વડોદરા : ષષ્ઠ પીઠાધીશ્વર પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રીના ૩૪ મો જન્મદિન શ્રીકલ્યાણરાયજીના મંદિરના પ્રાંગણમાં કીર્તનગાન, શરણાઈવાદન તથા વૈદિક મંત્રોચ્ચાર સાથે વલ્લભકુળના આચાર્યચરણો, વિદ્વાન શાસ્ત્રીઓ તથા વૈષ્ણવોની ઉપસ્થિતિમાં ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવેલ હતો. આ પ્રસંગે માનવ સેવાના કાર્યો પણ સંપન્ન થયા હતા. આપશ્રીના કેસરીસ્નાનનો લાભ હજારો વૈષ્ણવોએ લીધો હતો. નંદમહોત્સવની ઉજવણી ધામધૂમથી કરવામાં આવેલ હતી. ચાંદીની હટડીમાં શ્રીકલ્યાણરાયજી પ્રભુના દિવ્ય દર્શન થયા હતા. અને વધાઈ–કિર્તન સાથે મંગલ કાર્યક્રમનું સમાપન થયું હતું.

૬. ગોવા : શ્રીવિરાટ સોમયાગ મહોત્સવ : તા. ૧૯–૧–૨૦૦૧ થી ૨૪–૧–૨૦૦૧ સોમયજ્ઞનું મડગાંવ–ગોવા ખાતે આયોજન કરવામાં આવેલ છે. તા. ૨૩–૧–૨૦૦૧ ના રોજ પૂ.પા.ગો.શ્રીગોકુલોત્સવજી મહારાજશ્રી ધ્વજારોહણ કરનાર છે. પ્રતિદિન સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરેલ છે. આ યજ્ઞમાં તન, મન અને ધનથી સેવા કરવાનો અનુરોધ કરવામાં આવેલ છે.

વિશેષ સંપર્ક સ્થળ: શ્રીવિરાટ સોમયાગ મહોત્સવ સમિતિ દોશી નિવાસ, પાજી ફોંડ, મડગાંવ–ગોવા.

૭. અડેલ : શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ : ષષ્ઠપીઠાધીશ્વર ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રીની અધ્યક્ષતા નીચે શ્રીમુકુન્દગોપાલ સેવા સંસ્થાન દ્વારા અડેલમાં બેઠકજીમાં સંગીતમય શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન તા. ૧૬–૧–૨૦૦૧ થી તા. ૨૩–૧–૨૦૦૧ સુધીનું કરવામાં આવનાર છે. વ્યાસપીઠ ઉપર શ્રીવિશ્વનાથ નારાયણ પાલન્દેજી બીરાજશે. તા. ૨૫–૧–૨૦૦૧ ના રોજ બેઠકજીમાં શ્રીગોવર્ધનપૂજા અને અન્નકૂટના દર્શન કરાવવામાં આવશે.

૮. ચેન્નાઈ (મદ્રાસ) : શ્રીવલ્લભીય વિરલ વિભૂતિ : આધુનીક વૈષ્ણવો માટે પ્રેરક બળ બની રહે તેમજ ૮૪–૨૫૨ વૈષ્ણવો બિરાજી રહ્યા હોય તેવો અનુભવ પ.ભ.કાવેરીબાના સાનિધ્યમાં આવવાથી થાય છે. જે સંદેશ શ્રીશુદ્ધાદ્વૈત વૈષ્ણવ મહાસભા–મદ્રાસ તેમના ગોલ્ડન જ્યુબીલી વર્ષમાં આપી રહ્યા છે. પ.ભ. કાવેરીબા શતાયુ વર્ષ (જન્મ તા. ૨૩–૯–૧૯૦૦)ના હોવા છતાં આજે પણ અષ્ટયામ સેવાના પ્રકારે પ્રભુને લાડ લડાવે છે. તેઓ મેડ–મર્યાદાના ચુસ્ત આગ્રહી અને આચાર પરાયણ છે. તેમના શતાબ્દીના અવસરે પૂ.પા.ગો.શ્રીમથુરેશ્વરજી

મહારાજશ્રીએ શાલ ઓઢાડી તેમજ પૂ.પા.ગો.શ્રીઅજયકુમારજી (ચૈન્નઈ) શ્રીપ્રભુજી મહારાજ (બગસરા), શ્રીયદુનાથજી મહોદય (કોટા–કડી–અમદાવાદ) બા ને ઘેર પધારી ઉપરણો ઓઢાડી બા નું સન્માન કર્યું હતું તેમજ ગોકુલદાસ–જમનાદાસ પરિવાર તરફથી પણ સન્માન કરવામાં આવ્યું હતું.

□□ શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી– મડગાંવ–ગોવા □□

આ બેઠકજીમાં નવનિર્માણનું કાર્ય પૂર્ણ થઈ ગયું છે. શ્રીમહાપ્રભુજીની કૃપાથી સેવાનો પ્રકાર શરૂ થયો છે. ઘણાં વૈષ્ણવો દર્શન, ઝારી–ચરણસ્પર્શનો અલૌકિક લાભ લેવા માટે અત્રે આવે છે. વૈષ્ણવોના મુકામ માટે અહીં વ્યવસ્થા કરવાનું પૂ.પા.ગો.શ્રીશરદબાવાશ્રીએ વિચાર્યું છે. તે મુજબ અહીં પંદર બ્લોક બનાવવાના છે. એક બ્લોકનો અંદાજે એક લાખ રૂ. નો ખર્ચ છે. વૈષ્ણવો ૬૧૦૦૦/–રૂ. આપીને એક બ્લોક બુક કરાવી શકશે. તે ઉપરાંત અહીં એક સત્સંગ હોલ, પુસ્તકાલય, વોટરકુલરની વ્યવસ્થા, બગીચો વગેરે બનાવવાનું આયોજન પણ થયું છે. સેવા માટે સહયોગ આપવાની ઈચ્છા હોય તેમણે નીચેના સરનામે સંપર્ક કરવો.

શ્રીઈન્દ્રકાન્ત ત્રિકમલાલ (પ્રમુખ, આં.રા.પુ.વૈ.પરિષદ)
૪૧, નોબલ્સ 'એ' બિલ્ડીંગ, ત્રીજે માળે, આશ્રમ રોડ, અમદાવાદ. ફોન. (૦૭૯) ૬૫૮૯૮૩૭૪

પ.ભ.કીર્તનીયા શ્રીકસ્તુરચંદ બાપાને

શ્રદ્ધાંજલી

શ્રીવલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિના પ્રમુખ તથા આં.રા.પુ.વૈ.પરિષદના ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રીડાયાભાઈ ડેલાવાળાના પિતાશ્રી, જૂની પેઢીના અનુભવી કીર્તનીયા પ.ભ.શ્રીકસ્તુરચંદભાઈ કંસારા, તા.૧૭–૧૨–૨૦૦૦ રવિવારે શ્રીભગવદ્ ચરણારવિંદને પામ્યા, તેઓ ૮૭ વર્ષના હતા.

પ.ભ.શ્રીકસ્તુરભાઈ સદૈવ શ્રીહરિ, ગુરૂ, વૈષ્ણવની સેવામાં તત્પર રહેતા, અને જીવનના અંતિમ દિવસો સુધી શ્રીબાલકૃષ્ણલાલજી સન્મુખ કીર્તન સેવાનો ક્રમ પ્રભુએ તેમના પર કૃપા કરીને નિભાવ્યો.

તેઓ પોતે અને પોતાના સ્નેહી વૈષ્ણવો દ્વારા નિયમિત પૂ.શ્રીગોસ્વામી બાલકોની સેવામાં સન્મુખ રહેતા તેમજ નિષ્કંચન વૈષ્ણવોને આર્થિક સહાયતા કરતાં તે પણ કોઈને જાણ ન થાય તે રીતે કરતા.

નિ.લી.ગો.શ્રીપ્રથમેશજી મહારાજ તથા અન્ય મહાનુભાવ ગોસ્વામી બાલકોની તેમના પર ખૂબજ કૃપા હતી.

તેમના છ એ પુત્રો શ્રીડાયાભાઈ, શ્રીકનુભાઈ, શ્રીપ્રવિણભાઈ, શ્રીજયસુખભાઈ, શ્રીગુણવંતભાઈ તથા શ્રીવિનુભાઈ સ્વધર્મ પરાયણ, રાષ્ટ્રીય ભાવનાથી ઓતપ્રોત રહી સ્વમાર્ગની સેવા, ગૌસેવા, સ્વમાર્ગીય સાહિત્ય પ્રકાશન સેવા, કીર્તન સેવા અને સાથોસાથ જ્ઞાતિ સમાજની સેવાનાં વિવિધ ક્ષેત્રોમાં સદાય તત્પર રહે છે.

તેમની વિદાયથી તેમનાં સંસ્કારી, સ્વધર્મ નિષ્ઠ પુત્રો, પુત્રીઓ, પૌત્રો, દોહિત્રોના વિશાળ પરિવાર તથા બહોળા સ્નેહી વર્ગને તથા રાજકોટ વૈષ્ણવ સમાજને તેમની મોટી ખોટ પડી છે.

"શ્રીવલ્લભસુધા" સંપાદક વ્યવસ્થાપક મંડળ તેમને ભાવપૂર્વક શ્રદ્ધાંજલી પાઠવે છે.

[૧૬] રાધનપુર

શ્રીદામોદરભાઈ કંસારા
કંસારા બજાર, ટાવર રોડ,

[૧૭] રાજપીપળા

પ્રા. એમ. આર. પાલેજા
'લકુલીશ', માલીવાડ,

[૧૮] વડોદરા

☐ શ્રીવામનભાઈ બી. પટેલ
વાયડાપોળ,

☐ શ્રીકૃષ્ણકાંતભાઈ એમ. મહેતા
C/O. ઉર્મી સોસાયટી, પ્રોડકટીવીટી રોડ,
અલકાપુરી,

[૧૯] વાપી

શ્રીમતિ ભામિનીબેન કિશોરભાઈ
૧૦૫, અનુકુલ ચેમ્બર્સ,
એન. એચ. નં.૮ પ્લોટ નં.૮/૧૨,

[૨૦] વાંકાનેર

☐ શ્રીસુભાષચંદ્ર ભીખાલાલ કંસારા
☐ કાકુભાઈ ગોરધનભાઈ દોશી
C/O. ભારત એજન્સી, પુલ દરવાજાની દુકાન,
મોટી શાકપીઠને નાકે,

[૨૧] સુરત

શ્રીભદ્રેશકુમાર હિંમતલાલ ઠક્કર
વાસણના વેપારી, ૫/૩૩ બી,
હરિપુરા, પીરછડી,

રાજકોટમાં શ્રીવલ્લભસુધાનું લવાજમ નીચેના સ્થળે ભરી શકાય છે.

૧...શ્રી વલ્લભસુધા કાર્યાલય
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા,

૨...શ્રી મનસુખલાલ માવજીભાઈ સોની
શ્રંગાર જ્વેલર્સ, સોની બજાર,

૩...શ્રી જશવંતભાઈ ત્રિભોવનદાસ જુઠાણી
શ્રીત્રિકમરાયજીની હવેલી, જાગનાથ પ્લોટ,

૪...શ્રી મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઈ
'શારદા સદન', ૨૫–ન્યુ જાગનાથ,

૫...શ્રી વસંતભાઈ એન. વોરા
C/O. વોરા એન્ડ કાું. દુર્લભ ચેમ્બર, ઢેબર રોડ,

૬...શ્રી ગોરધનભાઈ વેલજીભાઈ શનિશ્ચરા
'લલિત કુંજ', ૪–કૈલાસવાડી, જંકશન પ્લોટ,

૭...શ્રી મનસુખભાઈ સખીયા
C/O. પટેલ હાર્ડવેર માર્ટ, રૈયા રોડ,

૮...શ્રી કનુભાઈ જે. દેવાણી
'શ્રીનાથજી કૃપા' ૫–ગાયત્રીનગર.

૯...શ્રી અવંતીલાલ ભાઈલાલ સોની
સવજીભાઈની શેરી, સોની બજાર.

૧૦...શ્રી દેવજીભાઈ પડીયા
શ્રીરાજકમલ એજન્સી, પ્રહલાદ રોડ,

૧૧...શ્રી વી. જે. પીઠડીયા
'મોહક', ૭–નીલકંઠનગર,

૧૨...શ્રી વજુભાઈ પીઠડીયા
પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય,
શ્રીસાતસ્વરૂપ હવેલી, મહાત્મા ગાંધી રોડ,
દેના બેંક પાસે,

૧૩...શ્રી ગોવિંદભાઈ મનજીભાઈ કરશાળા
નાલંદા સોસાયટી, શેરી નં.૨, કાલાવાડ રોડ,

૧૪...શ્રી ગોરધનભાઈ વાલજીભાઈ ગજેરા
'નવનીત કુંજ' ૩–વિશ્વનાથ મેઈન રોડ,
પટેલ બિલ્ડીંગનો સામેનો રોડ,

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-01-2001.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO
POST WITHOUT PREPAYMENT TO
POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.શ્રી.નં.૧૫૮
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન.

સતસૈયા

૨. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

કહત બનેં ન કછૂ
સબેં જ્યાંનત અંતર જ્યાંમિ ।
બાંહિ ગહોં તો ઉબરોં (૩૦)
નાતર બૂડયો સ્વાંમિ ॥

ટીકા : હે શ્રીકૃષ્ણ ! સ્વામી ! અમારા જીવનાં કર્મ છે તે ઘણાં અકથિત નીચ છે તે કાંઈ કહેતા તો ન બને. લાજ આવે, માટે શી વિનતી કરું ? વિના કહેં આપ તો અંતરયામી છો તો સર્વ જાણો છો. માટે મારા સર્વ દોષ ક્ષમા કરીને મારો હાથ ઝાલો તો ઉગરું, નહિ તો હૂં બૂડયો એ નિશ્ચેં, પ્રભુ છો, ગમે તો ઉગારો (ગમે તો બુડાડો.) ૩૦

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **'શ્રી વલ્લભસુધા'**
તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મુદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ. રાજકોટ–૨. **ફોનઃ ૩૬૨૧૩૮**
કોમ્પ્યુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. **ફોન : ૨૪૦૫૪૧.**

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલીત

શ્રીવલ્લભસુધા





વચનસુધા

ભગવાનની પાસે ઉત્તમ પદાર્થ જઈ શકે, ઉત્તમ બુદ્ધિ જઈ શકે, ઉત્તમ આચરણ જઈ શકે, આ વ્યવહાર પક્ષની વધારે સ્પષ્ટતાં શ્રીપ્રભુચરણ શ્રીગુસાંઈજી આપણને 'ગીતા તાત્પર્ય'માં જણાવે છે. પ્રશ્ન એ છે કે, એ છે તો એક ભગવદ્ ગીતાની ભૂમિકા જ. પછી એમાં ગીતાના એક અધ્યાય ઉપર વિવરણ પણ પ્રાપ્ત છે. આ દુર્ભાગ્યની વાત છે કે આપણા સંપ્રદાયના ગ્રંથો આપણે સંઘરીને રાખી નથી શક્યાં. એટલે ઘણાખરા પ્રાપ્ત છે અને ઘણાં નથી. એ ગીતા તાત્પર્ય દ્વારા વ્યવહારની સ્પષ્ટતા કરે છે. અને તેવીજ રીતે વલ્લભાચાર્ય શોડષગ્રંથોમાં અને શ્રીહરિરાયજી 'શિક્ષાપત્ર'માં વ્યવહારની સ્પષ્ટતા કરે છે.

વ્યવહારમાં –આપણો લોક વ્યવહાર પણ ભગવદીય દ્રષ્ટિકોણથી જોવાનો છે. પણ પ્રભુને લોકદ્રષ્ટિથી નથી જોવાના, ને ધર્મને લોક દ્રષ્ટિથી નથી જોવાનો તો ધાર્મિક સંસ્થા પણ લોક દ્રષ્ટિથી જોવાની નથી. વલ્લભાચાર્ય એક આચાર્ય છે. ભગવદ્રૂપ છે. પ્રભુ સ્વયં કહે છે કે 'આચાર્યમાં વિજાનીયાત્' આચાર્યને મારું સ્વરૂપ જાણો, છતાં એવું હોવા છતાં પણ, દૈવોદ્ધારક હોવા છતાં પણ આચાર્યશ્રીએ એક પરંપરા અને વ્યવહારનું સમીકરણ તો કર્યું છે. આચાર્ય હોવા છતાં પણ લોકની મર્યાદાનો વિચાર કર્યો જ છે. જો એ ન કર્યો હોત તો પત્રાવલંબન અને બીજા એવા ગ્રંથો લોકવેદના ઉપર વ્યાખ્યાનવાળા ગ્રંથો આચાર્યશ્રી એની રચના ન કરત.

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ, શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા–૨ પૃષ્ઠ–૪૪–૪૫)

ગૌરક્ષા–ગો–પાલનમાં તત્પર બનો

☐ પ્લાસ્ટીકની પાતળી કોથળી જ્યાં ત્યાં ન નાંખો. તે ખાઈ જવાથી અસંખ્ય ગાયો બીમાર થાય છે, અને મૃત્યુ પામે છે. આ એક ઘોર અપરાધ છે.

☐ શ્રીગિરિરાજજીના ઉલ્લંઘનના અપરાધથી બચવા–ગોવર્ધન ગામમાંથી શ્રીગિરિરાજજી ઉપર જતી સડકનો ઉપયોગ ન કરો. આન્યોરના રસ્તેથી પૂછરી થઈને જતીપુરા જવું. આ રીતે શ્રીગિરિરાજજીની મર્યાદા અવશ્ય જાળવો.

વર્ષ : ૧૯ **અંક : ૧૧**
વિક્રમ સંવત : ૨૦૫૭ **શ્રીવલ્લભાબ્દ : ૫૨૩** **ફેબ્રુઆરી, ૨૦૦૧**

વાર્ષિક લવાજમ
રૂ.૪૦/–
આજીવન લવાજમ
રૂ.૫૦૧/–



"શ્રીવલ્લભસુધા" કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

“શ્રીવલ્લભસુધા” ના સેવાભાવી–પ્રતિનિધિ–કાર્યકર

[૧] અમદાવાદ
શ્રી અશ્વિનભાઈ નવનીતલાલ દેસાઈ
૪૩, સરદારપટેલનગર, એલિસબ્રીજ,

[૨] અંકલેશ્વર
શ્રીગોપાલભાઈ એન. શાહ
સી/૫, જી.આઈ.ડી.સી. કોલોની
જી.આઈ.ડી.સી. વાલીયા રોડ,

[૩] કલ્યાણ
શ્રી કૃષ્ણદાસ મથુરાદાસ અઢીયા
હવેલી બિલ્ડીંગ, પાર નાકા,

[૪] ઉપલેટા
શ્રી અમૃતલાલભાઈ પટેલ
C/O. શ્રીહરિ સ્ટોર્સ, રાજમાર્ગ,

[૫] કલકત્તા
શ્રી નિતિનભાઈ મહેતા
C/O. કાનજી સવજી મહેતા
મહેતા બિલ્ડીંગ, ૧ લે માળે,

[૬] જામનગર
નગીનદાસ પ્રેમચંદ કંસારા
C/O. દિપેશ મેટલ કોર્પોરેશન
૫૬, દિગ્વીજય પ્લોટ,

[૭] જુનાગઢ
☐ શ્રીઅમૃતલાલ સુંદરજી હિંડોચા
C/O. નિકુંજ ટ્રેડર્સ, તાલુકા શાળા સામે,
દાણાપીઠ,
☐ શ્રીપોપટલાલ જમનાદાસ
બી/૨, રવિકિરણ એપાર્ટમેન્ટ,
☐ શ્રીઅરજણભાઈ જેસાભાઈ વૈષ્ણવ
‘કિરણ’ ૪–જલારામ સોસાયટી,
લોઢીયાવાડી સામે,

[૮] ડોમ્બીવલી
શ્રીવિઠ્ઠલભાઈ એસ. લાખાણી
૮–શીવલીલા, તિલકનગર, ગોપાલનગર રોડ–૧.

[૯] ધોરાજી
શ્રીજાદવજીભાઈ જીવરાજભાઈ વઘાસીયા
‘નંદાલય’ રાળીયા હનુમાન પાસે,

[૧૦] પાંચપીપળા
શ્રીગોકળભાઈ જાદવભાઈ પોલરા

[૧૧] ઘાટકોપર (પૂર્વ)
શ્રીછોટાલાલ જીવરાજ મહેતા
લાભ સદન, અર્ચના નિવાસ,
રાજાવાડી, એમ.જી.રોડ,

[૧૨] મુંબઈ
☐ આં.રા.પુ.વૈ.પરિષદ
અનંતવાડી, વૈદભુવન, કાલબાદેવી રોડ,
☐ આં.રા.પુ.વૈ.પરિષદ
જી/૨, સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોડ,
પોલીસ સ્ટેશન સામે,

[૧૩] મલાડ
શ્રીજયંત સી. ભાઠા
૫૨, રામચંદ્ર લેન, અલ્હાબાદ બેંકની સામે,

[૧૪] મોરબી
☐ શ્રીભગવાનદાસ વેલજીભાઈ શનિશ્ચરા
૪–ખત્રીવાડ,
☐ ધર્મેન્દ્ર ભોગીલાલ કંસારા
C/O. ટોકરશી જાદવજી કંસારા

[૧૫] મોટાભાદરા
પોંકીયા વલ્લભભાઈ રાઘવભાઈ

॥ શ્રી હરિઃ ॥

કચ્છ-સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ભૂકંપે સર્જેલ તારાજી અને આપણો ધર્મ

૨૬ જાન્યુઆરીના સવારે આવેલ ભૂકંપથી કચ્છ—અમદાવાદ અને મોરબીમાં મુખ્યત્વે અને અન્યત્ર નાના—મોટા પ્રમાણમાં થયેલ ખુવારી નજરે જોનારના હૃદય દ્રવિત કરી દે તેવી છે, પણ જેનાથી આપણા હૃદયને થડકો નથી પહોંચતો તેવી ભયંકર ખૂવારી છે. સમાજમાં વ્યાપક થયેલ ભ્રષ્ટાચારની, માનવ માત્ર સદાચારી—નીતિમાન જીવન જીવે તે માટે સમાજરચનામાં રાજસત્તા અને ધર્મસત્તાનું નિયંત્રણ રખાયેલ છે અને તેઓ અનાચારી—લોલુપ અને અન્ય દુર્ગુણીને વિવિધ પ્રકારે દંડ કરવાની શકિત ધરાવે છે. દુર્ભાગ્યે, માનવીને નિયંત્રીત કરનારી આવી સત્તાઓ ઓછી અસરકારક થતા મનુષ્ય આજે વધુને વધુ સ્વૈચ્છાચારી – સ્વચ્છંદ – કામલોલુપ બનતો જાય છે પણ તેનું અસરકારક રીતે નિયંત્રણ થતું જણાતુ નથી કદાચ તેથી જ આવી ભયંકર વિપતીઓ જોવાનો સમય આવે છે.

વૈદિક સનાતન ધર્મ સંસ્થાના નિતીગ્રંથોમાં મનુષ્યના કર્તવ્યોનો વિચાર કરી તેને પરલોકનો, નરકપાત જેવો ભય – તેમજ પુનઃજન્મમાં ભોગવવા પડતા દુષ્કૃત્યોના ફળનો ભય દેખાડી માનવ મનને નિયંત્રિત ચાલવા પ્રેરે છે.

આજે આ ભયંકર હોનારતે મનુષ્યને, મકાનોનું ભારી મજબુત દેખાતુ માળખુ કેવું તૂટી પડે છે. કેવું ખેદાન—મેદાન થઈ જાય તે પ્રત્યક્ષ કરાવ્યું છે.

આપણો પુષ્ટિમાર્ગ, ધર્મસંસ્થામાં શિરમોર છે. શ્રીમદ વલ્લભાચાર્યજી મહાપ્રભુએ પ્રકટ કરેલ સિધ્ધાંતો વૈદિક ધર્મના પાયા ઉપર જ પ્રતિપાદિત કરેલ છે.

આપણે આ દ્રષ્ટિએ વિચારીશું તો સહજ જણાશે કે આ હોનારતમાં નવા બંધાયેલ જે મકાનો તૂટયા છે તે તેના પાયની કચાશના પરિણામે તૂટયાનું મનાય છે. જયારે જુનવાણી મજબુત પાયા પર રહેલ ઈમારતો તેને યોગ્ય સારસંભાળ ન લેવાઈ હોય, ખોખરી થઈને તૂટયાનું દેખાય આવે છે.

આપણે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કહેવાઈને પણ નીતિ શાસ્ત્રોકત સદાચાર—નિયમોનો પાયો દ્રઢ ન રાખી માત્ર લોકોને દેખાડવા પૂરતું બાહ્ય ધર્માચરણ કરતા હોઈએ પણ પ્રાણીમાત્ર પ્રત્યે દયા, વ્યાપાર વ્યવહારમાં પ્રમાણિકતા વગેરે ગુણોને છોડી દઈએ તો તે પાયા વિનાના બહુમાળીની જેમ આપણું જીવનરૂપી બિલ્ડીંગ પણ ખેદાનમેદાન થઈ શકે છે.

આજે માત્ર ડોકમાં કંઠી પહેરી લઈને વૈષ્ણવ કહેવડાવવું અને પ્રાણીઓની ચરબીવાળા ઘી નો વેપાર પણ કરવો, વિદેશની અનેક ભ્રષ્ટ વસ્તુઓ, પ્રાણીઓની ચરબીવાળા સાબુઓ ચરબીયુકત ટુથપેસ્ટો, હાડકાના ભૂકાવાળા મંજનો આદીનો ઉપયોગ કરવો, માત્ર ભૌતિક વિલાસી જીવનશૈલી માટે ન્યાય—અન્યાયનો વિચાર કર્યા વિના દ્રવ્ય એકઠું કરવું અને તેમાંથી ચાર પૈસા વાપરી દાનેશ્વરી હોવાનો અહંકાર પોષવો, પોતાની વિષયવાસના પોષવા ધર્મનો ઢાલરૂપે ઉપયોગ કરવો, જેવા ભયંકર દુર્ગુણોવાળું જીવન—ભવન શું સ્થીર રહી શકશે ખરૂં ?

જેમના હાથમાં સતા છે તે તથા જેમના દ્વારા સતાનો ઉપયોગ થાય છે તે કર્મચારીઓ જો પોતાના આત્માને પુછીને ચાલશે, પોતાના પરલોકનું હિત–અહિત વીચારીને ચાલશે તો જ સમાજને થોડોક નિયંત્રીત કરી શકશે.

આપણા સંપ્રદાયના માનનિય વિદ્વાન ગો.વા. નાગરદાસભાઈ બાંભણીયા કહેતા હતા કે "વૈષ્વણ ધર્મ તો ઘરેણું છે અને માનવધર્મ, નીતિ–નિયમ એ કપડા લતા છે." જો કોઈ માણસ વૈષ્ણવ હોવાનો ડોળ કરી મંદીરોએ દોડા–દોડી કરે કે અન્ય આડંબર કરે પણ જીવનમાં નીતિ, સમભાવ, પ્રાણીમાત્ર પ્રત્યે દયા વગેરે સામાન્ય ધર્મો ન આચરે અને વૈષ્ણવ હોવાનો દેખાવ કરે તો તે કપડા પહેર્યા વિનાનો નગ્ન માનવી ઘરેણા પહેરીને પોતે બહુ પ્રતિષ્ઠિત હોવાનું માને તેમ ન લાગે શું ?

આજે જયારે હૃદયને કંપાવી મુકતા દ્રશ્યો જોઈને આપણા જીવનમાં કંઈક ઘડો ન લઈએ તો તેથી વધુ દુર્ભાગ્ય બીજુ શું હોઈ શકે ?

ભગવદ્ ઈચ્છાથી હજુ ધર્મ સાવ મરી પરવાર્યો નથી. માનવતા, વૈષ્ણવતાની મહેક હજુ એ ખારા રણમાં વિરડી જેવી દેખાય છે. ભૂકંપગ્રસ્તોના આંસુ લુછવા, તેમને સધિયારો આપવા મોટી સંખ્યામાં લોકો બહાર આવ્યા છે તે એક શુભ ચિન્હ છે. રાજકોટમાં પણ જીવહાની જુજ થઈ છે પણ મકાન મિલ્કતને જુના શહેરમાં ખૂબ નુકશાન થયું છે. જેમાં ઘણે ભાગે વૈષ્ણવો છે તેથી ભૂકંપ થયો કે તુર્ત જ સેવાભાવી વૈષ્ણવ ગૃહસ્થોએ વૈષ્ણવો માટે આશ્રય, પ્રસાદ લેવાની તથા વૈષ્ણવોના માથે બીરાજતા શ્રી..... ને સમુહમાં પધરાવી સેવા પહોંચવાની ત્વરિત વ્યવસ્થા કરી છે.

પૂ.પા.ગો. શ્રીરવિન્દ્રકુમારજી મહોદય કચ્છના પીડીત લોકો તથા મોરબીના વૈષ્ણવોને આશ્વાસન આપવા અન્ન–વસ્ત્ર આદી જરૂરી વસ્તુઓનો જથ્થો લઈને પધાર્યા છે.

મોરબીના જુના શહેરમાં ભારી જાન–માલની ખુવારી થઈ છે. સદભાગ્યે શ્રીમહાપ્રભુજીના બેઠકજીના મકાનને કંઈ ખાસ વાંધો નથી.

શ્રી વલ્લભસુધાના બધા કાર્યકર્તા પ્રભુકૃપાથી સહીસલામત છે. એક કાર્યકર કે જેને ત્યાં શ્રી વ.સુ. નું બધુ સાહિત્ય – રજિસ્ટરો, પુસ્તકો–અંક વગેરે રહે છે તે મકાનને ખૂબ નુકશાન થયું છે પણ શ્રીવલ્લભસુધાનું બધું સાહિત્ય સારી સ્થિતિમાં રહી ગયું છેતે જ રીતે શ્રીવલ્લભસુધાનું કામ કરનાર પ્રેસ, બાઈન્ડર વગેરે સંસ્થાઓ પણ ઉગરી ગઈ છે તેથી શ્રીવલ્લભસુધાનું પ્રકાશન ચાલુ રહી શકયુ છે એ શ્રીમહાપ્રભુજીની કૃપાનો પ્રતાપ છે.

ગૌસેવા, પ્રાણીમાત્ર પ્રત્યે દયા, વાણી–વ્યવહારથી કોઈ ન દુભાય તેવું વર્તન રાખી દ્રઢ ભગવદ્ આશ્રય રાખીશું તો જ શ્રી મહાપ્રભુજી આપણા પર પ્રસન્ન થશે.

નમ્ર નિવેદક

ડાયાલાલ કસ્તુરચંદ કંસારા
પ્રમુખશ્રી, વ.વિ. પ્રકાશન સમિતિ,
રાજકોટ.

રવજીભાઈ પ. પટેલ
સંપાદક
શ્રીવલ્લભસુધા

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

વર્ષ : ૧૯ અંક : ૧૧ ☐ શ્રી-વલ્લભાબ્દ ૫૨૩ ☐ ફેબ્રુઆરી, ૨૦૦૧

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

[ચોરાશી અપરાધ]

પીસ્તાલીશ થી ઓગણપચાસમો અપરાધ : "અકેલે વડા મિષ્ટાન્ન વિના આરોગાવે નહીં, ઘી વિના ભોગ ન ધરેં, શાક, સંધાણા વિના ભોગ ન ધરેં, જો કછુ ન હોઈ આવે તો લૂણ હી ધરેં."

હવે શ્રીઠાકોરજીને ભોગ ધરવાની વસ્તુઓનો સામાન્ય વિવેક બતાવાય છે. એકલાં વડાં (અડદની દાળ વાટીને મરી (તીખા) પધરાવી કરેલાં) ન ધરવાનું કારણ કે તેમાં મરીના આખા ખોખરા કરેલાં ટૂક પધરાવાય છે, તેમાંનો કોઈ ટૂક શ્રીઠાકોરજીને ચાવતાં વધુ તીખું લાગે તો તુરત મીઠી સામગ્રી આરોગી શકે તે માટે બાલભાવ–વાત્સલ્યભાવથી જ્યારે વડાં ધરાય ત્યારે મીષ્ટાન્ન વસ્તુ અવશ્ય ધરવી, તેમજ ઘી ની કટોરી અવશ્ય ધરવી તેમ સામગ્રી–ભાત વગેરેમાં ઘી કરવું. તેજ પ્રમાણે શાક–પાન, સંધાણા વિનાની સામગ્રી પણ ન ધરવી, પ્રભુને રૂચીકર થાય તેવી રીતની વસ્તુઓનું સંયોજન કરવું જોઈએ, તોપણ આર્થિક પરિસ્થિતિ ન પહોંચતી હોય કે શાકપાન ન મલવા જેવી અનિવાર્ય સ્થિતિ આવી પડી હોય તો એક કટોરીમાં લુણ (મીઠું) સંધાણાના ભાવથી અવશ્ય ધરવું. જો પ્રભુને રૂચીકર થવાનો ભાવ વિચાર્યા વિના મન પડે તેમ સામગ્રી ધરે તો અપરાધ પડે.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભસુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રીવલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

સંન્યાસ નિર્ણય

❑ કાકા શ્રીવલ્લભજી કૃત વિવૃતિ ❑

❑ ભાષાંતર : શ્રીબાબુભાઈ પી. નાયક– કડી ❑

—ગતાંકથી ચાલુ

અત્રારંભે ન નાશઃ સ્યાદ્ દૃષ્ટાંતસ્યાપ્યભાવતઃ ।
સ્વાસ્થ્યહેતોઃ પરિત્યાગાત્ બાધઃ કેનાસ્ય સંભવેત્ ॥ ૧૮ ॥

શ્લોકાર્થઃ અહીં આરંભમાં એવા દૃષ્ટાંતનો પણ અભાવ હોવાથી નાશ થતો નથી. સ્વસ્થ થવાનું કારણ હોવાથી, કારણોનો ત્યાગ થતો હોવાથી આનો નાશ થવો કોનાથી સંભવ છે ? —૧૮

વિવૃત્તિ ભાવાનુવાદ : વ્યાસજી જ્ઞાનનો અવતાર હતા. જ્ઞાનરૂપે તે માર્ગનું સમાધાન વ્યાસ પોતે જ કરે છે. ભક્તિરૂપથી ભકિતમાર્ગનું સમાધાન થાય તે યોગ્ય છે. ત્યાં જ્ઞાનમાર્ગમાં ફલદશામાં બાધ થવા અસંભવ છે. અહીં સાધન દશામાં વિશેષ પ્રકારે બોધ કરવા પહેલાના સાધનદશાના બાધકના અભાવનું નિરૂપણ કરે છે. આરંભમાં સાધનદશાનું નિરૂપણ છે. સ્વરૂપથી બાધક પણ ફલસ્વરૂપે સાધન બને છે. ત્યાં પ્રથમ સ્વરૂપથી તેના અભાવનો નાશ થતો નથી એમ કહ્યું છે.

ભગવાનનું બધી રીતે પ્રબળ રક્ષણ હોવાથી તેમનો નાશ થતો નથી એવું વિધાન કર્યું છે. ફળના કારણે તેના અભાવનું વર્ણન કરતાં એવા દૃષ્ટાંતનો પણ અભાવ કહ્યો છે. શુધ્ધ પુષ્ટિમાર્ગમાં ત્યાગ કરનારનો કદી નાશ થયો હોય એવું દૃષ્ટાંત કોઈ જગાએ જોવા મળતું નથી. કાળને કારણે જે અંતિમ ફળ મળવાનું છે તે મળે છે જ. પોતાને દેખાતું જે ફળ છે તે કદાચ કાળે કરીને નાશ પામે, પણ આ ફળ તો કાલાતીત છે. તો પછી શ્રવણાદિ વગેરે સાધનોનો નાશ કાળ કેમ કરી શકે ?

હવે સ્વસ્થ થવાનું કારણ સાધનોના અભાવથી થવાનું કહે છે. કાળકૃત નાશના જ્ઞાનને કારણે વિદ્વાન પોતે કાલરૂપમાં સ્થિતિ કરેલ હોવાથી શ્રવણ વગેરેનો નાશ છે એમ કહેવામાં આવે ત્યાં સુધી, કાળથી બધાંનો નાશ છે એમ કહ્યું છે. અહીં તેવો નાશ એટલે ઈન્દ્રિયોના વિષયોનો નાશ એમ સમજવું, કારણ કે વિષયોનું અધિકપણું હોવાથી શ્રવણ વગેરે કરવાનો નાશ થાય એમ કહે છે. કંઈ ભગવદીયો નાશ થાય તેમ કહ્યું નથી.

વિષયોનો પરિત્યાગ એને સ્વસ્થપણાનો નાશ કહ્યો છે. પરિત્યાગ કરનાર ભગવાનને બધું સમર્પણ કરે છે. એવો અર્થ સમજવો. વિષયોમાં સ્થિતિ કરીને રહેલા ભગવદીયોનો પણ કાળ નાશ કરે એ સંભવિત નથી. તેથી પણ ભગવદીયોના સાધનોનો પણ કાળ નાશ કરી શકતો નથી. એમ કહ્યું છે. આમ ત્રણ પ્રકારનો નાશનો અભાવ હોઈ, સાધનભૂત શ્રવણ વગેરેનો કાળ કાળકૃત બાધક કેવી રીતે બની શકે ? –૧૮

ભગવાન નાશ કરનારા હશે ? એ શંકાનું સમાધાન નીચેના શ્લોકથી કર્યું છે.

હરિરત્ર ન શક્નોતિ કર્તું બાધાં કુતોડપરે ।
અન્યથા માતરો બાલાન્ન સ્તન્યૈઃ પુપુષુઃ ક્વચિત્ ॥ ૧૯ ॥

શ્લોકાર્થ : હરિ અહીં વિઘ્ન કરી શકતા નથી, તો પછી બીજાઓતો ક્યાંથી કરી શકે ? એમ ન હોય તો માતાઓએ બાળકોને ધાવણથી કોઈ સ્થળે પોષણ કર્યું ન હોત. –૧૯

વિવૃત્તિ ભાવાનુવાદ : વિયોગનો ત્યાગ ભગવાન પ્રત્યેના સ્નેહને કારણે હોવાથી તેનો નાશ કદી થતો નથી. એનો નાશ કરવાની શક્તિ કોઈનામાં નથી. ફલનું બાધકપણું થવાનો સંભવ હોવા છતાં પણ હરિ, તેનો નાશ કરવા અસમર્થ છે. દુઃખને દૂર કરવાવાળા હરિ પણ નાશ કરવા સમર્થ નથી. દુઃખનો નાશ કરનાર હરિ પણ નાશ કરી શકતા નથી. તેથી સર્વાત્મપણાના ભાવથી વિરહ બાધક બને તેવું શક્ય હોવા છતાં પણ તેવો ભાવ જે ભગવદ્રૂપ હોવાથી ભગવત્સ્વરૂપ પણ તેવા ભાવના પ્રબલત્વને કારણે તેનો નાશ કરવા અશક્ત છે. તો કાળ પછી કેવી રીતે નાશ કરી શકે ? ભગવાનનો એક અંશ પણ બાધકના હેતુરૂપ બની શકતો નથી. તો પછી જ્ઞાન, ગુણ વગેરેને કારણે જીવના ભાવનો નાશ કરવાનું કારણ કોણ બની શકે ?

ભગવાન સાથે પ્રથમ જીવનો સંયોગ થાય તેવી રીતે ભગવાનના એક અંશથી જ્ઞાન અને ગુણોનું બાધકપણું બને, બાકી સંપૂર્ણપણે બાધક બનવાનું શક્ય નથી. અર્થાત્ અશક્ય છે. ભગવાનનું પણ અશક્યપણું બતાવીને સ્વરૂપના હેતુરૂપ દષ્ટાંતથી બતાવે છે. જેમ માતા બાળકને સ્તનપાન ન કરાવે તે શક્ય જ નથી, તે જ રીતે ભગવાન પણ સર્વાંશે ભાવબાધક બને તે બિલકુલ અસંભ છે. દષ્ટાંત અલંકારથી બિંબ–પ્રતિબિંબરૂપે ભાવથી જોઈએ, તો ભગવત્ પ્રાપ્તિમાં પ્રભુ કોઈ વિઘ્ન કરી શકે એમ નથી. –૧૯

હવે જ્ઞાનમાર્ગ માત્ર તાપનો નાશ કરવા માટે પ્રસિદ્ધ છે. એટલે તે માર્ગમાં બોધ કરનારાં વચનોથી તાપનો નાશ થાય એવી જો કોઈ શંકા કરે તો નીચેના શ્લોકમાં તેનું સમાધાન કર્યું છે.

'જ્ઞાનીનામપિ' વાક્યેન ન ભક્તં મોહયિષ્યતિ ।
આત્મપ્રદઃ પ્રિયશ્ચાપિ કિમર્થં મોહયિષ્યતિ ॥ ૨૦ ॥

શ્લોકાર્થ : જ્ઞાનીઓના વાક્યથી પણ પ્રભુ પોતાના ભક્તને મોહ કરશે નહિ, તો પછી પોતાના સ્વરૂપનું દાન કરનાર અને વળી પ્રિય એવા પ્રભુ શા માટે પોતાના ભક્તોને મોહ કરે ? –૨૦

વિવૃત્તિ ભાવાનુવાદ : 'ભક્ત ભગવાનનો વિરહ સહન કરી શકતો નથી. તો પછી ભગવાન ભક્તનો વિરહ કેવી રીતે સહન કરી શકે ?' એવા વાક્યથી જ્ઞાનીઓનો, અને જ્ઞાનમિશ્રિત ભક્તિમાર્ગીયોનો ઉપરના શ્લોક અનુસાર શુદ્ધ ભક્તને પ્રભુ મોહ કરાવતા નથી. પણ વિરહભાવ રહિત પણ તેને થવા દેતા નથી. ઉપરના શ્લોકના વાક્યથી જ્ઞાનમિશ્ર ભક્તિમાર્ગીય જીવને વિરહમાં બાધક બને છે. તેથી આવાં વાક્યોથી જીવનો પ્રભુ પ્રત્યેનો ભાવ ઉત્કટ બને છે. જ્ઞાનીની જેમ ભક્તિમાર્ગીય ભક્તને પણ ક્યાંથી મોહ થાય ?

અશક્ત હોવા છતાં પણ સમાન બળને કારણે અધિક પ્રયાસ કરવાથી તે સંભવ બને છે. ત્યાં ત્યાગનો હેતુ બતાવીને તેને સ્વરૂપનું પ્રદાન કરે છે. જ્ઞાનમિશ્રિત વિરહમાં પ્રભુ પોતે પોતાના વિરહરસાત્મકનો ભક્તને અનુભવ કરાવે છે. નિરુપાધિક પ્રીતિ બતાવીને વિરહના દુઃખમાં પણ વિપ્રયોગનું પ્રભુ ભક્તને દાન કરી પોતાનું પ્રિયપણું બતાવે છે. આ બે પ્રયોજનની સિદ્ધિ માટે ભગવાનને મોહ કરાવવાનું કોઈ કારણ જણાતું નીથી. ત્યાં નીલામ્બુદશ્યામ હૃદયમાંથી સરકીને ભાવ પ્રગટ કરે છે. વ્યભિચારી ભાવ ઉત્પન્ન થવા છતાં પણ પ્રીતિરૂપ સ્થાયી ભાવને કોઈ હાનિ થતી નથી. આ પ્રમાણે બે રીતે બધું સિદ્ધ થાય છે. પ્રભુ જેને સ્વરૂપનું દાન કરે છે, તેને જ જ્ઞાનમાર્ગથી મોહ થતો નથી. –૨૦

ક્રમશઃ

–: આપનું નવા વર્ષનું લવાજમ મોકલો :–

સને ૨૦૦૧ / ૨૦૦૨ માટે એપ્રીલથી માર્ચનું 'શ્રી વલ્લભસુધા' માસિકનું વાર્ષિક લવાજમ રૂા. ૪૦/– તથા આજીવન લવાજમ રૂા. ૫૦૧/– ૧૫/૩/૨૦૦૧ સુધીમાં સંસ્થાના કાર્યાલયે અગર સેવાભાવી પ્રતિનીધીને પહોંચાડી આગામી વર્ષના "શ્રી વલ્લભસુધા" માસીકનાં અંક નિયમીત મેળવો – ડ્રાફ્ટ "શ્રી વલ્લભ વિજ્ઞાન" નામે મોકલવો અગર મનીઓર્ડરથી રકમ મોકલવી. મનીઓર્ડરની નીચેની પાવતીમાં પોતાનું સરનામું પીનકોડ નંબર સહિત જરૂર લખવું.

શ્રી વલ્લભસુધા કાર્યાલય
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ – ૩૬૦ ૦૦૧.

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

કર્યું થાય શ્રીકૃષ્ણનું, કોથી વધે ઘટે નહીં લવ લેશ;
તેજ પ્રમાણે સુખ દુઃખ લાભાલાભ ન સંશય રેશ.
લેશ રહે નહી તે સમે શુદ્ધિ, જેવું હોનાર તેવી થાય બુદ્ધિ
થાનાર તેતો સહેજે પણ થાય, તું કર્તા નથી શીદ પસ્તાય?
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૮૧)

વિવેચન : આ ચંદ્રાવળામાં કવિશ્રી કહે છે કે કર્તા પણાના અભિમાનનો ત્યાગ કરવો. જે કાંઈ થાય તે તારા ભલાનાં માટે જ છે, તેમ સમજીને કોઈપણ જાતનો શોચ ન કરવો. પ્રભુએ ધાર્યું હશે તેમજ થશે. આમ બતાવ્યું છે.

(૧) દુઃખનું કારણ એજ બની જાય છે કે પોતે કર્તા છે તેમ માને છે. શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી જણાવે છે કે કર્તા પણાનું અભિમાન ન રાખવું. **'કીયો ગોપાલ કો સબ હોઈ'**

જો જાને પુરૂષાર્થ અપનો અતિશય જૂઠો સોય
જો કછુ લેખ લીખ્યો નંદ નંદન મેટ શકે નહીં કોઈ

આ પદમાં પરમાનંદદાસજી કહે છે કે પ્રભુની ઈચ્છા વગર પાંદડું કોઈથી હલાવી શકાતું નથી. સુખ, દુઃખ, લાભ, નુકસાન આ બધું આ સંસારમાં ચાલ્યા જ કરવાનું છે. જીવને તો ફક્ત કર્તવ્ય જ બતાવ્યું છે. ફળની ઈચ્છા દુઃખરૂપ થાય છે. પ્રભુ તો સર્વનું ભલું જ કરે છે. દુઃખની અંદર સુખ સમાયેલું જ છે, પરિણામ આવે ત્યારે જ સમજાય.

શ્રી હરિરાયજીએ આ વિષય શિક્ષાપત્રમાં યર્થાથ રીતે સમજાવ્યો છે.

અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિઃ

તે મુજબ જે કાંઈ બની શકે કે ન બની શકે તે સર્વમાં હરિ ઇચ્છા માનવી, જેથી દુઃખ અને સુખમાં મોહિત ન થવાય. હરિનો ધાર્યો મનસુબો હરબ્રહ્માથી નવ ફરે ચિત્તતું શિદને ચિંતા કરે, કૃષ્ણને કરવું હોય તે કરે. તે મુજબ આપણી ચિંતાથી કાંઈ વળવાનું નથી. પ્રભુએ જે કાંઈ વિચાર્યું છે તે મુજબ જ થશે. હરિએ વિચાર્યુ તેમાં બ્રહ્મા, શિવજી પણ કાંઈ કરી શકવા સમર્થ નથી. બીજા બધા દેવોનાં દીધેલા વરદાનો મિથ્યા થયા પરંતુ પ્રભુએ નિરધાર કર્યો તેમાં ફેરફાર કરવા કોઈ સમર્થ નથી. શિક્ષાપત્ર ૬ શ્લોક.

સર્વેશ્વરશ્ચ સર્વજ્ઞ સકરૂણઃ સદા
અસમર્થો જ્ઞાન શુન્યો જીવ ઈત્યેવ નિશ્ચયઃ

પ્રભુ સર્વકાંઈ જાણે છે તે પોતાની ઈચ્છા મુજબ કરે છે.

પ્રભુ સર્વજ્ઞ છે, સર્વ કાંઈ જાણે છે, જીવ અજ્ઞાન છે.

ભગવાન અને જીવનું નિરૂપણ જોતા, શ્રીકૃષ્ણ સર્વોપરી છે તેથી તે સર્વકાંઈ કરવાને સમર્થ છે. મહાન પાપી જીવોનો પળમાં ઉધ્ધાર કરે છે, જેમ કે અજામિલને એક માત્ર નામ ઉચ્ચારથી પલમાં ઉધ્ધાર કર્યો, કેમ કે સર્વ સમર્થ છે, ત્યાં વિધિ નિષેધ કાંઈ બાધા કરતુ નથી.

ત્રિલોકમાં વસતા સર્વનાં મનની વાતો તે જાણે છે તેમજ અનંત કોટી બ્રહ્માંડનાં રાજા છે. કોટી બ્રહ્માંડની રચના કરવાવાળા છે. પ્રાણી માત્રનું ભલું જ ઈચ્છે છે. તે શ્રીકૃષ્ણ સર્વત્ર સર્વવ્યાપક રૂપે બિરાજમાન છે, કરૂણાવંત છે, દયા નિધિ છે, તે પોતાને આશ્રયે રહેલાનું સર્વ કાંઈ ભલું જ કરશે, તે પોતાનાં ભક્તનું અહિત કદાપિ નહી કરે.

આ બાજુ જીવ–જીવતો સર્વ રીતે અસમર્થ છે. જીવનું ધાર્યુ કાંઈ પાર પડી શકતું નથી. ધાર્યું તો ધણીનું જ થાય છે. જીવ અજ્ઞાનથી ભરેલો છે. પ્રભુનાં ગુણોને જાણવા અસમર્થ છે. જેને નિગમ નેતિ કહે છે તેને જાણવાની શક્તિ જીવમાં ક્યાંથી હોય.

અજ્ઞાનતાથી જીવ માને છે કે આ મેં કર્યું, આ હું કરીશ, મેં જ આવું કઠણ કાર્ય પાર પાડયું, આ એક અજ્ઞાન જ છે.

જીવ તો વરસોનું તો શું, પેઢીયોનું શું કરવું, શું નહી, આવો વિચાર કરે છે. પણ પળમાં તેની પોતાની ગતિ શું થશે તેની ખબર નથી.

એક ભાઈ વિચાર કરે છે કે સવારે આપણે આ કુટુંબથી જુદા થઈને આરામથી જીંદગી વિતાવશું. પતિ–પત્નિ રાત્રે વિચાર કરે છે કે મકાન લેવું છે. સવારે જ રજીસ્ટ્રેશન કરાવી, સારૂં મુર્હુત જોઈ, રહેવા જશું. તેને ત્રણ દિકરીને એક દીકરો સંતાનમાં હોવાથી દીકરીનાં લગ્ન ધામ ધુમથી નવા મકાનમાં જ કરવા છે, આમ વાતો કરતાં પત્નિને ખુશ કરતા હતા. ત્યાં જ તેને હાર્ટએટેક આવી અને ૪૫ વરસની વયે પાંચજ મિનિટમાં દેહ છોડી દીધો. પાછળથી પત્નિ તથા બાળકોની શું હાલત થશે, તેની કોણ સંભાળ કરશે, આ બધું વિચારવાનો સમય જ ન રહ્યો. ધાર્યું કાંઈ થયું નહી. પત્નિ અને બાળકો બીજાને ભરોસે જીંદગી ગાળે છે, મકાન લેવાણું નહી.

આ વસ્તુ તે ભાઈ કાંઈ જાણતા નોતા. તે તો આનંદની વાતો કરતાં જ આ લોક છોડીને ગયા. આ છે સમજવા જેવી વાત. પલની કોઈને ખબર નથી. તેમ ગયા પછી અહીંની કોઈ સગાઈ રહેતી નથી. પાછલા બેહાલ થઈ ગયા, તેની તેને ચિંતા નથી. આમ જીવ અજ્ઞાન છે, અસમર્થ છે, છતાં અજ્ઞાનથી માને છે કે હું આ કરીશ. ધાર્યું ધણીનું થાય છે. આમ જોતાં સમજમાં આવે છે કે જીવ અને ઈશ્વરનાં ગુણો પરસ્પર વિરોધી છે. માટે જ શ્રી હરિરાય ચરણે આજ્ઞા કરી

છે કે કર્તા પણાનું અભિમાન રાખવું નહી. દુઃખ, સુખ, લાભ, હાનિ આ દરેક સમયે હરિનું શરણ વિચારવું. ઘણીવાર આપણે ધારીએ તેથી વિપરિત થાય, ત્યારે મનમાં દુઃખ થાય, પરંતુ પરિણામ તેનું ઉત્તમ આવવાનું છે, તેની જીવને ખબર હોતી નથી. આ બાબત એક દ્રષ્ટાંત—

એક ભગવત્ ભક્ત પોતાનાં પુત્રને મળવા વિદેશ જવા માટે હવાઈ જહાજની ટીકીટ મેળવી. હવાઈ અડે પહોંચ્યા ત્યાં ઘરેથી ફોન આવ્યો, જેથી ટીકીટ પાછી કરી, ઘરે આવવું પડયું, તેથી તેને બહુજ દુઃખ થયું. પતિ પત્નિ બંન્ને ઘરે પાછા પહોંચ્યા, ત્યાંજ રેડીયામાં સમાચાર આવ્યા કે હમણાં જ મુંબઈથી ઉપડેલું જહાજ દશ મિનિટમાંજ આકાશમાં સળગીને દરીયામાં ડૂબી ગયું. બધા પેસેન્જરો મોતને ઘાટ ઉતર્યા, એકપણ બચ્યુ નહી. ત્યારે આ ભાઈને વિચાર આવ્યો કે પ્રભુએ ભલી કરી. નજવાણું તેનું દુઃખ હતું તે હવે સુખમાં પલટાયું. ત્યારે આમની બદલીમાં બીજા પેસેન્જરને જગ્યા મળી, ત્યારે તેઓ ખુશ થયા કે, સારૂં કર્યુ તેમણે ટીકીટ પાછી કાઢી, આપણને મળી, પરંતુ તે ખુશી ફક્ત અલ્પ સમયની હતી. તેને માથે કાળ ઝઝુમી રહ્યો હતો. તેનાં સગાંવ્હાલા તેને વળાવી ઘરે પહોંચ્યા, ત્યાં જ સમાચાર મલ્યા કે તે જહાજ ૧૦ મિનિટમાં જ ઉપડયા પછી નષ્ટ થયું. બધા પેસેન્જરો મૃત્યુ પામ્યાં, ત્યારે ત્યાં હાય હાય મચી ગઈ. ગયા તેતો ગયા પરંતુ પાછળનાં ને હરખ હતો તે શોકમાં પલટાઈ ગયો.

આમાં જીવનું સામર્થ્ય ક્યાં ચાલ્યું ? સ્વકિય જવાનોનાં પ્રભુ સર્વ જગોપર રક્ષક છે. ન જાવાથી બચી ગયા, આ પ્રત્યક્ષ પ્રમાણ બતાવે છે કે જીવ અજ્ઞાન છે. પ્રભુ સર્વજ્ઞ છે. દયારામભાઈ આ વસ્તુ જ સમજાવે છે કે, થાનાર વસ્તુ સહેજે થાશે, તુ શિદ કર્તા બની પસ્તાય છે? તું કર્તા નથી, તને ખબર નથી, જે ટાઈમે જે કાંઈ બનવાનું છે તે તો બનશે જ. તું તો હરખ અને શોક કરે છે, તેજ તારૂં અજ્ઞાન છે.

બાલાઘાટમાં એક પટેલ ખેતી કરી ગુજરાન કરતા. તેમને બે દીકરા હતા. દીકરા મોટા થયા, ઘરબારી થયા, ત્યારે મોટાયે કહ્યું કે, અમને ભાગ પાડી દયો. પિતાએ કહ્યું કે આ રહેવા માટે ઘર છે ને ૨૫ એકર જમીન છે, આમાં શું હું ભાગ પાડું. પરંતુ મોટો દીકરો ન માન્યો, ત્યારે આ પટેલે કહ્યું કે એક તરફ ખેતર અને એક તરફ આ ઘર, જોઈએ તે તું લઈલે. આ ઘર લેશે તેણે અમોને પાળવા પડશે. આ સાંભળી મોટા દીકરાએ ખેતર ભાગમાં લીધું. હવે નાનો દીકરો તેને તો મજુરી કરી પેટ ભરવાનું રહ્યું. સાંજ સુધીમાં જે કાંઈ કમાયને લાવે તેમાંથી ઘર ખર્ચો ચલાવવો.

મોટા દીકરાએ ખેતર વેચી નાખ્યું અને વિદેશ ચાલ્યો ગયો, ત્યાં જઈ ખૂબ ધન કમાણો ત્યારે પટેલે સમાચાર લખાવ્યા કે તારો નાનો ભાઈ દુઃખી છે કાંઈક તો મદદ કર, પરંતુ તેણે માન્યું જ નહીં. ઘરમાં ઠાકોરજી બિરાજે, જારનો રોટલોને શાકનો ભોગ ધરે પરંતુ તેમાં તે આનંદ માનતો.

એક દિવસે પિતાએ નાંના દીકરાને પાસે બોલાવી કીધું બેટા, હું જાણું છું તું મુંજાતો હઈશ. પ્રભુ ઉપર વિશ્વાસ રાખ, પ્રભુ જે કરે તે સારા માટે છે, તેમ માન, અચાનક રસોડાની ભીંત પડી ગઈ ત્યારે તળીયેથી તેમનાં વડવાઓએ દાટેલું ધન મલ્યુ. દિવાલ પડી તેનું દુઃખ થયું પરંતુ ધન મલ્યું તેથી ખુશી થઈ. તેણે ગામની નજીકમાં સારી વાડી વેચાતી લીધી. પાંચ વર્ષમાં સારામાં સારી પેદાશ થઈ, સારો વખત આવ્યો. સારૂં મકાન બાંધ્યુ. મા બાપની સેવા, શ્રીઠાકુરજીની સેવા, પતિ પત્નિ મળી કરતા. નોકર ચાકર રાખ્યા, સુખમય જીંદગી જીવવા મળી. પરંતુ મોટો દીકરો પાયમાલ થઈ ઘરે આવ્યો, તેની હાલત જોઈ તેને દયા આવી, તેને પણ મદદ કરી. આમ પ્રભુ પલમાં ચાહે સો કરે. ધીરજ—સંતોષ અને પ્રભુનો આશ્રય રાખવાથી પ્રભુએ બધું ભલુંજ કર્યુ, માટેજ કવિશ્રી કહે છે તું શીદને કર્તા બને છે, તું તો સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.(૮૧)

॥ શ્રીહરિઃ ॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો

લેખક — દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ— ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા— વિશારદ, મુંબઈ.

ભાષાંતર — ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

—ગતાંકથી ચાલુ

૧૦. બ્રહ્મ સંબંધ

બ્રહ્મવાદનો બધાથી સર્વ સિદ્ધાંત છે કે બ્રહ્મસંબંધ અથવા આત્મ નિવેદન. આ વલ્લભ પુષ્ટિમાર્ગીય દીક્ષા છે. આ વાત શ્રીમહાપ્રભુજી એ નવી કરી નથી. બ્રહ્મસંબંધ વેદ, ગીતા, બ્રહ્મસૂત્ર અને ભાગવતમાં પ્રમાણિત છે. જો સાચું કહેવામાં આવે તો શ્રીમહાપ્રભુજીએ પોતાના તરફથી કોઈ વાત કરી નથી. અથવા તો પોતાનો ખાસ સિદ્ધાંત જનતાને બતાવ્યો હોય. આપે તો ફક્ત તે વાતોને પ્રગટ કરી કે જે વેદ, ગીતા, સૂત્ર અને ભાગવતમાં છુપાયેલી પડી હતી. બ્રહ્મસંબંધ પણ આ ચાર પ્રસ્થાન ચતુષ્ટયમાં જ આવી જાય છે.

વેદોમાં લખ્યું છે—

'સ વા અયમાત્મા સર્વેષાંઃ ભૂતાનામધિપતિઃ । સર્વેષાં ભૂતાનાં રાજા । તદ્યથા રથનાભૌ ચ રથમેમૌ ચારા : સર્વે સમર્પિતાઃ । એવ મેવા સ્મિન્નાત્મનિ સર્વાણિ ભૂતાનિ સર્વે દેવાઃ સર્વે લોકાઃ સર્વે પ્રાણાઃ સર્વ એત આત્મનઃ સમર્પિતાઃ ।'

અર્થઃ — જે બધા પ્રાણીમાત્રના અધિપતિ વિશ્વાત્મા પ્રસિદ્ધ પરમાત્મા છે. તે બધા જ પ્રાણી માત્રના રાજા છે. જે પ્રકારે રથના પૈડાની બહારની ગોળ રીંગ અને વચ્ચેની ધરામાં બધાજ નાના પાતળા સળીયા જડાયેલા છે. એટલે કે આરા સમર્પિત થયેલા છે. તેવી જ રીતે આ પરમાત્માના ચરણોમાં સર્વભૂત, સર્વ લોક, સર્વ દેવ, સર્વ પ્રાણી અને સર્વ જીવાત્મા સમર્પિત છે.'

ઉપરની શ્રુતિ મનુષ્ય અને પરમાત્માનો સંબંધ બતાવે છે. બધા પ્રાણીઓનું મૂળ પરમાત્મા હોવાથી તે બધા પદાર્થોનો, સ્વયં પોતાનો, અને પોતાનાથી સંબંધ રાખતા બધાનો પરમાત્માને અર્થે નિવેદન કરવું ઉચિત છે. આત્મનિવેદન કરવાથી આધ્યાત્મિક સુખની વૃદ્ધિ થાય છે.

આ નિશ્ચય યાદ રાખવું જોઈએ કે આત્મ સમર્પણ અથવા તો આત્મનિવેદન સર્વશક્તિમાન ઈશ્વર ભગવાન શ્રીકૃષ્ણ ને જ કરવામાં આવે છે. આચાર્ય, ગુરૂ અથવા તો બીજા અન્ય વ્યક્તિને આત્મસમર્પણ કરવું તેનો શાસ્ત્રમાં નિષિદ્ધ છે. અને તેને આપણા સંપ્રદાયમાં સ્થાન નથી. કેવલ આચાર્યની સાક્ષીમાં અને આપના ઉપદેશથી આ નિવેદન શ્રીઠાકુરજીની સન્મુખ થાય છે.

આત્મનિવેદન કરવાથી આપણો ઈશ્વર સાથે સંબંધ સ્થાપિત થાય છે. તેથી તેને બ્રહ્મસંબંધ કહેવામાં આવે છે. બ્રહ્મસંબંધ મંત્રનો અર્થ – કે જીવ ઈશ્વરથી સહસ્ત્ર વર્ષોથી વિછુડયો છે. અને જેને કારણે સંબંધમાં શિથિલતા આવી ગઈ છે. તેને ફરીથી સ્થાપિત કરવા માટે પ્રાર્થના છે. આને પારિભાષિક શબ્દોમાં બ્રહ્મસંબંધ કહે છે. સર્વ શક્તિમાન ઈશ્વરની સાથે સંબંધ થવો તેને બ્રહ્મસંબંધ કહે છે. બ્રહ્મસંબંધ થવાથી શાસ્ત્રમાં બતાવેલા પાંચ પ્રકારના દોષોથી નિવૃત્તિ મળે છે. આ વાતને શ્રીમહાપ્રભુજી પણ કહે છે કે–

'બ્રહ્મસંબંધ કરણાત્સર્વેષાં દેહ જીવયોઃ ।
સર્વ દોષ નિવૃત્તિર્હિ દોષાઃ પંચવિધાઃસ્મૃતાઃ ॥'

હવે બ્રહ્મસંબંધ ઉપર આલોચના કરીને જોઈએ. જીવ બ્રહ્મનો અંશ છે. આ વાત વેદ, ગીતા, સૂત્ર અને ભાગવતમાં સર્વત્ર પ્રમાણિત છે. જીવ બ્રહ્મનો અંશ હોવાથી નિર્દોષ છે. જીવ સ્વરૂપથી નિર્દોષ છે. પરંતુ સ્વભાવથી નહિ. પરંતુ સ્વભાવમાં ઘણાજ દોષો આવી જવાથી જીવ બ્રહ્મસંબંધ ભૂલી જાય છે. આ ભૂલી ગયેલા સંબંધની ફરીવાર યાદ આપવી તે ગુરૂનું કાર્ય છે. જે સમયે જીવ આચાર્ય અથવા ગુરૂની સાક્ષીમાં અત્યંત દીન થઈને પોતાની અવસ્થાનું ધ્યાન રાખીને અને બ્રહ્મના સંબંધને યાદ કરે છે. સંક્ષેપમાં આજ બ્રહ્મસંબંધ છે. જો જીવ બ્રહ્મનો અંશ છે. અને બ્રહ્મ જીવનું અંશી. આ અંશાશી ભાવ સંબંધ અત્યંત પ્રાચીન છે. એવું કોઈપણ ભગવદશાસ્ત્ર નથી કે જેમાં બ્રહ્મસંબંધ ન હોય.

બ્રહ્મસંબંધ શુદ્ધાદ્વૈત મતમાં એક દીક્ષાનું નામ છે. તેના અમુક અંશો પણ છે, જેમકે આત્મનિવેદન શરણ, અથવાતો આત્મસમર્પણ, આત્મનિક્ષેપ. આ બધાયનું એકત્રિત રૂપ બ્રહ્મસંબંધ છે. 'જીવ પ્રભુનો છે.' 'હું તમારો છું' બસ આટલુંજ યાદ રાખવાનું છે આ યાદ કરવાથી દોષ નિવૃત્તિનો સરળ ઉપાય છે. દીનતા રાખીને સ્વામી આગળ પોતાની વસ્તુસ્થિતિનું નિવેદન કરીને જે આ કહી રહ્યા છે 'હે પ્રભો, હું આપનો દાસ છું. આપ મને આપની શરણમાં લો. હું આપને શરણે આવ્યો છુ.' તેથી અવશ્ય દોષ નિવૃત્તિ થાય છે. પ્રભુ સર્વ સમર્થ છે. બધાયના

સ્વામી છે. તેને જ ભૂલી જવાનો અપરાધ આ જીવે કર્યો છે. અથવા તો પ્રભુના પદાર્થોમાં પોતાની અહંતા મમતા સ્થાપિત કરી છે. અને પોતાના જ પદાર્થ સમજીને સ્વામીનો અક્ષમ્ય અપરાધ કર્યો છે. આ મહાન અપરાધની નિવૃત્તિ તેને શરણે જઈને પોતાનું આત્મનિવેદન કરવાથી જ થાય છે. સત્ય, સમર્થ, દયાળુ પ્રભુની આગળ પોતાની દોષની નિવૃત્તિ કરવાના ઉપાય છે. આ છે આપણા દોષોનો સ્વીકાર અને તેમનાથી ક્ષમા પ્રાર્થના. બ્રહ્મસંબંધ પણ આ જ છે. આપણા સર્વ સમર્થ ઈશ્વરની આગળ ગુરૂની સાક્ષીમાં આત્મનિવેદન કરવું. જીવના યાવત્ પદાર્થો પ્રભુના છે. આ સ્વીકારવું. તથા અહંતા, મમતાને વશ થઈને જે પ્રભુના આપેલા પદાર્થો છે તેના ઉપર અભિમાન થયું હતું. તેની ક્ષમા યાચના અને પોતાને પ્રભુનો દાસ સમજવો તે બ્રહ્મસંબંધ છે.

'બ્રહ્મસંબંધ' શબ્દમાં બ્રહ્મ શબ્દનો અર્થ ભગવાન પુરુષોત્તમ શ્રીકૃષ્ણ છે. અને સંબંધનો અર્થ છે. અંશાંશી ભાવ અથવા પોતાનો સ્વામી ભાવનો સંબંધ. ભગવાનના અનેક નામ હોવાથી અહીં બ્રહ્મ શબ્દ એટલા માટે રાખવામાં આવ્યો છે કે ભગવાન શ્રીકૃષ્ણને વેદમાં બ્રહ્મ નામથી સંબોધિત કરવામાં આવ્યો છે. આ બ્રહ્મસંબંધ મંત્રને વેદ પ્રમાણિત બતાવવા માટે જ અહીં બ્રહ્મસંબંધ શબ્દ રાખવામાં આવ્યો છે.

'બ્રહ્મસંબંધ'નો અર્થ છે કે "હે સ્વામિન્ આ દાસ આપનો છે. તેનું ધન, ધાન્ય, પુત્ર, ઘર અને સર્વત્ર આપનું જ છે. હું અત્યંત દીન અને નિઃસાધન છું. મારી પાસે મોક્ષને માટે અથવા તો આપને પ્રસન્ન કરવાને માટે કોઈપણ સાધન નથી. તેથી હે દયાળુ, દયા કરીને મને આપની સેવામાં અંગીકાર કરો. હું આપનો જ છું."

'બ્રહ્મસંબંધ' થયા પછી દરેકે વૈષ્ણવે પોતાના ઉપભોગના સર્વ પદાર્થો ઉપભોગ કર્યા પહેલાં ભગવાનને સમર્પણ કરવા જોઈએ. કોઈપણ કાર્ય ભગવાનની આજ્ઞા લઈને કરવું જોઈએ. જેમકે ઘરમાં પુત્રના લગ્ન હોય તો ઠાકોરજી પાસે અત્યંત દીનતાપૂર્વક નમસ્કાર કરીને હાથ જોડીને કહેવું જોઈએ. " નાથ ! આપના પુત્રના વિવાહ છે. આપની આજ્ઞાની આમાં અપેક્ષા છે. વિવાહની આજ્ઞા આપો."

વિવાહ થઈ જાય પછી નવવધુને લાવીને ઠાકોરજીની સન્મુખ દંડવત્ કરીને કહેવું જોઈએ " નાથ ! આપની આજ્ઞા અનુસાર આપની દાસ દાસીઓમાં એક વધારે દાસીની અભિવૃદ્ધિ કરી છે. કૃપાળુ આપ એને સ્વીકારો." આ પ્રકારે આપણા માટે લાવવામાં આવતી સમસ્ત વસ્તુનુ પહેલાં ઈશ્વરને નિવેદન કરવું. નિવેદનનો અર્થ વિજ્ઞાપન છે. દાન નહિં આ વાત ભૂલતા નહીં. નિવેદન, વાસ્તવિક રૂપથી જોઈએતો સંબંધ સ્થાપવો અથવા સંબંધ સ્વીકારવો તે થાય છે. 'બ્રહ્મસંબંધ' મંત્ર માનો કે ઉપદેશ આપે છે કે – 'સર્વ ધર્મા ન્પરિત્યજય મામેકં શરણં વ્રજ.' જગતના સર્વ ધર્મોનો પરિત્યાગ કરી દેવો હોય તો કરી દયો કેવલ મારા એકને શરણે ચાલ્યા આવો. મારાથી સંબંધ સ્થાપિત કરી લો. તમારો ઉદ્ધાર થઈ જાશે.

ક્રમશઃ

મેરે તો ગિરિધર હી ગુનગાન

–પ્રા. એમ. આર પાલેજા (રાજપીપળા)

ગોકુલની બે ગોપીઓ ચંદ્રભાગા અને નેહા શિર પર ઘડુલો ધરી જલ ભરવા જમુનાની વાટે જઈ રહી હતી. ચંદ્રભાગાએ શ્યામસુંદર કનૈયાની વાત છેડી. નેહા એ સાંભળી જાણી આજુબાજુનું ભાન ભૂલી ગઈ હોય તેવી બાવરી બની ગઈ. સખીના ખભા પર હાથ મૂકી કોઈ ઊંડા વિચારમાં ગરકાવ બની ગઈ.

ચંદ્રભાગા કહે : "અરી નેહા ! ક્યાં ખોવાઈ ગઈ ? અચાનક આવી બાવરી કેમ કરી બની ગઈ ? જમુનાઘાટ તરફ એકધારી નજર માંડી શું જોયા કરે છે ?"

નેહા કહે : "શું કહું ચંદ્રા ! મારા નયનોમાંથી અને હૃદયમાંથી ઠાકોરજી શ્રી ગોવર્ધનધરણનું સુંદર, કમનીય સ્વરૂપ પલભર માટે પણ ખસતું નથી. એવું થયા કરે છે કે હું મારા પ્રિય ગિરિરાજધરણના યશોગાન–લીલાગાન ગાયા જ કરું, બસ ગાયા જ કરું. મારા એ કાળિયા ઠાકોરે એવી તો લગની લગાડી છે કે મારું મન બીજી કોઈ વસ્તુમાં લાગતું નથી."

ચંદ્રભાગા કહે : "અરે સખી ! આવું કહી તું તો જાણે મારા હૃદયમાં રમી રહેલા ભાવને વ્યક્ત કરી રહી હોય એવું લાગે છે. કોટિકંદર્પલાવણ્ય મૂર્તિ નંદલાલ સાથે જાણે યુગ યુગનો નાતો ન હોય એવું લાગ્યા કરે છે."

ચંદ્રા ! ગિરિરાજધરણ શ્રીઠાકોજી મારું જીવનધન છે, મારું સર્વસ્વ છે. એ જ મારા પ્રિયતમ પ્રભુ છે. મારા હૃદયપ્રદેશમાં એ રમણવિહારી વિહાર કરી રહ્યા છે. શ્રીજીએ પોતાની ટચલી આંગળીના નખ પર શ્રીગિરિરાજજીને ધારણ કરી મારા પ્રાણની રક્ષા કરી છે, શ્રીજી મારા પ્રાણનાથ છે. એમના શ્રીચરણકમલોમાં હું મારા પ્રાણ ન્યોચ્છાવર કરી દઉં એવી લાગણી મને થઈ આવે છે. આવા મારા પ્રિયતમ પ્રાણનાથ શ્યામસુંદરવર શ્રીગિરિરાજધરણના ગુણગાન ગાવામાં મને અલૌકિક સુખ મળે છે. ગુણગાન સાંભળી મારા પ્રિય નંદલાલ કેટલા પ્રસન્ન થશે એ વિચારે મારા મનડાનો મોર નાચી ઊઠે છે, માટે સખી, હું મારા પ્રિયતમ શ્રીગિરિરાજધરણના જ ગુણગાન ગાઈશ.

"મારી પ્રિય સખી ! ખરેખર, તું માત્ર નામથી જ નહિ પરંતુ તારા રૂપગુણથી 'નેહા'ના નામને સાર્થ કરે છે."

ચંદ્રા ! મારા મધુરાધિપની માધુરી મુરત અને મારા સાંવરીયાની સુંદર સુરત મારા નયનોમાં સદાસર્વદા સતત ઝલક્યા કરે છે, ખેલ્યા કરે છે, મારા હૃદયમાં સતત રમણ કરી રહેલ છે. એ શ્યામસુંદર સાંવરિયા સાથે મારો એટલો બધો તો નેહ બંધાઈ ગયો છે કે હું સતત એના નેહના મેહમાં રસતરબોળ રહ્યા કરું છું. સાહજિક રીતે જ મારા હૃદયમાં મારા સ્નેહલ નંદકુંવરનું ધ્યાન અનાયાસે રહ્યા કરે છે.

શ્રીહરિ થકી મારું હૃદય એટલું તો હરિયાળું હરિયાળું રહે છે કે મારું મન સતત એમનું જ ધ્યાન ધર્યા કરે છે, મારું હૃદય એમના જ ગુણગાન સતત ગાયા કરે છે, મારું હૃદય અવિરતપણે શ્યામના ધ્યાનમાં લાગી રહે છે. એક પંખીના બચ્ચાને જેમ આપોઆપ પાંખો ફુટી આવે છે, વૃક્ષ પર આપોઆપ જેમ કુંપળ ફુટે છે તેમ મારા હૃદયમાં પ્રભુના ગાન અને પ્રભુનું ધ્યાન આપોઆપ, કોઈપણ જાતના આયાસ કે પરિશ્રમ વિના સ્વયં સ્ફુરણાથી પ્રકટ થવા માંડે છે.

"નેહા ! સૌંદર્ય, માધુર્ય અને સામર્થ્યના અધિપતિ એવા પ્રભુના ચરણની રજ મળે તો પણ આપણે ધન્ય બની જઈએ."

સાચું કહ્યું તેં ચંદ્રા ! મારા પ્રિયતમ પાસેથી તો હું એટલું જ ઇચ્છું કે હે શ્યામસુંદર કૃષ્ણ ! આપશ્રીમાં મારો પ્રેમ એટલો તો ઊંડો–ગહન છે કે મારું મન આપશ્રીના ચરણકમલની પાવનકર રજ મને મળી રહે એવી ચાહના–ઝંખના સ્વાભાવિકપણે જ રાખે. આપશ્રી મારા માથાના મુકુટ છો, મારા હૃદયના નાથ છો તો હે પ્રિયતમ ! મને અભિષ્ટ એવી આપની ચરણરજનું દાન મને સતત મળ્યા કરે એટલી આપની કૃપા મારા પર બની રહે. સદા સર્વદા હું મારા મસ્તક પર અને હૃદય પર આપની ચરણરજ ધારણ કરી કૃતાર્થ બનું, આપશ્રીના અતિ વિશુદ્ધતમ ચરણકમલ સદા મારા મસ્તક અને હૃદયપ્રદેશ પર બિરાજમાન રહે તેવું દાન મને કૃપા કરીને આપો આપશ્રીના ચરણશરણ સિવાય બીજું કંઈ પ્રાપ્ત કરવાની મને કોઈ અભિલાષા–કામના નથી.

ભગવદ્લીલામાં જેમનું સ્વરૂપ ઋષભ સખાનું એ લલિતા સખીનું છે એવા શ્રીજી બાવાશ્રીના લાડીલા અષ્ટસખા ભક્ત કવિઓમાંના શ્રીકૃષ્ણદાસજી જે શ્રીઠાકોરજી સન્મુખ કીર્તનપદગાન કરતી વખતે લીલા દર્શન કરતાં અને લીલાભાવના કરતાં શ્રીઠાકોરજીને વિનંતિ કરે છે કે હે શ્રીગિરિરાજધરણ ! હે જીવણજી ! આપશ્રી મારા પ્રિયતમ સ્વામી છો અને હું તો આપશ્રીના ચરણોની બિના મોલકી દાસી છું. મુજ જેવી એક દીન હીન કીંકરીનું આપશ્રી જ જીવન છો. હે મંગલનિધાન ! મારીતો સદા સર્વદા એક જ કામના છે કે આપશ્રી થકી મને પ્રાપ્ત આ જીવનમાં હું આપની કિંકરી બની આપનાં યશોગાન–ગુણગાન ગાતી આપને પ્રસન્ન રાખું, આપની પ્રસન્નતા–આપનું સુખ એ જ તો મારું જીવન છે. એમાં જ તો મારું સુખ સમાયેલું છે એથી બીજું મારે કંઈ જ ન જોઈએ શ્રી કૃષ્ણદાસજી આ લીલાભાવનાને અનુરૂપ જે પદ ગાય છે એ આપણે પણ પ્રીતિપૂર્વક ગાઈએ.

મેરે તો ગિરિધર હી ગુનગાન ।
યહ મુરત ખેલત નયનન મેં, યે હી હૃદયમેં ધ્યાન ॥૧॥
ચરનરેનુ ચાહત મન મેરો, યે હી દીજિયે દાન ।
'કૃષ્ણદાસ'કી જીવનિ ગિરિધર, મંગલ રૂપ નિધાન ॥૨॥

શ્રી યમુનાજીના પદ

રચયિતા–મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ–લેખક 'માધુરી', રાજકોટ

પદ–૮૩

મો પર શ્રી યમુને કી દાયા;
શ્રી વિઠલ વર મોહિ બસાયો, ઈનકે પદકી છાયા. ૧
નિજ પ્રણ હેરિ મોરિ સુધિ લૈ હૈ, ફિરિ ન વ્યાપિ હૈ માયા;
દીન શુલ્ક 'વલ્લભ'દાસી પે, દ્રવહુ કૃષ્ણ કી જાયા. ૨

ભાવાર્થઃ મારા ઉપર શ્રીયમુનાજીએ કૃપા કરીને શ્રીવિઠલ વરના ચરણકમલની છાયામાં નિવાસ દીધો. હવે તો શ્રીયમુનાજી પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરીને મારી સુધી લેશે. તેથી કરીને હવે મને માયા જે જગતને નચાવે છે, હું અને મારું તેમને સ્પર્શ નહીં કરે. વલ્લભદાસી કહે છે કે હું દીનશુલ્ક દાસિકા છું તેના ઉપર હે કૃષ્ણપ્રિયા ! કૃપાની વર્ષા કરો. ૮૩

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

એકાદશ સર્વસ્વ

લેખક—સુંદરદાસ માણેકચંદ બી.એ. —મોરબી

['પુષ્ટિ સુધા' વિ.સં. ૧૯૭૭ આસો માસ. પુસ્તક ૧ લું. અંક ૯ માંથી સાભાર]

[પ્રેષકઃ ગોરધનદાસ વેલજીભાઈ શનિશ્ચરા]

—ગતાંકથી ચાલુ

બીજો આનુષંગિક મુદ્દો એ નીકળે છે કે આ પ્રેમજ સાધન છે. બીજું નહીં એવું કહેનાર ભગવાન છે, ભગવાન વિના જો બીજો કોઈ વક્તા હોત તો શંકાનું સ્થાન રહેત. પણ પ્રભુ સાક્ષાત્ જ્યારે પોતાની પ્રાપ્તિનું સાધન કહે ત્યારે બે મત થાય જ નહીં. એકાદશ સ્કંધમાં ઉદ્ધવજીએ એક સ્થળે શંકા કરી છે કે 'પ્રભુ, શ્રેય કેટલાક પ્રકારના છે?' ત્યારે ભગવાન ઉત્તર આપે છે કે 'કોઈ ધર્મને, કોઈ યશને, કામને, સત્યને, દમને, શમને, સ્વાર્થને વગેરે શ્રેય કહે છે પણ તે પોતપોતાની યથારૂચિ, યથાકર્મ કહે છે' પ્રકૃતિની વિચિત્રતાને લઈને ઋષિ મુનિઓમાં પણ મતભેદ રહે છે; તેથી એક ઋષિ કાંઈ કહે છે અને બીજો ઋષિ કાંઈ જુદુંજ કહે છે; આ પ્રમાણે તેઓમાં પરસ્પર વિરોધ જોવામાં આવે છે; તેથી કદાચ તેઓના વચનમા અશ્રદ્ધા આવવાનો સંભવ છે; પણ સર્વજ્ઞ સકળ જગન્નિયન્તા પોતાની પ્રાપ્તિનો ઉપાય કહે ત્યારે શંકાનું કારણ ન જ રહે; શ્રીગીતાજીમાં પણ માયાતરણ અને પોતાની પ્રાપ્તિનો ઉપાય સર્વાત્મભાવથી; સર્વનો ત્યાગ કરી, શરણગમનજ કહે છે; સાંખ્ય, યોગ યજ્ઞાદિનું અસાધકપણું પ્રભુ પોતેજ કથે છે તેથી એ માર્ગ વિના અન્ય માર્ગ કોઈ હોઈ શકેજ નહીં.

ભગવાનની તુલ્ય કોઈ નથી; એ તુલ્ય કોઈ હોય તો વિકલ્પ ઘટે ઋષિઓ પરસ્પર તુલ્ય હોઈ શકે તેથી તેમના કથનમાં સરખું પ્રામાણ્ય હોય, અને બે ઋષિઓના વિરોધી વચનનો પણ વિકલ્પરૂપે આદર કરી શકાય; પણ પ્રભુ તુલ્ય તો કોઈ ન હોવાથી બીજા કોઈનું વચન પ્રભુવાક્ય જેટલું પ્રમાણ ન ગણાય; શ્રીગીતાજીમાં અર્જુન કહે છે કે 'હે પ્રભુ આપજ આપને જાણો છો' તેથી ભગવાન વિના અન્ય કોઈ પણ સ્વતંત્રપણે પ્રભુને કે પ્રભુ પ્રાપ્તિમાં શું સાધન છે તે જાણી ન શકે એ સિદ્ધ થાય છે.

વળી એક વિચારવાની બાબત રહી જાય છે કે પરમ રૂપ શું? પ્રથમ શ્લોકથી પ્રભુ પોતાને જ ફળ કહે છે અને પ્રભુથી ઈતર ઉત્કૃષ્ટ નથી એતો **મત્તઃ પરતરં નાસ્તિ** મારાથી 'પરતર' —અધિક—ઉત્કૃષ્ટ કાંઈ નથી, એ વાક્યથીજ ફલિત થાય છે; 'એકાદશ સર્વસ્વ'ના પ્રથમ શ્લોકથી એજ કહેવાયેલ છે એટલે પ્રભુનાં સ્વરૂપ વિના ઈતર ફલ હોઈ શકે એ સંભવતું નથી; ગૌણફલ સહસ્ત્રાવધિ ભલે હોય, પણ પરમફલ તે વિના બીજું નહીં; આ નિષેધ એટલા

માટે થાય છે કે કેટલાક આ શરીરમાં રહેલા જીવનેજ પરમ ફલ માને છે; તેઓ કહે છે કે 'આ જીવ—આ આત્માજ બ્રહ્મ છે; આ જીવ વિના બીજું બ્રહ્મ નથી' અને વાક્યાભાસો આગળ લાવી ધરે છે; આ દુષ્ટ માન્યતાને પણ તિલાંજલિ મળે છે.

આ જીવ પોતે બ્રહ્મ નથી એતો ઉત્તરમીમાંસાની પ્રતિજ્ઞાથી જ સિદ્ધ થાય છે; શ્રીબાદરાયણ **બ્રહ્મ જીજ્ઞાસાની** પ્રતિજ્ઞા કરે છે અને નહીં કે **શારીરજીજ્ઞાસા ની અનુપપત્તેસ્તુ ન શારીરઃ**

એવા સેંકડો સૂત્ર અને શ્રુતિવાક્યોથી જીવની ફળતાનું નિવારણ થાય છે; આત્યન્તિક સુખદુઃખની નિવૃત્તિ પણ પરમ ફળરૂપ નથી; વૈદિક શાસ્ત્રોમાં એનું પરમફળ ક્યાંય નથી કહ્યું માટે ભગવત્ વિના ઈતર પરમફળ હોઈ શકે એ ભ્રાંતિ છે.

કર્મ, યોગ, જ્ઞાન વિગેરે શ્રેયસ્કર છે એવું શ્રીગીતાજીમાં દષ્ટિપથ થાય છે અને બીજા ગ્રંથોમાં પણ એવા વાક્યો ઘણા છે એ ખરૂં પણ તેમાં આ તારતમ્ય સમજવું જરૂરનું છે; પ્રેમભક્તિથી પ્રભુ પ્રસન્ન થઈને આપ સ્વતઃ ફળરૂપ થઈ વશ થઈ જાય છે અને કર્મ, યોગ વગેરેથી ઉદાસીનતાથી આવિર્ભૂત થાય છે; એટલે પોતાની પ્રસન્નતાથી આપ પ્રકટ થતા નથી; માત્ર શ્રીમુખના વાક્યને સત્ય કરવાજ પ્રકટે છે; ફળનું ફળપણું ત્યારેજ ગણાય કે તે સર્વથા આધીન બની જાય; આવું ભક્તવશ્યપણું ભક્તિમાર્ગ વિના અન્યત્ર પ્રસિદ્ધ નથી; કર્મયોગાદિથી આવિર્ભાવ પામેલ બ્રહ્મ અને ભક્તિથી પ્રકટ થયેલ બ્રહ્મનાં સ્વરૂપમાં તારતમ્ય છે; કોટિકન્દર્પલાવણ્ય સ્વરૂપ તો પ્રેમીભક્તનેજ પ્રત્યક્ષ થાય; જ્ઞાનાદિથી અક્ષરબ્રહ્મ પ્રાપ્ય થાય છે; શ્રીમદ્‌વલ્લભાચાર્યજી આ પ્રમાણે કર્મયોગાદિ અને ભક્તિથી સ્વરૂપાનંદમાં તારતમ્ય ઉપદેશે છે; જ્ઞાનમાર્ગમાં દુઃખ આવે ત્યારે તેની નિવૃત્તિ એ દુઃખ સહન કરવું એ બરાબર છે; જેમ તરસ લાગી હોય તો તે સહન કરવી એ પણ એક ઉપાય છે. તેમ જ્ઞાન માર્ગમાં દુઃખ નિવૃત્તિનો ઉપાય સહન કરવા તુલ્ય છે; યોગ તો પાણી માટે જમીન ખોદવા બરાબર છે એટલે તેમાં બહુ પ્રયાસ છે; વખતે જલ બીલકુલ પણ ન હોય વખતે જલ ૧૦ ફુટ ખોદયા પછી મળે અને વખતે ૫૦ ફુટ પછી મળે આમાં પ્રયાસ બહુ હોય છે અને ભક્તિ તો ગંગાજીના તીર ઉપર સ્થિતિ કરવા બરાબર છે. તૃષા લાગે કે તરત જ વિના પ્રયાસે જલપાન કરી શકાય; તૃષા સહન કરવાની જરૂર રહેતી નથી; તેમજ ભૂમિ ખોદવાની મહેનત પડતી નથી; કારણ કે તૃષા નિવારણ કરનાર જલ પ્રકટ હોય છે; તેમાં વળી જો પ્રેમભક્તિ હોય તો સાક્ષાત્ ગંગાજી સ્વયં આવીને તીરવાસીને જલપાન કરાવે; આથી જ્ઞાન, યોગ અને ભક્તિમાં પ્રયાસનું તારતમ્ય તેમજ સુખમાં તારતમ્ય સ્પષ્ટ થાય છે.

સાંખ્ય યોગ, વ્રત તપાદિની પરબ્રહ્મ સુધી ગતિ નથી; તેથી ઉત્તમોત્તમ ફલની આકાંક્ષા રાખનારે તો શ્રીકૃષ્ણનું જ શરણ લેવું યોગ્ય છે.

એવા નાશવંત ફળની અપેક્ષા નહીં રાખીને કેવળ શ્રીકૃષ્ણનું ભજન કરનારનું કદી અહિત થયું હોય તેવું ક્યાંય સાંભળવામાં નથી. અને કદાચ ભક્તને બીજા ફલની વાસના હોય તો પણ ભક્તિ કલ્પદ્રુમ સમાન હોવાથી તે ફળ પણ અપાવે છે. એટલે ભક્તિથી જે ફળ મળે છે તે બીજા સાધનોથી નથી મળતું, અને બીજા સાધનોનાં જે ફળ મળે છે તે ભક્તિના અવાંતર ફળ છે. આવું અચિંત્ય મહાત્મ્ય ભક્તિનું છે.

સ્વાધ્યાય શબ્દ અર્થજ્ઞાનપૂર્વક વેદનું અધ્યયન બતાવે છે. જીવકૃત વેદોક્ત સાધનોથી પ્રભુ પ્રાપ્ત થતા નથી કારણ કે પ્રભુ સ્વતંત્ર છે, વેદ પોતાનો નિર્વાહ કરવા સમર્થ નથી. એટલે વેદોક્ત કર્મનું અનુષ્ઠાન ક્યારે સફળ થાય, કે જ્યારે દેશ કાળકર્મ મંત્રાદિની શુદ્ધિ હોય. આ શુદ્ધિ આવા કાળમાં સંપાદન કરવી એ અશક્ય છે તેથી વેદોક્ત સાધન નિરપેક્ષ રીતે ફળ સંપાદન કરી શકે તેમ નથી. જ્યારે પ્રભુએ વેદોક્ત સાધનોનું આ સામર્થ્ય જોયું ત્યારે જ શ્રીગીતા શ્રીમદ્ ભાગવતમાં કહેલ નિરપેક્ષ ભક્તિયોગ જીવોનાં કલ્યાણ માટે ઉપદેશ્યો, તેથી અત્યારે તો પ્રભુએ કહેલા ભક્તિયોગ વિના બીજા સાધનો શક્તિ વિનાનાં છે.

વળી પ્રભુ પોતાનેજ શરણ આવવાની આજ્ઞા કરે છે જોકે સર્વ બ્રહ્મ છે એ શુદ્ધાદ્વૈતનો સિદ્ધાન્ત છે. તો પણ તારતમ્ય કે વિલક્ષણતા પ્રભુએ સ્વેચ્છાએજ કરી છે. તેથી સાધનભેદથી ફલભેદ અવશ્ય થાય જ. બીજા દેવો પોતાની શક્તિ અનુસાર ફલ આપે છે. દ્વિતીયસ્કંધનો તૃતીયાધ્યાય દરેક દેવનું ફલ આપવામાં કેટલું સામર્થ્ય છે તે સ્પષ્ટ કહે છે; તેથી બીજા દેવોનો નિષેધ પ્રભુ 'એકમેવ' થી કરે છે. શ્રીમદ્ ભગવત ગીતામાં પણ 'મામેવ' કહેલું છે. આ નિષેધ પ્રયોજન વિના હોઈ શકે નહીં. અને પ્રયોજન ઉપર કહેલ અર્થ બતાવે છે.

સર્વાત્મ ભાવનું સ્વરૂપ છાંદોગ્ય ઉપનિષદ્‌માં સરસ વર્ણવાયું છે. તે વિસ્તાર ભયથી નથી લખવામાં આવતું.

'અકુતોભય' શબ્દ કેવળ ભયરહિતપણું બતાવતો નથી.

'આનન્દં બ્રહ્મણો વિદ્વાન્ ન બિભેતિ કુતશ્ચન'

એ શ્રુતિમાં કહેલ પરબ્રહ્મના અપાર આનંદને જાણનારને લોકવેદનો ભય નથી, એવી પરમાનંદ સ્થિતિ સૂચવે છે.

પ્રેમ ભક્તિ વિનાં બીજા સાધનોથી પ્રભુ પ્રાપ્ત થતા નથી. પ્રભુ ભક્તવશ છે અને તે પ્રભુ પોતેજ કહે છે. તેથી બીજા સાધનો ઉત્તમ ફલ પ્રાપ્ત નથી કરી આપતાં ઉત્તમ ફલ ભગવાન સ્વયં છે. જીવ પરમ ફલ નથી. આ ફલ પ્રાપ્ત કરવા માટે સર્વનો ત્યાગ કરી સર્વાત્મભાવપૂર્વક (શ્રીવ્રજાંગનાઓની માફક) પ્રભુ શરણ જવું એજ પરમ સાધન છે. અને એથી પરમાનંદની પ્રાપ્તિ છે. આ એકાદશ સ્કંધનું સર્વસ્વ છે.

❑ ❑ ❑

કાવ્ય – કુંજ

– રમેશચંદ્ર ચીમનલાલ સોની (બીરપુર), શ્રીજી અનુરાગી અમદાવાદ.

હાથ પકડ શ્રીજી મારો.

શ્રીવલ્લભ! શરણ દેનારો,
હાથ પકડ શ્રીજી મારો.
ચિતડું માયામાં ભમતું;
મુખડું નંદ સુતનું ગમતું.

થાવું સેવક તારો, હાથ પકડ શ્રીજી મારો;
વિત્યો ફોગટ જન્મારો, હાથ પકડ શ્રીજી મારો. ૧

માયા મોહથી રહું ડરતો.
વિચારીને ડગ ભરતો.

ભરોસો નથી મને મારો, હાથ પકડ શ્રીજી મારો;
પુષ્ટિ પથ મને પ્યારો, હાથ પકડ શ્રીજી મારો. ૨

મન સેવામાં ન લાગે,
માયાના મારગે ભાગે;

રહે દ્રઢ ભરોસો તારો, હાથ પકડ શ્રીજી મારો;
મને એકજ તારો સહારો, હાથ પકડ શ્રીજી મારો. ૩

સેવા કરી શ્યામ રીઝાવું;
એવા ભાવ હું ક્યાંથી લાવું;

ભાવ ભક્તિ મારી વધારો, હાથ પકડ શ્રીજી મારો;
ભવો ભવ રહું સેવક તારો, હાથ પકડ શ્રીજી મારો. ૪

ગુણ ગાન કરૂં તમારા;
મધુર કંઠ નથી અમારા,

થાવું ગોવિંદ ગીત રચનારો, હાથ પકડ શ્રીજી મારો;
“શ્રીજીઅનુરાગીને” આશ્રય તારો, હાથ પકડ શ્રીજી મારો. ૫

અનુકરણીય

- અમદાવાદ : આ.ગ્રા. નં. ૬૦૧ રાણપરા જગજીવન ચુનીલાલ દ્વારા આજીવન લવાજમમાં રૂા.૨૫૧/– સ્વેચ્છાએ વધારો આપી અનુકરણીય સેવા કરેલ છે.
- કલ્યાણ (જી.થાણા) : આ.ગ્રા. નં. ૩૦૦ ગીરધરલાલ નાથાલાલ કોટક દ્વારા આજીવન લવાજમમાં રૂા. ૧૦૦/– સ્વેચ્છાએ વધારો આપી અનુકરણીય સેવા કરેલ છે.

દેવર્ષિ નારદ રચિત

ભક્તિસૂત્ર – પ્રેમદર્શન

ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ
હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદ્દાર. ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.

– ગતાંકથી ચાલુ

ભલા ! ભક્તને માટે શાસ્ત્રીય કર્મ ભલે રહ્યું, પણ લૌકિક કર્મતો ભક્તે ન કરવું ઘટે, કેમકે લૌકિક કર્મ દ્વારા ભક્તને કશું પ્રયોજન નથી ! તો પછી તે કરવામાં ભક્તની મહેનત નિરર્થક છે. આવી શંકા થતાં કહે છે–

લોકોऽપિ તાવદેવ કિન્તુ ભોજનાદિવ્યાપાર સ્ત્વા શરીર ધારણાવધિ ।।૧૪।।

૧૪. લૌકિક કર્મો પણ ત્યાં સુધી (બાહ્ય જ્ઞાન બહે ત્યાં સુધી વિધિપૂર્વક કરવા જોઈએ.) પરંતુ ભોજન વિગેરે કાર્યો જ્યાં સુધી શરીર રહેશે ત્યાં સુધી થતા રહેશે.

વૈદિક કર્મની સાથે જ લૌકિક જીવન ગૃહસ્થ–પાલન વિગેરે કાર્યો પણ સાવધાની સાથે ભગવદ્ અનુકૂલ વિધિ અનુસાર કરવા જોઈએ. **બાહ્યજ્ઞાનશૂન્ય સિદ્ધાવસ્થામા** જ અવશ્ય એવી હોય છે જેમાં વૈદિક, લૌકિક કાર્ય અનાયાસ જ છૂટી જાય છે. પરંતુ આ સ્થિતિ પ્રાપ્ત થાય ત્યાં સુધી બંને પ્રકારના કર્મ વિધિપૂર્વક અવશ્ય કરવા જોઈએ. પરંતુ ભોજન વગેરે કર્મ એ અવસ્થામાં પણ રહેશે, કારણ કે શરીર માટે તે આવશ્યક છે. જો કે પ્રેમના નશામાં ચૂર ભક્ત ભોજન વિગેરે લેવા કોઈ પ્રયત્ન નથી કરતા. પરંતુ યોગક્ષેમ વહન કરનાર ભગવાનના વિધાનથી તેમને આહારની પ્રાપ્તિ થતી રહે છે અવશ્ય એ ભગવત્પ્રસાદ જ હોય છે. ૧૪

(૧ બાહ્યજ્ઞાનશૂન્ય સિદ્ધાવસ્થાથી અહીં 'ભાવસમાધિ' ન સમજવી જોઈએ. આ પ્રેમની તે પૂર્ણતમ સફલ સ્થિતિ છે, જેમાં પ્રેમમય ભગવાનને છોડીને 'બાહ્ય' બીજું કાંઈ રહેતું જ નથી. ભગવાનના સિવાય 'બાહ્ય' નું જ્ઞાન સંપૂર્ણ રીતે નિઃશેષ થઈ જવાથી જ આ વિધિ નિષેધાતીત ફલસ્વરૂપા સ્થિતિ પ્રાપ્ત થાય છે.)

ભાષ્યાર્થ : જેમ શાસ્ત્રીયકર્મ ભક્તને માટે નિયમીત છે તેમ લૌકિક કર્મ પણ જાણવું. લૌકિક કર્મના આચરણથી મર્યાદાનું રક્ષણ થાય છે. અહીં રહસ્ય આ છે. વ્યવહાર જ તો ભક્તનો પરીક્ષક છે. કેમકે વ્યવહારમાં જ ભક્તની શુદ્ધિની પરીક્ષા થાય છે. જે યથાવિધિ વ્યવહારનું વહન કરે છે. અને લોકની અગ્નિપરીક્ષામાં પસાર થાય છે તે જ પરમાર્થમાર્ગે નિર્વિઘ્નપણે સંચરી બને છે. આમ લૌકિક કર્મને કરતો ભક્ત, લોકને પણ સન્માર્ગગામી કરી, પોતાના આત્મબલની પરીક્ષા આપીને, નિર્ભયપણે, ભક્તિમાર્ગે પરવરે છે. પણ આ લૌકિક કર્મ તેટલા જ માપનું કરે કે જેથી તે પોતે અગરતો પોતાનું

ચારિત્ર્ય જોઈને જનતા ન ભ્રષ્ટે. આથી વધારેની સ્પૃહા ન રાખે. તેમ છતાં જો કોઈ એવું લૌકિકકર્મ આવી જ પડે તો ભક્ત પોતાની દક્ષતા દાખવે !

ભલા ! ભલે ભક્ત લૌકિક અને વૈદિક કર્મ કરતો ! પણ જે કર્મ નથી તો લોકપ્રાપ્ત કે નથી તો શાસ્ત્ર વિહિત તેવાં ભોજન વગેરેમાં તે શું કરે ? આમ જો સવાલ હોય તો તેનું આ છે સમાધાન. જે સ્વભાવથી જ પ્રાપ્ત છે તેને માટે કોઈની પ્રેરણા જરૂરી નથી. જમવા માટે કે પાણી પીવા માટે કોઈ લોક કે વેદની આજ્ઞાની રાહ જોઈ બેસી રહેતું નથી. આથી શરીર યાત્રાનું સાધક કર્મ તો મરણ સુધી કરવું જ રહ્યું આથી મરણ પર્યન્ત ભક્તયુક્ત આહાર વિહારવાળો રહે. ૧૪

ભલા ! આ વાત અત્યારે જરા અહીં જ અટકાવો. એક બીજી વિચારણા અહીં ઉપસ્થિત થાય છે. 'ભક્તિ' શબ્દના પણ જુદા જુદા આચાર્યોએ જુદા જુદા લક્ષણો આપ્યાં છે. અને એક જ વસ્તુના વિવિધ લક્ષણો તો ન્યાયયુક્ત નથી. આથી જુદાં જુદાં લક્ષણોનો માંહોમાંહેનો વિરોધ દૂર કરવો જોઈએ. આવો પ્રશ્ન ખડો થતાં આચાર્યશ્રી, જુદા જુદા મતોના ઉલ્લેખ દ્વારા ક્રમ સમુચ્ચય બતાવવાને ઈચ્છતા હોઈને, વિરોધાભાસને ટાળતાં અને ભક્તિનાં લક્ષણને દઢ કરતાં, બીજું પ્રકરણ રચતાં કહે છે કે–

૫. પ્રેમરૂપા ભક્તિ કે લક્ષણ ઔર ઉદાહરણ

તલ્લક્ષણાનિ વાચ્યન્તે નાનામતભેદાત્ ॥૧૫॥

૧૫. હવે વિવિધ મતો અનુસાર એ ભક્તિના લક્ષણો બતાવવામાં આવે છે.

વિભિન્ન આચાર્યોએ ભક્તિના સ્વરૂપ ભિન્ન–ભિન્ન સ્વરૂપે બતાવેલ છે. પહેલા તેનું વર્ણન કરીને પછી દેવર્ષિ નારદજી પોતાનો મત બતાવવા ઈચ્છે છે. ૧૫.

ભાષ્યાર્થ : ભક્તિના લક્ષણોમાં પરસ્પર વિરોધ છે એ શંકા યોગ્ય નથી. ભક્તિનાં આચાર્યોમાં સ્હેજે– અણુમાત્ર પણ વિસંવાદ નથી. અર્થાત્ યદ્યપિ આચાર્યોએ ભક્તિના વિવિધ લક્ષણો બાંધ્યા છે, છતાંએ તે બધામાં શાબ્દિક ભેદ જ છે. આર્થિક ભેદ નથી અને શબ્દના ભેદે તો અર્થનો ભેદ ઉચિત નથી. એક જ વસ્તુનું અનેક રૂપે નિરૂપણ તો ભૂષણ છે, દૂષણ નથી. કેમકે જગતમાં રુચિવૈચિત્ર્ય જ્યાં સુધી તત્ત્વનું વિઘાતક નથી ત્યાં સુધી દૂષણરૂપ નથી. ભક્તિના લક્ષણમાં માનસના ભેદે જાણે વિવિધ પ્રતિપત્તિઓ–મતો ભાસે છે, પણ વસ્તુતાએ તે નથી, કેમકે તે બધાં લક્ષણોની પરીક્ષાં કરતાં તો ભક્તિનો પ્રકાર ભેદાય છે, તત્ત્વ ભેદાતું નથી, અને પ્રકાર ભલે ને ભિન્ન થતો. એમાં અમારું શું બગડયું ? કાશી જવા નીકળેલો છોને ગમે તે માર્ગે જાય. એમાં શો વિવાદ. એ કાશીને રસ્તે છે કે નહીં– એટલી જ અમારી તો ચિન્તા છે. જો તે રસ્તે પડેલો જ હશે તો પછી તે કાશી જશે જ– મોડો અગર તો વહેલો – એમાં કશો સંશય નથી. આથી શંકાને સ્થાન નથી. ૧૫.

ક્રમશઃ

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્‌ગારો

૮૯. ભક્તને ભગવાન એક જ સ્વરૂપ છે.

જેને હરિ મળ્યા છે, તે પણ સત્સંગ માગે છે, કે હે પ્રભુ, તમારા ભક્તનો સત્સંગ આપો. ત્યારે કહ્યું કે વ્યાપીવૈંકુઠમાં એને રાખો, તો એક દર્શનજ કરે છે, પણ ભગવાનના જશ કાંઈ મળે નહિ, ને પોતે પોતાનાં વખાણ કરે, તેમાં તો કાંઈ શોભા નહિ, તેથી કરતા નથી., પણ ભગવદીયો તો આખો દહાડો હરિનાં જશ ગાયાં કરે છે, તે મોટામાં મોટા છે, તે જશ ભગવદીયને મોઢે શોભે છે. અહો રાત્ર ભગવત્સેવા, ભગવત્નામ, કીર્તન તથા જશ ગાવાથી પ્રભુ ભગવદીયની પુંઠ મુકતા નથી. પોતે પોતાના રૂપમાં છે નહિ. એ તો ભગવદીયના સ્વરૂપમાં છે. ભગવદીય વિના ક્ષણ એક રહેતા નથી.

જુઓ, શ્રીઆચાર્યજીએ, શ્રીગુંસાઈજીએ કાંઈ પોતાનો મંત્ર આપ્યો ? ના, નથી આપ્યો. એમણે તો અષ્ટાક્ષર પંચાક્ષર આપ્યો છે. એક અવતાર લીલાનું નામ ને એક મૂળ લીલાનું નામ રાત દહાડો જપ્યા જ કરે, ત્યારે એ નામ ફળરૂપ થાય. તો પછી શ્રીઆચાર્યજી તથા શ્રીગુંસાઈજી ઉપર દઢતા આવશે.

જ્યારે એ નામ પર સ્નેહ થયો, ત્યારે એ જીવની શી બાકી રહી ? જ્યારે પ્રભુનું નામ કીર્તન લેતાં લેતાં તથા સેવન કરતાં કરતાં ભગવાન પ્રસન્ન થાય, ત્યારે તેને ભગવદીય વ્હાલા થશે, પછી તેનું કામ થશે.

ભગવદીય છે, તે પ્રભુના પુત્ર છે, તે પુત્ર માને પણ વહાલોને બાપને પણ વહાલો છે. શ્રીઠાકોરજી અને શ્રીલક્ષ્મીજી એ ભક્તરૂપ પુત્રને આખો દિવસ રમાડયાં જ કરે છે. શ્રીઠાકોરજી રમાડતાં મૂકે, એટલે શ્રીલક્ષ્મીજી રમાડે છે, ને શ્રીલક્ષ્મીજી મૂકે એટલે શ્રીઠાકોરજી રમાડે છે. એવો એ પુત્ર બન્નેને વ્હાલો છે.

પેલા આગળ ભગવદીય થઈ ગયા, તેનો આ ભગવદીયોમાં જ આવેશ છે. ભગવદીય પદ એવું મોટું છે. પ્રભુ પોતાની સેવાએ પ્રસન્ન થાય છે.

ભગવદીય છે, તે પ્રભુને રહેવાનું ધામ છે. જ્યાં ભગવદીય ત્યાં ભગવાન, તેમાં સંદેહ નહિ. માટે ભગવદીયનો સંગ હંમેશા કરવો. જુઓ ગ્રંથમાં કહ્યું છે કે "નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદશૈર્જનેઃ" માટે સર્વદા તાદશી ભગદીયનો સંગ કરવો. ભગવદીયના સંગ વિના પ્રભુ પ્રસન્ન થાય નહિ. માટે ભગવદીય વહાલા કરવા, ને ભગવદીય સાથે મળીને પ્રભુના જશ ગાવા. જેમ ભગવદીય પોતાના ગુણ પોતે ન ગાયા. ભગવદીય ભગવાનના જશ ગાય છે. ભગવાનને ભગવદીય એક જ રૂપ છે, ભિન્ન છે નહિ. ભગવાનને પૂજવાથી ભગવદીય પ્રસન્ન ને ભગવદીયની સેવાથી શ્રીઠાકોરજી પ્રસન્ન. ૮૯

શ્રદ્ધાંજલી

શ્રીવલ્લભસુધા ના સહાયકતંત્રી શ્રીવસંતભાઈ વોરાના માતુશ્રી, ગો.વા.ગીરજાબેન નગીનદાસ વોરા શ્રીભગવદ્‌ચરણારવિંદને પામ્યા છે. તેઓ ચુસ્ત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ અને ખૂબજ સેવાપરાયણ હતાં. તેઓશ્રીના પરિવાર પર આવેલ આ લૌકિક દુઃખના પ્રસંગે શ્રીવલ્લભસુધા સંપાદક, વ્યવસ્થાપક મંડલ સમવેદના પૂર્વક શ્રદ્ધાંજલી પાઠવે છે.

આ માસના ઉત્સવ

મહા વદ ૨ તા. ૧૦--૨--૨૦૦૧ શનિવાર : ગો. શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજશ્રી (જામનગર–જુનાગઢ)નો જન્મ દિન. ત્રીજનો ક્ષય હોવાથી આજે.

મહા વદ ૪ તા. ૧૧--૨--૨૦૦૧ રવિવાર : ગો. શ્રીનૃત્યગોપાલજી મહારાજશ્રી (મુંબઈ)નો જન્મદિન.

મહા વદ ૫ તા. ૧૨--૨--૨૦૦૧ સોમવાર : શ્રીરણછોડજી (ડાકોર)નો પાટોત્સવ. ગો. શ્રીકલ્યાણજીરાયજી મહારાજશ્રી (સુરત)નો તથા ગો. ચિ. અભિષેકજી બાવાશ્રી (મથુરા--પોરબંદર--રાજકોટ)નો જન્મદિન.

મહા વદ ૬ તા. ૧૩--૨--૨૦૦૧ મંગળવાર : ગો. ચિ. શ્રીરઘુનાથજી બાવાશ્રી (મુંબઈ--મુલુંડ)નો તથા ગો. ચિ. શ્રીરસિક પ્રીતમજી (વિરમગામ--અમદાવાદ)નો જન્મદિન.

મહા વદ ૭ તા. ૧૪--૨--૨૦૦૧ બુધવાર : શ્રીનાથજીનો પાટોત્સવ (સતઘરા) નાથદ્વારા.

મહા વદ ૯ તા. ૧૬--૨--૨૦૦૧ શુક્રવાર : ગો. શ્રી અનિરુદ્ધલાલજી મહારાજ (માંડવી--કચ્છ)નો તથા ગો. શ્રી પ્રશાંતકુમારજી (મુંબઈ)નો તથા ગો. શ્રી ગોપાલલાલજી (કાંકરોલી--મથુરા)નો જન્મદિન.

મહા વદ ૧૦ તા. ૧૭--૨--૨૦૦૧ શનિવાર : ગો. ચિ. શ્રી નૂપુરકુમારજી બાવાશ્રી (બોરીવલી)નો તથા શ્રી રાજેશકુમારજી મહારાજશ્રી (કોટા--કડી--અમદાવાદ)નો જન્મદિન.

મહા વદ ૧૧ તા. ૧૮--૨--૨૦૦૧ રવિવાર : વિજ્યા એકાદશી વ્રત

મહા વદ ૧૨ તા. ૧૯--૨--૨૦૦૧ સોમવાર : ગો. ચિ. શ્રી વસંતકુમારજી બાવાશ્રી (મથુરા--પોરબંદર)નો જન્મદિન.

મહાવદ ૩૦ તા. ૨૩--૨--૨૦૦૧ શુક્રવાર : દ્વાપર યુગાદિ તિથિ. ગો. ચિ. શ્રી વલ્લભલાલજી બાવાશ્રી (ગોકુલ)નો જન્મદિન.

ફાગણ સુદ ૨ તા. ૨૫--૨--૨૦૦૧ રવિવાર : ગો. ચિ. શ્રીવલ્લભલાલજી બાવાશ્રી (કામવન) તથા ગો. ચિ. શ્રી દ્વારકેશલાલજી બાવાશ્રી (બોરીવલી--જામખંભાળીયા--રાજકોટ)નો જન્મદિન.

ફાગણ સુદ ૩ તા. ૨૬--૨--૨૦૦૧ સોમવાર :ગો. ચિ. શ્રી અનુરુદ્ધલાલજી બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

ફાગણ સુદ ૪ તા. ૨૭--૨--૨૦૦૧ મંગળવાર : ગો. શ્રી ગોકુલનાથજી મહારાજ (કામવન)નો જન્મદિન.

ફાગણ સુદ ૬ તા. ૧--૩--૨૦૦૧ ગુરુવાર : શ્રી લલિતત્રિભંગરાયજી (વેરાવળ)નો પાટોત્સવ.

ફાગણ સુદ ૭ તા. ૨--૩--૨૦૦૧ શુક્રવાર : શ્રી મથુરેશજી (કોટા)નો પાટોત્સવ

ગો. શ્રી. કૃષ્ણકુમારજી (કોટા--કડી)નો જન્મદિન.

ફાગણ સુદ ૮ તા. ૩--૩--૨૦૦૧ શનિવાર : હોળાષ્ટકનો પ્રારંભ.

ગો. ચિ. શ્રી વ્રજવલ્લભજી બાવાશ્રી (મુંબઈનો જન્મદિન)

ફાગણ સુદ ૧૧ તા. ૬--૩--૨૦૦૧ મંગળવાર : આમલકી (કુંજ) એકાદશી વ્રત.

ગો. ચિ. કુંજેશકુમારજી (કોટા--કડી)નો જન્મદિન.

પુસ્તક પરિચય

૧. શાસ્ત્રાર્થ પ્રકરણની વ્રજભાષા ટીકા. : ટીકાકાર : ગો.વા. સાંચોરા શ્રી ગોકુલદાસજી, સંપાદક : ગોસ્વામી શ્રી શરદકુમારજી (માંડવી–કચ્છ). પૃષ્ઠ સં. ૧૩૬ + ૩૨ = ૧૯૫, કાગળ ટકાઉ ૧૦૦ ગ્રામ. પી.એસ.એમ, મૂલ્ય : કાચું બાઈન્ડીંગ રૂા. ૫૦/– પાકું બાઈન્ડીંગ રૂ. ૭૦/–

૨. સર્વનિર્ણય પ્રકરણની વ્રજભાષા ટીકા. : ટીકાકાર : ગો.વા. સાંચોરા શ્રી ગોકુલદાસજી, સંપાદક : ગોસ્વામી શ્રી શરદકુમારજી (માંડવી–કચ્છ). પૃષ્ઠ સં. ૨૬૧ + ૫૨ = ૩૧૩, કાગળ ટકાઉ ૧૦૦ ગ્રામ. પી.એસ.એમ, મૂલ્ય : કાચું બાઈન્ડીંગ રૂા. ૮૦/– પાકું બાઈન્ડીંગ રૂ. ૧૦૦/–

મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્ય વિરચિત તત્વદીપ નિબંધ અંતર્ગત શાસ્ત્રાર્થ પ્રકરણ તથા સર્વનિર્ણય પ્રકરણની વ્રજભાષામાં ટીકા ગોલોકવાસી શ્રી ગોકુલદાસજી સાંચોરાએ (કોટા) ગો. શ્રી પુરુષોતમજી વિરચિત ‘આવરણ ભંગ’ ટીકાના તાત્પર્ય સાથે લખેલ હતી. જે અપ્રાપ્ય હોવાથી શ્રી વલ્લભાચાર્ય ટ્રસ્ટ–માંડવી દ્વારા ગો. શ્રી શરદ બાવાશ્રીએ સંપાદન કરી પુનઃ પ્રકાશન કરતા વૈષ્ણવો ઉપર મહદ કૃપા કરી છે. ભગવદશાસ્ત્રના અર્થ સમજીને મન, વાણી અને દેહથી કૃષ્ણ સેવા કરવી જોઈએ તેથી અજ્ઞાન, અશ્રધ્ધા અને સંશય દૂર થાય છે અને બીજી પણ સમસ્યાઓનું સમાધાન પણ આ ગ્રંથોમાં દર્શાવવામાં આવેલ છે.

૩. વાર્તાપરિચર્ચા : સંપાદક–ગોસ્વામી શ્રી શરદકુમારજી (માંડવી–કચ્છ), પૃષ્ઠ સં. ૧૩૧ + ૧૨ = ૧૪૩ મૂલ્ય રૂા. ૧૫

પુષ્ટિ સંપ્રદાયમાં પ્રચાર અને પ્રસાર માટે પ્રશ્નોતરી, પરીક્ષા, અન્તાક્ષરી, શિબિર વગેરે માધ્યમો દ્વારા વૈષ્ણવોને માહિતગાર કરવા તેમજ રૂચી વધારવા પ્રયોગો થઈ રહેલા છે પરંતુ આપશ્રીએ જે એક અનેરો–બુદ્ધિગમ્ય–વિચારશીલ પ્રયોગ રજૂ કરેલ છે ને પરિચર્ચા– આથી વાંચનની સાથે વિચારવાનું અને તે વાગોળવાનું થશે સિદ્ધાંતોનું જ્ઞાન થશે અને ફળરૂપે અજ્ઞાન, અશ્રદ્ધા અને સંશય દૂર થશે આવા સુઉદેશથી શુદ્ધાદ્વૈત પુષ્ટિભક્તિ – પરિચર્ચાની એક શૃંખલાનું આયોજન કરેલ. જે છે વાર્તા – પરિચર્ચા અને આ પરિચર્ચાનો વિષય ૮૪ વૈષ્ણવોની પ્રથમ પાંચ વાર્તાઓ રાખેલ હતી જેઓએ ભાગ લીધેલ તેમના લેખો આ પુસ્તકમાં સંપાદિત કરવામાં આવેલ છે. આ પુસ્તક વસાવવા જેવું છે જેથી વાર્તા માંહેના સિદ્ધાંતનું જ્ઞાન થશે.

: પુસ્તક ખરીદવાની વિગત :

ટપાલ દ્વારા પુસ્તકો માત્ર માંડવીના સરનામેથી જ પ્રાપ્ત થશે. : શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, કંસારા બજાર, માંડવી, જિ. કચ્છ, ગુજરાત, પિન. નં. ૩૭૦ ૪૬૫. પુસ્તક મગાવનારે પુસ્તકની પૂરી કિંમતનું મનીઓર્ડર ઉપરોક્ત સરનામે મોકલવું. શાસ્ત્રાર્થ તેમજ સર્વનિર્ણયના બે પુસ્તકો સાથે જ આપવામાં આવશે.

કાચા બાઈન્ડીંગ વાળા ઉપરોક્ત પુસ્તકોની કુલ કીંમત ૫૦ + ૮૦ = ૧૩૦/– થશે.

પાકા બાઈન્ડીંગ વાળા ઉપરોક્ત પુસ્તકોની કુલ કીંમત ૭૦ + ૧૦૦ = ૧૭૦/– થશે.

પુસ્તકો પોસ્ટ ઓફિસ ગાઈડ ૧૯૯૨ ના કલોઝ ૨.૧૬ પ્રમાણે “પ્રિન્ટેડ–બુક્સ” તરીકે મોકલવામાં આવશે જેનો પોસ્ટેજ ખર્ચ સંસ્થા ભોગવશે. રજિસ્ટર્ડ પ્રિન્ટેડ બુક્સથી પુસ્તકો મગાવનારે રૂ. ૧૪/– પુસ્તકની કીંમતમાં ઉમેરીને મોકલવા.

ઉપકોક્ત પુસ્તકો રૂબરૂ પ્રાપ્ત કરવાના ઠેકાણા :

જામનગર : શ્રી ઉષાબેન ભોગીલાલ સોની, ફોન : ૬૭૯૧૪૧, **રાજકોટ :** ગોસ્વામી શ્રી રવિન્દ્રકુમારજી, ફોન : ૨૨૫૮૨૪, શ્રી પ્રવિણભાઈ ડઢાણિયા, ફોન : ૫૮૪૪૧૧, શ્રી વિજયભાઈ પટેલ, ફોન : ૪૮૦૭૦૫, **જૂનાગઢ :** શ્રી પુરુષોત્તમ પુષ્ટિમાર્ગીય પાઠશાળા, મોટી હવેલી, પંચ હાટડી, ફોન : ૬૨૪૮૧૯, ૬૨૦૧૦૬,

મોરબી : શ્રી અતુલભાઈ મુખીયાજી, શ્રી મહાપ્રભુજીના બેઠકજી, **બોરીવલી :** શ્રી ધર્મેન્દ્રસિંહ ઝાલા, ફોન : ૮૦૬૮૬૨૫, **કાન્દીવલી :** શ્રી મધુભાઈ બી. શાહ, ફોન : ૮૦૭૦૦૪૩, **વિલેપાર્લે :** શ્રી રસીકભાઈ શાહ, ફોન : ૬૭૧૨૯૮૨, શ્રી કૃષ્ણકાન્તભાઈ વોરા, ફોન : ૬૧૭૦૪૧૭, ૬૧૮૪૨૧૫, **મુંબઈ :** શ્રી અંશુભાઈ ગોપાલભાઈ શાહ, કાલબાદેવી, ફોન : ૨૦૮૯૯૨૨, **અમદાવાદ :** શ્રીજનકભાઈ શાહ, ફોન : ૬૭૫૫૨૮૪, ૬૮૫૨૦૦૯, ૬૮૫૫૭૨૯ **વડોદરા :** શ્રી શાન્તીભાઈ તલાટી, શ્રી મહેશભાઈ સચદે, ફોન : ૪૧૩૩૫૮, **ગાંધીનગર :** શ્રી અરવિન્દભાઈ પુરોહિત, ફોન : ૩૧૮૪૯, શ્રી જગદીશભાઈ કટારીયા, મુ. પો. વાવોલ, ફોન : ૩૩૯૭૫, **હાલોલ :** શ્રી ગોવિન્દભાઈ ગાંધી, ફોન : ૨૦૭૧૯, ૨૩૩૩૬, **ગોધરા :** શ્રી ભાવીન શાહ, ફોન : ૪૭૪૭૨, **ગોકુલ :** ગોસ્વામી શ્રી પંકજકુમારજી, નટવર નોહરા, ગોકુલ, જી. મથુરા, **ભોપાલ :** શ્રી અજય ભાટીયા, ફોન : ૫૫૩૦૬૧, **નાસીક :** શ્રી મહેન્દ્રકુમાર પુરુષોત્તમદાસ સુગન્ધી, ફોન : ૫૧૧૮૯૦, **આણન્દ :** શ્રી ગિરિશભાઈ શાહ, ફોન : ૫૪૦૪૬, **ભરૂચ :** ડૉ. પિયુષભાઈ પરીખ, ફોન : ૬૨૨૩૫

શ્રી વલ્લભ સાખી ભાવાનુવાદ – વિડીયો સી. ડી.

મહાપ્રભુ શ્રી હરિરાયજી રચિત શ્રી વલ્લભ સાખીની વિસ્તૃત છણાવટ પૂ. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજ (અમદાવાદ) દ્વારા તથા સાખીનું ગાન અ. સૌ. શ્રી વૃંદાવહુજી દ્વારા થયેલ કાર્યક્રમોની વિડીયો સી.ડી. તૈયાર કરેલ છે. આપશ્રીના ભારતના મુખ્ય શહેરોમાં સાથે વિદેશમાં પણ કાર્યક્રમો યોજાયેલ છે. પુષ્ટિમાર્ગીય જ્ઞાન પ્રાપ્ત કરવા તેમજ સમુહમાં આનંદ માણવા વિડીયો સી. ડી. કેસેટ વસાવવા લાયક છે.

તેમજ ગુજરાતી ધોળપદની ઓડીયો સી.ડી. કેસેટ "આજની ઘડી રળીયામણી" સ્ટીરીઓ સાઉન્ડમાં પૂ. પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજ (અમદાવાદ) તથા અ. સૌ. શ્રી વૃંદા વહુજીનાં ગાન દ્વારા પ્રકાશિત થયેલ છે.

વિડીયો સી.ડી. કેસેટ તથા ઓડીયો સી.ડી. કેસેટ પ્રાપ્તિસ્થાન

નિકુંજ એન્ટરપ્રાઈઝ – ૩૦૪, આદિત્ય ટાવર, ઉર્વશી એપાર્ટમેન્ટ પાસે, મીઠાખળી સર્કલ, અમદાવાદ–૬.
ફોન : ૬૪૬૧૭૨૮ / ૬૪૪૭૯૯૨ / ૬૪૦૬૨૯૦

સંક્ષિપ્ત સમાચાર

☐ **મુંબઈ :** શ્રીમદ્ વલ્લભવંશજ શ્રી ગોસ્વામી આચાર્ય પરિષદ મીટીંગ.

તા. ૨૯–૧૧–૨૦૦૦ ના રોજ મળેલ મિટિંગમાં નીચેના નિર્ણયો સર્વાનુમતિથી લેવાયેલ છે.

• પૂર્વ અધ્યક્ષ ગો. તિલકાયત શ્રી દાઉજી મહારાજ, નાથદ્વારા તથા પૂર્વ ઉપાધ્યક્ષ ગો. શ્રી બાલકૃષ્ણ લાલજી મહારાજ સુરત બન્ને મહાનુભાવો ને હાર્દિક શ્રધ્ધાંજલી અર્પિત કરવામાં આવેલ. • નવા અધ્યક્ષ તરીકે વર્તમાન તિલકાયતશ્રી ગો. શ્રી ઈન્દ્રદમનજી મહારાજ, નાથદ્વારાને સર્વાનુમતે ચુંટવામાં આવેલ છે. • તુલસી ક્યારા, જતીપુરાની વ્યવસ્થા પંચમ પીઠાધીશ્વર શ્રી વલ્લભલાલજી (કામવન)ને સોંપવામાં આવેલ છે. • વિવિધ પદ માટે નીચે મુજબ ચુંટણી કરવામાં આવેલ છે. અધ્યક્ષ : તિલકાયતશ્રી ગો. શ્રી ઈન્દ્રદમનજી મહારાજ, નાથદ્વારા. મંત્રી : ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજ, કાંકરોલી. સહમંત્રી : ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજ, કામવન, સુરત. કોષાધ્યક્ષ : ગો. શ્રી નવનીતલાલજી મહારાજ, કામવન, ભાવનગર. સહકોષધ્યક્ષ : ગો. શ્રી વૃંજપ્રિયજી મહારાજ, બોરીવલી. પ્રચારમંત્રી : ગો. શ્રી રાજેશકુમારજી મહારાજ, કડી, અમદાવાદ. સંગઠનમંત્રી : ગો. શ્રી પ્રશાંતકુમારજી બાવા, મુંબઈ. આગામી મીટીંગ તા. ૧૭–૨–૨૦૦૧ સુરતમાં યોજાનાર છે.

☐ **રાજકોટ :** શ્રી વલ્લભ વિઠલ વૈષ્ણવ મંડળ દ્વારા શ્રીગુંસાઈજીના પ્રાકટય ઉત્સવનું ત્રિદિવસીય કાર્યક્રમોનું આયોજન પૂ. પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીની અધ્યક્ષતા નીચે કરવામાં આવેલ હતુ. તા. ૧૭–૧૨–૨૦૦૦ ના રોજ પૂ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રીના શકુભહસ્તે 'શ્રી ગુંસાઈજીની વધાઈ' ઓડીયો કેસેટ ભાગ ૧–૨ નું વિમોચન કરવામાં આવેલ હતુ. ત્થા આપશ્રીના સુંદર વચનામૃત થયેલ. તા. ૧૮–૧૨–૨૦૦૦ના રોજ પૂ. પા. ગો. શ્રી ગોપીકાલંકારજી બાવાશ્રી,

પૂ.પા.ગો.શ્રી ભાગવતકુમારજી બાવાશ્રી તથા પૂ.પા.ગો.શ્રી ગિરિધરલાલજી બાવાશ્રીના વચનામૃત થયેલ હતા. તા. ૧૯–૧૨–૨૦૦૦ના રોજ સાંજે પૂ.પા.ગો.શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં પૂ.પા.ગો.શ્રી પુરુષોત્તમલાલજી (પંકજ બાવાશ્રી) શ્રી ગોવિંદરાયજી બાવાશ્રી તથા શ્રી ભાગવતકુમારજી બાવાશ્રીએ ઉત્સવ નાયક શ્રી પ્રભુચરણના અલૌકિક ચરિત્રોનું ગુણાનુવાદ તથા વચનામૃત કરેલ.

☐ **હાલોલ :** આ.રા.પુ.વૈ. પરિષદ ગુજરાત પ્રદેશના ઉપક્રમે અને હાલોલ શાખા દ્વારા બે દિવસીય 'ધર્મ સંસ્કાર' શિબિરનું આયોજન તા. ૨૫–૨૬ નવે. ના રોજ હાલોલ ખાતે કરવામાં આવેલ હતું. શિબિરનું ઉદ્‌ઘાટન પૂ. પદ્યુમન શાસ્ત્રીજીના હસ્તે કરવામાં આવ્યું. પ્રદેશમંત્રી શ્રી વી. પી. પરીખે શિબિરની ભૂમિકા સમજાવી સંગઠનમંત્રી શ્રી સી. પી. તલાટી અને કે. એન. શાહે અતિથિઓનું અભિવાદન કર્યું હતુ. શિબિરમાં સંપ્રદાયને લગતા વિવિધ વિષયો આવરી લેવામાં આવેલ. બીજા દિવસે પૂ.પા.ગો.શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી શિબિરમાં ઉપસ્થિત રહીને શિબિરાર્થીઓને આર્શીવાદ પાઠવ્યા હતા અને પરિષદની આ અનુપમ પ્રવૃતિને બિરરદાવી હતી. અને વડોદરામાં આવી શિબિરોનું આયોજન કરવા આમંત્રણ આપેલ હતું આયોજનના શીલ્પી પ્રા. વી. પી. પરીખ અને સી. પી. તલાટી હતા. જ્યારે મનોરથી કે. એન. શાહ હતા પૂ.પા.ગો.શ્રી ડૉ. વાગીશકુમારજી મહોદયના પ્રેરક આશીષ સાંપડયા હતા.

☐ **વડોદરા :** આ.રા.પુ.વૈ. પરિષદ ગુજરાત પ્રદેશના ઉપક્રમે તા. ૧૨–૧૨–૨૦૦૦ના રોજ પૂ.પા.ગો.ડૉ. શ્રી વાગીશકુમારજીના શુભહસ્તે અને પૂ.પા.ગો.શ્રી દ્વારકેશલાલજીની પ્રેરક ઉપસ્થિતિમાં શ્રી વલ્લભગીતાની પાંચમી આવૃતિનું વૈષ્ણવોની વિશાળ હાજરીમાં વિમોચન સંપન્ન થયું. મંગલાચરણ અને માલા અર્પણ બાદ મંત્રીશ્રી સી. પી. તલાટીએ સ્વાગત કરતા પરિષદની સંગઠનાત્મક સિધ્ધીઓનું સરવૈયું પ્રસ્તુત કર્યું. જ્યારે મંત્રીશ્રી વી. પી. પરીખે ધર્મસંસ્કાર શિબિરનો ખ્યાલ આપ્યો હતો. પૂ. વાગીશકુમારજીએ જણાવ્યું કે શ્રીકૃષ્ણના મુખે ગવાયેલી શ્રી ભગવદ્‌ગીતા અને શ્રી વલ્લભના મુખે ગવાયેલી વલ્લભગીતા (ષોડશ ગ્રંથ)નો સમન્વયાત્મક ભાવ દષ્ટિગોચર થઈ રહ્યો છે. જ્યારે પૂ. દ્વારકેશલાલજી એ જણાવ્યું કે શ્રીમદભગવદ્‌ગીતા અને શ્રીવલ્લભગીતા સ્વમાર્ગના બે જ્યોતિપુંજ છે. વડોદરા શાખાના સર્વે પદાધિકારીઓ તેમજ વૈષ્ણવોની વિશાળ સંખ્યામાં ઉપસ્થિત હતી. સંયોજક શ્રી હસમુખભાઈ પરીખે આનંદ અભિવ્યક્તિ કરી હતી. સમગ્ર આયોજન પરિષદની એક યશકલગી સમાન બની રહ્યું હતુ.

☐ **વડોદરા :** શ્રી વાક્‌પતિ ફાઉન્ડેશન (વડોદરા) દ્વારા "શ્રી શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગીય પાઠશાળા" શરૂ કરવામાં આવેલ છે બાળ કમાં રહેલ ભગવદભાવના બીજને પોષણ આપવાથી તેમજ સંવર્ધન કરવાથી બાળક ભવિષ્યમાં શ્રેષ્ઠ વૈષ્ણવ બને. ગામેગામ પુષ્ટિમાર્ગીય જ્ઞાન અને સંસ્કારો બાળકોને પ્રાપ્ત થાય તે માટે સંસ્થા દ્વારા સર્વ માર્ગદર્શન પુરુ પાડવામાં આવશે આ માટે "પુષ્ટિ–બાલપોથી" નામક પુસ્તિકાઓ તૈયાર કરવામાં આવેલ છે. વિશેષ માર્ગદર્શન માટે સંપર્ક : શ્રી શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગીય પાઠશાળા ઉપક્રમ, વાક્‌પતિ ફાઉન્ડેશન, બેઠક મંદિર, કેવડાબાગ, મદનઝાંપા, વડોદરા–૩૯૦ ૦૦૧.

☐ **વડોદરા :** શ્રી વાક્‌પતિ ફાઉન્ડેશન પ્રણીત શ્રી વલ્લભ વિદ્યાપીઠ, વડોદરાના દ્વિતિય પદવીદાન સમારંભ તા. ૨૬–૧૧–૨૦૦૦ના રોજ શ્રી વલ્લભસદન અમદાવાદ ખાતે વૈષ્ણવોની વિશાળ હાજરી વચ્ચે સંપન્ન થયો. પૂ.પા.ગો.શ્રી વૃજેશકુમાર મહારાજ (તૃતિય ગૃહ) શ્રીએ દિપ પ્રગટાવી ઉદ્‌ઘાટન કર્યું હતુ. અને સાચા વૈષ્ણવોના લક્ષણો સમજાવ્યા હતા. આ પ્રસંગે પૂ.પા.ગો.શ્રી વૃજેશકુમારજી (કડી–કોટા) ઉપસ્થિત રહ્યા હતા તેમજ આ.રા.પુ.વૈ. પરિષદ પ્રમુખશ્રી ઈન્દ્રકાન્ત શેઠ અને માનનીય શ્રી કે. કા. શાસ્ત્રીજી તથા ભાગવતઋષિ (સોલા અમદાવાદ), શ્રી ભગવતપ્રસાદ પંડયા, વૈષ્ણવ પરિવારના તંત્રી શ્રી વસંતબેન વી. પરીખ શ્રી અમિતભાઈ પરિખ અને સંપ્રદાયના અનેક વિદ્વાનો હાજર રહ્યા હતા. પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને મેડલો તથા પદવીઓ એનાયત કરવામાં આવી હતી.

☐ **ચેન્નાઈ (મદ્રાસ) :** શ્રી શુદ્ધાદ્વૈત વૈષ્ણવ મહાસભા દ્વારા શ્રી વિઠલેશચરણનો પ્રાકટય ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ હતો. તા. ૧૯–૧૨–૦૦ ના રોજ શ્રી વિઠલેશચરણના ચિત્રજીને સુખપાલમાં પધરાવી શહેરના મુખ્યમાર્ગો ઉપર શોભાયાત્રા 'શ્રી વલ્લભ નિકેતન'માં સભારૂપે આયોજીત થયેલ વધાઈ–કિર્તન બાદ વૈષ્ણવશ્રી ભરતભાઈએ શ્રી વિઠલેશચરણનો જન્મ ઉત્સવ કયારથી શરૂ થયેલ તેની વિગતે સમજાવેલ તથા જલેબી ઉત્સવનો પ્રસંગ સમજાવેલ. જલેબીનાં પ્રસાદ વાંટવામાં આવેલ તથા સભાપૂર્ણ થયેલ.

॥શ્રી હરિઃ॥

આપણા સૌનું પોષણ કરતી ગાયમાતા તથા ધરતી માતાના જાણ્યે અજાણ્યે આપણે જ દુશ્મન બનતા અટકીએ

શું આપ જાણો છો?

પાંચ કિલોનું લોખંડનું પતરૂં કે પ્લેટ હોય અને તે જ સાઈઝનો ૧૦–૨૦ ગ્રામનો પ્લાસ્ટીકનો ટુકડો હોય અને તે બન્ને જો ખેતરની માટીમાં પડેલ હોય તો લોખંડ થોડા સમયમાં માટી સાથે માટીની જેમ ભળી જશે. પણ પ્લાસ્ટીક જેટલી જગ્યામાં હશે ત્યાં પાણી નીચે નહિ જઈ શકે. છોડ ખીલી શકશે નહી અને જમીનની ફળદ્રુપતા ઘટાડાશે અને પ્લાસ્ટીક ૧૦૦ વરસેય ત્યાં યથાવત સ્થિતિમાં રહેશે.

પશ્ચિમની સંસ્કૃતિએ ભારતીય સમાજમાં પ્લાસ્ટીકનો ઉપયોગ એટલો બધો વધારી દીધેલ છે કે દરેક પ્રકારના પેકીંગ મટીરીયલ્સમાં વસ્તુની હેરવણી ફેરવણીમાં ઝબલા–થેલી તરીકેનો ઉપયોગ વધી ગયેલ છે જે પ્લાસ્ટીકને આપણે રોડ ઉપર કચરામાં જ્યાં ત્યાં ફેંકી તેમજ ખાદ્ય વસ્તુ વાળું પ્લાસ્ટીક ગાયોના ખાવામાં આવતાં હજારો ગાયો માંદી પડી મૃત્યુ પામે છે. આ રીતે આપણે જમીન તથા ગાયોના જાણ્યે અજાણ્યે દુશ્મનો બની બેઠા છીએ.

જ્યારે પશ્ચિમના રાષ્ટ્રોએ આરોગ્ય તથા પર્યાવરણની દૃષ્ટિએ ચોક્કસ પ્રકારનાં પ્લાસ્ટીકના વપરાશ ઉપર પ્રતિબંધ મુકેલ છે.

આપણા સૌના હિત માટે આટલું જરૂર કરીએ.

- બીન જરૂરી પ્લાસ્ટીકનો ઉપયોગ ઘટાડીએ છતાં પણ તે શક્ય બને તો નીચેના સુચનો ઉપર દરેક ગૃહિણીઓ તથા વ્યાપારી એકમો વિચાર કરી અમલ કરશે તો ગાયમાતા તથા ધરતીમાતાના દુશ્મન બનવામાંથી છુટકારો મેળવી શકીશું.
- ઘરમાં કે દુકાનમાં પેકીંગ મટીરીયલ્સમાં આવતા પ્લાસ્ટીક ઝભલા–થેલી વિગેરેને કચરામાં નહીં ફેંકતા જુદી એક થેલીમાં એકત્ર કરવા અને તે ભેગો થયે પ્લાસ્ટીક કચરા વિણનારને આપીશું તો તેમના પરિવારનું પોષણ થશે અગર વિશેષ સ્ટોક થયે તમો તે વેચાણ કરીને તેની રકમ આવે તેનો દાન–ભેટમાં સદ્‌ઉપયોગ કરી શકો છો.
- પાણી પાઉચ–પાન માવામાં વપરાતા પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ કરવો જોઈએ જ્યાં ત્યાં ફેંકવાથી ગાયના પેટમાં અગર ધરતીનાં પેટાળમાં કચરા સાથે જવાથી નુકશાન થાય છે.
- રાસાયણીક ખાતર જમીનનાં રસકસ ઘટાડે છે જ્યારે ગૌ મૂત્ર અને છાણીયું ખાતર જમીનનાં રસકસ વધાર છે તેનો ઉપયોગ કરી સમૃદ્ધિ વધારીએ.
- ગાયનું દુધ–દહીં–ઘી–તન અને મનનું આરોગ્ય વધારે છે તો તેનો જ ઉપયોગ કરવાનો ઘરમાં આગ્રહ રાખીશું.

ગૌ ભક્ત કહેવાતા આપણે સૌ ઉપરનાં સુચનોને આપણા ઘરથીજ અમલ કરી અને અન્ય પરિવારોને પ્રેરણા આપી શક્ય તેટલો અમલ કરાવીશું. તો વગર ખર્ચે ગૌ માતા તથા ધરતી માતાનું સંરક્ષણ કરી ઋણ અદા કરીએ.

નિવેદક : ડાયાલાલ કસ્તુરચંદ ડેલાવાળા (પ્રમુખ શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ, રાજકોટ.)
કંસારા મહાજનવાડી બીલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ.

શ્રદ્ધાંજલી

"શ્રી વલ્લભસુધા" નું કોમ્પ્યુ. ટાઈપ સેટીંગ ખૂબ નિષ્ઠાપૂર્વક કરનાર શ્રી કિશનભાઈના માતુશ્રી અ. સૌ. જશવંતિબેન ભગવદ્‌ચરણારવિંદને પામ્યા છે. સદ્‌ગત ખૂબજ ભગવદ્‌ભાવવાળા વૈષ્ણવ હતાં. "શ્રી વલ્લભસુધા" સંપાદક, વ્યવસ્થાપક મંડળ હાર્દિક સમવેદના સહ શ્રદ્ધાંજલી પાઠવે છે.

[૧૬] રાધનપુર

શ્રીદામોદરભાઈ કંસારા

કંસારા બજાર, ટાવર રોડ,

[૧૭] રાજપીપળા

પ્રા. એમ. આર. પાલેજા

‘લકુલીશ’, માલીવાડ,

[૧૮] વડોદરા

☐ શ્રીવામનભાઈ બી. પટેલ

વાયડાપોળ,

☐ શ્રીકૃષ્ણકાંતભાઈ એમ. મહેતા

C/O. ઉર્મી સોસાયટી, પ્રોડક્ટીવીટી રોડ,

અલકાપુરી,

[૧૯] વાપી

શ્રીમતિ ભામિનીબેન કિશોરભાઈ

૧૦૫, અનુકુલ ચેમ્બર્સ,

એન. એચ. નં.૮ પ્લોટ નં.૮/૧૨,

[૨૦] વાંકાનેર

☐ શ્રીસુભાષચંદ્ર ભીખાલાલ કંસારા

☐ કાકુભાઈ ગોરધનભાઈ દોશી

C/O. ભારત એજન્સી, પુલ દરવાજાની દુકાન,

મોટી શાકપીઠને નાકે,

[૨૧] સુરત

શ્રીભદ્રેશકુમાર હિંમતલાલ ઠક્કર

વાસણના વેપારી, ૫/૩૩ બી,

હરિપુરા, પીરછડી,

રાજકોટમાં શ્રીવલ્લભસુધાનું લવાજમ નીચેના સ્થળે ભરી શકાય છે.

૧...શ્રી વલ્લભસુધા કાર્યાલય

કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા,

૨...શ્રી મનસુખલાલ માવજીભાઈ સોની

શ્રંગાર જ્વેલર્સ, સોની બજાર,

૩...શ્રી જશવંતભાઈ ત્રિભોવનદાસ જુઠાણી

શ્રીત્રિકમરાયજીની હવેલી, જાગનાથ પ્લોટ,

૪...શ્રી મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઈ

‘શારદા સદન’, ૨૫–ન્યુ જાગનાથ,

૫...શ્રી વસંતભાઈ એન. વોરા

C/O. વોરા એન્ડ કું. દુર્લભ ચેમ્બર, ઢેબર રોડ,

૬...શ્રી ગોરધનભાઈ વેલજીભાઈ શનિશ્ચરા

‘લલિત કુંજ’, ૪–કૈલાસવાડી, જંકશન પ્લોટ,

૭...શ્રી મનસુખભાઈ સખીયા

C/O. પટેલ હાર્ડવેર માર્ટ, રૈયા રોડ,

૮...શ્રી કનુભાઈ જે. દેવાણી

‘શ્રીનાથજી કૃપા’ ૫–ગાયત્રીનગર.

૯...શ્રી અવંતીલાલ ભાઈલાલ સોની

સવજીભાઈની શેરી, સોની બજાર.

૧૦...શ્રી દેવજીભાઈ પડીયા

શ્રીરાજકમલ એજન્સી, પ્રહલાદ રોડ,

૧૧...શ્રી વી. જે. પીઠડીયા

‘મોહક’, ૭–નીલકંઠનગર,

૧૨...શ્રી વજુભાઈ પીઠડીયા

પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય,

શ્રીસાતસ્વરૂપ હવેલી, મહાત્મા ગાંધી રોડ,

દેના બેંક પાસે,

૧૩...શ્રી ગોવિંદભાઈ મનજીભાઈ કરશાળા

નાલંદા સોસાયટી, શેરી નં.૨, કાલાવાડ રોડ,

૧૪...શ્રી ગોરધનભાઈ વાલજીભાઈ ગજેરા

‘નવનીત કુંજ’ ૩–વિશ્વનાથ મેઈન રોડ,

પટેલ બિલ્ડીંગનો સામેનો રોડ,

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-02-2001.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO
POST WITHOUT PREPAYMENT. TO
POSTEGE CHARGES NO. L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.આ.નં.૧૫૮
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન.

સતસૈયા

૨. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

મન અજીત ઉલટોં ચલ્યોં,
સુનોં, પ્રભુ ! મમ રાવ ।
દગા કિયો પરધાન જ્યોં,
નૃપ જીતન નહિ દાવ ॥ (૩૧)

ટીકા : હે શ્રીમહાપ્રભો ! મારું મન અજીત છે તે મારા કહ્યામાં રહ્યું નથી, ને અવળું ચાલ્યું ને ન કરવાનાં કામ તો કર્યાં, ત્યારે હું જીવ ધણી તો ખરો, પણ એકલો શું કરું ? સર્વ કર્તવ્ય તો મનને હાથ રહ્યું ને તે જ બગડયું. જેમ કોઈ રાજાને પ્રધાને જ દગો કર્યો ત્યારે રાજાને જીતવાનો એકે દાવ ન મળે, તેમ મારે થયું છે. મારી ફરીયાદને સાંભળો ને મન મારે વશ થાય તેમ કરો જે હું તમારી સેવા કરું. ૩૧

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **'શ્રી વલ્લભસુધા'**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–પ.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. **ફોનઃ ૩૬૨૧૩૮**
કોમ્પ્યુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. **ફોન : ૨૪૦૫૪૧.**

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલીત

શ્રીવલ્લભસુધા





વચનસુધા

વિચાર અને આચારની સંગતી, સેવામાં મળે છે એવીજ રીતે આજે જ્યાં સંપ્રદાયમાં આચાર અને વિચાર નથી, ત્યાંજ વિગઠન ઉત્પન્ન થાય છે– વિચારમાં. દરેક વિચાર આપણા સ્વસુખથી પ્રારંભ થાય. પણ માર્ગની પ્રણાલી એ છે કે, ભગવદ્ સુખથી, સ્વધર્મથી વિચાર કરવો–હવે એનો નિર્ણય શું થાય? ગમે તે નિર્ણય આવે. હવે એમાં આપણા પક્ષમાં નિર્ણય આવે તો આપણને ગમે, ને વિપક્ષમાં આવે તો ન ગમે એ જાતની વાત નથી. કારણ કે જો સ્નેહની દ્રષ્ટિ હોય તો વિપક્ષના જેવી કોઈ ચીજ રહેતી નથી જ્યારે આત્મીય દ્રષ્ટિ હોય તો કડવાવેણ પણ મીઠાં લાગે ! લગનમાં પહેલાં જે ફટાણા ગાતા એ બધાં મીઠાં જ લાગતા, કોઈ ગાળ નોતી એમાં માનતા, એટલે એવીજ રીતે વિપરીત પરિસ્થિતીને પણ જો અનુકુળ દ્રષ્ટિએ વિચાર કરશું તો મગજનું સમતોલપણું ગુમાવશું નહીં. અને એ સમતોલપણું ગુમાવ્યા વગર જ્યારે સંપ્રદાયનું સંગઠન–આ ભગવદીય દ્રષ્ટિથી થશે. એનો અર્થ એ નથી કે, એકલી 'પરિષદ'ની વકીલાત જ કરવાની વાત છે. પણ આપણા સંપ્રદાયમાં આની આવશ્યકતા છે.

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ, શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા–૨ પૃષ્ઠ–૪૭)

ગૌરક્ષા–ગો–પાલનમાં તત્પર બનો

☐ પ્લાસ્ટીકની પાતળી કોથળી જ્યાં ત્યાં ન નાંખો. તે ખાઈ જવાથી અસંખ્ય ગાયો બીમાર થાય છે, અને મૃત્યુ પામે છે. આ એક ઘોર અપરાધ છે.

☐ શ્રીગિરિરાજજીના ઉલ્લંઘનના અપરાધથી બચવા–ગોવર્ધન ગામમાંથી શ્રીગિરિરાજજી ઉપર જતી સડકનો ઉપયોગ ન કરો. આન્યોરના રસ્તેથી પૂછરી થઈને જતીપુરા જવું. આ રીતે શ્રીગિરિરાજજીની મર્યાદા અવશ્ય જાળવો.

વર્ષ : ૧૯ **અંક : ૧૨**

વિક્રમ સંવત : ૨૦૫૭–૫૮ **શ્રીવલ્લભાબ્દ : ૫૨૩** **માર્ચ, ૨૦૦૧**

વાર્ષિક લવાજમ
રૂ.૪૦/–
આજીવન લવાજમ
રૂ.૫૦૧/–

"શ્રીવલ્લભસુધા" કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

“શ્રીવલ્લભસુધા” ના સેવાભાવી–પ્રતિનિધિ–કાર્યકર

[૧] અમદાવાદ
શ્રી અશ્વિનભાઈ નવનીતલાલ દેસાઈ
૪૩, સરદારપટેલનગર, એલિસબ્રીજ,
[૨] અંકલેશ્વર
શ્રીગોપાલભાઈ એન. શાહ
સી/૫, જી.આઈ.ડી.સી. કોલોની
જી.આઈ.ડી.સી. વાલીયા રોડ,
[૩] કલ્યાણ
શ્રી કૃષ્ણદાસ મથુરાદાસ અઢીયા
હવેલી બિલ્ડીંગ, પાર નાકા,
[૪] ઉપલેટા
શ્રી અમૃતલાલભાઈ પટેલ
C/O. શ્રીહરિ સ્ટોર્સ, રાજમાર્ગ,
[૫] કલકત્તા
શ્રી નિતિનભાઈ મહેતા
C/O. કાનજી સવજી મહેતા
મહેતા બિલ્ડીંગ, ૧ લે માળે,
[૬] જામનગર
નગીનદાસ પ્રેમચંદ કંસારા
C/O. દિપેશ મેટલ કોર્પોરેશન
૫૬, દિગ્વીજય પ્લોટ,
[૭] જુનાગઢ
☐ શ્રીઅમૃતલાલ સુંદરજી હિંડોચા
C/O. નિકુંજ ટ્રેડર્સ, તાલુકા શાળા સામે,
દાણાપીઠ,
☐ શ્રીપોપટલાલ જમનાદાસ
બી/૨, રવિકિરણ એપાર્ટમેન્ટ,
☐ શ્રીઅરજણભાઈ જેસાભાઈ વૈષ્ણવ
‘કિરણ’ ૪–જલારામ સોસાયટી,
લોઢીયાવાડી સામે,

[૮] ડોમ્બીવલી
શ્રીવિઠ્ઠલભાઈ એસ. લાખાણી
૮–શીવલીલા, તિલકનગર, ગોપાલનગર રોડ–૧.
[૯] ધોરાજી
શ્રીજાદવજીભાઈ જીવરાજભાઈ વઘાસીયા
‘નંદાલય’ રાળીયા હનુમાન પાસે,
[૧૦] પાંચપીપળા
શ્રીગોકળભાઈ જાદવભાઈ પોલરા
[૧૧] ઘાટકોપર (પૂર્વ)
શ્રીછોટાલાલ જીવરાજ મહેતા
લાભ સદન, અર્ચના નિવાસ,
રાજાવાડી, એમ.જી.રોડ,
[૧૨] મુંબઈ
☐ આં.રા.પુ.વૈ.પરિષદ
અનંતવાડી, વૈદભુવન, કાલબાદેવી રોડ,
☐ આં.રા.પુ.વૈ.પરિષદ
જી/૨, સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોડ,
પોલીસ સ્ટેશન સામે,
[૧૩] મલાડ
શ્રીજયંત સી. ભાઠા
૫૨, રામચંદ્ર લેન, અલ્હાબાદ બેંકની સામે,
[૧૪] મોરબી
☐ શ્રીભગવાનદાસ વેલજીભાઈ શનિશ્ચરા
૪–ખત્રીવાડ,
☐ ધર્મેન્દ્ર ભોગીલાલ કંસારા
C/O. ટોકરશી જાદવજી કંસારા
[૧૫] મોટાભાદરા
પોંકીયા વલ્લભભાઈ રાઘવભાઈ

ભૂકંપને કારણે સહેવી પડેલી તારાજીમાંથી પાઠ શીખીએ ધરતી માતા તથા ગાય માતાનું દોહન કરાય ઉપભોગ નહીં

દિનાંક ૨૬-૧-૨૦૦૧ ના દિને ભૂકંપ થતાં તેના આંચકાનો અનુભવ સારાયે ભારતવર્ષમાં તેમજ અન્ય દેશોએ અનુભવ કર્યો. પરંતુ વિશેષ તારાજી ગુજરાતનાં ભાગે આવી કારણ કે કેન્દ્ર બિંદુ કચ્છમાં ભૂજ નજીકનું હતું.

દર પચાસ સો વર્ષ આસપાસ આવી તારાજીનો અનુભવ કરીએ છીએ અને જુનો ઈતિહાસ જોઈએ તો જયાં જલ ત્યાં સ્થલ અને સ્થલ ત્યાં જલ આવી ગયાનાં દાખલા છે. જેના દાખલાં સ્વરૂપે જગદ્ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ ત્રણ વખત પૃથ્વી ભ્રમણ પદયાત્રા (કોઈપણ વાહન કે બોટનો ઉપયોગ કર્યા વગર) કરી અને જયાં આઠ દિવસ કે તેથી વધુ રોકાણ કરી લોકોને માર્ગદર્શીત કર્યા તે સ્થાન આજ ૫૦૦ વર્ષે પણ આચાર્ય શ્રીમહાપ્રભુજીની બેઠક તરીકે ધર્મસ્થાન તરીકે ખ્યાતિ પામેલ છે. જેમાંનું એક બેટદ્વારિકા ત્યાં હાલ શ્રીમહાપ્રભુજીની બેઠકજી છે જ હાલ ત્યાં દરિયો પાર કરી જઈ શકાય છે.

તેવીજ રીતે હાલમાં કચ્છ વિસ્તારમાં ભૂસ્તરશાસ્ત્રીઓ-ખગોળશાસ્ત્રીઓ તથા ઈતિહાસવીદોનાં જણાવ્યા મુજબ ભૂકંપને કારણે જમીનમાં પાણીના તળ ઉંચા આવ્યા છે. અને પ્રાથમિક માહિતિ મુજબ સીંધુ-સરસ્વતિ નદી જે અગાઉ લુપ્ત થઈ હતી તે ફરી ઉપસી આવેલ છે. જેથી કહેવતમાં કચ્છડો બારેમાસ કહેવાતો હતો પરંતુ અગાઉના વર્ષોમાં થયેલી તારાજીનાં કારણે કચ્છ રણપ્રદેશ બની ગયેલ જેથી ફરી કચ્છ સમૃદ્ધ બની શકવાની સંભાવના ખરી જેથી કોઈપણ વિનાશની પાછળ નવસર્જન થાય છે તે ઈશ્વરી કૃપા ગણવી જ રહી.

વિનાશકારી ભૂકંપ આવવાનાં કારણોમાં આપણે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો વૃજયાત્રા કરવા જઈએ છીએ ત્યારે આપણને ધર્માચાર્યો તેમજ આપણા શાસ્ત્રો શીખ આપે છે કે વૃક્ષે-વૃક્ષે, પાંદડે-પાંદડે તેમજ નજીક નજીક આવેલ કુંડે-કુંડે જયાં ભગવાન શ્રીકૃષ્ણ રમણ કરી રહ્યાં છે ત્યાં પ્રભુનો વાસ છે. જેથી ફુલ-પત્તાં તોડાય નહીં, કુંડમાં સ્નાન-પાન કરાય પણ તેનો દુરૂપયોગ થાય નહીં.

આ દ્રષ્ટિથી વિચારીએ તો સમગ્ર વિશ્વ પ્રભુની રમણ ભૂમી છે. પોતાની જરૂરીયાત માટે જોઈતા જલ માટે વરસાદનું પાણી એકત્ર કરી શકાય તે માટે ઠેર ઠેર કુંડ-તલાવ નિર્માણ કરવા જોઈએ તેમજ પર્યાવરણ અને આરોગ્યની દ્રષ્ટિથી વિશેષ વૃક્ષો નિર્માણ કરી વનરાજી નિર્માણ કરવી જોઈએ તો પ્રભુ આપણા નજીક આવી આપણા ઉપર કૃપા વરસાવી શકે.

સાથોસાથ ગાય માતાને આપણા શાસ્ત્રો કામધેનુ કહે છે. તે બાબતે વિચારીએ તો ગાય માતા પોષણ માટે આપણને દૂધ આપે છે તેટલું જ નહીં તેના દૂધ અને તેની બનાવટ દહીં અને ઘી દ્વારા માનવ પોતાના બલ-બુદ્ધિ અને આરોગ્યમાં વૃદ્ધિ પામી શકે છે. જો ગાય દૂધ ન દેતી હોય તો પણ તેના ગૌમૂત્ર દ્વારા તેમજ ગાય માતાથી ઉપલબ્ધી દૂધ-દહીં-ઘી-ગોમૂત્ર-ગોબર આ પંચગવ્યના જુદા જુદા પ્રયોગોથી આરોગ્યની દ્રષ્ટિથી કેન્સર-ડાયાબીટીઝ-ટી.બી.-જલોદર-સંધીવા-ખરજવા...વિગેરે અસાદય દર્દો સાથે ૧૦૮ થી વધુ દર્દોની નાબુદી કરવામાં ઉપયોગી બને છે. તેમજ તેના ગોમૂત્ર-ગોબરનાં ખાતરનાં ઉપયોગ દ્વારા ખેતીમાં જમીનમાં રસ કસ વધારવાની

સાથે વિશેષ ખેત પાક મેળવી શકાય છે, તેમાંથી ગોબર ગેસ બનાવી બળતણ પ્રાપ્ત કરવાની સાથે વિજળી ઉત્પન્ન કરી શકાય છે. તેમજ સાબુ...વિગેરે બનાવી શકાય છે. જે રીતે ગૌમાતાનો અર્થ પ્રાપ્તિ માટે વ્યવસ્થીત ઉપયોગ કરીએ તો આપણને અનેક રીતે ઉપયોગી બને છે જેથી જ આપણે ગાય માતાને કામધેનુ કહીએ છીએ.

ઉપરોક્ત દ્રષ્ટિથી વિચારીએ તો ધરતી માતા કે જે પોષણ માટે અનેક પ્રકારનાં અન્ન, ફળ, ફુલ તથા આરોગ્યની દ્રષ્ટિથી અનેકવિધ ઔષધીઓ તેમજ અનેક પ્રકારની ખનીજ સંપત્તિ દ્વારા જીવસૃષ્ટિનું પોષણ કરી રહી છે તેવી ધરતી માતાનાં દોહનને બદલે આપણે નીજી સ્વાર્થ માટે આપણે તેનો ઉપભોગ કરવા માંડયા છીએ. જેમકે વનસ્પતિ-વૃક્ષોનું વિશેષ પ્રમાણમાં છેદન કરી તથા જલ માટે તળાવ-કુંડો જલસંગ્રહ માટે વિશેષ પ્રમાણમાં નહીં, બનાવતા ધરતીના પેટાળમાંથી પાણી ઉલેચવાની સાથે ધરતીના પેટાળમાં અનેક પ્રકારના ઝેરી રસાયણયુક્ત કચરો અને પાણી ઉતારી આપણે ધરતી માતાનો દ્રોહ કરી રહ્યા છીએ.

તેજ રીતે ગૌમાતા દૂધ ન દેતી હોય છતાં તેના ગોમૂત્ર-ગોબરનો ઉપયોગ આપણને અનેક પ્રકારનો આર્થિક લાભ અપાવનાર હોવા છતાં ટૂંકાગાળાના લાભો લેવા ગાય અને ગૌવંશની કતલ કરાવવામાં અને જાણ્યે અજાણ્યે તેનાં માંસ-ચરબી-આંતરડાનો ઉપયોગ જીવન જરૂરીયાતની વસ્તુ નિર્માણમાં કે ભેળસેળમાં થતો હોય જેવા કે સાબુ-ટૂથપેસ્ટ-વરખ-લેમીનેટ શીટ નિર્માણ કરવા, ઘી માં ભેળસેળ કરવી...વિગેરે પ્રકારનાં ધંધામાં અગર તેવી વસ્તુઓનાં ઉપયોગ દ્વારા એક યા બીજી રીતે ભાગીદાર બની રહેવાની સાથે જે ધરતી ઉપર ગોમૂત્ર-ગોબર પડતા હતા તેની પવિત્રતા વધવાની સાથે રસકસ વધી રહ્યા હતા તે ગુમાવી આપણે મૂંગા પશુઓની હાય નાં જાણ્યે અજાણ્યે ભાગીદાર બની રહ્યા છીએ.

જેને કારણે સમાજમાં નૈતિક અધઃપતની માત્રા વધી રહી છે. સાથોસાથ ધરતીને યોગ્ય પોષણ ન મળવાને કારણે તેમાં આંતરિક અનેક વમળો પેદા થવાનાં કારણે ધરતીકંપ થતા હોય છે. પરંતુ હજુ સામાન્ય જનસમાજમાં ધર્મ અને કર્તવ્યની ભાવના પડેલી હોય આવી આપદ્ વેળાએ એકબીજાને સહાયરૂપ બનવા પ્રયત્ન થતાં હોય છે. અને આપદ્ગ્રસ્ત સમાજને બેઠાં કરવા સૌ પ્રયત્નશીલ બને જ છે.

પરંતુ વ્યક્તિગત પોતાની મહત્તા વધે તે માટે આવા સેવાકીય કાર્યોમાં સેવા કરતી સંસ્થાઓ તથા વ્યક્તિઓનું સંકલન ન હોવાને કારણે વિષમતા ઉભી થાય છે. ક્યારેક કોઈને જરૂરીયાત કરતા વધુ પ્રાપ્ત થતું હોય છે. ક્યારેક કોઈને જરૂરીયાત મુજબ પહોંચતું નથી. આવે સમયે જો યોગ્ય રીતે સહકારથી સંકલન કરી સેવાકીય કાર્યોમાં મદદરૂપ બનવા દરેક સંપ્રદાયો, ધાર્મિક-સામાજીક તથા જ્ઞાતિની સંસ્થાઓ વિચારે તો વધુ સારી સેવા કરી શકે.

સાથો સાથ ધરતી માતા તથા ગાય માતાનું દોહન થાય પણ ઉપભોગ નહીં તે માટે સમાજમાં જાગૃતિ લાવવા આપણે સૌ સાથે મળી પ્રયત્નશીલ બનીએ તો તેની હાય ન લાગવાની સાથે ઈશ્વરકૃપા પણ આપણી ઉપર ઉતરે તે તરફ વિશેષ લક્ષ આપીએ તો આપણે સમાજની મોટી સેવા કરી ગણાશે.

નિવેદક : ડાયાલાલ કસ્તુરચંદ ડેલાવાળા.
પ્રમુખ : શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ-રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

વર્ષ : ૧૯ અંક : ૧૨ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૩ ☐ માર્ચ, ૨૦૦૧

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

[ચોરાશી અપરાધ]

અપરાધ પચાસમો : " (શ્રીઠાકોરજી કું) ભોગ ધરૈં તબ કછુ ચક્કીતેં દલવેંકી વસ્તુ હોય સો ન દલે, ચક્કી ન ફેરે."

શ્રીઠાકોરજીને રાજભોગ–સેનભોગ ધર્યા હોય ત્યારે ઘંટીથી દળવાનું કામ ન કરવું જોઈએ. (જૂના વખતમાં હાથથી ફેરવવાની ઘંટીથી લોટ દળાતો. હાલ ઈલેકટ્રીક ઘંટીનો ઘણા ઘરોમાં ઉપયોગ થાય છે). આ એક પ્રાચીન શીષ્ટાચાર છે. લોકમાં પણ ઘરમાં પુરૂષવર્ગ જમવા બેસે તે સમયે ઘરમાં ક્યાંય ઝાડુ કાઢવું કે ઘંટીથી દળવાનું કામ કરવું તે અયોગ્ય ગણાતું. શ્રીઠાકોરજી તો આપણા અલૌકિક પતિ છે. પૂર્ણ પુરૂષોત્તમ છે. લૌકિક પતિની કે પુરૂષવર્ગની જેટલી મર્યાદા સાચવીએ તેથી ઘણી વધુ મર્યાદા આપણા અલૌકિક પતિની રાખવી જોઈએ. શ્રીઠાકોરજીમાં સ્નેહ તો પુત્રથી અધિક રાખવો અને ભય રાજાથી પણ વધુ રાખી માહાત્મ્ય જ્ઞાનપૂર્વક, અને સ્નેહ સંયુક્ત સેવા કરવી જોઈએ, આમ ન કરે તો અપરાધ લાગે.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભસુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રીવલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

સંન્યાસ નિર્ણય

☐ કાકા શ્રીવલ્લભજી કૃત વિવૃતિ ☐

☐ ભાષાંતર : શ્રીબાબુભાઈ પી. નાયક– કડી ☐

—ગતાંકથી ચાલુ

તસ્માદુક્તપ્રકારેણ પરિત્યાગો વિધીયતામ્ ।
અન્યથા ભ્રશ્યતે સ્વાર્થાદિતિ મે નિશ્ચતા મતિઃ ॥૨૧॥

શ્લોકાર્થઃ ઉપર કહેલા પ્રકારથી ત્યાગ કરવો. એમ ન કરે તો જીવ સ્વાર્થથી ભ્રષ્ટ થાય છે. એવો મારો સંદેહ વિનાનો મત છે—૨૧

વિવૃત્તિ ભાવાનુવાદ : હવે અત્યારના જીવોનું શું કર્તવ્ય છે તેનું નિરૂપણ કરે છે. ભક્તિમાર્ગીય જીવને કોઈ બાધક નથી. તેવું કહીને પરિત્યાગની સિદ્ધિ બતાવે છે. બે દલની અહીં વાત કરે છે. સંયોગ અને વિપ્રયોગ બંનેનું વર્ણન કરે છે. ત્યાં એકપૂર્વદલાત્મક સંયોગ છે. તેની પ્રાપ્તિ માટે અત્યારે પણ પરિત્યાગ કરવો જોઈએ. વિપ્રયોગની પ્રાપ્તિ માટે જે અધિકારી નથી. તેને માટે પરિત્યાગ બાધક છે.

પરિત્યાગથી બીજા પ્રકારનું નિરૂપણ કરે છે. વિપ્રયોગની ભાવનાથી બીજા કોઈ પ્રકારે ત્યાગ કરવો એવું વિધાન કોઈ જગાએ નથી. છતાં પણ જો જીવ કરવા જાય તો ફલની પ્રાપ્તિથી ભ્રષ્ટ થાય છે. તેનું અધઃપતન થાય છે. અયોગ્યની ઈચ્છા કરવાથી પતન થાય તેમાં શંકાને સ્થાન નથી. આ ફલપ્રાપ્તિની ઈચ્છાથી ફલાન્તર વિચારને કારણે પ્રમાણ જાણવાથી ભક્તિમાર્ગીય સંન્યાસમાં ભક્ત સિદ્ધ થાય છે. મારો કહેલો અનુભવ સંદેહ વિનાનો છે એમ નકકી માનવું—૨૧

પોતાનો અનુભવ સંદેહ વિનાનો કેમ છે તે નીચેના શ્લોકથી સમજાવ્યું છે.

ઈતિ કૃષ્ણપ્રસાદેન વલ્લભેન વિનિશ્ચિતમ્ ।
સંન્યાસવરણં ભક્તાવન્યથા પતિતો ભવેત્ ॥૨૨॥

શ્લોકાર્થ : આ પ્રકારે શ્રીકૃષ્ણની કૃપાથી શ્રીવલ્લભાચાર્યજીએ ભક્તિમાર્ગમાં સંન્યાસનો સ્વીકાર નિશ્ચિત કર્યો છે. આ સિવાય બીજા પ્રકારથી સંન્યાસ ગ્રહણ કરવાથી જીવ પતિત થાય છે—૨૨

વિવૃત્તિ ભાવાનુવાદ : આ સંન્યાસ નિર્ણય ગ્રંથની રચના શ્રીકૃષ્ણની કૃપાથી

શ્રીવલ્લભાચાર્યજીએ કરી છે. એ નિશ્ચિત થયું. આપશ્રીએ આ રચના ભક્તમાં ફલરૂપાભક્તિ ફલિત કરવા કરી છે. સંન્યાસ ગ્રહણ કરવો, તેનો વિચાર કરવો તેને સંન્યાસનું વરણ કર્યું કહેવાય. તેવું ગ્રંથની સમાપ્તિમાં આપશ્રી આજ્ઞા કરે છે. તેથી સૌ પ્રથમ ભક્તિમાર્ગમાં સંન્યાસ કરવો જોઈએ કે કેમ તેનો વિચાર કહ્યો. પછી ભક્તિમાર્ગના સંન્યાસનો વિચાર—વિષય વિચારી, તેના ક્રમે ક્રમે જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગના સંન્યાસનો વિચાર રજુ કરી અંતે ઉપસંહાર કર્યો છે. તેમાં આપશ્રીએ પોતાનું શું મંતવ્ય છે તે કહ્યું છે જ્ઞાનમાર્ગનો સંન્યાસ પ્રમાણની અપેક્ષા રાખે છે તેનો નિશ્ચય સમજાવ્યો આપશ્રી તેમાં પોતાના સ્વાનુભવનું નિરૂપણ કરે છે તેવો ભાવ સમજાય છે. જો ભક્ત આપે કહ્યું તે રીતથી નહીં પણ બીજી રીતથી સંન્યાસ ગ્રહણ કરવા જાય તો બાધક આવવા સંભવ છે. આપશ્રીના નિશ્ચયથી જે ફલ આપનાર માર્ગ બીજી રીતે અપનાવવા જાય તો જ્ઞાનમાર્ગીય જીવને સાધનમાર્ગના પ્રકારથી અથવા કર્મમાર્ગના પ્રકારથી સંન્યાસ ગ્રહણ કરવા જતાં પતિત થવાનો સંભવ છે. વળી તેનાથી વિરૂદ્ધ આચરણ કરવા જતાં જીવનું પોતાનું પતન થાય છે. તેના પતનનું કારણ ભગવાન બને છે. તેથી જીવને ક્લેશ થાય છે. તેથી સ્વામિના નામને ગ્રહણ કરવાના હેતુથી કર્મનું પગલું ભરવું એવું વૃત્રાસુરના વાક્યનું વિવરણથી સમજાય છે. ત્યાં પ્રભુ જ કહે છે કે અહીં ભક્તિની મર્યાદામાર્ગનું સૂચન છે. પોતાના આ નિશ્ચયની સિદ્ધિ માટે સાધનના કર્તૃત્વપણાનું કહ્યું છે. આવું સાધન શ્રીકૃષ્ણની કૃપા જ છે. તેનાથી પ્રભુને પ્રિય થવાનું અને તેને પરિણામે સ્વરૂપ—દર્શનની યોગ્યતા પ્રાપ્ત થાય છે. તેમ સાધન અને સાધ્ય બંનેનું સૂચન થઈ જાય છે. આમ હોવાથી જીવના દાસત્વભાવનું નિરૂપણ આવી જાય છે. એવું નક્કી કરવા ' શ્રીકૃષ્ણનો હું દાસ છું ' એમ પણ કહ્યું છે.

બીજી જગાએ 'વૈશ્વાનર વાક્પતિ' કહીને આધિદૈવિકપણા વિશે શ્રીમહાપ્રભુજીએ સ્વયં કહ્યું છે. વિરોધનો પરિહાર કરવા માટે જ આમ કહ્યું છે તેમની આજ્ઞા અનુસાર જીવ જીવે ત્યાં સુધી અથવા મૃત્યુ પર્યંત પ્રભુનો દાસ છે એમ આપશ્રીના વાક્યથી સિદ્ધ થાય છે. ત્યાં રસાત્મક પ્રભુના પ્રમાણથી સિદ્ધ થાય છે કે સ્વરૂપના રૂપનો જ ભય બતાવી કહ્યું છે. કોઈ બીજાથી આવા ભયનું આરોપણ કરાયું નથી તે નિશ્ચિત છે.

તેથી પ્રકૃતિ પણ પ્રભુના રસાત્મકપણાથી દાસરસના અનુભવ માટે તેવા રસનો આવિર્ભાવ થાય તે હેતુથી આ કહ્યું છે. આ બંને સ્વરૂપ પ્રભુનાં જ છે. કોઈએ તેમાં આરોપણ કર્યું નથી. તેથી યથાર્થ રીતે વિચારતાં અહીં પ્રમાણનું મુર્ધન્યપણું સિદ્ધ થાય છે. તેવું અનુગ્રહ પ્રાપ્ત કરનારા ભક્તોએ સમજી લેવું. તે પ્રમાણે અગ્નિકુમારના ચરણોમાં ભગવત્પણું છે. 'આપશ્રીનાં ચરણકમળમાં છે' એમ કહ્યું છે. તેથી દાસપણું તો સૌ પ્રથમ હોવાનું માનવાથી રસાત્મક પ્રભુના રસનો ભક્તને અનુભવ થશે એમ કહેવામાં આવ્યું છે. તે તે બધાનું આરોપિત કરેલું નથી એમ સમજી લેવું.

તેથી એમ સિદ્ધ થાય છે કે પ્રભુ વિરૂદ્ધધર્માશ્રયી છે..એટલે તેઓ ભક્તોમાં પણ પોતાનું ભગવત્પણું ઉમેરે છે. એવું આના પરથી સૂચિત થાય છે. પ્રભુ બ્રહ્મ હોવા છતાં પણ મનુષ્યભાવ સ્વીકારે છે અને અનધિકારીઓમાં પણ પરમ પ્રીતિ હોવાને કારણે ભગવત્પણું આરોપે છે. એવું ભાવન કરવું અગાઉથી પ્રણિપાતનું (પગે લાગવું) સાધન કરનારને પણ 'હું ઈચ્છતો નથી' વગેરે વાક્યોથી ભક્તને દાસપણું સંપન્ન થતું નથી. તેથી સમજી લેવું કે આ ગ્રંથ દ્વારા ઉપર કહ્યા પ્રકારે સ્વામિનીના દાસપણાના રસનો અનુભવ થાય એમ કહેવાનો ભાવ છે. પોતાના અંતરંગ ભક્તોમાં કૃપાયુક્ત એવા શ્રીમહાપ્રભુજીએ આ પ્રમાણે આ ગ્રંથનું માહાત્મ્ય સમજાવ્યું. અગ્નિમુખ એવા શ્રીમહાપ્રભુજીની કૃપાથી આ વિવૃત્તિ હું પૂર્ણ કરું છું.

આ પ્રમાણે શ્રીવિઠ્ઠલેશના પુત્ર શ્રીવલ્લભકૃત સંન્યાસ નિર્ણય ગ્રંથની વિવૃત્તિ સંપૂર્ણ થઈ છે.

ભક્તિપોષણ

વિવેચક : [illegible] મહેતા, રાજકોટ

હરિ જંત્રી તુ જંત્ર છે તેમ વાજે વજાડે જયમ
કાષ્ટ પુતળી નૃત્ય કરે સુત્રાધાર નચાવે ત્યમ
ત્યમ વિધિ નિષેધ સૌ હરિ હાથે, તુ મિથ્યા શીદ તાણીલે માંથે
વિચાર્ય જો જીવનું કર્યું હોય, તો દુઃખી જગતમાં થાય ન કોય
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૮૨)

વિવેચન : આ ચંદ્રાવળામાં પણકવિશ્રી કર્તાપણાનું અભિમાન છોડવા માટે સમજાવે છે. તું વિચારી લે, જો જીવનું ધાર્યું થાય તો આ જગતમાં દુઃખી કોઈ થાય જ નહીં.

હરિ જંત્રી તું જંત્ર—વાજીંત્રો બધા પોતપોતાના સ્વરથી સાંભળનારાને આનંદ આપે છે. પરંતુ તેનો વગાડનાર ઉપર આધાર રાખે છે. તે એકલું સમર્થ નથી. જેમકે હારમોનીયમમાં સાત સ્વરને આધારે અનેક રાગ રાગણી, રાસ ગરબા, ભજન વિગેરે સંગીતો વગાડાય છે, પરંતુ તે વાજીંત્રને વગાડવાવાળો વગાડે તેવો જ સ્વર તે કાઢે છે. તે વાજીંત્ર જેમ સ્વતંત્ર નથી, પરાધીન છે તેમ જીવ પણ સ્વતંત્ર નથી. તું જંત્ર છે હરિ જંત્રી છે. એના હાથમાં છે, જેમ વગાડે તેમ વાગવું, આટલું જ તું કરી શકે.

રાગ—રાગણીમાં છ રાગને છત્રીસ રાગણી વગાડી શકાય છે, પરંતુ તે વગાડે ત્યારે જ

વગડે. જેવો સ્વર તેવોજ તેમાંથી અવાજ નીકળે. યંત્ર તો પરાધીન છે. સારામાં સારૂં સંગીત તેમજ કનિષ્ઠમાં કનિષ્ઠ સ્વર તેમાંથી નીકળે છે અત્રે તત્ત્વએ બતાવ્યો છે કે તું જંત્ર છે, તારા વશની વાત નથી.

તેવી જ રીતે લાકડાની પુતળી નૃત્ય કરે છે, કઠપુતળીવાળા આવો ખેલ કરી બતાવે છે. જોવાવાળાને આનંદ મળે છે. નચાવવાવાળાની ખુબી છે, તેણે પુતળીનાં હાથ, પગ, માથું બધું જુદા જુદા અવયવોથી સુશોભીત કર્યું છે. કપડાં પણ જેવો તેને વેશ ભજવવો છે તેવા જ પહેરાવ્યા હોય છે. પુતળીઓ નૃત્ય કરે છે. ક્યારેક હાંસી આવે તેવો પાઠ ભજવે છે, પરંતુ કરામત તો પુતળીને નચાવવાવાળાની છે. તેની આંગળીની કમાલ છે. કાષ્ઠની પુતળી કાંઈ કરવા સમર્થ નથી.

કવિશ્રી કહે છે કે તું તો જેમ નચાવે તેમ નાચવાવાળો છો, તું મિથ્યા પોતાને કર્તા માને છે. એની ગતિને કોઈ જાણવા સમર્થ નથી. મન તો અનેક મનસુબા ઘડે છે, પરંતુ પિરસેલી થાળી પડી રહે છે, ને જીવ આ દેહથી જુદો થઈ ચાલ્યો જાય છે. સમય તો એવો આવ્યો છે, શહેરી ધાંધલ રસ્તે ચાલવાવાળાની મુશ્કેલી, વાહનમાં પણ મુશ્કેલી, ઘરેથી નીકળ્યા તે ઘરે પાછા પહોંચીયે ત્યારે સાચું.

એક ભાઈ તેનાં વેવાઈ ગુજરી જવાથી કાણે જવા નીકળ્યાં. ત્યાં રસ્તામાં જ સામેનું વાહન ઝપાટાથી આવતું, આ વાહનને ઉડાડી નાંખ્યું અને તેમાંથી કોઈ બચ્યું જ નહીં. કાણે જતા હતા ત્યાં પોતાની કાણ થઈ ગઈ. માટે હે જીવ, તું વિચારી જો, પળની કોઈ જાણતું નથી. તું શીદ મિથ્યા પોતાને કર્તા માનીને બેઠો છે.

દ્રષ્ટાંત—એક પિતા પોતાનાં પુત્રની જાન લઈને લાડે કોડે પરણવા ગાજતે વાજતે હર્ષભેર જતા હતા. મનમાં અનેક તરંગો ઉછળતા કે ઘરે આવીને આમ કરવું છે. વેવાઈને ઘરે શોભા વધારવી છે, એકવાર મારૂં નામ થાય કે વાહ કેવા સરસ લગ્ન કર્યા. બીજા કરતાં મારે સારૂં કરવું છે.

આમ મનમાં તરંગો ઉછળતા રહેતા. હવે હમણાં જ ત્યાં પહોંચી જાશું. જાતા વેંત જ ચા નાસ્તા થાશે, આમ તરંગો ઉછળે છે, ત્યાં જ આગળ જતી વરરાજાની મોટરને જ કાળ આંબી ગયો. જાન પાછી વળી. જે માંડવેથી વરરાજા રવાના થયા હતાં અને વરકન્યાને ત્યાં પોંખવા હતા, તેજ માંડવા નીચે વરરાજાની લાશને સુવરાવી, ક્રિયાકર્મ કરવું પડયું. આવા અનેક દ્રષ્ટાંતો અત્યારે જોવા મળે છે, આમાં જીવનું ધાર્યું ક્યાં થાય છે ?

દયારામભાઈ આમ દ્રષ્ટાંતો આપી કહે છે કે જરા તું ઉંડો ઉતરી વિચાર કરી જો, જીવનું ધાર્યું થતું હોત તો દુનીયામાં કોઈ દુઃખીજ ન થાત. સંસારમાં આવીને પાછું કોઈ જાત જ નહીં. દરેક મનુષ્ય એવોજ પુરૂષાર્થ કરે છે કે હું સંસારમાં આવીને સુખી કેમ થાઉં.

પરંતુ જોવામાં આવે છે કે ક્યાંકથી ધાણા, ક્યાંક મુઠી ચણા જેવી મનુષ્યોની હાલત દેખાય છે. કોઈ મનથી દુઃખી, કોઈ ધનથી દુઃખી, કોઈ તનથી દુઃખી જોવામાં આવે છે. ઘણું ધન

હોય ને પુત્ર પ્રાપ્તિ ન હોય તે દુઃખમાંજ જીવતો હોય છે.

ઘરમાં બધું સારૂં હોય પણ પોતેજ ખાટલાવશ હોય, ભયંકર દેહપીડા હોય તો તે પણ દુઃખી જ છે. ઘરમાં સ્વાંમી ભક્તિ કરવાવાળી સ્ત્રી હોય, પૈસો ઘણો હોય, પુત્ર કપુતર નીવડે, માવતરને મારીને પૈસા લઈ જાય, બદચલન પુત્રનું દુઃખ ભોગવવું પડે છે. કોઈને ઘેરે લાંબા સમયે પુત્ર પ્રાપ્તિ થાય, તેને જોતાં બે આંખે આંધળો, હાથપગ જોડાયેલા, આવી વિકૃતિ દેહની જોઈ, માતાપિતા તેની સેવા કરે છે, તેની જીંદગી મોટા થતાં કેવી જશે તે દુઃખમાં સુખ બધું ભુલાઈ જવાય છે.

કોઈને ઘણું સુખ મળે પણ બીજાનું સુખ જોઈ ઈર્ષ્યા કરે તે મનથી દુઃખી છે. કોઈને સંતોષ નથી. ધન મેળવે, અથાગ મહેનત કરે, ધનનાં વિચારમાંજ દિવસ રાત મચ્યો રહે, મેળવી મેળવી થાકે ત્યાં કાળ આવી પહોંચે. ચમડી જાય પણ દમડી ન જાય, આ હાલતવાળો દુઃખી જ કહેવાય. ધન ક્યાંથી ભેગું કર્યું, સંસાર છોડયો કેના નસીબનું કોણ જાણે? પોતે પુરૂં ન ખાય ન ઘરનાને સુખે ખાવા દે, તેવો માનવ સત્કર્મ કે ધાર્મિક પ્રસંગ ક્યાંથી કરે. એતો મારૂં મારૂં કરતો રહે છે. તેને ખબર નથી કે તારૂં શરીર પણ તારું નથી, ધન તો તારું ક્યાં થવાનું છે. પલવારમાં મોઢું ફાટયું રહેશે. આ વાત પોતે જાણે છે છતાં મોહ તેને છોડતો નથી, કેમકે કર્તા પોતાને માને છે. કવિશ્રી કહે છે કે માથે બોજ રાખી શા માટે ફરે છે, જરા વિચારી જો. જીવનું ધાર્યું ક્યાંય થતું નથી. પલવારમાં કાળનો કોળીયો બની જવાશે. માટે જ સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. ૮૨

॥ શ્રીહરિઃ ॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો

લેખક — દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ— ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા— વિશારદ, મુંબઈ.

ભાષાંતર — ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

—ગતાંકથી ચાલુ

૧. બ્રહ્મસંબંધ દીક્ષા

વૈષ્ણવોએ બ્રહ્મસંબંધ લીધા વિના કોઈપણ મનુષ્ય વૈષ્ણવ થઈ શકે નહિ. અને વૈષ્ણવોના ઘરમાં રહેતા તેના સંગમાં આવતા જેઓ અવૈષ્ણવ હોય તેમને બ્રહ્મસંબંધની દીક્ષા ખુશી ખુશી થઈને લેવી જોઈએ. વૈષ્ણવી દીક્ષા વિના અને આચાર્યની કૃપા વિના ભગવનનો સેવક કોઈપણ મનુષ્ય થઈ શકતો નથી. દીક્ષા લીધી હોય તેના ઉપરજ પ્રભુ પ્રસન્ન થાય છે. તેથી મનુષ્યે માત્ર બ્રહ્મસંબંધની દીક્ષા લેવી જોઈએ. જેને આચાર્ય પાસે દીક્ષા લીધી છે. તેને ભગવાન અવશ્ય સિદ્ધિ પ્રદાન કરે છે. જેણે દીનતાપૂર્વક આ બ્રહ્મસંબંધ મંત્રને આચાર્યશ્રીને સાક્ષી રાખીને ગ્રહણ કર્યો છે. તેના કોટિજન્મના પાપ નષ્ટ થાય છે.

૨. આચાર્ય દ્વારા જ મંત્રની દીક્ષાનું ગ્રહણ

આ બ્રહ્મસંબંધની દીક્ષા વૈશ્ણવ આચાર્ય પાસે લેવામાં આવે છે. વૈષ્ણવ અથવા બીજા કોઈ પાસેથી દીક્ષા લેવાથી મનુષ્ય દોષનો ભાગીદાર થાય છે. જે ભગવાનનો ભક્ત હોય છે તે વૈષ્ણવ આચાર્ય

દ્વારા જ મંત્ર ગ્રહણ કરે છે. જે પુરુષ અવૈષ્ણવ અથવા અન્ય વૈષ્ણવની પાસે દીક્ષા ગ્રહણ કરે છે તેની ક્યારેય પણ ભક્તિ સિદ્ધ થતી નથી. તે શ્રીકૃષ્ણથી વિમુખ થઈ જાય છે. જે મનુષ્ય વૈષ્ણવ આચાર્ય સિવાય કોઈની પાસે દીક્ષા ગ્રહણ કરે છે તેના સર્વ ધર્મ, કર્મ નિષ્ફળ જાય છે. અને કોઈપણ કાર્યમાં તેને અધિકાર રહેતો નથી. તેથી વૈષ્ણવ આચાર્ય સિવાય બીજા પાસે મંત્ર ગ્રહણ ન કરવો. સદાય વૈષ્ણવ આચાર્ય વલ્લભકુળ બાલક પાસે મંત્ર ગ્રહણ કરવો.

ગુરૂના મુખથી કૃષ્ણમંત્ર જેના કર્ણમાં પ્રવેશ કરે છે. તેને શાસ્ત્રકારોએ મહા પવિત્ર ગણ્યો છે. જેની ઈચ્છા બ્રહ્મસંબંધ લેવાની થાય તેને પરમ ભાગ્યવાન માનવો જોઈએ.

શાસ્ત્રમાં લખ્યું છે કે–

'તપિજ્ઞાનાર્થ સ ગુરુમેવાભિગચ્છેત્સમિત્પાણિઃ ક્ષોત્રિયં બ્રહ્મ નિષ્ટમ્'

અર્થ : જેને જ્ઞાનની ઈચ્છા હોય તે શિષ્યે દીનતાપૂર્વક ગુરૂની પાસે જવું જોઈએ.

શ્રીગીતાજીમાં પણ કહ્યું છે –

તદ્વિદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા ।
ઉપદેક્ષન્તિ તે જ્ઞાનં જ્ઞાનિન સ્તત્વદર્શિનઃ ।।

ભગવાને આચાર્યને પોતાનુંજ સ્વરૂપ માન્યું છે. આપે કહ્યું છે કે

'આચાર્ય માં વિજાનીયાત્'

અર્થ :– આચાર્ય મારૂંજ સ્વરૂપ છે. અને નિશ્ચય જાણો. તેથી આપણે ત્યાં બ્રહ્મસંબંધની દીક્ષા આચાર્ય દ્વારાજ લેવામાં આવે છે.

૩. બ્રહ્મસંબંધ દીક્ષાની આવશ્યકતા

બ્રહ્મસંબંધની દીક્ષા માનો કે એક મહાયજ્ઞ છે. આ યજ્ઞમાં કોઈપણ પ્રકારનો દોષ આવતો નથી.

શ્રીમહાપ્રભુજીએ ભક્તિમાર્ગને સર્વ જીવોના ઉદ્ધાર માટે પ્રચલિત કર્યો છે. આ દીક્ષા લેવા માટેનો સર્વનો અધિકાર સમાનરૂપે છે. જે પ્રકારે સૂર્યના પ્રકાશનો ઉપયોગ બધાજ કરી શકે છે. જેવી રીતે તેમાં ભેદભાવ નથી તેવી જ રીતે ભક્તિમાં જાતિભેદ અથવા વર્ણભેદ નથી. કોઈપણ મનુષ્ય આ દીક્ષા લઈ શકે છે. અને બધાયના દોષોની નિવૃત્તિ સમાન રૂપથી જ થાય છે. બ્રહ્મસંબંધ આત્મનિવેદન પૂર્વક ભગવાનની શરણાગતિને સિદ્ધ કરવાવાળું છે. તેથી તેમાં બધાજ દેહ, જીવના સમાન અધિકાર છે. ભગવાને પણ કહ્યું છે–

'માં હિ પાર્થ વ્યપાશ્રિત્ય યેપિ સ્યુઃ પાપયોનયઃ ।
સ્ત્રિયો વૈશ્યાસ્તથા શૂદ્રાસ્તેપિ યાન્તિ પરાં ગતિમ્ ।।

અર્થ :– હે અર્જુન, મારે શરણે આવેલ સ્ત્રી, વૈશ્ય, શુદ્રાદિ તથા ગમે તેટલા પાપ કર્યા હોય તેવો જીવ હોય, તો પણ તેઓ બધા શ્રેષ્ઠ ગતિને પ્રાપ્ત કરે છે.

૪. બ્રહ્મ સંબંધ લીધા વિના સેવાનો અધિકાર નથી.

જે પ્રમાણે પતિત બ્રાહ્મણોનો સંધ્યા વંદન આદિમાં અધિકાર નથી તે પ્રકારે જ બ્રહ્મસંબંધ લીધા વગર સેવામાં અધિકાર નથી. તેથી આત્માના કલ્યાણ માટે અને સેવા કરવાનો અધિકાર પ્રાપ્ત થાય તે માટે જીવે ગુરૂની પાસે દીક્ષા અવશ્ય ગ્રહણ કરવી જોઈએ. જે પ્રમાણે જન્મથી શુદ્રપ્રાય બ્રાહ્મણ પણ ગાયત્રી ગ્રહણ કરવાથી દ્વિજ બને છે, અને ફરી તેને બ્રાહ્મણોચિત કર્મો કરવાનો અધિકાર મળે છે તે પ્રમાણે બ્રહ્મસંબંધ મંત્ર ગ્રહણ કરવાથી સેવામાં અધિકાર થાય છે. બ્રહ્મસંબંધ વગર સેવા કરવાનો અધિકાર મળતો નથી.

નિર્દોષ થવા માટે અહંતા, મમતાનો ત્યાગ થવો જોઈએ. બ્રહ્મસંબંધ લેવાથી અને મંત્રનો આશય

હરઘડી યાદ કર્યા કરવાથી અહંતા મમતાનો નાશ થાય છે. જીવે સમજી લેવું જોઈએ કે આ ઘર, ધન, પુત્ર, સર્વસ્વ પ્રભુનું છે. મારું કાંઈપણ નથી. મારી તેના ઉપર અહંતા મમતા કરવી અયોગ્ય છે, અને મારી આ ચેષ્ટા અનઅધિકારી ચેષ્ટા છે.

૫. આત્મનિવેદન શું છે ?

મનુષ્ય આ લોકમાં જેના ઉપર અધિક પ્રિતી રાખતા હોય તે સર્વ વસ્તુ દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ તેના ધર્મો, સ્ત્રી, ઘર, પુત્ર, કુટુંબ, ધન આલોક અને પરલોક ભગવાનને અર્પણ કરવું જોઈએ.

અર્થ—શાસ્ત્રની આજ્ઞા અનુસાર પ્રભુના ઉપયોગમાં લેવું જોઈએ તેનું નામ છે આત્મનિવેદન. તેથી ભગવાનના અંશ તરીકેનો સંબંધ નિત્ય છે તેને વારંવાર સ્મરણ કરતા રહેવું તેને બ્રહ્મસંબંધ કહે છે.

આત્મસમર્પણનો ભાવ શ્રીઆચાર્યચરણે કેવી યોગ્ય રીતે પ્રતિપાદિત કર્યો છે તે હવે જોઈએ. આપ લખે છે કે—

ગૃહં સર્વાત્મના ત્યાજ્યં તચ્ચેત્ત્યક્તું ન શક્યતે ।
કૃષ્ણાર્થં તત્પ્રયુંજીત કૃષ્ણોનર્થસ્ય વારકઃ ॥

અર્થ—ઘરની મમતા સર્વથા ત્યાજ્ય છે. જો તે મમતા છોડી ન શકાય તો શ્રીકૃષ્ણના વિનિયોગમાં લાવવી. ભગવાન શ્રીકૃષ્ણ બધાં જ અનર્થોને દૂર કરવાવાળા છે.

આ આત્મનિવેદનને સર્વત્ર અને સર્વદા ધ્યાનમાં રાખવું જોઈએ. આ મહાપ્રભુજીની આજ્ઞા છે. અહંતા મમતાનો નાશ કરવા માટે આ જ સર્વોત્તમ ઉપાય છે. તેથી વિદિત થાય છે કે મારૂં કાંઈ નથી. બધુંય પ્રભુનું છે. હું પણ પ્રભુનો છું અને પ્રભુજ મારું સર્વસ્વ છે. હું પ્રભુને આધીન છું તેથી તેની આજ્ઞા અનુસાર મારે ચાલવું જોઈએ. દાસત્વ સ્વીકારવાથી મનમાં દીનતા રહે છે. તેથી આત્મ નિવેદનને પ્રત્યેક સમયમાં યાદ રાખવું જોઈએ.

૬. આત્મ સમર્પણ શું છે ?

આત્મ સમર્પણ એક મોટો યજ્ઞ છે. તે આગળ આપણે કહી ગયા છીએ. બધાય શાસ્ત્રો યજ્ઞ કરવાનો ઉપદેશ આપે છે. કારણ કે વિના યજ્ઞ દુઃખની નિવૃતિ અને સુખની પ્રાપ્તિ થતી નથી. પૃથ્વી પોતાનું તત્વ આપીને બીજનું પોષણ કરે છે. આ પૃથ્વીનો યજ્ઞ છે. સૂર્ય પોતાના કિરણોને મનુષ્યમાત્રને પ્રકાશીત કરે છે તે તેનો યજ્ઞ છે. પરંતુ આ બધાય લઘુયજ્ઞો છે. અને આત્મસમર્પણ એક મહાન યજ્ઞ છે. કારણ કે તેમાં અહંતા, મમતાદિક સર્વ સામગ્રીઓનો યજ્ઞ કરવામાં આવે છે. આ એક એવો મહાયજ્ઞ છે કે જેમાં કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષ્યા, દ્વેષ, અહંકાર બધાયનો હોમ કરી દેવામાં આવે છે. અને ભગવાનથી શુદ્ધ પ્રેમનું દાન લેવામાં આવે છે. ભગવાન સ્વયં પણ આપણે ભક્તિપૂર્વક જે કાંઈ અંગીકાર કરાવી તેને અંગીકાર કરે છે. પરંતુ આ આત્મસમર્પણ યજ્ઞમાં તો ભગવાનને તન, મન, ધન બધુંય પ્રેમપૂર્વક સમર્પિત કરીએ છીએ, તેથી આ યજ્ઞ સર્વ યજ્ઞોમાં શ્રેષ્ઠ છે.

બ્રહ્મસંબંધ સિદ્ધાંત અનુસાર અસમર્પિત વસ્તુઓનો ત્યાગ કરવો જોઈએ. અને અર્ધભુક્ત વસ્તુ સ્વામીને ક્યારેય પણ સમર્પિત કરવી ન જોઈએ. બધાજ કર્મો બ્રહ્મને સમર્પિત કરીને લેવાના હોય છે. તેથી જીવને દોષનો ભાગીદાર થવું પડતું નથી. આ વાતને ધ્યાનમાં રાખીને બ્રહ્મસંબંધ લેનારે બધું કાર્ય રીતી મુજબ સંપન્ન કરવું જોઈએ. બ્રહ્મસંબંધ થવાથી જ જીવ સેવા કરવા માટેનો અધિકારી બને છે.

બ્રહ્મસંબંધ થવાથી જીવના જે પાંચે દોષ છે તેની નિવૃત્તિ થાય છે. જ્યાં સુધી બ્રહ્મસંબંધ દીક્ષા ગ્રહણ કરવામાં આવતી નથી ત્યાં સુધી આ પાંચે દોષ જીવને સેવામાં પ્રતિબંધ રૂપે છે. બ્રહ્મસંબંધ લીધા પછી જેવી રીતે પોલીસને જોઈને ચોર ભાગી જાય છે તે પ્રકારે સેવાબાધક દોષ જીવને છોડીને ભાગી જાય છે.

મર્યાદા માર્ગમાં દોષની નિવૃત્તિ અર્થે બ્રાહ્મણ, ક્ષત્રિય અથવા વૈશ્યને પ્રાયશ્ચિત કરવું પડે છે.

પરંતુ શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગમાં હરકોઈ જીવ પણ બ્રહ્મસંબંધ લેવાથી શુદ્ધ થઈ જાય છે. અથવા તો તેના સેવા સમયમાં પ્રતિબંધ કરવાવાળા દોષ નિવૃત્તિ થઈ જાય છે. બ્રહ્મસંબધ મંત્ર આ પ્રાયશ્ચિતનું આધિદૈવિક સ્વરૂપ છે. તેથી જીવના સર્વ દોષની નિવૃત્તિ થઈ જાય છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે–

બ્રહ્મસંબંધ કરણાત્ સર્વેષાં દેહ જીવયોઃ ।
સર્વથા દોષ નિવૃત્તિઃ સ્યાત્ દોષાઃ પંચવિધાઃ સ્મૃતાઃ ॥

દેહ અને તેના અંગરૂપ ઈન્દ્રિયો, તથા દેહના સંબંધી સ્નેહી અને ધનાદિ સહિત, બ્રહ્મસંબંધ થાય છે. ત્યારે બધાયમાંથી આપણી મમતા છૂટી જાય છે. અને જીવને પોતાના સ્વરૂપનું જ્ઞાન થાય છે.

બ્રહ્મસંબંધ લીધા પછી એવી શુદ્ધ ભાવના રાખવી કે આપણા જેટલા આપ્તજનો છે. જેને આપણે પોતાના ગણ્યા છે. અથવા તો પોતાનું જે કાંઈ હોય તે સર્વ પ્રભુનું જ છે. પ્રભુની આજ્ઞાથી એક નોકરની માફક હું એનો ઉપયોગ કરું છું. મારું કાંઈ પણ નથી. બધુંય પ્રભુનું છે.

બ્રહ્મસંબંધ મંત્ર ઉપદેશ લીધા પછી હંમેશા તેનું સ્મરણ રાખવું જોઈએ. તથા ભગવાનની સેવા શુદ્ધ અંતઃકરણ પૂર્વક કરવી જોઈએ.

પ્રશ્નો : (૧) બ્રહ્મસંબંધ શું છે ? (૨) તે કોના થકી લઈ શકાય? (૩) બ્રહ્મસંબંધની સિદ્ધિ પ્રાપ્ત થાય તેને માટે આપણું શું કર્તવ્ય છે? (૪) શું અસમર્પિત વસ્તુ સ્વીકારી શકાય છે? (૫) બ્રહ્મસંબંધ દીક્ષા લેવાની શું જરૂર છે? (૬) આત્મનિવેદન શું છે? (૭) બ્રહ્મસંબંધનું ફળ શું છે?

૧૧. શ્રીયમુનાજી

શ્રીયમુનાજીને આપણા સંપ્રદાયમાં ખૂબજ પવિત્ર તીર્થ તરીકે ગણવામાં આવ્યું છે. આધિદૈવિક રૂપે આપ ભગવાન શ્રીકૃષ્ણચંદ્રના ચતુર્થ યુથના સ્વામિની છે. ગંગાજીના સ્નાનથી જે ફલ પ્રાપ્ત થાય છે. તે ફળ શ્રીયમુનાજીના પયઃપાન કરવાથી થાય છે. શ્રીયમુનાજીનું સતત ચિંતવન કરવાથી સ્વભાવનો વિજય થાય છે. તેથી શ્રીકૃષ્ણચંદ્રમાં પ્રીતિ દઢ થઈ જાય છે.

(૧) શ્રીયમુનાજીના ભક્તને આઠ પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. (૨) શ્રીયમુનાજીની સેવાથી ભગવાનની સેવા કરવાને યોગ્ય દેહ થાય છે. (૩) શ્રીયમુનાજીની ભક્તિ કરવાથી શ્રીયમુનાજી ભગવાન શ્રીકૃષ્ણમાં ભક્તનો પ્રેમ વધારે છે. (૪) ભગવદ્ સંબંધમાં જે અડચણો આવતી હોય તે પ્રતિબંધો દૂર થાય છે. (૫) આપ આપના ભક્તના અંતઃકરણ એટલા બધા નિર્મળ કરે છે કે ભક્તના હૃદયમાં ભક્તિ સ્થાપિત થાય છે. (૬) ભગવાનમાં જેટલા ધર્મો છે તેટલા જ ધર્મો શ્રીયમુનાજીમાં છે. ષટગુણ સંપન્ન છે. (૭) શ્રીયમુનાજી ભક્તના કલિયુગના દોષોને દૂર કરે છે. (૮) પોતાના ભક્તને ભગવાનને પ્રિય બનાવે છે. (૯) આ દેહને તનુનવત્વ, નવીનદેહ સેવાઉપયોગી બનાવે છે.

સંપ્રદાયમાં શ્રીકાલિન્દી અને શ્રીયમુનાજી ભિન્ન માનવામાં આવ્યા છે.

શ્રીમહાનુભાવ શ્રીહરિરાયચરણની આજ્ઞા અનુસાર શ્રીયમુનાજી, શ્રીઠાકુરજી અને શ્રીમહાપ્રભુજી ત્રણેય સમાન સ્વરૂપમાં સ્થિત છે. ત્રણેય સેવાઉપયોગી દેહ આપી શકે છે. ત્રણેય ભક્તોનો નિરોધ કરે છે. ત્રણેય ભાવભાવનાઓનું દાન કરે છે. શ્રીયમુનાજીના સમકક્ષ શ્રીલક્ષ્મીજી પણ નથી. શ્રીયમુનાજીનો ભક્ત અવશ્ય શ્રીકૃષ્ણને પ્રસન્ન કરે છે.

શ્રીયમુનાજી યમના ભગિની છે. યમ પોતાની ભગિનીના ભક્તો પર કોપ કરવામાં અસમર્થ છે.

પ્રશ્નો : (૧) શ્રીયમુનાજીનું સ્વરૂપ અને સામર્થ્ય શું છે? (૨) શ્રીયમુનાજીના સેવનથી કયા ફલોની પ્રાપ્તિ થાય છે?

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્ગારો

૯૦. શ્રીગુસાંઈજીની શ્રીમહાપ્રભુજી પાસે યાચના

શ્રીગુસાંઈજીએ શ્રીમહાપ્રભુજીને વિનતિ કરી કે, હું આપને દંડવત કરવા યોગ્ય નથી; પણ આપ જ્યાં ચરણકમળ ધરો છો, તે ચરણ તળેની રજને હું વંદન તથા દંડવત કરું છું.

હું યોગ્ય નથી, પણ તમોએ તમારા કુળનો હાથ શ્રીનાથજીના હાથમાં આપ્યો છે, ને તમોએ સમર્પણ કરાવ્યું છે, તેથી અમને શ્રીનાથજી મૂકશે નહીં. તમારા કુળને નહીં મૂકે તો તમારો પુત્ર છું. અસ્મત્કુલ નિષ્કલંક છે, એવું આપનું વચન છે, તે આશાએ જીવીએ છીએ.

શ્રીનાથજીને પોઢયાં પોઢયાં આંસુ આવ્યા, ત્યારે શ્રીઆચાર્યએ પૂછયું મહારાજ ! આપને શું દુઃખ છે?

ત્યારે શ્રીજીએ કહ્યું કે આ ભૂતળમાં મારી દૈવી સૃષ્ટિ પડી છે, તેણે કરીને દુઃખ થાય છે.

ત્યારે શ્રીમહાપ્રભુજી એ કહ્યું કે આ દૈવી સૃષ્ટિને આપની પાસે લાવીશું. જેમ કોઈ રાજા મોટો હોય ને તેનો છોકરો ભૂલો પડયો હોય તો મોટા મોટા પટાવત ખોળવા નીકળે. આ લૌકિક દષ્ટાંત છે, તેમ શ્રીવલ્લભકુલ દૈવીસૃષ્ટિ છોકરાને ખોળતા ફરે છે, જ્યાં હોય ત્યાંથી ખોળી કાઢી પ્રભુને સોંપે છે, ત્યારે શ્રીનાથજી પ્રસન્ન થાય છે. જેમ લૌકિક રાજાનો છોકરો શોધી કાઢી રાજાને સોંપતા પ્રસન્ન થાય તેમ શ્રીઠાકોરજી વલ્લભી સૃષ્ટિને દેખી પ્રસન્ન થાય છે.

વળી શ્રીગુસાંઈજી કહે છે કે, મને તમારા બેનો નિજદાસ કરો. તમે યુગલ જ્યાં બેઠા છો, પોઢયા હો, ગમે તે લીલા કરતા હો, પણ મને દેખીને પ્રસન્ન રહો. વળી મારાથી એકે વાતની તમે લજ્જા પામે નહીં, મારા વિના એકે લીલા થાય નહીં. તમારા બેઉની વચ્ચેનો વચ્ચે રહું. જ્યારે તમે બંને અળગા થાઓ, ત્યારે તમને બેને એક કરું. એવી સેવા મુજને આપો. એકે વાત મારાથી છાની જોઈએ નહીં, માટે મને નિજદાસ કરો. એ હું તમારી પાસે માંગુ છું. નિજ એટલે એ બે જણ ને વચમાં હું ત્રીજો ઉભો રહું એ માંગુ છું. ૯૦

શ્રી યમુનાજીના પદ

રચયિતા–મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ–લેખક 'માધુરી', રાજકોટ

પદ–૮૪

શ્રીયમુને ભદ્ર આકર જાનિ;
ધ્યાઈયે મન કર્મ વચ, શ્રીકૃષ્ણ જાયા માનિ. ૧
પરમમંજુ ઉદાર અદ્ભુત, મૃદુલ કરુણા રીતિ;
દૈવીજન ઉદ્ધારિવે નિત દ્રવી, કરિ અતિ પ્રીતિ. ૨
આદિ બ્રજ બિધના અનૂપમ, સહજ સરલ સુભાઈ;
ગોપિકા તનુ સૃજત જનહિત, શ્યામ પદ રજ પાઈ. ૩
હોત તે લીલાધિકારી લેત માધવ શરન;
પુષ્ટિ રસ કલ મોક્ષિ પ્રદ, સંકેત મિલિ ગિરિધરન. ૪

નીલધાર ગુપાલ તનુ ઈવ, મનહુ ભક્તિ સુબેલિ;
કૃષ્ણ તરુણ તમાલ અરુઝી, કરત પિય સંગ કેલિ. ૫
વેદ ભેદ ન લહૈ જાકૌ, તનક દરસ પ્રતાપ;
પાન મજ્જન કૃપાબલ, કલ મિટત રવિસુત દાપ. ૬
કામ ગૌ સુત સહજ સમ, ઈક બાલુકા રસપુંજ;
દાસ 'વલ્લભ' શરણ દઢ ગહુ, બસહુ ભક્તિ નિકુંજ. ૭

ભાવાર્થ: શ્રીયમુનાજી આપ ગોલોકથી વ્રજમાં પધાર્યા ત્યારેજ આપના રૂપ, ગુણ, સ્વરૂપ, સ્વભાવ બધું પ્રગટ દેખાયું.

કવિશ્રી કહે છે કે હું આપના તટ પર આવ્યો તેથી જ આપનો અલૌકિક વૈભવ વિગેરે મને જાણવા મળ્યું (ધાય કે જાય, જે શ્રીયમુના તીરે–તે મુજબ) આપના સુંદર શ્યામવર્ણા નીર, આપનું ઐશ્વર્ય, ઉદારતા વિગેરે અદ્‌ભુત જ છે. આપ મન, કર્મ, વચનથી શ્રીકૃષ્ણની પ્રિયા છો. આપનું મૃદુલ હાસ્ય અને કરુણા કરવાનું એતો આપની રીત જ છે. દૈવી જીવનો ઉદ્ધાર કરવા નિત્ય પ્રિતીવાળા જળ પ્રવાહરૂપે વહન કરીને જીવો પ્રત્યે દયા રાખી વ્રજમાં વસ્યા છો.

આપનું વ્રજમાં પધારવું ને વ્રજમંડળની આસપાસ વીંટળાઈ રહેવું તે લીલારૂપ અને ભક્તોને સહાયરૂપ છે. અનેક દૈવીજીવોને આપના સ્નાન–પાન, તેમજ આપના તટપર બિરાજમાન રેતી દરેક વસ્તુ પ્રભુપ્રાપ્તિમાં સહાયક છે. જે તટપર નંદનંદન યશોદોત્સંગલાલિતે ચરણારવિંદ ધરી કણ–કણને અલૌકિક બનાવેલ છે તેથી જે આપની રેતીનું એક કણ અનંત વૈભવવાળું છે. શ્યામસુંદરની ચરણારવિંદની ભક્તિ આપવાનું સામર્થ્ય એક રેતીનાં કણમાં ભરેલું છે તેથી ભક્તોને માટે તો સહજમાં તે પ્રાપ્તિ કરાવે છે કેમકે તે કણમાં શ્યામસુંદરનાં ચરણોનું મેળવેલું સામર્થ્ય છે.

આ વૈભવના પાત્રોએ તે ફળ મેળવેલ છે. ગોપીજનોએ આપના જળ–સ્થળ બંને વૈભવો શ્રીઠાકોરજીની સાથે લીલા કરી આનંદ પ્રાપ્ત કરેલ છે. આ અણમોલ સિદ્ધિની પ્રાપ્તિ કોઈપણ જીવ આપના રજકણનો આશરો રાખી પ્રાપ્ત કરી શકે છે કે જે કણમાં ભક્ત અને ભગવાન એકરૂપ થઈ લીલાઓ કરી છે. આવો વૈભવનો ભંડાર આપની પાસે બીરાજમાન છે. દૈવી જીવ આપની કૃપાથી જ ભગવદ્ ચરણનો આશ્રય પ્રાપ્ત કરે છે. તેમજ જે કોઈપણ જીવ, જાતિ, આપના તટ પર રેણુકાની એક રજકણનો આશ્રય કરે તે જીવ લીલાનો અધિકાર બની જાય ને તેનાથી જ ભગવદ્ ચરણારવિંદની પ્રાપ્તિ મેળવી લ્યે છે.

વળી જળપ્રવાહની વહેતી ધારા તે મધુર સંગીત લીલામય ગીતોનું અનુસંધાન કરાવે છે. તેથી તે પુષ્ટિફલ (મોક્ષ) દેવાવાળું છે. સાચો મોક્ષ એને જ કહેવાય કે ગિરિરાજધરણના શરણે રહી સદાને માટે દાસધર્મથી પાસમાંજ રહે. જળપ્રવાહ મધુરા ગાનથી કહે છે કે તમે જરૂર ગોપાલનું શરણ પ્રાપ્ત કરશો.

પ્રભુના શ્રીઅંગનો વર્ણ તેવો જ આપનો વર્ણ હોઈ ભક્તિની વેલી જેવી સુંદરતા કૃષ્ણરૂપી તમાલ વૃક્ષને તે વેલી લપેટાઈને રહી છે અને પ્રભુની સંગમાં નિત્ય નવી કેલી કરતા વેદ પણ જેનો ભેદ જાણી શકે તેમ નથી. આપનું દર્શન, પાન, સ્નાન કરવાવાળા ઉપર આપની કૃપા થાય છે. તેથી આધિ વ્યાધિમાંથી મુક્ત બનાવી યમરાજનાં તાપથી દૂર કરો છો. એક એક વાલુકા રસનો ભંડાર હોઈ દાસ વલ્લભ કહે છે કે હું આપને શરણ છું એટલું જ નહીં, દ્રઢતાથી આપનું શરણ ગ્રહણ કરીને જ હું રહું અને આપના વૈભવમાં ભક્તિરૂપી નિકુંજ છે તેમાં જ વસીને રહું. ૮૪

દેવર્ષિ નારદ રચિત

ભક્તિસૂત્ર – પ્રેમદર્શન

ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ
હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદ્દાર. ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.

– ગતાંકથી ચાલુ

હવે આગલા સૂત્રની પ્રતિજ્ઞા અનુસાર કેટલાક મતોને ટાંકતા કહે છે–

પૂજાદિષ્વનુરાગઃ ઈતિ પારાશર્યઃ ॥૧૬॥

૧૬. પરાશરનંદન શ્રીવ્યાસજીના મત અનુસાર ભગવાનની પૂજા વિગેરેમાં અનુરાગ હોય એ ભક્તિ છે.

પોતાના તન, મન, ધનને ભગવાનની પૂજા–સામગ્રી સમજવી અને પરમ શ્રદ્ધાપૂર્વક યથાવિધિ ત્રણે દ્વારા ભગવાનની પ્રતિમાની અથવા વિશ્વરૂપ ભગવાનની પૂજા કરવી જોઈએ. ભગવત્ પૂજામાં મન લાગવાથી સંસારના બંધનકારક વિષયો તરફથી મન આપોઆપ હટી જાય છે. બાહ્ય અને માનસિક બંને રીતે ભગવાનની પૂજા થવી જોઈએ. ભગવત્‌ની પૂજાથી ભગવાનનું પરમ પદ પ્રાપ્ત થાય છે.

શ્રીવિષ્ણોરર્ચનં યે તુ પ્રકુર્વન્તિ નરા ભુવિ ।
તે યાન્તિ શાશ્વતં વિષ્ણોરાનન્દં પરમં પદમ્ ॥

(વિષ્ણુરહસ્ય)

આ પૃથ્વીમાં જે લોકો ભગવાનની પૂજા કરે છે તેઓ સનાતન આનંદમાં પરમપદને પ્રાપ્ત થાય છે. ૧૬

ભાષ્યાર્થ : વ્યાસદેવના મત મુજબ ભગવાનની પૂજા વગેરેમાં પ્રીતિ એટલે જ ભક્તિ છે. આ મતનું રહસ્ય આ છે. 'ભગવાન જ સકલ ઐશ્વર્યનો ભંડાર છે, સમસ્ત કલ્યાણગુણોથી પરિપૂર્ણ છે. સર્વતંત્ર સ્વતંત્ર છે. આ જગતમાં સર્વરૂપે તે સર્વજ્ઞ અને સર્વશક્તિમાન પરમાત્મા વિહાર કરી રહ્યા છે.

આવી વિવેકીના હૃદયમાં આસ્થા સ્ફુરે છે. આવા જગતના જન્મ વગેરેના કરનારા પરમાત્માની સમક્ષ હું કોણ? હું કશું જ નથી, એમ વિચારતાં પીગળી ગયેલા અહંભાવવાળો પુરૂષ સ્વાભાવિક રીતે જ નમ્ર થઈ પોતાના સ્વામીની પૂજા કરવાને માટે ઉત્સુક થાય છે. તેની સ્તુતિ કરવાને આરંભે છે તેના નામ–જાપમાં તત્પર થાય છે. ભૂતવત્સલ ભગવાન મારી આ કાયિક, વાચિક તથા માનસિક પૂજાથી આરાધિત થશે જ, પ્રસન્ન થયેલ પરમાત્મા અવશ્ય મને પોતાની નજીક ખેંચશે, મને દીનને સંસારસાગરની પ્રચંડ ઉર્મિઓના કોલાહલમાંથી મને જરૂર ઉદ્ધારશે–આવી શ્રદ્ધા તેના હૃદયમાં ઉગે છે. આવી ભાવના

સેવતા અને નિષ્કામભાવે ભગવાનને પૂજતા મનુષ્ય ઉપર ભગવાન પ્રસન્ન થાય છે. આથી હંમેશા પૂજા–સ્તુતિ અને નામ–પરાયણ પુરૂષ નિષ્કામભાવને લઈને પરમેશ્વરનો પ્યારો થાય છે. આથી પૂજા વગેરેમાં અનુરાગ એ ભક્તિનો પ્રકાર છે એ યોગ્ય છે. વ્યાસ ભગવાને કહ્યું છે–

એષ મે સર્વધર્માણાં ધર્મોઽધિકતરો મતઃ ।
યદ્ભક્ત્યા પુણ્ડરીકાક્ષં સ્તવૈરર્ચેન્નરઃ સદા ।।૧।।
યતઃ સર્વાણિ ભૂતાનિ ભવન્તિ આદિ યુગાગમે ।
યસ્મિંશ્ચ પ્રલયં યાન્તિ, પુનરેવ યુગક્ષયે ।।૨।।

અર્થ : 'જે ભગવાનમાંથી પ્રથમ યુગના આગમન કાળે સમસ્ત ભૂતો પ્રકટ થાય છે અને જેમાં વળી યુગના ક્ષયકાળે સૌ સમાઈ જાય છે તે કમલનયન પરમાત્માને હંમેશા સ્તોત્રો દ્વારા ભક્તિપૂર્વક માણસ પૂજે'

આ છે મારે મન સૌ ધર્મોથી અદકો ધર્મ. ૧૬

હવે શ્રીગર્ગાચાર્યજીનો મત બતાવતા કહે છે–

કથાદિષ્વિતિ ગર્ગઃ ।। ૧૭ ।।

૧૭. શ્રીગર્ગાચાર્યજીના મત પ્રમાણે ભગવાનની કથા વગેરેમાં અનુરાગ હોવો એ જ ભક્તિ છે.

શ્રીભગવાનની દિવ્ય લીલા, મહિમા, તેમના ગુણ અને નામોનું કીર્તન તથા શ્રવણમાં મન લગાવવું એ નિઃસંદેહ ભક્તિનું મુખ્ય લક્ષણ છે. સંસારમાં મોટાભાગનાં મનુષ્ય એવા છે જેન ભગવાન અને ભગવાનની કથાથી કોઈ મતલબ જ નથી. દિવસ રાત વિષય–ચર્ચામાં જ તેમનું જીવન વીતે છે. ન તો તેઓ ક્યારેય ભગવાનનું ગુણગાન કરે છે અને ન તેમને ભગવત્ ચર્ચા પસંદ છે. 'શ્રવન ન રામકથા અનુરાગી' આ પરિસ્થિતિમાં જે મનુષ્યોનું મન ભગવાનના ગુણાનુવાદ સાંભળવા અને કહેવામાં લાગેલું રહે છે તેઓ અવશ્ય ભક્ત જ છે. સૂત્રકાર આચાર્ય શ્રીનારદજીએ પોતે મહર્ષિ વેદવ્યાસને કહ્યું છે–

ઈદં હિ પુંસસ્તપસઃ શ્રુતસ્ય વા, સ્વિષ્ટસ્ય સૂક્તસ્ય ચ બુદ્ધિદત્તયોઃ ।
અવિચ્યુતોઽર્થઃ કવિભિર્નિરૂપિતો, યદુત્તમશ્લોકગુણાનુવર્ણનમ્ ।।

(શ્રીમદ્ ભા. ૧–૫–૨૨)

'વિદ્વાનોએ એ જ નિરૂપણ કર્યું છે કે ભગવાનના ગુણાનુવાદ કીર્તન જ તપ, વેદ અધ્યયન, સારી રીતે કરેલ યજ્ઞ, મંત્ર, જ્ઞાન અને દાન વિગેરે બધાનું ફળ અવિનાશી છે'

શ્રીરામચરિત માનસમાં કહે છે–

રામ કથા સુંદર કરતારી । કલિમલ બિહગ ઉડાવનિહારી ॥
ભવસાગર ચહ પાર જો જાવા । રામ કથા તા કહં દ્રઢ નાવા ॥

તેથીજ શ્રીહરિ કથામાં યથાર્થ અનુરાગ થવો ભક્તિ છે અને આ ભક્તિથી ભગવાનની પ્રાપ્તિ ચોક્કસ થાય જ છે. ૧૭

ભાષ્યાર્થ : શ્રીગર્ગાચાર્યજીના મત મુજબ ભગવાનના ચિત્રવિચિત્ર ચરિત્ર કથન વગેરેમાં અનુરાગ એજ ભક્તિ છે ! અહીં આટલું સમજવું. ભગવાન એ પરમપ્રીતિનું સ્થાન છે. આથી જ તેમના ચરિત્રના વર્ણનમાં, કીર્તનમાં અને શ્રવણમાં ભક્તની સ્વાભાવિક પ્રવૃત્તિ હોય છે. પોતાના પ્રીતિપાત્રના ચરિત્રકથનમાં તો કોને થાક લાગે? અને તેમાં યે ભગવાન તો આશ્ચર્યચર્યાથી પરિપૂર્ણ પ્રિય નટવર છે. આથી તેના ચરિત્ર કથાદિના વર્ણનમાં લીન થયેલ ભક્ત પોતાની જાતને વિસરી જાય છે અને ભગવાનને જ સતત સ્મરે છે. તેને સ્મરતાં તન્મય થઈ જાય છે અને તન્મયતા તો ભક્તિ છે! તેથી પરમ પુરૂષ પ્રસન્ન થાય છે. તેવા ભક્તના ઉપર પ્રભુ તરત અનુગ્રહ કરે છે.

ભગવાનનો અહીં બોલ છે કે—

મચ્ચિત્તાઃ મત્ગતપ્રાણાઃ બોધયન્તઃ પરસ્પરમ્ ।
કથયન્તશ્ચમાં નિત્યં તુષ્યન્તિ ચ રમન્તિ ચ ॥ ૧ ॥
તેષાં સતત યુક્તાનાં ભજતાં પ્રીતિપૂર્વકમ્ ।
દદામિ બુદ્ધિયોગં તં યેન મામુપયાન્તિ તે ॥ ૨ ॥
તેષામેવાનુકમ્પાર્થં અહં અજ્ઞાનજં તમઃ ।
નાશયામ્યાત્મભાવસ્થો જ્ઞાનદીપેન ભાસ્વતા ॥ ૩ ॥

(ગી. ૧૦/૯ થી ૧૧)

ભાવાર્થ : મારામાં ચિત્ત લગાવીને, મને (ઈશ્વરને) સુદ્ધાં સમર્પણ કરીને, પરસ્પરને બોધ કરતાં કરતાં તેઓ નિત્ય સંતુષ્ટ રહે છે અને આનંદિત થાય છે. ૯

આ પ્રકારે યોગને સતત આચરનારાઓને તથા પ્રેમપૂર્વક મારું ભજન કરનારાઓને હું એવો બુદ્ધિયોગ આપું છું કે જેથી તેઓ મારી પાસે (નિકટ) આવે છે. ૧૦

તેમના જ ઉપર દયા કરવા માટે હું તેમના આત્માના ભાવમાં રહેતા પ્રકાશમય જ્ઞાનદીપ વડે તેમના અજ્ઞાનજન્ય અંધકારનો નાશ કરું છું. ૧૧

આથી ભગવાનની કથા વગેરેમાં અનુરાગ પણ ભક્તિનો પ્રકાર છે. ૧૭

—ક્રમશઃ

આં.રા.પુ.વૈ.પરિષદ દ્વારા પૂજ્ય આચાર્યશ્રીઓની આજ્ઞાથી ગુજરાત ભૂકંપ પિડીતોની સહાય માટે વિવિધલક્ષીય યોજના



પ્રકૃતિના વિનાશકારી પ્રકોપથી પીડિતજનોની સહાયતા માટે એક વિવિધલક્ષી યોજના આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદનાં ઉપક્રમે વિચારાઈ તેને સાકારરૂપ આપવા માટે પુષ્ટિ સંપ્રદાયના પ્રધાન આચાર્ય અનંતશ્રી વિભૂષિત ગો.તિલકાયત ૧૦૮ શ્રીઈન્દ્રદમનજી મહારાજશ્રીની આજ્ઞા અને આશીર્વાદથી એવં પૂ.પા.ગો. ૧૦૮ શ્રીપ્રશાંકુમારજી (મુંબઈ)ની પ્રેરણાથી શુક્રવાર તા. ૯–૨–૨૦01 ના રોજ હાલાઈ ભાટિયા મહાજન વાડી મધ્યે એક વિરાટ સભાનું આયોજન થયું. સંપ્રદાયના સુપ્રસિદ્ધ કીર્તનકાર શ્રીજમનાપ્રસાદજી શર્માના મુધર કંઠે ભજનો અને અષ્ટાક્ષર ધૂન સાથે શુભારંભ કર્યું. વૈષ્ણવ પરિષદ મુંબઈના ઈતિહાસમાં પ્રથમ વાર જ ગો.વલ્લભવંશજો, પુષ્ટિમાર્ગીય સંસ્થાઓ અને વૈષ્ણવો એક જ મંચ પર ભેગા થયા. પરિષદના કાર્યકારી અધ્યક્ષ તેમજ મહારાષ્ટ્ર રાજ્ય સમિતિના પ્રમુખ શ્રીમુકુન્દભાઈ શાહે જણાવ્યું હતું કે આપણા ત્રીકાલદર્શી ધર્મ ધુરંધર ગો.બાલકોએ આજથી ૯૫ વર્ષ પહેલા ૧૯૦૬ માં પરિષદની સ્થાપના કરી હતી અને એના માધ્યમથી જ આજ સુધી વૈષ્ણવોને સંગઠીત કરાવી અનેક કાર્યો કરાવ્યા હતા. આ સંસ્થાની શાખાઓ (દેશ તથા વિદેશ) દ્વારા હરિ, ગુરૂ, વૈષ્ણવો અને ગૌવંશની સેવા નિરંતર ચાલુ જ રહી છે. પરિષદનું મુખ્ય ધ્યેય શ્રીમહાપ્રભુજી શ્રીવલ્લભાચાર્યજીના સિદ્ધાંતોનો પ્રચાર અને પ્રસાર કરવાનું તેવી વિગતો જણાવ્યું હતું.

તા.૨૬ મી જાન્યુઆરીના રોજ જ્યારે ભૂકંપે સર્વત્ર કાળો કેર વર્તાવ્યો ત્યારે તેજ વખતે પરિષદની ગુજરાત રાજ્ય સમિતિ સત્વરે રાહત કાર્યોમાં પ્રવૃત્ત થઈ હતી અને પીડિતો માટે ભોજન અને રહેઠાણ વ્યવસ્થા તુરત જ ઉભી કરી હતી અને સઘળી શાખાઓના કાર્યકરો પણ તેમાં જોડાયા છે. મંચ પરથી પૂજ્યપાદ ગો.શ્રીપ્રશાંતબાવાએ આ વિવિધલક્ષી યોજનાના મુખ્ય બિંદુઓ આ પ્રમાણે રજુ કર્યા હતા અને મંજુર થયા હતા.

૧) અસરગ્રસ્તો માટે રહેઠાણનું નવનિર્માણ સત્વરે તુરત જ થવું જોઈએ.

૨) અસરગ્રસ્ત વૈષ્ણવ હવેલીઓ, મંદિરો અને શ્રીમદ્વલ્લભાચાર્યજી, ગુસાંઈજી–ગોકુલનાથજીની બેઠકજીઓનું નવનિર્માણ તેમજ ત્યાંના વૈષ્ણવોને માથે બિરાજતા શ્રીઠાકોરજીની સેવા માટેની વ્યવસ્થા વાયુવેગે તુરત જ થવી જોઈએ.

૩) આ માટે સર્વ વલ્લભીય વૈષ્ણવ સંસ્થાઓએ એક સાથે મળી, સંગઠીત થઈ એક બેનર હેઠળ કાર્ય કરવું જોઈએ.

૪) અસરગ્રસ્ત મૂંગા પશુઓ, ખાસ કરીને ગાયો માટે સત્વરે ચારો અને ગૌશાળાની વ્યવસ્થા કરવી. આ કાર્યને ઝડપથી આગળ વધારવા માટે જે નિશ્ચય થયો છે તેને સંખ્યાબંધ નિશ્ચિત સહાયની બાંહેધરી આપી છે.

આ કાર્યને અનુમોદન આપવા પૂ.પા.ગો.શ્રીવિશાલબાવા (નાથદ્વારા), શુદ્ધાદ્વૈત પ્રથમ પીઠાધીશ્વર ગો.૧૦૮ શ્રીવિઠ્ઠલનાથજી (લાલમણિજી), પૂ.ગો.શ્રીમિલનબાવા, પૂ.ગો.શ્રીશ્યામસુંદરજી અને પૂ.ગો.શ્રીયશોદાનંદનજી (બોરીવલી), પૂ.ગો.શ્રીનીરજકુમારજી, પૂ.શ્રીનિકુંજલતા બેટીજી, તેમજ પૂ.ગો.શ્રીપુરૂષોત્તમલાલજી (કાંદિવલી), પૂ.ગો.શ્રીશિશિરકુમારજી એવં પૂ.ગો.શ્રીપ્રશાંતબાવા તેમજ પૂ.ગો.શ્રીમંદારબાવા ઉપસ્થિત રહ્યા હતા.

પૂ.ગો.૧૦૮ શ્રીવ્રજજીવનજી મહારાજ (કાંદીવલી), પૂ.ગો.૧૦૮ શ્રીવ્રજપ્રિયજી મહારાજ (બોરીવલી), પૂ.ગો.૧૦૮ શ્રીરઘુનાથલાલજી મહારાજ (વિલેપાર્લા), પૂ.ગો.૧૦૮ શ્રીકૃષ્ણકુમારજી મહારાજ (કાંદીવલી–કામવન), પૂ.ગો.૧૦૮ શ્રીયોગેશબાવા (કાંદીવલી), પૂ.ગો.૧૦૮ શ્રીમુરલી મનોહરજી મહારાજ (દહીંસર), પૂ.ગો.૧૦૮ શ્રીગોપીકાલંકારજી બાવા (દહીંસર), પૂ.ગો.૧૦૮ શ્રીઉત્તમશ્લોકજી મહારાજ (મુંબઈ), પૂ.ગો.૧૦૮ શ્રીનૃત્યગોપાલજી મહારાજ (મુંબઈ), શ્રીવલ્લભપીઠાધીશ્વર પૂ.ગો.૧૦૮ શ્રીરમેશકુમારજી (રેવતી રમણજી મહારાજશ્રી–મુલુન્ડ), પૂ.ગો.૧૦૮ શ્રીમુરલીધરજી મહારાજશ્રી (મિલનબાવા–ઘાટકોપર), સંજોગોવશાત્ હાજર ન રહી શક્યા હતા પણ આ સુંદર કાર્ય માટે આશીર્વાદ આપ્યા હતા. આ સભામાં પરિષદના ભૂતપૂર્વ પ્રમુખ પ.ભ.શ્રીમનુભાઈ દેવીદાસ અને પ.ભ.શ્રીવિઠ્ઠલદાસ કારાણી અને મહારાષ્ટ્ર રાજયના ભૂતપૂર્વ પ્રમુખ છોટાલાલ જીવરાજ મહેતા તથા હાલના માર્ગદર્શકો પ.ભ.મનહરભાઈ શ્રોફ અને પ.ભ.શ્રીશાંતીકુમાર કાપડીયા અને સંપ્રદાયના વિદ્વાન શાસ્ત્રીઓ શ્રીનિરંજનભાઈ શાસ્ત્રીજી, શ્રીપ્રદ્યુમન શાસ્ત્રીજી તેમજ શ્રીવિષ્ણુભાઈ પુષ્કર્ણએ ઉપસ્થિત રહી આશીર્વાદ આપ્યા હતા. પૂ.પા.ગો.શ્રીપ્રશાંતકુમારજીએ સભાનું સફળ સંચાલન કર્યું. તેમજ આ પ્રસંગે તિલકાયતશ્રી તેમજ ગો.ઈન્દિરાબેટીજી અને પરિષદ પ્રમુખ શ્રીઈન્દ્રકાંતભાઈના સંદેશાઓનું પઠન થયું.

" ઉદારતા – દૈન્યતા – દયાભાવ – વૈષ્ણવોમાં સ્વાભાવીક હોય છે "

ભૂકંપ પીડિતોની સહાય માટે આપનો ચેક આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ગુજરાત રીલીફ ફંડ ના નામે મોકલવા વિનંતી. (આપની સહાય ઈન્કમટેક્ષ ધારા ૮૦ જી અંતર્ગત ૧૦૦% કરમુક્ત છે.

સંપર્ક : (૧) શ્રીઈન્દ્રકાંતભાઈ પરીખ : નોબલ્સ 'એ' બિલ્ડીંગ, ત્રીજે માળે, નહેરૂબ્રીજ સામે, આશ્રમ રોડ, અમદાવાદ–૩. ફોન. (ઓ)૬૫૮૯૮૩૭/ ૫૬૨૩૧૫૧ (ઘર) ૫૬૨૬૪૫૭/૫૬૨૫૧૩૨. **(૨) શ્રી વી.પી.પરીખ :** ૧૫–સરદાર સોસાયટી, હાલોલ–૩૮૯૩૫૦ (૦૨૬૭૬–૨૧૩૫૨) **(૩) શ્રીમુકુન્દ આર. શાહ :** ધીરજ એપાર્ટમેન્ટ ચોથે માળે, ૧૧–પેડર રોડ, મુંબઈ–૪૦૦૦૨૬. ફોન (ઓ)૦૨૨– ૨૦૫૨૭૪૫/ ૨૦૫૪૯૩૦ (ઘર) ૪૯૪૩૦૫૮/ ૪૯૪૧૮૪૬. **(૪)શ્રી પ્રદીપ જી. ગાંધી :** ૯૧૨ /૯૧૩ તુલસીયાની ચેમ્બર્સ, ૨૧૨, નરીમાન પોઈન્ટ, મુંબઈ–૪૦૦૦૨૧. ફોન. (ઓ) ૨૮૨૪૦૩૮/ ૨૮૨૪૦૦૬ (ઘર) ૩૬૩૩૩૬૧/ ૩૬૭૪૫૩૬ **(૫) શ્રીબટુકભાઈ શાહ :** ૩૨૩– મંગલદા માર્કેટ, ચોથી ગલી, મુંબઈ–૪૦૦૦૦૨. ફોન (ઓ) ૦૨૨–૨૦૫૧૨૩૪ (ઘર) ૮૬૪૧૬૫૫ **(૬) શ્રીનિર્મલભાઈ હં. દ્વારકાદાસ :** ૨૧–બ, રાજહંસ, આઠમે માળે, ૬–ડુંગરશી રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૬. ફોન (ઓ) ૪૯૪૨૪૯૬/ ૪૬૦૫૪૪૯ (ઘર) ૩૬૪૧૦૮૩/ ૩૬૨૦૯૫૪. **(૭) શ્રીવલ્લભભાઈ રાયચુરા:** રાયચુરા એન્ડ કંપની, શારદા ચેમ્બર્સ, વિઠ્ઠલદાસ ઠાકરશી માર્ગ, ન્યુમરીન લાઈન્સ, ઈન્કમટેક્ષ ઓફીસ પાછળ, મુંબઈ–૪૦૦૦૨૦. ફોન (ઓ) ૦૨૨–૨૦૦૩૬૫૯/ ૨૦૦૫૯૩૦ (ઘર) ૫૫૬૨૨૦૮. **(૮) શ્રીછોટાલાલ જી. મહેતા :** અર્ચના લાભનિવાસ, બ્લોક નં.૧૩–૧૪, રાજાવાડી સામે, ઘાટકોપર, મુંબઈ–૪૦૦૦૨૧. ફોન (ઓ) ૨૦૬૯૫૮૪/ ૫૧૬૧૭૧૩.

આ માસના ઉત્સવ

ફાગણ સુદ ૧૨ તા. ૭–૩–૨૦૦1 બુધવાર : ગો.શ્રીમુરલીમનોહરજી મહારાજ (મુંબઈ)નો જન્મદિન. તેરસનો ક્ષય હોવાથી આજે.

ફાગણ સુદ ૧૫ તા. ૯–૩–૨૦૦1 શુક્રવાર : હોલીકા ઉત્સવ. હોલીકા પ્રદીપન સાંજે. ગો.ચિ. શ્રીગોકુલનાથજી (મુંબઈ)નો જન્મદિન.

ફાગણ વદ ૧ તા. ૧૦–૩–૨૦૦1 શનિવાર : ધૂળેટી, ધૂલીવંદન, ડોલોત્સવ.

ફાગણ વદ ૨ તા. ૧૧–૩–૨૦૦1 રવિવાર : દ્વિતીયા પાટોત્સવ.

ફાગણ વદ ૫ તા. ૧૪–૩–૨૦૦1 બુધવાર : રંગપંચમી. શ્રીરણછોડરાયજી (ડાકોર)નો ષોડશોપચાર.

ફાગણ વદ ૯ તા. ૧૮–૩–૨૦૦1 રવિવાર : ગો.ચિ.શ્રીવત્સલરાયજી (મુંબઈ)નો જન્મદિન.

ફાગણ વદ ૧૧ તા. ૨૦–૩–૨૦૦1 મંગળવાર : પાપ મોચિની એકાદશી વ્રત. ગો.શ્રીભરતકુમારજી (પુના–મદ્રાસ)નો જન્મદિન.

ફાગણ વદ ૧૩ તા. ૨૨–૩–૨૦૦1 ગુરૂવાર : ગો.ચિ.શ્રીરઘુનાથજી બાવાશ્રી (કામવન)નો તથા ગો.ચિ. શ્રીગોકુલનાથજી બાવાશ્રી (માંડવી–રાજકોટ)નો જન્મદિન.

ફાગણ વદ ૧૪ તા. ૨૩–૩–૨૦૦1 શુક્રવાર : ગો.શ્રીવ્રજરત્નલાલજી મહારાજ (ચાંપાસેની–નડીયાદ)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧ તા. ૨૬–૩–૨૦૦1 સોમવાર : સંવત્સરોત્સવ. ગુડી પડવો શાકે ૧૯૨૩. ચૈત્રી નવરાત્રી પ્રારંભ. વ્રજ વિક્રમ સંવત ૨૦૫૮ આરંભ. કલ્પાદિ. શ્રીપ્રભુને આજે રાજભોગમાં કડવા લીમડાની કૂંપળો તથા મિશ્રીના ટૂકનો ભોગ ધરવો. પંચાંગ વાંચન રાજભોગમાં.

ચૈત્ર સુદ ૩ તા. ૨૮–૩–૨૦૦1 બુધવાર : ગણગૌરી ત્રીજ, મત્સ્ય જયંતિ.

ચૈત્ર સુદ ૪ તા. ૨૯–૩–૨૦૦1 ગુરૂવાર : શ્રીનટવરપ્રભુ (અમદાવાદ)નો પાટોત્સવ. ગો.શ્રીઅજયકુમારજી મહારાજશ્રી (પુના–મદ્રાસ)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૫ તા. ૩૦–૩–૨૦૦1 શુક્રવાર : શ્રીયમુનાજીનો તથા શ્રીગુસાંઈજીના છઠ્ઠા લાલજી શ્રીયદુનાથજી (વિ.સં.૧૬૧૫) નો ઉત્સવ અને શ્રીયદુનાથજી (કડી–અમદાવાદ)નો જન્મદિન. (છઠ્ઠનો ક્ષય હોવાથી આજે)

ચૈત્ર સુદ ૯ તા. ૨–૪–૨૦૦1 સોમવાર : ચૈત્રી નવરાત્રી સમાપ્તિ. શ્રીરામનવમી વ્રત. ગો.શ્રીયદુનાથજી મહારાજ (મથુરા) ગો.શ્રીઅનિરુદ્ધબાવાશ્રી (કોટા–મુંબઈ–જતિપુરા) તથા ગો.શ્રીમહેન્દ્રકુમારજી મહારાજ (મુંબઈ–વિલેપાર્લે)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૦ તા. ૩–૪–૨૦૦1 મંગળવાર : ગો.શ્રીગોપાલલાલજી મહારાજશ્રી (કોટા)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૧ તા. ૪–૪–૨૦૦1 બુધવાર : કામદા એકાદશી વ્રત. શ્રીમહાપ્રભુજીના ઉત્સવની વધાઈનો પ્રારંભ. ગો.શ્રીમથુરેશ્વરજી મહારાજશ્રી (સુરત–વડોદરા)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૨ તા. ૫–૪–૨૦૦1 ગુરૂવાર : ગો.શ્રીશરદલાલજી (ચાંપાસેની)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૪ તા. ૭–૪–૨૦૦1 શનિવાર : ગો.શ્રીપુરૂષોત્તમ બાવાશ્રી (મુંબઈ)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૫ તા. ૮–૪–૨૦૦1 રવિવાર : ચૈત્રી પૂનમ. વૈશાખ સ્નાનારંભ. ગો.શ્રીરઘુનાથલાલજી મહારાજશ્રી (કામવન–ગોકુલ–પાર્લા)નો જન્મદિન.

પુસ્તક પરિચય

☐ **૧. શ્રીમદ્ ભાગવત સાર :** લેખક–પ.ભ. શ્રીજેઠાલાલ છોટાલાલ શાહ 'ઉર્મિલ' પ્રકાશક–અરવિંદાબેન અશોકકુમાર શાહ શ્રુતિ પ્રકાશન, ૧૨–બી, મહર્ષિ એપાર્ટમેન્ટ, રૂપાપરા, આણંદ....

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૪૫૬ + ૧૫=૪૭૧. ઓફસેટ પ્રિન્ટીંગ, સેક્સન સિલાઈ, પાકું બાઈન્ડીંગ, ટાઈટલ ઉપર શ્રીમહાપ્રભુજીનું દર્શનીય ચિત્રજી કિંમત રૂ.૨૦૦/–

પુષ્ટિ સૃષ્ટિની છ દાયકાથી સાહિત્ય સેવા કરનાર પુષ્ટિ સાહિત્યના સિદ્ધહસ્ત લેખક દ્વારા પ્રસ્તુત આ એક અમૂલ્ય નજરાણું છે. શ્રીમદ્ ભાગવત તો વસ્તુતઃ ભગવાન શ્રીકૃષ્ણનું વાઙ્મય સ્વરૂપ છે. ગ્રંથના દ્વાદશ સ્કંધ ભગવાન શ્રીકૃષ્ણના દ્વાદશાંગ રૂપ છે. આ એક અપૂર્વ અને અદ્વિતીય ગ્રંથ છે.

શ્રીવલ્લભાચાર્યજીએ એને ચતુર્થ પ્રમાણ તરીકે સ્વીકારેલ છે. એની ઉપર અનેક ટીકાઓ છે, પરંતુ એ સર્વમાં શ્રીમદ્વલ્લભાચાર્યજીની સુબોધિની ટીકાથી જ આ મહાન ગ્રંથનો ગૂઢાર્થ સ્પષ્ટ રીતે સમજી શકાય છે. પ્રસિદ્ધ પ્રસ્થાનત્રયી વેદો, ઉપનીષદો ગીતા અને બ્રહ્મસૂત્રોના સિદ્ધાન્તોનો યથાર્થ સમન્વય શ્રીમદ્ ભાગવતમાં જ સધાયો છે.

શ્રીમદ્ ભાગવતમાં ભગવાન શ્રીકૃષ્ણનું નામાત્મક સ્વરૂપ છે. આ ગ્રંથરત્નમાં જીવનોપયોગી માર્ગદર્શન છે. વૈજ્ઞાનિક શોધો છે. ઈતિહાસ ભૂગોળના વર્ણનો છે. પરંતુ એ સર્વ કેવળ ભગવાનના મહિમાના પ્રદર્શન રૂપ છે. એમાંનું તત્ત્વજ્ઞાન વિદ્વત ભોગ્ય છે ને સાથે સરળ અને રસમય પણ છે.

આ સર્વ વસ્તુ સ્થિતિને નજર સમક્ષ રાખી તેનો યથોચ્ય સમાવેશ પ્રસ્તુત ગ્રંથમાં ટૂંકમાં રસક્ષતિ વગર સફળ રીતે કરવામાં આવે લ છે. ગાગરમાં સાગર સમાવવામાં લેખકશ્રી સંપૂર્ણ સફળ થયા છે અને અભિનંદનના અધિકારી છે. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો તેમજ ભાગવતપ્રેમી, ધર્મપ્રેમી ઈતર સંપ્રદાયોના અનુયાયીઓ માટે પણ આ ગ્રંથ અમૂલ્ય બની રહેશે.

☐ **૨. લગ્નબ્યુરો પુસ્તિકા– સમૂહ લગ્ન આયોજન :** લગ્નોત્સુક યુવક–યુવતિઓ માટેનો મેળાવડો પોષ વદ ૧૨ ને રવિવાર તા. ૨૧–૧–૨૦૦૧ ના રોજ શ્રીગુંસાઈજી–ગોકુલનાથજી બેઠક અસારવા અમદાવાદ ખાતે રાખવામાં આવેલ હતો. તેમજ સમૂહ લગ્નનું પણ આયોજન કરવામાં આવેલ હતું. સમૂહલગ્નમાં ૪ યુગલો જોડાયા હતા. તેમજ મેળાવડામાં ૬૫૯ યુવકો અને ૪૮૩ યુવતિઓ કુલ મળેલ ૧૧૪૨ યુવક યુવતિઓ જોડાયા હતા. તેમાંથી ૪૦ યુવક યુવતિઓના સંબંધ નક્કી થઈ ગયા છે.

વૈષ્ણવાચાર્ય પૂ.પ્રા.ગો.શ્રીવ્રજનાથજી મહારાજશ્રી (રાજનગર–અમદાવાદ)ના વરદ્ હસ્તે પુસ્તિકા (ડિરેક્ટરી)નું વિમોચન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે વૈષ્ણવાચાર્ય પૂ.પા.ગો.શ્રીમધુસુદનલાલજી મહોદયશ્રી (તિલકબાવાશ્રી), ગો.શ્રીવ્રજાભરણજી મહોદયશ્રી (રાજનગર–અમદાવાદ), ગો.શ્રીરઘુનાથજી મથુરેશ્વરજી મહોદયશ્રી, ગો.શ્રીકનૈયાલાલજી ચંદ્રગોપાલજી મહોદયશ્રી (વિરમગામ–કામવન–અમદાવાદ), ગો.શ્રીદ્વારકેશલાલજી મહોદયશ્રી (અમરેલી–સુરત–મુંબઈ–અમદાવાદ) તેમજ અન્ય વિદ્વાન શાસ્ત્રીજીઓ ઉપસ્થિત રહીને આશીર્વાદ આપ્યા હતા.

આ વર્ષે ૪ (ચાર) સમૂહલગ્નનું આયોજન કરવામાં આવેલ છે. કોઈપણ વૈષ્ણવ યુવક યુવતિને સમૂહ

લગ્નમાં જોડાવવું હોય તો સંસ્થાનો સંપર્ક સાધી શકે છે. આ પુસ્તિકા ઉપર અવલંબન રાખીને યુવક યુવતિઓના સંબંધ થાય અને આવા બીજા પ્રયત્નોથી કોઈપણ વૈષ્ણવ યુવક યુવતિઓ સમૂહ લગ્નના આયોજનમાં સામેલ થઈ શકશે.

લગ્નબ્યુરોની પુસ્તિકામાં કુલ ફોર્મ મળીને ૧૧૪૨ (યુવકો ૬૫૯ તેમજ યુવતિઓ ૪૮૩)નો સમાવેશ થયો છે. આ પુસ્તિકાની ન્યોછાવર રૂ.૧૦૦/– એકસો રાખવામાં આવી છે.

☐ પ્રાપ્તિસ્થાન ☐

શ્રીવલ્લભ વિઠ્ઠલ સંસ્થા "શ્રીવલ્લભકૃપા" ૪–વિવેક એપાર્ટમેન્ટ, નવરંગપુરા ટેલીફોન એક્ષચેન્જની પાછળ,
એલીસબ્રીજ, અમદાવાદ– ૩૮૦૦૦૬. ફોન (૦૭૯) ૬૪૦૯૪૫૯

સમાચાર

☐ **અમદાવાદ પાઠશાળા :** શ્રીપુષ્ટિ સેવા ટ્રસ્ટ દ્વારા નિર્માણ પામતા 'વૃજધામ'ના લાભાર્થે પૂ.ગો.શ્રીવૃજેશકુમારજી (કડી–અમદાવાદ)ની અધ્યક્ષતામાં તા. ૬–૧–૨૦૦૧ના રોજ ભક્તિ સંગીતનો કાર્યક્રમ યોજવામાં આવેલ અને આપશ્રી તરફથી પ્રકાશીત કરવામાં આવેલ. 'શિક્ષાપત્ર'નું વિમોચન કરવામાં આવેલ. તા. ૭–૧–૨૦૦૧ના રોજ આપશ્રીના શુભહસ્તે પૂ.પા.ગો.શ્રીયદુનાથજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં વૈષ્ણવી બાળકો માટે પાઠશાળા શરૂ કરવામાં આવેલ છે.

લગ્નપ્રસ્તાવ : પૂ.પા.ગો.શ્રીરાજેશકુમારજી મહારાજશ્રી (કડી–અમદાવાદ)ના લાલ ગો.ચિ.શ્રીકૃષ્ણકુમારજી અને ગો.ચિ.શ્રીકુંજેશકુમારજી બંને લાલના લગ્નપ્રસ્તાવ તા. ૧૦–૧૨–૨૦૦૦ના રોજ મણીનગર, અમદાવાદ ખાતે સંપન્ન થયા. શોભાયાત્રા (વરઘોડા)માં તિલકાયત શ્રી પૂ.પા.ગો.શ્રીઈન્દ્રદમનજી (નાથદ્વારા–મુંબઈ) તેમજ સાતેય ગાદીના તિલકાયતશ્રીઓ તથા ભારતવર્ષમાં બિરાજતા પૂ.બાવાશ્રીઓ, મહારાજશ્રીઓ અને દેશ–વિદેશના વૈષ્ણવો પણ જે આવેલ તે જોડાયા હતા. લગ્નસ્થળ ગોકુલધામ બની ગયું હતું. પ્રસ્તાવ દરમ્યાન સંપ્રદાયની મેંડ–મર્યાદાની કાળજી લેવામાં આવેલ હતી. વૈષ્ણવો મુકામની વ્યવસ્થા તેમજ વહીવટી કાર્યક્ષમતા જોઈને–અનુભવીને અહોભાવની લાગણી વ્યક્ત કરતા હતા. આ લગ્નપ્રસ્તાવમાં ગુજરાતના રાજ્યપાલ તથા અમદાવાદના સાંસદ અને મંત્રીશ્રી, કોર્પોરેટર અને સામાજીક કાર્યકરો પણ ઉપસ્થીત થયા હતા.

☐ **જીવનસાથી પરિચય મેળો :** આં.રા.પુ.વૈ.પરિષદ (મહિલા શાખા) મણીનગર દ્વારા તા. ૧૭–૧૨–૨૦૦૦ના રોજ પાંચમો જીવનસાથી પરિચય મેળો યોજવામાં આવેલ તેમાં ૫૦૦ (પાંચસો) યુવક–યુવતીઓએ ઉમળકા સાથે ભાગ લીધેલ હતો. વિશેષ માહિતી માટે સંપર્ક કરવો.

પ્રફુલાબેન શાહ ૨–સંગેમરમર કોમ્પલેક્ષ, એક્સાઈઝ ચોકી, આંબાવાડી, અમદાવાદ – ૩૮૦૦૧૫

૨. ઉદયપુર : આં.રા.પુ.વૈ.પરિષદની કેન્દ્રીય સમિતિની બે દિવસીય બેઠક તા. ૬–૧–૨૦૦૧ ના રોજ ઉદયપુર ખાતે મળેલ. કેન્દ્ર અને ગુજરાતના પ્રમુખશ્રી ઈન્દ્રકાન્તભાઈ પરીખ, મહામંત્રીશ્રી વી. પી. પરીખ, સંગઠન મંત્રીશ્રી સી. પી. તલાટી, મંત્રીશ્રી ગોપાલભાઈ શાહ, ડૉ.ગજાનન શર્મા, કાર્યકારી અધ્યક્ષ શ્રીમુકુન્દભાઈ શાહ તેમજ મુંબઈના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં શ્રીનાથ ભોજનાલય, ગૌશાળા–જતિપુરા, ઋષિકુળ, જાંબવા પ્રોજેક્ટ, વલ્લભચિંતન પત્રિકા, પૂ.પ્રથમેશ સ્મૃતિગ્રંથ અને પરિષદના ઈતિહાસ વિશે વિષદ ચર્ચા બાદ મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. જતીપુરા ગૌસેવામાં રૂ.૩૩૩૩૩ નો ચેક અને જાંબવા પ્રોજેક્ટનો રૂ.૨૨૫૦ નો ચેક જે વૈષ્ણવો તરફથી મળેલ તે પ્રમુખશ્રીને અર્પણ કરવામાં આવેલ. યજમાન શાખાના ધરણીધર શાસ્ત્રી, નવનીતભાઈ પરીખ અને કાર્યકરોનું યોગદાન ઉલ્લેખનીય બની રહ્યું.

૩. વડોદરા : પંચમ યુવક અધિવેશન : શ્રીવલ્લભ વિશ્વવિહાર એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત તેમજ આં.રા.પુ.વૈ.પરિષદ પ્રોત્સાહિત વૈષ્ણવ યુવા સંગઠનનું પાંચમું અધિવેશન તા. ૨૫–૧૨–૨૦૦૦ ના રોજ વડોદરા મુકામે સંપન્ન થયું. પૂ.પા.ગો.શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રીએ પુષ્ટિ જ્યોત પ્રગટાવી અને પુષ્ટિ ધ્વજ લહેરાવી યુવા ચેતના રેલીને પ્રસ્થાન કરાવ્યું. શ્રીગોવર્ધનનાથજીની હવેલીથી પ્રસ્થાન થતા આ રેલીમાં હજારો યુવા ભાઈઓ તથા બહેનો જોડાયા હતા તેમજ પુષ્ટિરથમાં પૂ.પા.ગો.શ્રીયોગેશકુમારજી મહોદય, પૂ.પા.ગો.શ્રીવાગીશકુમારજી મહારાજ તથા પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રી બીરાજ્યા હતા. તેમના દર્શન માટે તેમજ રેલીનું સ્વાગત કરવા માટે રાજમાર્ગ ઉપર હજારો ભક્તો ઉત્સાહથી ઉમટયા હતા. અને પુષ્પ વૃષ્ટિ કરતા હતા. રેલી પ્રતાપનગર દાલીયાવાડી ખાતે અધિવેશનમાં રૂપમાં ફેરવાઈ પૂ.પા.ગો.શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રીએ દીપ પ્રગટાવી અધિવેશનનો પ્રારંભ કરેલ. અધિવેશનના પ્રેરક પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજીએ આર્શીવચન પ્રદાન કરતા જણાવ્યું કે આ સંગઠન દ્વારા સત્સંગ અને સદ્‌કર્મ દ્વારા શ્રીઠાકોરજી સન્મુખ કરવાનો આ એક નમ્ર પ્રયાસ છે. પૂ.પા.ગો.શ્રીવાગીશકુમારજીએ વચનામૃતમાં જણાવ્યું કે પ્રભુનું નામ સ્મરણ જ પ્રભુ પ્રાપ્તિ માટેનો એક ઉત્તમ માર્ગ છે. પૂ.પા.ગો.શ્રીમથુરેશ્વરજીએ જણાવ્યું કે યુવાવર્ગ એ સમાજની ધરી છે. અધિવેશનમાં પૂ.ઈન્દીરાબેટીજીનું અભિવાદન કરવામાં આવેલ. આ અધિવેશનમાં પ્રતિષ્ઠિત મહાનુભાવો, દેશ–પરદેશથી પધારેલા વૈષ્ણવો ઉપસ્થિત રહ્યા હતા. સઘળી પ્રસંશનીય કામગીરી વાડી, નિઝામપુરા, ઈન્દ્રપુરી વિગેરે વૈષ્ણવ યુવા સંગઠને કરી હતી.

૪. મુંબઈ : વેબસાઈટ : પૂ.પા.ગો.શ્રીઅનિરૂદ્ધલાલજી મહારાજશ્રીના આર્શીવાદ તથા પૂ.પા.ગો.શ્રીપ્રશાંતકુમારજી (મોટામંદિર–મુંબઈ)ની પ્રેરણાથી 'ગીત સંગીત સાગર ટ્રસ્ટ' મુંબઈના ઉપક્રમે વેબસાઈટ WWW.VALLABHDIGVIJAYA.COM નો પ્રારંભ થઈ ચૂક્યો છે. આ વેબસાઈટ અંતર્ગત શ્રીગિરિરાજની નવકોશી પરિક્રમામાં આવતા સ્થળોના વર્ણન (સચિત્ર) તથા શ્રીઠાકોરજીને લાડ લડાવી શકાય તેવી વિવિધ સામગ્રીઓનો (સવિધિ) સમાવેશ કરવામાં આવેલ છે.

વિશેષ જાણકારી માટે સંપર્ક : શ્રીબિપીનચંદ્ર શાહ, ગીત સંગીત સાગર ટ્રસ્ટ 'ગોવિંદ ભુવન', કુસુમપ્રભા સભાગૃહ, ભુલેશ્વર, મુંબઈ–૪૦૦૦૦૨. ટેલીફોન : ૨૪૨૧૪૫૬ ફેક્સ : ૨૪૨૧૪૯૨

૫. પોરબંદર : પુષ્ટિમાર્ગીય પ્રચાર અભિયાન : પૂ.પા.ગો.શ્રીવસંતકુમારજી મહોદય (મથુરા–પોરબંદર) દ્વારા ડીસેમ્બર–૨૦૦૦ દરમ્યાન પોરબંદર તેમજ તેની આસપાસના વિસ્તારોમાં પુષ્ટિ પ્રસાર અર્થે સાંસ્કૃતિક કાર્યક્રમો, કિર્તન–રાસ વિગેરેનું આયોજન કરવામાં આવેલ અને આપશ્રીએ વચનામૃતોમાં સત્સંગ અને સંગઠન ઉપર મનનીય પ્રવચનો કર્યા હતા. તેમજ શ્રીગુસાંઈજીના ૪૮૬ માં મંગલ પ્રાગટયોત્સવની ઉજવણી સમયે ભગવદ્ નામ પ્રચારાર્થે વિના મુલ્યે પુસ્તિકા સ્ટીકર્સ વિગેરેનું વૈષ્ણવોને વિતરણ કરવામાં આવેલ.

૬. રાજકોટ–બાબરા વધાઈ– વૃજ પરિક્રમા : શ્રીમદ્ વલ્લભાચાર્ય વંશાવતંસ પૂ.પા.ગો.શ્રીપુરૂષોત્તમજી મહારાજશ્રીના લાલજી પૂ.પા.ગો.શ્રીત્રિવિક્રમાચાર્યજી મહારાજશ્રીના આત્મજ પૂ.પા.ગો.શ્રીત્રિલોકીભૂષણજી મહારાજશ્રીએ સં. ૨૦૫૭ દાન એકાદશીના દિવસે વૃજ પરિક્રમા (લીલી પરિક્રમા) કરવાનો નિશ્ચય કરેલ છે. આ વૃજયાત્રામાં શ્રીગુસાંઈજીના સેવ્ય નિધિ સ્વરૂપ શ્રીમદનમોહનજી એવં શ્રીગોવર્ધનનાથજી (કલકત્તા) એવં શ્રીબાલકૃષ્ણપ્રભુ (બાબરા) સંપૂર્ણ વૃજયાત્રામાં પધારશે અને શ્રીના વિવિધ મનોરથોનું આયોજન કરેલ છે. **વિશેષ માહિતી માટે સંપર્ક :**

(૧) પૂ.પા.ગો.શ્રીત્રિલોકીભૂષણજી મહારાજશ્રી "શ્રીકુંજ" ૫૯–નૂતનનગર સોસાયટી, શેરી નં.૫ કાલાવાડ રોડ, રાજકોટ. દૂરભાષ : (૦૨૮૧) ૪૪૮૩૮૨

(૨) શ્રીબાલકૃષ્ણલાલજીની હવેલી હવેલી શેરી, બાબરા (જી.અમરેલી) દૂરભાષ : (૦૨૭૯૧) ૨૩૫૪૭

ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિ કાર્યરત

દિનાંક ૨૬–૧–૨૦01 ના દિને આવેલ ભૂકંપને કારણે ગુજરાત વિશેષ અસરગ્રસ્ત રહ્યું. જેને કારણે આપણા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો–દરેક પુષ્ટિમાર્ગીય સંસ્થાઓ પૂજ્ય ગોસ્વામી બાલકો તેમજ વૈષ્ણવ પરિષદનાં કેન્દ્ર તથા પ્રદેશનાં પદાધીકારીઓ પોતાનું કર્તવ્ય સમજી રાજકોટ–વઢવાણ–અમદાવાદ(મણીનગર)–મોરબી–વાંકાનેર–લીંબડી–પાટડી–ધ્રાંગધ્રા વિગેરે વિસ્તારના કાર્યકરોએ આપદ ધર્મ સમજી રાહત રસોડા શરૂ કર્યા. તેમજ જ્યાં જ્યાં મોરબી–માળીયા તેમજ કચ્છ વિસ્તારનાં ગામોમાં જાતે જઈ રાહત સામગ્રી પહોંચતી કરવામાં વૈષ્ણવો અગ્રેસર રહ્યા.

હવે અસરગ્રસ્ત બંધુઓને ઉભા કરવા મકાન પડી ગયેલા કે ક્ષતિ પામેલા મકાનો રીપેર કરવા જેમાં કચ્છ જીલ્લા ઉપરાંત જામનગર જીલ્લો–રાજકોટ જીલ્લો–સુરેન્દ્રનગર જીલ્લામાં વિશેષ મકાનોને નુકસાની થઈ રહી છે તેમજ આપણા પ્રેરણા સ્થાનો શ્રીમદ્વલ્લભાચાર્યજીની બેંઠકજી હવેલી– મંદિરો–વિગેરેને પણ નુકસાન થયેલ છે. તેમજ અનેક વૈષ્ણવ પરિવારોને પણ મકાન–મિલકતની નુકસાની સવિશેષ થયેલ છે. તે સર્વેના પુનઃવસન માટે દરેકે સાથે મળી સંકલન કરી પુરૂષાર્થ કરૂવો જોઈએ.

સૌરાષ્ટ્ર– ગુજરાત તથા ગુજરાત બહાર વસતા દરેક ગોસ્વામી બાલકોએ કરૂણા વિચારી કૃપા વરસાવવા અસરગ્રસ્તોને સાંત્વના આપવા સાથે મદદરૂપ બની રહ્યા છે. વૈષ્ણવો પણ પોતપોતાની રીતે અગર કોઈપણ સંસ્થા સાથે જોડાઈ સહયોગી બની રહ્યા છે. સૌ સાથે મળી સંકલન કરી પુનઃવસનનાં કાર્યોમાં મદદરૂપ બનીશું તો સારૂં અને ઝડપથી કાર્ય પૂર્ણ કરી શકીશું.

ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં સહાય કરવા માટે સહાય પહોંચાડવા માટે આવેલ અપીલો

આંતરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
૩૦, પ્રીન્સેસ સ્ટ્રીટ, રણવીર મેન્શન, ગ્રાઉન્ડ ફલોર, મુંબઈ – ૪૦૦૦૦૨
ફોન નં. ૨૦૫૨૭૪૫ – ૨૦૫૪૯૩૦ તથા પ્રદેશ કાર્યાલય

શ્રીકૃષ્ણલાલ ચીમનલાલ પરિષદ ભવન (ઝવેરચંદ લક્ષ્મીચંદ)
શામળ બેચરની પોળ, અશોક વૉચની બાજુનો ખાંચો, એમ. જી. રોડ, વડોદરા– ૪૧૬૧૧૯ (સમય સાંજના ૪ થી ૬)
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, ગુજરાત પ્રદેશ.

(આપનું યોગદાન ૮૦ જી ને પાત્ર રહેશે)

અન્ય સંપર્ક સ્થળો :
ઈન્દ્રકાંતભાઈ પરીખ (અમદાવાદ) – મુકુંદભાઈ શાહ (મુંબઈ) – વી. પી. પરીખ – સી. પી. તલાટી–
(હાલોલ–ગુજરાત) – મનહરભાઈ શ્રોફ (મુંબઈ)

શ્રીવાક્પતિ ફાઉન્ડેશન કુદરતી આફત રીલીફ સેલ
શ્રીબેઠક મંદિર, કેવડાબાગ, મદન ઝાંપા રોડ, વડોદરા – ૩૯૦૦01

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવાચાર્યો ગો.શ્રીવ્રજેશકુમારજી મહોદય (રાજકોટ), ગો.શ્રીરસીકરાયજી મહારાજ (ઉપલેટા–રાજકોટ), ગો.શ્રીહરિરાયજી મહારાજ (જામનગર), ગો.શ્રીકનૈયાલાલજી મહારાજ (પોરબંદર–રાજકોટ), ગો.શ્રીત્રિલોકીભૂષણજી મહારાજ (કલકત્તા–બાબરા), ગો.રસિકરાયજી મહોદય (જૂનાગઢ–ચાંપાસેની) વિગેરે ગોસ્વામી બાલકોની મીટીંગ રાજકોટમાં પૂ.પા.ગો.શ્રીવૃજેશકુમારજીની હવેલીમાં મળેલ. જેમાં વૈષ્ણવ સંપ્રદાયના સેવકો દ્વારા શ્રીમદ્ વલ્લભાચાર્ય રાહત ફાઉન્ડેશન ટ્રસ્ટ, રાજકોટની થયેલ રચનામાં વૈષ્ણવોને સહયોગી બનવામાં અપીલ કરી છે. અને જેના દ્વારા જામનગર, રાજકોટ, પોરબંદર વિગેરે ગ્રામ્યવિસ્તારમાં પુનઃવસન માટે સહયોગી બનવા અપીલ કરેલ છે.

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યૂઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૭ અન્વયે

'શ્રીવલ્લભસુધા' પત્ર અંગેની માહિતી

(૧)	પ્રકાશન સ્થળ	રાજકોટ
(૨)	પ્રકાશનની સામયિકતા	માસિક
(૩)	મુદ્રકનું નામ	રવજી પરસોત્તમ પટેલ
	રાષ્ટ્રીયતા	ભારતીય
	સરનામું	'અમૃત' જલારામ–૧ , માર્ગ–૩, યુનિવર્સિટી રોડ, રાજકોટ–૩૬૦૦૦૫
(૪)	પ્રકાશકનું નામ	ઉપર મુજબ
	રાષ્ટ્રીયતા	ઉપર મુજબ
	સરનામું	ઉપર મુજબ
(૫)	સંપાદકનું નામ	ઉપર મુજબ
	રાષ્ટ્રીયતા	ઉપર મુજબ
	સરનામું	ઉપર મુજબ
(૬)	જે વ્યક્તિ આ અખબારના માલિક હોય અને કુલ થાપણનો એક ટકાથી વધારે રોકનારનું સરનામું	આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ જી–૨, સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોડ, મુંબઈ–૪૦૦૦૦૧

હું રવજી પરસોત્તમ પટેલ આથી જાહેર કરું છું કે ઉપર પ્રમાણે માહિતી મારી વધુમાં વધુ જાણ માન્યતા મુજબ સાચી છે.

તારીખ ૨૦–૨–૨૦૦૧

રવજી પરસોત્તમ પટેલ
મુદ્રક, પ્રકાશક અને સંપાદક

☐☐ આપનું લવાજમ સત્વરે મોકલો ☐☐

આ અંક આપનાં હાથમાં આવશે ત્યારે આ વર્ષનું લવાજમ પૂર્ણ થતું હોય વાર્ષિક રૂ.૪૦/– અગર આજીવન રૂ.૫૦૧/– મુજબ સત્વરે કાર્યાલયનાં સરનામે અગર સ્થાનીક સેવાભાવી પ્રતિનિધિને તુરત જ પહોંચાડવા વિનંતિ. ચેક ડ્રાફ્ટ "શ્રી વલ્લભ વિજ્ઞાન" એ નામે મોકલવો.

☐☐ સેવાભાવી પ્રતિનિધિઓને વિનંતિ ☐☐

સંવત ૨૦૦૧–૨૦૦૨ નું લવાજમ વાર્ષિક રૂ.૪૦/– અગર આજીવન રૂ.૫૦૧/– મુજબ સત્વરે ઉઘરાવી કાર્યાલય ઉપર તા. ૨૫–૩–૨૦૦૧ સુધીમાં પહોંચી જાય તે મુજબ વ્યવસ્થા ગોઠવવા વિનંતી જેથી દરેકને નવા વર્ષનાં અંકો નિયમીત મોકલી શકાય.

શ્રદ્ધાંજલી

લેખક શ્રીજેઠાલાલ છોટાલાલ શાહ 'ઉર્મિલ' (સાંવલી)ના ધર્મપત્ની વિજયાબેન તા. ૨૧–૧–૨૦૦૧ નાં રોજ શ્રીજીચરણ પામ્યા છે. ગો.વા. સેવાપ્રધાન હતા. આ લૌકિક દુઃખના પ્રસંગે 'શ્રીવલ્લભસુધા' પરિવાર શ્રદ્ધાંજલી પાઠવે છે.

[૧૬] રાધનપુર

શ્રીદામોદરભાઈ કંસારા
કંસારા બજાર, ટાવર રોડ,

[૧૭] રાજપીપળા

પ્રા. એમ. આર. પાલેજા
'લકુલીશ', માલીવાડ,

[૧૮] વડોદરા

☐ શ્રીવામનભાઈ બી. પટેલ
વાયડાપોળ,

☐ શ્રીકૃષ્ણકાંતભાઈ એમ. મહેતા
C/O. ઉર્મી સોસાયટી, પ્રોડક્ટીવીટી રોડ,
અલકાપુરી,

[૧૯] વાપી

શ્રીમતિ ભામિનીબેન કિશોરભાઈ
૧૦૫, અનુકુલ ચેમ્બર્સ,
એન. એચ. નં.૮ પ્લોટ નં.૮/૧૨,

[૨૦] વાંકાનેર

☐ શ્રીસુભાષચંદ્ર ભીખાલાલ કંસારા

☐ કાકુભાઈ ગોરધનભાઈ દોશી
C/O. ભારત એજન્સી, પુલ દરવાજાની-દુકાન,
મોટી શાકપીઠને નાકે,

[૨૧] સુરત

શ્રીભદ્રેશકુમાર હિંમતલાલ ઠક્કર
વાસણના વેપારી, ૫/૩૩ બી,
હરિપુરા, પીરછડી,

રાજકોટમાં શ્રીવલ્લભસુધાનું લવાજમ નીચેના સ્થળે ભરી શકાય છે.

૧...શ્રી વલ્લભસુધા કાર્યાલય
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા,

૨...શ્રી મનસુખલાલ માવજીભાઈ સોની
શ્રૃંગાર જ્વેલર્સ, સોની બજાર,

૩...શ્રી જશવંતભાઈ ત્રિભોવનદાસ જુઠાણી
શ્રીત્રિકમરાયજીની હવેલી, જાગનાથ પ્લોટ,

૪...શ્રી મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઈ
'શારદા સદન', ૨૫–ન્યુ જાગનાથ,

૫...શ્રી વસંતભાઈ એન. વોરા
C/O. વોરા એન્ડ કું. દુર્લભ ચેમ્બર, ઢેબર રોડ,

૬...શ્રી ગોરધનભાઈ વેલજીભાઈ શનિશ્ચરા
'લલિત કુંજ', ૪–કૈલાસવાડી, જંકશન પ્લોટ,

૭...શ્રી મનસુખભાઈ સખીયા
C/O. પટેલ હાર્ડવેર માર્ટ, રૈયા રોડ,

૮...શ્રી કનુભાઈ જે. દેવાણી
'શ્રીનાથજી કૃપા' ૫–ગાયત્રીનગર.

૯...શ્રી અવંતીલાલ ભાઈલાલ સોની
સવજીભાઈની શેરી, સોની બજાર.

૧૦...શ્રી દેવજીભાઈ પડીયા
શ્રીરાજકમલ એજન્સી, પ્રહલાદ રોડ,

૧૧...શ્રી વી. જે. પીઠડીયા
'મોહક', ૭–નીલકંઠનગર,

૧૨...શ્રી વજુભાઈ પીઠડીયા
પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય,
શ્રીસાતસ્વરૂપ હવેલી, મહાત્મા ગાંધી રોડ,
દેના બેંક પાસે,

૧૩...શ્રી ગોવિંદભાઈ મનજીભાઈ કરશાળા
નાલંદા સોસાયટી, શેરી નં.૨, કાલાવાડ રોડ,

૧૪...શ્રી ગોરધનભાઈ વાલજીભાઈ ગજેરા
'નવનીત કુંજ' ૩–વિશ્વનાથ મેઈન રોડ,
પટેલ બિલ્ડીંગનો સામેનો રોડ,

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-03-2001.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.આ.નં.૧૫૮
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન.

સતસૈયા

૨. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

તારોં મારોં, હોં ધની,
તાકોં મો નહિ સોસ ।
પૈં કહિયેં ન અશક્ય કોં,
બૂડયોં તેરે દોશ ॥ (૩૨)

ટીકા : હે શ્રીકૃષ્ણચંદ્ર ! તમે ધણી છો. જો ગમે તો મને તારો ને ગમે તો મારો, તેનો મને કાંઈ શોષ નથી, પણ અશક્ય કહેતાં અસમર્થ સર્વ રીતે સારૂં નરતૂં કાંઈ પણ કરવામાં મારૂં બલ તો ચાલતું જ નથી, માટે મને પરાધીનને એમ ન કહેશો જે તૂં તારે દોષે બૂડયો. સર્વ કરાવનાર તો તમે છો, પણ મોટાને દોષ કાંઈયે દેવાય નહીં. ૩૨

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **'શ્રી વલ્લભસુધા'**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. **ફોનઃ ૩૬૨૧૩૮**
કોમ્પ્યુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. **ફોન : ૨૪૦૫૪૧.**